Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

શ્રીમદ્ અમિતગતિ વિરચિત

# યોગસાર-પ્રાભૃત

—: અનુવાદક :—
વ્રજલાલ ગીરધરલાલ શાહ
વઢવાણ શહેર

—: પ્રકાશક :—
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

: પ્રકાશક :
**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૬૦૨, માણેકવાડી,
**ભાવનગર–૩૬૪૦૦૨.**

પ્રથમ આવૃત્તિ સંવત્ ૨૦૩૪
પ્રત ૨૦૦૦
**મૂલ્ય રૂા. ૮–૨૫**

: મુદ્રક :
**રજનીકાન્ત એમ. પટેલ**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
જગાફોકના ડેલામાં, લોખંડબજાર,
ભાવનગર ૩૬૪૦૦૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated on the:

97th Janma Mahotsav
of
Shree Lalchandbhai Amarchand Modi, Rajkot

by AtmaArthis who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Yogsaar Prabhrut is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 5 June 2006 | First electronic version |

# —: પ્રકાશકિય નિવેદન :—

આ 'યોગસાર' નામના અધ્યાત્મિક ગ્રંથનું ગુજરાતી અનુવાદ સહિત પ્રકાશન કરતાં હર્ષ થાય છે. ગ્રંથનો સંક્ષિપ્ત પરિચય પ્રસ્તાવનામાં આપેલ છે. આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ પહેલી વાર જ, ગુજરાતીભાષી મુમુક્ષુ સમાજ વધુ સંખ્યામાં લાભ લઇ શકે તે હેતુથી કરાવવામાં આવેલ છે.

પરમ પુજ્ય ગુરૂદેવજીશ્રી કાનજી સ્વામિની પાવન છત્ર-છાયામાં આ ટ્રસ્ટ નો જન્મ થયો છે. તેઓશ્રી દ્વારા આત્મહીતની પ્રેરણા અને તત્વપ્રચાર ની ભાવનાનું સતત્ સિંચન સમાજને મળ્યા કરે છે. તદ્ અનુસાર આ ટ્રસ્ટમાં શાસ્ત્રપ્રકાશનનું કાર્ય અવિરતપણે ચાલે છે. તેથી પૂ. ગુરૂદેવશ્રીના અમો અત્યંત ઋણિ છીએ, તેઓશ્રીના અમાપ ઉપકાર પ્રત્યે કાંઇપણ કરવું-કહેવું તે ઓછું જ છે. તેઓશ્રી દ્વારા વર્તમાનમાં અધ્યાત્મ જગતની ક્રાંતિકારીપણે ઉત્પત્તિ થઇ છે-થઇ રહી છે

આ શાસ્ત્રના ગુજરાતી અનુવાદક ભાઇશ્રી વૃજલાલ ગીરધરલાલ શાહ, વઢવાણ-શહેર; નમ્ર સ્વભાવી, વિદ્વાન છે, તેઓ પૂ. ગુરૂદેવશ્રીના વ્યાખ્યાનનો લાભ લેવા અવાર નવાર સોનગઢ આવે છે, અને અત્યાર સુધીમાં તેમણે અનેક શાસ્ત્રનો અનુવાદ કર્યો છે. આ શાસ્ત્રનો અનુવાદ તેમણે નિસ્પૃહપણે, કાંઇપણ પારિશ્રમિક લીધા વિના કરી આપેલ છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ. તેમજ પાટણવાળા ભાઇશ્રી રમણલાલ માણેકલાલ શાહ ( શ્રી બાબુભાઇ ફતેપુર વાળાના કુઆ ) એ ઘણી કાળજી પૂર્વક અનુવાદ તપાસી આપેલ છે. તે માટે તેમના આભારી છીએ.

ભાઇશ્રી ઉમેદરાય બેચરદાસ મોદી તથા નાગરદાસ બેચરદાસ મોદી, બન્ને ભાઈઓની શુભ-ભાવનાના નિમિત્તે આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ કરાવવાનો પ્રારંભ થયો. તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

આ શાસ્ત્રનું સુંદર મુદ્રણ કાર્ય સમયસર કરી આપણા માટે શ્રી રજનીકાન્ત પટેલ ( રાધેશ્યામ પ્રિ. પ્રેસ ) ના આભારી છીએ. ટ્રસ્ટની નિતી અનુસાર શાસ્ત્રની પડતર કિંમત ના ૭૫% મુલ્ય રાખેલ. તેમાં વધુ કિંમત ઘટાડવા માટે ૨૦%ની સહાય માટે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ના અમે આભારી છીએ. તદ્ ઉપરાંત રૂા. ૫૦૦૦/-શ્રીમતિ સમરત બેન ખારા ( ધર્મ પત્નિ સ્વ. મુળજીભાઇ ખારા. અમરેલી ) તરફથી આવેલ છે, તેની સાભાર નોંધ લઇએ છીએ.

અંતમાં આ અમુલ્ય તત્વ-પ્રરૂપક શાસ્ત્રના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુ જીવો કલ્યાણ પામો, તેવી ભાવના સાથે—

ટ્રસ્ટી ગણ-
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

ચૈત્ર સુદ-૧૨ સં. ૨૦૩૪
ગુરૂવાર તા. ૨૦-૪-૭૮

# —: પ્રસ્તાવના :—

## * ગ્રંથનું નામ *

આ ગ્રંથનું નામ 'યોગસાર–પ્રાભૃત' છે. જેનો ઉલ્લેખ ગ્રંથકર્તાએ ગ્રંથના અંતિમ-પદમાં કર્યો છે. આ નામ યોગ, સાર અને પ્રાભૃત એ ત્રણ શબ્દો મળીને બન્યું છે. તેમાં યોગ શબ્દનો ઉપયોગ પ્રકરણ અનુસાર અનેક અર્થોમાં થાય છે, જેના વિસ્તારનું અત્રે પ્રયોજન નથી, પરંતુ આ શાસ્ત્રમાં, શાસ્ત્ર કર્તાએ નવમાં અધિકાર ની ૧૦ મી ગાથામાં 'યોગ' શબ્દનો કયા અર્થમાં પ્રયોગ કર્યો છે, તે ઘણું સ્પષ્ટ છે. ગાથા આ પ્રમાણે છેઃ—

विविक्तात्म-परिज्ञानं योगात्संगायते यतः ।
स यागो योगिभिर्गीतो योगनिर्धूतपातकैः ॥ ९-१० ॥

**અર્થ:**—જે યોગથી અર્થાત્ ધ્યાનથી (દ્રવ્યકર્મ અને ભાવકર્મથી) વિમુક્ત-ભિન્ન આત્માનું પરિજ્ઞાન (અનુભવ) થાય છે, તે યોગીઓ દ્વારા 'યોગ' કહેવામાં આવેલ છે, કે જેમણે-જે યોગીઓએ યોગબળથી પાતકોનો નાશ કર્યો છે.

ઉપરોક્ત–ગાથાના ઉદ્દેશ્ય અનુસાર આ ગ્રંથની રચના થઈ છે. ભગવાન કુંદકુંદ આચાર્યે પણ નિયમસારમાં આ અર્થનું પ્રતિપાદન કર્યું છે.

'સાર' શબ્દનો અર્થ–વિપરીતતાનો પરિહાર–થાય છે. (નિયમસાર ગાથા ૩) અર્થાત્ 'સાર' શબ્દ યથાર્થપણાનો દ્યોતક છે. તેથી યોગસાર નો અર્થ યથાર્થપણે (સમ્યક્-રીતે) યોગ એટલે 'આત્મસ્વરૂપમાં જોડાણ' એવો થાય છે. તેથી વિષયનાં પ્રતિપાદન અનુરૂપ શાસ્ત્રનું નામ શાસ્ત્રકર્તાએ રાખેલ છે.

'પ્રાભૃત' શબ્દ પ્રાકૃતભાષાના **पाहुड** શબ્દનો પર્યાય વાચી છે, જેનો અર્થ ઉપહાર અથવા ભેટણું થાય છે. શ્રી જયસેન આચાર્યે શ્રી સમયસારપ્રાભૃતની ટીકા કરતાં આવો અર્થ કર્યો છે.

આ રીતે આ ગ્રંથનો ગ્રંથના નામ ઉપરથી સંક્ષિપ્ત પરિચય છે.

## * ગ્રંથકાર અને તેમનો સમય *

આ ગ્રંથના રચયિતા શ્રી અમિતગતિ નામના આચાર્ય છે. તેમણે પોતાના નામનો ઉલ્લેખ છેલ્લા અધિકારની ૮૧ અને ૮૩ મી ગાથામાં કર્યો છે.

દિગંબર જૈન પરંપરામાં 'અમિતગતિ' નામના બે આચાર્ય થઈ ગયા છે. એક માધવસેનસૂરિ ના શિષ્ય તથા નેમિષેણાચાર્યના પ્રશિષ્ય, તેમજ બીજા નેમિષેણાચાર્યના

ગુરુ તથા દેવસેનસૂરિના શિષ્ય, બન્ને માથુરસંઘમાં થયા હતા. આ યોગસાર પ્રથમ અમિતગતિની રચના છે, લેખનશૈલી અને અર્થની ગંભીરતા ઉપરથી તે નિશ્ચિત થાય છે, તેમજ બીજા અમિતગતિના રચેલાં સુભાષિતરત્નસંન્દોહ, ધર્મપરીક્ષા, આરાધના, ઉપાસક આચાર અને પંચસંગ્રહ નામના અનેકગ્રંથ છે, જેમાં ગ્રંથકારે પોતાની ગુરુપરંપરાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી પણ નિશ્ચિત થાય છે. ઉક્તગ્રંથોમાં પ્રથમના અમિતગતિનો પોતાના ગુરુપરંપરામાં ઉલ્લેખ કર્યો છે, જેથી પણ સ્પષ્ટતા થાય છે, સાથોસાથ તેમનો સમય પણ વિક્રમની અગ્યારમી શતાબ્દિનો શરૂઆતનો ભાગ એટલે ૧૦૦૧ થી ૧૦૨૫ સુધીનું અનુમાન થાય છે.

આ શાસ્ત્રની જુની પ્રતોના સંબંધમાં, એક તો પન્નાલાલ બાકલીવાલે પં. ગજાધરલાલજીકૃત હિંદી અનુવાદ સહિત કલકત્તાથી સન્ ૧૯૧૮ માં પ્રકાશિત કરેલ, ત્યારબાદ બે હસ્તલિખિત પ્રત આમેરના શાસ્ત્ર ભંડારમાંથી મળેલ-જેમાં એક પુરી અને એક અધુરી હતી, તેનું વિસ્તૃત વર્ણન પં. યુગલકિશોરજી મુખ્તારે પોતાની પ્રસ્તાવનમાં લખેલ છે. છે. આ પ્રસ્તાવનામાં તેમણે જે માહિતી આપેલ છે, તેના આધારે ટુંકસારરૂપે વાંચકની જાણકારીમાટે આપેલ છે. તે સિવાય એક પ્રત બ્યાવરમાંથી પણ મળેલ.

## * ગ્રંથનો સંક્ષિપ્ત પરિચય. *

આ શાસ્ત્રમાં નવ અધિકાર છે. પ્રથમ સાત અધિકારના નામ સાત તત્વના નામથી છે. આઠમા અધિકારનું નામ 'ચારિત્રાધિકાર' છે. નવમા અધિકારનું જુદું નામ આપેલ નથી, પરંતુ શાસ્ત્રની પ્રતમાં "નવાધિકાર" અથવા નવમાધિકાર નામથી ઉલ્લેખ કરેલો છે. પરંતુ આઠેય અધિકારોના વિષયને સ્પર્શીને તેમાંની વિશેષતાઓને સ્પર્શ કરતો હોવાથી અહીં તેને 'ચુલિકાધિકાર' નામ આપેલ છે.

આ અધિકારોમાં યોગના વિષયમાં જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે પોતાની ખાસ વિષેશતારૂપ છે, અને પ્રતિપાદનની શૈલી ઘણી સુંદર છે. ગમે ત્યાંથી વાંચો, આનંદનો પ્રવાહ વહે છે !! વારંવાર વાંચવું ગમે તેવી રોચક શૈલી અને વિષયની રસિક્તા રહેલી છે. વાંચવાથી જ તેનું મહત્વ સમજાય તેવું છે. તેમ છતાં જૈનધર્મને સમજવામાં અને આત્મહિત કરવામાં આ શાસ્ત્ર અતિ ઉપયોગી છે. વગર સંકોચે જૈન-જૈનેતર વિદ્વાનોના હાથમાં મુકવા યોગ્ય છે. સરળ સંસ્કૃત ભાષામાં, કૃત્રિમતારહિત, સ્વાભાવિકપણે અર્થગંભીર વિષયને આચાર્યદેવે નિરૂપણ કર્યો છે, અને દ્દષ્ટાંત, યુક્તિ, ઉપમાઓ દ્વારા વિષયને બોધગમ્ય કરેલ છે.

પ્રથમ અધિકારમાં આદિમાં સિદ્ધ સમુહના સ્તવનરૂપ મંગલાચરણ કર્યું છે, અને તેનો ઉદ્દેશ્ય આત્મસ્વરૂપની પ્રાપ્તિ બતાવ્યો છે. શાસ્ત્ર રચવાનો પણ તે જ ઉદ્દેશ્ય છે. સ્વભાવની પ્રાપ્તિમાટે જીવ અને અજીવનાં લક્ષણો જાણવા આવશ્યક છે, જેથી જીવ અજીવમાં આસક્ત ન થાય, અજીવને ભિન્ન જાણી, સ્વરૂપમાં લીન રહે. આત્મલીનતાથી દ્રવ્ય-ભાવકર્મનો નાશ કરી, મોક્ષની પ્રાપ્તિ કરે. સ્વ-પર ને ભિન્ન જાણવાનું આ ફળ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારબાદ જીવનું ઉપયોગ લક્ષણ બતાવીને ભેદ-પ્રભેદનું વર્ણન કર્યું છે. તે ઉપરાંત કેવળ-દર્શન અને કેવળજ્ઞાનનું નિરૂપણ કર્યું છે.

નિશ્ચય અને વ્યવહાર ચારિત્ર્યનુ સ્વરૂપ પણ બતાવ્યું છે, અને સ્વરૂપનું આરાધન જ સિદ્ધિનો ઉપાય છે. આત્માના અનુભવનો ઉપાય અને આત્માનું શુદ્ધ સ્વરૂપ-કર્મ, નોકર્મથી ભિન્ન, અજર, અમર, અબંધ, સામાન્ય છે, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દાદિક આત્માને હોતા નથી. રાગદ્વેષાદિ ઔદયિક ભાવો છે,-સ્વભાવ-ભાવ નથી. એ વગેરે નિરૂપણ પ્રથમ અધિકારમાં કર્યું છે.

બીજા અધિકારમાં પાંચેય અજીવ દ્રવ્યને ઉપયોગ લક્ષણથી રહિત બતાવ્યા છે. પુદ્ગલો મૂર્તિક અને બાકીના ચાર અમૂર્તિક છે. દ્રવ્યો ગુણપર્યાય સહિત હોય છે.-સત્તાત્મક હોય છે અને સત્તા ઉત્પાદ વ્યવ ધ્રુવ સહિત હોય છે. એ વગેરે પ્રકારથી દ્રવ્ય, ગુણ, પર્યાયનું નિરૂપણ કર્યું છે. તેમજ બધા દ્રવ્યના ક્ષેત્રનું ( પ્રદેશ સંખ્યા ) અને સ્થાનનો નિર્દેશ કર્યો છે. પરસ્પર દ્રવ્યોનો ઉપકાર ( નિમિત્ત નૈમિતિક ) સંબંધ બતાવીને, પરમાર્થે કોઈ દ્રવ્ય બીજા કોઈ દ્રવ્ય પર ઉપકાર-અપકાર કર્તા નથી-તે બતાવ્યું છે. ત્યારબાદ પુદ્ગલના અણુ, સ્કંધાદિ ભેદો અને પુદ્ગલકર્મના ભેદોનું વર્ણન કરીને તાત્પર્ય રૂપે, જે જીવ અજીવ તત્વને યથાર્થ રૂપે જાણતો નથી, તે બાહ્ય ચારિત્ર્ય પાળવા છતાં ભિન્ન આત્માને પ્રાપ્ત કરતો નથી. તેમ નિર્દેષ કર્યો છે.

ત્રીજા અધિકારમાં મિથ્યાત્વ આદિ આસ્રવનું સ્વરૂપ બતાવ્યું છે. અને એક દ્રવ્યના પરિણામ બીજા દ્રવ્યમાં કાંઇપણ કરે તેને દોષિત માન્યતા કહી છે, તેમજ ઇન્દ્રિય જનિત સુખને દુઃખરૂપે સ્પષ્ટ કર્યું છે. પરાશ્રિત પરિણામ જ બંધનું મુખ્ય કારણ દર્શાવ્યું છે. શુદ્ધાત્મતત્વને પામવાને લાયક જીવ કેવો હોય ? તેનું સ્વરૂપબતાવ્યું છે.

ચોથા અધિકારમાં બંધનું લક્ષણ અને તે જીવને પરાધિનતા નું કારણ છે. તે બતાવ્યું છે, તેમજ બંધના પ્રકૃતિ, સ્થિતિ આદિ ભેદો દ્દષ્ટાંત સહિત બતાવ્યા છે. ત્યારબાદ જ્ઞાની-અજ્ઞાનીને બંધ હોવા-નહોવા સંબંધમાં વિષેશ પ્રકાશ પાડ્યો છે. | તેમજ જ્ઞાન અને વેદન નો તફાવત બતાવ્યો છે. જ્ઞાની જાણે છે અને અજ્ઞાની વેદે છે.

પાંચમાં અધિકારમાં સંવરનું લક્ષણ બતાવીને દ્રવ્યસંવર અને ભાવ સંવરનું સ્વરૂપ બતાવ્યું છે. કષાયના અભાવથી શુદ્ધિ થાય છે. દ્રવ્ય નિવૃત્તિથી સંવર થતો નથી, પણ ભાવ નિવૃત્તિથી સંવર થાય છે. એ રીતે ભાવથી નિવૃત્ત થવાની પ્રેરણા આપી છે. તેમજ દ્રવ્યલિંગ મુક્તિનું કારણ નથી, તેમ બતાવ્યું છે. સમસ્ત અચેતન પદાર્થમાં આસક્તિનો નિષેધ કર્યો છે. અંતમાં શીઘ્ર કર્મોના સંવર કરનાર યોગીનું સ્વરૂપ બતાવ્યું છે.

છઠ્ઠા અધિકારમાં નિર્જરાનું લક્ષણ પૂર્વક સવિપાક અને અવિપાક નિર્જરાનું સ્વરૂપ નિરૂપણ કર્યું છે. ત્યારબાદ પરમ નિર્જરા કરનાર સાધુનું સ્વરૂપ બતાવ્યું છે, તેમજ કેવો યોગી કર્મક્ષય કરે છે, કેવું તપ કાર્યકારી નથી, કોણ શુદ્ધિને પામતા નથી, ભિન્ન આત્માને છોડીને અન્યની આરાધના કરનારની સ્થિતિ, સ્વઆત્મતીર્થ ને છોડીને અન્યની આરાધના કરનારની સ્થિતિ, આત્મશુદ્ધિ નું સાધન આત્મજ્ઞાન, એ વગેરે વિષયનું નિરૂપણ કર્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાતમા અધિકારમાં મોક્ષનું સ્વરૂપ બતાવતાં, તેને 'અપૂનર્ભવ' નામથી નિર્દિષ્ટ કરેલ છે ત્યારબાદ કેવળજ્ઞાનનું સ્વરૂપ, સ્વભાવના કારણે આત્મા સર્વજ્ઞ–સર્વદર્શી થાય છે. તેમજ કર્મની સર્વથા નિવૃત્તિ પામતાં આત્મા ફરી સંસારમાં આવતો નથી તે દર્શાવ્યું છે. આ અધિકારમાં કર્મથી યુક્ત સંસારી જીવને અશુદ્ધ અને મુક્તજીવને શુદ્ધ બતાવેલ છે, ભિન્ન આત્માનું ધ્યાન મોક્ષનો ઉપાય બતાવ્યો છે. અને ધ્યાનનો મહિમા કર્યો છે. તેમજ ધ્યાનના વિષયમાં અનેકવિધ સ્પષ્ટિકરણ કર્યું છે.

આઠમા અધિકારમાં મુમુક્ષુને આવશ્યક ચારિત્રનું નિરૂપણ કર્યું છે. તત્વનું યથાર્થ જ્ઞાન–શ્રદ્ધાન પૂર્વક મોક્ષની તીવ્ર અભિલાષાવાળા જીવે ગૃહસ્થીનો ત્યાગ કરીને 'જિન-લિંગ' ધારણ કરવું જોઇએ, તે બતાવતાં જિનલિંગનું સ્વરૂપ, ગુરૂનું સ્વરૂપ, શ્રમણનું સ્વરૂપ, ૨૮ મૂળગુણ, અને મુનિઓની ચર્યાનું નિરૂપણ કર્યું છે. સાધુઓને વસ્ત્રપાત્રાદિકનો નિષેધ તેમજ સ્ત્રીઓને જિનલિંગ–ગ્રહણની યોગ્યતાનો અભાવ સૂચિત કર્યો છે.

ત્યારબાદ અનુષ્ઠાનના વિષયમાં, આત્મજ્ઞાન પૂર્વકનું અનુષ્ઠાન મુક્તિનું કારણ બતાવીને ભવાતીત થવાના માર્ગનું પ્રતિપાદન કર્યું છે. આ અધિકારમાં અન્ય અધિકારોની અપેક્ષાએ ઉપમાઓ અને દૃષ્ટાંતો વધુ છે, જેથી વિષય રોચક અને સરળ બન્યો છે, તેમજ શાસ્ત્રકર્તાનું સ્પષ્ટ વક્તવ્ય ઠામ ઠામ દેખાય છે.

નવમા અધિકારમાં મુક્તિના આનંદના ઉલ્લેખ પૂર્વક ચૈતન્ય સ્વભાવનું અવિનાશીપણું બતાવ્યું છે. ત્યારબાદ યોગીના યોગનું લક્ષણ, યોગથી ઉત્પન્ન સુખની વિશિષ્ટતા, સુખ દુઃખનું સંક્ષિપ્ત સ્વરૂપ, પૂન્યથી ઉત્પન્ન ભોગો પણ દુઃખરૂપ, એ વગેરે ઉપયોગી વિષય ઉપર સારો પ્રકાશ પાડ્યો છે.

આ શાસ્ત્ર ઉપર કોઇ સંસ્કૃત ટીકા ઉપલબ્ધ નથી, આગળ જણાવ્યા પ્રમાણે પં. ગજાધરલાલજીએ સન્ ૧૯૧૮ હિંદી અનુવાદ પ્રકાશિત કરેલ, ત્યારબાદ પં. યુગલકિશોરજી મુખ્તારે આ શાસ્ત્રની ગાથાઓના અર્થ અને વ્યાખ્યા સહિત ભારતીય જ્ઞાનપીઠ દ્વારા પ્રકાશન કર્યું છે તેમણે લખેલ પ્રસ્તાવનાના આધારે આ પ્રસ્તાવના તૈયાર કરેલ છે.

યોગસાર નામના બીજા ગ્રંથો પણ ઉપલબ્ધ છે. તેમાં એક (૧) યોગસાર 'પરમાત્મ પ્રકાશ' ના રચયિતા યોગેન્દ્રદેવ કૃત અપભ્રંશ ભાષામાં છે. જેમાં ૧૦૮ ગાથા છે. (૨) બીજો "યોગસાર–સંગ્રહ" નામનો ગ્રંથ સંસ્કૃતમાં શ્રી ગુરુદાસજી ની કૃતિ છે. જેમાં ૧૫૮ ગાથાઓ છે. (૩) ત્રીજો 'યોગસાર' ગ્રંથ સંસ્કૃતમાં કોઇ અજ્ઞાતકૃત છે, જેમાં ૨૦૬ ગાથા છે. (૪) આ 'યોગસાર–પ્રાભૃત' શાસ્ત્ર સંસ્કૃતમાં ૫૪૦ ગાથાઓમાં છે.

આ ગ્રંથનું પ્રકાશન–પ્રસ્તાવના પં. જુગલકિશોરજી દ્વારા સંપાદિત અને ભારતીય જ્ઞાનપીઠ દ્વારા પ્રકાશિત પ્રતના આધારે કરેલ હોઈ ઉક્ત પંડિતજી તથા સંસ્થાનો આભાર માનવામાં આવે છે.

ભાવનગર
ચૈત્ર સુદ ૧૨ સં. ૨૦૩૪
તા ૨૦–૪–૭૮

ટ્રસ્ટીગણ.
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વિષય-સૂચી


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ભાષ્યનું મંગલાચરણ | ૨ |
| **૧. જીવ અધિકાર** | **૩ થી ૫૩** |
| મૂળનું મંગળાચરણ અને ઉદ્દેશ્ય | ૩ |
| સ્વરૂપ-જિજ્ઞાસાથી જીવાજીવ-લક્ષણ જાણવાની સહેતુક પ્રેરણા | ૫ |
| જીવાજીવ-સ્વરૂપને વસ્તુતઃ જાણવાનું ફળ | ૬ |
| સ્વરૂપને પરદ્રવ્ય-બહિર્ભૂત જાણવાનું પરિણામ | ૭ |
| જીવનું લક્ષણ ઉપયોગ અને તેના દર્શન-જ્ઞાન બે ભેદ | ૮ |
| દર્શનના ચાર ભેદ અને તેનું લક્ષણ | ૯ |
| જ્ઞાનનું લક્ષણ અને તેના આઠ ભેદ | ૯ |
| કેવળજ્ઞાન-દર્શનાદિના ઉદયમાં કારણ | ૧૧ |
| કેવળજ્ઞાન-દર્શનની યુગપદ્ અને બાકીના ક્રમશઃ ઉત્પત્તિ | ૧૨ |
| મિથ્યાજ્ઞાન-સમ્યગ્જ્ઞાનનાં કારણોનો નિર્દેશ | ૧૩ |
| મિથ્યાતત્વનું સ્વરૂપ અને તેની લીલાનો નિર્દેશ | ૧૩ |
| દર્શનમોહના ઉદયજન્ય-મિથ્યાત્વના ત્રણ ભેદ | ૧૪ |
| મિથ્યાત્વ-ભાવિત-જીવની માન્યતા | ૧૫ |
| સમ્યક્ત્વનું સ્વરૂપ અને તેની ક્ષમતા | ૧૬ |
| સમ્યક્ત્વના ક્ષાયિકાદિ ભેદ અને તેમાં સાધ્ય-સાધનપણું | ૧૬ |
| આત્મા અને જ્ઞાનનું પ્રમાણ તથા જ્ઞાનનું સર્વગતપણું | ૧૭ |
| આત્માથી જ્ઞાન-જ્ઞેયને અધિક માનતાં દોષાપત્તિ | ૨૨ |
| જ્ઞેય-ક્ષિપ્ત-જ્ઞાનની વ્યાપકતાનું સ્પષ્ટીકરણ | ૨૩ |
| જ્ઞેયને જાણવા છતાં જ્ઞાન જ્ઞેયરૂપ થતું નથી | ૨૪ |
| જ્ઞાન સ્વભાવથી દૂરવર્તી પદાર્થોને પણ જાણે છે | ૨૫ |
| જ્ઞાન સ્વભાવથી સ્વ-પરને જાણે છે. | ૨૬ |
| ક્ષાયિક-ક્ષાયોપશમિક જ્ઞાનોની સ્થિતિ | ૨૬ |
| કેવળજ્ઞાનની ત્રિકાળગોચર બધા સત્-અસત્ પદાર્થોને યુગપદ્ જાણવામાં પ્રવૃત્તિ | ૨૭ |
| સત્ અને અસત્ પદાર્થો કયા ? | ૨૮ |
| ભૂત-ભાવી પદાર્થોને જાણવાનું રૂપ | ૨૮ |
| જ્ઞાનની સર્વ પદાર્થોમાં યુગપદ્ પ્રવૃત્તિ ન થવાથી દોષાપત્તિ | ૨૯ |
| ઘાતીકર્મ-ક્ષયથી ઉત્પન્ન આત્માના પરમ-રૂપની શ્રદ્ધાનો પાર | ૩૧ |
| આત્માના પરમરૂપના શ્રદ્ધાનીને અવ્યય-પદની પ્રાપ્તિ | ૩૧ |
| આત્માના પરમરૂપની અનુભૂતિનો માર્ગ | ૩૨ |
| શ્રુતદ્વારા પણ કેવળજ્ઞાન સમાન આત્મ-બોધની પ્રાપ્તિ | ૩૩ |
| આત્માને સમ્યક્ ચારિત્ર ક્યારે થાય છે? | ૩૫ |
| જ્ઞાન કષાયને વશ થતાં અહિંસાદિ કોઈ વ્રત ટકતું નથી | ૩૬ |
| જ્ઞાન આત્મરૂપમાં રત થતાં હિંસાદિક પાપો પલાયન થાય છે | ૩૬ |
| આત્માના નિર્મળ જ્ઞાનાદિરૂપ ધ્યાનથી કર્મનો નાશ | ૩૭ |
| પરદ્રવ્યરત યોગીની સ્થિતિ | ૩૭ |
| નિશ્ચય-ચારિત્રનું સ્વરૂપ | ૩૮ |
| વ્યવહાર-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું રૂપ | ૩૮ |
| સ્વભાવ-પરિણત આત્મા જ વસ્તુતઃ મોક્ષમાર્ગ | ૪૦ |
| નિશ્ચયથી આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ | ૪૧ |
| આત્મોપાસનાથી ભિન્ન મોક્ષ-સુખ-પ્રાપ્તિ-નો કોઇ ઉપાય નથી | ૪૧ |
| આત્મસ્વરૂપની અનુભૂતિનો ઉપાય | ૪૨ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વિવક્ષિત–કેવળજ્ઞાનથી ભિન્ન આત્માનું કોઇ પરમરૂપ નથી | |
| પર વસ્તુમાં અણુમાત્ર પણ રાગ રાખવાનું પરિણામ | ૪૪ |
| પરમેષ્ઠીરૂપની ઉપાસના પરમ પુણ્યબંધનો હેતુ | ૪૪ |
| કર્માસ્રવ રોકવાનો અનન્ય ઉપાય | ૪૫ |
| પરદ્રવ્ય–ઉપાસક મુમુક્ષુઓની સ્થિતિ | ૪૬ |
| પરદ્રવ્યનું ચિંતન કરનાર અને ભિન્ન આત્માનું ચિંતન કરનારની સ્થિતિ | ૪૬ |
| ભિન્ન આત્માનું સ્વરૂપ | ૪૭ |
| આત્માને સ્વભાવથી વર્ણ-ગંધાદિનો અભાવ | ૪૮ |
| શરીર–યોગથી વર્ણાદિની સ્થિતિનું સ્પષ્ટીકરણ | ૪૯ |
| રાગાદિ ઔદયિક ભાવોને આત્માનો સ્વભાવ માનતાં આપત્તિ | |
| જીવના ગુણસ્થાનાદિ ૨૦ પ્રરૂપણાઓની સ્થિતિ | ૫૧ |
| ક્ષાયોપશમિક-ભાવ પણ શુદ્ધજીવનું રૂપ નથી | ૫૨ |
| ક્યા યોગી, ક્યારે, કોનું, કેવીરીતે ચિંતન કરતા થકા મુક્તિ પામે છે? | ૫૩ |
| **૨. અજીવાધિકાર** | **૫૪ થી ૯૬** |
| અજીવ દ્રવ્યોનાં નામ | ૫૫ |
| પાંચે અજીવ દ્રવ્યોની સદા સ્વ–સ્વભાવમાં સ્થિતિ | ૫૬ |
| અજીવોમાં કોણ અમૂર્તિક, કોણ મૂર્તિક અને મૂર્તનું લક્ષણ | ૫૬ |
| જીવ સહિત પાંચે અજીવોની દ્રવ્યસંજ્ઞા | ૫૯ |
| દ્રવ્યનું વ્યુત્પત્તિપરક લક્ષણ અને સત્તામય સ્વરૂપ | ૬૦ |
| સર્વ–પદાર્થગત–સત્તાનું સ્વરૂપ | ૬૦ |
| દ્રવ્યના ઉત્પાદ–વ્યય પર્યાયની અપેક્ષાએ | ૬૧ |
| ગુણ–પર્યાય વિના દ્રવ્ય નહિ અને દ્રવ્ય વિના ગુણ–પર્યાય નહિ | ૬૨ |
| ધર્માધર્માદિ દ્રવ્યોની પ્રદેશ–વ્યવસ્થા | ૬૩ |
| પરમાણુનું લક્ષણ | ૬૪ |
| આકાશ અને પુદ્ગલોની પ્રદેશ–સંખ્યા | ૬૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કાલાણુઓની સંખ્યા અને અવસ્થિતિ | ૬૬ |
| ધર્મ–અધર્મ તથા પુદ્ગલોની અવસ્થિતિ | ૬૭ |
| સંસારી જીવોની લોકસ્થિતિ અને તેમાં સંકોચ–વિસ્તાર | ૬૮ |
| જીવ–પુદ્ગલોનો અન્ય દ્રવ્યકૃત ઉપકાર | ૬૯ |
| સંસારી અને મુક્ત જીવનો ઉપકાર | ૭૦ |
| સંસારી જીવોનો પુદ્ગલકૃત ઉપકાર | ૭૧ |
| પરમાર્થથી કોઈ પદાર્થ કોઈનું કાંઇ કરતો નથી | ૭૧ |
| પુદ્ગલના ચાર ભેદ અને તેમની સ્વરૂપ વ્યવસ્થા | ૭૨ |
| કઇ જાતનાં પુદ્ગલોથી લોક કેવી રીતે ભરેલો છે | ૭૩ |
| દ્રવ્યના મૂર્ત અને અમૂર્ત બે ભેદ અને તેમનાં લક્ષણો | ૭૪ |
| ક્યા પુદ્ગલ કોની સાથે કર્મપણાને પ્રાપ્ત થાય છે | ૭૬ |
| યોગ દ્વારા આવેલાં પુદ્ગલોને કર્મરૂપ પરિણમનમાં હેતુ | ૭૬ |
| આઠ કર્મોનાં નામ | ૭૭ |
| જીવ કલુષતાના ઉદય–જનિત ભાવનો કર્તા છે, નહિ કે કર્મનો | ૭૮ |
| કર્મોની ત્રિવિધરૂપે ઉત્પત્તિ કેવી રીતે થાય છે. | ૭૯ |
| જીવ કદી કર્મરૂપ અને કર્મ જીવરૂપ થતાં નથી | ૮૦ |
| જીવને ઉપાદાનભાવે કર્મો કરવામાં આપત્તિ | ૮૦ |
| કર્મને ઉપાદાનભાવે જીવનું કાર્ય કરવામાં આપત્તિ | ૮૧ |
| ઉક્ત બન્ને માન્યતાઓમાં અનિવાર્ય દોષાપત્તિ | ૮૧ |
| પુદ્ગલોને કર્મરૂપ અને જીવોને સરાગરૂપ પરિણામના હેતુ | ૮૨ |
| કર્મકૃત–ભાવનું કર્તૃત્વ અને જીવનું અકર્તૃત્વ | ૮૩ |
| કર્મથી ભાવ અને ભાવથી કર્મ–આ રીતે એકબીજાનું કર્તૃત્વ | ૮૪ |
| ક્રોધાદિકૃત–કર્મને જીવકૃત કેવી રીતે કહેવામાં આવે છે | ૮૫ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કર્મજનિત દેહાદિક સર્વ વિકાર ચૈતન્ય રહિત છે | ૮૬ |
| તેર ગુણસ્થાન અને તેમનું પૌદ્ગલિક પણું | ૮૬ |
| ઉક્ત ગુણસ્થાનોને જીવ કોણ કહે છે અને કોણ નહિ | ૮૭ |
| પ્રમત્તાદિ-ગુણસ્થાનોને વંદન કરવાથી ચેતન મુનિને વંદન થતું નથી | ૮૮ |
| વંદનની ઉપયોગિતા | ૮૯ |
| અચેતન દેહની સ્તુતિ કરતા ચેતન આત્માની સ્તુતિ થતી નથી | ૯૦ |
| વિભિન્નતાનો એક સિદ્ધાંત અને તેના વડે ચેતનની દેહથી ભિન્નતા | ૯૧ |
| જે કાંઇ ઈન્દ્રિયગોચર તે બધું આત્મબાહ્ય | ૯૨ |
| ઇન્દ્રિયગોચર-રૂપનું સ્વરૂપ | ૯૩ |
| રાગ-દ્વેષાદિ વિકાર સર્વ કર્મજનિત | ૯૩ |
| જીવ કદી કર્મરૂપ અને કર્મ કદી જીવરૂપ થતું નથી | ૯૪ |
| આત્માને દ્રવ્યકર્મનો કર્તા માનવામાં દોષાપત્તિ | ૯૪ |
| કર્મોદયાદિ-સંભવ-ગુણ સર્વ અચેતન | ૯૫ |
| અજીવ તત્ત્વને યથાર્થ જાણ્યા વિના સ્વ-સ્વભાવની ઉપલબ્ધિ થતી નથી | ૯૬ |
| **૩. આસ્રવાધિકાર** | **૯૭ થી ૧૨૦** |
| આસ્રવના સામાન્ય હેતુ | ૯૮ |
| આસ્રવના વિશેષ હેતુ | ૯૯ |
| મોહને વધારનારી બુદ્ધિ | ૧૦૦ |
| તે બુદ્ધિથી મહાકર્માસ્રવ | ૧૦૧ |
| એક બીજી બુદ્ધિ કે જેનાથી મિથ્યાત્વ છૂટતું નથી | ૧૦૧ |
| કર્માસ્રવની હેતુભૂત એક ત્રીજી બુદ્ધિ | ૧૦૨ |
| ચોથી બુદ્ધિ કે જેનાથી કર્માસ્રવ રોકાતો નથી | ૧૦૨ |
| નિશ્ચય અને વ્યવહારથી આત્માનું કર્તૃત્વ | ૧૦૩ |
| જીવ-પરિણામાશ્રિત કર્માસ્રવ, કર્મોદયાશ્રિત જીવ-પરિણામ | ૧૦૩ |
| કોનો કોની સાથે કાર્ય-કારણભાવ | ૧૦૪ |
| કર્મને જીવનો કર્તા માનવામાં આપત્તિ | ૧૦૪ |
| એકનાં કરેલ કર્મનું ફળ બીજાએ ભોગવવામાં આપત્તિ | ૧૦૫ |
| કર્મ કેવી રીતે જીવનો આચ્છાદક થાય છે | ૧૦૬ |
| કષાય-સ્રોતથી આવેલ કર્મ જીવમાં સ્થિર થાય છે. | ૧૦૬ |
| નિષ્કષાય-જીવને કર્માસ્રવ માનવામાં દોષાપત્તિ | ૧૦૭ |
| એક દ્રવ્યના પરિણામ બીજાને પ્રાપ્ત થવામાં દોષાપત્તિ | ૧૦૭ |
| પાંચમી બુદ્ધિ જેનાથી કર્માસ્રવ અટકતા નથી | ૧૦૮ |
| સ્વદેહ અને પરદેહનું અચેતનપણું ન જાણવાનું ફળ | ૧૦૯ |
| પરમાં પોતાપણાની બુદ્ધિનું કારણ | ૧૦૯ |
| કોણ કોનાથી ઉત્પન્ન થતું નથી | ૧૧૦ |
| કષાય-પરિણામ કોને થાય છે અને અપરિણાતીનું સ્વરૂપ | ૧૧૧ |
| પરિણામ સિવાય જીવ-કર્મને એક બીજાના ગુણોનું કર્તૃત્વ નથી. | |
| પુદ્ગલની અપેક્ષાવાળા જીવભાવોની ઉત્પત્તિ અને ઔદયિક ભાવોની સ્થિતિ | ૧૧૨ |
| નિરંતર રજ ગ્રહણ કરનાર કોણ? | ૧૧૩ |
| સ્વ-પર વિવેકને કોણ પામતું નથી? | ૧૧૩ |
| કર્મ-સંતતિના હેતુ એવા અચારિત્રનું સ્વરૂપ | ૧૧૪ |
| રાગ-દ્વેષથી શુભાશુભ ભાવનો કર્તા અચારિત્રી | ૧૧૫ |
| સ્વ-ચારિત્રથી ભ્રષ્ટ કોણ? | ૧૧૫ |
| સ્વ ચારિત્રથી ભ્રષ્ટ ચારગતિનાં દુઃખ સહે છે | ૧૧૬ |
| દેવેન્દ્રોના વિષયસુખ પણ દુઃખ છે | ૧૧૬ |
| ઇન્દ્રિયજન્ય સુખ દુઃખ કેમ છે? | ૧૧૭ |
| સાંસારિક સુખને દુઃખ ન માનનાર અચારિત્રી | ૧૧૭ |
| પુણ્ય-પાપનો ભેદ નહિ જાણનાર ચારિત્રભ્રષ્ટ | ૧૧૮ |
| સચ્ચારિત્રનું પાલન કરવા છતાં પણ કોણ કર્મોથી છૂટતા નથી | ૧૧૮ |
| બંધનું કારણ વસ્તુ અથવા વસ્તુથી ઉત્પન્ન દોષ | ૧૧૯ |
| શુદ્ધ સ્વાત્માની ઉપલબ્ધિ કોને થાય છે | ૧૨૦ |
| **૪. બંધાધિકાર** | **૧૨૧ થી ૧૪૫** |
| બંધનું લક્ષણ | ૧૨૨ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રકૃતિ સ્થિતિ આદિના ભેદથી કર્મબંધના ચાર ભેદ | ૧૨૨ |
| ચારે બંધોનું સામાન્ય રૂપ | ૧૨૩ |
| કયો જીવ કર્મ બાંધે છે અને કયો નથી બાંધતો | ૧૨૩ |
| પૂર્વકથનનું ઉદાહરણો દ્વારા સ્પષ્ટીકણ | ૧૨૪ |
| અમૂર્ત આત્માના મરણાદિ કરવા કોઇ સમર્થ નથી છતાં પણ મરણાદિન પરિણામથી બંધ | ૧૨૬ |
| મરણાદિ સર્વ કર્મ-નિર્મિત, અન્ય કોઇ કરવા-હરવામાં સમર્થ નથી | ૧૨૭ |
| જીવાડવા-મારવા આદિની બધી બુદ્ધિ મોહ-કલ્પિત | ૧૨૭ |
| કોઇ કોઈના ઉપકાર-અપકારના કર્તા નથી, કર્તૃત્વબુદ્ધિ મિથ્યા છે | ૧૨૮ |
| ચારિત્રાદિની મલિનતાનો હેતુ મિથ્યાત્વ | ૧૨૯ |
| મલિન ચારિત્રાદિ દોષના ગ્રાહક છે | ૧૩૦ |
| અપ્રાસુક દ્રવ્યને ભોગવવા છતાં પણ વીતરાગી અબંધક | ૧૩૧ |
| નહિ ભોગવતાં છતાં પણ સરાગી પાપ-બંધક | ૧૩૧ |
| વિષયોનો સંગ હોવા છતાં પણ જ્ઞાની તેમનાથી લેપાતો નથી | ૧૩૨ |
| નીરાગી યોગી પરકૃતાદિ આહારાદિથી બંધને પ્રાપ્ત થતા નથી | ૧૩૨ |
| પરદ્રવ્યગત-દોષથી નીરાગીને બંધન થવામાં દોષાપત્તિ | ૧૩૩ |
| વીતરાગી યોગી વિષયને જાણવા છતાં પણ બંધાતા નથી. | ૧૩૪ |
| જ્ઞાની જાણે છે, વેદતા નથી; અજ્ઞાની વેદે છે, જાણતા નથી. | ૧૩૪ |
| જ્ઞાન અને વેદનમાં સ્વરૂપ-ભેદ | ૧૩૫ |
| અજ્ઞાનમાં જ્ઞાન અને જ્ઞાનમાં અજ્ઞાન-પર્યાય નથી | ૧૩૫ |
| જ્ઞાની કલ્મષનો અબંધક અને અજ્ઞાની બંધક થાય છે | ૧૩૬ |
| કર્મફળ ભોગવનાર જ્ઞાની-અજ્ઞાનીમાં અંતર | ૧૩૬ |
| કર્મગ્રહણનો તથા સુગતિ-દુર્ગતિ-ગમનનો હેતુ | ૧૩૭ |
| સંસાર પરિભ્રમણનો હેતુ અને નિર્વૃત્તિ ( મોક્ષ )નો ઉપાય | ૧૩૮ |
| રાગાદિથી યુક્ત જીવના પરિણામ | ૧૩૯ |
| કયા પરિણામ પુણ્ય, કયા પાપ, બન્નેની સ્થિતિ | ૧૪૦ |
| પુણ્ય-પાપ ફળને ભોગવતાં જીવની સ્થિતિ | ૧૪૦ |
| પુણ્ય-પાપને વશ અમૂર્ત પણ મૂર્ત થઇ જાય છે | ૧૪૧ |
| ઉદાહરણદ્વારા સ્પષ્ટીકરણ | ૧૪૧ |
| પુણ્ય-બંધનાં કારણ | ૧૪૨ |
| પાપબંધનાં કારણ | ૧૪૩ |
| પુણ્ય-પાપમાં ભેદદષ્ટિ | ૧૪૪ |
| પુણ્ય-પાપમાં અભેદદષ્ટિ | ૧૪૪ |
| નિર્વૃત્તિને પાત્ર યોગી | ૧૪૫ |
| **૫. સંવરાધિકાર** | **૧૪૬ થી ૧૪૭** |
| સંવરનું લક્ષણ અને તેના ભેદ | ૧૪૬ |
| ભાવ તથા દ્રવ્ય-સંવરનું સ્વરૂપ | ૧૪૬ |
| કષાય અને દ્રવ્યકર્મ-બન્નેના અભાવથી પૂર્ણશુદ્ધિ | ૧૪૭ |
| કષાય-ત્યાગની ઉપયોગિતાનો સહેતુક નિર્દેશ | ૧૪૭ |
| કષાય-ક્ષપણમાં સમર્થ યોગી | ૧૪૮ |
| મૂર્ત-પુદ્ગલોમાં રાગ-દ્વેષ કરનાર મૂઢબુદ્ધિ | ૧૪૯ |
| કોઇમાં રોષ-તોષ ન કરવાની સહેતુક પ્રેરણા | ૧૫૦ |
| અપકાર-ઉપકાર બનતાં કોના ઉપર રાગ-દ્વેષ કરવા ? | ૧૫૦ |
| શરીરનો નિગ્રહ અને અનુગ્રહ કરનાઓ પ્રત્યે રાગદ્વેષ શા માટે ? | ૧૫૧ |
| અદૃશ્ય આત્માનો નિગ્રહ ( અપકાર ) અને અનુગ્રહ ( ઉપકાર ) કેવી રીતે ? | ૧૫૧ |
| શરીરને આત્માના અપકાર-ઉપકાર કરનાર માનવું વ્યર્થ | ૧૫૨ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કોઈના ગુણોને કરવા-હરવામાં કોઇ સમર્થ નથી. | ૧૫૨ |
| જ્ઞાનાદિ ગુણોનું કોઇના દ્વારા હરણ કે સર્જન થતું નથી | ૧૫૩ |
| શરીરાદિ વ્યવહારથી મારાં છે, નિશ્ચયથી નથી | ૧૫૪ |
| બન્ને નયોથી સ્વ-પરને જાણવાનું ફળ | ૧૫૫ |
| દ્રવ્ય-પર્યાયની અપેક્ષાએ કર્મ-ફળ-ભોગની વ્યવસ્થા | ૧૫૫ |
| આત્મા ઔદયિક ભાવોદ્વારા કર્મનો કર્તા અને ફળનો ભોક્તા | ૧૬૭ |
| ઇન્દ્રિય-વિષય આત્માનું કાંઇ કરતા નથી | ૧૫૮ |
| દ્રવ્યના ગુણ-પર્યાય સંકલ્પ વિના ઇષ્ટ-અનિષ્ટ થતા નથી | ૧૫૮ |
| નિન્દા-સ્તુતિનાં વચનોથી રોષ-તોષને પ્રાપ્ત થવું વ્યર્થ | ૧૫૯ |
| મોહના દોષથી બાહ્યવસ્તુ સુખ-દુઃખની દાતા | ૧૫૯ |
| વચનદ્વારા ખરેખર કોઈ નિન્દા કે સ્તુતિ યોગ્ય થતું નથી | ૧૬૦ |
| પરના દોષ કે ગુણોને કારણે હર્ષ કે વિષાદ થતા નથી | ૧૬૦ |
| પરના ચિન્તનથી ઇષ્ટ-અનિષ્ટ થતું નથી | ૧૬૧ |
| એક બીજાના વિકલ્પથી વૃદ્ધ-હાનિ માનતાં આપત્તિ | ૧૬૧ |
| વસ્તુતઃ કોઇ દ્રવ્ય ઇષ્ટ-અનિષ્ટ નથી | ૧૬૨ |
| પાવન રત્નત્રયમાં જીવનું સ્વયં પ્રવર્તન | ૧૬૨ |
| સ્વયં આત્મા પરદ્રવ્યને શ્રદ્ધાનાદિ ગોચર કરે છે | ૧૬૩ |
| મોહ પોતાના સંગથી જીવને મલિન કરે છે | ૧૬૩ |
| મોહનો વિલય થઈ જતાં સ્વરૂપની ઉપલબ્ધિ | ૧૬૪ |
| જે મોહનોત્યાગી તે અન્ય સર્વ દ્રવ્યોનો ત્યાગી | ૧૬૫ |
| પર દ્રવ્યમાં રાગદ્વેષ કરનારની તપથી શુદ્ધિ નથી થતી | ૧૬૫ |
| કર્મને કરતો અને ફળને ભોગવતો થકો આત્મા કર્મને બાંધે છે | ૧૬૬ |
| બધાં કર્મફળને પૌદ્ગલિક જાણનાર શુદ્ધાત્મા બને છે | ૧૬૬ |
| શુદ્ધજ્ઞાતા પરનાં ત્યાગ-ગ્રહણમાં પ્રવૃત્ત થતો નથી | ૧૬૭ |
| સામાયિકાદિ છ કર્મોમાં ભક્તિસહિત પ્રવર્તનારને સંવર | ૧૬૭ |
| સામાયિકનું સ્વરૂપ | ૧૬૮ |
| સ્તુતિનું સ્વરૂપ | ૧૬૯ |
| વન્દનાનું સ્વરૂપ | ૧૬૯ |
| પ્રતિક્રમણનું સ્વરૂપ | ૧૭૦ |
| પ્રત્યખ્યાનનું સ્વરૂપ | ૧૭૦ |
| કાયોત્સર્ગનું સ્વરૂપ | ૧૭૧ |
| સમ્યગ્જ્ઞાનપરાયણ આત્મજ્ઞ યોગી કર્મોના નિરોધક | ૧૭૨ |
| કોઈ દ્રવ્યથી ભોક્તા તો ભાવથી અભોક્તા અને બીજા એનાથી વિપરીત | ૧૭૩ |
| દ્રવ્ય-ભાવથી નિવર્તનારાઓમાં કોણ કોના દ્વારા પૂજ્ય | ૧૭૩ |
| ભાવથી નિવર્તનાર જ વાસ્તવિક સંવરનો અધિકારી | ૧૭૪ |
| ભાવથી નિવૃત્ત થવાની વિશેષ પ્રેરણા | ૧૭૪ |
| શરીરાત્મક લિંગ મોક્ષનું કારણ નથી | ૧૭૫ |
| મુમુક્ષુને માટે ત્યાજ્ય અને ગ્રાહ્ય | ૧૭૬ |
| કયા યોગી શીઘ્ર કર્મોનો સંવર કરે છે | ૧૭૬ |
| **૬. નિર્જરાધિકાર** | **૧૭૭ થી ૨૦૫** |
| નિર્જરાનું લક્ષણ અને બે ભેદ | ૧૭૮ |
| સવિપાક અને અવિપાક નિર્જરાનું સ્વરૂપ | ૧૭૮ |
| અવિપાક નિર્જરાની શક્તિનો ઉદાહરણ સહિત નિર્દેશ | ૧૭૯ |
| પરમ નિર્જરા કરનાર ધ્યાન-પ્રક્રમના અધિકારી | ૧૭૯ |
| કયા યોગી બધા કર્મસમૂહની નિર્જરાના કર્તા | ૧૮૦ |
| સંવર વિના નિર્જરા વાસ્તવિક નથી | ૧૮૦ |
| કોનું કયું ધ્યાન કર્મોનો ક્ષય કરે છે | ૧૮૧ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કયા યોગી બધા કર્મમળને ધોઈ નાખે છે | ૧૮૧ |
| વિશુદ્ધભાવનો ધારક કર્મક્ષયનો અધિકારી | ૧૮૨ |
| શુદ્ધાત્મતત્ત્વને ન જાણનારનું તપ કાર્યકારી નથી | ૧૮૩ |
| કયા સંયમથી કોનાદ્વારા કર્મની નિર્જરા થાય છે | ૧૮૩ |
| કયો યોગી કર્મરજને સ્વયં ઉડાડી મૂકે છે | ૧૮૪ |
| લોકાચારને અપનાવનાર યોગીનો સંયમ ક્ષીણ થાય છે | ૧૮૪ |
| અર્હંતના વચનની શ્રદ્ધા ન કરનાર સુચારિત્રી પણ શુદ્ધિ પામતો નથી | ૧૮૫ |
| જિનાગમને ન જાણનાર સંયમી આંધળા સમાન | ૧૮૫ |
| કોનું કયું નેત્ર | ૧૮૬ |
| આગમમાં દર્શાવેલ બધાં અનુષ્ઠાન કોને નિર્જરાના હેતુ | ૧૮૭ |
| અજ્ઞાની-જ્ઞાનીને વિષય-સેવનનું ફળ | ૧૮૮ |
| કર્મફળને ભોગવતાં કોને બંધ અને કોને નિર્જરા | ૧૮૮ |
| અકિંચન યોગી પણ નિર્જરાના અધિકારી | ૧૮૯ |
| ભિન્ન આત્મા સિવાય અન્યની ઉપાસના કરનારની સ્થિતિ | ૧૮૯ |
| પોતાના શરીરમાં રહેલ પરમાત્માને છોડીને બીજે પરમાત્માની ઉપાસના કરનારની સ્થિતિ | ૧૯૦ |
| કોણ કર્મબંધનોથી બંધાય છે અને કોણ છૂટે છે | ૧૯૦ |
| પ્રમાદી સર્વત્ર પાપોથી બંધાય છે અને અપ્રમાદી છૂટે છે | ૧૯૧ |
| પોતાના નિર્મળ તીર્થને છોડીને અન્યને ભજનારાઓની સ્થિતિ | ૧૯૧ |
| પોતાના આત્મજ્ઞાનની ઇચ્છા રાખનારને પરીષહ સહેવા આવશ્યક છે | ૧૯૨ |
| સુખ-દુઃખમાં અનુબંધનું ફળ | ૧૯૩ |
| આત્મશુદ્ધિનું સાધન આત્મજ્ઞાન છે, અન્ય નહિ | ૧૯૩ |
| પરદ્રવ્યથી આત્મા સ્પર્શાતો નથી અને શુદ્ધ થતો નથી | ૧૯૪ |
| સ્વાત્મરૂપની ભાવનાનું ફળ પરદ્રવ્યનો ત્યાગ | ૧૯૪ |
| આત્મદ્રવ્યને જાણવા માટે પરદ્રવ્યને જાણવું આવશ્યક | ૧૯૫ |
| જગતના સ્વભાવની ભાવનાનું લક્ષ્ય | ૧૯૫ |
| એક આશ્ચર્યની વાત | ૧૯૬ |
| જ્ઞાનની આરાધના જ્ઞાન આપે છે, અજ્ઞાનની અજ્ઞાન આપે છે | ૧૯૭ |
| જ્ઞાન જણાતાં જ્ઞાની જણાય છે | ૧૯૭ |
| જ્ઞાનાનુભવ રહિતને અર્થજ્ઞાન થતું નથી | ૧૯૮ |
| જે પરોક્ષજ્ઞાનથી વિષયની પ્રતીતિ થાય છે તેનાથી જ્ઞાનીની પ્રતીતિ કેમ ન થાય ? | ૧૯૯ |
| જેનાથી પદાર્થ જણાય તેનાથી જ્ઞાની ન જણાય એ કેવી રીતે ? | ૧૯૯ |
| વેદ્ય (ભોગવવા યોગ્ય) ને જાણે અને વેદકને ન જાણે એ આશ્ચર્યકારી | ૨૦૦ |
| જ્ઞેયના લક્ષ્યથી આત્માનું શુદ્ધ રૂપ જાણીને ધ્યાવવાનું ફળ | ૨૦૦ |
| પૂર્વકથનનું ઉદાહરણ દ્વારા સ્પષ્ટીકરણ | ૨૦૧ |
| આત્માની ઉપલબ્ધિમાં જ્ઞાનીઓની સુખ સ્થિતિ | ૨૦૧ |
| આત્મતત્ત્વરત દ્વારા પરદ્રવ્યનો ત્યાગ | ૨૦૨ |
| વિશોધિત જ્ઞાન તથા અજ્ઞાનની સ્થિતિ | ૨૦૨ |
| નિર્મળ ચેતનમાં મોહ દેખાય-તેનો હેતુ | ૨૦૩ |
| શુદ્ધિ માટે જ્ઞાનની આરાધનામાં બુદ્ધિને લગાડવાની પ્રેરણા | ૨૦૩ |
| નિર્મળતાને પ્રાપ્ત જ્ઞાની અજ્ઞાનને અપનાવતા નથી | ૨૦૪ |
| વિદ્વાનનાં અધ્યયન આદિ કાર્યોની દિશાનો નિર્દેશ | ૨૦૫ |
| યોગીનો સંક્ષિપ્ત કાર્યક્રમ અને તેનું ફળ | ૨૦૫ |
| **૭. મોક્ષાધિકાર** | **૨૦૭ થી ૨૩૬** |
| મોક્ષનું સ્વરૂપ | ૨૦૭ |
| આત્મામાં કેવળજ્ઞાનનો ઉદય ક્યારે થાય છે ? | ૨૦૮ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દોશોથી મલિન આત્મામાં કેવળજ્ઞાન ઉદય પામતું નથી | ૨૦૮ |
| મોહાદિ-દોષોનો નાશ શુદ્ધાત્મધ્યાન વિના થતો નથી | ૨૦૯ |
| ધ્યાનરૂપી વજ્રથી કર્મગ્રંથિનો છેદ અત્યંત આનંદ ઉત્પન્ન કરે છે | ૨૦૯ |
| કયા કેવળીની ક્યારે ધર્મદેશના થાય છે | ૨૧૦ |
| જ્ઞાન કઈ રીતે આત્માનો સ્વભાવ છે | ૨૧૧ |
| આત્માનું ચૈતન્યરૂપ સ્વકાર્યમાં કેમ પ્રવૃત્ત થતું નથી | ૨૧૨ |
| પ્રતિબંધક વિના જ્ઞાની જ્ઞેય-વિષયમાં અજ્ઞાની રહેતા નથી | ૨૧૨ |
| જ્ઞાનીને દેશાદિના વિપ્રકર્ષનો કાંઇ પ્રતિબંધ નથી | ૨૧૩ |
| જ્ઞાનસ્વભાવને કારણે આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી | ૨૧૪ |
| કેવળી શેષ કયા કર્મો કેવી રીતે નષ્ટ કરીને નિવૃત્ત ( મુક્ત ) થાય છે | ૨૧૫ |
| શુક્લધ્યાનથી કર્મ છેદાતું નથી એવું વચન અનુચિત | ૨૧૮ |
| સુખરૂપ થયેલ મુક્ત જીવ ફરી પાછો સંસારમાં આવતો નથી | ૨૧૭ |
| કર્મનો અભાવ થઇ જવાથી ફરીથી શરીરનું ગ્રહણ થતું નથી | ૨૧૮ |
| જ્ઞાનને પ્રકૃતિનો ધર્મ માનવો-એ અસંગત છે | ૨૧૮ |
| જ્ઞાનાદિ ગુણોના અભાવમાં જીવની વ્યવસ્થિતિ બની શકતી નથી | ૨૧૯ |
| ઉપાય કર્યા વિના બંધને જાણવા માત્રથી કોઇનો મોક્ષ થતો નથી | ૨૧૯ |
| જીવના શુદ્ધ-અશુદ્ધની અપેક્ષાએ બે ભેદ | ૨૨૧ |
| શુદ્ધ જીવને મુક્ત કહેવાનો હેતુ | ૨૨૨ |
| મુક્તિમાં આત્મા કયા રૂપે રહે છે | ૨૨૨ |
| ધ્યાનનું મુખ્ય ફળ અને તેમાં યત્નની પ્રેરણા | ૨૨૩ |
| ધ્યાન-મર્મજ્ઞ યોગીઓનાં હિતરૂપ વચન | ૨૨૪ |
| પરમબ્રહ્મની પ્રાપ્તિનો ઉપાય | ૨૨૫ |
| આત્મા ધ્યાનવિધિથી કર્મોનો ઉન્મૂલક કેવી રીતે ? | ૨૨૫ |
| ભિન્ન આત્માનું ધ્યાન અચિન્ત્યાદિ ફળનું દાતા | ૨૨૬ |
| ઉક્ત ધ્યાનથી કામદેવનો સહજ નાશ | ૨૨૬ |
| વાદ-પ્રવાદ છોડીને અધ્યાત્મ-ચિંતનની પ્રેરણા | ૨૨૭ |
| વિદ્વાનોએ સિદ્ધિમાટે સદુપાય કર્તવ્ય | ૨૨૭ |
| અધ્યાત્મધ્યાનથી ભિન્ન સદુપાય નથી | ૨૨૮ |
| ઉક્ત ધ્યાનની બાહ્ય સામગ્રી | ૨૨૮ |
| ત્રણ પ્રકારની બુદ્ધિવડે સંશોધકને ધ્યાનની પ્રાપ્તિ | ૨૨૯ |
| વિદ્વત્તાનું પરમફળ આત્મધ્યાનમાં રતિ | ૨૩૦ |
| મૂઢ ચિત્તવાળા અને અધ્યાત્મરહિત પંડિતોનો સંસાર શું ? | ૨૩૧ |
| જ્ઞાનબીજાદિને પામીને પણ કોણ સદ્ધ્યાનની ખેતી નથી કરતા ? | ૨૩૧ |
| ભોગ-આસક્તિમાં ધ્યાન-ત્યાગી વિદ્વાનોના મોહને ધિક્કાર | ૨૩૨ |
| મોહી જીવો-વિદ્વાનો આદિની સ્થિતિ | ૨૩૩ |
| ધ્યાન માટે તત્ત્વ શ્રવણની ઉપયોગિતા | ૨૩૪ |
| ભોગબુદ્ધિ ત્યાજ્ય અને તત્ત્વશ્રવણ ગ્રાહ્ય | ૨૩૫ |
| ધ્યાનનો શત્રુ જે કુતર્ક તે ત્યાજ્ય | ૨૩૫ |
| મોક્ષતત્ત્વનો સાર | ૨૩૬ |
| **૮. ચારિત્રાધિકાર** | **૨૩૭ થી ૨૯૭** |
| મુમુક્ષુએ જિનલિંગ ધારણ કરવું યોગ્ય છે | ૨૩૮ |
| જિનલિંગનું સ્વરૂપ | ૨૩૮ |
| જિન-દીક્ષા આપવાને યોગ્ય ગુરુ અને શ્રમણપણાની પ્રાપ્તિ | ૨૩૯ |
| શ્રમણના કેટલાક મૂળગુણ | ૨૪૦ |
| મૂળગુણોના પાલનમાં પ્રમાદી મુનિ છેદોપસ્થાપક | ૨૪૧ |
| શ્રમણોના બે ભેદ-સુરિ અને નિર્યાપક | ૨૪૨ |
| ચારિત્રમાં છેદોત્પત્તિ થતાં તેની પ્રતિક્રિયા | ૨૪૩ |
| વિહારને પાત્ર શ્રમણ | ૨૪૩ |
| કયા યોગીને શ્રમણપણાની પૂર્ણતા થાય છે | ૨૪૪ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| નિર્મમત્વને પામેલ યોગી કોનામાં રાગ નથી રાખતા | ૨૪૪ |
| અશનાદિમાં પ્રમાદ કરનાર સાધુને નિરંતર હિંસા | ૨૪૫ |
| યત્નાચાર રાખનારની ક્રિયાઓ ગુણકારી, પ્રમાદીની દોષકારી | ૨૪૬ |
| પર-પીડક સાધુમાં જ્ઞાન હોવા છતાં પણ ચારિત્ર મલિન | ૨૪૬ |
| ભવાભિનંદી મુનિઓનું રૂપ | ૨૪૭ |
| ભવાભિનંદીઓ દ્વારા આદર પામેલ લોકપંક્તિનું સ્વરૂપ | ૨૪૮ |
| ધર્મને અર્થે લોકપંક્તિ અને લોકપંક્તિને માટે ધર્મ | ૨૪૯ |
| મોક્ષમાર્ગમાં તત્પર હોવા છતાં પણ બધાને મોક્ષ થતો નથી | ૨૪૯ |
| ભવને અભિનંદનારાઓનો (ભવાભિનંદીઓનો) મુક્તિ પ્રત્યે વિદ્વેષ | ૨૫૦ |
| જેમને મોક્ષ પ્રત્યે વિદ્વેષ નથી તે ધન્ય છે | ૨૫૦ |
| મોક્ષમાર્ગને મલિનચિત્તવાળા જીવો મલિન કરે છે | ૨૫૪ |
| મોક્ષમાર્ગના આરાધન અને વિરાધનનું ફળ | ૨૫૪ |
| માર્ગની મલિનતાથી થનાર અનર્થનું સૂચન | ૨૫૫ |
| હિંસારૂપ પાપનું બંધન કોને થાય અને કોને નહીં | ૨૫૫ |
| પૂર્વકથનનું સ્પષ્ટીકરણ | ૨૫૬ |
| અંતરંગ પરિગ્રહ ન છોડતાં બાહ્ય (પરિગ્રહ) ને છોડનાર પ્રમાદી | ૨૫૭ |
| અંતરની શુદ્ધિ વિના બાહ્ય શુદ્ધિ અવિશ્વસનીય | ૨૫૮ |
| પ્રમાદી અને અપ્રમાદી યોગીની સ્થિતિ | ૨૫૯ |
| જીવઘાત થતાં બંધ થાય અને ન પણ થાય, પથિગ્રહથી તેનું (બંધનું) થવું નિશ્ચિત | ૨૫૯ |
| એક પણ પરિગ્રહ ન ત્યાગવાનું પરિણામ | ૨૬૦ |
| વસ્ત્રના ટુકડાનો ધારક સાધુ નિરાલમ્બ અને નિરારંભ થઇ શકતો નથી | ૨૬૧ |
| વસ્ત્ર-પાત્ર ગ્રહણ કરનાર યોગીને પ્રાણઘાત અને ચિત્તવિક્ષેપ અનિવાર્ય | ૨૬૧ |
| વિક્ષેપની અનિવાર્યતા અને સિદ્ધિનો અભાવ | ૨૬૨ |
| જેનાં ગ્રહણ-ત્યાગ કરતાં કોઇ દોષ ન લાગે તેમાં પ્રવૃત્તિની વ્યવસ્થા | ૨૬૩ |
| કયા પદાર્થનું ગ્રહણ નહિ કરવું જોઇએ | ૨૬૪ |
| કાયથી પણ નિસ્પૃહ મુમુક્ષુ કાંઇ ગ્રહણ કરતા નથી | ૨૬૪ |
| સ્ત્રીઓનું જિનલિંગ-ગ્રહણ અપેક્ષાસહિત કેમ? | ૨૬૫ |
| પૂર્વપ્રશ્નનો ઉત્તર : સ્ત્રી પર્યાયથી મુક્તિ ન થવી આદિ | ૨૬૫ |
| કયો પુરુષ જિનલિંગ-ગ્રહણને યોગ્ય છે | ૨૬૯ |
| જિનલિંગ-ગ્રહણમાં બાધક વ્યંગ | ૨૭૦ |
| વ્યંગ (ભંગ)નું વાસ્તવિક રૂપ | ૨૭૦ |
| વ્યવહારિક વ્યંગ (ભંગ) સલ્લેખનાના સમયે અવ્યંગ થતો નથી | ૨૭૧ |
| કયા શ્રમણ અનાહાર કહેવાય છે | ૨૭૨ |
| કેવળદેશ-સાધુનું સ્વરૂપ | ૨૭૩ |
| કેવળદેશ-સાધુની ભિક્ષાચર્યાનું રૂપ | ૨૭૩ |
| વર્જિત માંસ દોષ | ૨૭૪ |
| મધુ-દોષ અને અન્ય અખાદ્ય પદાર્થ | ૨૭૫ |
| હાથમાં આવેલ કોળિયો બીજાને આપીને ભોજન કરનાર યતિ દોષનો ભાગી | ૨૭૮ |
| બાલ-વૃદ્ધાદિ યતિઓને ચારિત્રાચરણમાં દિશાબોધ | ૨૭૮ |
| સ્વલ્પલેપી યતિ ક્યારે થાય છે? | ૨૭૯ |
| તપસ્વીએ કઈ જાતનાં કામ ન કરવાં | ૨૭૯ |
| આગમની ઉપયોગિતા અને તેમાં સાદર પ્રવૃત્તિની પ્રેરણા | ૨૮૦ |
| સમાન અનુષ્ઠાન હોવા છતાં પણ પરિણામાદિથી ફળભેદ | ૨૮૫ |
| બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહના ભેદથી બધાં કર્મ ભેદરૂપ | ૨૮૬ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહનું સ્વરૂપ | ૨૮૬ |
| બુદ્ધિ આદિ પૂર્વક કાર્યોના ફળભેદની દિશા-સૂચના | ૨૮૭ |
| બુદ્ધિપૂર્વક સર્વ કાર્ય સંસારફળના દાતા | ૨૮૭ |
| જ્ઞાનપૂર્વક કાર્ય મુક્તિહેતુક | ૨૮૮ |
| અસંમોહ-પૂર્વક કાર્ય નિર્વાણસુખના પ્રદાતા | ૨૮૮ |
| ભવાતીતમાર્ગગામીઓનું સ્વરૂપ | ૨૮૯ |
| ભવાતીત માર્ગગામીઓનો માર્ગ સામાન્યની જેમ એક જ | ૨૮૯ |
| શબ્દભેદ હોવા છતાં પણ નિર્વાણ-તત્ત્વ એક જ છે | ૨૯૦ |
| વિમુક્ત આદિ શબ્દ સાર્થક | ૨૯૧ |
| નિર્વાણ-તત્ત્વ ત્રણ વિશેષણોથી યુક્ત | ૨૯૨ |
| અસંમોહથી જ્ઞાત-નિર્વાણ-તત્ત્વમાં કોઇ વિવાદ કે ભેદ હોતો નથી | ૨૯૨ |
| નિર્વાણ માર્ગની દેશના વિચિત્ર હોવાનું કારણ | ૨૯૩ |
| ઉક્ત ચારિત્ર વ્યવહારથી મુક્તિહેતુ, નિશ્ચયથી ભિન્ન ચેતનનું ધ્યાન | ૨૯૪ |
| વ્યાવહારિક ચારિત્રના બે ભેદ | ૨૯૫ |
| કયું ચારિત્ર મુક્તિને અનુકૂળ અને કયું સંસારને | ૨૯૫ |
| જિન-ભાષિત-ચારિત્ર કેવીરીતે મુક્તિને અનુકૂળ છે | ૨૯૬ |
| ઉક્ત વ્યવહાર-ચારિત્ર વિના નિશ્ચય-ચારિત્ર બનતું નથી | ૨૯૬ |
| ઉક્ત ચારિત્રના અનુષ્ઠાતા યોગીની સ્થિતિ | ૨૯૭ |
| **૯. ચૂલિકાધિકાર** | **૨૯૮ થી ૩૪૬** |
| મુક્તાત્મા દર્શન-જ્ઞાન-સ્વભાવથી સદા આનંદરૂપ રહે છે. | ૨૯૯ |
| મુક્તાત્માનું ચૈતન્ય નિરર્થક નથી | ૨૯૯ |
| ચૈતન્યને આત્માનો નિરર્થક સ્વભાવ માનતાં દોષાપત્તિ | ૩૦૦ |
| સત્‌નો અભાવ ન હોવાથી મુક્તિમાં આત્માનો અભાવ થતો નથી | ૩૦૧ |
| ચંદ્રકાંતિ અને મેઘના ઉદાહરણ દ્વારા વિષયનું સ્પષ્ટીકરણ | ૩૦૨ |
| આત્મામાં વ્યાપ્ત કર્મોને યોગી કેવી રીતે ક્ષણમાત્રમાં ઉડાડી મૂકે છે | ૩૦૩ |
| યોગીના યોગનું લક્ષણ | ૩૦૩ |
| યોગથી ઉત્પન્ન સુખની વિશિષ્ટતા | ૩૦૪ |
| સુખ-દુઃખનું સંક્ષિપ્ત લક્ષણ | ૩૦૪ |
| ઉક્ત લક્ષણની દૃષ્ટિથી પુણ્યજન્ય ભોગો અને યોગજન્ય જ્ઞાનની સ્થિતિ | ૩૦૫ |
| નિર્મળજ્ઞાન સ્થિર થતાં ધ્યાન થઈ જાય છે | ૩૦૫ |
| ભોગનું રૂપ અને તેને સ્થિર-વાસ્તવિક સમજનારા | ૩૦૬ |
| આ સંસાર આત્માનો મહાન રોગ | ૩૦૬ |
| સર્વ સંસાર-વિકારોનો અભાવ થતાં મુક્ત જીવની સ્થિતિ | ૩૦૭ |
| ઉદાહરણ-દ્વારા પૂર્વકથનનું સમર્થન | ૩૦૮ |
| કોના ભોગ સંસારનું કારણ નથી થતા | ૩૦૮ |
| ભોગોને ભોગવવા છતાં પણ કોણ પરમ-પદને પામે છે. | ૩૦૯ |
| ભોગાને તત્ત્વ-દૃષ્ટિથી દેખનારાઓની સ્થિતિ | ૩૧૦ |
| ભોગ-માયાથી વિમોહિત જીવની સ્થિતિ | ૩૧૦ |
| ધર્મથી ઉત્પન્ન ભોગ પણ દુઃખ-પરંપરાના દાતા | ૩૧૧ |
| વિવેકી વિદ્વાનોની દૃષ્ટિમાં લક્ષ્મી અને ભોગ | ૩૧૧ |
| ભોગ-સંસારથી સાચો વૈરાગ્ય ક્યારે ઉત્પન્ન થાય છે | ૩૧૨ |
| નિર્વાણમાં પરમા ભક્તિ અને તેને માટે કર્તવ્ય | ૩૧૨ |
| જ્ઞાની પાપોથી કેવી રીતે લેપાતો નથી | ૩૧૩ |
| જ્ઞાનના મહિમાનું કીર્તન | ૩૧૪ |
| કયું તત્ત્વ કોનાદ્વારા વસ્તુતઃ ચિંતન-યોગ્ય છે | ૩૧૪ |
| પરમતત્ત્વ શું અને તેનાથી ભિન્ન શું ? | ૩૧૫ |
| મુમુક્ષુઓએ કોઇ પણ તત્ત્વમાં આગ્રહ ન કરવો | ૩૧૫ |
| આગ્રહ-વર્જિત તત્ત્વમાં કર્તા-કર્માદિનો વિકલ્પ નથી | ૩૧૬ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આત્મામાં સ્થિત કર્મ-વર્ગણાઓ કદી આત્મતત્ત્વને પ્રાપ્ત થતી નથી | ૩૧૭ |
| કર્મજન્ય સ્થાવર વિકાર આત્માના થતા નથી | ૩૧૭ |
| જીવના રાગાદિ-પરિણામોની સ્થિતિ | ૩૧૮ |
| જીવના કષાયાદિ-પરિણામોની સ્થિતિ | ૩૧૮ |
| કષાય-પરિણામોનું સ્વરૂપ | ૩૧૯ |
| કાલુષ્ય અને કર્મમાંથી એકનો નાશ થતાં બન્નેનો નાશ | ૩૧૯ |
| કલુષતાનો અભાવ થતાં પરિણામોની સ્થિતિ | ૩૨૦ |
| કલુષતાનો અભાવ થતાં જીવની સ્થિતિ | ૩૨૦ |
| આત્માના શુદ્ધસ્વરૂપની કેટલીક સૂચના | ૩૨૧ |
| આત્માની પરંજ્યોતિનું સ્વરૂપ | ૩૨૧ |
| સ્વસ્વભાવમાં સ્થિત પદાર્થોને કોઈ અન્યથા-કરવામાં સમર્થ નથી | ૩૨૨ |
| મળનાર પરદ્રવ્યોથી આત્માને કેવી રીતે અન્યથા નથી કરી શકાતો | ૩૨૨ |
| ભિન્ન જ્ઞાનોપલબ્ધિથી દેહ અને આત્માનો ભેદ | ૩૨૩ |
| કર્મ જીવના અને જીવ કર્મના ગુણોને ઘાતતો નથી | ૩૨૩ |
| જીવ અને કર્મમાં પારસ્પરિક પરિણામનું નિમિત્તપણું ન રહેતાં મોક્ષ | ૩૨૪ |
| મુક્ત-ભાવ સાથે આત્માની સ્ફટિક સમાન તન્મયતા | ૩૨૪ |
| આત્માને આત્મભાવના અભ્યાસમાં લગાડ-વાનું આવશ્યક | ૩૨૫ |
| કર્મમળથી પૂર્ણપણે પૃથક્ થયેલ આત્મા પછી તે મળથી લેપાતો નથી | ૩૨૬ |
| ઘટના ઉપાદાન માટીની જેમ કર્મનું ઉપાદાન કલુષતા | ૩૨૬ |
| કષાયાદિ કરતો જીવ કષાયાદિરૂપ કેમ થતો નથી ? | ૩૨૭ |
| સર્વ કર્મોનો કર્તા હોવા છતાં પણ કોણ અકર્તા થાય છે | ૩૨૮ |
| વિષયમાં સ્થિત રહેવા છતાં પણ કોણ લેપાતો નથી | ૩૨૯ |
| દેહ અને ચેતનનો તાત્ત્વિક ભેદ જાણ-નારની સ્થિતિ | ૩૨૯ |
| જીવના ત્રિવિધ ભાવોની સ્થિતિ અને કર્તવ્ય | ૩૩૦ |
| જેણે સમસ્ત કલ્મષનો નાશ કર્યો છે તે યોગીનું કર્તવ્ય | ૩૩૧ |
| ઇન્દ્રિય-વિષયોના સ્મરણ કરનારની સ્થિતિ | ૩૩૧ |
| ભોગને ન ભોગવનાર અને ભોગવનાર કોઈ બેની સ્થિતિ | ૩૩૨ |
| ઇન્દ્રિય-વિષયોના સ્મરણ-નિરોધકની સ્થિતિ | ૩૩૨ |
| ભોગને ભોગવવા છતાં કોણ બંધને પામે છે અને કોણ નહિ | ૩૩૩ |
| વિષયોને જાણતા જ્ઞાની બંધને પામતા નથી | ૩૩૩ |
| મહામૂઢ ઇન્દ્રિય-વિષયોનું ગ્રહણ ન કરવા છતાં પણ બંધ કર્તા | ૩૩૪ |
| કોનાં પ્રત્યાખ્યાનાદિ કર્મ વ્યર્થ છે | ૩૩૪ |
| દોષોના પ્રત્યાખ્યાનથી કોણ મુક્ત છે | ૩૩૫ |
| દોષોના વિષયમાં રાગી-વીતરાગીની સ્થિત | ૩૩૬ |
| ઔદયિક અને પારિણામિક ભાવોનું ફળ | ૩૩૬ |
| વિષયાનુભવ અને સ્વાત્માનુભવમાં ઉપા-દેય કોણ ? | ૩૩૬ |
| વૈષયિક જ્ઞાન બધું પૌદ્ગલિક | ૩૩૭ |
| માનવોમાં બાહ્યભેદના કારણે જ્ઞાનમાં ભેદ નથી થતો | ૩૩૭ |
| કયા જ્ઞાનથી જ્ઞેયને જાણીને તેને ત્યાગ-વામાં આવે છે | ૩૩૮ |
| વિકારના હેતુના દેશચ્છેદ અને મૂળ-ચ્છેદનું પરિણામ | ૩૩૯ |
| દેશચ્છેદ અને મૂળચ્છેદના વિષયનું સ્પષ્ટી-કરણ | ૩૪૦ |
| કોનાં જન્મ અને જીવન સફળ છે | ૩૪૨ |
| ગ્રંથ અને ગ્રંથકારના અભિપ્રેતરૂપ પ્રશ-સ્તિ | ૩૪૩ |
| ભાષ્યનું અંત્ય મંગળ અને પ્રશસ્તિ | ૩૪૬ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com



Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

શ્રી સદ્‌ગુરૂદેવાય નમઃ

સ્વ. શ્રી મુળજીભાઈ ખારા પ્રત્યે,

# સ્મરણાંજલિ

પરમકૃપાળુ ગુરૂદેવ શ્રી કાનજીસ્વામી પ્રત્યે આપની પરમ ભક્તિ એ આપના ઉત્તર જીવનની અમુલ્ય મુડી હતી.

ઇ. સ. ૧૯૪૨માં ધંધામાથી નિવૃત થઈ આપ સુવર્ણપુરીમાં શ્રી હીરાભાઇ ભગતના બંગલામાં (Star of India) રહ્યા હતા, અને બધાજ કુટુંબીજનો તથા સ્નેહીઓને ત્યાં આમંત્રી પુ. શ્રીની વાણી સંભળાવી, અને પુ. ગુરૂદેવના પવિત્ર મુખેથી નીકળતી જ્ઞાન ગંગામાં પાવન થઇને જીવનનો એક નવોજ રાહ દેખાડ્યો હતો તે આપનો ઉપકાર કેમ ભુલી શકાય? આ એજ મકાન હતું જ્યાં પુ. ગુરૂદેવે પંથ પરીવર્તન કર્યું હતું અને ત્યાંજ એ દિન વહેલી સવારે આપને દમની વ્યાધિથી ઉત્પન્ન થયેલ અત્યંત કષ્ટમાં એકા એક શાંતી થઇ ગઈ અને એવો ભાસ થયો કે પુ. શ્રી કુંદકુંદાચાર્ય દેવે આપના મસ્તક પર હાથ મુક્યો હતો. આ સ્વપ્નવાર્તા સાંભળી પુ. ગુરૂદેવે પણ આપના આ ભાવની અનુમોદના કરી હતી તે સર્વ સ્મૃતિ આજે પણ અમોને આપનો ધાર્મિક ઉલ્લાસ યાદ કરાવે છે.

જીવનના છેલ્લા વર્ષોમાં આપનો શાસ્ત્ર અભ્યાસ પણ ચાલુ જ હતો–લૌકીક રીતે એક ઉત્તમ સદ્‌ગૃહસ્થને છાજે એવું જીવન જીવ્યા પછી પણ જ્યારે આપ પુ. ગુરૂદેવના ફોટા સામે બેસીને આંખમાં અશ્રુધારા સાથે ભક્તિ કરતાં કે

"અહો! અહો શ્રી સદ્‌ગુરૂ કરૂણા સીંધુ અપાર.
આ...પા...મ...ર પર પ્રભુ કર્યો અહો અહો ઉપકાર"

ત્યારે સમજાતું ન હતું કે આપને આપની જાત પામર કેમ લાગતી હતી? પણ આપની નિરંતર ગુરૂસેવાની પ્રેરણા દ્વારા જ્યારે અમોને જણાયું કે સંત પુરૂષ શું છે! અને તેના પ્રત્યે મુમુક્ષુને કેવો ભાવ આવે છે!! ત્યારે જ લૌકિક જીવનની સફળતા અને ઉત્તમતા કેટલા ફીકાં છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવ્યો.

આજે પણ આપની પ્રેરણાથી વિતરાગી દેવ–ગુરૂ–શાસ્ત્રની અહોરાત્ર રસસભર ભક્તિ કરીએ અને જીવનને સફળ બનાવીએ એજ આપને અર્પેલી સ્મરણાંજલિ છે.

લી. સમરતબહેન મુળજીભાઇ ખારા (પત્ની)
તથા કુટુંબીજનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# યોગસાર-પ્રાભૃત

# અર્હં

## ભાષ્યનું મંગલાચરણ

યોગાનલમાં બાળી કર્મમળ, કર્યો જેમણે આત્મવિકાસ,
ભવબંધનથી છૂટી નિરાકુળ કરતા જે લોકાગ્ર નિવાસ;
તે સિદ્ધોને સિદ્ધિ અર્થે હું વંદુ ધારી હૃદય ઉલ્લાસ,
મંગળકારી ધ્યાન જેમનું, મહાગુણોના જે આવાસ. ૧

મોહ–વિઘ્ન–આવરણ નાશી જે પામ્યા કેવળજ્ઞાન અપાર,
સર્વ જીવોને મોક્ષમાર્ગનો દીધો પરમ ઉપદેશ ઉદાર;
જેની દિવ્ય–ધ્વનિથી જગમાં તીર્થ પ્રવર્તન થયું સુધાર,
તે અર્હંતોને પ્રણમું હું ભક્તિભાવથી વારંવાર. ૨

યોગસાર–પ્રાભૃત છે અનુપમ, સિદ્ધિ–સૌખ્યનો જે આધાર,
તત્ત્વોનું–અનુશાસન જેમાં, કહ્યો જેને ‘ પરમાગમ–સાર ’;
યોગિરાજ–નિઃસંગ–અમિતગતિ–રચિત જિનાગમને અનુસાર,
વ્યાખ્યા સુગમ કરું હું તેની, નિજ–પરનું હિત હૃદયે ધાર. ૩

નમઃ શ્રી સિદ્ધેભ્યઃ

શ્રીમદ્ અમિતગતિ આચાર્ય વિરચિત

ૐ

# યોગસાર-પ્રાભૃત

## જીવ અધિકાર

### મૂળનું મંગળાચરણ અને ઉદ્દેશ્ય

**विविक्तमव्ययं सिद्धं स्व-स्वभावोपलब्धये ।**
**स्व-स्वभाव-मयं बुद्धं ध्रुवं स्तौमि विकल्मषम् ॥ १ ॥**

**શબ્દાર્થ:**—( **स्व-स्वभावोपलब्धये** ) હું પોતાના સ્વભાવની ઉપલબ્ધિ માટે-જ્ઞાન અને સમ્યક્ પ્રાપ્તિ માટે-( **सिद्धं** ) તે સિદ્ધની-સિદ્ધિને પામેલ સિદ્ધસમૂહની-( **स्तौमि** ) સ્તુતિ કરું છું-મારી ઉપાસનાના વિષય બનાવું છું-( **विविक्तं** ) જે શુદ્ધ અને નિર્મળ છે-( **विकल्मषम्** )કષાયાદિ મળથી રહિત છે, ( **बुद्धं** )-બોધ પ્રાપ્ત છે, ( **अव्ययं** )-અવિનાશી છે, નિત્ય છે અને ( **स्व-स्वभाव-मयं** )-સ્વસ્વભાવમય છે-સદા પોતાના સ્વરૂપમાં સ્થિત છે. ૧

**વ્યાખ્યા:**—આ પદ્ય સિદ્ધ-સમૂહની સ્તુતિરૂપ છે. એકવચનાત્મક '**सिद्धं**' પદ અહીં સિદ્ધસમૂહનું વાચક છે; કેમ કે સિદ્ધ કોઈ એક નથી, અનેકાનેક છે; કે જે પૂર્વાચાર્યોનાં '**वंदित्तु सव्वसिद्धे**,[1] **सिद्धानुद्धूतकर्मप्रकृतिसमुदयान्**[2] ' જેવા બહુવચનાન્ત-પદોના પ્રયોગથી જણાય છે. તે સિદ્ધસમૂહમાં પ્રત્યેક સિદ્ધ, જેમનું '**विविक्तं**' વગેરે છ વિશેષણ-પદો

૧. સમયસાર.

૨. સિદ્ધભક્તિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્વારા અહીં સ્મરણ કરવામાં આવ્યું છે, તે વિશેષણોથી વિશિષ્ટ છે. તે વિશેષણોમાં '**विविक्त**' વિશેષણ પ્રમુખ તથા ગૂઢ-ગંભીર છે, સર્વ પ્રકારના મિશ્રણ-ભેળસેળ અને સંબંધથી રહિત શુદ્ધ અને સ્વચ્છ આત્માનું દ્યોતક છે. '**विकल्मष**' વિશેષણ રાગ-દ્વેષ-કામ-ક્રોધ-માન-માયા-લોભાદિરૂપ વિકારો-મળોના અભાવનું સૂચક છે અને આ રીતે સિદ્ધાત્માની તે શુદ્ધતાને સ્પષ્ટ કરે છે. '**बुद्ध**' વિશેષણ તે મળ રહિત શુદ્ધ આત્માને જ્ઞાનરૂપ પ્રગટ કરે છે કે જે મળના અભાવનું ફળ છે-જ્ઞાનથી ભિન્ન શુદ્ધ-આત્માનું કોઈ બીજું રૂપ નથી, તેથી જ આત્માને જ્ઞાન તથા જ્ઞાનપ્રમાણ કહેવામાં આવ્યો છે.[1] '**अव्यय**' વિશેષણ અચ્યુતનું વાચક છે અને એ વાત બતાવે છે કે તે સિદ્ધાત્મા પોતાના આ શુદ્ધ-બુદ્ધ સ્વરૂપથી કદી ચ્યુત થતા નથી-સિદ્ધ-પર્યાયને છોડી ભવ અથવા અવતાર ધારણાદિ રૂપે કદી સંસારી બનતા નથી અને તેમાં કદી કોઈ વિક્રિયાય ઉત્પન્ન થતી નથી.[2] '**ध्रुव**' વિશેષણ એ વાત પ્રગટ કરે છે કે સિદ્ધનો આત્મા સદા સ્થિર રહે છે-કદી તેનો અભાવ થતો નથી. અને '**स्वभावमय**' વિશેષણ, સિદ્ધાત્માના ઉપર કહેલ સર્વ રૂપ તે તેનો (સિદ્ધનો) સ્વભાવ છે એમ પ્રગટ કરે છે કે જે રૂપ કર્મમળના સંબંધથી ઢંકાઈ રહ્યું હતું અને જેને સિદ્ધ કરીને જ આ આત્મા સિદ્ધિને પ્રાપ્ત સિદ્ધાત્મા બને છે. તેથી જ સિદ્ધિનું લક્ષણ '**स्वात्मोपलब्धि**'[3] કહેવામાં આવ્યું છે. આ સર્વ વિશેષણો જેનામાં ઘટિત થતાં નથી તે સિદ્ધ અથવા સિદ્ધ-સમૂહ અહીં વિવક્ષિત નથી,

'**स्तौमि**' પદ દ્વારા સ્તુતિ-વંદના રૂપે જે ઉપાસનાનો અહીં ઉલ્લેખ છે તેનો ઉદ્દેશ્ય પણ '**स्वस्वभावोपलब्धये**' પદ દ્વારા સાથે આપી દેવામાં આવ્યો છે, જે એમ પ્રગટ કરે છે કે સ્વસ્વભાવમાં સ્થિત સિદ્ધ-સમૂહની મારી આ ઉપાસના સ્વસ્વભાવની-આત્માના વાસ્તવિક સ્વરૂપની-પ્રાપ્તિને માટે છે. અને એ યોગ્ય જ છે કે જે આત્મસાધન વડે પોતાના શુદ્ધબુદ્ધ સ્વરૂપને પામી ચુકયા છે તેની જ ઉપાસના-આરાધનાથી તે વિષયની સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. આ જ ભાવ સાથે મોક્ષશાસ્ત્રના '**मोक्षमार्गस्य नेतारं**' ઈત્યાદિ મંગળ-પદ્યમાં '**वन्दे तद्गुणलब्धये**' આ વાકયની રચના થઇ છે.

અહીં એ પ્રશ્ન થઇ શકે છે કે સ્વભાવનો કદી અભાવ થતો નથી, તે સદા વસ્તુમાં વિદ્યમાન રહે છે; તો પછી એ સ્વભાવની ઉપલબ્ધિ કેવી? અને તેને માટે પ્રયત્ન કેવો?

---

૧. પ્રવચનસાર

૨. કે જે સ્વામી સમંતભદ્રના આ વચનથી પ્રગટ છે—

**काले कल्पशतेऽपि च गते शिवानां न विक्रिया लक्ष्या ।**
**उत्पातोऽपि यदि स्यात् त्रिलोकसंभ्रान्तिकरणपटुः ॥ समी. धर्म. १३३ ॥**

૩. **सिद्धिः स्वात्मोपलब्धिः**—સિદ્ધભક્તિ ૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એના જવાબમાં હું એટલું જ કહેવા ઇચ્છું છું કે સ્વભાવનો કદી અભાવ થતો નથી એ બરાબર છે પરંતુ તેનો તિરોભાવ ( આચ્છાદન ) થાય છે તથા થઈ શકે છે અને તે તે જ જીવ-પુદ્ગલ નામનાં બે દ્રવ્યોમાં થાય છે કે જે વૈભાવિક પરિણમનવાળા હોય છે. આત્માનું વૈભાવિક પરિણમન સદાને માટે દૂર કરી તેને તેના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત કરવો તે જ 'સ્વ-સ્વભાવોપલબ્ધિ' કહેવાય છે, જેને માટે પ્રયત્ન હોવો જરૂરી છે.

આ પદ્યમાં ગ્રન્થનિર્માણની કોઈ પ્રતિજ્ઞા નથી, આગળના પદ્યમાં પણ તે આપવામાં આવી નથી. છતાં પણ 'સ્વસ્વભવોપલબ્ધિ' પદમાં સિદ્ધ-સમૂહની ઉપાસનાનો જે ઉદ્દેશ્ય રહેલો છે તે જ આ ગ્રન્થના નિર્માણનું પણ લક્ષ્યભૂત છે અને તે છે આત્માના શુદ્ધ સ્વ-રૂપની જ્ઞપ્તિ ( જ્ઞાન ) અને સંપ્રાપ્તિ, જેને બતાવવા માટે ગ્રન્થના અંતસુધી પૂરો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગ્રન્થના અંતે લખ્યું છે કે જે આ યોગસારપ્રાભૃતને એકચિત્ત થઈને એકાગ્રતાથી વાંચે છે તે પોતાનું સ્વરૂપ જાણીને અને પ્રાપ્ત કરીને તે પરમપદને પામે છે કે જે સાંસારિક દોષોથી રહિત છે. અને તેથી ઉક્ત ઉદ્દેશ્યાત્મક પદમાં ગ્રન્થના વિષયના નિર્માણની પ્રતિજ્ઞા પણ સામેલ છે. ગ્રન્થના નામમાં, જેને છેવટના બે પદ્યોમાં વ્યક્ત કર-વામાં આવેલ છે, જે 'યોગ' શબ્દ પડયો છે તેનાં લક્ષણ અથવા સ્વરૂપ નિર્દેશથી પણ એનું સમર્થન થાય છે, જેમાં બતાવ્યું છે કે, 'જે યોગથી-સંબંધ-વિશેષરૂપ ધ્યાનથી-ભિન્ન આત્મા-નું પરિજ્ઞાન થાય છે તેને તે યોગીઓએ 'યોગ' કહ્યો છે.' કે જેમણે યોગ દ્વારા પાપોને-કષાયાદિ મળને-આત્મામાંથી ધોઈ નાખ્યા છે,[૧] અને તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને અહીં 'યોગસાર' નામ શુદ્ધાત્મરૂપ સમયસારનું પણ વાચક છે. ૧.

## સ્વરૂપ-જિજ્ઞાસાથી જીવ અને અજીવનાં લક્ષણ જાણવાની સહેતુક પ્રેરણા.

**जीवाजीवं द्वयं त्यक्त्वा नापरं विद्यते यतः ।**
**तल्लक्षणं ततो ज्ञेयं स्व-स्वभाव-बुभुत्सया ॥ २ ॥**

શબ્દાર્થઃ—( यतः ) કારણકે ( जीवाजीवं ) જીવ અને અજીવ ( द्वयं त्यक्त्वा ) એ બે મૂળ તત્ત્વો સિવાય ( अपरं ) બીજું કાંઈ પણ ( न विद्यते ) વિદ્યમાન નથી-બધું

૧. विविक्तात्मपरिज्ञानं योगात्संजायते यतः ।
स योगो योगिभिर्गीतो योगनिर्धूतपातकैः ॥ ( ૯-૧૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એમાં જ સમાયેલું છે, એનો જ વિસ્તાર છે ( ततो ) તેથી જ ( स्व-स्वभाव-बुभुत्सया ) પોતાનું સ્વરૂપ જાણવાની ઈચ્છાથી ( तल्लक्षणं ) આ બન્નેનું-જીવ-અજીવનું લક્ષણ ( ज्ञेयं ) જાણવું જોઇએ. ૨.

પહેલા પદ્યમાં સિદ્ધ-સમૂહની સ્તુતિપ્રકારાન્તરથી વંદનારૂપ ઉપાસનાનો અને બીજા પ્રકારે ગ્રન્થના વિષય-પ્રતિપાદનરૂપ નિર્માણનો ઉદ્દેશ્ય સ્વસ્વભાવની ઉપલબ્ધિ બતાવ્યો હતો. સ્વસ્વભાવની ઉપલબ્ધિનો પ્રયત્ન સ્વભાવને જાણ્યા-ઓળખ્યા વિના બની શકતો નથી, તેથી આ પદ્યમાં સ્વસ્વભાવને જાણવા માટે જીવ તથા અજીવનાં લક્ષણ જાણવાં જોઇએ એમ જાણવાના ઉપાયરૂપે નિર્દેશ કર્યો છે; કેમકે જીવ અને અજીવ એ બે મૂળ તત્ત્વો સિવાય સંસારમાં અન્ય કાંઇ પણ વિદ્યમાન નથી. સંસારની બધી વસ્તુ-વ્યવસ્થા આ જ બે મૂળ તત્ત્વોમાં સમાયેલ છે અથવા એનો જ વિસ્તાર છે;[૧] જેને આત્મા-અનાત્મા તથા ચેતન-અચેતન પણ કહેવામાં આવે છે અને અચેતનને ' જડ ' નામથી પણ જણાવવામાં આવે છે,

અહીં જીવ અને અજીવના ગુણોને જાણવાની વાત ન કહેતાં તેમનાં લક્ષણો જાણવાની જે વાત કહેવામાં આવી છે તે પોતાની વિશેષતા રાખે છે. કેમકે ગુણ સામાન્ય અને વિશેષ બે પ્રકારના હોય છે, જેમાં અસ્તિત્વ-વસ્તુત્વાદિ સામાન્ય ગુણ એવા હોય છે જે જીવ-અજીવ બન્ને તત્ત્વોમાં સમાનરૂપે પ્રાપ્ત થાય છે, તેમને જાણવાથી બન્નેની ભિન્નતાનો બોધ થતો નથી. વિશેષ ગુણ પ્રાયઃ અનેક હોય છે, તે બધાને જાણીને વસ્તુતત્ત્વનો નિર્ણય કરવો બહુધા મુશ્કેલ પડે છે-સહજ બોધ થઇ શકતો નથી. વિશેષ ગુણોમાં જે ગુણ વ્યાવર્તક કોટિના હોય છે અર્થાત્ પરસ્પર મળેલી વસ્તુઓમાં એક બીજાની ભિન્નતાનો સહજ બોધ કરાવવામાં સમર્થ હોય છે-તેમને જ લક્ષણ[૨] કહેવામાં આવે છે, તેમને જ જાણવા તરફ અહીં ' લક્ષણ ' શબ્દના પ્રયોગ-દ્વારા સંકેત કરવામાં આવ્યો છે. ૨.

## જીવાજીવ-સ્વરૂપને વાસ્તવિકરીતે જાણવાનું ફળ.

**यो जीवाजीवयोर्वेत्ति स्वरूपं परमार्थतः ।**
**सोऽजीव-परिहारेण[३] जीवतत्त्वे निलीयते ॥ ३ ॥**

---

૧. जीवोऽन्य, पुद्‌गलश्चान्य इत्यसौ तत्त्वसंग्रहः ।
यदन्यदुच्यते किंचित्सोऽस्तु तस्यैव विस्तरः ॥ ५० ॥

—इष्टोपदेश

૨. व्युत्कीर्णवस्तु-व्यावृत्ति-हेतुर्लक्षणाम् । परस्पर व्यतिकरे सति येनान्यत्वं लक्ष्यते तल्लक्षणम् । ( राजवार्तिक ).

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## जीव-तत्त्व-निलीनस्य[3] राग-द्वेष-परिक्षयः ।
## ततः कर्माश्रयच्छेदस्ततो निर्वाण-संगमः ॥४॥

શબ્દાર્થ:—( यो ) જે ( परमार्थतः ) વાસ્તવિક રીતે ( जीवा जीवयोः ) જીવ અને અજીવ બન્નેના ( स्वरूपं ) સ્વરૂપને-લક્ષણાત્મક ગુણોને ( वेत्ति ) જાણે છે ( सोऽजीव-परिहारेण ) તે અજીવના પરિહાર દ્વારા-અજીવતત્ત્વ છોડીને-( जीवतत्त्वे निलीयते ) જીવતત્ત્વમાં નિમગ્ન થાય છે. ૩. ( जीव-तत्त्व-निलीनस्य ) જે જીવતત્ત્વમાં નિમગ્ન થાય છે તેને ( राग-द्वेष- ( परिक्षयः ) રાગ દ્વેષનો નાશ કરે છે; ( ततः ) રાગ દ્વેષના નાશથી ( कर्माश्रयच्छेद ) કર્માસ્રવનો-આસ્રવ અને બંધનો-વિધ્વંસ થાય છે; ( ततो ) કર્માસ્રવના ( આસ્રવ અને બંધના ) વિધ્વંસથી ( निर्माण-संगमः ) મોક્ષનો સમાગમ થાય છે. ૪.

વ્યાખ્યા:—આ બે પદ્યોમાં જીવ અને અજીવ તત્ત્વોના લક્ષણો જાણવાથી, તે 'સ્વ-સ્વભાવોપલબ્ધિ' રૂપ ઉદ્દેશની સિદ્ધિ કેવી રીતે થાય છે, તે સંક્ષેપમાં બતાવ્યું છે અને આ રીતે ઉક્ત બન્ને તત્ત્વોના જુદા જુદા લક્ષણ જાણવાની ઉપયોગિતાનો નિર્દેશ કર્યો છે. 'લક્ષણ' પદને બદલે અહીં 'સ્વરૂપ' પદનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે, તે લક્ષણના 'આત્મભૂત' અને 'અનાત્મભૂત' એવા બે ભેદોમાંથી પ્રથમ ભેદનો દ્યોતક છે, જેનો વસ્તુના સ્વભાવની સાથે તાદાત્મ્ય સંબંધ હોય છે.

પ્રથમ પદ્યમાં યોજેલું 'પરમાર્થથી' પદ શુદ્ધદ્રવ્યાર્થિક અથવા શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિનું વાચક છે. તે દૃષ્ટિએ જે જીવ તથા અજીવનું સ્વરૂપ જાણે છે તે અજીવતત્ત્વથી ભિન્ન પોતાને જીવરૂપે અનુભવ કરે છે અને તેની અજીવતત્ત્વમાં આત્મબુદ્ધિ રહેતી નથી, આત્મબુદ્ધિ ન રહેવાથી પરપદાર્થ અજીવ પ્રત્યે તેની ઉત્સુકતા તથા આસક્તિ મટી જાય છે, એ જ તેનો પરિહાર અથવા પરિત્યાગ છે, જેથી આત્મલીનતા થાય છે. આત્મલીનતા થવાથી રાગ-દ્વેષ થતા નથી, રાગ-દ્વેષના અભાવમાં કર્મોનો આશ્રય-આધાર નાશ પામે છે કે જે કર્મોના આવવા અને ટકવારૂપ આસ્રવ-બંધની વ્યવસ્થા કરે છે. કર્મનો આશ્રય નાશ પામતાં-આસ્રવ અને બંધ ન રહેતાં-નિર્વાણની પ્રાપ્તિ થાય છે, જેને મોક્ષ, મુક્તિ તથા નિવૃતિ પણ કહે છે, અને એ જ સ્વસ્વભાવની ઉપલબ્ધિ છે. ૩. ૪.

### સ્વરૂપને પરદ્રવ્ય-બહિર્ભૂત જાણવાનું પરિણામ

## परद्रव्य-बहिर्भूतं स्व-स्वभावमवैति यः ।
## परद्रव्ये स कुत्रापि न च द्वेष्टि न रज्यति ॥ ५ ॥

શબ્દાર્થ:—(यः) જે ( स्व-स्वभावं ) પોતાના સ્વાભાવને ( पर-द्रव्य-बहिर्भूतं ) પર-દ્રવ્યથી બહિર્ભૂત રૂપે ( अवैति ) જાણે છે-સમસ્ત પરદ્રવ્ય-સમૂહથી પોતાને ભિન્ન અનુભવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે( **स** ) તે ( **पर-द्रव्ये** ) પરદ્રવ્યમાં ( **कुत्रापि** ) ક્યાંય પણ-પરદ્રવ્યની કોઈપણ અવસ્થામાં ( **न रज्यति न द्वेष्टि** ) રાગ નથી કરતો અને દ્વેષ નથી કરતો. ૫.

**વ્યાખ્યાઃ**—આગળના પદ્યમાં એમ કહેવામાં આવ્યું છે કે જે જીવતત્ત્વમાં લીન થાય છે તેને રાગદ્વેષનો ક્ષય થઈ જાય છે, તેજ વાત આ પદ્યમાં સ્પષ્ટ કરવામાં આવી છે-એ બતાવવામાં આવ્યું છે કે જે આત્મલીન થઈને પોતાના સ્વભાવને પરદ્રવ્યોથી બહિર્ભૂતરૂપે જાણે છે-એવો અનુભવ કરે છે કે પર મારારૂપે નથી, હું પરરૂપ નથી, પર મારામાં નથી, હું પરમાં નથી; પર મારું નથી, હું પરનો નથી; આ રીતે પરને પોતાની સાથે અસંબંધ રૂપે દેખે છે-તો તે પરદ્રવ્યની કોઈ પણ અવસ્થામાં રાગ કરતો નથી અને દ્વેષ કરતો નથી; કારણ કે પરદ્રવ્યના સંબંધથી અને તેને ઇષ્ટ-અનિષ્ટ માનીને જે રાગ-દ્વેષની પ્રવૃત્તિ થાય છે. ૫.

## જીવનું લક્ષણ, ઉપયોગ અને તેના દર્શન-જ્ઞાન બે ભેદ.

[1]उपयोगो विनिर्दिष्टस्तत्र लक्षणमात्मनः ।
द्विविधो दर्शन-ज्ञान-प्रभेदेन जिनाधिपैः ॥ ६ ॥

**શબ્દાર્થઃ**—( **तत्र** ) તે બે મૂળ તત્ત્વોમાં ( **लक्षणमात्मनः** ) આત્માનું લક્ષણ ( **जिना-दिपैः** ) જિનેન્દ્રદેવે ( **उपयोगो विनिर्दिष्टः** ) ઉપયોગ બતાવ્યું છે. ( **दर्शन-ज्ञान प्रभेदेन द्वि-विधो** ) અને તે ઉપયોગ દર્શન-જ્ઞાનના ભેદથી બે પ્રકારનો બતાવ્યો છે.

વ્યાખ્યાઃ—અહીં ' आत्मनः' પદ દ્વારા જીવનો 'આત્મા' શબ્દથી ઉલ્લેખ કર્યો છે અને તેથી એ જણાય છે કે આત્મ જીવનું નામાન્તર અથવા પર્યાયનામ છે. જીવનું જે લક્ષણ જાણવાની વાત પહેલાં કહેવામાં આવી છે તે લક્ષણ 'ઉપયોગ' છે કે જે આત્માનો ચૈતન્યાનુવિધાયી પરિણામ છે, જેના મૂળ વિભાગ દર્શન અને જ્ઞાનના ભેદથી બે પ્રકારના છે અને આ ભેદોની દૃષ્ટિએ દેખવા તથા જાણવારૂપ ચૈતન્યાનુવિધાયી પરિણામને 'ઉપયોગ' સમજવો જોઈએ,[2] જેમાં આ પરિણમન વાસ્તવિક રીતે જણાય છે તે જ લક્ષ્યભૂત 'જીવ' તત્ત્વ છે; કેમકે એ જીવનો સદાનો અનન્યભૂત પરિણામ છે. જે જીવથી પૃથક્ બીજે ક્યાંય કદી લક્ષિત થતો નથી; જે શ્રી કુન્દકુન્દાચાર્યના નીચેના વાક્યથી એમ જ જણાય છેઃ—

---

૧ सव्यगुणाणदिट्ठो जीवो उपजोग लक्खणो णिच्चं । ( સમયસા ૨૨૭ )
उवओगो खलु दुविहो णाणेण य दंसणेण संजुत्तो ॥
जीवस्स सव्वकालं अणण्णभूदं विदाणीहि ॥ પંચાસ્તિકાય
उपयोगो लक्षणम् ॥ ८ ॥ स द्विविधोऽष्ट चतुर्भेदाः ॥ ९ ॥ (મોક્ષશાસ્ત્ર અ. ૨)
૨ आत्मनश्चैतन्यानुविधायी परिणाम उपयोगः ( અમૃતચન્દ્રસૂરિ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

उवओगो खलु दुविहो णाणेण य दंसणेण संजुत्तो ।
जीवस्स सव्वकालं अणण्णभूदं वियाणौ हि ॥ (પંચા. ૪૦)

## દર્શનના ચાર ભેદ અને તેનું લક્ષણ

चतुर्धा दर्शनं तत्र चक्षुषोऽचक्षुषोऽवधेः ।
केवलस्य च विज्ञेयं वस्तु-सामान्य-वेदकम् ॥ ७ ॥

શબ્દાર્થ:—( तत्र दर्शनं चतुर्धा चक्षुषोऽचक्षुषोऽवधेः, केवलस्य च ) તે ઉપયોગ લક્ષણમાં દર્શન ઉપયોગ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શનરૂપ ચાર પ્રકારનો છે અને તેને ( वस्तु-सामान्य-वेदकम् ) વસ્તુસામાન્યનો વેદક-વસ્તુના અસ્તિત્વ જેવા સામાન્યરૂપનો જ્ઞાતા-(विज्ञेयं) જાણવો જોઈએ. એજ તેનું લક્ષણ છે, જે તેના ચારેય ભેદોમાં વ્યાપેલું છે.

વ્યાખ્યા:—ઉપયોગના જે બે ભેદોનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેમાંથી દર્શનોપયોગ અહીં ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શનરૂપ ચાર પ્રકારનો બતાવ્યો છે અને તેનું લક્ષણ 'વસ્તુ-સામાન્યવેદક' આપ્યું છે, જેને આકારાદિ-વિષયક કોઈ વિશેષ, પૃથક્ અને ભેદકલ્પના વિના વસ્તુના સામાન્ય રૂપનો ગ્રાહક સમજવો જોઇએ. તેથી જ સર્વાર્થસિદ્ધિકાર શ્રી પૂજ્યપાદાચાર્યે દર્શનને 'નિરાકાર' અને જ્ઞાનને સાકાર બતાવેલ છે.૧

નેત્ર ઇન્દ્રિયદ્વારા વસ્તુના સામાન્ય અવલોકનને 'ચક્ષુદર્શન', અન્ય ઈન્દ્રિયો તથા મનદ્વારા વસ્તુના સામાન્ય અવલોકનને 'અચક્ષુદર્શન,' અવધિજ્ઞાનની પહેલાં થનાર સામાન્ય અવલોકનને 'અવધિદર્શન' અને કેવળજ્ઞાનની સાથે થનાર સામાન્ય અવલોકનને 'કેવળ-દર્શન' કહે છે. ૭

## જ્ઞાનનું લક્ષણ અને તેના આઠ ભેદ.

[२]मतिः श्रुतावधी ज्ञाने [३]मनःपर्यय-केवले ।
सज्ज्ञानं[४] पञ्चधावाचि विशेषाकारवेदनम् ॥ ८ ॥

---

१. साकारं ज्ञानमनाकारं दर्शनमिति । ( २-९ )

२

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मत्यज्ञान–श्रुताज्ञान–विभङ्गज्ञान–भेदतः ।**
**मिथ्याज्ञानं त्रिधेत्येवमष्टधा ज्ञानमुच्यते ॥ ९ ॥**

શબ્દાર્થ:—જ્ઞાનોપયોગમાં ( **मतिः श्रुतावधी ज्ञाने मनः पर्यय-केवले सज्ज्ञानं पञ्चधावाचि** ) મતિજ્ઞાન, શ્રુતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચ પ્રકારના જ્ઞાનને જિનેન્દ્રદેવે સમ્યગ્જ્ઞાન કહ્યું છે અને તે ( **विशेषाकार वेदनम्** ) વસ્તુના વિશેષાકારવેદન રૂપ છે–એજ તેનું લક્ષણ છે જે તેના પાંચે ભેદોમાં વ્યાપ્ત છે. ૮

( **मत्यज्ञान–श्रुताज्ञान–विभङ्गज्ञान–भेदतः** ) મતિ–અજ્ઞાન, શ્રુત–અજ્ઞાન અને વિભંગજ્ઞાનના ભેદથી ( **मिथ्याज्ञानं त्रिधेत्येवमष्टधा ज्ञनमुच्यते** ) મિથ્યાજ્ઞાન ત્રણ પ્રકારનું છે. આ રીતે જ્ઞાનોપયોગ ( પાંચ સમ્યગ્જ્ઞાનઅને ત્રણ મિથ્યા જ્ઞાન રૂપ ) આઠ પ્રકારનો કહેવાય છે. ૯.

વ્યાખ્યા:—આ બન્ને પદ્યોમાં જ્ઞાનોપયોગને આઠ ભેદરૂપ બતાવતાં તેના મુખ્ય બે ભેદ કર્યા છે.—એક સમ્યગ્જ્ઞાન, બીજું મિથ્યાજ્ઞાન. સમ્યક્ જ્ઞાનના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન એવા પાંચ ભેદ બતાવ્યા છે અને મિથ્યાજ્ઞાન મતિ–અજ્ઞાન, શ્રુત–અજ્ઞાન અને વિભંગજ્ઞાનના ભેદથી ત્રણ ભેદરૂપ પ્રગટ કર્યું છે. સાથોસાથ જ્ઞાનોપયોગનું લક્ષણ વસ્તુનું વિશેષાકારવેદન છે એમ સૂચિત કર્યું છે, કે જે વસ્તુમાત્ર સામાન્ય-ગ્રહણનું પ્રતિપક્ષી છે.

મતિજ્ઞાનને અભિનિબોધિક, મતિ–અજ્ઞાનને કુમતિ અને શ્રુત–અજ્ઞાનને કુશ્રુત પણ કહે છે; કે જે પૂર્વે ઉદ્ધૃત કરેલ પંચાસ્તિકાયની ગાથા ૪૧ થી જાણી શકાય છે. વિભંગજ્ઞાનને સામાન્ય રીતે કુઅવધિજ્ઞાન પણ કહેવામાં આવે છે. આત્મા જે સ્વભાવથી સર્વાત્મપ્રદેશવ્યાપી શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે તે અનાદિકાળથી જ્ઞાનાવરણથી પ્રદેશે આચ્છાદિત થયો છે અને તે આવરણ ના મતિજ્ઞાનાવરણાદિ પાંચ મુખ્ય ભેદ છે. મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ સ્પર્શનાદિ પાંચ ઇન્દ્રિયોમાંથી કોઈ ઇન્દ્રિય તથા મનના અવલંબનસહયોગથી યુક્ત જે જ્ઞાનદ્વારા કોઈક મૂર્ત–અમૂર્ત દ્રવ્યને વિશેષ રૂપે જાણવામાં આવે છે તેને 'મતિજ્ઞાન' તથા 'અભિનિબોધિક જ્ઞાન' કહે છે. શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી

---

२. आभिणिसुदोधिमणकेवलाणि णाणाणि पंचमेयाणि ।
कुमदिसुदविभंगाणि य तिण्णि वि णाणेहिं संजुत्ते ( ४१–પંચાસ્તિ)

३. ज्या त्रिधेत्येवंकेवले ।

४. ज्या सज्ञानं ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પન્ન થયેલ અને અતિન્દ્રિય મનના અવલંબન-સહયોગથી યુક્ત જે જ્ઞાનદ્વારા કોઇક મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિશેષરૂપે જાણવામાં આવે છે તેને 'શ્રુતજ્ઞાન' કહે છે. અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાન દ્વારા કોઇક મૂર્ત દ્રવ્યોને વિશેષરૂપે સાક્ષાત્ જાણવામાં આવે છે તેનું નામ 'અવધિજ્ઞાન' છે. મનઃપર્યય જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાન દ્વારા બીજાના મનમાં રહેલ કોઈક મૂર્તદ્રવ્યોને વિશેષરૂપે સાક્ષાત્ જાણવામાં આવે છે તેને 'મનઃપર્યય'જ્ઞાન કહે છે જ્ઞાનાવરણ કર્મના સંપૂર્ણ આવરણના અત્યંત ક્ષયથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાનથી સંપૂર્ણ મૂર્ત-અમૂર્તરૂપ દ્રવ્યસમૂહને વિશેષરૂપે જાણવામાં આવે છે તેને 'કેવળજ્ઞાન' કહેવામાં આવે છે અને તે સ્વાભાવિક હોય છે. મિથ્યા-દર્શનના ઉદયસહિત જે અભિનિબોધિક જ્ઞાન છે તેને જ 'કુમતિજ્ઞાન,' જે શ્રુતજ્ઞાન છે તેને જ 'કુશ્રુતજ્ઞાન' અને જે અવધિજ્ઞાન છે તેને જ 'વિભંગજ્ઞાન' કહે છે. ૯

## કેવળજ્ઞાન દર્શનાદિના ઉદયમાં કારણ.

**उदेति केवलज्ञानं तथा केवलदर्शनम् ।**
**कर्मणः क्षयतः सर्वं क्षयोपशमतः परम् ॥ १० ॥**

શબ્દાર્થઃ—( **केवलज्ञानं तथा केवलदर्शनम्** ) કેવળજ્ઞાન તથા કેવળદર્શન ( **कर्मणः क्षयतः** ) કર્મના ક્ષયથી-જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ અથવા વિવક્ષિત કર્મસમૂહના ક્ષયથી પ્રગટ થાય છે-પૂર્ણરૂપે વિકસિત થાય છે. ( **परं सर्वं क्षयोपशामतः** ) બાકીના બધાં જ્ઞાન તથા દર્શન ઉક્ત આવરણ અથવા વિવક્ષિત કર્મસમૂહના ક્ષયોપશમથી-ક્ષય અને ઉપશમ-રૂપ મિશ્ર અવસ્થાથી-પ્રગટ થાય છે.

વ્યાખ્યાઃ—પૂર્વના બે પદ્યોમાં ઉપયોગના જે બાર ભેદોના નામનો ઉલ્લેખ છે તેમાંથી કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે ઉપયોગ પોતપોતાના પ્રતિપક્ષી કર્મના ક્ષયથી-આત્મામાં પ્રકટ અથવા વિકસિત થાય છે. કેવળજ્ઞાનને આચ્છાદિત કરનાર પ્રતિપક્ષી કર્મ કેવળજ્ઞાનાવરણ અને કેવળદર્શનને આચ્છાદિત કરનાર પ્રતિપક્ષી કર્મ કેવળદર્શનાવરણ છે. આ બન્ને આવરણોનો ક્ષય મોહકર્મનો ક્ષય થયા વિના બનતો નથી અને આવશ્યક કર્મોના ક્ષય સાથે અંતરાય કર્મનો ક્ષય પણ અવિનાભાવી છે, તેથી મોહ અને અંત-રાય કર્મનો ક્ષય પણ અહીં '**कर्मणः क्षयतः**' પદો દ્વારા વિવક્ષિત છે. તેથી જ મોક્ષ-શાસ્ત્રમાં ( તત્ત્વાર્થસૂત્રમાં ) '**मोहक्षयात् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलं**' આ સૂત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્વારા મોહના ક્ષયપૂર્વક જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મોનો ક્ષય થવાથી કેવળજ્ઞાન તથા કેવળદર્શનની પ્રગટતાનો નિર્દેશ કર્યો છે. બાકીના ચક્ષુદર્શનાદિ દશ ઉપયોગોનો '**परं सर्वं**' પદો દ્વારા ઉલ્લેખ કર્યો છે તે આત્મામાં વિવક્ષિત કર્મના ક્ષયોપશમથી પ્રગટ થાય છે, તે વિવક્ષિત કર્મ ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિ દર્શનાવરણ, મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યયજ્ઞાનાવરણ છે. આ રીતે '**कर्मणः**' પદ અહીં ઉપયોગોના વિપક્ષભૂત બાર કર્મોના અલગ–અલગ વાચક અનેક અર્થોને નિર્વિરોધરૂપે બતાવવા માટે છે. આ બધી રચનાની ખૂબી છે કે એક જ પદમાં આટલા અર્થોનો સમાવેશ કરવામાં આવ્યો છે. '**परं सर्वं**' પદોમાં પણ દસ ઉપયોગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જેવી રીતે કેવળજ્ઞાનાવરણાદિના ક્ષય સાથે મોહ અને અંતરાય કર્મનો ક્ષય પણ વિવક્ષિત છે તેવી જ રીતે ચક્ષુદર્શનાદિના ક્ષયોપશમ સાથે પણ મોહ તથા અંતરાય કર્મનો ક્ષયોપશમ વિવક્ષિત છે. કર્મોના ક્ષયથી પ્રગટનારા જ્ઞાન–દર્શન 'ક્ષાયિક જ્ઞાન–દર્શન' અને કર્મોના ક્ષયોપશમથી પ્રગટનારા જ્ઞાન–દર્શન 'ક્ષાયોપશમિક જ્ઞાન–દર્શન' કહેવાય છે. ૧૦

## કેવળજ્ઞાન–દર્શનની યુગપત્ અને બાકીનાની ક્રમશઃ ઉત્પત્તિ.

**यौगपद्येन जायेते केवल–ज्ञान–दर्शने ।**
**क्रमेण दर्शनं ज्ञानं परं निःशेषमात्मनः ॥ ११ ॥**

**શબ્દાર્થ**:—(**आत्मनः**) આત્માના (**केवल-ज्ञानदर्शने**) કેવળજ્ઞાન અને કેવળદર્શન (આ બન્ને ઉપયોગ) (**यौगपद्येन जायेते**) યુગપદ પ્રગટ થાય છે (**निःशेषं परं दर्शनं ज्ञानं क्रमेण**) બાકીના બધા દર્શન અને જ્ઞાન–ચક્ષુ, અચક્ષુ, અવધિરૂપ ત્રણ દર્શન, મતિ–શ્રુત–અવધિ–મનઃપર્યયરૂપ ચાર સમ્યગ્જ્ઞાન અને કુમતિ–કુશ્રુતિ તથા કુઅવધિરૂપ ત્રણ મિથ્યાજ્ઞાન–ક્રમપૂર્વક પ્રગટ થાય છે. એમાંથી કોઈ પણ દર્શન વિવક્ષિત જ્ઞાન સાથે યુગપદ્ પ્રવૃત્ત થતું નથી, સદા દર્શનપૂર્વક જ્ઞાન થાય છે.

**વ્યાખ્યા**:—પૂર્વ પદ્યમાં વિવક્ષિત કર્મોના ક્ષય–ક્ષયોપશમથી જે ઉપયોગોના ઉદયની વાત કહેવામાં આવી છે તેમના ઉદયની કાળક્રમ–વ્યવસ્થાને આ પદ્યમાં દર્શાવતાં બતાવ્યું છે કે કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે ઉપયોગ તો યુગપદ્–કાળભેદ રહિત એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે પ્રગટ થાય છે, બાકીના સર્વ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગોનો ઉદય આત્મામાં ક્રમથી થાય છે-એક સાથે થતો નથી-જ્ઞાન પહેલાં દર્શન થાય છે. ૧૧.

## મિથ્યાજ્ઞાન-સમ્યગ્જ્ઞાનનાં કારણોનો નિર્દેશ.

**मिथ्याज्ञानं मतं तत्र मिथ्यात्वसमवायत[1]: ।**
**सम्यग्ज्ञानं पुनर्जैनैः सम्यक्त्वसमवायतः ॥ १२ ॥**

**શબ્દાર્થ:**—( **तत्र** ) જ્ઞાનોપયોગમાં ( **जैनैः** ) જૈનોએ ( **मिथ्याज्ञानं** ) મિથ્યાજ્ઞાનને ( **मिथ्यात्वसमवायत:** ) મિથ્યાત્વના સમવાયથી અને ( **सम्यग्ज्ञानं** ) સમ્યગ્જ્ઞાનને ( **सम्यक्त्वसमवायतः** ) સમ્યકત્વના સમવાયથી ઉત્પન્ન થતું માન્યું છે.

**વ્યાખ્યા:**—આગળના પદ્ય નં. ૮, ૯માં જ્ઞાનોપયોગના આઠ ભેદોમાં પાંચને સમ્યગ્જ્ઞાન અને ત્રણને મિથ્યાજ્ઞાન બતાવ્યા છે. આ પદ્યમાં એક બતાવવાનાં કારણોને સૂચિત કરતાં લખ્યું છે કે મિથ્યાત્વના સંબંધથી મિથ્યાજ્ઞાન અને સમ્યકત્વના સંબંધથી સમ્યગ્જ્ઞાન થાય છે, એવી જૈનોની માન્યતા છે. જૈનોની માન્યતા અનુસાર 'સમવાય' શબ્દ સંબંધનો વાચક છે, વૈશેષિકોની માન્યતા અનુસાર તે ( સમવાય ) પદાર્થ-વિશેષનો વાચક નથી કે જે એક છે અને સર્વથા ભિન્ન પદાર્થોનો, સ્વયં અલગ-અલગ રહીને, સંબંધ કરાવે છે. 'સમવાય' શબ્દના પ્રયોગથી અહીં વિવક્ષિત સંબંધને કોઈ વૈશેષિક મત અનુસાર સમવાય પદાર્થના સહયોગથી થનાર મિથ્યાત્વ તથા સમ્યકત્વનો સંબંધ ન સમજી લે તેથીજ '**जैनैः मतं**'—જૈનોએ માન્યું છે—આમ સ્પષ્ટ વાક્યનો પ્રયોગ કરવામાં આવ્યો છે. મિથ્યાત્વનો સંબંધ પામનાર જ્ઞાન ત્રણ છે-મતિ, શ્રુત અને અવધિ; જે પ્રમાણ હોતા નથી. ૧૨.

## મિથ્યાત્વનું સ્વરૂપ અને તેની લીલાનો નિર્દેશ.

**वस्त्वन्यथा परिच्छेदो ज्ञाने संपद्यते यतः ।**
**तन्मिथ्यात्वं मतं सद्भिः कर्मारामोदयोदकम् ॥ १३ ॥**

---

१. मतिः श्रुतावधी चैव मिथ्यात्व-समवायिनः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—( **यतः** ) જે કારણે ( **ज्ञाने** ) જ્ઞાનમાં ( **वस्त्वन्यथा परिच्छेदो संपद्यते** ) વસ્તુનો અન્યથા પરિચ્છેદ–વિપરીતાદિ રૂપે જાણવું–થાય છે તેને ( **सद्भिः मिथ्यात्वं मतं** ) સત્પુરુષોએ મિથ્યાત્વ માન્યું છે ( **कर्मारामोदयोदकम्** ) કે જે કર્મરૂપી બગીચો ઉગાડવા તથા વિસ્તારવા માટે જળસિંચન સમાન છે.

વ્યાખ્યા:—અહીં પૂર્વપદ્યમાં બતાવેલ તે મિથ્યાત્વના સ્વરૂપનો નિર્દેશ કરવામાં આવ્યો છે જેના સંબંધથી જ્ઞાન મિથ્યાજ્ઞાન થઈ જાય છે–જે વસ્તુ જે રૂપે સ્થિત છે તેનું તે રૂપે જ્ઞાન ન થતાં વિપરીતાદિ રૂપે જ્ઞાન જેના સંબંધથી થાય છે-તેને 'મિથ્યાત્વ' કહે છે. આ મિથ્યાત્વ સંપૂર્ણ કર્મરૂપ બગીચો ઉગાડવા તથા વિસ્તારવા માટે જળસિંચન સમાન છે. મિથ્યાત્વનું આ વિશેષણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને તેની પૂરેપૂરી લીલાનો સંકેત કરે છે. ૧૩.

## દર્શનમોહના ઉદયજન્ય મિથ્યાત્વના ત્રણ ભેદ.

**[1]उदये दृष्टिमोहस्य गृहीतमगृहीतकम् ।**
**जातं सांशयिकं चेति मिथ्यात्वं तत् त्रिधा विदुः ॥ १४ ॥**

**શબ્દાર્થ**:—( **दृष्टिमोहस्य उदये** ) દર્શન મોહનીય કર્મનો ઉદય થતાં ( **जातं मिथ्यात्वं** ) ઉત્પન્ન થયેલ તે મિથ્યાત્વ ( **गृहीतं अगृहीतकम् सांशयिकम् च** ) ગૃહીત, અગૃહીત અને સાંશયિક ( **इति त्रिधा विदुः** ) એમ ત્રણ પ્રકારનું કહ્યું છે.

વ્યાખ્યા:—જે મિથ્યાત્વનું સ્વરૂપ પાછળના પદ્યમાં આપ્યું છે તેના સંબંધમાં અહીં બતાવ્યું છે કે તે દર્શનમોહનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે, તેથી તેને દષ્ટિ વિકારથી યુક્ત તત્ત્વો અને પદાર્થોના અશ્રદ્ધાનરૂપ સમજવું જોઇએ, વસ્તુના યથાર્થ-રૂપમાં પોતાની આ અશ્રદ્ધાના કારણેજ જ્ઞાનને તે મિથ્યાજ્ઞાનરૂપ કરે છે. તે મિથ્યાત્વના ગૃહીત, અગૃહીત અને સાંશયિક એવા ત્રણ ભેદોનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે– અગૃહીતને 'નૈસર્ગિક અને ગૃહીતને 'પરોપદેશિક' પણ કહે છે. જે પરોપદેશ વિના

---

૧. तं मिच्छत्तं जमसद्दहणं तच्चाण होइ अत्थाणं ।
संसइयमभिगहियं अणभिगहियं च तं तिविहं ॥ ५८ ॥
–भगवती आराधना, अध्याय १.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાત્વકર્મના ઉદયવશ તત્ત્વોના અશ્રદ્ધાનરૂપ થાય છે તેને 'નૈસર્ગિક' (અગૃહીત) મિથ્યાત્વ કહે છે અને જે પરોપદેશના નિમિત્તથી તત્ત્વોના અશ્રદ્ધાનરૂપ થાય છે તેને 'પરોપદેશિક' અથવા ગૃહીત મિથ્યાત્વ કહે છે.[૧] વસ્તુ તત્ત્વના યથાર્થ શ્રદ્ધાનમાં વિરૂદ્ધ અનેક કોટિને સ્પર્શનાર અને કોઇનો પણ નિશ્ચય ન કરનાર શ્રદ્ધાનને 'સંશય મિથ્યાત્વ' કહે છે જેમ કે મોક્ષમાર્ગ દર્શનજ્ઞાનચારિત્રરૂપ છે કે નહિ, આ પ્રકારે કોઇ એક પક્ષનો સ્વીકાર ન કરવાનો સંદેહ ચાલુ રાખવો તે.

સર્વાર્થસિદ્ધિ આદિ બીજા ગ્રન્થોમાં મિથ્યાત્વના પાંચ ભેદોનો પણ ઉલ્લેખ છે જેમના નામ છે-એકાંત-મિથ્યાદર્શન, વિપરીત-મિથ્યાદર્શન, વૈનયિક-મિથ્યાદર્શન, અજ્ઞાનિક-મિથ્યાદર્શન અને સંશય-મિથ્યાદર્શન.[૨] જેમાંથી પ્રથમ ચારને અહીં ગૃહીત મિથ્યાત્વની અંતર્ગત સમજવા જોઇએ. એમનું વિસ્તારપૂર્વક સ્વરૂપ બીજા ગ્રન્થોમાંથી જાણવું જોઇએ. ૧૪.

## મિથ્યાત્વ-ભાવિત જીવની માન્યતા

**अतत्त्वं मन्यते तत्त्वं जीवो मिथ्यात्वभावितः ।**
**अस्वर्णमीक्षते स्वर्णं न किं कनकमोहितः ॥ १५ ॥**

શબ્દાર્થ:—(**मिथ्यात्वभावित:**) મિથ્યાત્વથી પ્રભાવિત થયેલો (**जिवो**) જીવ (**अतत्त्वं**) અતત્ત્વને (**तत्त्वं**) તત્ત્વ (**मन्यते**) માને છે. (**कनकमोहितः**) ધતુરાથી મોહિત થયેલ જીવ (**किं**) શું (**अस्वर्णं**) અસુવર્ણને (**स्वर्णं**) સુવર્ણરૂપ (**न ईक्षते**) નથી દેખતો ?-દેખે જ છે.

વ્યાખ્યા:—મિથ્યાત્વના સંસ્કારવાળો અથવા મિથ્યાત્વની ભાવનાથી પ્રભાવિત જીવ અતત્ત્વને તત્ત્વરૂપ માને છે જેમ ધતુરો ખાઇને ભ્રમિત થયેલ જીવ જે ખરેખર સુવર્ણ-રૂપ નથી તે બધા પદાર્થોને સુવર્ણરૂપે દેખે છે. ૧૫.

---

૧. સર્વાર્થસિદ્ધિ અધ્યાય ૮ સૂત્ર ૧,

૨. एकान्तिकं सांशयिकं विपरीतं तथैव च ।
अज्ञानिकं च मिथ्यात्वं तथा वैनयिकं भवेत् ॥

—तत्त्वार्थसार

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## સમ્યકત્વનું સ્વરૂપ અને તેની શક્તિ.

**यथा वस्तु तथा ज्ञानं संभवत्यात्मनो यतः ।**
**जिनैरभाणि सम्यक्त्वं तत्क्षमं सिद्धिसाधने ॥ १६ ॥**

શબ્દાર્થ:—(यतः) જે કારણે (आत्मनः) આત્માનું (ज्ञानं) જ્ઞાન (यथा वस्तु तथा) જે સ્વરૂપે વસ્તુ સ્થિત છે તે જ સ્વરૂપે સારી રીતે (संभवति) થાય છે તેને (जिनैः) જિનેન્દ્રદેવે (सम्यक्त्वं) 'સમ્યકત્વ' (अभाणि) કહ્યું છે (तत्) તે (सिद्धिसाधने) સિદ્ધિના-સ્વાત્મોપલબ્ધિના-સાધનમાં (क्षमं) સમર્થ છે.

વ્યાખ્યા:—અહીં ૧૨મા પદ્યમાં ઉલ્લેખાયેલ સમ્યકત્વનું લક્ષણ આપવામાં આવ્યું છે જેના સંબંધથી જ્ઞાન સમ્યક્ જ્ઞાનરૂપ પરિણમે છે. તે લક્ષણ આ છે-'જે વસ્તુ જે રૂપે સ્થિત છે તેનું તેજ રૂપે આત્માને જે કારણે જ્ઞાન થાય છે તેને 'સમ્યકત્વ' કહે છે. અહીં સમ્યકત્વને સ્વાત્મોપલબ્ધિના સાધનમાં સમર્થ બતાવેલ છે. અને એનાથી સમ્યકત્વનું મહત્ત્વ પ્રગટ થાય છે કે જે બધા જ આત્મવિકાસનો મૂળ આધાર છે. ૧૬.

## સમ્યકત્વના ક્ષાયિકાદિ ભેદ અને તેમાં સાધ્ય-સાધનપણું.

**[1]मिथ्यात्व-मिश्र-सम्यक्त्व-संयोजन-चतुष्टये ।**
**क्षयं शमं[2]द्वयं प्राप्ते सप्तधा मोहकर्मणि ॥ १७ ॥**
**क्षायिकं शामिकं[3] ज्ञेयं क्षायोपशमिकं त्रिधा ।**
**तत्रापि क्षायिकं साध्यं साधनं द्वितयं परम् ॥ १८ ॥**

શબ્દાર્થ:—તે સમ્યકત્વ (मिथ्यात्व) મિથ્યાત્વ, (मिश्र) સમ્યક્ મિથ્યાત્વ, (सम्यक्त्व) સમ્યક્પ્રકૃતિ મિથ્યાત્વ અને (संयोजन चतुष्टये) સંયોજન ચતુષ્ટયઅનંતા-

---

૧. ऐकान्तिकं सांशयिकं विपरीतं तथैव च ।
अज्ञानिकं च मिथ्यात्वं तथा वैनयिकं भवेत् ॥ —તત્ત્વાર્થસાર.

૨. व्या. समं ।

૩. व्या. सामिकं ।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નુબંધી ક્રોધ-માન-માયા-લોભ-આ સાત ભેદરૂપ (सप्तधा मोहकर्मणि क्षयं शमं द्वयं प्राप्ते) મોહકર્મ ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમને પ્રાપ્ત થતાં (क्षायिकं शामिकं क्षायोपशमिकं त्रिधा ज्ञेयं) અનુક્રમે ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક એ રીતે ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ જાણવું. (तथापि) એ ત્રણે સમ્યક્ત્વમાં પણ (क्षायिकं साध्यं) ક્ષાયિક સમ્યક્ત્વ સાધ્ય છે અને (द्वितीयं परम् साधनं) બાકીનાં બે તેનાં સાધન છે.

વ્યાખ્યા:—જે સમ્યક્ત્વના સ્વરૂપનો પાછળના પદ્યમાં ઉલ્લેખ છે તેના ત્રણ ભેદોનો, તેના કારણો સહિત આ પદ્યોમાં નિર્દેશ છે. સમ્યક્ત્વના તે ત્રણ ભેદ ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક છે. દર્શનમોહની ત્રણમિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્પ્રકૃતિ તથા ચારિત્ર-મોહની ચાર-અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, આ રીતે મોહકર્મની સાત પ્રકૃતિઓના ક્ષયથી ક્ષાયિક, ઉપશમથી ઔપશમિક અને ક્ષયોપશમથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો ઉદય થાય છે. આ ત્રણેમાં ક્ષાયિક સમ્યક્ત્વ મુખ્ય છે, સ્થાયી છે અને તેથી સાધ્ય તેમજ આરાધ્ય છે. બાકીના બન્ને સમ્યક્ત્વ સાધનની કોટિમાં રહેલ છે—તેમના સહારે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકાય છે. ૧૭-૧૮.

## આત્મા અને જ્ઞાનનું પ્રમાણ તથા જ્ઞાનનું સર્વગતપણું.

**ज्ञानप्रमाणमात्मानं ज्ञानं ज्ञेयप्रमं विदुः ।**
**लोकालोकं यतो ज्ञेयं ज्ञानं सर्वगतं ततः ॥ १९ ॥**

શબ્દાર્થ:—જિનેન્દ્રદેવ (आत्मानं) આત્માને (ज्ञान प्रमाणं) જ્ઞાનપ્રમાણ અને (ज्ञानं) જ્ઞાનને (ज्ञेयप्रमं) જ્ઞેયપ્રમાણ (विदुः) બતાવે છે. (यतः) કારણકે (ज्ञेयं) જ્ઞેય (लोकालोकं) લોકાલોકરૂપ છે (ततः) તેથી (ज्ञानं) જ્ઞાન (सर्वगतं) સર્વગત છે -આખા વિશ્વમાં ફેલાવાના સ્વભાવવાળું છે.

વ્યાખ્યા:—'सम-गुण-पर्यायं द्रव्यम्' આ સૂત્ર પ્રમાણે દ્રવ્ય, ગુણ તથા પર્યાય સમાન હોય છે. પર્યાયદૃષ્ટિએ આત્મા જેમ સ્વ-દેહપરિમાણ છે તેવી જ રીતે ગુણદૃષ્ટિએ આત્મા સ્વજ્ઞાનપરિમાણ છે. જ્ઞાનને અહીં કોઈ વિશેષણ વિના પ્રયોજ્યું છે અને તેથી જ્ઞાન જો ક્ષાયિક છે તો આત્મા ક્ષાયિકજ્ઞાન જેવડો છે, જ્ઞાન જો ક્ષાયોપશમિક છે તો આત્માને તે ક્ષાયોપશમિકજ્ઞાન-પરિમાણ સમજવો જોઈએ. પરંતુ અહીં 'જ્ઞાન' પદ દ્વારા મુખ્યપણે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે જ્ઞાન વિવક્ષિત છે જે પૂર્ણપણે વિકસિત અથવા ક્ષાયિક ( કેવળ ) જ્ઞાન છે, ત્યારે જ તે લોકાલોકને પોતાનો સાક્ષાત્ વિષય કરનાર 'જ્ઞેયપ્રમાણ' થઇ શકે છે. પરોક્ષ રૂપે લોકાલોકને વિષય કરવાની દૃષ્ટિથી સ્યાદ્વાદનય-સંસ્કૃત શ્રુતજ્ઞાનનું પણ ગ્રહણ કરી શકાય છે. આત્માને જ્ઞાન–પ્રમાણ કહ્યો છે, જ્ઞાનથી મોટો કે નાનો આત્મા હોતો નથી. અને એ યોગ્ય જ છે; કારણ કે જ્ઞાનથી આત્માને મોટો માનતાં આત્માનો તે ( જ્ઞાનથી ) વધારાનો અંશ જ્ઞાન રહિત જડ ઠરશે અને તોપછી આત્મા જ્ઞાન સ્વરૂપ છે અથવા જ્ઞાન આત્માનો ગુણ છે કે જે ગુણી ( આત્મા )માં વ્યાપક હોવો જોઈએ એમ કહેવાનું બની શકશે નહિ. અને જ્ઞાનથી આત્માને નાનો માનતાં આત્મપ્રદેશોથી બહાર રહેલ જ્ઞાન ગુણ ગુણી ( દ્રવ્ય ) ના આશ્રય વિનાનો ઠરશે પણ ગુણ ગુણી ( દ્રવ્ય )ના આશ્રય વિના કયાંય રહેતો નથી; જેમ કે 'द्रव्याश्रया निर्गुणा गुणाः'। ગુણના આ મોક્ષશાસ્ત્ર –( તત્ત્વાર્થસૂત્ર– )માં વર્ણવેલ લક્ષણથી પ્રગટ છે. માટે આત્મા જ્ઞાનથી મોટો કે નાનો ન હોતાં જ્ઞાન--પ્રમાણ છે એમાં આપત્તિનું જરા પણ સ્થાન નથી,

જે અનંત આકાશના બહુમધ્ય–ભાગમાં સ્થિત અને અંતે ત્રણ મહાવાતવલયોથી વેષ્ટિત જીવાદિ છ દ્રવ્યોનો સમૂહ છે તેને ' લોક ' કહે છે અથવા જ્યાં જીવ–પુદ્‌ગલાદિ છ પ્રકારના દ્રવ્યનું [1]અવલોકન કરવામાં આવે– દેખવામાં આવે– તે બધો લોક છે, અને તેના ઊર્ધ્વ, મધ્ય, અધઃલોકના ભેદથી ત્રણ ભેદ છે, જેની ' ત્રિલોક ' સંજ્ઞા છે. આ ત્રિભાગરૂપ લોકથી બહારનું જે ક્ષેત્ર છે અને જેમાં સર્વતઃ અનંત આકાશ સિવાય બીજું કોઈ દ્રવ્ય નથી તેને ' અલોક ' કહે છે. લોક–અલોકમાં સંપૂર્ણ જ્ઞેય–તત્ત્વોનો સમાવેશ થઈ જવાથી તેમાંજ જ્ઞેય–તત્ત્વની પરિસમાપ્તિ કરવામાં આવી છે. અર્થાત્ એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે ' જ્ઞેય-તત્ત્વ લોક–અલોક છે '—લોક–અલોકથી ભિન્ન અથવા બહાર બીજો કોઇ ' જ્ઞેય ' પદાર્થ છે જ નહિ. સાથોસાથ જ્ઞેય જ્ઞાનનો વિષય હોવાથી અને જ્ઞાનની સીમા બહાર જ્ઞેયનું કોઈ અસ્તિત્વ ન બની શકવાથી એવું પણ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે ' જ્ઞાન જ્ઞેય-પ્રમાણ ' છે. જ્ઞેય લોક–અલોક પ્રમાણ છે તો જ્ઞાન પણ લોક–અલોકપ્રમાણ ઠર્યું અને તેથી જ્ઞાન લોક–અલોકની જેમ સર્વગત ( વ્યાપક ) હોવું જોઇએ. તેથી જ

---

૧. જૈનવિજ્ઞાન અનુસાર જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ એ છ દ્રવ્ય છે. એના સિવાય બીજું કોઈ દ્રવ્ય નથી. બીજા જે દ્રવ્યોની લોકમાં કલ્પના કરવામાં આવે છે તે બધાનો સમાવેશ આમાં જ થઈ જાય છે. એ નિત્ય અને અવસ્થિત છે–પોતાની છની સંખ્યાનો કદી પરિત્યાગ કરતા નથી. એમાં પુદ્‌ગલ સિવાયના બાકીના બધા દ્રવ્ય અરૂપી છે અને આ બધાની ચર્ચાથી પ્રાયઃ બધા જૈન સિદ્ધાન્ત ગ્રન્થો ભરેલા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રાચીન આચાર્ય શ્રી કુન્દકુન્દાચાર્યદેવે પણ પ્રવચનસારની 'आदा णाणपमाणं ગાથામાં '**तम्हा णाणं तु सव्व गयं**' આ વાક્ય દ્વારા જ્ઞાનને 'સર્વગત' બતાવ્યું છે.

જ્યારે આત્મા જ્ઞાન-પ્રમાણ છે અને જ્ઞાન જ્ઞેય-પ્રમાણ હોવાથી લોકાલોક-પ્રમાણ તથા સર્વગત છે ત્યારે આત્મા પણ સર્વગત થયો. અને એથી એ નિષ્કર્ષ નીકળ્યો કે આત્મા પોતાના જ્ઞાન-ગુણ સહિત સર્વગત (સર્વવ્યાપક) હોવાથી લોકાલોકને જાણે છે અને તેથી લોકાલોકના જ્ઞાતા જે જે સર્વજ્ઞ અથવા કેવળજ્ઞાની (કેવળી) છે તે સર્વગત હોવાથી જ લોકાલોકને જાણે છે. પરંતુ આત્મા સદા સ્વાત્મપ્રદેશોમાં સ્થિત રહે છે-સંસાર અવસ્થામાં આત્માનો કોઇ પ્રદેશ પગથી માથા સુધી આ આત્મદેહમાંથી બહાર જતો નથી અને મુક્ત અવસ્થામાં શરીરનો સંબંધ સદાને માટે છૂટી જતાં આત્માના પ્રદેશ લગભગ અંતિમ શરીરના આકાર સહિત લોકના અગ્રભાગે જઇને સ્થિત થઈ જાય છે ત્યાંથી પછી કોઇ પણ પ્રદેશ કોઈ પણ સમયે સ્વાત્મામાંથી બહાર નીકળીને અન્ય પદાર્થોમાં જતો નથી. તેથીજ આવા શુદ્ધાત્માઓ અથવા મુક્તાત્માઓને 'સ્વાત્મસ્થિત' કહેવામાં આવ્યા છે અને પ્રદેશોની અપેક્ષાએ સર્વવ્યાપક માનવામાં આવ્યા નથી; સાથોસાથ 'સર્વગત' પણ કહેવામાં આવ્યા છે; જેમ કે '**स्वात्मस्थितः सर्वगतः समस्तव्यापारवेदी विनिवृत्तसंगः**[૧]' આ વાક્યોમાં પ્રગટ છે. તો પછી તેમના આ સર્વગતપણાનું શું રહસ્ય છે અને તેમનું જ્ઞાન એક જગ્યાએ સ્થિત હોવા છતાં સર્વ જગત્‌ના પદાર્થોને યુગપદ્ કેવી રીતે જાણે છે? એ એક મર્મની વાત છે, જેને સમન્તભદ્ર સ્વામીએ સમીચીન-ધર્મશાસ્ત્રના મંગળપદ્યમાં શ્રી વર્ધમાન સ્વામી માટે યોજેલ નીચેના વિષેશણ વાક્યદ્વારા થોડામાં જ વ્યક્ત કરી દીધું છે—

**सालोकानां त्रिलोकानां यद्विद्या दर्पणायते ।**

આ વાક્યમાં જ્ઞાનને દર્પણરૂપે બતાવીને અથવા દર્પણની ઉપમા આપીને એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેવી રીતે દર્પણ પોતાના સ્થાનેથી ખસીને પદાર્થોની પાસે જતું નથી કે તેમાં પ્રવેશ પામતું નથી અને ન તો પદાર્થ પણ પોતાના સ્થાનમાંથી ખસીને દર્પણ પાસે આવે છે અને તેમાં પ્રવેશ પામે છે; છતાં પણ પદાર્થ દર્પણમાં પ્રતિબિંબિત થઇને પ્રવેશ્યા હોય તેમ લાગે છે અને દર્પણ પણ તે પદાર્થોને પોતાનામાં પ્રતિબિંબિત કરતું થકું, તદ્‌ગત અને તે પદાર્થોના આકારરૂપ પરિણમેલું જણાય છે, અને આ બધું દર્પણ તથા પદાર્થોની ઇચ્છા વિના જ વસ્તુ-સ્વભાવથી થાય છે. તેવી જ રીતે વસ્તુ-સ્વભાવથીજ શુદ્ધાત્મા કેવળીના કેવળજ્ઞાનરૂપ દર્પણમાં અલોક સહિત સર્વ પદાર્થ પ્રતિબિંબિત થાય છે અને આ દૃષ્ટિએ તેમનું તે નિર્મળ જ્ઞાન આત્મપ્રદેશોની અપેક્ષાએ સર્વગત ન

૧. જુઓ, શ્રી ધનંજય-કૃત 'વિષાપહાર-સ્તોત્ર.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવા છતાં પણ 'સર્વગત' કહેવાય છે અને તેને અનુસારે તે કેવળી પણ સ્વાત્મસ્થિત હોવા છતાં 'સર્વગત' કહેવામાં આવે છે. એમાં વિરોધની કોઇ વાત નથી. આ પ્રકારનું કથન વિરોધાલંકારનો એક પ્રકાર છે, જે વાસ્તવમાં વિરોધ સહિત ન હોવા છતાં વિરોધ જેવું લાગે છે, અને તેથીજ 'વિરોધાભાસ' કહેવામાં આવે છે. તેથી કેવળજ્ઞાની પ્રદેશ અપેક્ષાએ સર્વવ્યાપક ન હોવા છતાં પણ, સ્વાત્મસ્થિત રહીને તેમને સર્વ પદાર્થોને જાણવામાં-પ્રતિભાસિત કરવામાં કોઇ બાધા આવતી નથી.

હવે અહીં એ પ્રશ્ન કરી શકાય છે કે દર્પણ તો વર્તમાનમાં પોતાની સન્મુખ અને કંઇક ત્રાંસા રહેલા પદાર્થોને જ પ્રતિબિંબિત કરે છે—પાછળના અથવા અધિક આજુબાજુના પદાર્થોને તે પ્રતિબિંબિત કરતું નથી—અને સન્મુખાદિરૂપે સ્થિત પદાર્થોમાં પણ જે સૂક્ષ્મ છે, દૂરવર્તી છે, કોઇ પ્રકારના આવરણથી યુક્ત છે, અમૂર્તિક છે, ભૂતકાળમાં સન્મુખ ઉપસ્થિત હતા, ભવિષ્યકાળમાં સન્મુખ ઉપસ્થિત થશે પરંતુ વર્તમાનમાં સન્મુખ ઉપસ્થિત નથી તેમાંથી કોઇને પણ વર્તમાન સમયમાં પ્રતિબિંબિત કરતું નથી. જો જ્ઞાન દર્પણ સમાન છે તો કેવળી ભગવાનના જ્ઞાન-દર્પણમાં અલોક સહિત ત્રણે લોકના સર્વ પદાર્થ યુગપદ્ કેવી રીતે પ્રતિભાસિત થઇ શકે? અને જો યુગપદ્ પ્રતિભાસિત ન થઇ શકે તો સર્વજ્ઞપણું કેવી રીતે બની શકે? અને કેવી રીતે '**सालोकानां त्रिलोकानां यद्विधा दर्पणायते**' એ વિશેષણ શ્રી વર્ધમાન સ્વામી માટે બંધબેસતું થઇ શકે?

એના જવાબમાં હું ફક્ત એટલું જ બતાવવા ઇચ્છું છું કે ઉપમા અને ઉદાહરણ (દૃષ્ટાંત) મોટા ભાગે એકદેશ હોય છે-સર્વદેશ નહિ અને તેથી સર્વ અપેક્ષાએ તેમની સાથે તુલના કરી શકાતી નથી. તેમનાથી કોઈ વિષય સમજવામાં મદદ મળે છે, એ જ તેમના પ્રયોગનું લક્ષ્ય હોય છે. જેમ કે કોઇના મુખને ચંદ્રમાની ઉપમા આપવામાં આવે છે તો તેનો એટલો જ અભિપ્રાય હોય છે કે તે અત્યંત ગૌર વર્ણનું છે-એવો અભિપ્રાય હોતો નથી કે તેનો અને ચન્દ્રમાનો વર્ણ બિલ્કુલ એક છે અથવા તે સર્વથા ચન્દ્રની ધાતુનું જ બનેલું છે અને ચન્દ્રમાની જેમ ગોળાકાર પણ છે. એવી જ રીતે દર્પણ અને જ્ઞાનના ઉપમાન-ઉપમેય ભાવને સમજવો જોઇએ. અહીં જ્ઞાન (ઉપમેય)ને દર્પણ (ઉપમાન)ની જે ઉપમા આપવામાં આવી છે તેનું લક્ષ્ય પ્રાયઃ એટલુંજ છે કે જેવી રીતે પદાર્થ પોતપોતાના સ્થાનમાં સ્થિત રહેવા છતાં પણ નિર્મળ દર્પણમાં જેવા ને તેવા ઝળકે છે અને તદ્ગત જણાય છે અને તેમને આમ પ્રતિબિંબિત થવામાં તેમની કોઇ ઇચ્છા હોતી નથી અને ન તો દર્પણ તેમને પોતાનામાં પ્રતિબિંબિત કરવા-કરાવવાની કોઇ ઇચ્છા રાખે છે-બધું જ વસ્તુસ્વભાવથી થાય છે; તેવી જ રીતે નિર્મળજ્ઞાનમાં પણ પદાર્થ જેમના તેમ પ્રતિભાસિત થતા અને તેમાં પ્રવેશેલા જણાય છે અને આ કામમાં કોઇની પણ કોઇ ઇચ્છા સફળ થતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી-વસ્તુસ્વભાવ જ સર્વત્ર પોતાનું કાર્ય કરતો જણાય છે. આથી વધુ તેનો એવો આશય કદાપિ લઇ શકાતો નથી કે જ્ઞાન પણ સાધારણ દર્પણની જેમ જડ છે, દર્પણ ધાતુનું બનેલું છે, દર્પણની જેમ તેનો એક ભાગ જ પ્રકાશિત છે અને તે ભાગની સામે નિરાવરણ અથવા વ્યવધાન-રહિત અવસ્થામાં રહેલ તાત્કાલિક મૂર્તિક પદાર્થોને જ તે પ્રતિબિંબિત કરે છે. આવો આશય લેવો તે ઉપમાન-ઉપમેયભાવ તથા વસ્તુસ્વભાવને ન સમજવા જેવું થશે.

એ સિવાય દર્પણ પણ જાત-જાતના હોય છે. એક સર્વ સામાન્ય દર્પણ જે શરીરના ઉપલા ભાગને જ પ્રતિબિંબિત કરે છે-ચર્મમાંસની અંદર રહેલ હાડકા આદિને નહિ; પરંતુ બીજું એકસ-રે-દર્પણ જે ચર્મ-માંસની આડશમાં સ્થિત હાડકાં આદિને પણ પ્રતિબિંબિત કરે છે. એક પ્રકારનું દર્પણ સમીપ અથવા થોડે જ દૂરના પદાર્થોને પ્રતિબિંબિત કરે છે, બીજું દર્પણ ( રેડિયો, ટેલિવિઝન આદિદ્વારા ) બહુ દૂરના પદાર્થોને પણ પોતાનામાં પ્રતિબિંબિત કરી લે છે. અને એ વાત તો સામાન્ય દર્પણો તથા ફોટાઓમાં પણ જોવા મળે છે કે તે ઘણા પદાર્થોને પોતાનામાં યુગપદ્ પ્રતિબિંબિત કરી લે છે. અને તેમાં કેટલાય નિકટના તથા દૂરવર્તી પદાર્થોનું પારસ્પરિક અંતરાલ પણ લુપ્ત-ગુપ્ત જેવું થઇ જાય છે, જે વિધિપૂર્વક જોવાથી સ્પષ્ટ જાણી શકાય છે. એ ઉપરાંત સ્મરણરૂપી જ્ઞાન-દર્પણમાં હજારો માઇલ દૂરની અને દસકાઓ પહેલાની જોયેલી ઘટનાઓ તથા આકૃતિઓ સ્પષ્ટપણે ઝળકી ઉઠે છે. અને જાતિ-સ્મરણનું દર્પણ તો એથી પણ ચડિયાતું હોય છે, જેમાં પૂર્વ જન્મ અથવા જન્મોની સેંકડો વર્ષ પૂર્વેની અને હજારો માઇલ દૂરની ભૂતકાળની ઘટનાઓ સ્પષ્ટપણે ઝળકે છે, એવી જ રીતે નિમિત્તાદિ શ્રુતજ્ઞાનદ્વારા ચન્દ્ર-સૂર્ય ગ્રહણાદિ જેવી ભવિષ્યની ઘટનાઓનો સાચો પ્રતિભાસ થાય છે. જ્યારે લૌકિક દર્પણો તથા સ્મૃતિ આદિ ક્ષાયોપશમિક જ્ઞાન-દર્પણોની આવી હાલત છે તો પછી કેવળજ્ઞાન જેવા અલૌકિક-દર્પણની તો વાત જ શી? તે સર્વાતિશાયિ જ્ઞાનદર્પણમાં અલોક સહિત ત્રણે લોકના તે બધા પદાર્થો પ્રતિભાસે છે જે 'જ્ઞેય' કહેવાય છે—ચાહે તે વર્તમાન હોય કે અવર્તમાન. કારણ કે જ્ઞેય તે જ કહેવાય છે જે જ્ઞાનનો વિષય હોય છે—જ્ઞાન જેને જાણે છે. જ્ઞાનમાં લોક-અલોકના બધાજ જ્ઞેય પદાર્થોને જાણવાની શકિત છે, તે જ્યાંસુધી તેના ઉપર પડેલ આવરણાદિ પ્રતિબંધ સર્વથા દૂર થઇને તે શક્તિ પૂર્ણરૂપે વિકસિત થઈ જતી નથી ત્યાંસુધી તેમને પોતાનામાં પૂર્ણ રૂપે જાણી શકતું નથી. જ્ઞાનશક્તિને પૂર્ણવિકસિત અને ચરિતાર્થ થવામાં બાધક કારણ છે જ્ઞાનાવરણ દર્શનાવરણ, મોહનીય અને અંતરાય નામના ચાર ઘાતી કર્મ આ ચારે ઘાતીકર્મોની સત્તા જ્યારે આત્મામાં નથી રહેતી ત્યારે તેમાં તે અપ્રતિહત શક્તિ-જ્ઞાનજ્યોતિનો ઉદય થાય છે,-જેને લોક-અલોકના સર્વ જ્ઞેય પદાર્થોને પોતાનો વિષય કરવામાં પછી કોઇ રોકી શકતું નથી. જેમ દાહક સ્વભાવવાળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અગ્નિ મોજુદ હોય, દાહ્ય-ઇન્ધન પણ મોજુદ હોય, તેને બાળવામાં અગ્નિને કોઇ પ્રકારનો પ્રતિબંધ પણ ન હોય અને છતાં પણ તે અગ્નિ તે દાહ્યની દાહક ન હોય એમ બની શકતું નથી, તેવી જ રીતે ઉક્ત અપ્રતિહત જ્ઞાનજ્યોતિના ધારક કેવળજ્ઞાની હોય અને તે કોઈ પણ જ્ઞેયના વિષયમાં અજ્ઞાની રહી શકે એમ પણ બની શકતું નથી. એજ આશય શ્રી સમન્તભદ્ર સ્વામી કૃત આપ્તમીમાંસાની અપૂર્વ ટીકા અષ્ટસહસ્રીમાં શ્રી વિદ્યાનન્દ સ્વામીએ નીચેના પ્રાચીન વાક્ય દ્વારા વ્યક્ત કર્યો છે—

**"ज्ञो ज्ञेये कथमज्ञः स्यादसति प्रतिबन्धने ।**
**दाह्येऽग्निर्दाहको न स्यादसति प्रतिबन्धने ॥"**

માટે કેવળજ્ઞાની શ્રી વર્દ્ધમાન સ્વામીના જ્ઞાનદર્પણમાં અલોક સહિત ત્રણે લોક પ્રતિભાસિત થવામાં બાધાનું કોઈ સ્થાન નથી; કારણ કે તેઓ ઘાતી-કર્મમળ દૂર કરીને નિર્ધૂતકલિલાત્મા થયા છે. ૧૯.

## આત્માથી જ્ઞાન-જ્ઞેયને અધિક માનવાથી દોષાપત્તિ.

**यद्यात्मनोऽधिकं ज्ञानं ज्ञेयं वापि प्रजायते ।**
**लक्ष्य-लक्षणभावोऽस्ति तदानीं कथमेतयोः ॥ २० ॥**

**શબ્દાર્થ**:—(**यदि**) જો (**आत्मनः**) આત્માથી (**ज्ञानं ज्ञेयं वापि**) જ્ઞાન અથવા જ્ઞેય પણ (**अधिकं**) અધિક (**प्रजायते**) હોય છે એમ માનવામાં આવે (**तदानीं**) તો (**एतयोः**) આ બન્નેમાં-આત્મા અને જ્ઞાનમાં-(**लक्ष्य-लक्षण-भावो**) લક્ષ્ય-લક્ષણભાવ (**कथं अस्ति**) કેવી રીતે બની શકે ?-બની શકતો નથી.

**વ્યાખ્યા**:—અહીં આત્માથી જ્ઞાન તથા જ્ઞેય પણ અધિક હોય તો બન્નેમાં લક્ષ્ય-લક્ષણ ભાવ ઘટે નહિ એ વાત કહેવામાં આવી છે. જેનું લક્ષ કરવામાં આવે-અનેક મળેલા પદાર્થોમાંથી જુદાપણાના જ્ઞાનનો વિષય બનાવવામાં આવે- તેને 'લક્ષ્ય' કહે છે અને જેના વડે લક્ષ કરવામાં આવે તે વ્યાવર્તક (ભિન્નતા-બતાવનાર) હેતુને 'લક્ષણ' કહે છે. લક્ષણ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષથી રહિત હોવું જોઈએ; ત્યારે જ તે લક્ષ્યને સારી રીતે ઓળખાવી શકે, અન્યથા નહિ. લક્ષ્યના એકદેશમાં રહેનાર લક્ષણ અવ્યાપ્તિ દોષથી, લક્ષ્યની બહાર અલક્ષ્યમાં પણ પ્રાપ્ત થનાર લક્ષણ અતિવ્યાપ્તિ દોષથી અને લક્ષ્યમાં જેનું રહેવું બાધિત છે તે અસંભવ દોષથી દૂષિત કહેવાય છે. અહીં જ્ઞાન આત્માનું લક્ષણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે જેનો સામાન્ય વેદન તથા વિશેષ-વેદન રૂપ દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગના નામે આ જ અધિકારના ૭મા-૮મા પદ્યોમાં નિર્દેશ થયો છે. આત્માથી (લક્ષ્યથી) જ્ઞાન (લક્ષણ) અધિક હોતાં જ્ઞાન-લક્ષણ 'અતિવ્યાપ્તિ' દોષથી દૂષિત થાય છે અને તેથી તેમાં લક્ષણ-ભાવ ઘટિત થતો નથી. જ્ઞાનસ્વરૂપ આત્માથી જ્ઞેય અધિક હોતાં જ્ઞાન જ્ઞેયપ્રમાણ ન રહેતાં જ્ઞેયથી ઓછું થયું અને તેથી 'અવ્યાપ્તિ' દોષથી દૂષિત થયું; આત્મા પણ જ્ઞેય છે એ સિવાય જ્ઞેય હોય અને જ્ઞાન ન હોય એ વાત અસંગત જણાય છે; કારણ કે જે જ્ઞાનનો વિષય હોય તે તે જ 'જ્ઞેય' કહે છે. જ્ઞાન વિના જ્ઞેયનુ અસ્તિત્વ બનતું નથી તે બાધિત ઠરે છે. ૨૦.

## જ્ઞેય-ક્ષિપ્ત જ્ઞાનની વ્યાપકતાનું સ્પષ્ટીકરણ

**[1]क्षीरंक्षिप्तं यथा क्षीरमिन्द्रनीलं स्वतेजसा ।**
**ज्ञेयक्षिप्तं तथा ज्ञानं ज्ञेयं[2] व्याप्नोति सर्वतः ॥ २१ ॥**

**શબ્દાર્થ:**—(यथा) જેમ (क्षीरक्षिप्तं) દૂધમાં પડેલ (इन्द्रनीलं) ઇન્દ્રનીલમણિ (स्वतेजसा) પોતાના તેજથી (क्षीरं) દૂધમાં (व्याप्नोति) ચારે તરફ વ્યાપી જાય છે-પોતાના તેજ જેવું નીલું બનાવી લે છે-(तथा) તેવીજ રીતે (ज्ञेयक्षिप्तं) જ્ઞેયની મધ્યમાં રહેલ (ज्ञानं) જ્ઞાન પોતાના પ્રકાશથી (ज्ञेयं) જ્ઞેય સમૂહને (सर्वतः) સર્વ તરફથી વ્યાપીને તેને પ્રકાશિત કરે છે-પોતાનો વિષય બનાવી લે છે.

**વ્યાખ્યા:**—અહીં 'इन्द्रनीलं' પદ તે સાતિશય મહાનીલ રત્નનું વાચક છે જે ખૂબ તેજસ્વી હોય છે. તેને જ્યારે કોઈ દૂધથી ભરેલ કડાઇ જેવા વાસણમાં મૂકવામાં આવે છે ત્યારે તે દૂધના વર્તમાન રૂપનો તિરસ્કાર કરી તેને ચારે તરફથી પોતાના તેજ દ્વારા નીલું બનાવી દે છે. તેવીજ રીતે જ્ઞેયોની વચ્ચે સ્થિત કેવળજ્ઞાન પણ પોતાના તેજથી અજ્ઞાન અંધકારને દૂર કરી સમસ્ત જ્ઞેયોમાં જ્ઞેયાકાર રૂપે વ્યાપ્ત થયું થકું તેમને પ્રકાશિત કરે છે.

---

૧. रयणमिह इंदणीलं दुद्धज्झसितं जहा सभासाए ।
अभिभूय तं पि दुद्धं वट्टदि तह णाणमत्थेसु ॥ ३० ॥—પ્રવચનસાર
जह पउमरायरयणं खित्तं खीरे पभासयदि खीरं ।
तह देही देहत्थो सदेहं संपभासयदि ॥—પંચાસ્તિકાય. ૩૩

૨. मु. ज्ञेयं ज्ञानं ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૂધથી ભરેલા જે મોટા પાત્રમાં ઇન્દ્રનીલ રત્ન પડેલું હોય છે તેના થોડાજ ભાગમાં જો કે તે સ્થિત હોય છે અને તેનો કોઇ પણ પરમાણુ તેમાંથી નીકળીને બીજે જતો નથી છતાં પણ એના તેજમાં એવી વિચિત્રતા છે કે તે બધાય દૂધને પોતાના રંગે રંગી દે છે અને દૂધનો કોઇ પણ પરમાણુ વાસ્તવમાં નીલો થઇ જતો નથી—જો નીલમણિને દૂધમાંથી કાઢી લેવામાં આવે તો દૂધ જેમનું તેમ પોતાના સ્વાભાવિક રંગમાં રહેલું દેખાય છે, નીલરત્નની પ્રભાના સંસર્ગથી ક્યાંય પણ તેમાં કોઇ વિકાર દેખાતો નથી. એવી જ હાલત જ્ઞાન તથા જ્ઞેયોની છે, જ્ઞેયોની મધ્યમાં સ્થિત કેવળજ્ઞાન જો કે વાસ્તવમાં પોતાના આત્મપ્રદેશોમાં જ સ્થિત હોય છે અને આત્માનો કોઈ પણ પ્રદેશ આત્માથી અલગ થઇને બાહ્ય પદાર્થોમાં જતો નથી; છતાં પણ તેના કેવળજ્ઞાનમાં તેજનું એવું મહાત્મ્ય છે કે તે બધા પદાર્થોને પોતાની પ્રભાથી જ્ઞેયાકાર રૂપે વ્યાપ્ત કરી તે પદાર્થોમાં પોતાના પ્રદેશો સાથે તાદાત્મ્ય પામ્યું હોય એવું જણાય છે; જ્યારે દર્પણમાં તેની સ્વચ્છતાને વશે પ્રતિબિંબિત પદાર્થોની જેમ તેવું કાંઈ પણ નથી. માટે વ્યવહારનયની દૃષ્ટિએ જ્ઞાનનું જ્ઞેયોમાં અને જ્ઞેયો (પદાર્થો) નું જ્ઞાનમાં અસ્તિત્વ કહેવામાં આવે છે.

શ્રી કુન્દકુન્દાચાર્યે આ વાતને અધિક સ્પષ્ટ કરતાં પ્રવચનસારમાં લખ્યું છે—

जदि ते ण संति आट्ठ णाणे णाणं ण होदि सव्वगयं ।
सव्वगयं वा णाणं कहं ण णाणट्ठिया अट्ठा ॥ ३१ ॥

'જો તે પદાર્થ કેવળજ્ઞાનમાં અસ્તિત્વ ન રાખતા હોય- ન ઝળકતાં હોય-તો કેવળ-જ્ઞાનને સર્વગત કહી શકાતું નથી અને જ્ઞાન જો સર્વગત છે તો પદાર્થોને જ્ઞાનમાં સ્થિત કેવી રીતે ન કહેવાય ?- કહેવા જ પડે.'

આ રીતે આ જ્ઞાનમાં જ્ઞેયોની અને જ્ઞેયોમાં જ્ઞાનની સ્થિતિ વ્યવહારનયની દૃષ્ટિથી છે. નિશ્ચયનયની દૃષ્ટિથી જ્ઞાન પોતામાં અને જ્ઞેય પોતામાં સ્થિત છે. દર્પણમાં પ્રતિબિંબ અને પ્રતિબિંબમાં દર્પણની જેમ એકના અસ્તિત્વ નો બીજામાં વ્યવહાર કરવામાં આવે છે. ૨૧.

## જ્ઞેયને જાણતું જ્ઞાન જ્ઞેયરૂપ થતું નથી.

[1]चक्षुर्गृह्णद्यथारूपं रूपरूपं न जायते ।
ज्ञानं जानन्तथा ज्ञेयं ज्ञेयरूपं न जायते ॥ २२ ॥

---

૧. णाणी णाणसहावो अट्ठा णेयप्पगा हि णाणिस्स ।
रूवाणि व चक्खूणं णेवाण्णोण्णेसु वट्टंति ॥ २८ ॥—પ્રવચનસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **यथा** ) જેવી રીતે ( **चक्षुः** ) આંખ ( **रूपं** ) રૂપને ( **गृह्णन्** ) ગ્રહણ કરતી થકી ( **रूपरूपं** ) રૂપમય ( **न जायते** ) થઈ જતી નથી ( **तथा** ) તેમ ( **ज्ञानं** ) જ્ઞાન ( **ज्ञेयं** ) જ્ઞેયને ( **जानन्** ) જાણતું થકું ( **ज्ञेयरूपं** ) જ્ઞેયરૂપ ( **न जायते** ) થઈ જતું નથી.

**વ્યાખ્યા:**—અહીં આંખના ઉદાહરણદ્વારા એ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે જે પદાર્થને જ્ઞાન જાણે છે તે પદાર્થરૂપે થઈ જતું નથી; જેવી રીતે આંખ જે રંગ-રૂપને જુએ છે તે રૂપે સ્વયં થઈ જતી નથી. સારાંશ એ છે કે દેખવા-જાણવાનું કામ તદ્રૂપ પરિણમનનું નથી. ૨૨

## જ્ઞાન સ્વભાવથી દૂરવર્તી પદાર્થોને પણ જાણે છે.

**दवीयांसमपि ज्ञानमर्थं वेत्ति निसर्गतः ।**
**[१]अयस्कान्तः स्थितं दूरे नाकर्षति किमायसम्[२] ॥ २३ ॥**

**શબ્દાર્થ:**—( **ज्ञानं** ) જ્ઞાન ( **दवीयांसमपि अर्थं** ) દૂરવર્તી પદાર્થોને-ક્ષેત્ર-કાળાદિની દૃષ્ટિએ દૂરસ્થિત પદાર્થ-સમૂહને-પણ ( **निसर्गतः** ) સ્વભાવથી ( **वेत्ति** ) જાણે છે. ( **किम् अयस्कान्तः** ) શું લોહચુંબક ( **दूरे स्थितं** ) દૂર રહેલ ( **आयसम्** ) લોઢાને ( **न आकर्षति** ) પોતાની તરફ ખેંચતું નથી ?–ખેંચે જ છે.

**વ્યાખ્યા:**—અહીં લોહચુંબકના ઉદાહરણ દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેમ લોહચુંબક દૂર રહેલ બીજા લોઢાને સ્વભાવથી પોતાની તરફ ખેંચી લે છે તેવી જ રીતે કેવળજ્ઞાન પણ ક્ષેત્રની અપેક્ષાએ અને કાળની અપેક્ષાએ દૂરવર્તી પદાર્થોને પોતાની તરફ આકર્ષિત કરીને તેમને નિકટમાં રહેલા વર્તમાનની જેમ જાણે છે, એ તેનો સ્વભાવ છે. આમાં કોઈ એ શંકા કરી શકે કે ચુંબકની શક્તિ તો સીમિત છે, તેની શક્તિ-સીમામાં જ્યારે લોઢું સ્થિત હોય ત્યારે જ તે તેને ખેંચીને પોતાની સાથે ચોંટાડી દે છે, જ્યારે લોઢું સીમાથી બહાર હોય છે ત્યારે તેને ખેંચી શકતું નથી; તો શું કેવળજ્ઞાન પણ સીમિત ક્ષેત્રકાળના પદાર્થોને જ પોતાનો વિષય બનાવે છે ? એનું સમાધાન એટલું જ છે કે દૃષ્ટાન્ત

---

૧. आ अयः स्कांतः ।

૨. व्या. किमायसां ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ફક્ત સમજવા માટે એકદેશ હોય છે; સર્વદેશી નહીં માટે ચુંબકની જેમ જ્ઞાનની સીમિત શક્તિ સમજી લેવી ન જોઇએ. તેમાં પ્રતિબંધકનો અભાવ થઈ જવાથી દૂરવર્તી તથા અંતરિત જ નહિ પણ સૂક્ષ્મ પદાર્થોને પોતાની તરફ આકર્ષિત કરવાની-પોતાનો વિષય બનાવવાની-અનંતાનંત શક્તિ છે-તેની બહાર કોઇ પણ પદાર્થ જાણ્યા વિના અજ્ઞેયરૂપે રહેતો નથી. તેથી જ જ્ઞાનને 'સર્વગત' કહ્યું છે. તે પોતાના આત્મપ્રદેશોની અપેક્ષાએ નહિ પરંતુ પ્રકાશની અપેક્ષાએ સર્વગત છે. ૨૩

## જ્ઞાન સ્વભાવથી સ્વ-પરને જાણે છે.

**ज्ञानमात्मानमर्थं च परिच्छित्ते स्वभावतः ।**
**दीप उद्योतयत्यर्थं स्वस्मिन्नान्यमपेक्षते ॥ २४ ॥**

**શબ્દાર્થ:**—( **ज्ञानं** ) જ્ઞાન ( **आत्मानम्** ) આત્માને ( પોતાને ) ( **च अर्थं** ) અને પદાર્થ સમૂહને ( **स्वभावत:** ) સ્વભાવથી જ ( **परिच्छित्ते** ) જાણે છે. જેમ ( **दीपः** ) દીપક સ્વભાવથી ( **अर्थं** ) અન્ય પદાર્થ સમૂહને ( **उद्योतयति** ) પ્રકાશિત કરે છે તેમ ( **स्वस्मिन्** ) પોતાના પ્રકાશનમાં ( **अन्यं** ) અન્ય પદાર્થની ( **न अपेक्षते** ) અપેક્ષા રાખતો નથી-પોતાને પણ પ્રકાશિત કરે છે. ૨૪

**વ્યાખ્યા:**—પાછળના પદ્યમાં એ બતાવવામાં આવ્યું છે કે કેવળજ્ઞાન દૂરવર્તી પદાર્થોને પણ જાણે છે, ભલે તે દૂરપણું ક્ષેત્રસંબંધી હોય કે કાળસંબંધી. ત્યાં એ ભ્રમ ઉત્પન્ન થાય છે કે જ્ઞાન પરનેજ સ્વભાવથી જાણે છે કે પોતાને પણ જાણે છે? આ પદ્યમાં દીપકના ઉદાહરણ દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેવી રીતે દીપક પર પદાર્થોનું ઉદ્યોતન કરે છે તેવી જ રીતે પોતાનું પણ ઉદ્યોતન ( પ્રકાશન ) કરે છે-પોતાના પ્રકાશનમાં કોઈ પ્રકારે પરની અપેક્ષા રાખતો નથી-તેવી જ રીતે જ્ઞાન પણ પોતાને તથા પર પદાર્થ સમૂહને સ્વભાવથી જ જાણે છે-પોતાને અથવા આત્માને જાણવામાં કોઈ બીજાની અપેક્ષા રાખતું નથી. ૨૪

## ક્ષાયિક-ક્ષાયોપશમિક જ્ઞાનોની સ્થિતિ

**क्षायोपशमिकं ज्ञानं कर्मापाये निवर्तते ।**
**प्रादुर्भवति जीवस्य नित्यं क्षायिकमुज्ज्वलम् ॥ २५ ॥**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **जीवस्य क्षायोपशमिकं ज्ञानं** ) આત્માનું ક્ષાયોપશમિક જ્ઞાન ( **कर्मापाये** ) કર્મોનો-જ્ઞાનાવરણાદિ વિવક્ષિત કર્મ પ્રકૃતિઓનો-નાશ થતાં (**निवर्तते**) નાશ પામે છે અને ( **क्षायिकमुज्ज्वलम्** ) જે નિર્મળ ક્ષાયિકજ્ઞાન-કેવળજ્ઞાન છે તે ( **नित्यं** ) સદા ( **प्रादुर्भवति** ) ઉદયને પ્રાપ્ત રહે છે-બધા કર્મોનો નાશ થઇ જવા છતાં પણ તેનો કદી નાશ થતો નથી.

**વ્યાખ્યા:**—અહીં ક્ષાયિક અને ક્ષાયોપશમિક બન્ને પ્રકારનાં જ્ઞાનોના ઉદય-અસ્તનો નિયમ બતાવ્યો છે—લખ્યું છે કે ક્ષાયોપશમિક જ્ઞાન તો જે કર્મ પ્રકૃતિઓના ક્ષય-ઉપશમાદિરૂપ નિમિત્તને પામીને ઉદય પામે છે તે કર્મ પ્રકૃતિઓનો નાશ થતાં અસ્ત પામે છે; પરંતુ કેવળજ્ઞાન એક વાર ઉદય પામ્યા પછી કદી અસ્ત પામતું નથી, સદા ઉદયમાન જ રહે છે, એ બન્નેમાં મોટું અંતર છે. ક્ષાયોપશમિક જ્ઞાનની સ્થિતિ નિમિત્ત-ભૂત કર્મોની સ્થિતિ બદલવાથી બદલતી રહે છે પરંતુ કેવળજ્ઞાનની સ્થિતિમાં કોઈ પરિ-વર્તન થતું નથી-તે ત્રણકાળ અને ત્રણલોક-વિષયક સમસ્ત જ્ઞેયોને યુગપદ્ જાણ્યા કરે છે. ૨૫.

## કેવળજ્ઞાનની ત્રિકાળગોચર બધા સત્-અસત્ પદાર્થોને યુગપદ જાણવામાં પ્રવૃત્તિ.

[1]सन्तमर्थमसन्तं च काल-त्रितय-गोचरम् ।
अवैति युगपज्ज्ञानम व्याघातमनुत्तमम् ॥ २६ ॥

**શબ્દાર્થ:**—( **ज्ञानमव्याघातमनुत्तमम्** ) ( ક્ષાયિક ) જ્ઞાન કે જે અવ્યાઘાતી છે-પોતાના વિષયમાં કોઇ પણ પરપદાર્થથી બાધિત થતું નથી, રોકાતું નથી—અને અનુત્તમ છે-જેનાથી અધિક શ્રેષ્ઠ બીજી કોઇ વસ્તુ કે જ્ઞાન નથી-તે ( **काल-त्रितय गोचरम्** ) ત્રિકાળ વિષયક ( **सन्तम् अर्थं असन्तं** ) સત્-અસત્ બધા પદાર્થો ને ( **युगपत्** ) એકી સાથે ( **अवैति** ) જાણે છે.

**વ્યાખ્યા:**—અહીં જે જ્ઞાનને અવ્યાબાધ અને અનુત્તમ બતાવવામાં આવ્યું છે તે તેજ ક્ષાયિકજ્ઞાન છે જેને પાછળના પદ્યમાં ઉજ્જવળ ( પરમ નિર્મળ ) અને કદી અસ્ત

---

૧. तक्कालिगेव सव्वे सदसब्भूदा हि पज्जया तासिं ।
वट्टंते ते णाणे विसेसदो दव्वजादीणं ॥ ३७ ॥—પ્રવચનસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન થતાં સદા ઉદિત રહેનાર અને ૨૮મા પદ્યમાં 'કેવળજ્ઞાન' કહ્યું છે. આજ જ્ઞાનનો એ મહિમા અથવા વિશેષતા છે કે એ ત્રિકાળ-ગોચર બધા વિદ્યમાન અને અવિદ્યમાન પદાર્થોને એકી સાથે પોતાનો વિષય બનાવે છે-પોતાના અવ્યાબાધ ગુણના કારણે સદા અબાધિત વિષયવાળું છે—કોઇ પણ પરપદાર્થ તેને તેના ત્રિકાળ-ગોચર સત્-અસત્ પદાર્થોને જાણવામાં કદી બાધક બનતા નથી. ૨૬

## સત્ અને અસત્ પદાર્થ કયા ?

[२]असन्तस्ते मता दक्षैरतीता भाविनश्च ये ।
वर्तमानाः पुनः सन्तस्त्रैलोक्योदरवर्तिनः ॥ २७ ॥

શબ્દાર્થ:—( त्रैलोक्योदरवर्तिनः ) ત્રણ લોકની મધ્યમાં ( ये ) જે પદાર્થો ( अतीताः ) અતીત છે-ભૂતકાળમાં તત્કાલીન પર્યાય-દૃષ્ટિથી જેમનું અસ્તિત્વ હતું-( च भाविनः ) અને જે ભાવી છે-ભવિષ્યકાળમાં તત્કાલીન પર્યાય-દૃષ્ટિએ જેમનું અસ્તિત્વ હશે-તેને ( दक्षैः ) વિવેકમાં નિપુણ પુરુષોદ્વારા ( असन्तः मताः ) અસત્-અવિદ્યમાન માનવામાં આવ્યા છે ( पुनः वर्तमानाः सन्तः ) અને જે વર્તમાન છે-પોતાની વર્તમાન સમય-સંબંધી પર્યાયમાં સ્થિત છે-તેમને સત્-વિદ્યમાન-માનવામાં આવ્યા છે.

વ્યાખ્યા:—પાછલા પદ્યમાં જે સત્ ( વિદ્યમાન ) તથા અસત્ પદાર્થોને યુગપદ્ જાણવાની વાત કહેવામાં આવી છે તેને આ પદ્યમાં સ્પષ્ટ કરવામાં આવી છે. જે અતીત ( ભૂત ) તથા અનાગત ( ભવિષ્ય ) કાળનો વિષય છે તેને અસત્ બતાવ્યા છે અને જે વર્તમાન કાળનો વિષય છે તે સત્ છે. ત્રણેય કાળના આ વિષય ત્રણે લોકના ઉદરમાં રહેનાર છે-કોઈ પણ લોક એવો નથી જ્યાં ભૂત-ભવિષ્ય-વર્તમાનરૂપે પદાર્થોનું અસ્તિત્વ ન હોય. ૨૭.

## ભૂત-ભાવી પદાર્થોને જાણવાનું રૂપ.

अतीता भाविनश्चार्थाः स्वे स्वे काले यथाखिलाः ।
वर्तमानास्ततस्तद्वद्वेत्ति तानपि केवलम् ॥ २८ ॥

---

२. जे णेव हि संजाया जे खलु णट्ठा भवीयपज्जाया ।
ते होंति असब्भूदा पज्जाया णाण पच्चक्खा ॥ ३८ ॥—પ્રવચનસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થઃ—( **ततः** ) તેથી-સત્-અસત્‌ની ઉક્ત લક્ષણ દૃષ્ટિથી-( **अखिलाः अतीताः भाविनः च अर्थाः** ) સર્વ અતીત અને અનાગત પદાર્થ ( **स्वे स्वे काले** ) પોત પોતાના કાળે ( **यथा वर्तमानाः** ) જે રૂપે વર્તે છે ( **तानपि** ) તેમને પણ ( **केवलम्** ) કેવળજ્ઞાન ( **तद्वत् वेत्ति** ) તે જ રૂપે જાણે છે.

વ્યાખ્યાઃ—પાછલા પદ્યમાં જે અતીત-અનાગત પદાર્થોને યુગપદ્ જાણવાની વાત કહેવામાં આવી છે તેને કેવળજ્ઞાન કેવા રૂપે જાણે છે તે આ પદ્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે-લખ્યું છે કે અતીત-અનાગત પદાર્થ પોત પોતાના કાળે જે પ્રકારે વર્તતા હોય છે તેમને પણ કેવળજ્ઞાન તેમના તત્કાલીન વર્તમાન રૂપની જેમ જાણે છે, નહિ કે ફક્ત વર્તમાન કાળના પદાર્થોને વર્તમાનની જેમ જાણે છે. જે આજે ભૂત છે તે કાલે વર્તમાન હતું અને જે આજે વર્તમાન છે તે કાલે ભૂત થઈ જશે. ભૂતને સ્મૃતિદ્વારા અને ભવિષ્યને કોઇ નિમિત્તની સહાયથી કેવળજ્ઞાન જાણતું નથી, તેની સામે દ્રવ્યોની બધી પર્યાયો વર્તમાનની જેમ સ્પષ્ટ ખુલેલી હોય છે, તેથી જ તે તેમને યુગપદ્ જાણનાર બની શકે છે. ૨૯

## જ્ઞાન સર્વ પદાર્થોમાં યુગપદ પ્રવૃત્ત ન થવાથી દોષાપત્તિ.

**सर्वेषु यदि न ज्ञानं यौगपद्येन वर्तते. ।**
**तदेकमपि जानाति पदार्थं न कदाचन ॥ २९ ॥**
**एकत्रापि यतोऽनन्ताः पर्यायाः सन्ति वस्तुनि ।**
**क्रमेण जानता सर्वे ज्ञायन्ते कथ्यतां कदा ॥ ३० ॥**

શબ્દાર્થઃ—( **यदि** ) જો ( **ज्ञानं** ) ( કેવળ ) જ્ઞાન ( **सर्वेषु** ) સર્વ પદાર્થોમાં ( **यौगपद्येन** ) યુગપદ્‌રૂપે ( **न वर्तते** ) વર્તતું ન હોય-બધાને એકસાથે જાણતું ન હોય-તો ( **तत्** ) તે ( **एकमपि पदार्थं** ) એક પણ વસ્તુને ( **कदाचन न जानाति**) કદી જાણતું નથી; ( **यतः** ) કારણ કે ( **एकत्रापि वस्तुनि** ) એક વસ્તુમાં પણ ( **अनन्ताः पर्यायाः सन्ति** ) અનંત પર્યાયો હોય છે ( **क्रमेण जानता** ) ક્રમથી જાણતાં ( **सर्वे** ) તે બધી પર્યાયો ( **कदा ज्ञायन्ते कथ्यतां** ) ક્યારે જણાય તે બતાવો. પર્યાયોના જ્ઞાનનો અંત ન આવવાથી કદી પણ એક વસ્તુને પુરૂં જાણવાનું બની શકતું નથી.

વ્યાખ્યાઃ—પાછળના પદ્યોમાં ત્રિલોક-સ્થિત ત્રિકાળગત સર્વપદાર્થોને યુગપદ્‌જાણવાની વાત કહેવામાં આવી છે. આ પદ્યોમાં એ બતાવવામાં આવ્યું છે કે જો કેવળજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે બધા પદાર્થોને યુગપદ્ ન જાણતું હોય તો એમ કહેવું પડે કે તે એક પદાર્થને પણ પૂરૂં જાણતું નથી; કારણકે એક પદાર્થમાં પણ અનંત પર્યાયો હોય છે, ક્રમે ક્રમે તેમને જાણતાં બધા પર્યાયોને તે ક્યારે જાણી શકે? કદીય નહિ. જો આ રીતે એક દ્રવ્યની અનંત પર્યાયો કદી પણ પૂરી જાણવામાં ન આવે તો એક દ્રવ્યને પૂરૂં જાણવાનું કેવી રીતે કહી શકાય? ન કહી શકાય. અને એ એક મોટો દોષ આવશે. જો એક દ્રવ્યની પર્યાયોને ક્રમેક્રમે જાણતાં તેમને જાણવાનો અંત માનવામાં આવે તો ત્યારપછી દ્રવ્યને પર્યાય રહિત માનવું પડશે અને પર્યાય રહિત માનવું પડશે અને પર્યાય રહિત માનવાનો અર્થ થાય દ્રવ્યનો અભાવ; કારણ કે '**गुण 'पर्ययवद् द्रव्यम्**' આ સૂત્ર વાક્ય અનુસાર ગુણ પર્યાયવાન ને 'દ્રવ્ય' કહે છે, ગુણ અને પર્યાય બન્નેમાંથી કોઈ નહિ તો દ્રવ્ય નહિ, અને દ્રવ્ય સત્ લક્ષણ[૧] હોય છે તેથી તેનો કદી અભાવ થઇ શકતો નથી.[૨]—ભલે પર્યાયો જળ કલ્લોલોની પેઠે સમયે સમયે બદલાતી રહે. આવી સ્થિતિ માં કેવળજ્ઞાનનું યુગપદ્ સર્વ પદાર્થોને જાણવું જ બરાબર બંધબેસે છે—ક્રમેક્રમે જાણવું નહિ. સમસ્ત બાધક કારણોનો અભાવ થઇ જવાથી કેવળજ્ઞાન જાણવાની અનંતાનંત શક્તિથી સંપન્ન છે, તેમાં સર્વદ્રવ્ય પોતપોતાની અનંત પર્યાયોની સાથે એવી રીતે ઝળકે છે જેમ દર્પણમાં પદાર્થોનો સમૂહ ઝળક્યા કરે છે.[૩]

જે જ્ઞાન પદાર્થોને ક્રમથી જાણે છે તે ન તો નિત્ય હોય છે, ન ક્ષાયિક અને ન સર્વગત; જે વાત શ્રી કુન્દકુન્દાચાર્યે પ્રવચનસારની નીચેની ગાથામાં વ્યક્ત કરી છે—

**अप्पज्जदि जदि णाणं कमसों अट्ठे पडुच्च णाणिस्स ।**
**तं णेव हवदि णिच्चं ण खाइगं णेव सव्वगदं ॥ ५० ॥**

તે ક્રમવર્તી જ્ઞાન એટલા માટે નિત્ય નથી કે તે એક પદાર્થનું અવલંબન લઇને ઉત્પન્ન થાય છે, બીજા પદાર્થનું ગ્રહણ થતાં નષ્ટ થઈ જાય છે; ક્ષાયિક એટલા માટે નથી કે તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને આધીન પ્રવર્તે છે અને સર્વગત એટલા માટે નથી કે તે અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને યુગપદ્ જાણવામાં અસમર્થ છે. તેથી આવા ક્રમવર્તી પરાધીન જ્ઞાનનો સ્વામી આત્મા સર્વજ્ઞ થઈ (હોઈ) શકતો નથી. ૨૮-૩૦

---

૧ **सद्द्रव्यलक्षणम्** ।—ત. સૂત્ર ૫-૨૯

૨ **नैवासतो जन्म सतो न नाशो** ।—(સમન્તભદ્ર)

૩ **तज्जयति परं ज्योतिः समं समस्तैरनन्तपर्यायैः ।**
**दर्पणतल इव सकला प्रतिफलति यदार्थमालिका यत्र**—અમૃતચંદ્ર (પુરુ, સિ.) ॥૧॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્માના ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન પરમ રૂપની શ્રદ્ધાનો પાત્ર.

[1]घातिकर्मक्षयोत्पन्नं यद्रूपं परमात्मनः ।
श्रद्धत्ते भक्तितो भव्यो नाभव्यो भववर्धकः ॥ ३१ ॥

**શબ્દાર્થ:**—(घातिकर्मक्षयोत्पन्नं) ઘાતી કર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલ (परमात्मनः) આત્માનું (यद्रूपं) જે પરમ રૂપ છે તેને (भव्यो) ભવ્ય જીવ (भक्तितो) ભક્તિથી (श्रद्धत्ते) શ્રદ્ધાન કરે છે, (नाभव्यो) અભવ્ય જીવ નહિ; કારણકે તે (भववर्धकः) ભવવર્ધક હોય છે–સ્વભાવથી સંસાર–પર્યાયોને વધારતો રહે છે–અને તેથી આત્માના તે પરમ રૂપની શ્રદ્ધાથી સદા વિમુખ રહે છે.

**વ્યાખ્યા:**— ગ્રંથના ૧૦મા પદ્યમાં એ બતાવવામાં આવ્યું હતું કે કેવળજ્ઞાન તથા કેવળદર્શન કર્મના ક્ષયથી ઉદયને પ્રાપ્ત થાય છે. તે કર્મ કયાં છે? અહીં તેમને 'ઘાતી' વિશેષણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યાં છે. ઘાતી કર્મ ચાર છે- ૧ જ્ઞાનાવરણ, ૨ દર્શનાવરણ, ૩ મોહનીય અને ૪ અંતરાય. તેથી કેવળજ્ઞાન અને કેવળદર્શન, કેવળજ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મોના ક્ષયથી જ ઉત્પન્ન નથી થતાં પણ મોહનીય અને અંતરાય કર્મોના ક્ષયની પણ સાથે અપેક્ષા રાખે છે. આ ચારે કર્મો મૂળમાંથી નષ્ટ થાય ત્યારે જ આત્માનું તે પરમરૂપ વિકાસ પામે છે જે અનંત દર્શન–જ્ઞાન–સુખ–વીર્ય ચતુષ્ટયાત્મક સર્વજ્ઞનું રૂપ છે.[2] આ રૂપ પ્રત્યે ભવ્યજીવને ખૂબ ભક્તિભાવપૂર્વક શ્રદ્ધા હોય છે; કારણકે તે પોતાનું પણ એ રૂપ સમજે છે અને જ્યારે અવસર મળે છે ત્યારે તેના વિકાસનો પ્રયત્ન કરે છે. પરંતુ અભવ્ય જીવ તેની શ્રદ્ધા કરતો નથી; કેમ કે સ્વભાવથી જ ભવવર્ધક–સંસાર ચક્રને વધારનાર ભવાભિનન્દી હોય છે. ૩૧.

## આત્માના પરમરૂપની શ્રદ્ધા કરનારને અવ્યય પદની પ્રાપ્તિ.

यत्सर्वार्थवरिष्ठं यत्क्रमातीतमतीन्द्रियम् ।
[3]श्रद्दधात्यात्मनो रूपं स याति पदमव्ययम् ॥ ३२ ॥

---

૧ जेण विजाणदि सव्वं पेच्छदि सो तेण सोक्खमणुहवदि ।
इदि तं जाणदि भविओ अभव्वसत्तो ण सद्दहदि ॥ १६३ ॥—પંચાસ્તિકાય

૨ अस्ति वास्तव सर्वज्ञः सर्वगीर्वाणवन्दितः घाति कर्मक्षयोत्पन्नं स्पष्टनन्त चतुष्टयः ॥ —રામસેન, તત્ત્વનુશાસન.

૩. म श्रद्दध्यात्मनो ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—( **यत्सर्वार्थवरिष्ठं** ) જે સર્વ પદાર્થોમાં શ્રેષ્ઠ છે, ( **यत्क्रमातीतम्** ) જે ક્રમાતીત છે-ક્રમવર્તી નથી અથવા આદિ મધ્ય અન્તથી રહિત છે-તથા ( **अतीन्द्रियम्** ) અતીન્દ્રિય છે-ઇન્દ્રિયજ્ઞાન ગોચર નથી-( **श्रद्दधात्यात्मनो रूपं** ) તે આત્માના ( પરમ ) રૂપને જે શ્રદ્ધે છે ( **स** ) તે ( **पदमव्ययम्** ) અવિનાશી પદ-મોક્ષને ( **याति** ) પામે છે.

**વ્યાખ્યા**:—પાછળના પદ્યમાં આત્માના ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન જે પરમ રૂપનું શ્રદ્ધાન કરનાર ભવ્યજીવનો ઉલ્લેખ છે તે વિષયમાં અહીં એટલું વધારે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તે આત્માના રૂપને સર્વ પદાર્થોમાં શ્રેષ્ઠ, ક્રમરહિત અને અતીન્દ્રિય શ્રદ્ધે છે અને આવું શ્રદ્ધાન કરનાર અવ્યયપદ જે મોક્ષપદ છે તેને પ્રાપ્ત થાય છે. ૩૨.

## આત્માના પરમ રૂપની અનુભૂતિનો માર્ગ.

[१]**निर्व्यापारीकृताक्षस्य यत्क्षणं भाति पश्यतः ।**
**तद्रूपमात्मनो ज्ञेयं शुद्धं संवेदनात्मकम् ॥ ३३ ॥**

**શબ્દાર્થ**:—( **निर्व्यापारीकृताक्षस्य** ) ઇન્દ્રિયોના વ્યાપારને રોકીને ( **यत्क्षणं पश्यतः** ) ક્ષણ ભર અંતર્મુખ થઇને દેખનાર યોગીને ( **भाति** ) જે રૂપ દેખાય છે ( **तद्रूपमात्मनो शुद्धं संवेदनात्मकं ज्ञेयं** ) તેને આત્માનું શુદ્ધ સંવેદનાત્મક ( જ્ઞાનાત્મક ) રૂપ જાણવું જોઇએ.

**વ્યાખ્યા**:—આ પદ્યમાં આત્માને સાક્ષાત્ રૂપે અનુભવવાની પ્રક્રિયાનો ઉલ્લેખ છે અને તે એ કે બધી ઇન્દ્રિયોને વ્યાપાર રહિત કરીને-ઇન્દ્રિયોની પોતાના વિષયોમાં પ્રવૃત્તિ રોકીને-સાથે મનને પણ નિર્વિકલ્પ કરીને-જે થોડી ક્ષણો માટે અંતરંગમાં દેખાય છે તે આત્માનું રૂપ છે કે જે શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ છે. અહીં મનને નિર્વિકલ્પ કરવાની વાત જો કે મૂળમાં નથી પરંતુ ઉપલક્ષણથી ફલિત થાય છે; કારણ કે મન ઇન્દ્રિયોની પ્રવૃત્તિ તથા નિવૃત્તિમાં સમર્થ છે.[૨] મન સવિકલ્પ અથવા ચંચળ રહે અને ઇન્દ્રિયો પોતાના વ્યાપારથી નિવૃત્ત થઇ જાય એમ ઘણું કરીને બનતું નથી. શ્રી પૂજ્યપાદાચાર્યે પણ સમાધિતંત્રમાં '**स्तिमितेनान्त-**

---

૧ **सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना ।**
**यत्क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः ॥ ३० ॥**—સમાધિતન્ત્ર.

૨ **इन्द्रियाणां प्रवृत्तौ च निवृत्तौ च मनः प्रभु ।**
**मन एव जयेत्तस्माज्जिते तस्मिन् जितेन्द्रियः ॥ ७६ ॥**—રામસેન, તત્ત્વાનુશાસન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रात्मना' અને ઇષ્ટોપદેશમાં 'एकाग्रत्वेन चेतसः' પદદ્વારા આજ વાત વ્યક્ત કરી છે. એટલું જ નહિ, પ્રકૃત ગ્રંથમાં પણ તેનો આગળ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે—

निषिध्य स्वार्थतोऽक्षाणि विकल्पातीत चेतसः ।
तद्रूपं स्पष्टमाभाति कृताभ्यासस्य तत्त्वतः ॥४५॥

આ પદ્યમાં 'कृताभ्यासस्य' પદદ્વારા એક વાત વિશેષપણે કહેવામાં આવી છે અને તે એ કે એ આત્મદર્શન ( એમજ સહજ-સાધ્ય નથી ) અભ્યાસદ્વારા સિદ્ધ થાય છે તેથી ઇન્દ્રિયોને વ્યાપાર રહિત અને મનને નિર્વિકલ્પ કરવાનો અભ્યાસ બરાબર વધારતા રહેવું જોઇએ. મનમાં જ્યારે રાગ-દ્વેષાદિની-કામ-ક્રોધ-માન-માયા-લોભ-મોહ-શોક-ભયાદિની-લહેરો ન ઉઠે ત્યારે જ મન નિર્વિકલ્પ (સ્થિર) થાય છે અને આવા સ્થિર મનવાળો યોગી સાધક જ આત્મતત્ત્વના દર્શનનો અધિકારી થાય છે—બીજો કોઇ નહિ. પૂજ્યપાદાચાર્યના સમાધિતંત્રમાં આવેલ નીચેના વાક્યથી એ વાતનો બોધ થાય છે—

रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम् ।
स पश्यत्यात्मनस्तत्त्वं तत्तत्वं नेतरो जनः ॥३५॥

## શ્રુતદ્વારા પણ કેવળ-સમ આત્મબોધની પ્રાપ્તિ.

**आत्मा स्वात्मविचारज्ञैर्नीरागी भूतचेतनैः ।**
**निरवद्य[1]श्रुतेनापि केवलेनेव बुध्यते ॥ ३४ ॥**

**શબ્દાર્થ:**—( स्वात्मविचारज्ञैः ) પોતાના આત્માના વિચારમાં નિપુણ ( नीरागीभूतचेतनैः ) રાગ-રહિત જીવો દ્વારા ( निरवद्यश्रुतेनापि ) નિર્દોષ શ્રુતજ્ઞાનથી પણ ( आत्मा ) આત્મા ( केवलेनेव ) કેવળજ્ઞાન સમાન ( बुध्यते ) જાણવામાં આવે છે.

**વ્યાખ્યા:**—અહીં આત્મા એક બીજા ઉપાયથી પણ પોતાના શુદ્ધ સ્વરૂપમાં જાણવામાં આવે છે એનો નિર્દેશ છે. તે ઉપાય છે નિર્દોષ શ્રુતજ્ઞાનનો અને તે ઉપાયથી જાણ-

---

१ आ निरवद्यं



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાના અધિકારી છે તે આત્મવિચારમાં નિપુણ વિજ્ઞજન કે જેમનો આત્મા ઘણું કરીને રાગાદિથી રહિત થઈ ગયો છે. અહીં પણ આત્માનો સાક્ષાત્ અનુભવ કરનારને માટે રાગ દ્વેષાદિથી રહિત થવાની વાત મુખ્યપણે કહેવામાં આવી છે. જો મન રાગ–દ્વેષાદિથી આકુળ હોય તો ગમે તેટલો શ્રુતાભ્યાસ કર્યે જાઓ પણ તેના દ્વારા આત્મદર્શન થઇ શકશે નહિ. આત્મદર્શનની પાત્રતા માટે રાગ દ્વેષાદિથી રહિત થવું આવશ્યક છે. માર્ગ કોઈ પણ હોઈ શકે; ઇન્દ્રિય મનનો વ્યાપાર રોકીને દેખે અથવા નિર્મળ ભાવશ્રુતજ્ઞાનદ્વારા દેખે.

જે ભાવ શ્રુતજ્ઞાનદ્વારા આત્માના કેવળ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે છે તેમને 'શ્રુત-કેવળી' કહેવામાં આવે છે–જે શ્રી કુન્દકુન્દાચાર્યના નીચેના વાક્યથી પ્રગટ છે.

**जो हि सुएणहिगच्छइ अप्पाणमिणं तु केवलं सुद्धं ।**
**तं सुयकेवलिमिसिणो भणंति लोयप्पईवयरा ॥ ८ ॥**—સમયસાર

આ ગાથામાં જેને 'કેવળ શુદ્ધ' કહેવામાં આવ્યા છે તેને જ પ્રવચનસારની ૩૩મી ગાથામાં 'જ્ઞાયકસ્વભાવ'૧ રૂપે બતાવ્યા છે.

જિનેન્દ્ર ભગવાનના જે શ્રુતનો–સૂત્ર રૂપ આગમનો–અહીં નિર્દેશ કર્યો છે તે પૌદ્ગલિક વચનો દ્વારા નિર્દિષ્ટ હોવાથી 'દ્રવ્ય શ્રુત' છે–સ્વતઃ જ્ઞાનરૂપ ન હોતાં પુદ્ગલના રૂપમાં છે, તેની જે જ્ઞપ્તિ–જાણકારી તે 'ભાવ-શ્રુતજ્ઞાન' કહેવાય છે. ભાવ–શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ થવાથી તે દ્રવ્ય-શ્રુતને પણ ઉપચારથી–વ્યવહારનયથી શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. સૂત્ર તો ઉપાધિરૂપ હોવાથી છૂટી જાય છે, જ્ઞપ્તિ જ બાકી રહી જાય છે. તે જ્ઞપ્તિ કેવળજ્ઞાનીની અને શ્રુતજ્ઞાનીની આત્માના સમ્યક્ અનુભવમાં સમાન જ હોય છે, વાસ્તવમાં જ્ઞાનનો શ્રુત–ઉપાધિરૂપ ભેદ નથી. આમ શ્રી અમૃતચન્દ્રાચાર્યે પ્રવચનસારની ૩૪મી ગાથાની૨ ટીકામાં વ્યક્ત કરેલ છે—

**"अथ सूत्रमुपाधित्वान्नाद्रियते ज्ञप्तिरेवावशिष्यते । सा च केवलिनः श्रुतकेवलिनश्चात्मसंचेतने तुल्यैवेति नास्ति ज्ञानस्य श्रुतोपाधिभेदः ।"**

---

१ जो हि सुदेण विजाणदि अप्पाणं जाणगं सहावेण ।
तं सुयकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा ॥ ३३ ॥—પ્રવચનસાર

२ सुत्तं जिणोवदिट्ठं पोग्गलदव्वप्पगेहिं वयणे हिं ।
तं जाणणा हि णाणं सुत्तस्स य जाणणा भणिया ॥ ३४ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વામી સમન્તભદ્રના શબ્દોમાં સ્યાદ્વાદરૂપ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બન્નેના સર્વ-તત્ત્વ-પ્રકાશનમાં સાક્ષાત્-અસાક્ષાત્‌નો-પ્રત્યક્ષ-પરોક્ષનો-ભેદ છે-જીવાજીવાદિ તત્ત્વોને યથાર્થરૂપે જાણવામાં કોઇ અંતર નથી; કે જે દેવાગમની નીચેની કારિકાથી પ્રગટ છે-

**स्याद्वाद–केवलज्ञाने सर्वतत्त्व प्रकाशने ।**
**भेदः साक्षादसाक्षाच्च ह्यवस्त्वन्यतमं भवेत् ॥ १०५ ॥** 34.

## આત્માને સમ્યક્ ચારિત્ર ક્યારે થાય છે.

**रागद्वेषापराधीनं यदा ज्ञानं प्रवर्तते ।**
**तदाभ्यधायि चारित्रमात्मनो मलसूदनम् ॥ ३५ ॥**

**શબ્દાર્થ**:—(यदा) જ્યારે (ज्ञानं) જ્ઞાન (रागद्वेषापराधीनं) રાગદ્વેષની પરાધીનતાથી રહિત થઈને (प्रवर्तते) પ્રવર્તે છે (तदा) ત્યારે (आत्मानः) આત્માને (चारित्रं अभ्यधायि) તે ચારિત્ર થાય છે કે જે (मलसूदनम्) મળનો-કર્મ-કાલિમાનો-નાશક છે.

**વ્યાખ્યા**:—જે વખતે જ્ઞાન રાગ-દ્વેષને આધીન પ્રવર્તતું નથી જે જ્ઞેયને જાણે છે તેમાં રાગ-દ્વેષ રૂપે પ્રવૃત્ત ન થતાં મધ્યસ્થ ભાવ ટકાવી રાખે છે-તે વખતે સમ્યક્ ચારિત્રની પ્રાદુર્ભૂતિ આત્મામાં સ્વતઃ થઈ જાય છે, તેને માટે કોઈ વિશેષ પ્રયત્નની જરૂર પડતી નથી. અને આ સત ચારિત્ર જ આત્મામાં લાગેલા કર્મમળને ધોઇ નાખવામાં સમર્થ થાય છે-કર્મમળ આ ચારિત્રના પ્રભાવથી સ્વતઃ ધોવાઈ જાય છે, તેને આત્માથી પૃથક્ થવું જ પડે છે. એથી સાર એ નીકળ્યો કે જો પોતાના આત્માને નિર્મળ કરવો અથવા રાખવો હોય તો પોતાના જ્ઞાનને રાગ-દ્વેષરૂપ કષાયને આધીન ન થવા દેવું જોઇએ, મોહ-જનિત રાગ-દ્વેષમાં બધા કષાયોનો સમાવેશ છે. રાગમાં માયા, લોભ આ બે કષાયો અને હાસ્ય, રતિ તથા કામ ( વેદ ) આ ત્રણ નોકષાયોનો સમાવેશ છે અને દ્વેષમાં ક્રોધ, માન આ બે કષાયો તથા અરતિ, શોક, ભય, જુગુપ્સા આ ચાર નોકષાયોનો સમાવેશ છે. જે રાગ મિથ્યાદર્શન સહિત હોય છે તેને 'મોહ' કહે છે.[1] 35

---

1 रागः प्रेम रतिर्माया लोभं हास्यं च पञ्चधा ।
मिथ्यात्वभेदयुक् सोऽपि मोहो द्वेषः क्रुधादिषट् ॥— અધ્યાત્મરહસ્ય-૨૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જ્ઞાન કષાયને વશ થાય ત્યારે અહિંસાદિ કોઈ વ્રત ટકતું નથી.

**अहिंसा सत्यमस्तेयं ब्रह्म सङ्गविवर्जनम् ।**
**कषाय–विकले ज्ञाने समस्तं नैव तिष्ठति ॥ ३६ ॥**

શબ્દાર્થ:—( ज्ञाने कषाय–विकले ) જ્ઞાન જ્યારે કષાયથી વિકળ-વિહ્વળ અથવા સ્વભાવચ્યુત-થાય છે ત્યારે ( अहिंसा सत्यं, अस्तेयं ब्रह्म संगविवर्जनम् ) અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ ( समस्तं नैव तिष्ठति ) એ બધાં ( વ્રત-સમૂહ ) સ્થિર રહેતાં નથી-એમાંથી કોઇ પણ વ્રત રહેતું નથી.

વ્યાખ્યા:—આ પદ્યમાં ચારિત્રના પ્રસિદ્ધ અંગભૂત અહિંસા, સત્ય, અસ્તેય ( અચૌર્ય ) બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રૂપે જે પાંચ મહાવ્રતોનો ઉલ્લેખ છે તેમના વિષયમાં એક બહુજ મહત્ત્વની વાત સમજાવી છે અને તે એ કે જ્ઞાન કષાયથી-રાગદ્વેષથી વ્યાકુળ અને દુષિત થાય ત્યારે એક પણ મહાવ્રત સ્થિર રહી શકતું નથી-બધાં આત્મામાંથી ચાલ્યાં જાય છે. માટે જે મહાવ્રતી છે-જેમણે મુનિદીક્ષા ધારણ કરતી વખતે પંચ મહાવ્રતના પાલનની પ્રતિજ્ઞા લીધી છે તથા જે તેમનું પાલન કરી રહ્યા છે-તેમણે સમજવું જોઇએ કે જે કોઇ વખતે આપણે આપણા જ્ઞાનને કષાયથી વ્યાકુળ થવા દેશું તે જ વખતે આપણા પાંચેય મહાવ્રતનો ભંગ થઇ જશે અને ત્યાંસુધી તે ભંગ રહેશે જ્યાંસુધી જ્ઞાનમાં કષાયની તે ઉદ્વિગ્નતા અથવા રાગ-દ્વેષની તે પરિણતિ સ્થિર રહેશે. અને તેથી વ્રતભંગથી ભયભીત મુનિઓ તથા યોગીજનો એ ઘણી જ સાવધાનીથી વર્તવું જોઇએ-એમને એમ પોતાને દરેક વખતે મહાવ્રતી સમજી લેવા ન જોઇએ. જે જ્ઞાની જે કોઈ વખતે કષાયને વશ થાય છે તે તેજ વખતે અસંયમી થઇ જાય છે, કે જે રયણસાર અને પરમાત્મપ્રકાશના નીચેના વાક્યોથી પ્રગટ છે.

**णाणी कसायवसगो असंजदो होदि सो ताव ॥ ७१ ॥**—રયણસાર.
**जावइ णाणिउ उवसमइ तामइ संजदु होइ ।**
**होइ कसायहं वसि गयउ जीउ असंजदु सोइ ॥**—પરમાત્મપ્રકાશ ૨-૪૧ ૩૬.

## જ્ઞાન આત્મરૂપ-રત થતાં હિંસાદિ પાપો પલાયન.

**हिंसत्वं वितथं स्तेयं मैथुनं सङ्गसंग्रहः ।**
**आत्मरूपगते ज्ञाने निःशेषं प्रपलायते ॥ ३७ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( आत्मरूपगते ज्ञाने ) જ્ઞાન આત્માના રૂપમાં પરિણમે ત્યારે ( हिंसत्वं वितयं स्तेयं मैथुनं सङ्गसंग्रहः ) હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ ( निःशेषं ) એ બધા ( પાપો ) ભાગી જાય છે-એમાંથી કોઈ પણ પાપ રહેતું નથી.

વ્યાખ્યા:—આ પદ્યમાં પણ આગળના પદ્ય જેવી જ મહત્ત્વની વાત સમજાવી છે. એમાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ નામના પાંચે પાપોનો ઉલ્લેખ કરીને લખ્યું છે કે 'જ્યારે જ્ઞાન આત્મરૂપમાં લીન થઈ તેનું ચિંતન કરે છે ત્યારે એ પાંચે પાપ સ્વતઃ ભાગી જાય છે-કોઈ પણ પાપ પાસે ફરકતું નથી. તેથી આત્માની શુદ્ધિ આપોઆપ ટકી રહે છે-તેને શુદ્ધ કરવા અથવા શુદ્ધ રાખવાનો બીજો કોઈ ખાસ પ્રયત્ન કરવાની જરૂર રહેતી નથી. આ બધો આત્મધ્યાનનો મહિમા છે. ૩૭.

## આત્માના નિર્મળ જ્ઞાનાદિરૂપ-ધ્યાનથી કર્મનો નાશ.

**चारित्रं दर्शनं ज्ञानमात्मरूपं निरञ्जनम् ।**
**कर्मभिर्मुच्यते योगी ध्यायमानो न संशयः ॥ ३८ ॥**

શબ્દાર્થ:—( निरञ्जनम् चारित्रं दर्शनं ज्ञानमात्मरूपं ) નિર્મળ દર્શન-જ્ઞાન-ચારિત્ર ( એ ) આત્માનું સ્વ-રૂપ છે. આ આત્મરૂપનું ( ध्यायमानः ) ધ્યાન કરનાર ( योगी ) યોગી ( कर्मभिः ) કર્મોથી ( मुच्यते ) છૂટી જાય છે ( न संशयः ) એમાં સંદેહની કોઈ વાત નથી.

વ્યાખ્યા:—જે આત્મરૂપની પાછળના પદ્યમાં સૂચના કરવામાં આવી છે તેનો આ પદ્યમાં નિર્મળ દર્શન, જ્ઞાન તથા ચારિત્રરૂપ નિર્દેશ કર્યો છે. સાથોસાથ એ બતાવ્યું છે કે આ ( રત્નત્રય ) રૂપનું ધ્યાન કરનાર યોગી કર્મોથી અવશ્ય મુક્તિ પામે છે-ધ્યાનમાં જેટલી જેટલી એકાગ્રતા હોય છે તેટલાં તેટલાં જ કર્મોનાં બંધન તૂટતાં જાય છે. માટે એનાથી કર્મના બંધનોમાંથી મુક્તિ મેળવવી પોતાને આધીન છે-પરાધીન કાંઈ પણ નથી. પોતાના આત્મધ્યાનની શક્તિ વધારવી જોઈએ. ૩૮.

## પરદ્રવ્યરત યોગીની સ્થિતિ.

**यः करोति परद्रव्ये रागमात्म-पराङ्मुखः ।**
**रत्नत्रय-मयो नासौ न चारित्र-चरो यतिः ॥ ३९ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—(यः) જે યોગી (आत्मपराङ्मुखः) આત્માથી પરાઙ્મુખ થઈને (परद्रव्ये) પરદ્રવ્યમાં (रागं करोति) રાગ કરે છે (असौ यतिः) તે યોગી (रत्नत्रयमयो न) ન તો રત્નત્રયમય છે અને (न चारित्र-चरो) ન (શુદ્ધ) ચારિત્ર પર ચાલનાર છે.

વ્યાખ્યા:—પાછળના પદ્યમાં એ બતાવ્યું છે કે આત્મસ્વરૂપનું ધ્યાન કરનાર યોગી કર્મબંધનથી છૂટી જાય છે. આ પદ્યમાં તે યોગીનો ઉલ્લેખ છે જે આત્મધ્યાનથી પરાઙ્મુખ થઈ પરદ્રવ્યમાં રાગ રાખે છે. તેના વિષયમાં લખ્યું છે કે તે ન તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયનો ધારક છે અને ન (શુદ્ધ) ચારિત્ર પર ચાલનાર છે. વાસ્તવમાં પરદ્રવ્યમાં આશક્ત તે જ થાય છે જે આત્મસ્વરૂપથી વિમુખ થાય છે અને જે આત્મસ્વરૂપથી વિમુખ છે તેને રત્નત્રયની વાત તો દૂર, શુદ્ધ ચારિત્રનું આચરણ બનતું નથી. ૩૯

## નિશ્ચય ચારિત્રનું સ્વરૂપ

**अभिन्नमात्मनः शुद्धं ज्ञानदृष्टिमयं स्फुटम् ।**
**चारित्रं चर्यते शश्वच्चारु-चारित्रवेदिभिः ॥ ४० ॥**

શબ્દાર્થ:—(चारु-चारित्रवेदिभिः) જે સમ્યક્ ચારિત્રના અનુભવી છે તેઓ (अभिन्नमात्मनः) આત્માથી અભિન્ન (स्फुटम्) સ્પષ્ટ (शुद्धं) શુદ્ધ (ज्ञानदृष्टिमयं) જ્ઞાનદર્શનમય (चारित्रं) ચારિત્રનું (शश्वत) સદા (चर्यते) આચરણ કરે છે.

વ્યાખ્યા:—પાછળના પદ્યમાં જે ચારિત્રનો ઉલ્લેખ છે તેના બે ભેદ છે: એક નિશ્ચય અને બીજો વ્યવહાર. આ પદ્યમાં નિશ્ચય ચારિત્રના સ્વરૂપનો ઉલ્લેખ છે અને તેને આત્માથી અભિન્ન શુદ્ધ સ્પષ્ટ જ્ઞાનદર્શનમય બતાવ્યું છે-અર્થાત્ પોતાના આત્માના શુદ્ધ-સ્પષ્ટ જ્ઞાનદર્શનને લગતી જે ચર્યા છે-આત્મામાં રમણ છે-તેને નિશ્ચય ચારિત્ર કહ્યું છે. અને સાથો સાથ એ સૂચિત કર્યું છે કે જે સમ્યક્ ચારિત્રના મર્મજ્ઞ છે તે સદા આ નિશ્ચય-ચારિત્ર પર ચાલે છે-પોતાની પરિણતિને સદા શુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ ટકાવી રાખે છે. ૪૦

## વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું રૂપ.

**[1]आचार-वेदनं ज्ञानं सम्यक्त्वं तत्त्व-रोचनम् ।**
**चारित्रं च तपश्चर्या व्यवहारेण गद्यते ॥ ४१ ॥**

---

१ धम्मादीसद्दहणं सम्मत्तं णाणमंगपुव्वगदं ।
चेट्ठा तवम्हि चरिया ववहारो मोक्खमग्गो त्ति ॥ १६० ॥—પંચાસ્તિ०

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **व्यवहारेण** ) વ્યવહારથી-વ્યવહારનયની અપેક્ષાએ-( **तत्त्व-रोचनम्** ) તત્ત્વરુચિને ( **सम्यक्त्वं** ) સમ્યગ્દર્શન, ( **आचार-वेदनं** ) આચાર વેદનને આચારાંગાદિ શ્રુતના જાણપણાને-અથવા દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્યના ભેદરૂપ પાંચ પ્રકારના જે આચાર છે તેના અધિગમને ( **ज्ञानं** ) સમ્યગ્જ્ઞાન અને ( **तपश्चर्या** ) તપરૂપ પ્રવૃત્તિને ( **चारित्रं**) સમ્યક્ ચારિત્ર ( **गद्यते** ) કહેવામાં આવે છે.

**વ્યાખ્યા:**—આ પદ્યમાં વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો નિર્દેશ છે, તત્ત્વોપદાર્થોની રુચિ-પ્રતીતિ અથવા શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે અને તે માટે કુંદકુંદાચાર્યના પંચાસ્તિકાય ( ગા. ૧૦૭ ) ગ્રંથોની જેમ' સમ્યકત્વ' શબ્દનો પ્રયોગ કર્યો તથા સમયસાર (ગા. ૧૫૫) છે કે જેસમ્યગ્દર્શનનું પર્યાય-નામ છે અને જેનો સમયસારની ૨૭૬મી ગાથામાં '**दंसण**' શબ્દથી પણ ઉલ્લેખ કર્યો છે.[૧] આચાર-વેદન ( જ્ઞાન ) નો સમ્યગ્જ્ઞાન રૂપે નિર્દેશ કર્યો છે. આ આચાર-વેદન' પદમાં' આચાર' શબ્દ બે અર્થમાં પ્રયોજાયો હોય એમ લાગે છે-એક તો દ્વાદશાંગ-શ્રુતના પ્રથમ અંગ આચારાંગના અર્થમાં. આ અર્થમાં તેનું ગ્રહણ કરવાથી બાકીના અંગોના જ્ઞાનનું પણ ઉપલક્ષણથી સાથે ગ્રહણ કરવું જોઈએ. તેથી જ કુંદકુંદાચાર્યે સમયસારની ૨૭૬મી ગાથામાં '**आयारादीणाणं**' આ વાક્યમાં **आचार** ( આચાર ) **ની** સાથે '**आदि**' શબ્દ જોડયો છે અને પંચાસ્તિકાયની ૧૬૦મી ગાથામાં '**णाणमंगपुव्वगदं**' વાક્યદ્વારા સ્પષ્ટપણે અંગો અને પૂર્વોના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહ્યું છે. બીજો અર્થ મૂળાચારમાં વર્ણવેલ દર્શનાચારાદિ રૂપ પાંચ પ્રકારના આચાર-જ્ઞાન સાથે સંબંધ રાખે છે, જેમાં પ્રકારાંતરે આખાય શ્રુતજ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. 'તપશ્ચર્યા'નું નામ અહીં સમ્યક્ ચારિત્ર કહ્યું છે કે જે કુંદકુંદાચાર્યના '**चेट्ठा तवं म्हि चरिया**' આ વાક્યને સમકક્ષ છે અને જેનો આશય સમભાવ ( સમતા ) અથવા રાગાદિના પરિત્યાગનો છે.[૨] ૪૧

---

૧. **सम्मत्तं सद्दहणं भावाणं तेसिमधिगमो णाणं ।**
**चारित्तं समभावो विसयेसु विरूढ मग्गाणं ॥ १०७ ॥**
**जीवादीसंद्दहणं सम्मतं तेसिमधिगमो णाणं ।**
**रायादीपरिहरणं चरणं एसो दु मोक्ख वहो ॥ १५५ ॥**
**आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं ।**
**छजीवणिकं च तहा भणइ चरितं तु ववहारो ॥ २२६ ॥**

૨. **चारित्तं समभावो विसयेसु विरूढ मग्गाणं ।**—પંચાસ્તિ. ૧૦૭
**रायादि परिहरणं चरणं ।**—સમયસાર. ૧૫૫
**चारित्तं खलु धम्मो धम्मो जो सो समोत्ति णिद्दिट्ठो ।**
**मोह-क्खोहविहीणो परिणामो अप्पणो हु समो ॥**—પ્રવચનસાર. ૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સ્વભાવરૂપ પરિણમેલ આત્માજ વાસ્તવમાં મોક્ષમાર્ગ છે.

**सम्यक्त्व-ज्ञान-चारित्र-स्वभावः परमार्थतः ।**
**आत्मा राग-विनिर्मुक्तो मुक्ति-मार्गो विनिर्मलः ॥ ४२ ॥**

**શબ્દાર્થ:**—( **परमार्थतः** ) પરમાર્થે-નિશ્ચય નયની અપેક્ષાએ- ( **राग-विनिर्मुक्तो** ) રાગરહિત ( **विनिर्मलः** ) કર્મમળ રહિત અને ( **सम्यक्त्व-ज्ञान-चारित्र-स्वभावः** ) સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર-સ્વભાવમાં સ્થિત ( **आत्मा** ) આત્મા ( **मुक्ति-मार्गो** ) મોક્ષમાર્ગ છે.

**વ્યાખ્યા:**—પરમાર્થ દષ્ટિએ આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વભાવ સહિત છે. આ સ્વભાવને જ '**वत्थुसहावो धम्मो**' આ સૂત્ર અનુસાર '**धर्म**' કહેવામાં આવે છે; કે જે સમંતભદ્રસ્વામીના '**सद्दृष्टि-ज्ञान-वृत्तानि धर्मं धर्मेश्वराः विदुः**' વાક્યદ્વારા જાણી શકાય છે. આ સ્વભાવ જ્યારે વિભાવ-પરિણમનમાં કારણભૂત કર્મમળ દૂર થવાથી નિર્મળતા પામે છે ત્યારે આત્મા સ્વયં રાગથી વિમુક્ત થઈ મુક્તિ માર્ગરૂપે પરિણમે છે.૧

મુક્તિનો માર્ગ અથવા કારણ આત્માથી ભિન્ન કોઇ પર-પદાર્થ નથી. આત્માનો સ્વભાવ અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બતાવ્યો છે અને એને જ '**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः**' ઇત્યાદિ આગમ વાક્યો દ્વારા મોક્ષમાર્ગનો નિર્દેશ કર્યો છે. તેથી બન્ને અભિન્ન છે એ સ્પષ્ટ થઈ જાય છે. આત્મા પોતાની મુક્તિ સ્વયં ન કરે અને કોઇ બીજો તેને મુક્ત કરવા આવશે એ ધારણા બિલ્કુલ જૂઠી અને ભ્રમણાવાળી છે. તેથી મુમુક્ષુ આત્મા પોતાના બંધનની સ્થિતિ સારી રીતે જાણીને તેનાથી છૂટવાનો સ્વયં ઉપાય કરે છે. આ છૂટવાનો ઉપાય જેને 'મોક્ષમાર્ગ' કહે છે, તે પોતાના આત્મ સ્વરૂપમાં સ્થિતિ સિવાય બીજો કોઇ નથી. જે વખતે આ સ્વરૂપસ્થિતિ પૂર્ણ થાય છે તેની ઉત્તરક્ષણમાં જ મુક્તિની પ્રાપ્તિ થઈ જાય છે.

જે કર્મમળના નિમિત્તથી આત્માનું પોતાની વૈભાવિક શક્તિને કારણે વિભાવ-પરિણમન થાય છે તે મુખ્યપણે દ્રવ્ય અને ભાવમળના ભેદથી બે પ્રકારનો છે. જ્ઞાનાવરણાદિ

---

१ **निश्चयनयेन भणितस्त्रिभिरेभिर्यः समाहितो । भिक्षु नैवादत्ते किंचिन्न मुञ्चति मोक्षहेतुरसौ** ॥—તત્વનુશાસન ૧૨
**सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाण ।**
**ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा** ॥—દ્રવ્યસંગ્રહ ૩૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યકર્મરૂપે પરિણમીને આત્માની સાથે સંબંધ પામેલ જે પુદ્ગલપરમાણુ છે તેમને 'દ્રવ્યકર્મમળ' કહે છે. અને દ્રવ્યકર્મમળના ઉદયનું નિમિત્ત પામીને જે રાગ-દ્વેષ-મોહાદિરૂપ વિકારભાવ ઉત્પન્ન થાય છે તથા નવીન કર્મબંધનું કારણ બને છે તેને 'ભાવ-કર્મમળ' સમજવું જોઈએ. ૪૨

## નિશ્ચયથી આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ.

[૧]यश्चरत्यात्मनात्मानमात्मा जानाति पश्यति ।
निश्चयेन स चारित्रं ज्ञानं दर्शनमुच्यते ॥ ४३ ॥

શબ્દાર્થ:—( यः ) જે ( आत्मानं ) આત્માને ( निश्चयेन ) નિશ્ચયથી-નિશ્ચય-નયની દૃષ્ટિથી ( आत्मना ) આત્માવડે પોતાવડે ( जानाति पश्यति च चरति ) દેખે, જાણે અને આચરે છે ( સ્વરૂપમાં પ્રવૃત્તિ કરે છે ) ( स आत्मा ) તે આત્મા જ ( दर्शनं ) ( પોતે ) દર્શનરૂપ ( સ્વયં ) ( ज्ञानं ) જ્ઞાનરૂપ અને ( સ્વયં ) ( चारित्र ) ચારિત્રરૂપ ( उच्यते ) કહેવાય છે.

વ્યાખ્યા:—પાછળના પદ્યમાં મુક્તિમાર્ગને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રિતયાત્મક બતાવવામાં આવ્યો છે; આ પદ્યમાં બતાવ્યું છે કે આ ત્રણ રૂપ ત્રણ ભિન્ન વસ્તુઓનો કોઈ સમૂહ નથી, નિશ્ચયનયની દૃષ્ટિએ આ દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણે એક જ આત્માના રૂપ છે; કેમકે નિશ્ચયનય અભિન્ન-કર્તૃ-કર્માદિ-વિષયક હોય છે.[૨]—જે આત્મા જેને દેખે, જાણે અથવા જે રૂપે આચરે છે તે નિશ્ચયનયની અપેક્ષાએ સ્વથી ભિન્ન કોઈ બીજી વસ્તુ હોતી નથી. ૪૩

## આત્મોપાસનાથી ભિન્ન શિવ-સુખપ્રાપ્તિનો કોઈ ઉપાય નથી.

तस्मात्सेव्यः परिज्ञाय श्रद्धयात्मा मुमुक्षुभिः ।
लब्ध्युपायः परो नास्ति यस्मान्निर्वाणशर्मणः ॥ ४४ ॥

---

૧ जो चरदि णादि पेच्छदि अप्पाणं अप्पाणा अणण्णमयं ।
सो चारित्तं णाणं दंसणमिदि णिच्छिदो होदि ॥ १६२ ॥—પંચાસ્તિકાય.

૨ अभिन्नकर्तृ-कर्मादिविषयो निश्चयो नयः ।
व्यवहारनयो भिन्नकर्तृकर्मादि गोचरः ॥—તત્ત્વાનુ. ૨૯



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( तस्मात् ) તેથી ( मुमुक्षुभिः ) મુમુક્ષુઓએ ઉક્ત પ્રકારે ( परिज्ञाय ) આત્માને જાણીને ( श्रद्धया ) શ્રદ્ધાપૂર્વક ( आत्मा सेव्यः ) તેનું સેવન કરવું જોઈએ. ( यस्मात् ) કારણ કે ( निर्वाणशर्मणः परो लब्ध्युपायः नास्ति ) મોક્ષસુખની પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી.

વ્યાખ્યા:—જે દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષનો માર્ગ કહેવામાં આવ્યો છે તે જો પૂર્વ પદ્ય અનુસાર સ્વાત્માથી ભિન્ન કોઈ બીજી વસ્તુ નથી તો મુમુક્ષુઓએ-મુક્તિપ્રાપ્તિના ઈચ્છુકોએ-સ્વાત્માને તેના શુદ્ધ સ્વરૂપમાં સારી રીતે જાણીને શ્રદ્ધા સહિત તેનું સેવન કરવું જોઈએ; કેમ કે શુદ્ધ-સ્વાત્માનું સેવન છોડીને મુક્તિસુખની પ્રાપ્તિનો બીજો કોઈ પણ ઉપાય નથી. મુક્તિની પ્રાપ્તિ મુક્તિસુખને માટે જ ઈચ્છવામાં આવે છે, જે સર્વ પ્રકારે નિરાકુળ, અબાધિત અને પરતંત્રતા રહિત હોય છે. જો તે સુખનું લક્ષ્ય ન હોય તો મોક્ષ પ્રાપ્તિની ઈચ્છાનો કોઈ અર્થ જ નથી. ૪૪.

## આત્મસ્વરૂપની અનુભૂતિનો ઉપાય.

**[१]निषिध्य [२]स्वार्थतोऽक्षाणि विकल्पातीत-चेतसः ।**
**तद्रूपं स्पष्टमाभाति कृताभ्यासस्य तत्त्वतः ॥ ४५ ॥**

શબ્દાર્થ:—( अक्षाणि ) ઇન્દ્રિયોને ( स्वार्थतो ) પોતાના વિષયોથી ( निषिध्य ) રોકીને ( कृताभ्यासस्य विकल्पातीत-चेतसः ) આત્મધ્યાનનો અભ્યાસ કરનાર નિર્વિકલ્પ ચિત્તવાળા ધ્યાતાને ( तद्रूपं ) આત્માનું તે રૂપ ( तत्त्वतः ) વાસ્તવિક પણે ( स्पष्टमभाति ) સ્પષ્ટ પ્રતિભાસે છે-સાક્ષાત્ અનુભવમાં આવે છે.

વ્યાખ્યા:—અહીં આત્માના તે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કેવી રીતે કરવો તેના ઉપાયની સૂચના વધારે સ્પષ્ટપણે કરી છે કે જે આચાર્ય મહોદયે ગ્રંથના ૩૩મા પદ્યમાં બતાવી છે અને તેથી તેને ઉક્ત પદ્યની વ્યાખ્યામાંથી જાણવી જોઈએ. આ પદ્યમાં ' तद्रूपं स्पष्टमाभाति ' આ વાક્ય દ્વારા એ ખાસ ઘોષણા કરવામાં આવી છે કે ઉક્ત ઉપાયથી સારા અભ્યાસીને આત્માનું તે શુદ્ધ સ્વરૂપ સ્પષ્ટ-સાક્ષાત્ પ્રતિભાસિત થાય છે-તેમાં કાંઈ પરોક્ષ રહેતું નથી, ભલે પછી તે એક ક્ષણ માટે જ કેમ ન હોય.

---

૧. सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना ।
यत्क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः ॥ ३० ॥—સમાધિતંત્ર

૨. आ निषिध्यः, व्या निषिध्यः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી દેવસેનાચાર્યે તો આરાધનાસારમાં આ વિષયની વિશેષ સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે 'મનમંદિર ઉજ્જડ થતાં-તેમાં કોઇ પણ સંકલ્પ-વિકલ્પનો વાસ ન રહેતાં-અને સમસ્ત ઇન્દ્રિયોનો વ્યાપાર નષ્ટ થઈ જતાં આત્માનો સ્વભાવ અવશ્ય પ્રગટ થાય છે અને તે સ્વભાવ પ્રગટ થતાં આ આત્મા જ પરમાત્મા બની જાય છેઃ—

**उव्वसिए मणगेहे णट्ठे णिस्सेस—करण—वावारे ।**
**विम्फुरिए ससहावे अप्पा परमप्पओ हवदि ॥ ८५ ॥**

## વિવક્ષિત કેવળજ્ઞાનથી ભિન્ન આત્માનું કોઈ પરમરૂપ નથી.

**[१]स्वसंविदितमत्यक्षमव्यभिचारि केवलम् ।**
**नास्ति ज्ञानं परित्यज्य रूपं चेतयितुः[२] परम् ॥ ४६ ॥**

શબ્દાર્થઃ—આમાં ( अत्यक्षं ) જે અતીન્દ્રિય છે-ઇન્દ્રિયોની સહાય રહિત છે-( अव्यभिचारि ) અવ્યભિચારી છે-જેનું કદી પણ સંશય-વિપર્યયાદિરૂપ અન્યથા પરિણમન થતું નથી-અને ( स्वसंविदितं ) સ્વતઃ સંવિદિત છે-સ્વયં પોતાના દ્વારા પોતાને જાણે છે-( केवलं ज्ञानं परित्यज्य ) તે કેવળજ્ઞાન સિવાય ( चेतयितुः परम् रूपं नास्ति ) આત્માનું બીજું કોઇ પરમરૂપ નથી.

વ્યાખ્યાઃ—અહીં આત્માના તે પરમરૂપ વિષયમાં એ ઘોષણા કરવામાં આવી છે કે તે કેવળજ્ઞાન સિવાય બીજું કાંઈ નથી. સાથોસાથ કેવળજ્ઞાનને સ્પષ્ટ કરવા માટે તેના ત્રણ વિશેષણ આપવામાં આવ્યા છે-૧ અત્યક્ષ, ૨ અવ્યભિચારી, ૩ સ્વસંવિદિત. અત્યક્ષ અતીન્દ્રિયને કહે છે-જે જ્ઞાન સ્પર્શનાદિ કોઇ પણ ઇન્દ્રિયની સહાય વિના જાણે છે તે અત્યક્ષ ( અતીન્દ્રિય ) જ્ઞાન કહેવાય છે. જે જ્ઞાનમાં કદી પણ અન્યથા પરિણામરૂપ વ્યભિચાર-દોષ આવતો નથી તેને 'અવ્યભિચારી' સમજવું જોઇએ. અને જે જ્ઞાન સ્વયં પોતાના જ દ્વારા સમ્યક્ જણાય છે-ભાનુ-મંડળની જેમ પરદ્વારા અપ્રકાશિત હોય છે-તેને 'સ્વસંવિદિત' કહેવામાં આવે છે. ૪૬.

---

૧. आ स्वसंवेद्यतमत्यक्ष ।

૨. व्या नयतु ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પરવસ્તુમાં અણુમાત્ર પણ રાગ રાખવાનું પરિણામ.

**यस्य रागोऽणुमात्रेण विद्यतेऽन्यत्र वस्तुनि ।
आत्मतत्त्व–परिज्ञानी[1]बध्यते[2] कलिलैरपि ॥ ४७ ॥**

શબ્દાર્થઃ—( **यस्य** ) જેને ( **अन्यत्र वस्तुनि** ) પરવસ્તુમાં ( **अणुमात्रेण** ) અણુ માત્ર–સૂક્ષ્મમાં સૂક્ષ્મ–( **रागः** ) પણ રાગ ( **विद्यते** ) વિદ્યમાન છે ( **आत्मतत्त्वपरिज्ञानी** ) તે આત્મતત્ત્વનો જ્ઞાતા હોવા છતાં પણ ( **कलिलैरपि** ) પાપોથી–કર્મપ્રકૃતિઓથી– ( **बध्यते** ) બંધાય છે.

વ્યાખ્યાઃ—પાછળના ૩૯મા પદ્યમાં એ બતાવ્યું છે કે જે યોગી આત્મજ્ઞાનથી વિમુખ થઇ પરદ્રવ્યમાં રાગ કરે છે તે ન તો રત્નત્રયરૂપ છે અને ન ચારિત્ર પર ચાલનાર. આ પદ્યમાં એ બતાવ્યું છે કે જે યોગી આત્મતત્ત્વથી વિમુખ ન થાય, તેનો પરિજ્ઞાતા તો છે પરંતુ પરવસ્તુમાં બહુ થોડો રાગ પણ જો રાખે છે તો તે કર્મબંધથી અવશ્ય બંધાય છે–માત્ર સમ્યક્‌જ્ઞાનનું હોવું તે કર્મબંધ રોકવામાં સમર્થ નથી. તેને માટે રાગ–દ્વેષના અભાવરૂપ સમ્યક્‌ચારિત્રનું હોવું પણ જરૂરી છે. ૪૭.

## પરમેષ્ઠીરૂપની ઉપાસના પરમપુણ્ય–બંધનું કારણ.

**[3]यो विहायात्मनो रूपं सेवते परमेष्ठिनः ।
स बध्नाति परं पुण्यं न कर्मक्षयमश्नुते ॥ ४८ ॥**

શબ્દાર્થઃ—( **यो** ) જે ( **आत्मनो रूपं विहाय** ) આત્માનું રૂપ છોડીને ( **परमेष्ठिनः सेवते** ) પરમેષ્ઠીની સેવા કરે છે–અરહંતાદિ પરમેષ્ઠીઓના રૂપનું ધ્યાન કરે છે– ( **स** ) તે ( **परं पुण्यं बध्नाति** ) ઉત્કૃષ્ટ પુણ્ય બાંધે છે, ( **न कर्मक्षयमश्नुते** ) પણ કર્મક્ષયને પૂર્ણપણે પ્રાપ્ત થતો નથી–આત્મામાં શુભકર્મોનું આગમન ( આસ્રવ–બંધ ) ચાલું રહે છે.

---

૧. मु परिज्ञानो; व्या परिज्ञा नो ।

૨. आ बध्यते ।

૩. अरहंत–सिद्ध–चेदिय–पवयण–गण–णाण–भत्ति–संपण्णो ।
बंधदि पुण्णं बहुसो दु सो कम्मक्खयं कुणदि ॥ १६६ ॥ —પંચાસ્તિકાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:—૪૪મા પદ્યમાં મુમુક્ષુઓને મોક્ષ પ્રાપ્તિ માટે એક માત્ર આત્મ-સેવાની વાત કહેવામાં આવી છે અને ત્યાંસુધી લખ્યું છે કે બીજો કોઇ પણ ઉપાય મોક્ષની પ્રાપ્તિનો નથી. ત્યાં પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે શું અર્હંતાદિ પરમેષ્ઠીઓની સેવા–ભક્તિથી મોક્ષની પ્રપ્તિ નથી થતી? તેના ઉત્તરમાંજ આ પદ્યની ઉત્પતિ થઇ જણાય છે. એમાં બતાવ્યું છે કે જે આત્મરૂપ છોડીને પરમેષ્ઠીના રૂપની ઉપાસના કરે છે તે ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ કરે છે અને તેથી કર્મનો સર્વથા ક્ષય નથી કરી શકતો. કર્મોનો સર્વથા ક્ષય થયા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. મોક્ષની પ્રાપ્તિ માટે તેને અર્હંતાદિ પ્રત્યેનો ભક્તિ–રાગ પણ છોડવો પડશે. જો કે આ રાગ શુભ હોય છે, એમાં અશુભ કર્મના બંધનો અવસર નથી, ઉલ્ટું એના પહેલા બંધાયેલ અશુભકર્મ છૂટી જાય છે; છતાં પણ આ રાગ નવા પુણ્યબંધનું કારણ તો છે જ, જેના ફળસ્વરૂપે ભક્તને દેવલોકની–સ્વર્ગાદિની–પ્રાપ્તિ થાય છે; કે જે પંચાસ્તિકાયની નીચેની ગાથાથી પ્રગટ છે:–

**अरहंत–सिद्ध–चेदिय–पवयण–भत्तो परेण णियमेण ।**
**जो कुणदि तयोकम्मं सो सुरलोगे समादियदि ॥ १७१ ॥**

આમાં બતાવવામાં આવ્યું છે કે જે અર્હંત, સિદ્ધ, ચૈત્ય તથા પ્રવચનનો ભક્ત થઈ ઉત્કૃષ્ટ રૂપે તપશ્ચરણ–કાર્ય કરે છે તે નિયમથી દેવલોકને પામે છે. ૪૮

## કર્માસ્રવ રોકવાનો અનન્ય ઉપાય

**नागच्छच्छक्यते कर्म रोद्धुं केनापि निश्चितम् ।**
**निराकृत्य[1] परद्रव्याण्यात्मतत्त्वरतिं विना ॥ ४९ ॥**

શબ્દાર્થ:—( **परद्रव्याणि निराकृत्य** ) પરદ્રવ્યોને છોડીને ( **आत्मतत्त्वं रतिं विना** ) આત્મતત્ત્વમાં રતિ–લીનતા કર્યા વિના ( **आगच्छत् कर्म रोद्धुं** ) આવતા કર્મને–આત્મામાં પ્રવેશેલા અને બંધાયેલા ( આસ્રવ–બંધને પ્રાપ્ત ) કર્મ–સમૂહને રોકવાનું ( **केनापि न शक्यते** ) કોઇ પણ ઉપાયથી શકય નથી ? ( **निश्चितम्** ) એ નિશ્ચિત છે.

વ્યાખ્યા:—આ પદ્યમાં પરદ્રવ્યોની ઉપાસના છોડવાની વાત વધારે દૃઢ કરવામાં આવી છે. લખ્યું છે કે પરદ્રવ્યોને–પરદ્રવ્યોની રતિને–છોડીને આત્મતત્ત્વમાં રતિ કર્યા

१ आ, व्या निराकृतापरद्रव्यामात्मतत्त्वरतिं ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિના બીજા કોઈ પણ ઉપાય વડે આત્મામાં કર્મોનું આગમન-આસ્રવ-રોકી શકાતું નથી, એ નિઃશંક છે. તેથી મોક્ષ પામવાની ઇચ્છા રાખનારાઓએ કર્મોના આસ્રવ-બંધથી છૂટવા માટે પરદ્રવ્યોની ઉપાસના છોડીને આત્મધ્યાનમાં રતિ કરવી જોઇએ. ૪૯

## પરદ્રવ્યના ઉપાસક મુમુક્ષુઓની સ્થિતિ.

**ये मूढा लिप्सवो मोक्षं परद्रव्यमुपासते ।**
**ते यान्ति सागरं मन्ये हिमवन्तं पियासवः ॥ ५० ॥**

શબ્દાર્થઃ—( **ये मोक्षं लिप्सवः** ) જેઓ મોક્ષની ઇચ્છા રાખીને ( **परद्रव्यमुपासते** ) પરદ્રવ્યની ઉપાસના કરે છે-પરદ્રવ્યના ભક્ત અને સેવક બની તેમની જ પાછળ ડોલે છે—( **मूढाः** ) તે મૂઢજનો ( **हिमवन्तं पियासवः** ) હિમવાન પર્વતપર ચઢવાની ઇચ્છા ધરાવતાં ( **सागरं यान्ति** ) સમુદ્ર તરફ ચાલ્યા જાય છે, ( **मन्ये** ) એમ હું માનું છું.

વ્યાખ્યાઃ—અહીં એવા લોકોને મૂઢ-મહામૂર્ખ મિથ્યાદૃષ્ટિ-ગણાવ્યા છે જેઓ લાલસા તો રાખે છે મોક્ષની અને ઉપાસના કરે છે પરપદાર્થોની. પરપદાર્થોના બંધનથી સર્વથા છૂટવાનું નામ જ 'મોક્ષ' છે, હવે જો પરપદાર્થોમાં અનુરાગ રાખવામાં આવે તો તેમના બંધનથી છૂટવાનું કેવી રીતે બને? આવા લોકોની સ્થિતિ તે યાત્રીઓ જેવી છે જેઓ જવા તો ઇચ્છે છે હિમાલય પર્વત પર અને ચાલી રહ્યા છે સમુદ્રની તરફ. ૫૦

## પરદ્રવ્યના ચિંતક અને શુદ્ધાત્માના ચિંતકની સ્થિતિ.

**परद्रव्यीभवत्यात्मा परद्रव्यविचिन्तकः ।**
**क्षिप्र[1]मात्मत्वमायाति विविक्तात्मविचिन्तकः ॥ ५१ ॥**

શબ્દાર્થઃ—( **परद्रव्यविचिन्तकः** ) પરદ્રવ્યની ચિંતામાં મગ્ન રહેનાર ( **आत्मा** ) આત્મા ( **परद्रव्यी भवति** ) પરદ્રવ્ય જેવો થઈ જાય છે અને ( **विविक्तात्मविचिन्तकः** ) શુદ્ધ આત્માના ધ્યાનમાં મગ્ન આત્મા ( **क्षिप्रमात्मत्वम्** ) શીઘ્ર આત્મતત્ત્વને-પોતાના શુદ્ધ સ્વરૂપને-( **आयाति** ) પ્રાપ્ત કરી લે છે.

---

૧. आ क्षिप्रमात्मात्व ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:—આ પદ્યમાં પરપદાર્થોના ચિંત્વનનો દોષ અને સ્વાત્મચિંત્વનનો ગુણ બતાવ્યો છેઃ લખ્યું છે કે જે નિરંતર પરદ્રવ્યોના ચિંતનમાં રત રહે છે તે પરદ્રવ્ય જેવો થઇ જાય છે અને જે શુદ્ધ આત્માના ચિંતનમાં લીન રહે છે તે શીઘ્ર પોતાનું આત્મસ્વરૂપ પામે છે-પરદ્રવ્યરૂપ અથવા બહિરાત્મા રહેતો નથી. ૫૧.

## શુદ્ધાત્માનું સ્વરૂપ

**कर्म–नोकर्म–निर्मुक्तममूर्तमजरामरम् ।**
**[१]निर्विशेषमसंबद्धमात्मानं योगिनो विदुः ॥ ५२ ॥**

શબ્દાર્થ:—( योगिनः ) યોગીજનો ( आत्मानं ) આત્માને ( कर्म–नोकर्म निर्मुक्तम ) કર્મ-નોકર્મથી રહિત-જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મો, રાગદ્વેષાદિ ભાવકર્મો અને શરીરાદિ નોકર્મોથી રહિત-( अमूर्तम् )-અમૂર્તિક-સ્પર્શ, રસ-ગંધ-વર્ણ-વિહીન-( अजरामरम् ) અજર-અમર-જન્મ-જરા-મરણથી રહિત ( निर्विशेषम् ) નિર્વિશેષ-વિશેષ અથવા ગુણભેદથી રહિત સામાન્ય સ્વરૂપ-અને ( असंबद्धम् ) સર્વ પ્રકારના સંબંધો અને બંધનોથી રહિત સ્વતંત્ર ( સ્વાધીન ) -( विदुः ) બતાવે છે.

વ્યાખ્યા:—જે શુદ્ધાત્માના ચિંતનનો પાછળના પદ્યમાં ઉલ્લેખ છે તેને અહીં એક બીજી જ રીતે સ્પષ્ટ કરેલ છે. એમ બતાવ્યું છે કે તે આત્મા ( દ્રવ્યભાવરૂપ ) કર્મોથી, (શરીરાદિ રૂપ) નોકર્મોથી રહિત છે, (સ્પર્શ-રસ, ગંધ-વર્ણની વ્યવસ્થારૂપ, મૂર્તિ રહિત) અમૂર્તિક છે ( કદી વૃદ્ધાવસ્થાથી ગ્રસ્ત ન થનાર ) અજર છે, ( કદી મરણને પ્રાપ્ત ન થનાર ) અમર છે, સર્વ વિશેષો રહિત અવિશેષ અને સર્વ પ્રકારના બંધનોથી રહિત અસંબદ્ધ છે. યોગીઓએ આ રૂપે શુદ્ધાત્માનો અનુભવ કરીને તેનો નિર્દેશ કર્યો છે. ૫૨

---

૧. जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं ।
अविशेषमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि ॥ १४ ॥—સમયસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્માને સ્વભાવથી વર્ણ-ગંધાદિનો અભાવ.

[1]वर्ण–गन्ध–रस–स्पर्श–शब्द–देहेन्द्रियादयः ।
चेतनस्य न विद्यन्ते निसर्गेण कदाचन ॥ ५३ ॥

**શબ્દાર્થ:**—( **चेतनस्य** ) ચેતન આત્માને ( **वर्ण–गन्ध–रस–स्पर्श–शब्द–देहेन्द्रियादयः** ) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, દેહ, ઇન્દ્રિયો વગેરે ( **निसर्गेण** ) સ્વભાવથી ( **कदाचन** ) કદીપણ ( **न विद्यन्ते** ) વિદ્યમાન હોતા નથી.

**વ્યાખ્યા:**—પાછળના પદ્યમાં શુદ્ધાત્માને જે '**कर्मनोकर्मनिर्मुक्त**' અને '**अमूर्त**' વિશેષણ આપ્યાં છે તેનો વિષય અહીં સ્પષ્ટ કરવામાં આવ્યો છેઃ લખ્યું છે કે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ, દેહ અને ઇન્દ્રિયો વગેરે એ બધા કદી પણ સ્વભાવથી ચેતનાત્માનાં રૂપ નથી, કારણકે એ બધાં પુદ્ગલ દ્રવ્યનાં પરિણામ છે. 'આદિ' શબ્દથી રૂપ, સંસ્થાન, સંહનન, રાગ, દ્વેષ, મોહ, માર્ગણા તથા કર્મવર્ગણાદિ ગુણસ્થાન પર્યંત તે બધા ભાવોનું ગ્રહણ છે જેનો સમયસારમાં ( ગાથા ૫૦ થી ૫૫ સુધી ) ઉલ્લેખ છે. આ બધું કથન નિશ્ચયનયની દૃષ્ટિએ છે, જેનું સૂચન '**निसर्गेण**' પદથી થાય છે, જે સ્વભાવનું વાચક છે–વિભાવનું નહિ. પુદ્ગલ દ્રવ્યના સંબંધથી જે કાંઇ પરિણામ આત્મામાં થાય છે તે બધા વિભાવ પરિણામ છે અને તેથી જીવને વર્ણાદિનું હોવું એ બધું વ્યવહારનયની દૃષ્ટિએ છે, નિશ્ચયનયની દૃષ્ટિએ નહિ. કે જે શ્રી કુન્દકુન્દાચાર્યના સમયસારની નીચેની ગાથામાં પ્રગટ કરવામાં આવેલ છે.

---

१ जीवस्स णत्थि वण्णो णवि गंधो णवि रसो णवि य फासो ।
णवि रूवं ण सरीरं णवि संठाणं ण संहणणं ॥ ५० ॥
जीवस्य णत्थि रागो णवि दोसो णेव विज्जदे मोहो ।
णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णत्थि ॥ ५१ ॥
जीवस्य णत्थि वग्गो ण वग्गणा णेव फड्ढया केई ।
णो अज्झप्पट्ठाणा णेव य अणुभाय ट्ठाणाणि ॥ ५२ ॥
जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बंधठाणा वा ।
णेव य उदयट्ठाणा ण मग्गणट्ठाणया केई ॥ ५३ ॥
णो ठिदिबंधट्ठाणा जीवस्य ण संकिलेसगणा वा ।
णेव विसोहिट्ठाणा णो संजमलद्धि–ठाणा वा ॥ ५४ ॥
णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्य ।
जेण दु एदे सव्वे पुग्गलदव्वस्स परिणामा ॥ ५५ ॥—સમયસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ववहारेण दुएदे जीवस्स हवंति वण्णमाईया ।
गुणठाणंता भावा ण दु केई णिच्छयण यस्स ॥ ५३ ॥

## શરીરના યોગે વર્ણાદિની સ્થિતિનું સ્પષ્ટીકરણ.

शरीर-योगतः सन्ति वर्ण-गन्ध-रसादयः ।
स्फटिकस्येव शुद्धस्य रक्त-पुष्पादि-योगतः ॥ ५४ ॥

શબ્દાર્થ:— ( शुद्धस्य ) શુદ્ધ આત્માને (वर्ण-गन्ध-रसादयः ) વર્ણ, ગંધ, રસાદિ ( शरीर-योगतः ) શરીરના સંબંધથી હોય છે; ( स्फटिकस्येव ) જેમ શુદ્ધ–શ્વેત સ્ફ-ટિકને ( रक्त-पुष्पादि-योगतः ) લાલ, પીળા, લીલા વગેરે પુષ્પોના સંબંધથી લાલ–પીળો લીલો વગેરે રંગ હોય છે.

વ્યાખ્યા:— આ પદ્યમાં આત્માને વર્ણાદિક વિકારરૂપ વિભાવ–પરિણમન નિશ્ચયથી નથી થતું પરંતુ વ્યવહારથી કહેવામાં આવે છે, એ વાત એક ઉદાહરણ દ્વારા દર્શાવવામાં આવી છે. લખ્યું છે કે જેવી રીતે લાલ–પીળા–લીલા વગેરે પુષ્પોના સંબંધથી શુદ્ધ સ્ફ-ટિકને લાલ, પીળા લીલા આદિ રંગવાળું કહેવાય છે તેવી જ રીતે જીવાત્માને શરીરના સંબંધથી વર્ણ–ગંધ–રસાદિ રૂપ કહેવામાં આવે છે— વાસ્તવમાં આ તેનું રૂપ નથી, લાલ પુષ્પાદિ જેવી શરીરના ઉપાધિથી તે સંબંધ રાખે છે. ૫૪

## રાગાદિ ઔદયિક ભાવોને આત્માનો સ્વભાવ માનવામાં આપત્તિ.

राग-द्वेष-मद-क्रोध-लोभ-मोह-पुरस्सराः ।
भवन्त्यौदयिका दोषाः सर्वे संसारिणः सतः ॥ ५५ ॥
यदि चेतयितुः सन्ति स्वभावेन क्रुधादयः ।
भवन्तस्ते विमुक्तस्य निवार्यन्ते तदा कथम् ॥ ५६ ॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ**— ( **संसारिणः** ) સંસારી જીવને જે ( **राग-द्वेष-मद-क्रोध-लोभ-मोह पुरस्सराः** ) રાગ-દ્વેષ-મદ-ક્રોધ-લોભ-મોહ આદિ ( **सतः दोषाः** ) દોષ છે તે ( **सर्वे** ) બધા ( **औदयिकाः भवन्ति** ) ઔદયિક છે. કર્મોના ઉદયવશ થાય છે. ( સ્વભાવથી નથી હોતા ). ( **यदि** ) જો ( **चेतयितुः** ) ચેતન આત્માને ( **क्रुधादयः** ) ક્રોધાદિ દોષોનું ( **स्वभावेन सन्ति** ) હોવું સ્વભાવથી માનવામાં આવે (**तदा**) તો ( **ते भवन्तः विमुक्तस्य** ) તે દોષો મુક્ત આત્માને હોવાનો ( **कथम् निवार्यन्ते** ) નિષેધ કેવી રીતે કરી શકાય ? – કરી શકાય નહિ; કારણ કે સ્વભાવનો કદી અભાવ થતો નથી.

**વ્યાખ્યાઃ**—કર્મોના ઉદય નિમિત્તે સર્વ સંસારી આત્માઓમાં જે દોષ-વિકાર ઉત્પન્ન થાય છે તેને ઔદયિક ભાવ કહે છે અને તે મુખ્યપણે એકવીસ પ્રકારના માનવામાં આવ્યા છે[1] તેમાંથી અહીં પ્રથમ પદ્યમાં રાગ, દ્વેગ, મદ, ( માન), ક્રોધ, લોભ, મોહ (મિથ્યાદર્શન) આ નામોથી છનો તો ઉલ્લેખ કર્યો છે, બાકી બધા નો આદિ અર્થવાચક '**पुरस्सराः**' પદ-દ્વારા સંગ્રહ કરવામાં આવ્યો છે, જેમાં નર-નારક-તિર્યંચ-દેવ એવા ચાર ગતિઓના ભાવનો, માયા કષાયનો પુરુષ-સ્ત્રી-નપુંસક-ભાવરૂપ ત્રણ લિંગો ( વેદો ) નો, કૃષ્ણ-નીલ-કાપોત-વીત-પદ્મ-શુકલરૂપ છ ભાવ લેશ્યાઓનો, એક અજ્ઞાન, એક અસંયમ અને એક અસિદ્ધ ભાવનો સમાવેશ છે. આ રીતે સંખ્યા ૨૧ ના બદલે ૨૩ થઈ જાય છે, જેનું કારણ રાગ દ્વેષને પ્રસિદ્ધિને કારણે જુદા ગણ્યા તે છે. જો કે તે કષાય-નોકષાયમાં આવી જાય છે; કારણ કે રાગ લોભ, માયા, હાસ્ય, રતિ, કામ આ પાંચરૂપ અને દ્વેષ ક્રોધ, માન, અરતિ, શોક, ભય, જુગુપ્સા આ છ રૂપ હોય છે.[2]

બીજા શબ્દોમાં એમ કહેવું જોઈએ કે રાગ, દ્વેષ અને મોહમાં જો કે આખુંય મોહનીય કર્મ આવી જાય છે છતાં પણ ક્રોધ, માન અને લોભાદિનું જે અહીં જુદૂં ગ્રહણ કર્યું છે તે સ્પષ્ટતાની દૃષ્ટિએ સમજવું જોઈએ. ઔદયિક ભાવ બધા વિભાવ હોય છે-સ્વભાવ નહીં; તેથી જ તેમનો 'દોષ' પદ દ્વારા ઉલ્લેખ કર્યો છે કે જે વિકારવાચક છે.

બીજા પદ્યમાં એ બતાવ્યું છે કે જો ચેતનાત્માના આ ક્રોધાદિ ઔદયિ ભાવો ચેતનાત્માને સ્વભાવથી છે એમ માનવામાં આવે તો મુક્તાત્માને તે હોવાનો નિષેધ કેવી રીતે કરી શકાય ? – કરી શકાય નહિ; કેમ કે સ્વભાવનો તો કદી અભાવ થતો નથી, તેથી

---

૧. **गति-कषाय-लिङ्ग- मिथ्यादर्शनासंयतासिद्ध-**
**लेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैकषड्भेदाः** ॥—ત. સૂત્ર ૨-૬,

૨. **रागः प्रेम रतिर्माया लोभं हास्यं च पञ्चधा ।**
**मिथ्यात्व भेदयुक् सोऽपि मोहो द्वेषः क्रुधापि षट्** ॥—અધ્યાત્મ રહસ્ય-૨૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સંસારાવસ્થામાંથી મુક્તતાવસ્થા પ્રાપ્ત થવા છતાં પણ તેનું અસ્તિત્વ ચાલુ રહેવું જોઈએ; પણ એમ છે નહિ. એમ માનતાં સંસારી અને મુક્ત જીવોમાં પછી કોઈ તફાવત રહેતો નથી અને 'संसारिणो मुक्ताश्च (जीवा:)' આ સૂત્રનો વિરોધ ઘટિત થાય છે. ૫૫-૫૬.

## જીવને ગુણસ્થાનાદિ ૨૦ પ્રરૂપણાઓની સ્થિતિ.

**[3]गुणजीवादयः सन्ति विंशतिर्याः प्ररूपणाः ।**
**कर्मसंबन्धनिष्पन्नास्ता जीवस्य न लक्षणम् ॥ ५७ ॥**

**શબ્દાર્થ:**—(गुणजीवादय:) ગુણસ્થાન-જીવસમાસ-માર્ગણાસ્થાન આદિ (या:) જે (विंशति:) વીસ (प्ररूपणा:) પ્રરૂપણાઓ (सन्ति) છે (ता:) તે (जीवस्य) જીવને (कर्मसंबन्धनिष्पन्ना:) કર્મસંબંધથી ઉત્પન્ન થાય છે; (न लक्षणम्) જીવના લક્ષણરૂપ નથી.

**વ્યાખ્યા:**—અહીં 'जीवस्य' પદ તે શુદ્ધ સ્વભાવસ્થ જીવાત્માનું વાચક છે જેનું કથન પહેલેથી ચાલતું આવ્યું છે અને જેના માટે આગળના પદ્યમાં 'विशुद्धस्य' આ વિશેષણ-પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે અને જે કર્મોના સંબંધથી રહિત શુદ્ધ (વિમુક્ત) નિષ્કલ પરમાત્મા હોય છે. તેને જ અહીં એમ કહીને વધારે સ્પષ્ટ કરેલ છે કે ગુણસ્થાન, જીવ-સમાસ વગેરે જે વીસ પ્રરૂપણાઓ છે તે પણ તેનું કોઈ લક્ષણ નથી. તે વીસ પ્રરૂપણાઓનાં નામ આ પ્રમાણે છે:—૧. ગુણસ્થાન, ૨. જીવસમાસ, ૩. પર્યાપ્તિ, ૪. પ્રાણ, ૫. સંજ્ઞા ૬-૧૯ ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞિત્વ, આહાર નામની ચૌદ માર્ગણાઓ, ૨૦. ઉપયોગ; કે જે આગમ-પ્રસિદ્ધ આ બે ગાથાઓથી જાણી શકાય છે,—

**गुण–जीवा–पज्जत्ती पाणा सण्णा य मग्गणाओ य ।**
**उव ओगोवि य कमसो वीसं तु परूवणा भणिदा ॥**
**गइ इंदिये य काये जोए वेये कसायणाणे य ।**
**संजम–दंसण–लेस्सा भविया सम्मत्त सण्णि आहारे ॥**

---

३. **णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स ।**
**जेण दु एदे सव्वे पुग्गलदव्वस्स परिणामा ॥५५॥**—સમયસાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ બધાના અવાન્તર ભેદો અને તેમનું સ્વરૂપ ષટ્ખંડાગમ, ગોમ્મટસાર, પંચ-સંગ્રહ આદિ સિદ્ધાંત-ગ્રંથોમાંથી જાણી શકાય છે. અહીં સંક્ષેપમાં એટલું જ કહી દીધું છે કે જે કોઈ પણ જીવ-વિષયક પ્રરૂપણા કોઈ પણ કર્મના અસ્તિત્વ સાથે સંબંધ રાખે છે શુદ્ધ ( મુક્ત ) જીવની પ્રરૂપણા નથી અને તેથી તેને સંસારી જીવની પ્રરૂપણા સમજવી જોઇએ. ૫૭.

## ક્ષાયોપક્ષમિક ભાવ પણ શુદ્ધજીવનું રૂપ નથી.

**क्षायोपशमिकाः सन्ति भावा ज्ञानादयोऽपि ये ।**
**स्वरूपं तेऽपि जीवस्य विशुद्धस्य न तत्त्वतः ॥५८॥**

**શબ્દાર્થ:**—(ये) જે (ज्ञानादयः अपि) જ્ઞાન આદિના પણ રૂપમાં (क्षायोपशमिकाः भावाः सन्ति) ક્ષાયોપશમિક ભાવ છે (ते अपि) તે પણ (तत्त्वतः) તત્ત્વ દૃષ્ટિએ (विशुद्धस्य जीवस्य) વિશુદ્ધ જીવનું (स्वरूपं न) સ્વરૂપ નથી.

**વ્યાખ્યા:**—શુદ્ધ-આત્માનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં જે રીતે પાછલા પદ્યોમાં એ બતાવતા આવ્યા છે કે ગુણસ્થાનાદિરૂપ વીસ પ્રરૂપણા અને જેટલા કોઈ ઔદયિક ભાવ છે તે બધા કર્મજન્ય તથા કર્મોના સંબંધથી નિષ્પન્ન થવાને કારણે આત્માના નિજભાવ અથવા સ્વભાવ ન હોતાં વિભાવ-ભાવ છે, તેવી જ રીતે આ પદ્યમાં ક્ષાયોપશમિક ભાવોના વિષયમાં પણ લખ્યું છે કે તે પણ તાત્ત્વિકદૃષ્ટિએ વિશુદ્ધાત્માના ભાવ નથી; કારણ કે તેમની ઉત્પત્તિમાં પણ કર્મોના ક્ષયોપશમનો સંબંધ છે: દેશઘાતિ સ્પર્દ્ધકો ( કર્મવર્ગણા-સમૂહ ) નો ઉદય રહે, સર્વઘાતિ સ્પર્દ્ધકોનો ઉદયાભાવી ક્ષય અને તેમનો જ ( આગામી કાળમાં ઉદય આવવાની અપેક્ષાએ ) સદવસ્થારૂપ ઉપશમ થવાથી ક્ષાયોપશમિક ભાવ થાય છે.[૧] ક્ષાયોપશમિક ભાવના અઢાર ભેદર છે: મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યયરૂપ ચાર જ્ઞાન; કુમતિ-કુશ્રુત-કુઅવધિરૂપ ત્રણ અજ્ઞાન; ચક્ષુ-અચક્ષુ-અવધિરૂપ ત્રણ દર્શન; દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યરૂપ પાંચ લબ્ધિઓ; એક સમ્યકત્વ જેને વેદક સમ્યકત્વ કહે છે, એક ચારિત્ર (સંયમ)

---

૧. सर्वघातिस्पर्द्धकानामुदयक्षयात्तेषामेव सदुपशमाद् देशघातिस्पर्द्धकानामुदये क्षायोपशमिको भावो भवति ।—સર્વાર્થસિદ્ધિ.

૨. ज्ञानाज्ञान-दर्शनलब्धयश्चतुस्त्रित्रिपंचभेदाः सम्यकत्वचारित्रसंयमासंयमाश्च ।
—ત. સૂત્ર. ૨-૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને એક સંયમાસંયમ. આ અઢાર ભેદોમાં જ્ઞાન, અજ્ઞાન, દર્શન અને લબ્ધિરૂપ ભાવ પોત પોતાના આવરણ અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી થાય છે.૩

અહીં ક્ષાયોપશમિક જ્ઞાનાદિને શુદ્ધાત્માનું સ્વરૂપ ન બતાવવાથી એ સ્પષ્ટ જાણી શકાય છે કે તે આત્માનો સ્વભાવ ન હોતાં વિભાવ છે. જ્ઞાન-દર્શન બન્ને ઉપયોગ સ્વભાવ-વિભાવના ભેદથી બબ્બે ભેદરૂપ છે. સ્વભાવ જ્ઞાન-દર્શન કેવળજ્ઞાન અને કેવળદર્શન છે, જે ઈન્દ્રિય રહિત અને પરની સહાયથી શૂન્ય અસહાય હોય છે. બાકીના બધા જ્ઞાન-દર્શન વિભાવરૂપ છે; કે જે શ્રી કુન્દકુન્દાચાર્યની નીચેની બે ગાથાઓમાં પ્રગટ છેઃ—

केवलमिंदियरहियं असहायं तं सहावणाणं त्ति ।
सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं ॥ ११ ॥
तह दंसण उवओगोससहावेदर वियप्पदो दुविहो ।
केवलमिंदिय रहियं असहायं तं सहावमिदि भणिदं ॥ १३ ॥

—નિયમસાર.૫૮

## ક્યા યોગી ક્યારે કોનું કેવી રીતે ચિંતન કરીને મોક્ષને પ્રાપ્ત થાય છે?

गलित-निखिल-राग-द्वेष-मोहादि-दोषः
सततमिति विभक्तं चिन्तयन्नात्मतत्त्वम् ।
गतमलमविकारं ज्ञान-दृष्टि-स्वभावं
जनन-मरण-मुक्तं मुक्तिमाप्नोति योगी ॥ ५९ ॥

શબ્દાર્થઃ—(गतमलम्) જે ગતમલ-જ્ઞાનાવરણાદિ કર્મમળરહિત-છે-(अविकारम्) અવિકાર છે-રાગાદિ વિકારી ભાવોથી શૂન્ય છે-(जनन-मरण-मुक्तं)જન્મમરણથી મુક્ત છે અને (ज्ञान-दृष्टि-स्वभावं) જ્ઞાનદર્શનસ્વભાવમય છે, એવા (विभक्तं) વિભક્ત-પરપદાર્થોથી ભિન્ન-(आत्मतत्त्वं सततम् चिन्तयन्) આત્મતત્ત્વનું નિરંતર ધ્યાન કરનાર (योगी) યોગી (गलित-निखिल-राग-द्वेष-मोहादि-दोषः) પૂર્ણરૂપે રાગ-દ્વેષ-મોહ-આદિ દોષથી રહિત થઈ જાય છે અને તે (मुक्तिमाप्नोति) મોક્ષને પામે છે.

૩. तत्र ज्ञानादीनां वृत्तिः स्वावरणान्तराय-क्षयोपशमाद् व्याख्यातव्या ।
—સર્વાર્થસિદ્ધિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યાખ્યા:**—આ પ્રથમ અધિકારનું ઉપસંહાર-આત્મક પદ્ય છે, જેમાં આખાય અધિકારનો સાર ખેંચીને ભરી દીધો છે. એમાં બતાવ્યું છે-જેનામાંથી દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ મળ વિકાર દૂર થઈ ગયો છે અને તેથી જે નિર્વિકાર-નિર્દોષ છે; સમ્યક્દર્શન-સ્વભાવરૂપ છે, જન્મમરણથી મુક્ત છે તે શરીરાદિ પરપદાર્થોથી વિભિન્ન થઇ જે યોગી શુદ્ધ આત્મતત્ત્વનું નિરંતર ધ્યાન કરતા થકા પોતાના સર્વ રાગ-દ્વેષ-મોહાદિ દોષોને ગાળી નાખે છે-સોનામાં ચોંટેલ કાલિમાની પેઠે ભસ્મ કરીને પોતાના આત્માથી અલગ કરી નાખે છે-તે સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષને પ્રાપ્ત થાય છે.

આમાં મોક્ષપ્રાપ્તિનો અતિસંક્ષેપથી ખૂબ જ સુંદર કાર્યક્રમ સૂચિત કરવામાં આવ્યો છે.

આ રીતે શ્રી અમિતગતિ-નિસંગયોગિરાજવિરચિત યોગસાર પ્રાભૃતમાં જીવાધિકાર નામનો પ્રથમ અધિકારસમાપ્ત થયો. ૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અજીવાધિકાર

## અજીવ દ્રવ્યોનાં નામ

[1]धर्माधर्म–नभः–काल–पुद्गलाः परिकीर्तिताः ।
अजीवा जीवतत्त्वज्ञैर्जीवलक्षणवर्जिताः ॥ १ ॥

શબ્દાર્થઃ— (**जीवतत्त्वज्ञैः**) જીવતત્ત્વના જ્ઞાતાઓએ (આત્મજ્ઞોએ) (**धर्माधर्म-नभः-काल-पुद्गलाः**) ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલને (**अजीवा**) અજીવ (**परिकीर्तिताः**) કહ્યા છે; (**जीवलक्षणवर्जिताः**) કેમ કે તે જીવના લક્ષણથી રહિત છે.

વ્યાખ્યાઃ— અજીવાધિકારના આ પ્રથમ પદ્યમાં અજીવ-તત્ત્વના ભેદરૂપ પાંચ મૂળ નામ આપ્યાં છે-ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલ. તેમને 'અજીવ' એટલા માટે કહ્યા છે કે એ જીવના ઉક્ત લક્ષણથી રહિત છે કે જે પાછલા અધિકારમાં '**उपयोगो विनिर्दिष्टस्तत्र लक्षणमात्मनः**' (૬) ઇત્યાદિ વાક્યોદ્વારા નિર્દિષ્ટ છે. અહીં ધર્મ અને અધર્મ એ બન્ને શબ્દ ગુણવાચક અથવા પુણ્યપાપના વાચક ન હોતાં દ્રવ્ય-વાચક છે અને તેમની જૈનસિદ્ધાન્ત-માન્ય છ દ્રવ્યોમાં ગણના છે. એમનું સ્વરૂપ આદિ ગ્રંથમાં આગળ આપ્યું છે.૧

---

૧. धर्माधर्माविथाकाशं तथा कालश्च पुद्गलाः ।
अजीवाः खलु पञ्चैते निर्दिष्टाः सर्वदर्शिभिः ॥ २ ॥—તત્ત્વાર્થસાર

अजीवकायाधर्माधर्माकाशपुद्गलाः ॥१॥ द्रव्याणि ॥२॥ कालश्च ॥३९॥—ત. સૂત્ર.

एदे कालागासा धम्माधम्मा य पुग्गला जीवा ।
लब्भंति दव्वसण्णं कालस्स दु णत्थि कायत्तं ॥ १०२ ॥
आगासकालपुग्गलधम्माधम्मेसु णत्थि जीवगुणा ।
तेसिं अचेदणत्तं भणिदं जीवस्स चेदणदा ॥ १२४ ॥—પંચાસ્તિકાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પાંચે અજીવ દ્રવ્યોની સદા સ્વસ્વભાવમાં સ્થિતિ.

**[1]अवकाशं प्रयच्छन्तः प्रविशन्तः परस्परम् ।**
**मिलन्तश्च[2] न मुञ्चन्ति स्व-स्वभावं कदाचन ॥२॥**

શબ્દાર્થઃ— (આ અજીવ) (**अवकाशं**) એકબીજાને અવકાશ-અવગાહ (**प्रयच्छन्तः**) પ્રદાન કરતા, (**परस्परम्**) એક બીજામાં (**प्रविशन्तः**) પ્રવેશ કરતાં (**मिलन्तश्च**) અને એક બીજાની સાથે મળવા છતાં પણ (**स्व-स्वभावं**) પોતાનો નિજ સ્વભાવ (**कदाचन**) કદી (**न मुञ्चन्ति**) છોડતાં નથી.

વ્યાખ્યાઃ— અહીં ઉક્ત પાંચે અજીવોની સ્થિતિનો નિર્દેશ કર્યો છે. લખ્યું છે કે તે પાંચેય એક બીજામાં હળવા-મળવા, એક બીજામાં પ્રવેશ કરવા અને એકબીજાને અવકાશ દેવા છતાં પણ પોતપોતાના સ્વભાવને કદી પણ છોડતાં નથી. ધર્મ અધર્મનું, અધર્મ ધર્મનું, ધર્મ-અધર્મ આકાશનું, અને આકાશ ધર્મ-અધર્મનું, ધર્મ-અધર્મ-આકાશ કાળનું, કાળ ધર્મ-અધર્મ-આકાશનું, ધર્મ-અધર્મ-આકાશ-કાળ પુદ્ગલનું અને પુદ્ગલ ધર્મ-અધર્મ-આકાશ-કાળનું રૂપ કદી ગ્રહણ કરતું નથી. ૨

## અજીવોમાં કોણ અમૂર્તિક છે? કોણ મૂર્તિક છે અને મૂર્તિકનું લક્ષણ.

**अमूर्ता निष्क्रियाः[3] सर्वे मूर्तिमन्तोऽत्र पुद्गलाः[4] ।**
**रूप-गन्ध-रस-स्पर्श-व्यवस्था मूर्तिरूच्यते ॥ ३ ॥**

શબ્દાર્થઃ— (**अत्र**) આ અજીવોમાં (**पुद्गलाः**) પુદ્ગલો (**मूर्तिमन्तः**) મૂર્તિક છે. (**सर्वे**) બાકીના બધા (**अमूर्ताः**) અમૂર્તિક-મૂર્તિરહિત-અને (**निष्क्रियाः**) નિષ્ક્રિય-

---

૧. अण्णोण्णं पविसंता दिंता ओगासमण्णमण्णस्स ।
मेलंता वि य णिच्चं सगं सभावं णवि जहंति ॥ ७ ॥—પંચાસ્તિ

૨. आ, व्या मीलंतश्च ।

૩. आ निः क्रियाः ।

૪. आगास-काल-जीवा धम्माधम्मा य मुत्तिपरिहीणा । मुत्तं पुग्गल दव्वं जीवो खलु चेदणो तेसु ॥ પંચાસ્તિ. —૯૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્રિયાવિહીન છે. ( **रूप-गन्ध-रस-स्पर्श-व्यवस्था** ) રૂપ (વર્ણ) રસ-ગંધ-સ્પર્શની વ્યવસ્થાને ( **मूर्तिः** ) 'મૂર્તિ' ( **उच्यते** ) કહે છે.

**વ્યાખ્યાઃ—** આ પદ્યમાં ઉક્ત પાંચેય અજીવોની સ્થિતિ વધારે સ્પષ્ટ કરવામાં આવી છે-લખ્યું છે કે પુદ્ગલ સિવાય બાકીના ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ ચારે અજીવ તત્ત્વ અમૂર્તિક તથા નિષ્ક્રિય છે, કેવળ પુદ્ગલ દ્રવ્ય મૂર્તિક છે અને તે સક્રિય પણ છે. સાથે સાથ મૂર્તિનું લક્ષણ પણ આપ્યું છેઃ જે પોતાના વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શની વ્યવસ્થા સહિત છે તેને 'મૂર્તિ' બતાવેલ છે. વર્ણના પાંચ-રાતો, પીળો, કાળો, લીલો, ધોળો; ગંધના બે-સુગંધ, દુર્ગંધ; રસના પાંચ-તીખો, કડવો, ખાટો, મીઠો, કષાયલો; અને સ્પર્શના આઠ-કોમળ, કઠોર, ભારે, હલકો, ઠંડો, ગરમ, લૂખો, ચીકણો આ આઠ મૂળ ભેદ છે. પુદ્ગલના આ વીસ મૂળ ગુણોમાંથી મૂર્તિમાં કોઇ એક વર્ણ, એક ગંધ, એક રસ અને શીત-સ્નિગ્ધ, શીત-રૂક્ષ, ઉષ્ણસ્નિગ્ધ, ઉષ્ણ-રૂક્ષ આ ચાર જોડમાંથી કોઇ એક જોડરૂપ બે સ્પર્શ ઓછામાં ઓછા હોવા જ જોઇએ. તેથીજ પંચાસ્તિકાયમાં પરમાણુનું, જે સૌથી સૂક્ષ્મ પુદ્ગલ છે, સ્વરૂપ બતાવતાં '**एय रस वण्णगंधं दो फासं**' ( ગાથા ૮૧ ) દ્વારા તેમાં અનિવાર્ય રૂપે પાંચ ગુણોનું હોવું બતાવ્યું છે. સાથે જ ગદ્દપુદ્ગલ દ્રવ્યને સમજવા, ઓળખવા માટે તેના કેટલાક ભેદાત્મક સ્વરૂપનું પણ નીચેની ગાથા દ્વારા સૂચન કર્યું છે:—

**उवभोज्जमिंदि एहि य इंदिय काया मणो य कम्माणि ।**
**जं हवदि मुत्तमण्णं तं सव्वं पुग्गलं जाणे ॥ ८२ ॥**

— પંચાસ્તિકાય

એમાં બતાવવામાં આવ્યું છે કે જે સ્પર્શનાદિ ઇંદ્રિયોમાંથી કોઈના પણ દ્વારા ભોગવાય છે—સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તથા શબ્દરૂપ પરિણત વિષય-( સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્રરૂપ ) પાંચે દ્રવ્યેન્દ્રિયો, ( ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ તથા કાર્માણ-રૂપ પાંચ પ્રકારના ) શરીર, દ્રવ્યમન, દ્રવ્યકર્મ-નોકર્મરૂપ કર્મ અને અન્ય જે કોઇ પણ મૂર્તિક પદાર્થ છે તે બધા પુદ્ગલ છે. અન્ય મૂર્તિક પદાર્થોમાં તે બધા પદાર્થોનો સમાવેશ થાય છે જે અમૂર્તિકના લક્ષણથી વિપરીત છે અને જુદા જુદા પ્રકારની પર્યાયોની ઉત્પત્તિમાં કારણભૂત જે અસંખ્યાત, સંખ્યાત અણુઓના ભેદથી અનંતાનંત અણુ-વર્ગણાઓ દ્વિ-અણુક સ્કંધ પર્યંત છે અને જે પરમાણુરૂપ છે તે બધા પુદ્ગલ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મૂર્તિક-અમૂર્તિકનું એક લક્ષણ એ પણ કરવામાં આવે છે કે જે વિષય-પદાર્થનું જીવ વડે ઇન્દ્રિયોદ્વારા ગ્રહણ થવા યોગ્ય છે તે બધા મૂર્તિક અને બાકીના બધા અમૂર્તિક છે.[૧] આમાં 'ગ્રહણ કરી શકવાની યોગ્યતા' ના રૂપમાં જે વાત કહેવામાં આવી છે તે ખાસ પણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે; કેમ કે સંખ્યાત-અસંખ્યાત અણુઓના સૂક્ષ્મ પરિણમનસહિત કેટલીયે વસ્તુઓ તથા પુદ્ગલ વર્ગણાઓ એવી હોય છે કે જે વર્તમાન-કાળમાં ઇન્દ્રિયગોચર થઇ શકતી નથી; પરંતુ કાળાન્તરમાં સ્થૂળ પરિણમનના અવસરમાં ઇન્દ્રિયગોચર થાય છે તેથી ઇન્દ્રિયગોચર થવાની યોગ્યતાના સદ્ભાવના કારણે તેમને ઇન્દ્રિય-ગોચર નહિ થવાના અવસરે પણ મૂર્તિક જ સમજવી જોઇએ. પરમાણુ પણ પોતાના શુદ્ધરૂપમાં અતિ સૂક્ષ્મતાના કારણે ઇન્દ્રિયગોચર નથી હોતા, પરંતુ સ્કંધરૂપે પરિણત થઈને જ્યારે સ્થૂળરૂપ ધારણ કરે છે ત્યારે ઇન્દ્રિયોના ગ્રહણમાં આવે છે, તેથી તે પણ મૂર્તિક છે. તેથી જ '**मूर्तिमन्तोऽत्र पुद्गलाः**' આ સૂત્ર દ્વારા પુદ્ગલ-માત્રને મૂર્તિક કહેલ છે. તત્ત્વાર્થ-સૂત્રમાં પણ **रूपिणः पुद्गलाः** આ સૂત્ર દ્વારા તેમને રૂપી-મૂર્તિક બતાવવામાં આવ્યા છે; ભલે તે સૂક્ષ્મ-સ્થૂળ કોઈ પણ અવસ્થામાં કેમ ન હોય.

અહીં એક વાત બીજી પણ જાણી લેવાની છે અને તે એ કે મૂર્તિકમાં રૂપ, ગંધ, રસ, સ્પર્શની વ્યવસ્થાનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે ક્રમશઃ આંખ, નાક, જીભ, સ્પર્શન આ ચાર ઇન્દ્રિયોના વિષય છે; પરંતુ પાંચમી શ્રોત્ર ઇન્દ્રિયનો વિષય જે શબ્દ છે તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, તેનું કારણ એ છે કે શબ્દ પુદ્ગલનો કોઈ ગુણ-સ્વભાવ નથી, જે સ્થાયી રૂપે તેમાં પ્રાપ્ત થતો હોય. ચાર ઇન્દ્રિયોના વિષય સ્પર્શ-રસ-ગંધ-વર્ણના રૂપે છે તેજ શબ્દરૂપે પરિણમીને શ્રોત્ર ઇન્દ્રિયદ્વારા ગ્રહણ કરવામાં આવે છે.[૨] તેથી જ શુદ્ધ પુદ્ગલ રૂપે જે જે પરમાણુ છે તેને 'અશબ્દ'—શબ્દ રહિત કહેવામાં આવ્યા છે—એક પ્રદેશી હોવાના કારણે તેમાં શબ્દ-પર્યાયરૂપ પરિણતિ વૃત્તિનો અભાવ છે, પરંતુ શબ્દસ્કંધરૂપ પરિણતિ શક્તિનો સદ્ભાવ હોવાથી તે શબ્દનું કારણ થાય છે.[૩] ૩.

---

૧ **जे खलु इंदियगेज्झा विसया जीवेहिं हुंति ते मुत्ता ।**
**सेसं हवदि अमुत्तं चित्तं उभयं समादियदि** ॥—પંચાસ્તિ.૯૯

૨ **श्रोत्रेन्द्रियेण तु त एव तद्विषयहेतुभूतशब्दाकारपरिणता गृह्यन्ते ।**
—પંચાસ્તિ. ટીકા-અમૃતચંદ્રાચાર્ય.

૩ **परमाणुः शब्द-स्कन्ध-परिणति-शक्ति-स्वभावात् शब्दकारणं एकप्रदेशत्वेन शब्दपरिणतिवृत्त्यभावादशब्दः** ।—અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિ. ૮૧ ટીકા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જીવસહિત પાંચે અજીવની દ્રવ્ય-સંજ્ઞા

**[3]जीवेन सह पञ्चापि द्रव्याण्येते निवेदिताः ।**
**गुणपर्ययवद्द्रव्यमिति लक्षण-योगतः ॥ ४ ॥**

**શબ્દાર્થઃ**—( **एते** ) એ ( **पञ्चापि** ) પાંચ અજીવ ( **जीवेन सह** ) જીવ સહિત ( **द्रव्याणि निवेदिताः** ) 'દ્રવ્ય' કહેવામાં આવ્યાં છે; કારણ કે તે ( **गुण-पर्ययवद् द्रव्यम्** ) 'ગુણપર્યયવાળું તે દ્રવ્ય' ( **इति लक्षण-योगतः** ) એવા દ્રવ્યના લક્ષણ સહિત છે.

**વ્યાખ્યાઃ**—પૂર્વોક્ત પાંચે અજીવ જીવ સહિત 'દ્રવ્ય' કહેવાય છે. અને તેથી દ્રવ્યોની મૂળ સંખ્યા છ છેઃ છ પ્રકારનાં દ્રવ્ય છે. આ છની સંખ્યામાં કદી વધ ઘટ થતી નથી. આ છએ ગુણ પર્યાયવાળાં છે, તેથી જ '**गुण-पर्ययवद् द्रव्यम्**' આ સૂત્ર અનુસાર એમને દ્રવ્ય કહેવામાં આવે છે.

શ્રી કુંદકુંદાચાર્યે પંચાસ્તિકાયમાં દ્રવ્યનું નિરૂપણ ત્રણ પ્રકારે કર્યું છે. એક સત્ લક્ષણવાળું, બીજું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત, અને ત્રીજું ગુણ પર્યાયાશ્રય ( ગુણ પર્યાયોના આધારભૂત ); કે જે તેની નીચેની ગાથાથી જાણી શકાય છેઃ-

**दव्वं सल्लक्खणियं उप्पादव्वयधुवत्तसंजुत्तं ।**
**गुणपज्जासयं वा जं तं भण्णंति सव्वण्हू ॥ १० ॥**

આમાંથી ત્રીજું લક્ષણ તત્ત્વાર્થસૂત્રના '**गुण-पर्ययवद्-द्रव्यं**' સૂત્ર સાથે તથા પહેલું લક્ષણ '**सद्द्रव्यलक्षणं**' સૂત્ર સાથે એકતા રાખે છે. અને બીજા લક્ષણને માટે તત્ત્વાર્થ-સૂત્રમાં '**उत्पाद-व्यय-ध्रौव्य-युक्तं सत**' આ સૂત્રનું સર્જન કરવામાં આવ્યું છે કે જે સતનું લક્ષણ છે. સત્ દ્રવ્યનું લક્ષણ હોવાથી સત્‌નું જે લક્ષણ તે દ્રવ્યનું પણ લક્ષણ થઈ જાય છે. આ ત્રણે લક્ષણોમાં સામાન્યરીતે કાંઈક ભેદ દેખાવા છતાં વિશેષ પણે કાંઈ ભેદ નથી-ત્રણે એક જ આશયના દ્યોતક છે, એ વાત ગ્રંથના આગળના પદ્યોથી સ્પષ્ટ થઈ જાય છે. ૪.

3 अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ५-१ ।
द्रव्याणि ५-२, जीवाश्च ५-३, कालश्च ५-३९ ।—ત. સૂત્ર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## દ્રવ્યનું વ્યુત્પતિપરક લક્ષણ અને સદા સત્તામય સ્વરૂપ.

[१]द्रूयते गुणपर्यायैर्यद्द् द्रवति तानथ ।
तद् द्रव्यं भण्यते षोढा सत्तामयमनश्वरम् ॥ ५ ॥

શબ્દાર્થઃ—( यद् ) જે ( गुणपर्यायैः ) ગુણપર્યાયો દ્વારા ( द्रूयते ) દ્રવિત થાય છે અથવા ( तान् ) તે ગુણ-પર્યાયોને ( द्रवति ) દ્રવિત કરે છે ( तद् ) તે ( द्रव्यं ) 'દ્રવ્ય' ( भण्यते ) કહેવાય છે ( આ દ્રવ્યનું નિર્યુક્તિ-પરક લક્ષણ છે ). દ્રવ્ય ( षोढा ) છ ભેદરૂપ છે, ( सत्तामयम् ) સત્તામય છે-ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય યુક્ત છે-અને ( अनश्वरम् ) અવિનશ્વર છે-કદી નષ્ટ ન થાય તેવું છે.

વ્યાખ્યાઃ—આ પદ્યમાં 'દ્રવ્ય' શબ્દની વ્યાકરણ-સંમત નિર્યુક્તિ દ્વારા દ્રવ્યના પૂર્વ પદ્યમાં વર્ણવેલ લક્ષણનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. લખ્યું છે કે જે ગુણ-પર્યાયોદ્વારા દ્રવિત થાય છે અથવા ગુણ-પર્યાયોને દ્રવિત કરે છે-પ્રાપ્ત થાય છે-તેને દ્રવ્ય કહેવામાં આવે છે અને તે છ ભેદરૂપ છે. આ છ ભેદરૂપ દ્રવ્ય સત્તામય છે, તેથી 'सद् द्रव्यलक्षणम्' આ સૂત્ર અનુસાર દ્રવ્યનું લક્ષણ સત્ પણ છે અને આ સત્ તથા સત્ લક્ષણના કારણે દ્રવ્યને 'અનશ્વર'-કદી નાશ ન પામનાર-કહેવામાં આવે છે. ૫.

## સર્વપદાર્થગત્ સત્તાનું સ્વરૂપ.

[२]ध्रौव्योत्पादलयालीढा सत्ता सर्वपदार्थगा ।
एकशोऽनन्तपर्याया प्रतिपक्षसमन्विता ॥ ६ ॥

શબ્દાર્થઃ—( सत्ता ) સત્તા ( ध्रौव्योत्पादलयालीढा ) ધ્રૌવ્ય-ઉત્પત્તિ-વ્યયાત્મિકા, ( सर्व पदार्थगा ) સર્વ પદાર્થોમાં વ્યાપનારી, ( एकशः अनन्तपर्याया ) એકથી માંડીને અનંત પર્યાયોની ધારક અને ( प्रतिपक्षसमन्विता ) પ્રતિપક્ષ સહિત-અસત્તા આદિ સાથે વિરોધ ન રાખનાર-હોય છે.

---

१. दवियदि गच्छदि ताइं ताइं सब्भाव पज्जयाइं जं ।
दवियं तं भण्णंते अणण्ण भूदं तु सत्तादो ॥ ९ ॥—પંચાસ્તિ.

२. सत्ता सव्वपयत्था सविस्सरूवा अणंतपज्जाया ।
भंगुप्पादधुवत्ता सप्पडि वक्खा हवदि एक्का ॥ ८ ॥—પંચાસ્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યાખ્યા:**—પાછળના પદ્યમાં જે સત્તાનો ઉલ્લેખ છે તેનું આ પદ્યમાં લક્ષણ આપ્યું છે અને તેને ધ્રૌવ્યોત્પત્તિ-વ્યયાત્મક બતાવ્યું છે. તથા સર્વ પદાર્થોમાં વ્યાપ્ત કહ્યું છે. કોઈ પણ પદાર્થ ચાહે તે ઉત્પાદરૂપ, વ્યયરૂપ કે ધ્રૌવ્યરૂપ હોય તે સત્તાથી ખાલી નથી. અને તે સત્તાની એકથી માંડીને અનંત પર્યાયો છે. સત્તારૂપ દ્રવ્યની પર્યાયોનો કદી ક્યાંય અંત આવતો નથી. જો અંત આવી જાય તો દ્રવ્ય જ સમાપ્ત થઈ જાય અને દ્રવ્ય સત્ રૂપ હોવાથી અને સત્ ધ્રૌવ્યરૂપ હોવાથી તેનો કદી નાશ થતો નથી. ઉત્પાદ-વ્યય દ્રવ્યની પર્યાયોમાં થયા કરે છે, દ્રવ્યમાં અથવા ધ્રૌવ્યરૂપ ગુણોમાં નહિ. સાથે જ સત્તાને '**प्रतिपक्ष-समन्विता**'-પ્રતિપક્ષ સાથે વિરોધ ન રાખનાર બતાવી છે. સત્તાનો પ્રતિપક્ષ અસત્તા છે. સત્તા ઉત્પાદ-વ્યયની દૃષ્ટિએ બન્ને રૂપ છે તેથી અસત્તાની સાથે તેનો વિરોધ બનતો નથી.

આ સર્વપદાર્થ સ્થિત અને સવિશ્વરૂપ સત્તાને પંચાસ્તિકાયમાં એક બતાવી છે અને તેથી તે 'મહાસત્તા' છે. પદાર્થોના ભેદની દૃષ્ટિએ મહાસત્તાની અવાન્તર-સત્તા એ તે જ રીતે અનેકાનેક તથા અનંત થાય છે, જેવી રીતે અખંડ એક આકાશ દ્રવ્યમાં અંશ કલ્પના દ્વારા તેની અનંત અવાન્તર સત્તાઓ થાય છે. સત્તાનો પ્રતિપક્ષ જેમ અસત્તા છે તેમ એકરૂપતાનો પ્રતિપક્ષ નાનારૂપતા, એક-પદાર્થ-સ્થિતિનો પ્રતિપક્ષ નાના-પદાર્થ-સ્થિતિ, ધ્રૌવ્યોત્પત્તિ વિનાશરૂપ ત્રિલક્ષણા સત્તાનો પ્રતિપક્ષ ત્રિલક્ષણાભાવ, એકનો પ્રતિપક્ષ અનેક અને અનંતપર્યાયનો પ્રતિપક્ષ એક પર્યાય છે.[૧] ૬

## દ્રવ્યના ઉત્પાદ-વ્યય પર્યાયની અપેક્ષાએ

**नश्यत्युत्पद्यते भावः पर्यायापेक्षयाखिलः ।**
**नश्यत्युत्पद्यते कश्चिन्न द्रव्यापेक्षया पुनः ॥ ७ ॥**

**શબ્દાર્થ:**—( अखिलः भावः ) સંપૂર્ણ પદાર્થ-સમૂહ ( **पर्यायापेक्षया** ) પર્યાયની અપેક્ષાએ ( **नश्यत्युत्पद्यते** ) નષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે ( **पुनः** ) પરંતુ ( **द्रव्यापेक्षया** )

૧. प्रतिपक्षमसत्ता स्यात्सत्तायास्तद्यथा तथा चान्यत ।
नानारूपत्वं किल प्रतिपक्षं चैकरूपतायास्तु ॥ २० ॥
एकपदार्थस्थितिरिह सर्वपदार्थस्थितेर्विपक्षत्वम् ।
ध्रौव्योत्पादविनाशैस्त्रिलक्षणायास्त्रिलक्षणा भावः ॥ २१ ॥
एकस्यास्तु विपक्षः सत्तायाः स्याददोह्यनेकत्वम् ।
स्यादप्यनन्त-पर्यय प्रतिपक्षस्त्वेक पर्ययत्वं स्यात ॥ २२ ॥—પંચાધ્યાયી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યની અપેક્ષાએ (**कश्चिन्न**) કોઈ પદાર્થ ન (**नश्चत्युत्पद्यते**) નષ્ટ થાય છે કે ન ઉત્પન્ન થાય છે.

**વ્યાખ્યાઃ**—પાછલા પદ્યમાં જે ધ્રૌવ્યોત્પત્તિ વ્યયરૂપ ત્રિલક્ષણા સત્તાનો ઉલ્લેખ છે તેને અહીં ઉત્પાદ અને વ્યયની દૃષ્ટિએ સ્પષ્ટ કરવામાં આવેલ છે-લખ્યું છે કે આ ઉત્પાદ અને વ્યય સમસ્ત પદાર્થોમાં પર્યાયની અપેક્ષાએ હોય છે, દ્રવ્યની અપેક્ષાએ ન કોઇ પદાર્થ કદી ઉત્પન્ન થાય છે અને ન કદી નાશ પામે છે. સર્વ દ્રવ્ય અનાદિ-નિધન સદ્‌ભાવરૂપ છે.[૧] પંચાસ્તિકાયમાં દ્રવ્યનો વ્યય, ઉત્પાદ અને ધ્રુવપણું પર્યાયો કરે છે એમ લખ્યું છે ત્યાં પર્યાયનો આશય સહભાવી અને ક્રમભાવી બન્ને પ્રકારના પર્યાયોનો છે, સહભાવી પર્યાયોને 'ગુણ' કહે છે જેનાથી દ્રવ્યમાં ધ્રુવપણું હોય છે અને ક્રમભાવી પર્યાયોને 'પર્યાય' કહે છે, જેનાથી દ્રવ્યમાં ઉત્પાદ વ્યય થાય છે. ૭

## ગુણ-પર્યાય વિના દ્રવ્ય અને દ્રવ્ય વિના ગુણ-પર્યાય હોતા નથી.

[૨]किंचित् संभवति द्रव्यं न विना गुण-पर्ययैः ।
संभवन्ति विना द्रव्यं न गुणा न च पर्ययाः ॥ ८ ॥

**શબ્દાર્થઃ**—(**गुण-पर्ययैः विना**) ગુણ-પર્યાયો વિના (**किंचित द्रव्यं न संभवति**) કોઇ દ્રવ્ય હોઈ શકતું નથી અને (**द्रव्यं विना**) દ્રવ્ય વિના (**न गुणा न च पर्ययाः संभवन्ति**) કોઈ ગુણ કે પર્યાય હોઇ શકતાં નથી.

**વ્યાખ્યાઃ**—જેવી રીતે દૂધ, દહીં, માખણ અને ઘૃતાદિથી રહિત ગોરસ હોતું નથી તેવી જ રીતે પર્યાયોથી રહિત કોઈ દ્રવ્ય હોતું નથી. જેવી રીતે ગોરસથી શૂન્ય દૂધ, દહીં, ઘૃતાદિ હોતા નથી તેવી જ રીતે દ્રવ્યથી શૂન્ય કોઇ પર્યાય હોતી નથી. અને જેવી રીતે પુદ્‌ગલ રહિત સ્પર્શ-રસ-ગંધ-વર્ણ હોતા નથી તેવી જ રીતે દ્રવ્ય રહિત ગુણ હોતા નથી

૧ उप्पत्ती व विणासो दव्वस्स च णत्थि अत्थि सब्भावो ।
विगमुप्पादधुवत्तं करेंति तस्सेव पज्जाया ॥ ११ ॥—પંચાસ્તિ.

૨ पज्जयविजुदं दव्वं दव्वविजुत्ता च पज्जया णत्थि ।
दोण्हं अणण्णभूदं भावं समणा परूविंति ॥ १२ ॥
दव्वेण विणा ण गुणा गुणेहिं दव्वं विणा ण संभवदि ।
अव्वदिरित्तो भावो दव्व-गुणाणं हवदि तम्हा ॥ १३ ॥—પંચાસ્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને જેવી રીતે સ્પર્શ-રસ-ગંધ-વર્ણ શૂન્ય પુદ્ગલ હોતું નથી તેવી જ રીતે ગુણોથી શૂન્ય દ્રવ્ય હોતું નથી. આ રીતે પર્યાયોનો દ્રવ્ય સાથે અને દ્રવ્યનો પર્યાયો સાથે જેવી રીતે અનન્યભૂત ( અભિન્ન ) ભાવ છે તેવી જ રીતે દ્રવ્યનો ગુણો સાથે અને ગુણો નો દ્રવ્ય સાથે અવ્યતિરિક્ત ( અભેદ ) ભાવ છે. આજ વાત અમૃતચન્દ્રાચાર્યે તત્ત્વાર્થસારના નીચેના પદ્યોમાં પ્રગટ કરી છે, જે શ્રી કુંદકુંદાચાર્યના અનુકરણ પૂર્વક છેઃ—

गुणैर्विना न च द्रव्यं विना द्रव्याच्च नो गुणाः ।
द्रव्यस्य च गुणानां च तस्माद्व्यतिरिक्तता ॥ ११ ॥
न पर्यायाद्विना द्रव्यं विना द्रव्यान्न पर्ययः ।
वदन्त्यनन्यभूतत्वं द्वयोरपि महर्षयः ॥ १२ ॥

## ધર્માધર્માદિ-દ્રવ્યોની પ્રદેશ-વ્યવસ્થા.

धर्माधर्मैकजीवानां प्रदेशानामसंख्यया ।
अवष्टब्धो नभोदेशः प्रदेशः परमाणुना[१] ॥ ९ ॥

શબ્દાર્થઃ—( धर्माधर्मैक जीवानां ) ધર્મ, અધર્મ, અને એક જીવ આ દ્રવ્યોના ( प्रदेशानां ) પ્રદેશોના અસંખ્યાતપણાથી-પ્રત્યેકના અસંખ્યાત પ્રદેશોથી—( नभोदेशः ) આકાશનો દેશ-લોકાકાશ-( अवष्टब्धो ) અવરૂદ્ધ છે અને ( परमाणुना ) પરમાણુથી-પુદ્ગલ પરમાણુ તથા કાલાણુથી ( प्रदेशः ) આકાશનો-લોકાકાશનો પ્રદેશ અવરૂદ્ધ છે.

વ્યાખ્યાઃ—જે ધર્માદિ છ દ્રવ્યોનો ઉપર ઉલ્લેખ છે તેના પ્રદેશોની સંખ્યા આદિનું વર્ણન કરતાં તેમાં ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને એક જીવના પ્રદેશોની સંખ્યા અહીં અસંખ્યાત બતાવી છે. અને એ પણ બતાવ્યું છે કે તેમાંથી પ્રત્યેકના અસંખ્યાત અસંખ્યાત પ્રદેશોથી આકાશનો દેશ જે લોકાકાશ છે તે અવરૂદ્ધ-ઘેરાયેલો-છે અને પુદ્ગલ પરમાણુ તથા કાલાણુથી લોકાકાશનો પ્રદેશ ઘેરાયેલો છે. ૯.

---

१. आ प्रदेशपरमाणुना ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પરમાણુનું લક્ષણ

**[1]द्रव्यमात्मादिमध्यान्तमविभागमतीन्द्रियम् ।**
**अविनाश्यग्निशस्त्राद्यैः परमाणुरुदाहृतम् ॥ १० ॥**

**શબ્દાર્થ:**—( **द्रव्यमात्मादिमध्यान्तम्** ) જે ( સ્વયં ) આદિ, મધ્ય અને અંત રૂપ છે–જેના આદિ મધ્ય અને અંત એકબીજાથી ભિન્ન નથી–( **अविभागम्** ) અવિભાગી છે–જેનું વિભાજન–ખંડ અથવા અંશવિકલ્પ થઈ શકતો નથી–( **अतीन्द्रियम्** )–અતીન્દ્રિય છે–ઇન્દ્રિયોદ્વારા ગ્રાહ્ય નથી–અને ( **अविनाशी अग्नि शस्त्राद्यैः** ) અગ્નિ–શસ્ત્રાદિ દ્વારા વિનાશ પામી શકતું નથી, ( **परमाणुः उदाहृतम्** ) એવું દ્રવ્ય 'પરમાણુ' કહેવાય છે.

**વ્યાખ્યા:**—જે પરમાણુનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેનું આ પદ્યમાં લક્ષણ આપ્યું છે. તે લક્ષણદ્વારા તેને સ્વયં આદિ–મધ્ય–અંતરૂપ અર્થાત્ આદિ–મધ્ય–અંત-રહિત, વિભાગ વિહીન, ઇન્દ્રિયોને અગોચર અને અગ્નિ–શસ્ત્રાદિ કોઈ પણ પદાર્થદ્વારા નાશ ન પામનાર અવિનાશી બતાવ્યું છે. જેમાં આ બધા લક્ષણ ઘટતા ન હોય તેને પરમાણુ ન સમજવું જોઇએ.

પરમાણુના સ્વરૂપ–વિષયક સારા જ્ઞાન માટે કેટલાક બીજી વાતો અથવા પરમાણુના અન્ય વિશેષણો પણ જાણી લેવા જોઇએ, જે શ્રી કુંદકુંદાચાર્યે પંચાસ્તિકાયમાં વ્યક્ત કર્યા છે અને તે છે–સર્વસ્કન્ધાન્ત્ય, શાશ્વત, અશબ્દ, અવિભાગી, એક, મૂર્તિભવ, આદેશમાત્ર મૂર્ત, ધાતુ ચતુષ્ક–કારણ, પરિણામ–ગુણ, એક–રસ–વર્ણ–ગંધ, દ્વિસ્પર્શ, શબ્દ–કરણ, સ્કન્ધાન્તરિત કે જે તેની નીચેની ગાથાઓમાં પ્રકટ છે:—

**सव्वेसिं संधाणं जो अंतो तं वियाण परमाणू ।**
**सो सस्सदो असद्दो एक्को अविभाजि मूत्तिभवो ॥ ७७ ॥**
**आदेशमत्तमुत्तो धादुचदुक्कस्स कारणं जो दु ।**
**सो णेओ परमाणू परिणामगुणो सयमसद्दो ॥ ७८ ॥**
**एयरसवण्णगंधं दो फासं सद्दकारणमसद्दं ।**
**खंधंतरिदं दव्वं परमाणू तं वियाणीहि ॥ ८९ ॥**

---

[1] अत्तादि अत्तमज्झं अत्तंत्तं णेय इंदिए गेज्झं ।
अविभागी जं दव्वं परमाणु तं वियाणाहि ॥ २६ ॥—નિયમસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુદ્ગલના કોઈ પણ સ્કંધપર્યાયનો ભેદ (ખંડ) થતાં થતાં જે અંતિમ ભેદ બાકી રહે છે તેને 'સ્કંધાન્ત્ય' કહે છે. તેનો પછી કોઈ ભેદ ન થઈ શકવાથી તેને 'અવિભાગી' કહે છે, જે નિર્વિભાગી હોય છે તે એક પ્રદેશી છે અને એક પ્રદેશી હોવાથી 'એક' કહેવામાં આવે છે-દ્વિઅણુકાદિ સ્કંધરૂપ એક નથી. મૂર્ત-દ્રવ્ય-રૂપે તેનો કદી નાશ થતો નથી તેથી તેને 'શાશ્વત' (નિત્ય) કહે છે. અનાદિ-નિધન-રૂપરસ-ગંધ સ્પર્શવંતી જે મૂર્તિ છે તેના પરિણામથી ઉત્પન્ન હોવાના કારણે તે 'મૂર્તિમય' કહેવાય છે. રૂપાદિ રૂપ-મૂર્તિના પરિણામથી ઉત્પન્ન થવા છતાં પણ શબ્દના પરમાણુગુણપણાનો અભાવ હોવાને કારણે તથા પુદ્ગલની સ્કંધ પર્યાયરૂપે વ્યપદિષ્ટ હોવાના કારણે પરમાણુ 'અશબ્દ' રૂપ-વાળું છે. પરમાણુ મૂર્તિક છે એમ કહેવાય છે, પરંતુ દૃષ્ટિથી દેખાતું નથી તેથી તેને 'આદેશમાત્ર -મૂર્ત' કહે છે અથવા પરમાણુમાં મૂર્તત્વના કારણભૂત જે સ્પર્શાદિ ચાર ગુણ છે તે આદેશ માત્રથા-કથનમાત્રની દૃષ્ટિએ-ભેદને પ્રાપ્ત છે-પૃથક્ રૂપે તેમનું કથન કરવામાં આવે છે-સત્તારૂપ પ્રદેશ ભેદની દૃષ્ટિએ નહિ; કેમકે વાસ્તવમાં પરમાણુનો જે આદિ-મધ્ય અને અંતરૂપ એક પ્રદેશ છે તે જ સ્પર્શાદિ ગુણોનો પણ પ્રદેશ છે-દ્રવ્ય અને ગુણોમાં પ્રદેશ ભેદ હોતો નથી. પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુરૂપ જે ચાર ધાતુ છે-ભૂત-ચતુષ્ટય છે-તેના નિર્માણનું કારણ હોવાથી પરમાણુને 'ધાતુચતુષ્ક-કારણ' કહે છે. ગંધાદિ ગુણોમાં વ્યક્ત અવ્યક્ત રૂપ વિચિત્ર પરિણમનના કારણે પરમાણુને 'પરિણામગુણ' કહે-વામાં આવે છે. એકપ્રદેશી હોવાથી પરમાણુ શબ્દરૂપ પરિણમતું નથી; કારણ કે શબ્દ અનેકાનેક પરમાણુઓનો પિંડ હોય છે અને તે પુદ્ગલનો કોઈ ગુણ પણ નથી, તેથીજ પરમાણુ 'સ્વયં અશબ્દ' કહેવાય છે. રસ તથા વર્ણની પાંચ પાંચ પર્યાયોમાંથી કોઈ એક એક પર્યાય અને ગંધની બે પર્યાયોમાંથી કોઇ એક પર્યાય સહિત એક સમયમાં અવશ્ય હોવાને કારણે પરમાણુને 'એક-રસ-વર્ણ-ગંધ' સંજ્ઞા છે. અને શીત-સ્નિગ્ધ, શીત-રૂક્ષ, ઉષ્ણસ્નિગ્ધ, ઉષ્ણરૂક્ષરૂપ જે ચાર સ્પર્શગુણની જોડ છે તેમાંથી એક સમયમાં કોઇ એક જ જોડરૂપ પરિણમવાના કારણે પરમાણુને 'દ્વિસ્પર્શ' પણ કહે છે. પરમાણુ સ્વયં શબ્દરૂપ ન હોવા છતાં પણ સ્કંધરૂપ પરિણમવાની શક્તિ સહિત હોવાને કારણે 'શબ્દકારણ' કહેવાય છે. અને અનેક પરમાણુઓની એકત્વ-પરિણતિરૂપ જે સ્કંધ છે તેનાથી અંતરિત-સ્વભાવથી ભેદરૂપ જુદું દ્રવ્ય હોવાને કારણે પરમાણુને 'સ્કંધાન્તરિત' પણ કહે છે. જે ધાતુચતુષ્કનું કારણ હોય છે તેને 'કારણ પરમાણુ' અને જે સ્કંધોનો અંત્ય હોય છે તેને 'કાર્ય પરમાણુ' કહે છે. એક રસ-વર્ણ-ગંધ-દ્વિસ્પર્શગુણ પરમાણુ 'સ્વભાવ ગુણ' કહેવાય છે, બાકીના 'વિભાવ-ગુણ-પરમાણુ' દ્વિઅણુકાદિ સ્કંધરૂપ હોય છે.૧ અને તેના વિભાવગુણ સર્વ ઇન્દ્રિય ગ્રાહ્ય હોય છે.૨ ૧૦.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આકાશ અને પુદ્ગલોની પ્રદેશ સંખ્યા.

**प्रदेशा नभसोऽनन्ता अनन्तानन्तमानकाः ।**
**पुद्गलानां जिनैरुक्ताः परमाणुरनंशकः ॥ ११ ॥**

શબ્દાર્થ:—( जिनैः ) જિનોદ્વારા ( नभसः ) આકાશના ( अनन्ताः ) અનંત અને ( पुद्गलानां ) પુદ્ગલોના ( अनन्तानन्तमानकाः ) અનંતાનંત પ્રમાણ ( प्रदेशाः ) પ્રદેશ ( उक्ताः ) કહેવામાં આવ્યા છે. ( परमाणुः ) પરમાણુ ( अनंशकः ) અનંશક–અપ્રદેશી ( પ્રદેશમાત્ર )–કહેવામાં આવ્યું છે.

વ્યાખ્યા:—અહીં આકાશ અને પુદ્ગલદ્રવ્યોના પ્રદેશોની સંખ્યાનો નિર્દેશ કરતાં તેમને ક્રમશઃ અનંત અને અનંતાનંત બતાવ્યા છે અને પુદ્ગલ પરમાણુને અંશરહિત બતાવ્યું છે, જેનો આશય છે અપ્રદેશી અથવા પ્રદેશમાત્ર–એક જ પ્રદેશના રૂપમાં. પરમાણુ કહેતાં અહીં કાલાણુનું પણ ગ્રહણ છે તેથી કાલાણુને પણ અંશરહિત અપ્રદેશી અથવા પ્રદેશમાત્ર સમજવું જોઈએ. ૧૧.

## કાલાણુઓની સંખ્યા અને અવસ્થિતિ.

**[3]असंख्या भुवनाकाशे कालस्य परमाणवः ।**
**एकैका व्यतिरिक्तास्ते[4] रत्नानामिव राशयः ॥ १२ ॥**

---

१ धाउचउक्कस्स पुणो जं हेऊ कारणं त्ति तं णेयो ।
खंधाणां अवसाणो णादव्वो कज्जपरमाणू ॥ २५ ॥

२ एयरसरूवगंधं दो फासं तं हवे सहावगुणं ।
विभावगुणमिदि भणिदं जिणसमये सव्व पयडत्तं ॥ २७ ॥—નિયમસાર

३ लोयायासपदेसे एक्केक्के जे ट्ठिया हु एक्केक्का ।
रयणाणं रासीमिव ते कालाणू असंखदव्वाणि ॥ ३२ ॥

લઘુદ્રવ્યસંગ્રહ૧૨, બૃહદ્ દ્રવ્ય સં. ૨૨; ગો. જી. ગા. ૫૮૮

४ आ व्यवतिष्ठन्ते ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( **भुवनाकाशे** ) લોકાકાશમાં ( **कालस्य** ) કાળના ( **परमाणवः** ) પરમાણુ ( **असंख्या** ) અસંખ્યાત કહેવામાં આવ્યા છે. અને ( તે ) તે ( **रत्नानामिव राशयः** ) રત્નોની રાશિઓમાં રત્નો સમાન ( **एकका** ) એક એક અને ( **व्यतिरिक्ताः** ) ભિન્ન ભિન્ન છે-આકાશના એક એક પ્રદેશમાં એક એક કાલાણુ સ્થિત છે.

વ્યાખ્યા:—આ પદ્યમાં છઠા કાળદ્રવ્યની સંખ્યા અને તેની સ્થિતિનો નિર્દેશ છે. લખ્યું છે કે કાળના પરમાણુ-કાળાણુરૂપ કાળદ્રવ્ય-અસંખ્યાત છે અને તે લોકાકાશમાં-લોકના અસંખ્યાત પ્રદેશોમાં-રત્નોની રાશિઓમાં રત્નોની જેમ એક એક કરીને એક બીજાથી ભિન્ન રહેલા છે. અહીં આકાશનું 'લોકાકાશ' નામ એ વાત સૂચવે છે કે અખંડ એક આકાશના બે ભેદ છે-એક લોકાકાશ અને બીજો અલોકાકાશ. કાળદ્રવ્ય લોકાકાશમાં જ સ્થિત છે-અલોકાકાશમાં નહિ. ૧૨.

## ધર્મ-અધર્મ તથા પુદ્‌ગલોની અવસ્થિતિ.

[५]धर्माधर्मौ स्थितौ व्याप्य लोकाकाशमशेषकम् ।
व्योमैकांशादिषु ज्ञेया पुद्गलानामवस्थितिः ॥ १३ ॥

શબ્દાર્થ:—( **धर्माधर्मौ** ) ધર્મ-અધર્મ બન્ને દ્રવ્ય ( **लोकाकाशमशेषकम्** ) સંપૂર્ણ લોકાકાશને ( **व्याप्य** ) વ્યાપીને ( **स्थितौ** ) રહેલ છે. ( **पुद्गलानां** ) પુદ્ગલોની (**अवस्थितिः**) અવસ્થિતિ (**व्योमैकांशादिषु ज्ञेया**) આકાશના એક અંશ આદિમાં-એક પ્રદેશથી માંડીને એક એક પ્રદેશ વધારતાં સંપૂર્ણ લોકાકાશમાં-જાણવી જોઈએ.

વ્યાખ્યા:—આ પદ્યમાં ધર્મ-અધર્મ અને પુદ્ગલ આ ત્રણ દ્રવ્યોની સ્થિતિનો ઉલ્લેખ છે. ધર્મ અને અધર્મ એ બે દ્રવ્ય તો આખાય લોકાકાશને વ્યાપીને રહેલ છે-લોકાકાશનો કોઈ પણ પ્રદેશ એવો નથી જે એમનાથી વ્યાપેલો ન હોય. એમનામાંથી પ્રત્યેકની પ્રદેશ સંખ્યા, અસંખ્યાત હોવાથી લોકાકાશ પણ અસંખ્યાત પ્રદેશી છે એ સ્વતઃ સ્પષ્ટ થઈ જાય છે. પુદ્ગલોનું અવસ્થાન લોકના એક પ્રદેશથી શરૂ કરીને અસંખ્યાત પ્રદેશ સુધીમાં છે. ૧૩.

---

૫. लोकाकाशेऽवगाहः धर्माधर्मयोः कृत्स्ने ॥ १३ ॥
एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ॥ १४ ॥—ત. સૂત્ર અ. ૫. સૂ. ૧૨, ૧૩, ૧૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સંસારી જીવોની લોકસ્થિતિ અને તેમનામાં સંકોચ-વિસ્તાર.

**[1]लोकासंख्येयभागादाववस्थानं शरीरिणाम् ।**
**अंशा विसर्प-संहारौ दीपानामिव कुर्वते ॥ १४ ॥**

**શબ્દાર્થ:**—(**शरीरिणाम्**) શરીરધારી જીવોનું (**अवस्थानं**) અવસ્થાન (સ્થિતિ) (**लोकासंख्येयभागादौ**) લોકના અસંખ્યેય-ભાગાદિકોમાં છે-લોકના અસંખ્યાતમા ભાગથી લઈને એક-એક પ્રદેશ વધારતાં પૂર્ણ લોકાકાશ સુધી છે. સંસારી જીવોના (**अंशाः**) અંશ-પ્રદેશ (**दीपानामिव**) દીપકોની જેમ (**विसर्प-संहारौ**) સંકોચ-વિસ્તાર (**कुर्वते**) કરતા રહે છે. શરીરના આકારાનુસાર સંકોચ તથા વિસ્તાર પામ્યા કરે છે.

**વ્યાખ્યા:**—આ પદ્યમાં દેહધારી સંસારી જીવોના લોકાકાશમાં અવસ્થાનનું નિરૂપણ કરતાં બતાવ્યું છે કે અસંખ્યાત-પ્રદેશી લોકનો અસંખ્યાતમો ભાગ જે એક પ્રદેશ છે તેનાથી માંડીને અસંખ્યાત-પ્રદેશરૂપ પૂરા લોક સુધી જીવોની સ્થિતિ સંભવે છે. એક જીવની આખાય લોકમાં અવસ્થિતિ લોકપૂરણ-સમુદ્ઘાતના સમયે બને છે, તેનાથી ઓછા પ્રદેશોમાં સ્થિતિ બીજા સમુદ્ઘાતોના સમયે તથા મૂળ-શરીરના આકાર-પ્રમાણે રહ્યા કરે છે. તેથી જ સંસારી જીવને સ્વદેહ-પરિમાણ બતાવ્યો છે. અને મુક્ત જીવને અંતિમ-દેહાકારથી કિંચિત્ ન્યૂન બતાવ્યો છે. મૂળ-શરીર જે ઔદારિક આદિ રૂપે હોય છે તેને છોડ્યા વિના ઉત્તર-દેહ તૈજસાદિના પ્રદેશો સહિત આત્મપ્રદેશોનું જે બહાર નીકળવું-ફેલાવું તેને સમુદ્ઘાત કહે છે.[2] તેના છ ભેદ છે. તેમની સ્થિતિ અનુસાર મૂળ શરીરમાંથી આત્મા-પ્રદેશ ઉત્તર-દેહની સાથે બહાર નીકળે છે, નીકળીને જેટલા લોકાકાશના પ્રદેશોમાં તે ફેલાય છે તેટલા લોકાકાશમાં તેમની સ્થિતિ કહેવામાં આવે છે. જીવના પ્રદેશોમાં આ સંકોચ અને વિસ્તાર દીપકના પ્રદેશો સમાન થાય છે. અને સંસારી જીવોમાં જ થાય છે -મુક્ત જીવોમાં નહિ; કારણ કે આ સંકોચ-વિસ્તાર કર્મના નિમિત્તે થાય છે, મુક્તાત્મા-ઓમાં કર્મોનો અભાવ થઈ જવાથી તે બનતો નથી; કે જે તત્ત્વાનુશાસનના નીચેના વાક્યમાં પ્રગટ છે:—

---

१. **असंख्येयभागादिषु जीवानाम् ॥ १५ ॥**
**प्रदेशसंहारविसर्पाभ्यां प्रदीपवत् ॥ १६ ॥**—ત. સૂત્ર અ. ૫.

२. **मूलशरीरमछंडिय उत्तरदेहस्स जीवपिंडस्स ।**
**णिग्गमणं देहादो होदि समुद्घाद णामं तु ॥ ६६७ ॥**—ગોમ્મટસાર, જી. કાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुंसः संहार–विस्तारौ संसारे कर्म–निर्मितौ ।
मुक्तौ तु तस्य तौ न स्तः क्षयात्तद्धेतु–कर्मणाम् ॥ २३२॥

## જીવ–પુદ્ગલોનો અન્યદ્રવ્યકૃત ઉપકાર.

[1]जीवानां पुद्गलानां च धर्माधर्मौ गतिस्थिती[2] ।
अवकाशं नभः कालो वर्तनां कुरुते सदा ॥ १५ ॥

**શબ્દાર્થ:**—( धर्म सदा ) ધર્મદ્રવ્ય સદા ( जीवानां ) જીવોને ( च पुद्गलानां ) અને પુદ્ગલોને ( गति ) ગતિમાં( अधर्म ) –અધર્મ દ્રવ્ય ( स्थिती ) સ્થિતિમાં ઉપકાર કરે છે. ( नभः ) આકાશ સદા ( સર્વ દ્રવ્યોને ) ( अवकाशं ) અવકાશ–અવગાહન ( આપવાનું કાર્ય ) અને ( कालः ) કાળ સર્વ દ્રવ્યોનું સદા ( वर्तनां कुरुते ) વર્તના–પરિવર્તન કાર્ય કરે છે–તે કાર્ય કરવામાં સહાયક થાય છે.

**વ્યાખ્યા:**—આ પદ્યમાં તથા આગળના ત્રણ પદ્યોમાં દ્રવ્યોના દ્રવ્યો પ્રત્યેના ઉપકારનું વર્ણન છે, જેને ગુણ, ઉપગ્રહ, સહાય તથા સહયોગ પણ કહે છે. જીવ તથા પુદ્ગલ દ્રવ્યોને ધર્મદ્રવ્ય તેમની ગતિમાં, અધર્મદ્રવ્ય સ્થિતિમાં, આકાશદ્રવ્ય અવગાહનમાં, કાળદ્રવ્ય વર્તતા–પરિવર્તનમાં ઉદાસીનરૂપે સહાયક થાય છે–કોઇ ઇચ્છાની પૂર્તિ અથવા પ્રેરણારૂપે નહીં. કેમકે આ ચારેય દ્રવ્ય અચેતન તથા નિષ્ક્રિય છે, એમાં ઇચ્છા તથા પ્રેરણાદિનો ભાવ બનતો નથી. એ તો ઉદાસીન રહીને જીવો તથા પુદ્ગલોના ગતિ આદિરૂપ પરિણામ–કાર્યોમાં તેવી જ રીતે સહાયક થાય છે જેવી રીતે માછલીને ગતિ–કાર્યમાં જળ, મુસાફરને સ્થિતિ–કાર્યમાં માર્ગમાં રહેલ વૃક્ષ આદિ સહાયક થાય છે. ૧૫.

---

१ ( क ) गमणणिमित्तं धम्ममधम्मं ठिदि जीवपुग्गलाणं च ।
अवगहणं आयासं जीवादी–सव्व दव्वाणं ॥ ३० ॥—નિયમસાર
( ख ) जीवादी दव्वाणं परिवट्टणकारणं हवे कालो ॥ ३३ ॥—નિયમસાર
( ग ) आगासस्सवगाहो धम्मद्दव्वस्स गमणहेदुत्तं ।
धम्मेदर दव्वस्स दु गुणो पुणो ठाणकारणदा ॥ १३३ ॥—પ્રવચન.
( घ ) कालस्स वट्टणा से गुणोवओगो त्ति अप्पणो भणिदो ।
णेया संखेवादो गुणा हि मुत्तिप्पहीणाणं ॥ १३४ ॥—પ્રવચન.
गति स्थित्युपग्रहौ धर्माधर्मयोरुपकारः ॥ १३ ॥
आकाशस्यावगाहः ॥ १८ ॥—ત. સૂત્ર અ. ૫.

२ आ गति स्थितिः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સંસારી અને મુક્ત જીવનો ઉપકાર.

[3]संसारवर्तिनोऽन्योन्यमुपकारं वितन्वते ।
मुक्तास्तद्व्यतिरेकेण न कस्याप्युपकुर्वते ॥ १६ ॥

**શબ્દાર્થ:**—(**संसारवर्तिनः**) સંસારવર્તી જીવ (**अन्योन्यं**) પરસ્પર એકબીજાનો (**उपकारं**) ઉપકાર (**वितन्वते**) કરે છે. (**मुक्ताः**) મુક્ત જીવ (**तद् व्यतिरेकेण**) તે સંસારથી પૃથક્ થઈ જવાને કારણે (**कस्यापि**) કોઇનો પણ (**न उपकुर्वते**) ઉપકાર કરતા નથી.

**વ્યાખ્યા:**—આ પદ્યમાં સંસારી તથા મુક્ત બન્ને પ્રકારના જીવોના ઉપકારનો ઉલ્લેખ કર્યો છે. સંસારી જીવોના વિષયમાં લખ્યું છે કે તેઓ પરસ્પર એકબીજાનો ઉપકાર કરે છે. અહીં ઉપકાર શબ્દમાં ઉપલક્ષણથી અપકારનું પણ ગ્રહણ છે; સંસારી જીવ એક બીજાનો ઉપકાર જ નથી કરતા અપકાર પણ કરે છે અને તેથી કહેવું જોઇએ કે જીવ એક બીજાના ઉપકાર–અપકાર કે સુખ–દુઃખમાં સહયોગ કરે છે અથવા નિમિત્ત-કારણ બને છે. મુક્તજીવ કોઇનો પણ ઉપકાર નથી કરતા; કારણ કે જેનો ઉપકાર કરવામાં આવે છે અથવા કરી શકાય છે તે સંસારી જીવ હોય છે, મુક્તજીવ સંસારથી સદાને માટે ભિન્ન થઈ ગયા છે, તેથી સંસારી જીવોના તે કાંઇ ઉપકાર કે અપકાર નથી કરતા.

અહીં પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે જો મુક્તાત્મા કોઇનો ઉપકાર નથી કરતા તો પછી તેમની ઉપાસના–પૂજા–વંદના શા માટે કરવામાં આવે છે? શા માટે ગ્રંથકર્તાએ ગ્રંથની આદિમાં તેમની સ્તુતિ કરી છે? એનો ઉત્તર એટલો જ છે કે એક તો મુક્ત જીવો દ્વારા તેમની પૂર્વની અર્હંતાદિ અવસ્થાઓમાં આપણો ઉપકાર થયો છે તેથી આપણે તેમના ઋણી છીએ '**न हिं कृतमुपकारं साधवो विस्मरन्ति**' જે સજ્જન મનુષ્ય હોય છે તે કરેલા ઉપકારને કદી ભૂલતા નથી. બીજું જે આત્મવિકાસરૂપ સિદ્ધિની તેમણે પ્રાપ્તિ કરી છે તે પ્રાપ્ત કરવાનું આપણને પણ ઇષ્ટ છે અને તે, તેમનો આદર્શ સામે રાખીને તેમના પગલે ચાલીને-તથા તેમના પ્રત્યે ભક્તિ ભાવનો સંચાર કરીને પ્રાપ્ત કરી શકાય છે, તેથી તેમની ઉપાસના આપણી સિદ્ધિમાં સહાયક થવાથી કરવા યોગ્ય છે અને તેથી કરવામાં આવે છે. ૧૬

---

૩ **परस्परोपग्रहो जीवानाम्** ॥ २१ ॥—ત. સૂત્ર. અ. ૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સંસારી જીવોનો પુદ્‌ગલકૃત ઉપકાર.

**[1]जीवितं मरणं सौख्यं दुःखंकुर्वन्ति पुद्‌गलाः ।**
**उपकारेण जीवानां भ्रमतां भवकानने ॥ १७ ॥**

**શબ્દાર્થ**:—( **भवकानेन** ) સંસારરૂપી વનમાં ( **भ्रमतां** ) ભ્રમણ કરતાં ( **जीवानां** ) જીવોને ( **पुद्‌गलाः** ) પુદ્‌ગલો ( **उपकारेण** ) પોતાના ઉપકાર-સહકાર-દ્વારા ( **जीवितं** ) જીવન, ( **मरणं** ) મરણ, ( **सौख्यं** ) સુખ તથા ( **दुःखं** ) દુઃખ ( **कुर्वन्ति** ) કરે છે-જીવોને આ કાર્યરૂપ પરિણમનમાં સહાયક થાય છે.

**વ્યાખ્યા**:—આ પદ્યમાં પુદ્‌ગલોના સંસારી જીવો પ્રત્યે ઉપકાર-અપકારનું સૂચન કરવામાં આવ્યું છે, જેને તેઓ પોતાના સહકાર-સહયોગ દ્વારા સંપન્ન કરે છે. અથવા એમ કહો કે તેમના નિમિત્તે દેહધારીઓને જીવન-મરણ, સુખ-દુઃખાદિ પ્રાપ્ત થાય છે. મૂળમાં જોકે '**आदि**' શબ્દ નથી છતાં પણ જીવનાદિની સાથે શરીર-વચન-મન-શ્વાસોચ્છ્‌વાસ તથા ઇન્દ્રિયાદિનું ગ્રહણ ઉપલક્ષણથી થાય છે, તે પણ પુદ્‌ગલકૃત ઉપકાર છે,[2] તેમની સૂચના માટે અહીં 'આદિ' શબ્દ આપવામાં આવ્યો છે. બીજા પણ ઘણાં ઉપકાર-અપકાર શરીરના સંબંધને કારણે પુદ્‌ગલકૃત થાય છે, તે બધાનું પણ '**आदि**' શબ્દ-દ્વારા ગ્રહણ થઈ જાય છે, જેને માટે મોક્ષશાસ્ત્રના '**सुख-दु:ख-जीवित-मरणोपग्रहाश्च**' આ સૂત્રમાં '**च**' શબ્દ જોડવામાં આવ્યો છે. ૧૭.

## પરમાર્થે કોઈ પદાર્થ કોઇનું કાંઈ કરતો નથી.

**पदार्थानां निमग्नानां स्वरूपं परमार्थतः ।**
**करोति कोऽपि कस्यापि न किंचन कदाचन ॥ १८ ॥**

**શબ્દાર્થ**:—( **परमार्थतः** ) વસ્તુતઃ ( નિશ્ચયદષ્ટિએ ) ( **पदार्थानां स्वरूपं निमग्नानां** ) જે પદાર્થ પોતાના સ્વરૂપમાં નિમગ્ન છે-સ્વભાવ પરિણમન સહિત છે-તેમનો ( **कोऽपि** )

---

૧ सुखदुःख जीवितमरगोपग्रहाश्च ॥ ५-२० ॥-ત. સૂત્ર.

૨. शरीर वाङ्मनः प्राणापानाः पुद्‌गलानाम् ॥ ५-१९ ॥—ત. સૂ.
पुद्‌गलानां शरीरं वाक् प्राणापानौ तथा मनः ।
उपकारं सुखं दुःखं जीवितं मरणं तथा ॥—તત્ત્વાર્થસાર ૩-૩૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઇ પણ ( **कस्यापि** ) કોઇનો ( **कदाचन** ) કદી ( **किंचन** ) રંચ માત્ર ઉપકાર–અપકાર ( **न करोति** ) કરતું નથી.

વ્યાખ્યાઃ—આ પદ્યમાં **પ્રયોજાયેલ 'परमार्थतः'** પદ પોતાની ખાસ વિશેષતા રાખે છે અને એ વાત સૂચવે છે કે પાછલા પદ્યમાં દ્રવ્યોના દ્રવ્યો પ્રત્યે જે ઉપકારનો નિર્દેશ છે તે બધો વ્યવહાર-નયની અપેક્ષાએ છે. નિશ્ચયનયની દૃષ્ટિએ તો પોતપોતાના સ્વરૂપમાં નિમગ્ન થઇને સ્વભાવ પરિણમન કરતાં દ્રવ્યોમાંથી કોઈ પણ દ્રવ્ય કોઈ પણ પર-દ્રવ્યનો કદી કાંઇ ઉપકાર કે અપકાર કરતું નથી. ધર્મ-અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્ય તો સદાય પોતાના સ્વરૂપમાં સ્થિત રહીને સ્વભાવ પરિણમન કરે છે અને તેથી નિશ્ચયથી કોઇના પણ ઉપકારાદિ કરતા નથી. જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય વૈભાવિક શક્તિ સહિત છે અને તેથી તેમનામાં સ્વભાવ-વિભાવ બન્ને પ્રકારનું પરિણમન હોય છે. જીવોમાં વિભાવ-પરિણમન સંસાર અવસ્થા સુધી કર્મ તથા શરીરાદિના સંયોગથી થાય છે-મુક્તાવસ્થામાં વિભાવ પરિણમન ન થતાં કેવળ સ્વભાવ-પરિણમન જ થયા કરે છે. પુદ્ગલોનું સ્વભાવ-પરિણમન પરમાણુરૂપે અને વિભાવ-પરિણમન સ્કંધના રૂપે થાય છે. પરમાણુ રૂપે રહેતું પુદ્ગલ કોઇનો પણ ઉપકાર અથવા અપકાર કરતું નથી, એ સમજી લેવું જોઇએ.

જો કોઈ ભોળો જીવ એમ કહે કે બોમ્બના રૂપે પરમાણુ તો મહાન વિનાશક કાર્ય કરે છે, ઘણાનો અપકાર કરે છે, તો તેને ઉપકાર-અપકાર રહિત કેવી રીતે કહેવાય ? એનો ઉત્તર એટલો જ છે કે જેને પરમાણુ બોમ્બ કહેવામાં આવે છે તે તો નામનો પર-માણુ છે-કોઇ અપેક્ષાએ તેને પરમાણુ નામ આપવામાં આવે છે, બાકી તો તે વિસ્ફોટક-પદાર્થ રૂપે અનેક દ્વિ અણુક આદિ નાના મોટા સ્કંધો સહિત એક મોટો સ્કંધ હોય છે; તેને વાસ્તવમાં પરમાણુ કહી શકાતો નથી. પરમાણુ તો તે છે જેનો આદિ-મધ્ય-અંત હોતો નથી, વિભાગ થઇ શકતો નથી અને જે ઇન્દ્રિયગોચર હોતો નથી. કે જે આના પહેલાના એક પદ્યમાં અને નિયમસારની ૨૬મી ગાથામાં આપેલ તેના લક્ષણથી પ્રગટ છે. ૧૮.

## પુદ્ગલના ચાર ભેદ અને તેમની સ્વરૂપ–વ્યવસ્થા.

**[1]स्कन्धो देशः प्रदेशोऽणुश्चतुर्धा पुद्गलो मतः ।**
**समस्तमर्धमर्धार्धमविभागमिमं विदुः ॥१९ ॥**

---

१ खंधा य खंध देसा खंध पदेसा य होंति परमाणू ।
इदि ते चदुव्वियप्पा पुग्गलकाया मुणेयव्वा ॥ ७४ ॥
खंधं सयलसमत्थं तस्स य अद्धं भणंति देसो त्ति ।
अद्धद्धं च पदेशो अविभागी चेव परमाणू ॥ ७५ ॥ –પંચાસ્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ**— ( पुद्गलः ) પુદ્‌ગલ દ્રવ્ય ( स्कन्धः ) સ્કંધ, ( देशः ) દેશ, ( प्रदेशः ) પ્રદેશ અને ( अणुः ) અણુ આ રીતે ( चतुर्धा ) ચાર પ્રકારનું ( मतः ) માનવામાં આવ્યું છે. ( इमं ) આ ( ચતુર્વિધ ) પુદ્‌ગલને ( ક્રમશઃ ) ( समस्तम् ) સકળ, ( अर्धम् ) અર્ધ ( अर्धार्धम् )અર્ધાર્ધ અને ( अविभागम् ) અવિભાગી કહે છે.

**વ્યાખ્યાઃ**—સંખ્યાત અસંખ્યાત અનંત અથવા અનંતાનંત પરમાણુઓના પિંડરૂપ જે કોઇપણ એક વસ્તુ છે તેને ' સ્કંધ ' કહે છે. સ્કંધના એક એક પરમાણુ કરતાં ખંડ થતાં થતાં જ્યારે તે અડધો રહી જાય છે ત્યારે તે અડધા સ્કંધને ' દેશ સ્કંધ ' કહે છે. દેશખંડના ખંડ થતાં થતાં જ્યારે તે અડધો રહી જાય છે ત્યારે તે અડધાને અથવા મૂળ સ્કંધના ચોથા ભાગને ' પ્રદેશ સ્કંધ ' કહે છે. પ્રદેશ સ્કંધના ખંડ થતાં થતાં જ્યારે પછી કોઇ ખંડ ન બની શકે અને અણુમાત્ર રહી જાય છે ત્યારે તેને ' પરમાણુ ' કહે છે. આવી સ્થિતિમાં મૂળસ્કંધના ઉત્તરવર્તી અને દેશસ્કંધ ના પૂર્વવર્તી જેટલા કોઇ ખંડ થાય તે બધાને પણ ' સ્કંધ ' સંજ્ઞા, તથા દેશસ્કંધના ઉત્તરવર્તી અને પ્રદેશસ્કંધના પૂર્વ-વર્તી બધા ખંડોને પણ ' દેશસ્કંધ ' સંજ્ઞા અને પ્રદેશ સ્કંધના ઉત્તરવર્તી અને પરમાણુના પૂર્વવર્તી બધા ખંડોને પણ ' પ્રદેશ-સંજ્ઞા ' હોય છે, એમ સમજવું જોઇએ.

શ્રી અમૃતચન્દ્રાચાર્યે તત્ત્વાર્થસારમાં તત્ત્વાર્થ-સૂત્ર-સંમત પુદ્‌ગલોના અણુ અને સ્કંધ એવા બે ભેદ કરીને પછી સ્કંધોના સ્કંધ, દેશ અને પ્રદેશ એવા ત્રણ ભેદ કર્યા છે અને ત્યારપછી તેમનું જે સ્વરૂપ આપ્યું છે. તે ઉક્ત પદ્ય તથા પંચાસ્તિકાય સાથે હળતું મળતું છે.[૧] ૧૯

## કયા પ્રકારના પુદ્‌ગલોથી લોક કેવી રીતે ભર્યો છે.

### [२]सूक्ष्मैः सूक्ष्मतरैर्लोकः स्थूलैः स्थूलतरैश्चितः ।
### अनन्तैः पुदगलैश्चित्रैः कुम्भो धूमैरिवाभितः ॥ २० ॥

---

१. अणु-स्कन्ध-विभेदेन द्विविधाः खलु पुद्गलाः ।
स्कन्धो देशः प्रदेशश्च स्कन्धस्तु त्रिविधो मतः ॥ ३-५६ ॥
अनन्तपरमाणूनां संघातः स्कन्धः उच्यते ।
देश स्तस्यार्धमर्धार्धं प्रदेशः परिकीर्तितः ॥ ३-५७ ॥

२. ओगाटगाढणिचिदो पुद्गलकायेहिं सव्वदो लोगो ।
सुहुमेहिं च अप्पाओग्गेहिं जोग्गेहिं ॥ १६८ ॥ —પ્રવચનસાર.
ओगाढगाढ णिचिदो पोग्गलकायेहिं सव्वदो लोगो ।
सुहुमेहिं बादरेहिं च णंताणंतेहिं विविधेहिं ॥ ६४ ॥ —પંચાસ્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શબ્દાર્થઃ—** ( **लोकः** ) લોક સર્વ તરફથી ( **सूक्ष्मैः सूक्ष्मतरैः** ) સૂક્ષ્મ-સૂક્ષ્મતર, ( **स्थूलैः स्थूलतरैः** ) સ્થૂળ-સ્થૂળતર ( **अनन्तैः पुद्गलैश्चित्रैः** ) અનેકપ્રકારનાં અનંત પુદ્ગલોથી ( **धूमैरिवाभितः कुम्भो** ) ધૂમાડાથી ભરેલા ઘડાની જેમ ( **चितः** ) (ઠાંસોઠાંસ) સર્વત્ર ભરેલો છે.

**વ્યાખ્યાઃ—** પાછલા પદ્યમાં પુદ્ગલ દ્રવ્યના સ્કંધાદિ ના ભેદથી ચાર ભેદોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, આ પદ્યમાં બીજી દષ્ટિએ ચાર ભેદોનો નિર્દેશ છે અને તે છે ૧ સૂક્ષ્મ, ૨ સૂક્ષ્મતર, ૩ સ્થૂળ, ૪ સ્થૂળતર. આ ભેદ કર્મરૂપ થવા યોગ્ય પુદ્ગલો સાથે સંબંધ રાખે છે. એમના વિષયમાં લખ્યું છે કે આ ચારે પ્રકારના પુદ્ગલોથી લોકાકાશ ધૂમાડાથી ઘડાની જેમ ઠાંસોઠાંસ ભરેલું છે. જ્યાં લોકોમાં સર્વત્ર આત્મ-દ્રવ્યનું અવસ્થાન છે ત્યાંજ કર્મરૂપ થવા યોગ્ય આ વિવિધ પુદ્ગલો નું પણ અવસ્થાન છે અને તેથી બંધની અવસ્થામાં એમને જીવ ક્યાંય બહારથી લાવતો નથી. કાય, વચન તથા મનની ક્રિયારૂપ યોગનું સંચાલન થતાંજ આ પુદ્ગલ સ્વયં કર્મરૂપ થઈને આત્મ-પ્રવેશ કરે છે. અહીં સૂક્ષ્મતમ ( અત્યંત સૂક્ષ્મ ) અને સ્થૂળતમ ( અત્યંત સ્થૂળ ) પુદ્ગલોનો ઉલ્લેખ નથી; કેમ કે એ બન્ને પ્રકારના પુદ્ગલ કર્મ-વર્ગણાની યોગ્યતા રહિત હોય છે. તેથી જ પ્રવચનસારમાં ' **अप्पाओग्गेहिं जोग्गेहिं** ' આ બે વિશેષણોનો સાથે પ્રયોગ કરવામાં આવ્યો છે. ૨૦

## દ્રવ્યના મૂર્તામૂર્ત બે ભેદ અને તેમનાં લક્ષણ.

**[१]मूर्ता मूर्तं द्विधा द्रव्यं मूर्तामूर्तैर्गुणैर्युतम् ।**
**अक्षग्राह्या गुणा मूर्ता अमूर्ता सन्त्यतीन्द्रियाः ॥ २१ ॥**

**શબ્દાર્થઃ—** ( **द्रव्यं** ) દ્રવ્ય ( **मूर्तामूर्तं** ) મૂર્તિક અને અમૂર્તિક ( **द्विधा** ) બે પ્રકાર છે. ( **मूर्तामूर्तैर्गुणैर्युतम्** ) મૂર્ત-ગુણોથી જે યુક્ત છે તે મૂર્તિક અને જે અમૂર્ત-ગુણોથી યુક્ત છે તે અમૂર્તિક છે. ( **अक्षग्राह्या गुणा** ) જે ગુણો ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય છે ( **मूर्ता** ) તે મૂર્ત છે અને ( **अतीन्द्रियाः** ) જે ગુણો ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય નથી ( **अमूर्ताः** ) તે અમૂર્ત ( **सन्ति** ) કહેવાય છે.

---

१. मुत्तां इंदियगेज्झा पोग्गलदव्वप्पगा अणेणविधा ।
दव्वाणममुत्ताणं गुणा अमुत्ता मुणेदव्वा ॥ १३९ ॥ —પ્રવચનસાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યાખ્યા:**—આના પહેલાં (૧-૪) જીવ-અજીવની દૃષ્ટિએ દ્રવ્યોનાં છ ભેદ બતાવવામાં આવ્યા છે-એક જીવ અને પાંચ ધર્માદિ અજીવ. અહીં મૂર્ત-અમૂર્ત-ગુણોથી સહિત હોવાની અપેક્ષાએ દ્રવ્યના બે ભેદ કરવામાં આવ્યા છે-એક મૂર્તિક, બીજો અમૂર્તિક, જેમાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને જીવ એ પાંચ તો અમૂર્તિક દ્રવ્યની કોટિમાં આવે છે અને એક માત્ર પુદ્ગલ મૂર્તિક દ્રવ્ય ઠરે છે. કહ્યું પણ છે. **'मूर्तिमन्तोऽत्र पुद्गलाः'** (३)-આ છ દ્રવ્યોમાં કેવળ પુદ્ગલ દ્રવ્ય જ મૂર્તિક છે; કારણ કે તે મૂર્તિના લક્ષણ રૂપ (વર્ણ), ગંધ, રસ, અને સ્પર્શની વ્યવસ્થા પોતામાં ટકાવે છે.[૧] અને આ ચાર મૂળ-ગુણ જ, જેના ઉત્તર-ગુણ વીસ થાય છે, તે ઇન્દ્રિયગ્રાહ્ય છે-ચક્ષુ, નાક, જીભ અને ચામડી (સ્પર્શન) ની ઇન્દ્રિયોના વિષય છે; ઇન્દ્રિય-ગ્રાહ્ય ગુણોને જ અહીં 'મૂર્ત' અને જ્ઞાનદર્શનાદિ અતીન્દ્રિય-ગુણોને 'અમૂર્ત' કહેવામાં આવ્યા છે.

આ પદ્યમાં અતીન્દ્રિયને 'અમૂર્ત' બતાવ્યા છે અને ગત ૧૦ મા પદ્યમાં પરમાણુને પણ અતીન્દ્રિય કહ્યો છે; તો પછી પુદ્ગલ-પરમાણુ પણ અમૂર્ત ઠરે છે. પરંતુ પુદ્ગલ દ્રવ્ય મૂર્તિક હોય છે. તેથી પરમાણુ પણ મૂર્તિક હોવો જોઇએ તેથી પરમાણુને અતીન્દ્રિય અને અમૂર્ત કહેવામાં વિરોધ આવતો લાગે છે. જો એમ કહેવામાં આવે તો એક અપેક્ષાએ બરાબર છે; કેમ કે વાસ્તવમાં પુદ્ગલ દ્રવ્ય મૂર્તિક જ હોય છે-ભલે તે પોતાની કોઇ સૂક્ષ્મ કે સૂક્ષ્મતર અવસ્થામાં તે ઇન્દ્રિય ગ્રાહ્ય ન હોય. પરંતુ ઇન્દ્રિય ગ્રાહ્ય ન હોવાથી જ જો પુદ્ગલ પરમાણુને અતીન્દ્રિય માનવામાં આવે તો હજારો પરમાણુના સ્કંધરૂપ જે કાર્માણ-વર્ગણાઓ છે તે પણ ઇન્દ્રિય ગ્રાહ્ય ન હોવાથી અતીન્દ્રિય તથા અમૂર્તિક ઠરશે અને તેથી પુદ્ગલનો એક અવિભાગી પરમાણુ જ નહીં બલ્કે વર્ગણાઓના રૂપમાં સૂક્ષ્મ પુદ્ગલ-સ્કંધ પણ અમૂર્તિક ઠરશે. અમૂર્તિક સિદ્ધ થતાં તેમનામાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો અભાવ માનવો પડશે. અને આ પુદ્ગલ-ગુણોનો અભાવ થતાં પુદ્ગલ દ્રવ્યના જ અભાવનો પ્રસંગ ઉપસ્થિત થશે. તેથી પરમાણુને અતીન્દ્રિય અને અતીન્દ્રિયને અમૂર્તિક કહેવું તે વ્યવહાર નયની દૃષ્ટિએ-કથન છે, નિશ્ચયનયની દૃષ્ટિએ નહિ. કેટલાય સૂક્ષ્મ પદાર્થો એવા છે જે સ્વભાવથી તો ઇન્દ્રિયગોચર નથી પરંતુ યંત્રોની સહાયથી ઇન્દ્રિય-ગોચર થઇ જાય છે, આજ કાલ એવા શક્તિશાળી યંત્રો તૈયાર થઇ ગયા છે જે એક સૂક્ષ્મ વસ્તુને હજારો ગણી મોટી કરીને બતાવી શકે છે. આવી સ્થિતિમાં પરમાણુ પણ યંત્રની સહાયથી મોટો દેખાઇ શકે છે. પરંતુ ગમે તેવી શક્તિશાળી આંખ હોય તેનાથી સ્વતંત્રતાપૂર્વક તે દેખાઇ શકતો નથી. તેથી જ તે અતીન્દ્રિય હોવા છતાં પણ પુદ્ગલ દ્રવ્યની દૃષ્ટિએ મૂર્તિક છે. ૨૧.

---

૧. **स्पर्श-रस-गन्ध-वर्णवन्तः पुद्गलाः** ॥—ત. સૂત્ર. અ. ૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કયું પુદ્ગલ કોની સાથે કર્મભાવને પ્રાપ્ત થાય છે.

**[१]कर्म वेदयमानस्य भावाः सन्ति शुभाशुभाः ।**
**कर्मभावं प्रपद्यन्ते[२]संसक्तास्तेषु पुद्गलाः ॥ २२ ॥**

**શબ્દાર્થઃ—( कर्म )** કર્મ-ફળને **( वेदयमानस्य )** ભોગવતા જીવને **( शुभाशुभाः )** શુભ કે અશુભ **( भावाः )** ભાવો **( सन्ति )** થાય છે. **( तेषु )** તે ભાવો થતાં **( संसक्ताः पुद्गलाः )** સંબંધિત-આસ્રવેલા પુદ્ગલો **( कर्मभावं )** કર્મભાવને **( प्रपद्यन्ते )** પ્રાપ્ત થાય છે-જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મરૂપ પરિણમે છે.

**વ્યાખ્યાઃ—**ગત ૨૦ મા પદ્ય અનુસાર જે પુદ્ગલ દ્રવ્ય લોકમાં ઠાંસોઠાંસ ભરેલાં છે તે કોઈ જીવની સાથે કર્મભાવને ક્યારે પ્રાપ્ત થાય છે તે જ વિષયના સિદ્ધાંતનું આ પદ્યમાં નિરૂપણ કરવામાં આવ્યું છે-લખ્યું છે કે જ્યારે કોઈ જીવ ઉદયમાં આવેલ કર્મને ભોગવે છે ત્યારે તેના ભાવ ( મન-વચન-કાયરૂપ યોગોનું પરિણમન) શુભ કે અશુભરૂપ થાય અને તે ભાવો અથવા પરિણામો સાથે સંબંધ પામેલ પુદ્ગલ ( સ્વતઃ ) કર્મભાવને પ્રાપ્ત થઈ જાય છે-તેમને કર્મરૂપે પરિણમાવવાની બીજી કોઈ પ્રક્રિયા નથી, તત્કાલીન યોગોનું શુભ-અશુભ પરિણમન જ તે સંસક્ત પુદ્ગલોને શુભાશુભ કર્મરૂપે પરિણમાવી દે છે. ૨૨

## યોગ-દ્વારા આવેલ પુદ્ગલોના કર્મરૂપ પરિણમનમાં હેતુ.

**योगेन ये समायान्ति शस्ताशस्तेन पुद्गलाः ।**
**तेऽष्टकर्मत्वमिच्छन्ति कषाय-परिणामतः ॥ २३ ॥**

**શબ્દાર્થઃ—( शस्ताशस्तेन योगेन )** પ્રશસ્ત-અપ્રશસ્ત યોગથી-મન-વચન-કાયાની શુભ કે અશુભ પ્રવૃત્તિથી-**( ये पुद्गलाः )** જે પુદ્ગલો **( समायान्ति )** આત્મામાં પ્રવેશ પામે છે **( ते )** તે **( कषाय-परिणामतः )** કષાય પરિણામને કારણે **( अष्ट कर्मत्वमिच्छन्ति )** આઠ કર્મરૂપે પરિણમે છે.-જ્ઞાનાવરણાદિ આઠ કર્મોનું રૂપ ધારણ કરે છે.

---

१. अत्ता कुणदि सहावं तत्थ गदा पोग्गला सभावेहिं ।
गच्छंति कम्मभावं अण्णोण्णागाहमवगाढा ॥ ६९ ॥—પંચાસ્તિ.

२. आ संशक्तास्तेषु.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—પાછળના પદ્યમાં જે પુદ્‌ગલોનું કર્મભાવને પ્રાપ્ત થવાનું લખ્યું છે તે મન-વચન-કાયરૂપ યોગોના શુભાશુભ પરિણમન-દ્વારે આત્મામાં પ્રવેશેલા પુદ્‌ગલો કષાય-ભાવને કારણે આઠ કર્મોરૂપે પરિણમે છે.-કર્મસામાન્યમાંથી કર્મવિશેષ બની જાય છે. અહીં '**कषाय-परिणामत:**' તે પદ હેતુરૂપે યોજેલું છે, જેનો આશય છે 'કષાયરૂપ પરિણમનનું નિમિત્ત પામીને અષ્ટકર્મરૂપ થવું.' જ્યાંસુધી કષાય-પરિણામ થતા નથી ત્યાં સુધી બધાંય કર્મ સ્થિતિ અને અનુભાગ રહિત હોય છે અને તેથી કાંઈ પણ ફળ દેવામાં સમર્થ હોતાં નથી-જેવી રીતે જે સમયે આવે તેવી રીતે તેજ સમયે નીકળી જાય. તેથી '**कषाय परिणामतः**' આ પદ અહીં પોતાનું ખાસ મહત્ત્વ રાખે છે. ૨૩

## આઠ કર્મોનાં નામ

**ज्ञानदृष्टयावृती वेद्यं मोहनीयायुषी विदुः ।**
**नाम गोत्रान्तरायौ च कर्माण्यष्टेति सूरयः ॥ २४ ॥**

શબ્દાર્થ:—( **ज्ञानदृष्टयावृती** ) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, ( **वेद्यं** ) વેદનીય, ( **मोहनीयायुषी** ) મોહનીય, આયુ, ( **नाम गोत्रान्तरायौ च** ) નામ, ગોત્ર અને અંતરાય ( **अष्ट इति** ) આ આઠને ( **कर्माणि सूरयः विदुः** ) આચાર્યો ( દ્રવ્ય-) કર્મ કહે છે.

વ્યાખ્યાઃ—પૂર્વ-પદ્યમાં આત્મામાં પ્રવેશેલા પુદ્‌ગલોની જે આઠ કર્મરૂપ પરિણમ-વાની વાત કહેવામાં આવી છે તેમનાં આ પદ્યમાં નામ આપવામાં આવ્યાં છે. પુદ્‌ગલાત્મક હોવાથી આ આઠેય દ્રવ્યકર્મ છે. આ કર્મોમાં પોત-પોતાના નામને અનુકૂળ કાર્ય કરવાની શક્તિ હોય છે, જેને 'પ્રકૃતિ' કહે છે અને તેથી આ આઠ મૂળકર્મ પ્રકૃતિઓ કહેવાય છે, જેમના ઉત્તરોત્તર ભેદ ૧૪૮ છે. આ કર્મ પ્રકૃતિઓનું વિશેષ વર્ણન ષટ્‌ખંડાગમ, ગોમ્મટસાર, કમ્મપયડિ, પંચસંગ્રહ આદિ કર્મ સાહિત્યવિષયક ગ્રંથોમાંથી જાણી શકાય છે. ૨૪.

---

૧. आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुर्नामगोत्रान्तरायाः ॥—ત,સૂ ૮-૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જીવ કલ્મષના ઉદયથી થયેલ ભાવનો કર્તા છે કર્મનો નહિ.

[1]कल्मषोदयतः भावो यो जीवस्य प्रजायते ।
स कर्ता तस्य भावस्य कर्मणो न कदाचन ॥ २५ ॥

**શબ્દાર્થ:**—( **कल्मषोदयतः** ) કલ્મષના ઉદયથી–મિથ્યાત્વાદિ કર્મોના ઉદય વશે–( **जीवस्य** ) જીવનો ( **यो भाव:** ) જે ભાવ ( **प्रजायते** ) ઉત્પન્ન થાય છે ( **तस्य भावस्य** ) તે જ ભાવનો ( **स कर्ता** ) તે જીવ કર્તા થાય છે ( **कदाचन कर्मणो न** ) દ્રવ્યકર્મનો કર્તા કદી થતો નથી.

**વ્યાખ્યા:**—'કલ્મષ' શબ્દ કર્મમળનો વાચક છે. જો કે બધા જ કર્મમળ આવી જાય છે છતાં પણ જે કર્મમળના ઉદયથી જીવને ઔદયિક ભાવ ઉત્પન્ન થાય છે તે જ કર્મ-મળ અહીં વિવક્ષિત જણાય છે, વિવક્ષિત કર્મમળના ઉદયનું નિમિત્ત પામીને જીવનો જે ભાવ ઉત્પન્ન થાય છે તે પોતાના ભાવનો કર્તા તે જીવ હોય છે, નહિ કે તે પુદ્ગલ દ્રવ્યના કર્મરૂપ પરિણમનનો કર્તા, જે જીવના પરિણામનું નિમિત્ત પામી ને સ્વતઃ કર્મરૂપે પરિ-ણમે છે. કે જે શ્રી અમૃતચન્દ્રાચાર્યના નીચેના વાક્યમાં પણ પ્રગટ છે:—

जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनरन्ये ।
स्वयमेव परिणमन्तेऽत्र पुद्गलाः कर्मभावेन ॥ १२ ॥
( પુરુષાર્થસિદ્ધિઉપાય )

આ વાક્યમાં યોજેલ પુદ્ગલોનું '**अन्ये**' ( બીજા ) વિશેષણ–પદ ઘણું જ મહત્ત્વપૂર્ણ છે અને એ વાત સ્પષ્ટ સૂચિત કરે છે કે જે જીવકૃત–પરિણામનો આ પદ્યમાં ઉલ્લેખ છે તે સંસારી જીવનો વિભાવ પરિણામ છે અને વિભાવ પરિણામ જીવમાં પુદ્ગલના સંપર્ક વિના થતા નથી. તેથી જે પુદ્ગલોનો સંબંધ પામીને જીવના વિભાવ પરિણામ બન્યા તે પુદ્ગલોથી ભિન્ન જે બીજા પુદ્ગલ છે અને ત્યાંજ–પરિણામની પાસે જ–ઉપસ્થિત છે તેઓ તે પરિણામનું નિમિત્ત પામીને સ્વયમેવ કર્મભાવને પ્રાપ્ત થઈ જાય છે– દ્રવ્યકર્મ બની જાય છે. પરિણામ એ આવ્યું કે પહેલેથી જીવના પરિણામમાં પુદ્ગલના સંપર્ક વિના નવું કોઈ પુદ્ગલ કર્મરૂપ પરિણમતું નથી. અને આ રીતે પૂર્વબદ્ધ–કર્મના ઉદયનું નિમિત્ત પામીને જીવના પરિણામ અને જીવ-

---

१. एएण कारणेण दु कत्ता आदा सएण भावेण ।
पुग्गलकम्मकयाणं ण दु कत्ता सव्वभावाणं ॥ ८२ ॥—સમયસાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ના પરિણામનું નિમિત્ત પામીને નવા પુદ્‌ગલોનું કર્મરૂપે બંધનને પ્રાપ્ત થવું, આ ક્રમ અનાદિથી ચાલ્યો આવે છે. પ્રત્યેક દ્રવ્યના પરિણામ પોતામાં જ થાય છે, અને તેથી તેજ પોતાના તે પરિણામનો કર્તા થાય છે. બીજા દ્રવ્યના પરિણામનું બીજું કોઇ દ્રવ્ય કર્તા થતું નથી-નિમિત્તકારણ થવું એ બીજી વાત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યના કાર્યનું નિમિત્ત કારણ તો હોય છે પણ ઉપાદાનકારણ નહિ. ઉપાદાન કારણ તેને કહે છે જે કારણ જ કાર્ય-રૂપ પરિણત થાય. માટીનો ઘડો બનવામાં માટી જ ઘડારૂપે પરિણમે છે કુંભારાદિ નહિ, તેથી માટી ઉપાદાન કારણ અને કુંભારાદિ તેના નિમિત્તકારણ કહેવાય છે. ૨૫.

## કર્મોની વિવિધ રૂપે ઉત્પત્તિ કેવી રીતે થાય છે.

[1]विविधाः पुद्‌गलाः स्कन्धाः संपद्यन्ते यथा स्वयम् ।
कर्मणामपि निष्पत्तिरपरैरकृता तथा ॥ २६ ॥

**શબ્દાર્થ**:—( **यथा** ) જેવી રીતે ( **विविधाः पुद्‌गलाः** ) વિવિધ પુદ્‌ગલ ( **स्वयं** ) સ્વયં ( **स्कन्धाः संपद्यन्ते** ) સ્કંધ બની જાય છે ( **तथा** ) તેવી જ રીતે ( પુદ્‌ગલાત્મક ) ( **कर्मणामपि** ) કર્મોની ( **निष्पत्तिः** ) નિષ્પત્તિ ( નિર્માણ ) પણ ( **अपरैः** ) બીજાઓ દ્વારા ( **अकृता** ) થતી નથી-સ્વતઃ થાય છે.

**વ્યાખ્યા**:—પાછલા પદ્યમાં એ બતાવવામાં આવ્યું છે કે જીવ પોતાના ભાવોનો કર્તા છે, દ્રવ્યકર્મનો કર્તા કદાપિ નથી; તો પછી દ્રવ્યકર્મોનું વર્ગીકરણ અથવા જ્ઞાનાવરણાદિ રૂપે વિવિધ કર્મવર્ગણાઓની નિષ્પત્તિ કોઈ બીજાએ કર્યા વિના કેવી રીતે થાય છે? આ એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે. એનો ઉત્તર અહીં વિવિધ-પુદ્‌ગલ-સ્કંધોની સ્વતઃ ઉત્પત્તિના દૃષ્ટાંતદ્વારા આપવામાં આવ્યો છે, જેનો એ આશય છે કે જેવી રીતે આકાશમાં પોતાને યોગ્ય સૂર્ય-ચંદ્રમાના તેજથી વાદળ, સંધ્યારાગ, ઇન્દ્રધનુષ્ય, પરિમંડળ આદિ અનેક પ્રકારના પુદ્‌ગલ-સ્કંધ બીજાએ કર્યા વિના સ્વયં બને છે અને વિખરાય છે એમ જોવામાં આવે છે, તેવી જ રીતે પોતાને યોગ્ય મિથ્યાત્વ-રાગાદિરૂપ જીવ-પરિણામોને પામીને જ્ઞાનાવરણ-દર્શનાવરણ આદિ અનેક પ્રકારના કર્મ બીજા કોઈ કર્તાની અપેક્ષા વિના સ્વયં ઉત્પન્ન થાય છે અને સમયાદિ પામીને સ્વયં જ વિલય પામી જાય છે. ૨૬.

---

૧. जह पुग्गल दव्वाणं बहुप्पयारेहिं खंधणिव्वत्ती ।
अकदा परेहिं दिट्ठा तह कम्माणं वियाणाहि ॥ ६६ ॥—પંચાસ્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જીવ કદી કર્મરૂપ અને કર્મ જીવરૂપ થતા નથી.

**कर्मभावं प्रपद्यन्ते न कदाचन चेतनाः ।**
**कर्म चैतन्यभावं वा स्वस्वभावव्यवस्थितेः ॥ २७ ॥**

શબ્દાર્થ:—( **स्वस्वभावव्यवस्थितेः** ) પોતપોતાના સ્વભાવમાં સદા વ્યવસ્થિત રહેવાને કારણે ( **चेतनाः** ) ચેતન જીવ ( **कदाचन** ) કદી ( **कर्मभावं** ) કર્મરૂપ ( **न प्रपद्यन्ते** ) થતા નથી ( **वा** ) અને ( **कर्म** ) કર્મ કદી ( **चैतन्यभावं** ) ચેતનરૂપ થતાં નથી.

વ્યાખ્યા:—જીવ અને પૌદ્ગલિક કર્મોનો એક ક્ષેત્રાવગાહ રૂપ સંબંધ હોવા છતાં પણ જીવ કદી કર્મરૂપ અને કર્મ કદી જીવરૂપ થતાં નથી; કારણ કે બન્ને સદા પોતપોતાના સ્વભાવમાં સ્થિર રહે છે–સ્વભાવનો ત્યાગ કોઈ પણ દ્રવ્ય કદી કરી શકતું નથી. તેથી જ જૈનાગમમાં આત્માને સ્વભાવથી નિજભાવનો કર્તા કહેવામાં આવ્યો છે–પુદ્ગલ કર્માદિનો કર્તા બતાવ્યો નથી. એવી જ રીતે કર્મને પણ સ્વભાવથી પોતાના ભાવનો કર્તા કહેવામાં આવ્યો છે–જીવના સ્વભાવનો કર્તા નહિ; કે જે પંચાસ્તિકાયની નીચેની ગાથાઓમાંથી જાણી શકાય છે:—

**कुव्वं सगं सहावं अत्ता कत्ता सगस्स भावस्स ।**
**ण हि पोग्गल कम्माणं इदि जिणवयणं मुणेयव्वं ॥ ६१ ॥**
**कम्मं पि सगं कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं ।**
**जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण ॥ ६२ ॥**

## જીવને ઉપાદાનભાવથી કર્મ કરવામાં આપત્તિ.

**जीवः करोति कर्माणि यद्युपादानभावतः ।**
**चेतनत्वं तदा नूनं कर्मणो वार्यते कथम् ॥ २८ ॥**

શબ્દાર્થ:—( **यदि** ) જો ( **जीवः** ) જીવ નિશ્ચય જ ( **उपादानभावतः** ) ઉપાદાન ભાવથી ( **कर्माणि करोति** ) કર્મોનો કર્તા હોય ( **तदा** ) તો ( **कर्मणः** ) કર્મને ( **चेतनत्वं** ) ચેતનપણાનો ( **नूनं कथम् वार्यते** ) નિષેધ કેવી રીતે કરી શકાય ? કરી શકાય નહિ; કારણ કે ઉપાદાન કારણ જ કાર્યરૂપે પરિણમે છે. જીવ ચેતન હોવાથી તેના ઉપાદાનથી બનેલું કર્મ પણ ચેતન ઠરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:—પાછલા પદ્યમાં જીવ તથા પુદ્‌ગલ–કર્મની જે સ્વભાવ–વ્યવસ્થાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેને ન માનતાં જો એમ કહેવામાં આવે કે જીવ પોતાના ઉપાદાન ભાવથી કર્મોનો કર્તા છે–નિમિત્ત રૂપે નહિ–તો પછી કર્મોના ચેતનપણાનો નિષેધ કરી શકાતો નથી; કારણ કે ઉપાદન કારણ જો ચેતન હશે તો તેના કાર્યને પણ ચેતન માનવું પડશે. ૨૮.

## કર્મને ઉપાદાનભાવથી જીવનું કાર્ય કરતાં આપત્તિ.

**यद्युपादानभावेन विधत्ते कर्म चेतनम् ।**
**अचेतनत्वमेतस्य तदा केन निषिध्यते ॥ २९ ॥**

શબ્દાર્થ:—( **यदि** ) જો ( **कर्म** ) કર્મ પોતાના ( **उपादानभावेन** ) ઉપાદાનભાવથી ( **चेतनम्** ) ચેતન ( જીવ )નું ( **विधत्ते** ) નિર્માણ કરે ( **तदा** ) તો ( **एतस्य** ) આ–ચેતનરૂપ જીવને ( **अचेतनत्वं** ) અચેતનપણા ( જડપણા )ના પ્રસંગનો ( **केन निषिध्यते** ) નિષેધ કેવી રીતે કરી શકાય ? કરી શકાતો નથી. કર્મનું ઉપાદાન અચેતન હોવાથી તેનાથી બનેલ જીવાત્મા પણ ચેતના–રહિત જડ ઠરે છે.

વ્યાખ્યા:—જો તે સ્વભાવ–વ્યવસ્થાને ન માનતાં એમ કહેવામાં આવે કે કર્મ પોતાના ઉપાદાનથી જીવના ભાવોનો કર્તા છે–નિમિત્તરૂપે નહિ–તો પછી જીવને અચેતન-પણાનો નિષેધ કરી શકાતો નથી. કારણ કે ઉપાદાન જો અચેતન હોય તો તેનું કાર્ય પણ અચેતન માનવું પડે. ૨૯.

## ઉક્ત બન્ને માન્યતાઓમાં અનિવાર્ય દોષાપત્તિ.

**एवं संपद्यते दोषः सर्वथापि दुरुत्तरः ।**
**चेतनाचेतनद्रव्यविशेषाभावलक्षणः ॥ ३० ॥**

શબ્દાર્થ:—( **एवं** ) આ રીતે ( ચેતનને અચેતનનું અને અચેતનને ચેતનનું ઉપા-દાન–કારણ માનવાથી ) ( **चेतनाचेतनद्रव्यविशेषाभावलक्षणः** ) ચેતન અને અચેતન દ્રવ્યમાં કોઈ ભેદ ન રહેવારૂપ ( **दोषः संपद्यते** ) તે દોષ પણ ઉપસ્થિત થાય છે ( **सर्वथापि दुरुत्तरः** ) જે સર્વથા દુરુત્તર છે–કોઈ પણ રીતે ટાળી શકાતો નથી અને તેથી અનિષ્ટ બનવાનો પ્રસંગ આવે છે.

૧૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:—ચેતનાત્મક જીવને પોતાના ઉપાદાનથી કર્મોનો અને અચેતનાત્મક કર્મને પોતાના ઉપાદાનથી જીવનો કર્તા માનતાં જે દોષોની આપત્તિ પાછલા બે પદ્યોમાં બતાવવામાં આવીછે તેમાંથી પાછો એક મોટો દોષ બીજો ઉત્પન્ન થાય છે જે કોઈ પણ રીતે ટાળી શકાતો નથી અને તે આ પદ્યમાં બતાવ્યો છે. તે મહાન દોષ છે ચેતન-અચેતન-દ્રવ્ય-વિશેષનો અર્થાત્ કોઇ દ્રવ્ય ચેતન અને કોઈ અચેતન, એ ભેદ પછી કોઈ પણ રીતે બની નહિ શકે. બધાને ચેતન અને બધાને અચેતન પણ કહી શકીએ નહિ; કારણ કે કોઇ પણ વિધિ અથવા નિષેધ પ્રતિપક્ષી વિના હોતો નથી. વિધિનો નિષેધ સાથે અને નિષેધનો વિધિ સાથે અવિનાભાવ-સંબંધ છે. કે જે સ્વામી સમંતભદ્રના નીચેના વાકયોથી જાણી શકાય છે:—

अस्तित्वं प्रतिषेध्येनाविनाभाव्येकधर्मिणि ।
विशेषणत्वात्साधर्म्यं यथा भेदविवक्षया ॥ १७ ॥
नास्तित्वंप्रतिषेध्येनाविनाभाव्येकधर्मिणि ।
विशेषणत्वाद्वैधर्म्यं यथा भेदविवक्षया ॥ १८ ॥

—આપ્તમીમાંસા. ૩૦

## પુદ્ગલોને કર્મરૂપ અને જીવોને સરાગરૂપ પરિણામના હેતુ.

[1]सरागं जीवमाश्रित्य कर्मत्वं यान्ति पुद्गलाः ।
कर्माण्याश्रित्य जीवोऽपि सरागत्वं प्रपद्यते ॥ ३१ ॥

શબ્દાર્થ:—(सरागं) સરાગી (जीवम्) જીવનો (आश्रित्य) આશ્રય-નિમિત્ત પામીને (पुद्गलाः) પુદ્ગલો (कर्मत्वं) કર્મપણું (यान्ति) પામે છે. અને (कर्माणि) કર્મોનો (आश्रित्य) આશ્રય-નિમિત્ત પામીને (जीवोऽपि) જીવ પણ (सरागत्वं) સરાગ-ભાવને (प्रपद्यते) પ્રાપ્ત થાય છે.

વ્યાખ્યા:—આ પદ્યમાં જીવ અને પુદ્ગલની એકબીજાના નિમિત્તે થતા પરિણમનની સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવી છે. અને તે એ છે કે જીવના રાગાદિરૂપ પરિણામનું નિમિત્ત પામીને પુદ્ગલ જ્ઞાનાવરણાદિ-કર્મરૂપ પરિણમે છે અને પોતપોતાના કર્મોના ઉદયનું નિમિત્ત પામી-

---

૧. जीवपरिणामहेदुं कम्मत्तं पुग्गला परिणमंति ।
पुग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमइ ॥ ८० ॥—સમયસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને જીવ રાગદ્વેષાદિરૂપ પરિણમે છે. પરંતુ બધા જીવોને કર્મોના ઉદયવશ રાગ-દ્વેષાદિરૂપ અવશ્ય પરિણમવું પડે એમ નથી; કેટલાક જીવ એવા પણ હોય છે, જે કર્મોનો ઉદય આવતાં સમતાભાવ ધારણ કરે છે-કર્મજનિત પદાર્થોમાં રાગ-દ્વેષાદિરૂપ પરિણમતા નથી અથવા મોહનીય-કર્મનો અભાવ થઈ જતાં રાગ-દ્વેષાદિરૂપ પરિણમવાની જેમનામાં યોગ્યતા જ નથી રહેતી-એવા જીવોના નિમિત્તો પુદ્‌ગલ કર્મરૂપ પરિણમતાં નથી અથવા એમ કહો કે તે જીવોને કર્મોનો ઉદય આવવા છતાં, તથા કેટલાક ઔદયિક ભાવો થવા છતાં પણ નવા કર્મોનો બંધ થતો નથી. જો એમ ન માનવામાં આવે તો બંધની પરંપરા કદી સમાપ્ત થઇ શકતી નથી અને કદીય મુક્તિની પ્રાપ્તિ થઇ શકે નહિ; કારણ કે મોહનીય કર્મનો અભાવ થઈ જવા છતાં પણ અર્હંતોને-ભગવંતોને કોઈ ઇચ્છા તથા પ્રયત્ન વિના તે પ્રકારની યોગ્યતાના સદ્‌ભાવથી યથાસમય ઉઠવું-બેસવું, વિહાર કરવો અને ધર્મોપદેશ આપવો-જેવી ક્રિયાઓ તો નિયમિતરૂપે સ્વભાવથી એવી જ રીતે થાય છે જેવી રીતે મેઘાકાર-પરિણમેલા પુદ્‌ગલોનું ચાલવું, અટકવું, ગરજવું અને પાણી વરસાવવું આદિ ક્રિયાઓ કોઇ પુરુષના પ્રયત્ન વિના સ્વતઃ થતી જોવામાં આવે છે. પરંતુ તેનાથી મોહના ઉદયપૂર્વક ન હોવાને કારણે ક્રિયાના ફળ રૂપે નવા કર્મનું કોઈ બંધન થતું નથી. અર્હંતોની આ ક્રિયા-ઔદયિકી છે; કારણ કે અર્હંતપદ મહાનપુણ્યના કલ્પવૃક્ષસમ 'તીર્થંકર પ્રકૃતિ' નામના નામકર્મના ઉદયથી થાય છે. સાથોસાથ મોહનીય કર્મનો અભાવ થઈ જવાથી આ ક્રિયાઓ ક્ષાયિકી પણ છે અને તેથી શુદ્ધચેતનામાં કોઇ વિકાર ઉત્પન્ન કરતી નથી; જે પ્રવચનસારની નીચેની ગથાઓમાં પ્રગટ છેઃ—

ठाण-णिसेज्ज-विहारा धम्मुवदेसो वि णियदयो तेसिं ।
अरहंताणं काले मायाचारोव्व इत्थीणं ॥ ४४ ॥
पुण्णफला अरहंता तेसिं किरिया पुणो वि ओदइया ।
मोहादीहिं विरहिया तम्हा सा खाइगि त्ति मदा ॥ ४५ ॥ ૩૧

## કર્મકૃત ભાવનું કર્તૃત્વ અને જીવનું અકર્તૃત્વ.

[1]कर्म चेत्कुरुते भावो जीवः कर्ता तदा कथम् ।
न किंचित् कुरुते जीवो हित्वा भावं निजं परम् ॥ ३१ ॥

---

१. भावो जदि कम्मकदो अत्ता कम्मस्स होदि किध कत्ता ।
ण कुणदि अत्ता किंचि वि मुत्ता अण्णं सगं भावं ॥ ५९ ॥—પંચાસ્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—( **भावः** ) ( રાગાદિ ) ભાવ ( **चेत्** ) જો ( **कर्म** ) કર્મનો ( **कुरुते** ) કર્તા છે–કર્મસમૂહનો નિર્માતા છે–એમ માનવામાં આવે તો પછી ( **जीवः** ) જીવ ( **कर्ता** ) કર્મોનો કર્તા ( **कथम्** ) કેવી રીતે થઈ શકે ?–થઈ શકે નહિ. ( **जीवो** ) જીવ તો ( **निजं भावं हित्वा** ) પોતાના ( જ્ઞાનાદિ રૂપ ) નિજ–ભાવને છોડીને ( **किंचित् परं** ) અન્ય કાંઈ પણ ( **न कुरुते** ) કરતો નથી–રાગાદિ જીવના નિજભાવ ન હોતાં પરના નિમિત્તે થનાર પરભાવ છે, તેથી વાસ્તવમાં તેમનો કર્તા નથી.

**વ્યાખ્યા**:—અહીં યોજાયેલ '**भावः**' પદ રાગાદિરૂપ વિભાવભાવનું વાચક–સ્વભાવનું નહિ. પાછળના પદ્યમાં એમ કહેવામાં આવ્યું છે કે રાગાદિરૂપ પરિણમેલ જીવનો આશ્રય-નિમિત્ત પામીને પુદ્દગલ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમે છે તેથી એ સ્પષ્ટ ફલિત થાય છે કે જીવ રાગાદિરૂપ ન પરિણમે તો કર્મ ઉત્પન્ન થતા નથી. આવી સ્થિતિમાં જીવનો રાગાદિભાવ જે પરના સંપર્કથી ઉત્પન્ન થયેલ કર્મકૃત વિભાવ-ભાવ છે, તે દ્રવ્ય-કર્મનો કર્તા ઠર્યો; તો જીવને દ્રવ્યકર્મનો કર્તા કેવી રીતે કહી શકાય ? કહી શકાય નહિ. તેવી જ રીતે જેમ અગ્નિથી તપેલ ઘીએ જે બાળવાનું કામ કર્યું તે વાસ્તવમાં ઘીનું કામ કહી શકાતું નથી, ઘીમાં પ્રવેશેલી અગ્નિનું કામ છે. અને તેથી અહીં એ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે વાસ્તવમાં જીવ પોતાના જ્ઞાન-દર્શનાદિ ચૈતન્યભાવ સિવાય બીજું કાંઈ પણ કરતો નથી. એક કવિના શબ્દોમાં ' એ બીમાર દિલની બધી લીલા હતી, હું નહોતો. ' સંસારી જીવોની સાથે રાગાદિની જે બીમારી લાગેલી છે તે જ તેમની પાસે બધાં કર્મ કરાવે છે. ૩૨.

## કર્મથી ભાવ અને ભાવથી કર્મ આ રીતે એક બીજાનું કર્તૃત્વ.

**[१]कर्मतो जायते भावो भावतः कर्म सर्वदा ।**
**इत्थं कर्तृत्वमन्योन्यं द्रष्टव्यं भाव–कर्मणोः ॥ ३३ ॥**

**શબ્દાર્થ**:—( **कर्मतो** ) કર્મના નિમિત્તે ( **सर्वदा** ) સદા ( **भावो** ) રાગાદિભાવ અને ( **भावतः** ) રાગાદિ ભાવના નિમિત્તે સદા ( **कर्म** ) કર્મ સમૂહ ( **जायते** ) ઉત્પન્ન થાય છે. ( **इत्थं** ) આ રીતે ( **भाव–कर्मणोः** ) રાગાદિ ભાવો અને કર્મોનું ( **अन्योन्यं** ) પરસ્પર એકબીજાનું ( **कर्तृत्वं** ) કર્તાપણું ( **द्रष्टव्यं** ) જાણવું જોઈએ.

---

૧. भावो कम्म णिमित्तो कम्मं पुण भावकारणं हवदि ।
णदु तेसिं खलु कत्ता ण विणा भूदा दु कत्तारं ॥ ६० ॥—પંચાસ્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—પાછલા ૨૮, ૨૯, ૩૦ મા પદ્યોમાં એ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે જીવ પોતાના ઉપાદાનથી કર્મનો અને કર્મ પોતાના ઉપાદાનથી જીવનો કર્તા નથી. કર્તા માનતાં બહુ મોટો દુસ્તર દોષ ઉત્પન્ન થાય છે-તો નિમિત્ત-નૈમિત્તિક રૂપે કર્તા-કર્મની વ્યવસ્થા કેવી રીતે થાય તે આ પદ્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે અને તે એ છે કે દ્રવ્ય-કર્મથી-કર્મના ઉદયનું નિમિત્ત પામીને-જીવના રાગાદિભાવ ઉત્પન્ન થાય છે-જીવત્વ કે ચેતનભાવ ઉત્પન્ન થતો નથી-અને જીવના રાગાદિભાવથી ( નિમિત્તથી ) કર્મ ઉત્પન્ન થાય છે-પુદ્ગલ કર્મરૂપ પરિણમે છે-નહિ કે પુદ્ગલ દ્રવ્ય ઉત્પન્ન થાય છે. આ રીતે ભાવ અને કર્મનું સદા એક-બીજા પ્રત્યે નૈમિત્તિક રૂપે કર્તાપણું છે. જીવ-પુદ્ગલ દ્રવ્યોમાં પરસ્પર એક બીજાનું કોઈ કર્તાપણું નથી-જીવથી પુદ્ગલ કે પુદ્ગલથી જીવ કદી ઉત્પન્ન થતો નથી. ૩૩.

## ક્રોધાદિકૃત કર્મને જીવકૃત કેવી રીતે કહેવામાં આવે છે.

**कोपादिभिः कृतं कर्म जीवेन कृतमुच्यते ।**
**पदातिभिर्जितं युद्धं जितं भूपतिना यथा ॥ ३४ ॥**

શબ્દાર્થઃ—( **यथा** ) જેમ ( **पदातिभिर्जितं** ) યોદ્ધાઓ વડે જિતાયેલું ( **युद्धं** ) યુદ્ધ ( **भूपतिना** ) રાજાએ જીત્યું એમ કહેવામાં આવે છે, તેમ ( **कोपादिभिः** ) ક્રોધાદિ-કષાય ભાવોદ્વારા ( **कृतं कर्म** ) કરાયેલું કર્મ ( **जीवेन कृतं** ) જીવે કર્યું એમ ( **उच्यते** ) કહેવાય છે.

વ્યાખ્યાઃ—જો કર્તા રાગાદિભાવ છે તો જીવને કર્તા કેમ કહેવામાં આવે છે? આ પ્રશ્નનું અહીં એક દૃષ્ટાંતદ્વારા સમાધાન કરવામાં આવ્યું છે જે સ્વયં સ્પષ્ટ છે. નિશ્ચયથી તો સંગ્રામમાં લડનાર યોદ્ધાઓ દ્વારા જ યુદ્ધ કરવામાં અને જીતવામાં આવે છે; પરંતુ વ્યવહારમાં રાજાદ્વારા તે કરવામાં અને જીતવામાં આવ્યું એમ કહેવાય છે તેમ નિશ્ચયથી ક્રોધાદિ દ્વારા સંપન્ન થનારૂં કાર્ય પણ-જ્ઞાનાવરણાદિ કર્મબંધ પણ-વ્યવહારથી જીવદ્વારા કરાયું એમ કહેવામાં આવે છે; કે જે સમયસારની નીચેની ગાથાથી પણ જણાય છેઃ—

**जोधेहिं कदे जुद्धे राएण कदं ति जंपदे लोगो ।**
**तह ववहारेण कदं णाणावरणादि जीवेण ॥ १०६ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કર્મજનિત દેહાદિ સર્વ વિકાર ચૈતન્ય-રહિત છે.

[१]देह-संहति-संस्थानं-गति-जाति-पुरोगमाः ।
विकाराः कर्मजाः सर्वे चैतन्येन विवर्जिताः ॥ ३५ ॥

શબ્દાર્થ:—જીવને ( **देह-संहति-संस्थान-गति-जाति-पुरोगमा:** ) શરીર, સંહનન સંસ્થાન-ગતિ-જાતિ આદિ રૂપ ( **विकाराः** ) જેટલા કોઈ વિકાર છે તે ( **सर्वे** ) બધા ( **कर्मजाः** ) કર્મના નિમિત્તથી ઉત્પન્ન અને ( **चैतन्येन विवर्जिता:** ) ચેતના-રહિત હોય છે.

વ્યાખ્યા:—આ પદ્યમાં શરીર-સંહનન-સંસ્થાન-ગતિ-જાતિના રૂપે જે વિકારોનો ઉલ્લેખ છે અને ' **पुरोगमाः** ' પદદ્વારા, કે જે 'ઈત્યાદિ' નું વાચક છે, પુદ્ગલના જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણ આદિ ગુણો તથા અવસ્થા-વિશેષરૂપ પર્યાયોનું સૂચન કરવામાં આવ્યું છે તે બધી પ્રાયઃ નામકર્મ-જનિત છે અને પૌદ્ગલિક હોવાથી ચેતના ગુણ રહિત છે. નામકર્મની મુખ્ય ૪૨ પ્રકૃતિઓ છે, ઉત્તર-ભેદસહિત ૯૩; કે જે મોક્ષશાસ્ત્રના આઠમા અધ્યાયના ' **गति-जाति-शरीराङ्गोपाङ्ग-निर्माण-बन्धन-संघात-संस्थान-संहनन-स्पर्श-रस गन्ध-वर्ण** ' ઈત્યાદિ સૂત્ર નં. ૧૧ અને તેની ટીકાઓ આદિથી જણાય છે. ૩૬.

## તેર ગુણસ્થાન અને તેમની પૌદ્ગલિકતા.

मिथ्यादृक् सासनो मिश्रोऽसंयतो देशसंयतः ।
प्रमत्त इतरोऽपूर्वस्तत्त्वज्ञैरनिवृत्तकः ॥ ३६ ॥
सूक्ष्मः शान्तः परः क्षीणो योगी चेति त्रयोदश ।
गुणाः पौद्गलिकाः प्रोक्ताः कर्मप्रकृतिनिर्मिताः ॥ ३७ ॥

શબ્દાર્થ:—( **तत्त्वज्ञैः** ) તત્ત્વજ્ઞાનીઓએ ( **मिथ्यादृक्** ) મિથ્યાદૃષ્ટિ, ( **सासनो** ) સાસાદન, ( **मिश्रो** ) સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, ( **असंयतो** ) અસંયત સમ્યગ્દૃષ્ટિ ( **देशसंयतः** ) દેશસંયત, ( **प्रमत्तः** ) પ્રમત્તસંયત, ( **इतरो** ) અપ્રમત્તસંયત, ( **अपूर्वः** ) અપૂર્વકરણ,

---

૧. **संठाणा संघादा वण्णरसप्फासगंधसद्दा य ।**
**पोग्गल दव्वप्पभवा होंति गुणा पज्जया य बहू ॥ १२६ ॥**—પંચાસ્તિકાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( **अनिवृत्तकः** ) અનિવૃત્તિકરણ, ( **सूक्ष्मः** ) સૂક્ષ્મસાંપરાય, ( **शान्तः** ) ઉપશાંત મોહ, ( **परः क्षीणः** ) પરમક્ષીણ મોહ, ( **योगी** ) સયોગી કેવળી, ( **चेति त्रयोदश** ) આ તેર ( **गुणाः** ) ગુણસ્થાન ( **कर्मप्रकृति निर्मिताः** ) કર્મ પ્રકૃતિઓથી નિર્મિત ( **पौद्गलिकाः** ) પૌદ્‌ગલિક ( **प्रोक्ताः** ) કહ્યાં છે.

**વ્યાખ્યાઃ**—આ બન્ને પદ્યોમાં તેર ગુણસ્થાનોનાં નામ આપીને એ સૂચિત કર્યું છે કે એ બધાં પૌદ્‌ગલિક છે, કારણ કે કર્મપ્રકૃતિઓ કે જે પૌદ્‌ગલિક છે તેમના દ્વારા રચાયેલાં છે. અને તેથી તેમને જીવ કહી શકાતા નથી, કે જે નિત્ય અચેતનરૂપ છે. જેમ કે સમયસારની નીચેની ગાથામાં કહ્યું છેઃ—

**मोहन कम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा ।**
**ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता ॥ ६८ ॥** ૩૬-૩૭

## ઉક્ત ગુણસ્થાનોને કોણ જીવ કહે છે અને કોણ નહિ.

**देहचेतनयोरैक्यं मन्यमानैर्विमोहितैः ।**
**एते जीवा निगद्यन्ते न विवेक-विशारदैः ॥ ३८ ॥**

**શબ્દાર્થઃ**—( **देहचेतनयोरैक्यं** ) શરીર અને આત્મા બન્નેને એક ( **मन्यमानैः** ) માનનાર ( **विमोहितैः** ) મોહી જીવોદ્વારા ( **एते** ) આ ગુણસ્થાનોને ( **जीवाः** ) જીવ ( **निगद्यन्ते** ) કહેવામાં આવે છે ( **न विवेक-विशारदैः** ) પરંતુ ભેદવિજ્ઞાનમાં નિપુણ વિવેકી જનો દ્વારા નહિ-વિવેકી જીવ તેમને પુદ્‌ગલરૂપ અજીવ બતાવે છે.

**વ્યાખ્યાઃ**—ઉક્ત તેર ગુણસ્થાનોને કોણ જીવ કહે છે અને કોણ નથી કહેતા, એનું જ આ પદ્યમાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. અચેતન દેહ તથા ચેતન આત્માને જે એક માને છે તે મોહી-મિથ્યાદૃષ્ટિ જીવ ઉક્ત ગુણસ્થાનોને જીવરૂપ માને છે, પરંતુ જે વિવેકી-ભેદ જ્ઞાની દેહને જડ પુદ્‌ગલ રૂપ અને જીવાત્માને ચેતનરૂપ અનુભવ કરે છે તે આ ગુણ-સ્થાનોને જીવરૂપ નથી માનતા, કે જે પૂર્વ પદ્યાનુસાર કર્મપ્રકૃતિઓના ઉદયાદિથી નિર્મિત થાય છે-જીવમાં સ્વતઃ સ્વભાવથી એમનું કોઈ સ્થાન નિર્દિષ્ટ નથી, આ બધા પુદ્‌ગલ દ્રવ્યના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણામ છે.૧ તેથી જ નિશ્ચયનયદ્વારા દેહ અને જીવને એક કહેવામાં આવતા નથી; બન્નેને એક કહેનાર વ્યવહારનય છે; કે જે સમયસારની નીચેની ગાથાથી જાણી શકાય છે-

**ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु इक्को ।**
**णदु णिच्छयस्स जीवो देहो य कदावि एकट्ठो ॥ २७ ॥**

તેથી જે કેવળ વ્યવહારનયાવલંબી છે તેઓ જ શરીર અને જીવને એક માને છે, તેમને જ અહીં વિમોહિત-મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવ્યા છે અને જેમના માટે '**विवेक विशारद**' નો પ્રયોગ કરવામાં આવ્યો છે તેઓ નિશ્ચય અને વ્યવહાર બન્ને નયોનું સ્વરૂપ સમ્યક્ જાણનાર ભેદ-વિજ્ઞાની છે અને તેથી તેઓ શરીર અને જીવને સર્વથા એક કહેતા નથી-નયદૃષ્ટિની અપેક્ષાએ કથંચિત્ એક અને કથંચિત્ અનેક ( ભિન્ન ) રૂપે બન્નેનું પ્રતિપાદન કરે છે સર્વથા ભિન્ન કહેવું પણ તેમના દ્વારા બનતું નથી, તેનાથી નિશ્ચયનયની એકાન્તનો દોષ આવે છે. ૩૮.

## પ્રમત્તાદિ-ગુણસ્થાનોને વન્દન કરવાને ચેતન મુનિને વન્દન થતું નથી.

**प्रमत्तादिगुणस्थानवन्दना या विधीयते ।**
**न तया वन्दिता सन्ति मुनयश्चेतनात्मकाः ॥ ३९ ॥**

**શબ્દાર્થ**:—( **या** ) જે ( **प्रमत्तादिगुणस्थानवन्दना** ) પ્રમત્તાદિ ગુણસ્થાનોની વંદના ( **विधीयते** ) કરવામાં આવે છે ( **तया** ) તે વંદનાથી ( **चेतनात्मकाः** ) ચેતનાત્મક ( **मुनयः** ) મુનિઓ ( **न वन्दिता सन्ति** ) વંદિત થતા નથી-કેવળ દેહની વંદના થાય છે.

**વ્યાખ્યાઃ**—પાછલા ત્રણ પદ્યોમાં તેર ગુણસ્થાનોને પૌદ્ગલિક બતાવ્યાં છે અને એમ નિર્દિષ્ટ કર્યું છે કે તે નિશ્ચય-દૃષ્ટિ એ જીવરૂપ નથી; તો પછી એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે પ્રમત્ત નામના છઠા ગુણસ્થાનથી લઈને સયોગ-કેવળી નામના ૧૩ મા ગુણસ્થાનો સુધી, આઠ ગુણસ્થાનોની જે વંદના દેહની સ્તુતિ-રૂપે કરવામાં આવે છે તેના દ્વારા તે ગુણસ્થાનવર્તી મુનિ વંદિત થાય છે કે નહિ ? જો વંદિત થાય છે તો દેહ અને જીવ બન્ને એક ઠરે છે અને જો વન્દિત નથી થતા તો વન્દના મિથ્યા અને નકામી ઠરે છે.૨ પ્રથમ વિકલ્પનું

---

૧. णेवय जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स ।
जेण दु एदे सव्वे पुग्गलदव्वस्स परिणामा ॥ ५५ ॥—સમયસાર

૨. जदि जीवो ण सरीरं तित्थयरायरिय संथुदी चेव ।
सव्वा वि हवदि मिच्छा तेण दु आदा हवदि देहो ॥ २६ ॥—સમયસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમાધાન આ પદ્યમાં અને બીજા વિકલ્પનું સમાધાન ઉત્તરવર્તી પદ્યમાં કરવામાં આવ્યું છે. આ પદ્યમાં બતાવ્યું છે કે તે વંદનાથી તે ગુણસ્થાનવર્તી ચેતનાત્મક મુનિ વાસ્તવમાં વંદિત થતા નથી. આવી વંદનાનું એક રૂપ સમયસાર–કળશમાં શ્રી અમૃતચંદ્રાચાર્યે આ રીતે આપ્યું છે—

कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये ।
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये ।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः ॥ २४ ॥

આમાં બતાવ્યું છે—'જે પોતાની કાન્તિથી દશે દિશાઓમાં વ્યાપીને તેમને કાન્તિમાન બનાવે છે, પોતાના તેજથી મહાતેજસ્વી સૂર્યને પણ પરાસ્ત કરે છે, પોતાના રૂપથી લોકોનાં મન હરે છે, પોતાની દિવ્યધ્વનિથી સાંભળનારના કાનમાં સાક્ષાત્ સુખામૃતની વર્ષા કરે છે અને એક હજાર આઠ લક્ષણના ધારક છે, તે તીર્થેશ્વર–આચાર્ય વંદનિય છે.

અહીં વંદના દેહની સ્તુતિરૂપે છે. આવી સ્તુતિ સંબંધમાં શ્રી કુંદકુંદાચાર્યે સમયસારમાં લખ્યું છે કે આ રીતે જીવથી ભિન્ન પુદ્‌ગલાત્મક શરીરની સ્તુતિ કરીને મુનિ એમ માને છે કે મેં કેવળી ભગવાનની સ્તુતિ–વંદના કરી તો તે વ્યવહારનયની દ્રષ્ટિએ છે. નિશ્ચયનયની દ્રષ્ટિએ એ કથન બરાબર નથી; કારણ કે શરીરના જે ગુણ છે તે કેવળીના ગુણોની સ્તુતિ કરે છે તે જ વાસ્તવમાં કેવળીની સ્તુતિ કરે છે–

इणमण्णं जीवादो देहं पुग्गलमयं थुणित्तु मुणी ।
मण्णदि हु संथुदो वंदिदो मए केवलीभयवं ॥ २८ ॥
तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणाहि होंति केवलिणो
केवलिगुणो थुणदि जो सो तच्चं केवलिं थुणदि ॥ २९ ॥ ३૯

## વંદનાની ઉપયોગિતા.

परं शुभोपयोगाय जायमाना शरीरिणाम् ।
ददाति विविधं पुण्यं संसारसुखकारणम् ॥ ४० ॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—પરંતુ તે વંદના ( **परं शुभोपयोगाय** ) ઉત્કૃષ્ટ શુભોપયોગ માટે ( **जायमाना** ) નિમિત્તભૂત થતી ( **शरीरिणाम्** ) પ્રાણિઓને **विविधं पुण्यं** ) જુદા જુદા પ્રકારનું પરમપુણ્ય ( **ददाति** ) આપે છે, ( **संसार सुखकारणम्** ) જે ઊંચા પ્રકારના સંસાર–સુખોનું કારણ થાય છે.

**વ્યાખ્યા:**—જે ગુણસ્થાનોની વંદનાનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તે પદ્ય નં ૩૬, ૩૭ પ્રમાણે પૌદ્‌ગલિક હોવા છતાં પણ અને તેમની તે વંદનાથી જ્ઞાનાત્મક મુનિ વંદિત ન થવા છતાં પણ તે દેહધારીઓને તે પુણ્ય ઉપાર્જનમાં એક બહુ મોટું નિમિત્ત કારણ થાય છે કે જે સંસારી જીવોને ઊંચા દરજ્જાનું સુખ પ્રાપ્ત કરાવે છે અને તેથી નિરર્થક કહી શકાતી નથી. તેથી આ વિષયમાં–વંદનાની ઉપયોગિતા સંબંધે-શંકા કરવાની જરૂર નથી.

વ્યવહારનયની દૃષ્ટિએ, કે જે સમયસાર ની પૂર્વોક્ત ગાથા ૨૭ અનુસાર શરીર અને જીવને એકરૂપે ગ્રહણ કરે છે, ઉક્ત વંદનાથી ચેતનાત્મક મુનિ વંદિત થાય છે અને તે વંદના વંદન કરનારના શુભોપયોગના નિમિત્તભૂત હોઇને તેને જુદા જુદા પ્રકારના સંસાર–સુખોના કારણરૂપ પુણ્ય આપે છે. આવી સ્થિતિમાં એ સ્પષ્ટ થઈ જાય છે કે વ્યવહારનયાશ્રિત વંદના સર્વથા મિથ્યા તથા વ્યર્થ નથી હોતી. ૪૦.

## અચેતન દેહની સ્તુતિ થતાં ચેતનાત્માની સ્તુતિ નથી થતી.

**नाचेतने स्तुते देहे स्तुतोऽस्ति ज्ञानलक्षणः ।**
**न कोशे वर्णिते नूनं सायकस्यास्ति वर्णना ॥ ४१ ॥**

**શબ્દાર્થ:**—( **अचेतने स्तुते देहे** ) અચેતન શરીરની સ્તુતિ થતાં ( **ज्ञानलक्षणः स्तुतोऽस्ति न** ) જ્ઞાન–લક્ષણ વાળા આત્માની સ્તુતિ થતી નથી. ( બરાબર છે ) ( **नूनं कोशे वर्णिते** ) ખરેખર મ્યાનનું વર્ણન થતાં ( તે વર્ણનથી ) ( **सायकस्यास्ति वर्णना न** ) મ્યાનની અંદર રહેનારી તલવારનું વર્ણન થઇ શકતું નથી.

**વ્યાખ્યા:**—પ્રમત્તાદિ ગુણસ્થાનવર્તીઓની અચેતન દેહના રૂપમાં જે વંદના–સ્તુતિ કરવામાં આવે છે તેનાથી જ્ઞાનાત્મક મુનિનું વંદન–સ્તવન થતું નથી એ વાત તો ૩૯ મા પદ્યમાં કહેવામાં આવી હતી, એનેજ અહીં એક સુંદર દૃષ્ટાંતદ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ છે. તે છે મ્યાન અને તલવારનું દૃષ્ટાંત. મ્યાન લોઢાનું કે અન્ય ધાતુનું છે, તેના ઉપર સોના ચાંદીની અમુક ચિત્રકારી છે અથવા મખમલ આદિ ચઢાવેલ છે. અને તેના ઉપર સુંદર સોનેરી–રૂપેરી કામ થયેલું છે અને મૂઠ અમુક આકારની ખૂબજ ચિત્તાકર્ષક છે, આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધું મ્યાનનું વર્ણન છે, આ વર્ણન સાથે તલવારના વર્ણનનો કાંઈ સંબંધ નથી તેના ગુણ, સ્વભાવ આદિનું કોઈ વર્ણન થતું નથી-તેવી જ રીતે અચેતન શરીરના રંગ-બેરંગી વિવિધ રૂપનું વર્ણન થવા છતાં પણ તેની અંદર રહેનાર આત્માનું વર્ણન થતું નથી. અને તેથી દેહની સ્તુતિથી દેહધારીની સ્તુતિ બનતી નથી. આ જ વાત સમયસારમાં શ્રી કુંદકુંદાચાર્યે નગર અને રાજાના દૃષ્ટાંત વડે વ્યક્ત કરી છે—લખ્યું છે કે 'નગરનું વર્ણન થતાં જેમ રાજાનું વર્ણન થઇ જતું નથી તેવી જ રીતે શરીર-ગુણોની સ્તુતિ થતાં કેવળીનાં ગુણોની સ્તુતિ થઈ જતી નથી.[૧] ૪૧.

## વિભિન્નતાનો એક સિદ્ધાંત અને તેથી ચેતનની શરીરથી ભિન્નતા.

**यत्र प्रतीयमानेऽपि न यो जातु प्रतीयते ।**
**स ततः सर्वथा भिन्नो रसाद् रूपमिव स्फुटम् ॥ ४२ ॥**
**काये प्रतीयमानेऽपि चेतनो न प्रतीयते ।**
**यतस्ततस्ततो भिन्नो न भिन्नो ज्ञानलक्षणात् ॥ ४३ ॥**

શબ્દાર્થઃ— ( **यः** ) જે ( **यत्र** ) જેમાં ( **प्रतीयमानेऽपि** ) પ્રતીયમાન થવા છતાં પણ ( જણાવા છતાં પણ ) ( **जातु** ) કદી ( **न प्रतीयते** ) સ્પષ્ટ પ્રતીત થતો નથી ( ભાસતો નથી ) ( **सः** ) તે ( **ततः सर्वथा भिन्नो** ) તેનાથી-જેમાં પ્રતીયમાન થઇ રહ્યો છે-સર્વથા ભિન્ન હોય છે ( **रसाद् रूपमिव स्फुटम्** ) જેમ રસથી રૂપ. ( **यतः काये प्रतीयमानेऽपि** ) કારણ કે દેહમાં પ્રતીયમાન હોવા છતાં પણ ( **चेतनो न प्रतीयते** ) ચેતનાત્મા કદી સ્પષ્ટ પ્રતીત થતો નથી ( **ततः** ) તેથી ( **ततो भिन्नो** ) તે ચેતનાત્મા દેહથી ભિન્ન છે; ( **न भिन्नो ज्ञानलक्षणात्** ) પરંતુ પોતાના જ્ઞાન-લક્ષણથી ભિન્ન નથી.

વ્યાખ્યાઃ—આ બન્ને પદ્યોમાંથી પ્રથમ પદ્યમાં વિભિન્નતાના એક સિદ્ધાંતનો ઉદાહરણ સહિત નિર્દેશ કરવામાં આવ્યો છે અને બીજા પદ્યમાં તેને દેહ અને આત્મા પર ઘટાવવામાં આવ્યો છે. જેવી રીતે રસમાં રૂપ પ્રતીયમાન ( પ્રતિભાસમાન ) થવા છતાં પણ ત્યાં કદી સ્પષ્ટ પ્રતીત ( પ્રતિભાસિત ) થતું નથી અને તેથી રસથી રૂપ ભિન્ન છે-રસ રસના ઇન્દ્રિયનો વિષય છે અને રૂપ ચક્ષુ ઇન્દ્રિયનો વિષય છે. તેવી જ રીતે જીવિત શરી-

૧. **णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि ।**
**देह गुणे थुव्वंते ण केवलिगुणा थुदा होंति ॥ ३० ॥**—સમયસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રમાં જીવાત્મા પ્રતીયમાન થવા છતાં પણ જીવાત્મા ત્યાં કદી સ્પષ્ટ રૂપે પ્રતીત થતો નથી અને તેથી પૌદ્‌ગલિક શરીરથી જીવાત્મા સર્વથા ભિન્ન છે-શરીર ઇન્દ્રિયજ્ઞાન ગોચર છે જ્યારે જીવાત્મા અપૌદ્‌ગલિક તથા સ્વસંવેદ્ય છે-શરીરથી ભિન્ન હોવા છતાં પણ જીવાત્મા પોતાના જ્ઞાનલક્ષણથી, કે જે તેનું આત્મભૂત-લક્ષણ છે, કદી ભિન્ન હોતો નથી. ૪૨ મા પદ્યમાં પ્રયુક્ત થયેલ સ્પષ્ટાર્થનું વાચક 'સ્ફુટ' વિશેષણપદ પોતાની ખાસ વિશેષતા રાખે છે અને એ વાતનું સૂચન કરે છે કે જે જ્યાં પ્રતીયમાન થાય છે ત્યાં અસ્પષ્ટ ઝાંખી રૂપ હોય છે, સ્પષ્ટ પ્રતીતિનો વિષય હોતો નથી. ૪૨-૪૩.

## જે કાંઇ ઇન્દ્રિયગોચર તે બધું આત્મબાહ્ય.

**दृश्यते ज्ञायते किंचिद् यदक्षैरनुभूयते ।**
**तत्सर्वमात्मनो बाह्यं विनश्वरमचेतनम् ॥ ४४ ॥**

**શબ્દાર્થ**:—( **अक्षैः** ) ઇન્દ્રિયોદ્વારા ( **यत् किंचिद्** ) જે કાંઇ ( **दृश्यते** ) દેખવામાં આવે છે, ( **ज्ञायते** ) જાણવામાં આવે છે અને ( **अनुभूयते** ) અનુભવ કરવામાં આવે છે ( **तत्** ) તે ( **सर्वम्** ) બધું ( **आत्मनो बाह्यं** ) આત્માથી બાહ્ય, ( **विनश्वरम्** ) ( નાશવાન્ ) તથા ( **अचेतनम्** ) ચેતના-રહિત છે.

**વ્યાખ્યા**:—આ પદ્યમાં ઇંદ્રિયો દ્વારા દૃષ્ટ, જ્ઞાત અને અનુભૂત પદાર્થોના વિષયમાં એક અટળ નિયમનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને તે એ કે આવા બધા પદાર્થ એક તો આત્મબાહ્ય હોય છે-શુદ્ધ આત્માના કોઇ ગુણ કે પર્યાયરૂપ હોતા નથી, બીજું વિનશ્વર-સદા સ્થિર ન રહેનાર-હોય છે, ત્રીજું અચેતન હોય છે. ઇન્દ્રિયોના જે કોઇ વિષય છે તે બધા પૌદ્ગલિક-પુદ્ગલ નિષ્પન્ન છે અને પુદ્ગલ આત્માથી બાહ્ય વસ્તુ છે, અચેતન છે અને પુરણ-ગલન સ્વભાવને કારણે સદા એક અવસ્થામાં સ્થિર રહેનાર નથી. પરમાણુરૂપે પુદ્‌ગલ ઇાન્દ્રયોનો વિષય જ નથી અને સ્કંધરૂપે પુદ્‌ગલ સદા રચાયા અને વિખરાયા કરે છે. તેથી ઉક્ત નિયમ એક માત્ર પૌદ્‌ગલિક-દ્રવ્યો સાથે સંબંધ રાખે છે-બીજાં કોઇ પણ દ્રવ્યો ઇન્દ્રિયોના વિષય નથી. ૪૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ઇન્દ્રિયગોચર રૂપનું સ્વરૂપ

**न निर्वृतिं[1] गतस्यास्ति तद्रूपं[2] किंचिदात्मनः ।**
**अचेतनमिदं प्रोक्तं सर्वं पौद्गलिकं जिनैः ॥ ४५ ॥**

**શબ્દાર્થ**:—જે ઇન્દ્રિયોદ્વારા દેખવામાં; જાણવામાં તથા અનુભવવામાં આવે છે (**तत्**) તે (**किंचित् रूपं**) કાંઈ પણ રૂપ (**निर्वृति गतस्य**) મુક્તિ-પ્રાપ્ત (**आत्मनः**) આત્માનું (**न अस्ति**) નથી. (**जिनैः**) તેથી જ જિનદેવોએ (**इदं सर्वं**) આ બધા ઇન્દ્રિય-ગ્રાહ્ય રૂપને (**पौद्गलिकं अचेतनं प्रोक्तं**) પુદ્ગલાત્મક અચેતન કહ્યું છે.

**વ્યાખ્યા**:—પાછલા પદ્યમાં જે વાત કહેવામાં આવી છે તેને જ આ પદ્યમાં વધારે સ્પષ્ટ કરવામાં આવી છે-લખ્યું છે કે જે કોઈ પણ રૂપ ઇન્દ્રિયોદ્વારા દેખવામાં કે અનુભવ-વામાં આવે છે તે કાંઇ પણ રૂપ મુક્તિ પ્રાપ્ત આત્માનું નથી તેથી તે બધાને જિનદેવે અચેતન તથા પૌદ્ગલિક કહ્યું છે. ૪૫.

## રાગ-દ્વેષાદિ વિકાર સર્વ કર્મજનિત.

**विकाराः सन्ति ये केचिद्राग-द्वेष-मदादयः ।**
**कर्मजास्तेऽखिला ज्ञेयास्तिग्मांशोरिव मेघजाः ॥ ४६ ॥**

**શબ્દાર્થ**:—(**ये केचित् राग-द्वेष-मदादयः**) આત્માને રાગ-દ્વેષ અને મદાદિ જે કાંઇ (**विकाराः सन्ति**) વિકાર છે-વિભાવ પરિણમન છે-(**ते अखिलाः**) તે બધા (**मेघजाः**) મેઘજન્ય (**तिग्मांशोरिव**) સૂર્યના વિકારોની જેમ (**कर्मजाः ज्ञेयाः**) કર્મજનિત છે.

**વ્યાખ્યા**:—૩૫ માં પદ્યમાં જે વિકારોનો ઉલ્લેખ તથા સૂચન છે તે પ્રાયઃ નામ-કર્મજનિત છે અને આ પદ્યમાં રાગ-દ્વેષ-મદ રૂપે જે વિકારોનો ઉલ્લેખ છે અને '**आदयः**' પદદ્વારા જે ક્રોધ-લોભ-માયા-ભય-હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય જુગુપ્સા આદિ વિકારોનું સૂચન છે તે સર્વ પ્રાયઃ મોહનીયકર્મ-જનિત છે-કર્મોના ઉદયાદિનું નિમિત્ત પામીને તે રીતે આત્મામાં ઉત્પન્ન થાય છે જેમ વાદળોના ઉદયાદિનું નિમિત્ત પામીને સૂર્યમાં વિકાર

---

૧. आ निर्वृतिगतस्यास्ति ।
૨. आ यद्रूपं ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પન્ન થાય છે. કર્મ પૌદ્‌ગલિક અને અચેતન છે તેથી આ વિકાર પણ પૌદ્‌ગલિક તથા અચેતન છે, અચેતન પૌદ્‌ગલિકથી અચૈતન્ય પૌદ્‌ગલિકની જ ઉત્પત્તિ થઈ શકે છે, ચેતન તથા અપૌદ્‌ગલિક આત્મ-દ્રવ્યની નહિ. ૪૬.

## જીવ કદી કર્મરૂપ અને કર્મ કદી જીવરૂપ થતું નથી.

**अनादावपि सम्बन्धे जीवस्य सह कर्मणा ।**
**न जीवो याति कर्मत्वं जीवत्वं कर्म वा स्फुटम् ॥ ४७ ॥**

**શબ્દાર્થ:—** ( **जीवस्य सह कर्मणा** ) જીવને કર્મની સાથે ( **अनादावपि सम्बन्धे** ) અનાદિકાલીન સંબંધ હોવા છતાં પણ ( **न जीवो कर्मत्वं याति** ) ન તો કદી જીવ કર્મ-પણાને પ્રાપ્ત થાય છે- કર્મ બને અથવા કર્મરૂપ પરિણમે છે- અને ( **वा न कर्म जीवत्वं स्फुटम्** ) ન કર્મ જીવપણાને પ્રાપ્ત થાય છે- જીવ બને અથવા જીવરૂપ પરિણમે છે, એ સ્પષ્ટ છે.

**વ્યાખ્યા:—** કેટલીય વસ્તુઓ સંસારમાં એવી છે જે સંબંધના કારણે એક બીજા રૂપે પરિણમતી જોવામાં આવે છે. મોક્ષશાસ્ત્રમાં પણ '**बन्धेऽधिकौ पारिणामिकौ च**' નામનું એક સૂત્ર છે, જેનો આશય છે બે ગુણ અધિક વસ્તુ બે હીનગુણ વસ્તુને પોતારૂપ કરી લે છે. પરંતુ આ બધા પુદ્‌ગલના સંબંધની વાત છે- એક દ્રવ્યના બીજા દ્રવ્ય સાથેના સંબંધની નહિ. જીવ અને પુદ્‌ગલ બન્ને અલગ-અલગ દ્રવ્ય છે અને જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-કર્મ પૌદ્‌ગલિક હોય છે તેથી જ જીવ તથા કર્મનો અનાદિ સંબંધ હોવા છતાં પણ ન તો જીવ કદી કર્મરૂપ થાય છે અને ન કર્મ કદી જીવરૂપે પરિણમે છે- દ્રવ્યદૃષ્ટિએ બન્નેની સદા પોત-પોતાના સ્વભાવમાં વ્યવસ્થિતિ રહે છે. ૪૭.

## આત્માને દ્રવ્ય કર્મનો કર્તા માનવામાં દોષાપત્તિ.

**[1]आत्मना कुरुते कर्म यद्यात्मा निश्चितं तदा ।**
**कथं तस्य फलं भुङ्क्ते स दत्ते कर्म वा कथम् ॥ ४८ ॥**

---

૧. कम्मं कम्मं कुव्वदि जदि सो अप्पा करेदि अप्पाणं ।
किध तस्य फलं भुंजदि अप्पा कम्मं च देदि फलं ॥ ६३ ॥ -પંચાસ્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**— ( **यदि** ) જો ( **निश्चितं** ) એ નિશ્ચયરૂપે માનવામાં આવે કે ( **आत्मा** ) આત્મા ( **आत्मना** ) આત્મા વડે પોતાના જ ઉપાદાનથી- ( **कर्म कुरूते** ) કર્મ કરે છે ( **तदा** ) તો પછી ( **स** ) તે ( **तस्य फलं** ) તે કર્મનું ફળ ( **कथं मुङ्क्ते** ) કેવી રીતે ભોગવે છે? અને ( **स कर्म** ) તે કર્મ ( આત્માને ) ( **कथम् दत्ते** ) ફળ કેવી રીતે આપે છે?

**વ્યાખ્યા:**— જો પૂર્વ પદ્ય-વર્ણિત સિદ્ધાંત વિરૂદ્ધ નિશ્ચિત રૂપે એમ માનવામાં આવે કે આત્મા પોતાના ઉપાદાનથી દ્રવ્યકર્મનો કર્તા છે- સ્વયં જ જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-કર્મ રૂપે પરિણમે છે- તો પછી એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે તે આત્મા તે કર્મફળ કેવી રીતે ભોગવે છે અને તે કર્મ તે આત્માને ફળ કેવી રીતે આપે છે? બન્ને એક જ હોતાં ફળદાન અને ફળભોગની વાત બની શકતી નથી.

## કર્મોદયાદિથી ઉત્પન્ન ગુણ સર્વ અચેતન.

**कर्मणामुदयसंभवा गुणाः शामिकाः क्षयशमोद्भवाश्च ये ।**
**चित्रशास्त्रनिवहेन वर्णितास्ते भवन्ति निखिलाविचेतनाः ।।४१।।**

**શબ્દાર્થ:**—( **ये कर्मणामुदयसंभवा गुणाः** ) જે ગુણ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલા ઔદયિક છે, ( **शामिकाः** ) કર્મોના ઉપશમજન્ય ઔપશમિક છે તથા ( **क्षय-शमोंद्भवाः च** ) કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા ક્ષાયોપશમિક છે અને જે ( **चित्रशास्त्रनिवहेन वर्णिताः** ) વિવિધ-શાસ્ત્ર-સમૂહદ્વારા વર્ણિત થયેલ છે-અનેક શાસ્ત્રોમાં જેમનું વર્ણન છે-( **ते** ) તે ( **निखिलाः** ) બધા ( **विचेतनाः भवन्ति** ) ચેતના રહિત અચેતન છે.

**વ્યાખ્યા:**—દ્રવ્યકર્મોના ઉદયનું નિમિત્ત પામીને ઉત્પન્ન થનાર ગુણ ઔદયિક ભાવ, કર્મના ઉપશમનું નિમિત્ત પામીને ઉત્પન્ન થનાર ગુણ ઔપશમિક ભાવ અને કર્મના ક્ષયો-પશમનું નિમિત્ત પામીને ઉત્પન્ન થનાર ગુણ ક્ષાયોપશમિક ભાવ, આ બધા દ્રવ્યકર્મો ચેતના રહિત હોવાને લીધે ચેતના-વિહીન હોય છે. દ્રવ્યકર્મના અસ્તિત્વ વિના જીવને ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવ બનતા નથી-દ્રવ્યકર્મ જ નહીં તો પછી ઉદયાદિ કોના? તેથી જ આ ભાવોને કર્મકૃત કહેવામાં આવ્યા છે. ૧ એ વ્યવહારનયની દૃષ્ટિ એ કથન છે.

---

૧. **कम्मेण विणा उदयं जीवस्स न विज्जदे उपसमं वा ।**
**खइयं खओवसमियं तम्हा भावं तु कम्मकदं ।। ५८ ।।**—પંચાસ્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અન્યથા દ્રવ્યકર્મના ઉદયાદિનું નિમિત્ત પામીને ઉત્પન્ન થનાર આ આત્માના વિભાવ ભાવ છે- સ્વભાવભાવ તો એક માત્ર પારિણામિક ભાવ છે, જે અનાદિ-નિધન તથા નિરૂપાધિ હોય છે. ક્ષાયિકભાવ સ્વભાવની વ્યક્તિરૂપ હોવાથી અવિનાશી હોવા છતાં પણ સાદિ છે; કારણ કે કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે અને તેથી જ કર્મકૃત કહેવામાં આવે છે.[1] ૪૯

## અજીવ તત્ત્વને યથાર્થ જાણ્યા વિના સ્વસ્વભાવોપલબ્ધિ બનતી નથી.

**अजीवतत्त्वं न विदन्ति सम्यक् ये जीवतत्त्वाद्विधिना विभक्तम् ।**
**चारित्रवन्तोऽपि न ते लभन्ते विविक्तमात्मानमपास्तदोषम् ॥५०॥**

**શબ્દાર્થ**:—( **ये** ) જેઓ ( **अजीवतत्त्वं** ) તે અજીવતત્ત્વને, કે જે ( **जीवतत्त्वाद्विधिना विभक्तम्** ) જીવતત્ત્વથી વિધિદ્વારા વિભક્ત છે, ( **सम्यक् न विदन्ति** ) યથાર્થ રૂપે જાણતા નથી ( **ते** ) તેઓ ( **चारित्रवन्तोऽपि** ) ચારિત્રવાન હોવા છતાં-સમ્યક્ ચારિત્રનું અનુષ્ઠાન કરવા છતાં-પણ ( **विविक्तमात्मानम्** ) તે વિવિક્ત-શુદ્ધ અને નિર્મળ-આત્માને ( **न लभन्ते** ) પ્રાપ્ત થતા નથી કે જે ( **अपास्तदोषम्** ) દોષોથી રહિત છે.

**વ્યાખ્યા**:—આ પદ્યમાં, અજીવાધિકારનો ઉપસંહાર કરતાં, અજીવતત્ત્વના યથાર્થ પરિજ્ઞાનનું મહત્ત્વ જણાવવામાં આવ્યું છે અને તે એ છે કે જ્યાંસુધી આ અજીવતત્ત્વનું યથાર્થ પરિજ્ઞાન થતું નથી ત્યાંસુધી આત્માને પોતાના શુદ્ધરૂપની ઉપલબ્ધિ થતી નથી, ભલે તે ગમે તેટલું તપશ્ચરણ કરે! અહીં અજીવ-તત્ત્વનું '**जीवतत्त्वाद्विधिना विभक्तं**' આ વિશેષણ પોતાનું ખાસ મહત્ત્વ રાખે છે. અને એ વાતનું સૂચન કરે છે કે અજીવ-તત્ત્વ જીવ તત્ત્વના નિષેધ સહિત કોઈ ધર્મ નથી પરંતુ પોતાનું અસ્તિત્વ ધરાવતું એક પૃથક્ તત્ત્વ છે, અને તે મુખ્યપણે તે તત્ત્વ છે જે જીવ સાથે એક ક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ તેનાથી સદા પૃથક્ રહે છે અને જીવના વિભાવ પરિણમનમાં નિમિત્ત કારણ થાય છે. તે પુદ્ગલ દ્રવ્ય છે જે કર્મરૂપે જીવની સાથે ઉક્ત અનાદિ સંબંધ સહિત છે. અને શરીર રૂપે અનેક સ્વજનાદિના સંબંધસહિત છે. તેને બરાબર ન સમજવાથી જ આત્માના સ્વરૂપમાં ભ્રાંતિ રહ્યા કરે છે અને

---

१. पारिणामिकस्त्वनादिनिधनो निरुपाधिः स्वाभाविक एव ।
क्षायिकस्तु स्वभाव-व्यक्तिरूपत्वादनन्तोऽपि कर्मणः
क्षयेनोत्पद्यमानत्वात् सादिरिति कर्मकृत एवोक्तः ।—અમૃતચંદ્રાચાર્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી જ એની ઉપલબ્ધિ થઈ શકતી નથી. વિવિક્તાત્મા રૂપે સ્વરૂપની ઉપલબ્ધિ જ આ ગ્રંથનું મુખ્ય ધ્યેય છે, જેને ગ્રંથના મંગળાચરણમાં '**स्वस्वभावोपलब्धये**' પદ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું છે.

આ રીતે શ્રી અમિતગતિ-નિઃસંગયોગિરાજ-વિરચિત-યોગસાર પ્રાભૃતમાં અજીવ અધિકાર નામનો બીજો અધિકાર સમાપ્ત થયો. ૨.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# આ સ્ર વા ધિ કા ર

## આસ્રવના સામાન્ય હેતુ.

**शुभाशुभोपयोगेन वासिता योग–वृत्तयः ।**
**सामान्येन प्रजायन्ते दुरितास्रव–हेतवः ॥ १ ॥**

**શબ્દાર્થ:**—( **शुभाशुभोपयोगेन** ) શુભ તથા અશુભ ઉપયોગ દ્વારા–જ્ઞાન દર્શનના સારા–નરસા પરિણમનના નિમિત્તે–( **वासिता** ) વાસનાને પ્રાપ્ત અથવા સંસ્કારિત થયેલી ( **योग–वृत्तयः** ) જે યોગોની–મન–વચન–કાયાની કર્મ–ક્રિયારૂપ પ્રવૃત્તિઓ છે તે ( **सामान्येन** ) સામાન્ય પણે ( **दुरितास्रव–हेतवः** ) દુરિતોના–શુભાશુભ–કર્મોના–આસ્રવનું–આત્મામાં આગમન અથવા પ્રવેશનું કારણ થાય છે.

**વ્યાખ્યા:**—અહીં '**योग**' શબ્દ મન–વચન–કાયા ત્રણેના અર્થમાં વપરાયો છે. ત્રણે યોગોમાંથી કોઇ પણ યોગની ક્રિયા 'યોગવૃતિ' કહેવાય છે. આ યોગવૃત્તિઓ જ્યારે શુભ કે અશુભ કોઇ પણ પ્રકારના ઉપયોગથી–જ્ઞાન–દર્શનથી વાસિત–સંસ્કારિત થાય છે અથવા એમ કહો કે કોઇ પણ પ્રકારના જ્ઞાન–દર્શનનો સંબંધ સાથે હોય છે તો તે સામાન્યરૂપે દુરિતાસ્રવનો હેતુ થાય છે. યોગવૃત્તિઓના ઉક્ત વિશેષણથી એ ફલિત થાય છે કે જો તે વૃત્તિઓ શુભાશુભ ઉપયોગથી વાસિત ન હોય તો દુરિતાસ્રવનો હેતુ પણ થતી નથી.

'દુરિત' શબ્દ સામાન્ય રીતે પાપ કે પાપકર્મના અર્થમાં યોજાય છે; પરંતુ અહીં તે કર્મમાત્ર અથવા આઠે પ્રકારની કર્મપ્રકૃતિઓના અર્થમાં યોજાયો છે. આખા ગ્રંથમાં આ શબ્દ કોઇ આઠ સ્થાનોમાં પ્રાપ્ત થાય છે અને સર્વત્ર આજ આશય સહિત છે–કર્મવિશેષ જે પાપ તેના આશયમાં નથી. એના પર્યાય નામો છે અઘ, કલિલ, રજસ્, એનસ્, આગસ્, રેફસ્, અંહસ્ અને પાતક, જે બધાનો પ્રયોગ પણ ગ્રંથમાં દુરિતના ઉક્ત આશ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચવાળો છે-કેવળ પાપના આશય માટે નથી; જો કે એ પાપના અર્થમાં પણ વપરાય છે. 'પાપ' શબ્દ જ આખા ગ્રંથમાં પ્રાયઃ પાપકર્મને માટે વપરાયો છે. ગ્રંથકારે પોતે પણ આમ ચોથા પદ્યમાં 'દુરિતાસ્રવ' ના સ્થાને 'કર્માસ્રવ' પદનો પ્રયોગ કર્યો છે, જે દુરિતના અભિપ્રેત કર્મ અર્થને સ્પષ્ટ કરી દે છે. અહીં હું એટલું વિશેષ પ્રગટ કરી દેવા ઇચ્છું છું કે સ્વામી સમંતભદ્રે સ્વયંભૂસ્તોત્રમાં-'**दुरितमल-कलङ्कमष्टकं निरूपम-योगबलेन निर्दहन्**' ઇત્યાદિ વાકયદ્વારા 'કર્માષ્ટક' નો 'દુરિત' શબ્દ દ્વારા ઉલ્લેખ કર્યો છે. તેથી ગ્રંથકારનો આઠે કર્મોના અર્થમાં-દુરિત શબ્દનો ઉક્ત પ્રયોગ બહુ પ્રાચીન અને સમીચીન છે. વાસ્તવમાં દેખવામાં આવે તો બધા જ કર્મ પાપ રૂપ છે જે આત્માને બંધનમાં બાંધીને-પરાધીન બનાવીને-તેને સંસારમાં ભ્રમણ કરાવે છે. તેથી જ શ્રીકુંદકુંદાચાર્યે સમયસારમાં પુણ્યકર્મને પણ સુશીલ માન્યું નથી, કે જે આત્માને સંસારમાં જ પ્રવેશ (ભવ-ગ્રહણના રૂપમાં ભ્રમણ) કરાવ્યા કરે છે.[1] ૧.

## આસ્રવના વિશેષ હેતુ.

**[2]मिथ्यादृक्त्वमचारित्रं कषायो योग इत्यमी ।**
**चत्वारः प्रत्ययाः सन्ति विशेषेणाघसंग्रहे ॥ २ ॥**

**શબ્દાર્થ:**—(**मिथ्यादृक्त्वम्**) મિથ્યાદર્શન, (**अचारित्रं**) અસંયમ (અવ્રત) (**कषायो**) કષાય અને (**योगः**) યોગ (**इति अमी चत्वारः**) આ ચાર (**विशेषेण**) વિશેષરૂપે (**अघसंग्रहे**) અઘ-સંગ્રહમાં-કર્મોના આત્મપ્રવેશ તથા ગ્રહણ-રૂપ બંધમાં—(**प्रत्ययाः सन्ति**) કારણ છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં સામાન્ય રૂપે કર્મોના આસ્રવ-હેતુઓનો નિર્દેશ કરીને આ પદ્યમાં વિશેષ રૂપે કર્મોના આસ્રવ-હેતુઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે. વિશેષની સાથે સામાન્ય અવશ્ય રહેતું હોય છે તેથી પૂર્વોક્ત સામાન્ય-હેતુઓ સિવાય જે વિશેષ-કારણોનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં યોગ તો તે જ જણાય છે જે સામાન્ય—

---

૧. कह तं होदि सुशीलं जं संसारे पवेसेदि ॥ १४५ ॥

૨. (क) सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो ।
मिच्छत्तं अविरमणं कषायजोगा य बोद्धव्वा ॥ १०९ ॥—સમયસાર
(ख) मिच्छत्तं अविरमणं कषायजोगा य आसवा होंति ॥ —ગોમ્મટસાર ક. ૭૮૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હેતુઓ માં બતાવાયો છે, તો પછી તેને ફરીથી લેવાનો શો અર્થ છે? આ પ્રશ્નનું સમાધાન, જ્યાંસુધી હું સમજું છું ત્યાં સુધી એટલું જ છે કે કર્માસ્રવના વિશેષ હેતુઓમાં જે યોગનું ગ્રહણ છે તે કષાયાનુરંજિત યોગ છે, જે યોગની પ્રવૃત્તિ લેશ્યા[૧] કહેવાય છે.

અહીં પાછલા પદ્યમાં વપરાયેલ '**हेतवः**' પદના સ્થાને '**प्रत्ययाः**' પદનો અને '**दुरित**' ના સ્થાને '**अघ**' શબ્દનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે સમાનાર્થક છે. પરંતુ '**आस्रव**' શબ્દના સ્થાને જે '**संग्रह**' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે પોતાની વિશેષતા રાખે છે, તેમાં આસ્રવ અને બંધ બન્નેનું ગ્રહણ થઈ જાય છે; કેમ કે જે ચાર પ્રત્યયોને વિશેષાસ્રવનાં કારણ બતાવ્યાં છે તે જ બંધનાં પણ કારણ છે; કે જે સમયસારની પૂર્વોદ્ધૃત ગાથા ૧૦૯ અને મોક્ષશાસ્ત્રના નીચેના સૂત્રથી પણ જણાય છેઃ—

**मिथ्यादर्शनाविरत–प्रमाद–कषाय–योगा बन्धहेतवः । ८–१ ॥** ૨.

## મોહ વધારનારી બુદ્ધિ.

**सचित्ताचित्तयोर्यावद्द्रव्ययोः परयोरयम् ।**
**आत्मीयत्व–मतिं धत्ते तावन्मोहो विवर्धते ॥ ३ ॥**

**શબ્દાર્થઃ**—આ જીવ (**यावद्**) જ્યાંસુધી (**सचिताचित्तयोः**) ચેતન–અચેતનરૂપ (**परयोः द्रव्ययो**) પર–પદાર્થોમાં (**आत्मीयत्व–मतिं**) પોતાપણાની બુદ્ધિ (**धत्ते**) રાખે છે–પરપદાર્થોને પોતાના સમજે છે (**तावत्**) ત્યાંસુધી (**मोहो**) મોહ–મિથ્યાત્વ–(**विवर्धते**) વધતો રહે છે.

**વ્યાખ્યાઃ**—આસ્રવ–હેતુઓમાં જે મિથ્યાદર્શનનો ઉપર ઉલ્લેખ આવ્યો છે અને જેનું કેટલુંય વર્ણન પાછળના બે અધિકારોમાં આવી ગયું છે તેની જ આસ્રવ સાથે સંબંધ રાખનાર સ્થિતિનું આ પદ્યમાં તથા આગળના કેટલાક પદ્યોમાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. આ પદ્યમાં મિથ્યાદર્શનનો 'મોહ'[૨] નામથી ઉલ્લેખ કરતાં એ બતાવ્યું છે કે જ્યાંસુધી આ જીવ પરપદાર્થોમાં-ભલે તે ચેતનાસહિત હોય કે ચેતના રહિત-પોતાપણાની બુદ્ધિ રાખે છે–તેને આત્મીય માને છે.–ત્યાં સુધી મોહ વધતો રહે છે. ૩.

---

૧. **कषायानुरञ्जितयोगप्रवृत्तिर्लेश्या ।**
**कषायोदयरञ्जिता योगप्रवृत्तिरिति भावलेश्या ।**—સર્વાર્થસિદ્ધિ.

૨. **मोहो मिथ्यादर्शनमुच्यते ।**—રામસેન, તત્ત્વાનુશાસન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ઉક્ત બુદ્ધિથી મહાકર્માસ્રવ.

**तेषु प्रवर्तमानस्य कर्मणामास्रवः परः ।**
**कर्मास्रव-निमग्नस्य नोत्तारो जायते ततः ॥ ४ ॥**

શબ્દાર્થઃ—( **तेषु प्रवर्तमानस्य** ) ઉક્ત ચેતન-અચેતનરૂપ પરપદાર્થોમાં ( આત્મીયતાની મતિરૂપ ) પ્રવૃત્તિને પ્રાપ્ત જીવને ( **कर्मणां** ) કર્મોનો ( **परः आस्रवः** ) મહાન આસ્રવ થયા કરે છે ( **ततः** ) અને તેથી ( **कर्मास्रव-निमग्नस्य** ) કર્માસ્રવમાં જે ડૂબ્યા રહે છે તેનો ( **उत्तारः न जायते** ) ઉદ્ધાર થતો નથી.

વ્યાખ્યાઃ—જે જીવ સચેતન તથા અચેતન પર પદાર્થોમાં ઉક્ત પોતાપણાની બુદ્ધિ સહિત પ્રવૃત્તિ કરે છે તેને કર્મોનો બહુ મોટો આસ્રવ થાય છે અને જેને કર્મોનો બહુ મોટો આસ્રવ નિરંતર થયા કરે છે, ત્યાંસુધી કે તે તેમાં ડૂબ્યો રહે છે, તેનો સંસારથી ઉદ્ધાર થતો નથી. સંસારથી છૂટવા માટે નવા કર્મોનું આગમન રોકાવું જોઈએ અને એ ત્યારે બની શકે જ્યારે આ જીવની મોહના ઉદયવશ પર પદાર્થોમાં જે પોતાપણાની બુદ્ધિ થઈ રહી છે તે દૂર થાય. મોહે જીવની દૃષ્ટિમાં વિકાર ઉત્પન્ન કર્યો છે, તેથી જ જે આત્મીય ( પોતાનું ) નથી તેને તે ભ્રમથી આત્મીય સમજી રહ્યો છે. તેથી જ મોહરૂપ જે મિથ્યાદર્શન છે તે કર્મોના આસ્રવ નો પ્રધાન હેતુ છે. ૪.

## એક બીજી બુદ્ધિ જેનાથી મિથ્યાત્વ છૂટી શકતું નથી.

**मयीदं कार्मणं द्रव्यं कारणेऽत्र भवाम्यहम् ।**
**यावदेषा मतिस्तावन्मिथ्यात्वं न निवर्तते ॥ ५ ॥**

શબ્દાર્થઃ—( **इदं कार्मणं द्रव्यं** ) આ કર્મ જનિત પદાર્થ સમૂહ ( **मयि** ) મારામાં છે, ( **अहम्** ) હું ( **अत्र कारणे भवामि** ) એનું કારણ છું, ( **एषा मतिः यावत्** ) એવી બુદ્ધિ જ્યાંસુધી રહ્યા કરે છે ( **तावत्** ) ત્યાંસુધી ( **मिथ्यात्वं न निवर्तते** ) મિથ્યાત્વ-મોહ અથવા મિથ્યાદર્શન-છૂટતું નથી.

વ્યાખ્યાઃ—આ પદ્યમાં ત્રીજા પદ્યથી ભિન્ન એક બીજી મતિ-બુદ્ધિનો ઉલ્લેખ છે અને મિથ્યાદર્શનનો ‘ મિથ્યાત્વ ’ નામથી ઉલ્લેખ કરતાં લખ્યું છે કે ‘ આ દશ્યમાન કર્મ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જનિત પદાર્થ શરીરાદિક પદાર્થ મારામાં છે-મારી સાથે તાદાત્મ્ય સંબંધને પ્રાપ્ત છે-અને એનું કારણ (ઉપાદાન) હું છું' એવી બુદ્ધિ જ્યાંસુધી આ જીવને રહ્યા કરે છે ત્યાંસુધી મિથ્યાદર્શન દૂર થતું નથી. અને તેથી મિથ્યાત્વના કારણે થનાર કર્માસ્રવ બરાબર થયા કરે છે. ૫.

## કર્માસ્રવની હેતુભૂત એક ત્રીજી બુદ્ધિ.

**आसमस्मि भविष्यामि स्वामी देहादि–वस्तुनः ।**
**मिथ्या–दृष्टेरियं बुद्धिः कर्मागमन–कारिणी ॥ ६ ॥**

શબ્દાર્થ:—(**मिथ्यादृष्टेः इयं बुद्धिः**) મિથ્યાદષ્ટિની આ બુદ્ધિ કે (**देहादि-वस्तुनः**) દેહાદિ વસ્તુનો (**स्वामी**) પહેલાં હું સ્વામી (**आसम्**) હતો, (**अस्मि**) વર્તમાનમાં છું (**भविष्यामि**) અને આગળ થઇશ ને (**कर्मागमन-कारिणी**) કર્મોના આગમનની કારણભૂત છે-આત્મામાં કર્મોનો દ્રવ્ય તથા ભાવરૂપ આસ્રવ કરાવનાર છે.

વ્યાખ્યા:—આ પદ્યમાં મિથ્યાત્વ જન્ય અથવા મિથ્યાદર્શન રૂપ એક ત્રીજી બુદ્ધિનો ઉલ્લેખ છે અને તે એ કે 'હું અમુક દેહાદિ વસ્તુનો સ્વામી છું, સ્વામી હતો અથવા સ્વામી થઇશ.' આ મિથ્યાદષ્ટિ જીવની જે બુદ્ધિ છે તે કર્મોના આગમનની-આત્મપ્રવેશની-કારણભૂત છે-એવી બુદ્ધિના નિમિત્તે પણ કર્મોનો આસ્રવ થાય છે. ૬.

## ચોથી બુદ્ધિ જેનાથી કર્માસ્રવ અટકતો નથી.

**चेतनेऽचेतने द्रव्ये यावदन्यत्र वर्तते ।**
**स्वकीयबुद्धितस्तावत्कर्मागच्छन्[1] न वार्यते ॥ ७ ॥**

શબ્દાર્થ:—(**यावत**) જ્યાંસુધી આ જીવ (**चेतनेऽचेतने**) ચેતન કે અચેતન (**अन्यत्र द्रव्ये**) કોઈ પર પદાર્થમાં (**स्वकीय बुद्धितः**) પોતાની બુદ્ધિથી (**वर्तते**) વર્તે છે-પર પદાર્થને પોતાના માને છે-(**तावत**) ત્યાંસુધી (**कर्मागच्छन्**) કર્મોનું આગમન (આત્મપ્રવેશ) (**न वार्यते**) રોકી શકાતું નથી.

---

૧. म कर्मोद्गच्छन् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—પાછલા પદ્યમાં જે દેહાદિ વસ્તુના સ્વામિત્વનો ઉલ્લેખ છે તે સ્વદેહાદિક છે અને આ પદ્યમાં જે વસ્તુના સ્વામિત્વનો ઉલ્લેખ છે તે પરદેહાદિક છે જેને 'અન્યત્ર' શબ્દના પ્રયોગદ્વારા અહીં વ્યક્ત કરવામાં આવેલ છે. અને તેથી પરના-સ્ત્રી-પુત્રાદિના શરીરાદિમાં જે પોતાના સ્વામિત્વની બુદ્ધિ છે તે એક ચોથા પ્રકારની બુદ્ધિ છે. આ બુદ્ધિથી જ્યાંસુધી જીવ પ્રવર્તે છે ત્યાંસુધી કર્મોનું આગમન રોકી શકાતું નથી. ૭.

## નિશ્ચય અને વ્યવહારથી આત્માનું કર્તૃત્વ.

**शुभाशुभस्य भावस्य कर्तात्मीयस्य वस्तुतः[1] ।**
**कर्तात्मा पुनरन्यस्य भावस्य व्यवहारतः ॥ ८ ॥**

શબ્દાર્થઃ—( **आत्मा** ) આત્મા ( **वस्तुतः** ) નિશ્ચયથી ( **आत्मीयस्य** ) પોતાના ( **शुभाशुभस्य भावस्य** ) શુભ તથા અશુભ ભાવનો-પરિણામનો-( **कर्ता** ) કર્તા છે અને ( **व्यवहारतः** ) વ્યવહારથી ( **अन्यस्य भावस्य** ) પરના-પુદ્‌ગલ દ્રવ્યના-ભાવનો ( **कर्ता** ) કર્તા છે.

વ્યાખ્યાઃ—અહીં નિશ્ચય અને વ્યવહાર બન્ને નયોની દૃષ્ટિએ આ સંસારી જીવના કર્તૃત્વનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને તેમાં બતાવ્યું છે કે આ જીવ નિશ્ચયથી પોતાના શુભાશુભ ભાવોનો કર્તા છે કે જે કર્મોના ઉદયના નિમિત્ત-વશે તેના વિભાવ-પરિણામ હોય છે, અને વ્યવહારથી પરદ્રવ્ય-પુદ્ગલના શુભ-અશુભ પરિણામનો કર્તા છે, કે જે આત્માના શુભ-અશુભ પરિણામોનું નિમિત્ત પામીને કર્મરૂપે પરિણમનાર તેના વિભાવ પરિણામ છે. ૮.

## જીવ-પરિણામાશ્રિત કર્માસ્રવ, કર્મોદયાશ્રિત જીવ-પરિણામ.

**श्रित्वा जीव-परीणामं कर्मास्रवति दारुणम् ।**
**श्रित्वोदेति परीणामो दारुणः कर्म दारुणम् ॥ ९ ॥**

---

૧. અહીં '**वस्तुतः**' ની જગ્યાએ '**बन्धतः**' પાઠ મળે છે. જે યોગ્ય જણાતો નથી. ઉત્તરાર્ધમાં '**व्यवहारतः**' પદનો પ્રયોગ અહીં તેના પ્રતિપક્ષી '**वस्तुतः**' પદના અસ્તિત્વને સૂચવે છે તેથી જ તેને અહીં મૂકવામાં આવ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—( **जीव-परीणामं** ) જીવના પરિણામનો ( **श्रित्वा** ) આશ્રય કરીને-આત્માના શુભ-અશુભ ભાવનું નિમિત્ત પામીને-( **दारुणं कर्म** ) દારુણ કર્મ ( **आस्रवति** ) આસ્રવે છે-આત્મામાં પ્રવેશે છે-અને ( **दारुणम् कर्म श्रित्वा** ) દારુણ કર્મનો આશ્રય કરી-ને-દારુણકર્મના ઉદયનું નિમિત્ત પામીને-( **दारुणः परीणामः** ) દારુણ પરિણામ ઉદય પામે છે-આત્મામાં શુભ કે અશુભરૂપ દારુણભાવનો ઉદય થાય છે.

**વ્યાખ્યા**:—અહીં જીવના જે પરિણામનો ઉલ્લેખ છે તે તેનું સ્વભાવ પરિણામ ન હોતાં વિભાવ-પરિણામ છે, જે એક તો કર્મોના ઉદયનું નિમિત્ત પામીને ઉત્પન્ન થાય છે અને બીજું નવા કર્મોના આસ્રવનું નિમિત્ત કારણ બને છે. કર્મ અને કર્મજનિત જીવ પરિણામ બન્નેનો અહીં 'દારુણ' વિશેષણ સાથે ઉલ્લેખ કર્યો છે, જે બન્નેની ભયંકરતા-કઠોરતાના દ્યોતક છે. ૯.

## કોનો કોની સાથે કાર્યકારણભાવ.

**कार्य-कारण-भावोऽयं परिणामस्य कर्मणा ।**
**कर्म-चेतनयोरेष विद्यते न कदाचन ॥ १० ॥**

**શબ્દાર્થ**:—( **परिणामस्य** ) જીવના પરિણામનો ( **कर्मणा** ) કર્મની સાથે ( **अयं कार्य-कारण-भावो** ) ઉક્ત કાર્ય-કારણ-ભાવ છે, ( **कर्म-चेतनयोः** ) કર્મ અને ચેતન ( જીવાત્મા )માં ( **एषः** ) આ કાર્ય-કારણભાવ ( **कदाचन** ) કદી ( **न विद्यते** ) વિદ્યમાન નથી.

**વ્યાખ્યા**:—પાછલા પદ્યમાં જે કાર્ય-કારણભાવનો ઉલ્લેખ છે તેને સ્પષ્ટ કરતાં અહીં એ બતાવવામાં આવ્યું છે કે આ કાર્યકારણભાવ જીવના વિભાવપરિણામનો કર્મની સાથે છે, અચેતન કર્મ અને ચેતન જીવમાં આ કાર્ય-કારણ-ભાવ કદી પણ નથી-અચેતન કર્મથી સચેતન જીવની અને સચેતન જીવથી અચેતન કર્મની ઉત્પત્તિ કદી થતી નથી. ૧૦

## કર્મને જીવનો કર્તા માનવામાં આપત્તિ.

**आत्मानं कुरुते कर्म यदि, कर्म तदा कथम् ।**
**चेतनाय फलं दत्ते ? भुङ्क्ते वा चेतनः कथम् ॥ ११ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **यदि** ) જો ( **कर्म** ) કર્મ ( **आत्मानं कुरुते** ) આત્માને કરે ( **तदा** ) તો પછી ( **कर्म** ) કર્મ ( **चेतनाय** ) ચેતન આત્માને ( **फलं** ) ફળ ( **कथं दत्ते** ) કેવી રીતે આપે? અને ( **चेतनः** ) ચેતનાત્મા તે ફળ ( **कथं भुङ्क्ते** ) કેવી રીતે ભોગવે?-એ બન્ને વાતો તો પછી બનતી નથી.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં એ બતાવવામાં આવ્યું છે કે સચેતન જીવ અને અચેતન દ્રવ્યકર્મમાં પરસ્પર કાર્ય-કારણ ભાવ નથી. જો બન્નેમાં કાર્ય-કારણ ભાવ માનવામાં આવે-જીવને પોતાના ઉપાદાનથી કર્મનો અને કર્મને પોતાના ઉપાદાનથી જીવનો કર્તા માનવામાં આવે તો આ બન્નેય વિકલ્પોમાં એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે કર્મ જીવને ફળ કેવી રીતે આપે છે અને જીવ તેનું ફળ કેવી રીતે ભોગવે છે? ઉપાદાનની દ્રષ્ટિએ બન્ને એક હોતાં ફળદાતા અને ફળ ભોક્તાની વાત બનતી નથી. એમાંથી એક વિકલ્પનો ઉલ્લેખ કરીને અહીં જે મુશ્કેલી ઉભી થવાનું કહ્યું છે તે જ બીજા વિકલ્પનો ઉલ્લેખ કરીને ગ્રંથના બીજા અધિકારમાં પદ્ય નં. ૪૮ દ્વારા થવાનું કહ્યું છે. ૧૧.

## એકનું કરેલ કર્મફળ બીજો ભોગવે એમાં દોષ.

**परेण विहितं कर्म परेण यदि भुज्यते ।**
**न कोऽपि सुख-दुःखेभ्यस्तदानीं मुच्यते कथम् ॥ १२ ॥**

**શબ્દાર્થ:**—( **परेण विहितं कर्म** ) પરનું કરેલું કર્મ-કર્મનું ફળ-( **यदि परेण भुज्यते** ) જો બીજો ભોગવે ( **तदानीं** ) તો પછી ( **कोऽपि** ) કોઈ પણ ( **सुख-दुःखेभ्यः** ) સુખદુઃખથી ( **कथम् मुच्यते** ) કેવી રીતે મુક્ત થઈ શકે? ( **न** ) ન થઇ શકે.

**વ્યાખ્યા:**—અહીં 'કરે કોઇ અને ભરે કોઈ' ના સિદ્ધાંતનો ઉલ્લેખ કરીને તેને દોષિત સાબિત કરવામાં આવેલ છે. લખ્યું છે કે જો એકનું કરેલું કર્મફળ બીજો ભોગવે તો કોઈ પણ સાંસારિક સુખ-દુઃખથી કદી મુક્ત થઈ શકે નહિ; કેમ કે આપણે આપણા સુખદુઃખ આપનાર કર્મનો વિરોધ તો કરી શકીએ છીએ-તેવું કોઇ કર્મ ન કરીએ; પરંતુ બીજાઓ કરે તેને આપણે કેવી રીતે રોકી શકીએ? જો તે બીજાઓના કરેલા કર્મ-ફળ પણ આપણે ભોગવવા પડે તો આપણો સાંસારિક સુખદુઃખથી કદી પણ છૂટકારો થઈ શકે નહિ અને તેથી કદી પણ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે નહિ. કર્મ-ફળનો આ સિદ્ધાંત અજ્ઞાન-મૂલક અને વસ્તુ-તત્ત્વથી વિરૂદ્ધ છે. ૧૨.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કર્મ કેવી રીતે જીવનું આચ્છાદક થાય છે.

**जीवस्याच्छादकं कर्म निर्मलस्य मलीयसम् ।**
**जायते भास्करस्येव शुद्धस्य घन-मण्डलम् ॥ १३ ॥**

**શબ્દાર્થ:—** ( **कर्म** ) કર્મ ( **मलीयसम्** ) જે મળરૂપ છે તે ( **निर्मलस्य जीवस्य** ) નિર્મળ જીવાત્માનું ( **आच्छादकं** ) એવી રીતે આચ્છાદક થાય છે જેવી રીતે ( **घन मण्डलम्** ) ઘનમંડળ–વાદળનો ઘટાટોપ– ( **शुद्धस्य भास्करस्य इव** ) નિર્મળસૂર્યનો આચ્છાદક થાય છે.

**વ્યાખ્યા:—** જીવ સ્વભાવથી નિર્મળ છે–વાસ્તવમાં સર્વ પ્રકારના મળરહિત છે–તેને મલિન કરનાર એક માત્ર કર્મમળ છે અને તે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ (શરીરાદિ) ના ભેદથી ત્રણ પ્રકારનું છે, જે તેને ચારે તરફથી ઘનઘોર ઘટા નિર્મળ સૂર્યને આચ્છાદિત કરે તેમ આચ્છાદિત કરે છે. ૧૩.

## કાષય–સ્રોતથી આવેલું કર્મ જીવમાં બંધાય છે.

**कषायस्रो[1]तसागत्य जीवे कर्माऽवतिष्ठते ।**
**आगमेनेव पानीयं जाड्य-कारं[2] सरोवरे ॥ १४ ॥**

**શબ્દાર્થ:—** ( **सरोवरे** ) જેમ સરોવરમાં ( **आगमेनेव** ) સ્રોતરૂપ નાળીદ્વારા આવીને ( **जाड्य-कारं पानीयं** ) શીત કરનાર જળ ( **अवतिष्ठते** ) એકઠું થાય છે તેમ ( **जीवे** ) જીવમાં ( **कषाय–स्रोतसा आगत्य** ) કષાય સ્રોતથી આવીને ( **कर्म** ) જડતાકારક કર્મ એકઠું થાય છે.

**વ્યાખ્યા:—** અહીં ‘ **अवतिष्ठते** ’ પદદ્વારા જીવમાં કર્માસ્રવ સાથે તેના ઉત્તરવર્તી પરિણામનો ઉલ્લેખ છે, જેને ‘ બંધ ’ કહે છે અને તે ઘણું કરીને ત્યારે થાય છે જ્યારે કર્મ કષાયના સ્રોતથી આવે છે અને તેથી આ પદ્યમાં સામ્પરાયિક આસ્રવનો ઉલ્લેખ છે. જે કર્મ કષાયના સ્રોતથી–સામ્પરાયિક આસ્રવદ્વારા–આવતું નથી તે બંધને પ્રાપ્ત થતું નથી.

---

१ मु श्रोतसा ।
२ व्या जाड्यकारे ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને સામ્પરાયિક આસ્રવ તેજ જીવને બને છે જે કષાય સહિત હોય છે- કષાય રહિતને નહિ. કષાય-રહિતને યોગદ્વારથી જે સ્થિતિ-અનુભાગ વિનાનો સામાન્ય આસ્રવ થાય છે, તેને ઇર્યાપથ આસ્રવ કહે છે.૧ બંધનું કારણ કષાય છે, તેનાથી જ 'ठिदि अणुभागा कसायदो होंति' આ સિદ્ધાન્ત અનુસાર સ્થિતિ તથા અનુભાગનો બંધ થાય છે. ૧૪.

## નિષ્કષાય જીવને કર્માસ્રવ માનવામાં દોષાપત્તિ.

**जीवस्य निष्कषायस्य यद्यागच्छति कल्मषम् ।**
**तदा संपद्यते मुक्तिर्न कस्यापि कदाचन ॥ १५ ॥**

શબ્દાર્થ:— (यदि) જો (निष्कषायस्य जीवस्य) કષાયરહિત જીવને પણ (**कल्मषम्**) કલ્મષ (आगच्छति) આવે છે- કર્મોનો સામ્પરાયિક આસ્રવ બને છે -(**तदा**) તો પછી (**कस्यापि**) કોઇ પણ જીવનો (**कदाचन**) કદી (**मुक्तिः न**) મોક્ષ થઇ શકતો નથી.

વ્યાખ્યા:— પાછલા પદ્યમાં કષાય-સહિત જીવના સાંપરાયિક આસ્રવની વાત કહેવામાં આવી છે- કષાય-રહિતની નહિ. આ પદ્યમાં કષાય-રહિત જીવને પણ જો બંધકારક સામ્પરાયિક આસ્રવ માનવામાં આવે તો તેમાં જે દોષાપત્તિ આવે છે તે બતાવી છે અને તે એ છે કે તો પછી કોઈ પણ જીવને કદી પણ મોક્ષની પ્રાપ્તિ થઇ શકે નહિ- કષાયથી પણ બંધ અને કષાય વિના પણ બંધ; તો પછી છૂટકારો કેવી રીતે મળે? ન મળે. અને એ વાત વાસ્તવિકતાથી પણ વિરૂદ્ધ છે; કારણ કે જે કારણ બંધનાં કહેવામાં આવ્યાં છે તે દૂર થતાં મુક્તિ થાય જ ગ્રંથના બંધાધિકારમાં આપેલા બંધના લક્ષણથી પ્રગટ છે.૨ ૧૫.

## એક દ્રવ્યનું પરિણામ બીજાને પ્રાપ્ત થતાં દોષાપત્તિ.

**नान्यद्रव्य-परीणाममन्य-द्रव्यं प्रपद्यते ।**
**स्वान्य-द्रव्य-व्यवस्थेयं परस्य (था) घटते कथम् ॥ १६ ॥**

---

१. सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोः । -ત. સૂત્ર ૬-૪.
२. पुद्गलानां यदादानं योग्यानां सकषायतः ।
योगतः स मतो बन्धो जीवास्वातन्त्र्यकारणम् ॥१॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થઃ— ( अन्यद्रव्य-परीणामं ) ભિન્ન દ્રવ્યનું પરિણામ ( अन्यद्रव्यं ) ભિન્ન દ્રવ્યને ( न प्रपद्यते ) પ્રાપ્ત થતું નથી- એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ કદી પરિણમન કરતું નથી–જો એમ ન માનવામાં આવે તો ( परस्य ) ભિન્ન દ્રવ્યોની ( इयं ) આ ( स्वा-न्य-द्रव्य व्यवस्था ) સ્વદ્રવ્ય-પરદ્રવ્યની વ્યવસ્થા ( कथम् घटते ) કેવી રીતે બની શકે ? બની શકે નહિ.

વ્યાખ્યાઃ—પ્રત્યેક પરિણમન પોતપોતાના ઉપાદાનને અનુરૂપ થાય છે, બીજા દ્રવ્યના-ઉપાદાનને અનુરૂપ નહિ. જો એક દ્રવ્યનું પરિણમન બીજા દ્રવ્યના ઉપાદાનરૂપ થવા લાગે તો બન્ને દ્રવ્યોમાં કોઇ ભેદ રહેતો નથી. દાખલા તરીકે સંતરાના બીજમાંથી જામફળ અને જામફળના બીજમાંથી સંતરાં પણ ઉત્પન્ન થવા લાગે તો આ સંતરાનું બીજ અને આ જામફળનું બીજ છે એવો ભેદ કરી શકાતો નથી અને એવી આશા પણ કરી શકાતી નથી કે સંતરાનું બીજ વાવવાથી સંતરાનું વૃક્ષ ઉગશે અને તેના પર સંતરાં આવશે. અન્યથા પરિણમન થવાની સ્થિતિમાં તે સંતરાના બીજથી કોઇ બીજું વૃક્ષ પણ ઉગી શકે અને બીજા પ્રકારના ફળ પણ લાગી શકે પરંતુ એમ બનતું નથી. તેથી જ એક દ્રવ્યમાં બીજા બધા દ્રવ્યોનો અભાવ માનવામાં આવ્યો છે, તો જ વસ્તુની વ્યવસ્થા બરાબર બેસી શકે છે, બીજી રીતે કોઇ પણ વસ્તુ પોતાના સ્વરૂપને પ્રતિષ્ઠિત કરી શકતી નથી, અને તો આપણે સંતરાને સંતરૂ અને દાડમને દાડમ પણ કહી શકતા નથી. ૧૬.

## પાંચમી બુદ્ધિ જેનાથી કર્માસ્રવ રોકાતો નથી.

परेभ्यः सुखदुःखानि द्रव्येभ्यो यावदिच्छति ।
तावदास्रव-विच्छेदो न मनागपि जायते ॥ १७ ॥

શબ્દાર્થઃ—( यावत ) જ્યાંસુધી ( આ જીવ ) ( परेभ्यः द्रव्येभ्यः ) પરદ્રવ્યોથી ( सुखदुःखानि ) સુખ-દુઃખાદિની ( इच्छति ) ઇચ્છા–અપેક્ષા રાખે છે ( तावत् ) ત્યાંસુધી ( आस्रव-विच्छेदो ) આસ્રવનો વિચ્છેદ-આત્મામાં કર્મોના આગમનનો નિષેધ-( मनागपि ) જરા પણ ( न जायते ) થતો નથી.

વ્યાખ્યાઃ—પરદ્રવ્યોથી મને સુખદુઃખ મળે છે એવી સમજણ જ્યાંસુધી બની રહે ત્યાંસુધી આસ્રવનો કિંચિત્ પણ નિરોધ થઇ શકતો નથી. આ એક પાંચમા પ્રકારની બુદ્ધિ છે જે કર્માસ્રવની હેતુભૂત છે. ૧૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સ્વદેહ-પરદેહનું અચેતનપણું ન જાણવાનું ફળ.

**अचेतनत्वमज्ञात्वा[1] स्वदेह-परदेहयोः ।**
**स्वकीय-परकीयात्मबुद्धितस्तत्र वर्तते ॥ १८ ॥**

**શબ્દાર્થઃ**—( આ જીવ ) ( **स्वदेह-परदेहयोः** ) સ્વદેહ અને પરદેહનું ( **अचेतनत्वम् अज्ञात्वा** ) અચેતનપણું ન જાણીને ( **स्वकीय-परकीय आत्मबुद्धितः** ) સ્વદેહમાં આત્મબુદ્ધિથી અને પરદેહમાં પરકીય આત્મબુદ્ધિથી ( **तत्र वर्तते** ) પ્રવૃત્ત થાય છે-પોતાના શરીરને પોતાનો આત્મા અને પરના શરીરને પરનો આત્મા સમજીને વ્યવહાર કરે છે.

**વ્યાખ્યાઃ**—પોતાના શરીરને પોતાનો આત્મા અને સ્ત્રી પુત્રાદિ પરના શરીરને પરનો આત્મા સમજી ને આ જીવ જે પ્રવૃત્તિ કરે છે અને તેનાથી પોતાને સુખ-દુઃખ થવું માને છે તેનું શું કારણ છે? એ પ્રશ્નના સમાધાન માટે જ આ પદ્ય રચાયું હોય એમ લાગે છે. અને તે સામાધાન છે 'પોતાના શરીર તથા પરના શરીરના અચેતનપણાને ન જાણવું તે'. જો નિશ્ચિત-રૂપે એ જાણ્યું હોય કે મારું અથવા બીજા કોઈ પણ જીવનું શરીર ચેતન નથી-જડ છે-તો તેમાં સ્વાત્મીય તથા પરાત્મીય બુદ્ધિ થઈ શકતી નથી; કારણ કે બધાનો આત્મા વાસ્તવમાં ચેતનરૂપ અમૂર્તિક છે, અચેતન મૂર્તિક પદાર્થ સ્વભાવથી તેનો પોતાનો થઇ શકતો નથી-પોતાનો માનવો તે સ્વરૂપ-પરરૂપના અજ્ઞાનને કારણે ભૂલ છે-ભ્રાન્તિ છે. એ મટવાથી બુદ્ધિનો સુધાર થાય છે અને ત્યારે કર્મનો આસ્રવ સહેજે અટકી જાય છે. ૧૮.

## પરમાં પોતાપણાની બુદ્ધિનું કારણ.

**यदात्मीयमनात्मी विनश्वरमनश्वरम् ।**
**सुखदं दुःखदं वेत्ति न चेतनमचेतनम् ॥ १९ ॥**
**पुत्र-दारादिके द्रव्ये तदात्मीयत्व-शेमुषीम्[2] ।**
**कर्मास्रवमजानानो विधत्ते मूढमानसः ॥ २० ॥**

---

१ मु अचेतनत्वमज्ञत्वात् ।
२. आ तदात्मीयसेमुखी ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શબ્દાર્થ**—( **यदा** ) જ્યાંસુધી જીવ ( **आत्मीयमनात्मीयम्** ) આત્મીય-અનાત્મીયને, ( **विनश्वरमनश्वरम्** ) વિનાશી અને અવિનાશીને, ( **सुखदं दुखदं** ) સુખ આપનાર અને દુઃખ આપનારને અને ( **चेतनमचेतनम्** ) ચેતન-અચેતનને ( **न वेत्ति** ) જાણતો નથી ( **तदा** ) ત્યાંસુધી ( **कर्मास्त्रवमजानानो** ) કર્મના આસ્રવને નહિ જાણતો થકો ( **मूढमानसः** ) આ મૂઢ પ્રાણી ( **पुत्र-दारादिके द्रव्ये** ) પુત્ર-સ્ત્રી આદિ પદાર્થોમાં ( **आत्मीयत्व-शेमुषीम्** ) પોતાપણાની બુદ્ધિ ( **विधत्ते** ) રાખે છે-તેમને પોતાનાં સમજે છે.

**વ્યાખ્યા**:—પૂર્વપદ્ય-વિષયક અજ્ઞાનને આ બન્ને પદ્યોમાં વિશેષ સ્પષ્ટ કરતાં તેને સ્ત્રી-પુત્રાદિમાં પોતાપણાની બુદ્ધિનું કારણ બતાવ્યું છે-લખ્યું છે કે જ્યારે આ મોહિત ચિત્તવાળો મૂઢ જીવ પોતાને અને પરને, વિનશ્વર-અવિનશ્વરને, સુખદાયક-દુઃખદાયકને, ચેતન-અચેતનને જાણતો નથી-એમના સ્વરૂપને તફાવતને ઓળખતો નથી-ત્યારે કર્મોનો આસ્રવ કેવી રીતે થાય છે અને પણ નહિ જાણતો સ્ત્રી-પુત્રાદિમાં પોતાપણાની બુદ્ધિ ધારણ કરે છે-તેમને પોતાના આત્મ-દ્રવ્ય સાથે સમ્બદ્ધ માને છે. ૧૯-૨૦.

## કોણ કોનાથી ઉત્પન્ન થતું નથી.

**कषाया नोपयोगेभ्यो नोपयोगाः कषायतः ।**
**न मूर्तामूर्तयोरस्ति संभवो हि परस्परम् ॥ २१ ॥**

**શબ્દાર્થ**:—( **उपयोगेभ्यः** ) ઉપયોગોથી ( **कषायाः** ) કષાયો અને ( **कषायतः** ) કષાયથી ( **उपयोगाः न** ) ઉપયોગ ( ઉત્પન્ન ) થતા નથી ( **हि** ) અને ( **मूर्तामूर्तयोः** ) મૂર્તિક-અમૂર્તિકનો ( **परस्परम्** ) પરસ્પર એકબીજાથી ( **संभवः न अस्ति** ) ઉત્પાદ-સંભવ થતો નથી.

**વ્યાખ્યા**:—ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયો છે અને જ્ઞાન તથા દર્શન એ બે મૂળ ઉપયોગ છે. આ બન્નેમાંથી કોઈ પણ ઉપયોગથી કષાયોની ઉત્પત્તિ શક્ય નથી અને ન મૂર્તિકથી અમૂર્તિક તથા અમૂર્તિકથી મૂર્તિક પદાર્થની ઉત્પત્તિ બની શકે. આ પદાર્થોની ઉત્પત્તિ-વિષયક વસ્તુતત્ત્વનો નિદર્શક સિદ્ધાંત છે. અમૂર્તિક આત્માનું લક્ષણ ઉપયોગ છે, લક્ષણ હોવાથી જ્ઞાન-દર્શન અમૂર્તિક છે અને કષાયો મૂર્ત-પૌદ્ગલિક-કર્મ જનિત હોવાથી, મૂર્તિક છે. આવી સ્થિતિમાં શુદ્ધોપયોગ રૂપ આત્માનું કષાયરૂપ પરિણમન થતું નથી. ૨૧.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કષાય પરિણામ કોને થાય છે અને અપરિણામીનું સ્વરૂપ.

**कषाय-परिणामोऽस्ति जीवस्य परिणामिनः ।**
**कषायिणोऽकषायस्य सिद्धस्येव न सर्वथा ॥ २२ ॥**
**न संसारो न मोक्षोऽस्ति यतोऽस्यापरिणामिनः ।**
**निरस्त-कर्म-सङ्गश्चापरिणामी ततो मतः ॥ २३ ॥**

**શબ્દાર્થ:**—( **कषायिणो परिणामिनः जीवस्य** ) કષાય-સહિત પરિણામી જીવને ( **कषाय-परिणामऽस्ति** ) કષાય-પરિણામ હોય છે, ( **अकषायस्य** ) જે કષાય રહિત થઈ ગયા છે તેને ( **न सर्वथा** ) કષાય પરિણામ હોતા નથી, ( **सिद्धस्येव** ) જેમ કે સિદ્ધાત્માને. ( **यतो अस्य अपरिणामिनः** ) કારણ કે પ્રાણુ કષાય-રહિત અપરિણામી જીવને ( **न संसारो न मोक्षः अस्ति** ) ન તો સંસાર છે અને ન મોક્ષ ( **ततः** ) તેથી ( **निरस्त-कर्म-सङ्गः** ) જેને કર્મનો અભાવ થઈ ગયો છે ( **अपरिणामी मतः** ) તેને અપરિણામી માનવામાં આવ્યો છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યના કથનથી એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે તો પછી કષાયરૂપ પરિણમન કયા જીવને થાય છે? ઉત્તરમાં બતાવ્યું છે કે જે કષાય-સહિત પરિણામી જીવ છે-જેને કષાયકર્મનો ઉદય પોતામાં રહેલો છે-તેનેજ કષાયરૂપ પરિણામ થાય છે. જે કષાય રહિત છે-કષાયકર્મનો ઉદય જેનામાં રહેલો નથી-તેને કષાયરૂપ પરિણમન થતું નથી; જેમકે સિદ્ધોને થતું નથી, જેમને કષાયનો કદી ઉદય જ નહિ પરંતુ અસ્તિત્વ પણ નથી, કારણકે આ કષાયરૂપ ન પરિણમનાર જીવને ન તો સંસાર છે ( કષાયરૂપ પરિણમન જ નહિ તો પછી સંસાર શું ? ) અને ન મોક્ષ છે ( કર્મ સત્તામાં મોજુદ હોય તો મોક્ષ કેવો ? ) તેથી જ જે કર્મના સંપર્કથી બિલકુલ જુદા થઈ ગયા છે તેને વાસ્તવમાં અપરિણામી માનવામાં આવ્યા છે. ૨૨-૨૩.

## પરિણામ સિવાય જીવ-કર્મને એક બીજાના ગુણોનું કર્તૃત્વ નથી.

**नान्योन्य-गुण-कर्तृत्वं विद्यते जीव-कर्मणोः ।**
**अन्योन्यापेक्षयोत्पत्तिः परिणामस्य केवलम् ॥ २४ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वकीय-गुण-कर्तृत्वं तत्त्वतो जीव-कर्मणोः ।
क्रियते हि गुणस्ताभ्यां व्यवहारेण गद्यते ॥ २५ ॥

**શબ્દાર્થ:**—( **जीव-कर्मणोः** ) જીવ અને ( પુદ્ગલ ) કર્મને ( **अन्योन्य-गुण-कर्तृत्वं** ) એક બીજાના ગુણોનું કર્તાપણું ( **विद्यते न** ) વિદ્યમાન નથી–ન જીવમાં કર્મના ગુણો કરવાનું સામર્થ્ય છે અને ન કર્મમાં જીવના ગુણો ઉત્પન્ન કરવાની શક્તિ છે. ( **अन्योन्यापेक्षया** ) એક બીજાની અપેક્ષાથી–નિમિત્તથી ( **केवलम्** ) કેવળ ( **परिणामस्य** ) પરિણામની ( **उत्पत्तिः** ) ઉત્પત્તિ હોય છે–જે જેમાં ઉત્પન્ન થાય છે તેમાં જ રહે છે. ( **तत्त्वतः** ) વાસ્તવમાં ( **जीव-कर्मणोः** ) જીવ અને કર્મને ( **स्वकीय-गुण-कर्तृत्वं** ) પોતપોતાના ગુણોનું કર્તાપણું વિદ્યમાન છે–જીવ પોતાના જ્ઞાનાદિ ગુણોનો અને પુદ્ગલકર્મ પોતાના જ્ઞાનાવરણાદિ ગુણોનો કર્તા છે. ( **ताभ्यां** ) એક દ્વારા બીજાના ( **गुणः** ) ગુણો ( **क्रियते हि** ) કરાય છે એમ જે કહેવામાં આવે છે તે ( **व्यवहारेण गद्यते** ) વ્યવહારની દૃષ્ટિએ કહેવામાં આવે છે.

**વ્યાખ્યા:**—જ્ઞાન-દર્શનના લક્ષણવાળો જીવ પૌદ્ગલિક કર્મના ગુણ–સ્વભાવનો કર્તા નથી અને ( કષાય તથા જ્ઞાનાવરણાદિરૂપ, પૌદ્ગલિક કર્મ જીવના ગુણ–સ્વભાવનો કર્તા નથી. કેવળ એકબીજાના પરિણામની ઉત્પત્તિ એક–બીજાના નિમિત્તે થાય છે–નહિ કે ગુણની. જીવ અને કર્મ બન્ને વાસ્તવમાં પોત–પોતાના ગુણ–સ્વભાવના કર્તા છે. એકને બીજાના ગુણ–સ્વભાવનો કર્તા કહેવો એ વ્યવહારનયની દૃષ્ટિએ કથન છે–વ્યવહારનયની અપેક્ષાએ એમ જ કહેવામાં આવે છે. ૨૪–૨૫

## પુદ્ગલની અપેક્ષાવાળા જીવભાવોની ઉત્પત્તિ અને ઔદયિક ભાવોની સ્થિતિ.

उत्पद्यन्ते यथा भावाः पुद्गलापेक्षयात्मनः ।
तथैवौदयिका भावा विद्यन्ते तदपेक्षया ॥२६॥

**શબ્દાર્થ:**— ( **यथा** ) જેમ ( **पुद्गलापेक्षया** ) પુદ્ગલની અપેક્ષાથી– પુદ્ગલનું નિમિત્ત પામીને– ( **आत्मनः भावाः** ) જીવના ભાવ ( **उत्पद्यते** ) ઉત્પન્ન થાય છે ( **तथैव** ) તેવી જ રીતે ( **तदपेक्षया** ) પુદ્ગલની અપેક્ષાથી– પૌદ્ગલિક કર્મોના ઉદયનું નિમિત્ત પામીને– **औदयिकाः** ) ઉત્પન્ન થયેલા ઔદયિક ભાવ ( **विद्यन्ते** ) વિદ્યમાન રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ— આ પદ્યમાં જીવના ગતિ-કષાયાદિરૂપ ઔદયિક ભાવોની સ્થિતિનો નિર્દેશ છે- એમ બતાવ્યું છે કે જેમ પુદ્ગલોનું નિમિત્ત પામીને સંસારી જીવના ભાવ ઉત્પન્ન થાય છે તેવીજ રીતે પુદ્ગલ કર્મોના ઉદયનું નિમિત્ત પામીને ઉત્પન્ન થયેલા જે ઔદયિક ભાવ છે તે સ્થિતિને પ્રાપ્ત હોય છે- ઉત્પન્ન થતાંજ નાશ પામતા નથી પરંતુ ઉદયની સ્થિતિ અનુસાર ટકી રહે છે. ૨૬.

## નિરંતર રજોગ્રાહી કોણ?

**कुर्वाणः परमात्मानं सदात्मानं पुनः परम् ।**
**मिथ्यात्व-मोहित-स्वान्तो रजोग्राही निरंतरम् ॥२७॥**

શબ્દાર્થઃ— ( **मिथ्यात्व-मोहित-स्वान्तो** ) જે મિથ્યાત્વ વડે મોહિતચિત્ત થઇને ( **सदा** ) સદા ( **परम् आत्मानम्** ) પરને આત્મા ( **पुनः** ) અને ( **आत्मनम् परम्** ) આત્માને પર ( **कुर्वाणः** ) રૂપ કરે છે તે ( **निरन्तरम्** ) નિરંતર ( **रजोग्राही** ) કર્મરજનો સંચય કર્યા કરે છે.

વ્યાખ્યાઃ— આસ્રવના ચાર કારણોમાંથી મિથ્યાદર્શનના કથનનો ઉપસંહાર કરતાં આ પદ્યમાં ઉક્ત મિથ્યાદ્રષ્ટિને જે મોહના ઉદયથી મોહિત ચિત્ત થઇને દ્રષ્ટિ વિકારના કારણે પરને આત્મા-શરીરાદિ પર પદાર્થોને આત્મીય (પોતાના)- અને આત્માને પર-શરીર તથા કાયાદિરૂપ સમજે છે, તેને નિરંતર કર્મોનો સામ્પરાયિક આસ્રવકર્તા બતાવ્યો છે. ૨૭.

## કોણ સ્વ-પર-વિવેક પામતું નથી.

**राग-मत्सर-विद्वेष-लोभ-मोह-मदादिषु ।**
**हृषीक-कर्म-नोकर्म-रूप-स्पर्श-रसादिषु ॥ २८ ॥**
**एतेऽहमहमेतेषामिति तादात्म्यमात्मनः ।**
**विमूढः कल्पयन्नात्मा स्व-परत्वं न बुध्यते ॥ २९ ॥**

શબ્દાર્થઃ—( **विमूढः आत्मा** ) મૂઢ આત્મા-મિથ્યાત્વ સહિત ચિત્ત-( **राग-मत्सर-**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**विद्वेष लोभ-मोह-मदादिषु )** રાગ-દ્વેષ-ઈર્ષા-લોભ મોહ-મદાદિમાં તથા ( **हृषीक-कर्म-नोकर्म-रूप-स्पर्श-रसादिषु )** ઇન્દ્રિય-કર્મ-નોકર્મ-રૂપ-રસ-સ્પર્શાદિક વિષયોમાં ( **एते अहम्** ) 'આ હું છું,' ( **अहम् एतेषाम्** ) 'હું એમનો છું' ( **इति आत्मनः तादात्म्यम्** ) એ રીતે આત્માના તાદાત્મ્યની-એકત્વની-( **कल्पयन्** ) કલ્પના કરતો ( **स्व-परत्वं** ) સ્વ-પર-વિવેકને-પોતાના અને પરના યથાર્થ બોધને-( **न बुध्यते** ) પ્રાપ્ત થતો નથી.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં સ્વ-પરની અણસમજણનો જે ઉલ્લેખ છે તેને આ પદ્યમાં વિશેષ સ્પષ્ટ કરતાં બતાવ્યું છે કે 'રાગ-દ્વેષ-મોહ-ક્રોધ-લોભ-મદ-મત્સર આદિ રૂપે જેટલા કોઇ વિભાવ છે, ઇન્દ્રિયોનાં કાર્ય છે, શરીરની ચેષ્ટાઓ છે અને રૂપ-રસ-સ્પર્શાદિ રૂપ પુદ્ગલના ગુણ છે તે બધામાં 'આ મારાં; હું એમનો' ઇત્યાદિ રૂપે તાદાત્મ્ય-સંબંધની કલ્પના કરતો આમૂઢ આત્મા ન તો પોતાને ય સમજી શકે છે અને ન પરને. આ તાદાત્મ્ય-ભાવની કલ્પના જ આ જીવના સ્વ-પર વિવેકમાં બાધક છે, તેથી જ અનાત્મીય ભાવોમાં મમકાર અને કર્મજનિત ભાવોમાં અહંકાર ઉત્પન્ન થાય છે. ૨૯.

## કર્મ-સંતતિના હેતુ અચારિત્રનું સ્વરૂપ.

**हिंसने वितथे स्तेये मैथुने च परिग्रहे ।**
**मनोवृत्तिरचारित्रं कारणं कर्मसंततेः ॥ ३० ॥**

**શબ્દાર્થ:**—( **हिंसने** ) હિંસામાં, ( **वितथे** ) જૂઠામાં, ( **स्तेये** ) ચોરીમાં, ( **मैथुने** ) મૈથુનમાં ( **च** ) અને ( **परिग्रहे** ) પરિગ્રહમા ( **मनोवृत्तिः** ) જે મનની પ્રવૃત્તિ છે ( **अचारित्रं** ) તે અચારિત્ર છે- કુત્સિત આચરણ છે-( **कर्मसंततेः कारणं** ) કે જે કર્મસંતતિનું-કર્મોની ઉત્પત્તિ, સ્થિતિ તથા પરિપાટીનું કારણ છે.

**વ્યાખ્યા:**—આ પદ્યમાં આસ્રવના બીજા વિશેષ કારણ અચારિત્રને લેવામાં આવ્યું છે અને એમ બતાવ્યું છે કે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, અને પરિગ્રહ આ ( પાંચ ) પાપોમાં જે ભાવમનની પ્રવૃત્તિ છે તેને 'અચારિત્ર' કહે છે-જેનાં બીજા નામ 'અવ્રત' અને 'અસંયમ' પણ છે. આ પ્રવૃત્તિ આસ્રવાદિરૂપે કર્મ-સંતતિને ચલાવવામાં કારણ ભૂત છે. ૩૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## રાગ–દ્વેષથી શુભાશુભભાવનો કર્તા અચારિત્રી.

**रागतो द्वेषतो भावं परद्रव्ये शुभाशुभम् ।**
**आत्मा कुर्वन्नचारित्रं स्व-चारित्र-पराङ्मुखः ॥ ३१ ॥**

**શબ્દાર્થ**:—(**परद्रव्ये**) પરદ્રવ્યમાં (**रागतो**) રાગથી અથવા (**द्वेषतो**) દ્વેષથી (**शुभाशुभम् भावं कुर्वन्**) શુભ–અશુભ ભાવ (પરિણામ) કરતો (**आत्मा**) આત્મા (**अचारित्रं**) અચારિત્રી–કુત્સિતાચારી–થાય છે; કારણકે તે વખતે (**स्व–चारित्र–पराङ्मुखः**) તે પોતાના ચારિત્રથી–સ્વરૂપાચરણથી–વિમુખ થાય છે.

**વ્યાખ્યા**:— જ્યારે આ જીવ પરદ્રવ્યમાં રાગથી શુભભાવ અને દ્વેષથી અશુભભાવ કરે છે–પર દ્રવ્યને શુભ કે અશુભરૂપ માની લે છે–ત્યારે તે પોતાના સમતાભાવરૂપ સ્વ ચારિત્રથી વિમુખ–ભ્રષ્ટ થઈને અચારિત્રી અથવા અસંયમી થાય છે. અને એવો થયો થકો કર્માસ્રવનું કારણ બને છે. ૩૧.

## સ્વચારિત્રથી ભ્રષ્ટ કોણ ?

**यतः संपद्यते पुण्यं पापं वा परिणामतः ।**
**वर्तमानो यत (तत) स्तत्र भ्रष्टोऽस्ति स्वचरित्रतः ॥ ३२ ॥**

**શબ્દાર્થ**:—(**यतः परिणामतः**) કારણકે શુભાશુભ પરિણામ (ભાવ) થી (**पुण्यं पापं वा**) પુણ્ય–પાપ ની ઉત્પત્તિ થાય છે (**ततः**) તેથી (**तत्र वर्तमानो**) તે પરિણામમાં પ્રવર્તમાન આત્મા (**स्व चरित्रतः**) પોતાના ચારિત્રથી (**भ्रष्टोऽस्ति**) ભ્રષ્ટ થાય છે.

**વ્યાખ્યા**:—પાછલાં પદ્યમાં જીવના જે બે ભાવો–પરિણામોનો ઉલ્લેખ છે તે ક્રમશઃ રાગ–દ્વેષથી ઉત્પન્ન થનારા શુભ–અશુભ ભાવ છે. એમાંથી શુભભાવોથી પુણ્ય કર્મનો અને અશુભ ભાવોથી પાપકર્મનો આસ્રવ થાય છે; કે જે મોક્ષશાસ્ત્રના '**शुभः पुण्यस्याशुभः पापस्य**' આ સૂત્રથી પણ પ્રગટ છે. આ પુણ્ય–પાપમાં જે સદા પ્રવૃત્ત રહે છે તેને અહીં સ્વ-ચારિત્રથી ભ્રષ્ટ બતાવ્યો છે– આ બન્નેના ચક્કરમાં ફસાયો થકો પોતાના સ્વરૂપથી વિમુખ થઈને તેને ભૂલી રહ્યો છે. ૩૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સ્વચારિત્રથી ભ્રષ્ટ ચારગતિનાં દુઃખ સહે છે.

**श्वाभ्र–तिर्यङ्–नर–स्वर्गि–गतिं जाताः शरीरिणः ।**
**शारीरं मानसं दुःखं सहन्ते कर्म–संभवम् ॥ ३३ ॥**

**શબ્દાર્થઃ**—(પોતાના ચારિત્રથી ભ્રષ્ટ થઇને શુભ–અશુભ પરિણામોદ્વારા પુણ્ય–પાપનો સંચય કરનાર) (**श्वाभ्र–तिर्यङ्–नर–स्वर्गि–गतिं**) નરક, તિર્યંચ, મનુષ્ય તથા દેવગતિને (**जाताः**) પ્રાપ્ત થયેલ (**शरीरिणः**) જીવ (**कर्म–संभवम्**) કર્મજન્ય (**शारीरं**) શરિરીક તથા (**मानसं दुखं**) માનસિક દુઃખ (**सहन्ते**) સહન કરે છે.

**વ્યાખ્યાઃ**—અહીં સ્વચારિત્રથી ભ્રષ્ટ થવાના ફલનો નિર્દેશ કરેલો છે–લખ્યું છે કે આવા સ્વચારિત્રથી ભ્રષ્ટ પ્રાણી નરક, તિર્યંચ, મનુષ્ય તથા દેવગતિ ને પ્રાપ્ત થઈ કર્મજનિત શારીરિક તથા માનસિક દુઃખોને સહન કરે છે. ૩૩.

## દેવેન્દ્રોનું વિષય–સુખ પણ દુઃખ છે.

**यत्सुखं सुरराजानां जायते विषयोद्भवम् ।**
**ददानं दाहिकां तृष्णां दुःखं तदवबुध्यताम् ॥ ३४ ॥**

**શબ્દાર્થઃ**—(જો એમ પૂછવામાં આવે કે દેવ ગતિ પામેલા દેવેન્દ્રોને તો બહુ સુખ હોય છે તો પછી દેવગતિના બધા જીવોને દુ.ખ સહન કરનાર કેમ બતાવ્યા છે? તો એનું સમાધાન આ છે કે (**सुरराजानां**) દેવેન્દ્રોને (**विषयोद्भवम्**) ઇન્દ્રિય–વિષયોથી ઉત્પન્ન (**यत्सुखं जायते**) જે સુખ થાય છે (**तत**) તે (**दाहिकां तृष्णां**) દાહ ઉત્પન્ન કરનારી તૃષ્ણા (**ददानं**) દેનાર છે તેને વાસ્તવમાં (**दुःखं अवबुध्यताम्**) દુઃખ સમજવું જોઇએ.

**વ્યાખ્યાઃ**—પાછલા પદ્યમાં જે ચારગતિ સંબંધી શારીરિક તથા માનસિક દુઃખ સહન કરવાનો ઉલ્લેખ છે તેમાં આ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે પુણ્યકર્મથી તો દેવગતિની પ્રાપ્તિ થાય છે તેમાં દેવેન્દ્રનું સુખ તો ઘણું વધારે હોય છે; તો અન્ય સ્વર્ગગતિ પામેલા બધા જીવોને પણ દુઃખ સહન કરવાની વાત કેવી રીતે કહે છે? એનો જ ઉત્તર આ પદ્યમાં આપતાં લખ્યું છે કે–દેવરાજને સ્વર્ગમાં જે સુખ ઈન્દ્રિય–વિષયોથી ઉત્પન્ન થયેલું પ્રાપ્ત થાય છે તે દાહ ઉત્પન્ન કરનારી મહાન તૃષ્ણા આપનાર છે અને તેથી તેને પણ દુઃખ સમજવું જોઇએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હજારો-કરોડો વર્ષો સુધી જે સુખ સ્વર્ગમાં ભોગવતાં તૃપ્તિની પ્રાપ્તિ જ ન થાય-તૃષાના રોગી સમાન પાણી પીવાથી ઉલ્ટી તૃષા વધે-તેને સુખ કેવી રીતે કહી શકીએ? સુખ તો તૃષ્ણાના અભાવમાં છે. ૩૪.

## ઇન્દ્રિય જન્ય સુખ-દુઃખ કેમ છે?

**अनित्यं पीडकं तृष्णा-वर्धकं कर्मकारणम् ।**
**शर्माक्षजं पराधीनमशर्मैव विदुर्जिनाः ॥ ३५ ॥**

શબ્દાર્થઃ—જે (अनित्यं) અસ્થિર છે, (पीडकं) પીડાકારી છે, (तृष्णा-वर्धकं) તૃષ્ણા-વર્ધક છે, (कर्मकारणं) કર્મબંધનું કારણ છે, (पराधीनम्) પરાધીન છે, (शर्माक्षजं) તે ઇન્દ્રિયજન્ય સુખને (जिनाः) જિનરાજાએ (अशर्म एव) અસુખ જ (દુઃખ જ) (विदुः) કહ્યું છે.

વ્યાખ્યાઃ—પાછલા પદ્યમાં જે ઇન્દ્રિય સુખનો ઉલ્લેખ છે તેના કેટલાક વિશેષણોને આ પદ્યમાં વિશેષ સ્પષ્ટ કરતાં બતાવ્યું છે કે 'તે એક તો ક્ષણભંગુર છે-સતત સ્થિર રહેનાર નથી-પીડા કારક છે-દુઃખ સાથમાં લઇને રહે છે- તૃષ્ણા ઉત્પન્ન જ નથી કરતું પરંતુ તેને વધારે પણ છે, કર્મોના આસ્રવ-બંધનું કારણ છે અને સાથે જ સ્વાધીન ન હોઇને પરાધીન છે, તેથી જ જિનેન્દ્ર ભગવાન તેને વાસ્તવમાં દુઃખ જ કહે છે. ૩૫.

## સાંસારિક સુખને દુઃખ ન માનનાર અચારિત્રી.

**सांसारिकं सुखं सर्वं दुःखतो न विशिष्यते ।**
**यो नैव बुध्यते मूढः स चारित्री न भण्यते ॥ ३६ ॥**

શબ્દાર્થઃ—(सांसारिकं) સંસારનું (सर्वं सुखं) બધું જ સુખ (दुःखतो) દુઃખ કરતાં (न विशिष्यते) કોઈ વિશેષતા રાખતું નથી, (यो) જે (नैव बुध्यते) આ તત્ત્વ સમજતો નથી (स मूढः) તે મૂઢ (चारित्री) ચારિત્રવાન (न भण्यते) કહેવાતો નથી-તેને ચારિત્રવાન ન સમજવો જોઇએ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—આ પદ્યમાં પૂર્વપદ્યની વાતને પુષ્ટ કરતાં બધા જ સાંસારિક સુખોને વાસ્તવમાં દુઃખ કહ્યા છે; દુઃખથી અવિશિષ્ટ (જુદા નહિ એવા) જાહેર કર્યા છે અને ત્યાં-સુધી લખ્યું છે કે જે મૂઢ મિથ્યાદૃષ્ટિ આ તથ્ય સમજતો નથી તે ચારિત્રવાન–વ્રતી અથવા સંયમી કહી શકાતો નથી. ૩૬.

## પુણ્ય–પાપનો ભેદ ન જાણનાર ચારિત્ર–ભ્રષ્ટ.

**यः पुण्यपापयोर्मूढो विशेषं नावबुध्यते ।**
**स चारित्रपरिभ्रष्टः संसार–परिवर्धकः ॥ ३७ ॥**

શબ્દાર્થઃ— (આ રીતે) (**यः मूढः**) જે મૂઢ (**पुण्यपापयोः**) પુણ્ય–પાપ બન્નેનો (**विशेषं**) વિશેષ–ભેદ અથવા બન્નેમાં અવિશેષ–અભેદને (**न अवबुध्यते**) સમજતો નથી (**स चारित्रपरिभ्रष्टः**) તે ચારિત્રથી પરિભ્રષ્ટ છે અને (**संसार–परिवर्धकः**) સંસારનો પરિવર્ધક છે–ભવભ્રમણ કરનાર દીર્ઘ–સંસારી છે.

વ્યાખ્યાઃ—અહીં સાંસારિક સુખના કારણ પુણ્યને જ નહિ પરંતુ દુઃખના કારણ પાપને પણ સાથે લઈને કહેવામાં આવ્યું છે કે જે આ પુણ્ય–પાપ બન્નેના વાસ્તવિક ભેદને સમજતો નથી તે પોતાના ચારિત્રથી ભ્રષ્ટ અને સંસાર–પરિભ્રમણને વધારનાર છે. પુણ્યના પ્રતાપે સ્વર્ગમાં જઈને સાગરો સુધી તે ઇન્દ્રિય–સુખ ભોગવતો રહ્યો, જેને પાછલા પદ્યમાં અસ્થિર, પીડક, તૃષ્ણાવર્ધક અને પરાધીન આદિ કહેવામાં આવ્યું છે, તો તેથી શું થયું? સંસાર તો વધવાનો જ, બંધનથી ક્યાંય મુક્તિ તો થઈ નહિ શકે. જો તે પણ બંધન જ બન્યું હોય તો લોઢા–સોનાની બેડીની જેમ બંધનમાં વિશેષતા શું રહી? બન્નેય પ્રકારનાં બંધનો સંસારમાં બાંધી રાખવાને સમર્થ છે. તેથી જ જે શુદ્ધબુદ્ધિ–સમ્યગ્દૃષ્ટિ છે તે આ બન્નેમાં કોઈ ભેદ સમજતા નથી.[1] ૩૭.

## કોણ સત્ ચારિત્રનું પાલનકરનાર થવા છતાં પણ કર્મોથી છૂટતા નથી.

**पापारम्भं परित्यज्य शस्तं वृत्तं चरन्नपि ।**
**वर्तमानः कषायेन कल्मषेभ्यो न मुच्यते ॥ ३८ ॥**

---

૧. पश्यन्तो जन्म कान्तारे प्रवेशं पुण्य–पापतः ।
विशेषं प्रतिपद्यन्ते न तयोः शुद्धबुद्धयः ॥—યોગ. પ્રા. ૪–૪૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( **पापारम्भं परित्यज्य** ) પાપારંભ છોડીને ( **शस्तं वृत्तं** ) સચ્ચારિત્રરૂપ આચરણ ( **चरन्नपि** ) કરવા છતાં પણ આત્મા જો ( **कषायेन वर्तमान:** ) કષાય સાથે વર્તે છે–ક્રોધ-માન-માયા-લોભાદિને વશ થઈને તે આચરણ કરી રહ્યો હોય-તો ( **कल्मषेभ्यो न मुच्यते** ) તે કર્મોથી છૂટતો નથી–કષાયને કારણે ચાહે તે શુભ હોય કે અશુભ, તેને બરાબર કર્મોનો આસ્રવ-બંધ થયા કરે છે.

વ્યાખ્યા:—હિંસા, જૂઠ, ચોરી આદિની જે મનોવૃત્તિ ને ૩૦મા પદ્યમાં અવ્રત, અચારિત્ર કહી છે તે સર્વ પાપ રૂપ છે; કેમ કે પાપોથી વિરક્તિનું નામ 'વ્રત' છે; કે જે મોક્ષશાસ્ત્ર ના '**हिंसानृत-स्तेयाब्रह्म-परिग्रहेभ्यो विरतिर्व्रतम्**' આ સૂત્ર ( ૭-૧ ) થી જાણી શકાય છે. આ પદ્યમાં,કષાય-જનિત કર્માસ્રવનો ઉલ્લેખ કરતાં એ બતાવ્યું છે કે પાપનો આરંભ છોડીને સચ્ચારિત્રનું અનુષ્ઠાન કરતો જીવ કોઈ કષાય સાથે-ચાહે તે શુભ હોય કે અશુભ-જો વર્તી રહ્યો હોય તો તેનો કર્મોના આસ્રવ-બંધથી છૂટકારો નથી થતો-તે પોતાના કષાય-ભાવ અનુસાર બરાબર સામ્પરાયિક આસ્રવનું અર્જન ( પ્રાપ્તિ ) કરે છે. ૩૮.

## બંધનું કારણ વસ્તુ કે વસ્તુથી ઉત્પન્ન દોષ ?

**[१]जायन्ते मोह-लोभाद्या दोषा यद्यपि वस्तुतः[२] ।**
**तथापि दोषतो बन्धो दुरितस्य न वस्तुतः[३] ॥ ३९ ॥**

શબ્દાર્થ:—( **यद्यपि** ) જો કે ( **वस्तुतः** ) વસ્તુના-પરપદાર્થના-નિમિત્તે ( **मोह-लोभाद्या-दोषाः** ) મોહ તથા લોભાદિ દોષ ( **जायन्ते** ) ઉત્પન્ન થાય છે ( **तथापि** ) તોપણ ( **दुरितस्य बन्धः** ) કર્મનો બંધ ઉત્પન્ન થયેલ ( **दोषतो** ) દોષના કારણે થાય છે ( **न वस्तुत:** ) નહિ કે વસ્તુને કારણે. પર-પદાર્થ બંધનું કારણ નથી.

વ્યાખ્યા:—અહીં જે વસ્તુના નિમિત્તે આત્મામાં કામ-ક્રોધ-લોભાદિ દોષોની ઉત્પત્તિ થાય છે તેને આસ્રવ-બંધનું કારણ ન બતાવીને તે દોષોને જ કર્મોના આસ્રવ-બંધનું કારણબતાવ્યું છે. જો જીવના કષાયાદિ પરિણામો વિના વસ્તુનાનિમિત્તેજ આસ્રવ-બંધ થવાનું માનવામાં આવે તો પછી કોઇને પણ બંધથી છૂટવાનું બની શકે નહિ. ૩૯.

---

૧ वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं तु होइ जीवाणं ।
णय वत्थुदो दु बंधो अज्झवसाणेण बंधो त्थि ॥—२६५-સમયસાર
૨, ૩. आ वस्तुनः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શુદ્ધસ્વાત્માની ઉપલબ્ધિ કોને થાય છે.

मिथ्याज्ञान-निविष्ट-योग-जनिताः[1] संकल्पना भूरिशः
संसार-भ्रमकारिकर्म-समितेरावर्जने या क्षमाः[2] ।
त्यज्यन्ते[3] स्व-परान्तरं गतवता निःशेषतो येन ता-
स्तेनात्मा विगता-ष्टकर्म-विकृतिः संप्राप्यते तत्त्वतः ॥४०॥

શબ્દાર્થઃ—( मिथ्याज्ञान-निविष्ट-योग-जनिताः ) મિથ્યાજ્ઞાન પર આધારિત-યોગોથી ઉત્પન્ન થયેલી ( या ) જે ( भूरिशः ) ઘણી કલ્પનાઓ-વૃત્તિઓ ( संसार-भ्रमकारि-कर्म-समितेरावर्जने ) સંસાર ભ્રમણ કરાવનાર કર્મસમૂહના આસ્રવમાં ( क्षमाः ) સમર્થ છે ( ताः ) તે ( स्वपरान्तरं गतवता ) સ્વ-પરના ભેદને પૂર્ણપણે જાણનાર ( येन ) જે ( योगी ) દ્વારા ( निःशेषतो ) પૂર્ણપણે ( त्यज्यन्ते ) ત્યાગવામાં આવે છે ( तेन ) તેનાદ્વારા ( तत्त्वतः ) વાસ્તવમાં ( विगताष्ट-कर्म-विकृतिः ) આઠે કર્મોની વિકૃતિથી રહિત ( आत्मा ) શુદ્ધ આત્મા ( संप्राप्यते ) પ્રાપ્ત કરવામાં આવે છે. કર્મોના બધા જ વિકારોથી રહિત વિવિક્ત આત્માની ઉપલબ્ધિ તે જ યોગીને થાય છે જે ઉક્ત યોગ જનિત કલ્પનાઓ અને કર્માસ્રવ-મૂલક વૃત્તિઓનો પૂર્ણપણે ત્યાગ કરે છે.

વ્યાખ્યાઃ—આ એ આસ્રવાધિકારનું ઉપસંહાર-પદ્ય છે, જેમાં ચોથા યોગજનિત આસ્રવ હેતુઓનું દિગ્દર્શન કરાવતાં એ સૂચન કર્યું છે કે મિથ્યાજ્ઞાનપર પોતાનો આધાર રાખનારી મન-વચન-કાયરૂપ ત્રણ યોગોની કલ્પનાઓ-પ્રવૃત્તિઓ ઘણી વધારે છે અને તે બધી સંસારમાં આ જીવને ભ્રમણ કરાવનાર કર્મ-સમૂહના આસ્રવમાં સમર્થ છે. જે સ્વ-પર-ભેદવિજ્ઞાની યોગીદ્વારા તે બધી મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ ત્યાગવામાં આવે છે તે વાસ્તવમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર આયુ અને અંતરાય આ આઠે કર્મોના વિકારથી રહિત પોતાના શુદ્ધ આત્માને પ્રાપ્ત થાય છે, જેનો 'વિવિક્તાત્મા' રૂપે ગ્રંથની શરૂઆતમાંજ ઉલ્લેખ કરતા આવ્યા છે અને જેનું પરિજ્ઞાન તથા પ્રાપ્તિ કરવી તેજ આ ગ્રંથનું એક માત્ર લક્ષ્ય છે.

---

१. अयोगयनिता ।
२. आ यत्क्षमा ।
३. मु. ज्ञायन्ते ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે મિથ્યાજ્ઞાનનો અહીં ઉલ્લેખ છે તે ગ્રંથમાં વર્ણિત '**मिथ्याज्ञानं मतं तत्र मिथ्यात्वसमकायतः**' આ વાક્ય અનુસાર તે દૂષિત જ્ઞાન છે જે મિથ્યાત્વનો સંબંધ સાથે રાખીને વર્તે છે અને મિથ્યાત્વ તેને કહે છે જેના કારણે જ્ઞાનમાં વસ્તુનો અન્યથા બોધ થાય-વસ્તુ જે રૂપે સ્થિત છે તે રૂપે તેનું જ્ઞાન ન થતાં વિપરીતાદિ રૂપે જાણવું બને-અને જે આખાય કર્મરૂપી બગીચાને ઉગાડવા માટે પાણી સીંચવાનું કામ કરે છે.૧ ૪૦

આ રીતે શ્રી અમિતગતિ નિઃસંગયોગિરાજ-વિરચિત યોગસાર-પ્રાભૃત માં આસ્રવાધિકાર નામનો ત્રીજો અધિકાર સમાપ્ત થયો. ૩.

---

૧. **वस्त्वन्यथा परिच्छेदो ज्ञाते संपद्यते यतः ।**
**तन्मिथ्यात्वं मतं सद्भिः कर्मारामोदयोदकम् ॥**—યો. પ્રા. ૧૩.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# બંધાધિકાર

## બંધનું લક્ષણ

**पुद्गलानां यदादानं योग्यानां सकषायतः ।**
**योगतः स मतो बन्धो जीवास्वातन्त्र्य–कारणम् ॥ १ ॥**

**શબ્દાર્થઃ**—( **योग्यानां पुद्गलानां** ) યોગ્ય પુદ્‌ગલોનું ( **सकषायतः योगतः** ) કષાય અને યોગથી–કષાયસહિત મન–વચન–કાયની પ્રવૃત્તિથી–( **यत् आदानं** ) જે ગ્રહણ છે ( **स** ) તેને ( **बन्धो** ) બંધ ( **मतो** ) માનવામાં આવ્યો છે, કે જે ( **जीव अस्वातन्त्र्य कारणम्** ) જીવની અસ્વતંત્રતા–પરાધીનતાનું કારણ છે.

**વ્યાખ્યાઃ**—બંધના આ લક્ષણમાં મન–વચન–કાયાની કષાયરૂપ–પ્રવૃત્તિથી જે પુદ્‌ગલોનાં ગ્રહણનું વિધાન છે તેમને માટે '**योग्य**' વિશેષણનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જેનો આ આશય છે કે બંધ માટે બધી જાતના પુદ્‌ગલ બંધને યોગ્ય હોતા નથી, જે કાર્માણ–વર્ગણારૂપે પરિણમિને જીવ સાથે બંધને પ્રાપ્ત થઇ શકે છે તે જ પુદ્‌ગલ ગ્રહણ–યોગ્ય કહેવાય છે. અહીં 'ગ્રહણ' અર્થમાં વપરાયેલો '**आदान**' શબ્દ આસ્રવના આગમનના અર્થથી ભિન્ન આવીને રોકાવું એવા અર્થનો વાચક છે. આ રોકાવું કષાયના યોગથી થાય છે, કે જે કર્મોની સ્થિતિ અને અનુભાગનું કારણ છે. જીવ–પ્રદેશોમાં પુદ્‌ગલકર્મના પ્રદેશોનું આવીને જે આ એક ક્ષેત્રાવગાહરૂપ અવસ્થાન છે–સંશ્લેષ છે–તેને 'બંધ' કહે છે. આ બંધ, ચાહે શુભ હોય કે અશુભ, જીવની સ્વતંત્રતાનું હરણ કરીને તેને પરાધીન બનાવે છે. ૧.

## પ્રકૃતિ–સ્થિતિ આદિના ભેદથી કર્મબંધના ચાર ભેદ.

**प्रकृतिश्च स्थितिर्ज्ञेयः प्रदेशोऽनुभवः परः ।**
**चतुर्धा कर्मणो बन्धो दुःखोदय–निबन्धनम् ॥ २ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( **कर्मणो बन्धो** ) કર્મનો બંધ ( **प्रकृतिः** ) પ્રકૃતિ, ( **स्थितिः** ) સ્થિતિ, ( **प्रदेशः** ) પ્રદેશ અને ( **अनुभवः परः** ) અનુભાગ નામના ભેદથી ( **चतुर्धा** ) ચાર પ્રકારનો ( **ज्ञेयः** ) જાણવો જોઈએ, કે જે ( **दुःखोदय-निबन्धनम्** ) ( આત્મામાં ) દુઃખના ઉદયનું કારણ છે.

**વ્યાખ્યા:**— બંધના ચાર મૂળ-ભેદોનો નામોલ્લેખ કરીને આખાય બંધને અહીં દુઃખોત્પત્તિનું કારણ બતાવ્યું છે.-સાંસારિક સુખ પણ તે દુઃખમાં સામેલ છે; કે જે પહેલાં બતાવવામાં આવી ગયું છે. બંધ જીવની સ્વતંત્રતાનું હરણ કરીને તેને પરાધીનતા આપનાર છે, અને 'પરાધીનને સપનેય સુખ ન હોય, એ લોકોક્તિ બંધને દુઃખદાયક બતાવવા માટે સુપ્રસિદ્ધ છે. ૨.

## ચારે બંધોનું સામાન્ય રૂપ

**निसर्गः प्रकृतिस्तत्र स्थितिः कालावधारणम् ।**
**सुसंक्लिप्तिः (क्लृप्तिः) प्रदेशोऽस्ति विपाकोऽनुभवः पुनः ॥३॥**

શબ્દાર્થ— ( **तत्र** ) ઉક્ત ચારે પ્રકારના બંધોમાં ( **निसर्गः** ) સ્વભાવનું નામ ( **प्रकृतिः** ) 'પ્રકૃતિ,' ( **कालावधारणम्** ) કાળની મર્યાદાનું નામ ( **स्थितिः** ) 'સ્થિતિ,' ( **सुसंक्लृप्ति** ) સુસંક્લૃપ્તિનું નામ ( **प्रदेशो** ) પ્રદેશ ( **पुनः** ) અને ( **विपाकः** ) વિપાકનું નામ ( **अनुभवः** ) અનુભવ (બંધ) છે.

**વ્યાખ્યા:**— અહીં ચારે પ્રકારના બંધોનું સામાન્યપણે સ્વરૂપ આપ્યું છે અને તે એ છે કે જે પુદ્ગલ કર્મરૂપ થઈને જીવની સાથે બંધને પ્રાપ્ત થાય છે તેમાં ગુણસ્વભાવ પડવાને 'પ્રકૃતિબંધ,' ક્યાંસુધી સંબંધિત રહેશે એ કાળની મર્યાદાને 'સ્થિતિબંધ' જીવના પ્રદેશોમાં સંશ્લેષને 'પ્રદેશબંધ' અને ફળદાનની શક્તિને 'અનુભાગબંધ' કહે છે. ૩

## કયો જીવ કર્મ બાંધે છે અને કયો નથી બાંધતો.

**रागद्वेषद्वयालीढः कर्म बध्नाति चेतनः ।**
**व्यापारं विदधानोऽपि तदपोढो न सर्वथा ॥ ४ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:— ( रागद्वेषद्वयालीढः ) રાગ અને દ્વેષ બન્નેથી યુક્ત થયેલ ( चेतनः ) ચેતન આત્મા ( कर्म बध्नाति ) કર્મ બાંધે છે. ( तद्पोढो ) જે રાગદ્વેષથી રહિત છે તે ( व्यापारं ) વ્યાપાર-મન-વચન-કાયાની ક્રિયા- ( विदधानोऽपि ) કરતો હોવા છતાં પણ ( सर्वथा न ) સર્વથા કર્મનો બંધ કરતો નથી.

વ્યાખ્યા:—અહીં બંધના કારણનો નિર્દેશ કરતાં તે જીવાત્માને બંધનો કર્તા કહ્યો છે જે રાગ અને દ્વેષ આ બન્નેથી યુક્ત છે, જે જીવાત્મા આ બન્નેથી રહિત છે તે મન-વચન-કાયાની કોઈ ક્રિયા કરતો હોવા છતાં પણ કદી બંધને પ્રાપ્ત થતો નથી. રાગ અને દ્વેષ આ બેમાં આખુંય કષાય-નોકષાય ચક્ર ગર્ભિત છે-લોભ, માયા, હાસ્ય, રતિ અને ત્રણે પ્રકારના કામ એ રાગરૂપ છે અને ક્રોધ, માન, અરતિ, શોક, ભય, જુગુપ્સા (ગ્લાનિ) આ છ દ્વેષરૂપ છે. મિથ્યાદર્શન સહિતનો રાગજ 'મોહ' કહેવાય છે. ૪.

## પૂર્વકથનનું ઉદાહરણોદ્વારા સ્પષ્ટીકરણ

सचित्ताचित्त-मिश्राणां कुर्वाणोऽपि निषूदनम् ।
रजोभिर्लिप्यते रूक्षो न तन्मध्ये चरन् यथा ॥ ५ ॥
विदधानो विचित्राणां द्रव्याणां विनिपातनम् ।
रागद्वेषद्वयापेतो नैनोभिर्बध्यते तथा ॥ ६ ॥

શબ્દાર્થ:—( यथा ) જેમ ( रूक्षः ) ચિકણાઈ વગરનો રૂક્ષ શરીરનો ધારક જીવ ( तन्मध्ये चरन् ) ધૂળની મધ્યમાં વિચરતો અને (सचित्ताचित्त-मिश्राणां) સચિત્ત, અચિત્ત તથા સચિત્તાચિત્ત પદાર્થોના ( निषूदनम् ) છેદન-ભેદનાદિ ( कुर्वाणोऽपि ) કરતો હોવા છતાં પણ ( रजोभिः न लिप्यते ) રજથી લિપ્ત થતો નથી; ( तथा ) તેવી રીતે ( रागद्वेष-द्वयापेतो ) રાગ-દ્વેષ બન્નેથી રહિત થયેલો જીવ ( विचित्राणां ) નાના પ્રકારના (द्रव्याणां) ચેતન-અચેતન તથા મિશ્ર પદાર્થોની મધ્યમાં વિચરતો અને ( विनिपातनं ) તેમનું વિનિ-પાતનછેદન-ભેદનાદિરૂપ ઉપઘાત-( विदधानो ) કરતો હોવા છતાં પણ ( न एनोभिः बध्यते ) કર્મોથી બંધાતો નથી.

વ્યાખ્યા:—પાછલા પદ્યના અંતમાં એમ બતાવ્યું છે કે રાગ-દ્વેષથી રહિત થયેલો જીવ શરીરાદિની અનેક ચેષ્ટાઓ કરવા છતાં પણ કર્મનો બંધ કરતો નથી, તેને અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિકણાઇ રહિત બિલકુલ રૂક્ષ શરીરધારી માનવના દ્રષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે-જેમ તે માણસ ખૂબ ધૂળવાળા સ્થાનમાં ફરતો અને અનેક પ્રકારના ઘાત-પ્રઘાતના કાર્યો કરવા છતાં પણ ધૂળથી મલિન થતો નથી તેવી જ રીતે રાગદ્વેષથી રહિત થયેલો જીવ કર્મક્ષેત્રમાં ઉપસ્થિત થઇ અનેક પ્રકારની કાયચેષ્ટાદિ કરવા છતાં પણ કર્મથી લેપાતો નથી. શ્રી કુંદકુંદાચાર્યે સમયસારના બંધાધિકારમાં આ વિષયનું જે કથન પાંચ ગાથાઓમાં સ્પષ્ટ કર્યું છે તે બધાનો સાર અહીં આ બે પદ્યોમાં ખેંચીને મૂકવામાં આવ્યો છે.[૧] ૫-૬.

**सर्वव्यापारहीनोऽपि कर्ममध्ये व्यवास्थतः ।**
**रेणुभिर्व्याप्यते चित्रैः स्नेहाभ्यक्ततनुर्यथा ॥ ७ ॥**
**समस्तारम्भ-हीनोपि कर्ममध्ये व्यवस्थितः ।**
**कषायाकुलितस्वान्तोव्याप्यते दुरितैस्तथा ॥ ८ ॥**

શબ્દાર્થ:—( **यथा** ) જેમ ( **स्नेहाभ्यक्ततनुः** ) શરીરમાં તેલઆદિનું માલિસ કરેલ પુરુષ ધૂળથી વ્યાપ્ત ( **कर्ममध्ये व्यवस्थितः** ) કર્મક્ષેત્રમાં બેઠેલો ( **सर्वव्यापारहीनोऽपि** ) સમસ્ત વ્યાપારોથી રહિત હોવા છતાં પણ કર્મક્ષેત્રમાં સ્વયં કાંઈ કામ ન કરતો હોવા છતાં પણ ( **चित्रैः** ) નાના પ્રકારની ( **रेणुभिः व्याप्यते** ) ધૂળથી વ્યાપ્ત થાય છે, ( **तथा** ) તેવી જ રીતે (**कषायाकुलितस्वान्तो**) જેનું ચિત્ત ક્રોધાદિ કષાયોથી આકુળિત છે. તે (**कर्ममध्ये व्यवस्थितः** ) કર્મની મધ્યમાં સ્થિત થયેલો ( **समस्ताम्भ हीनोऽपि** ) સમસ્ત આરંભોથી રહિત હોવા છતાં પણ ( **दुरितैः व्याप्यते** ) કર્મોથી વ્યાપ્ત થાય છે.

વ્યાખ્યા:—અહીં તે જ પાછલા પદ્ય( નં. ૪ ) ની શરૂઆતમાં જે બતાવ્યું છે કે રાગ અને દ્વેષથી યુક્ત જીવ કર્મનો બંધ કરે છે તેને અહીં ખૂબ તેલનું માલિસ કરેલ ચિકણા શરીરવાળા મનુષ્યના દ્દષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવેલ છે-જેવી રીતે તેલથી લિપ્ત શરીરવાળો મનુષ્ય ખૂબ ધૂળવાળા કર્મક્ષેત્રમાં બેઠેલો સ્વયં બધા પ્રકારની કાયાદિ ચેષ્ટાઓથી રહિત હોવા છતાં પણ ધૂળથી મલિન થાય છે તેવી જ રીતે કર્મક્ષેત્રમાં ઉપસ્થિત થયેલ જે જીવનું ચિત્ત કષાયથી રહિત અભિભૂત છે-રાગાદિ રૂપે પરિણમેલું છે-તે બધા પ્રકારના આરંભથી રહિત હોવા છતાં પણ કર્મોથી બંધાય છે. આ રાગાદિરૂપ કષાય ભાવમાં જ તે ચેપ છે જે કાંઈ ન કરવા છતાં પણ કર્મને પોતાની સાથે ચોંટાડે છે. તેથી જ બંધનું સ્વરૂપ બતાવતા અધિકારની શરૂઆતમાં જ તેનું પ્રધાન કારણ કષાયયોગ

૧. જુઓ સમયસાર ગાથા નં. ૨૪૩ થી ૨૪૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બતાવ્યું છે. શ્રી કુંદકુંદાચાર્યે સમયસારના બંધાધિકારની શરૂઆતમાં આ વિષયનું જે કથન ગાથા ૨૩૭ થી ૨૪૧ માં કર્યું છે તેનો અહીં ઉક્ત બે પદ્યોમાં સાર ખેંચવામાં આવ્યો છે. ૭-૮.

## અમૂર્ત આત્માના મરણાદિ કરવામાં કોઇ સમર્થ નથી છતાં પણ મારણ આદિના પરિણામથી બંધ

**मरणं जीवनं दुःखं सौख्यं रक्षा निपीडनम् ।**
**जातु कर्तुममूर्तस्य चेतनस्य न शक्यते ॥ ९ ॥**
**विदधानः परीणामं मारणादिगतं परम् ।**
**बध्नाति विविधं कर्म मिथ्यादृष्टिर्निरन्तरम् ॥ १० ॥**

શબ્દાર્થ:—( **अमूर्तस्य चेतनस्य** ) અમૂર્તિક ચેતનાત્માનાં ( **मरणं** ) મરણ, ( **जीवनं** ) જીવન, (**सौख्यं**) સુખ, (**दुःखं**) દુઃખ (**रक्षा**) રક્ષણ અને (**निपीडनम्**) પીડા કરવાને માટે ( કોઇ પણ) (**जातु**) કદી (**न शक्यते**) સમર્થ થતું નથી. ( **मिथ्यादृष्टिः** ) મિથ્યાદૃષ્ટિ જીવ ( **परम्** ) પરના ( **मारणादिगतं** ) મારણાદિ વિષયક ( **परीणामं** ) પરિણામ ( **विदधानः** ) કરતો થકો ( **निरन्तरम्** ) નિરંતર ( **विविधं कर्म** ) નાના પ્રકારના કર્મો ( **बध्नाति** ) બાંધે છે.

વ્યાખ્યા:—આસ્રવાધિકારમાં આસ્રવના મિથ્યાદર્શનાદિ ચાર કારણોનો ઉલ્લેખ કરતાં એ સૂચિત કરી દીધું છે કે બંધના પણ આ જ ચાર કારણ છે, તેથી જ આ બંધ અધિકારમાં બંધના કારણોનો અલગ કોઈ નામોલ્લેખ ન કરતાં મિથ્યાદર્શનાદિજન્ય બંધનાં કાર્યોનો સકારણ નિર્દેશ કરવામાં આવ્યો છે. અહીં એ બતાવવામાં આવ્યું છે કે જીવ અમૂર્તિક છે તેનાં મરણ, જીવન, સુખ-દુઃખના ભોગ, રક્ષા-પીડા જેવા કાર્યો કોઈ પણ વાસ્તવમાં કદી કરવામાં સમર્થ નથી, એ એક સિદ્ધાંતની વાત છે.

એનાથી વિપરીત જેનું શ્રદ્ધાન છે તે મિથ્યાદૃષ્ટિ છે, આવો મિથ્યાદૃષ્ટિ જીવ વસ્તુ-તત્ત્વ ન સમજવાથી બીજા જીવને મારવા, જીવાડવા આદિના જે પરિણામ ( ભાવ ) કર્યા કરે છે તેથી તે નિરંતર નાના પ્રકારના કર્મ બંધનોથી પોતાને બાંધ્યા કરે છે. તે બંધનોમાં શુભભાવોથી બંધાયેલ બંધન શુભ અને અશુભ ભાવોથી બંધાયેલ બંધને અશુભ હોય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં મરણ, જીવન, દુઃખ, સુખ, રક્ષા અને પીડા આ છ કાર્યોનો સંક્ષેપમાં ઉલ્લેખ છે, એનાં સાધનો, પ્રકારો અને એમને મળતાં બીજા કાર્યોને પણ ઉપલક્ષણથી એમાં સામેલ સમજવા જોઇએ. ૯-૧૦.

## મરણાદિક સર્વ કર્મ-નિર્મિત; અન્ય કોઈ કરવા-હરવામાં સમર્થ નથી.

**कर्मणा निर्मितं सर्वं मरणादिकमात्मनः[१]**
**कर्मावितरतान्येन कर्तुं हर्तुं न शक्यते ॥ ११ ॥**

**શબ્દાર્થ:**— (**आत्मनः**) આત્માના (**मरणादिकम्**) મરણાદિ (**सर्वं**) સર્વ કાર્ય (**कर्मणा निर्मितं**) કર્મ-દ્વારા નિર્મિત છે, (**कर्मावितरत**) કર્મ ન આપનાર (**अन्येन**) બીજા દ્વારા (**कर्तुं हर्तुं**) તેનું કરવું-હરવું (**न शक्यते**) બની શકતું નથી.

**વ્યાખ્યા:**—પાછલા પદ્ય ૯માં જીવના જે મરણાદિ કાર્યોનો ઉલ્લેખ છે તે બધાને આ પદ્યમાં કર્મનિર્મિત બતાવ્યાં છે; જેમ કે મરણ આયુકર્મના ક્ષયથી થાય છે[૨]- આયુકર્મના ઉદયથી જીવન બને છે,[૩] શાતા વેદનીય કર્મનો ઉદય સુખનું અને અશાતા વેદનીય કર્મનો ઉદય દુઃખનું કારણ થાય છે. જ્યારે એક જીવ બીજા જીવને કર્મ આપતો નથી અને ન તેનાં કર્મ લે છે તો પછી તે તે જીવના કર્મ-નિર્મિત કાર્યનો કર્તા-હર્તા કેવી રીતે થઇ શકે? ન થઇ શકે. અને તેથી પોતાને કર્તા-હર્તા માનવો એ મિથ્યા બુદ્ધિ છે, જે બંધનું કારણ છે.૧૧.

## જીવાડવા-મારવા આદિની બધી બુદ્ધિ મોહ-કલ્પિત.

**या 'जीवयामि जीव्येऽहं मार्येऽहं मारयाम्यहम् ।**
**निपीडये निपीड्येऽहं' सा बुद्धिर्मोह कल्पिता ॥ १२ ॥**

**શબ્દાર્થ:**— (**जीवयामि**) હું જીવાડું છું (**जीव्येऽहं**) હું (બીજાઓ દ્વારા) જીવાડાઉં છું (**मारयाम्यहम्**) હું મારૂં છે, (**मार्येऽहं**) (બીજાઓ દ્વારા) મરાઉં છું,

---

१ मु व्या मारणादिकमात्मनः ।
आ मारणादिगतमात्मनः ।
२. आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णतं । २४८-२४९-સમય.
३. आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्ह । २५१-२५२ સમયસાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( **निपीडये** ) હું પીડિત કરૂં છું, ( **निपीड्येऽहं** ) પીડિત કરાઉં છું, ( **या** ) આવી જે બુદ્ધિ છે ( **सा बुद्धिः** ) તે ( **मोहकल्पिता** ) મોહ-નિર્મિત છે.

**વ્યાખ્યાઃ—** પાછલા પદ્યમાં મિથ્યાદૃષ્ટિની જે બુદ્ધિનું સૂચન છે, તેનું જ આ પદ્યમાં સ્પષ્ટીકરણ છે અને તેને 'મોહ-કલ્પિત' -દર્શન મોહનીય (મિથ્યાત્વ) કર્મના ઉદયદ્વારા નિર્મિત બતાવેલ છે. તેથી હું બીજાને જીવાડું કે મારું છું, બીજો મને જીવાડે કે મારે છે, આ પ્રકારની બુદ્ધિથી જે શુભ કે અશુભ કર્મ બંધ થાય છે તેને મિથ્યાત્વ-જન્ય સમજવો જોઈએ. આવી બુદ્ધિવાળા જીવને શ્રી કુંદકુંદાચાર્યે સમયસારમાં '**सो मूढो अण्णाणि**' આ વાકયદ્વારા મૂઢ (મિથ્યાદૃષ્ટિ) અને અજ્ઞાની (અવિવેકી) કહ્યો છે. અને તેને પરને મારવા-જીવાડવા, દુઃખી-સુખી કરવા, પર દ્વારા મરાવા-જીવાડાવા, સુખી-દુખી કરાવાની બુદ્ધિને આયુકર્માદિ ન દેવા, હરવા આદિને કારણે નિરર્થક, મિથ્યા તથા મૂઢમતિ કહ્યો છે અને પુણ્ય-પાપનો બંધ કરનાર બતાવેલ છે. સાથો સાથ જીવન-મરણ, સુખદુઃખ આદિનું થવું કર્મના ઉદયવશ બતાવ્યું છે. આ વિષયની ૧૪ ગાથાઓ ૨૪૮-થીર૬૧ સુધી વિસ્તારરુચિવાળાઓએ સમયસારમાં જોવા યોગ્ય છે, જેનો બધો વિષય સંક્ષેપમાં અહીં પદ્ય ૯થી ૧૨ સુધીમાં આવી ગયો છે. આ બધું કથન નિશ્ચયનયની દૃષ્ટિએ છે.[૧] વ્યવહાર-નયની દૃષ્ટિએ જીવાડવું, મારવું, સુખીદુઃખી કરવું આદિ કહેવામાં આવે છે.

અહીં તથા અન્યત્ર જેનો 'બુદ્ધિ' શબ્દથી, ૧૦મા આદિ પદ્યોમાં 'પરિણામ' શબ્દથી અને કયાંક 'ભાવ' તથા 'મતિ' શબ્દોથી ઉલ્લેખ કર્યો છે તેનેજ માટે સમયસારમાં અધ્ય-વસાન, વિજ્ઞાન, વ્યવસાય અને ચિન્તા શબ્દોનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે અને બધાને એકજ અર્થના વાચક બતાવ્યા છે; કે જે તેની નીચેની ગાથામાં પ્રગટ છેઃ—

**बुद्धी ववसाओ वि य अज्झवसाणं मई य विण्णाणं ।**
**एकट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो ॥ २७१ ॥** १२.

## કોઇ કોઇના ઉપકાર-અપકારનો કર્તા નથી, કતૃત્વ બુદ્ધિ મિથ્યા છે.

**[२]कोऽपि कस्यापि कर्तास्ति नोपकारापकारयोः ।**
**उपकुर्वेऽ पकुर्वेऽहं मिथ्येति क्रियते मतिः ॥ १३ ॥**

---

१. **एसो बंध समासो जीवाणं णिच्छयणस्स** ॥२३२॥—સમયસાર.

२. **णय कोवि देदि लच्छी ण को वि जीवस्स कुणदि उवदारं ।**
**उवदारं अवदारं कम्मं पि सुहासुहं कुणदि** ॥ ३१९ ॥ કાર્તિકેયાનુપ્રેક્ષા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सहकारितया द्रव्यमन्ये[1] नान्यद् विधीयते ।**
**क्रियमाणोऽन्यथा सर्वः संकल्पः कर्म-बन्धजः ॥ १४ ॥**

શબ્દાર્થઃ—( **केऽपि** ) કોઈ પણ ( **कस्यापि** ) કોઈનાય ( **उपकारापकारयोः** ) ઉપકાર-અપકારનો ( **न कर्तास्ति** ) કર્તા નથી. ( **अहं उपकुर्वेऽपकुर्वे** ) હું બીજાનો ઉપકાર કરું છું, અપકાર કરું છું, ( **मतिः क्रियते** ) એવી જે બુદ્ધિ કરવામાં આવે છે ( **मिथ्येति** ) તે મિથ્યા છે. ( **सहकारितया** ) સહકારીતાની દૃષ્ટિએ ( **द्रव्यमन्येनान्यद् विधीयते** ) એક પદાર્થ બીજાદ્વારા અન્યરૂપે કરવામાં આવે છે. ( **क्रियमाणोऽन्यथा** ) અન્યથા ક્રિયમાણ-કરવા-કરાવવારૂપ ( **संकल्पः** ) જે સંકલ્પ છે ( **सर्वः कर्म-बन्धजः** ) તે બધોય કર્મબંધથી ઉત્પન્ન થાય છે-કર્મના ઉદયજન્ય છે.

વ્યાખ્યાઃ—અહીં પૂર્વે ઉલ્લેખ પામેલ બુદ્ધિઓથી ભિન્ન એક બીજા પ્રકારની બુદ્ધિનો ઉલ્લેખ છે અને તે છે બીજાના ઉપકાર કે અપકાર કરવાની બુદ્ધિ. આ બુદ્ધિને પણ અહીં મિથ્યા બતાવી છે અને સાથે જ એ નિર્દેશ કર્યો છે કે વાસ્તવમાં કોઈ પણ જીવ કોઈનો ઉપકાર કે અપકાર કરતો નથી. તો પછી આ ઉપકાર-અપકારની જે માન્યતા છે તે પણ વ્યવહારનયને આશ્રિત છે. વાસ્તવમાં એક પદાર્થ બીજા પદાર્થના નિમિત્તે અન્યથા રૂપે થઈ જાય છે-પર્યાયમાંથી પર્યાયાન્તરને ધારણ કરે છે-અન્યથા રૂપે કરવા-કરાવવાનો જે સંકલ્પ જીવમાં ઉત્પન્ન થાય છે તે સર્વ કર્મબંધને કારણે-તદ્રૂપ બાંધેલ કર્મના ઉદયમાં આવવાના નિમિત્તે થાય છે. પ્રત્યેક જીવનો ઉપકાર કે અપકાર તેણે પોતે બાંધેલ શુભ કે અશુભ કર્મના ઉદયાશ્રિત છે; કે જે શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષાના '**उवयारं अवयारं कम्मं च सुहासुहं कुणदि**' આ વાક્યથી પણ જાણી શકાય છે. ૧૩-૧૪.

## ચારિત્રાદિની મલિનતાનો હેતુ મિથ્યાત્વ.

**चारित्रं दर्शनं ज्ञानं मिथ्यात्वेन मलीमसम् ।**
**कर्पटं कर्दमेनेव[2] क्रियते निज-संगतः ॥ १५ ॥**

શબ્દાર્થઃ—( **कर्पटं कर्दमेनेव** ) જેવી રીતે કપડાં કીચડ દ્વારા ( **निज-संगतः** ) પોતાના સંગથી ( **मलीमसम् क्रियते** ) મેલા કરવામાં આવે છે તેવી જ રીતે ( **मिथ्यात्वेन** )

१. व्या द्रव्यमनेन ।
२. मु कर्दमेणैव ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાત્વદ્વારા પોતાના સંગથી ( **चारित्रं दर्शनं ज्ञानं** ) ચારિત્ર, દર્શન તથા જ્ઞાન મલીન કરાય છે.

**વ્યાખ્યાઃ**—પાછલા પદ્યોમાં તથા આના પહેલાના આસ્રવાધિકારમાં પણ બુદ્ધિ આદિ રૂપે જે જ્ઞાન, દર્શન તથા ચારિત્રને સદોષ બતાવ્યાં છે તેની સદોષતાનું કારણ આ પદ્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે અને તે છે મિથ્યાત્વનો સંબંધ, જેને અહીં કીચડની ઉપમા આપવામાં આવી છે. કીચડના સંબંધથી જેમ વસ્ત્ર મેલું થઈ જાય છે તેવી જ રીતે મિથ્યાત્વ કર્મના ઉદયનું નિમિત્ત પામીને દર્શન, જ્ઞાન, ચારિત્ર સદોષ થઈ જાય છે. ૧૫.

## મલિન ચારિત્રાદિ દોષના ગ્રાહક છે.

**चारित्रादि त्रयं दोषं स्वीकरोति मलीमसम् ।**
**न पुनर्निर्मलीभूतं सुवर्णमिव तत्त्वतः ॥ १६ ॥**

**શબ્દાર્થઃ**—( **तत्त्वतः** ) વાસ્તવમાં ( **मलीमसम् चारित्रादि त्रयं** ) મલિન ચારિત્ર, મલિન દર્શન તથા મલિન જ્ઞાન ( **दोषं स्वीकरोति** ) દોષનો સ્વીકાર કરે છે ( **पुनः** ) પરંતુ ( **न निर्मलीभूतं** ) જે ચરિત્ર, દર્શન તથા જ્ઞાન નિર્મળ થઇ ગયાં છે તે દોષને ગ્રહણ કરતાં નથી; ( **सुवर्णमिव** ) જેમ કીટ્ટ–કાલિમાથી રહિત થયેલું સુવર્ણ ફરીથી તે કીટ્ટ–કાલિમાને ગ્રહણ કરતું નથી.

**વ્યાખ્યાઃ**—પાછલા પદ્યમાં મિથ્યાત્વના યોગથી જ્ઞાન-દર્શન-ચારિત્રને સદોષ હોવાનું બતાવ્યું છે તો એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે જે જ્ઞાન-દર્શન-ચારિત્ર મળનો સંગ છોડીને પૂર્ણપણે નિર્મલ થઇ ગયાં છે તે પણ શું ફરીથી મિથ્યાત્વના યોગથી મલિન થઈ જાય છે? એના જ સમાધાન માટે આ પદ્યની રચના થઇ હોય એમ જણાય છે. આમાં બતાવ્યું છે કે જે જ્ઞાન-દર્શન-ચારિત્ર મલિન છે-થોડા પણ મળથી યુક્ત છે અથવા સત્તામાં મળ સહિત છે-તેજ વાસ્તવમાં દોષનો સ્વીકાર કરે છે-બીજા મળને ગ્રહણ કરે છે અથવા મળરૂપ પરિણમે છે-મળથી જ મળની પરિપાટી ચાલે છે-જે પૂર્ણપણે નિર્મળ થઇ ગયા છે તે પછી મિથ્યાત્વના સંગથી-ચારે તરફ મિથ્યાત્વનું વાતાવરણ હોવા છતાં પણ મલિન થતા નથી. જેવી રીતે પૂર્ણ રૂપે નિર્મળ થયેલું સુવર્ણ દિન-રાત કીચડમાં પડ્યું રહેવા છતાં પણ ફરીથી તે કીટ્ટ-કાલિમાને ગ્રહણ કરતું નથી. આમાં જ મુક્તિનું તત્ત્વ છૂપાયેલું છે-જે જીવોના દર્શન-જ્ઞાન-ચારિત્ર પૂર્ણપણે નિર્મળ થઇ જાય છે તેઓ પછીથી ભવ ધારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને અથવા અવતાર લઇને સંસાર-ભ્રમણ કરતા નથી-સદાને માટે ભવ-બંધનોથી મુક્ત થઇ જાય છે. ૧૬.

## અપ્રાસુક દ્રવ્યને ભોગવવા છતાં પણ વીતરાગી અબંધક.

**नीरागोऽप्रासुकं द्रव्यं भुञ्जानोऽपि न बध्यते ।**
**शङ्खः किं जायते कृष्णः कर्दमादौ चरन्नपि ॥ १७ ॥**

**શબ્દાર્થ:**—( **नीरागः** ) જે વીતરાગ છે તે ( **अप्रासुकं द्रव्यं** ) અપ્રાસુક દ્રવ્યને ( **भुञ्जानोऽपि** ) ભોગવવા-સેવવા છતાં પણ ( **न बध्यते** ) બંધાતો નથી. ( બરાબર છે ) ( **कर्दमादौ** ) કીચડ આદિમાં ( **चरन्नपि** ) વિચરવા છતાં પણ ( **किं शङ्खः** ) શું શંખ ( **कृष्णः जायते** ) કાળો થઈ જાય છે? નથી થતો, સફેદ જ બની રહે છે.

**વ્યાખ્યા:**—આ અધિકારના પ્રારંભમાંજ કષાય તથા રાગ-દ્વેષને બંધનું મુખ્ય કારણ બતાવી દીધું છે, અહીં તે જ વિષયને સ્પષ્ટ કરતાં લખ્યું છે કે જે યોગી વીતરાગ છે-અનાસક્ત છે-તે અપ્રાસુક-સચિત્ત પદાર્થનું ભોજન કરવા છતાં પણ કર્મબંધને પ્રાપ્ત થતો નથી, જેમ શ્વેત શંખ કાદવ આદિમાં વિચરવા છતાં પણ કાળો થઈ જતો નથી. ૧૭.

## ન ભોગવતા છતાં પણ સરાગી પાપ બાંધે છે.

**सरागो बध्यते पापैरभुञ्जानोऽपि[1] निश्चितम् ।**
**अभुञ्जाना न किं मत्स्याः श्वभ्रं यान्ति[2] कषायतः ॥१८॥**

**શબ્દાર્થ:**—( **अभुञ्जानोऽपि** ) ન ભોગવવા છતાં પણ ( **सरागो** ) સરાગી જીવ ( **पापैः** ) પાપોથી-કર્મોથી ( **बध्यते** ) બંધાય છે એ ( **निश्चितम्** ) નિશ્ચિત છે. ( બરાબર છે ) ( **अभुञ्जाना** ) ન ભોગવનારા ( તંદુલાદિક ) ( **मत्स्याः** ) મત્સ્યો ( **किं कषायतः** ) શું કષાય પરિણામથી-ભોગવવાની લાલસાથી ( **श्वभ्रं न यांन्ति** ) નરકમાં નથી જતા ?—જાય જ છે.

---

૧. व्या. पापैरडंजानोऽपि ।
૨. मु श्व श्रे ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—પાછલા પદ્યમાં નીરાગીને સચિત્ત ભોજન કરવા છતાં પણ અબંધ્ય બતાવ્યો છે અને આ પદ્યમાં સરાગીને સચિત્ત ભોજન ન કરવા છતાં પણ નિશ્ચિતપણે પાપબંધને પાત્ર ઠરાવ્યો છે, જેમ રાઘવ નામના બહુ જ મોટા મત્સ્યની આંખો પર બેઠેલા નાના-નાના તંદુલ મત્સ્ય રાઘવ મત્સ્યના મોઢામાં શ્વાસની સાથે પ્રવેશ કરતી અને નિઃશ્વાસ સાથે બહાર નીકળી જતી અનેક નાની મોટી માછલીઓ જોઇને એવો કષાયભાવ કરે છે કે આ મુર્ખ મત્સ્ય પોતાનું મોઢું બંધ કરીને મુખમાં પ્રવેશેલી માછલીઓને ગળી કેમ નથી જતું ?-બહાર શા માટે નીકળવા દે છે ? આટલા કષાયભાવથી જ, તે માછલીઓનું ભોજન કર્યા વિના, તે તંદુલ મત્સ્ય નરકે જાય છે એવો આગમમાં ઉલ્લેખ છે. ૧૮.

## વિષયોનો સંગ હોવા છતાં પણ જ્ઞાની તેમનાથી લેપાતા નથી.

**ज्ञानी विषयसंगेऽपि विषयैर्नैव लिप्यते ।**
**कनकं मल मध्येऽपि न मलैरुपलिप्यते ॥ १९ ॥**

શબ્દાર્થઃ—( **ज्ञानी** ) જે જ્ઞાની છે તે ( **विषयसंगेऽपि** ) વિષયોનો સંગ હોવા છતાં પણ ( **विषयैः** ) વિષયોથી ( **नैव लिप्यते** ) લેપાતો નથી. જેમ ( **कनकं** ) સોનું ( **मलमध्येऽपि** ) મળની વચ્ચે પડયું હોય છતાં પણ ( **मलैः** ) મળથી ( **न उपलिप्यते** ) લેપાતું નથી-મળનો પોતામાં પ્રવેશ કરવા દેતું નથી.

વ્યાખ્યાઃ—અહીં જે જ્ઞાનીનો ઉલ્લેખ છે તે તે જ છે જે નિરાગી છે, અધ્યાત્મભાષામાં જે રાગમાં આસક્ત હોય તેને જ્ઞાની જ માનવામાં આવતો નથી. આવા જ્ઞાની યોગીની વિષયોનો સંગ ઉપસ્થિત હોવા છતાં પણ તેમાં (વિષયોમાં) પ્રવૃત્તિ હોતી નથી, જેમ મળની વચ્ચે પડયું હોવા છતાં પણ શુદ્ધ સુવર્ણ મળને ગ્રહણ કરતું નથી. ૧૯.

## નીરાગી યોગી પરકૃતાદિ આહારાદિને કારણે બંધને પામતા નથી.

**आहारादिभिरन्येन कारितैर्मोदितैः कृतैः ।**
**तदर्थं बध्यते योगी नीरागो न कदाचन ॥२०॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થઃ—( **नीरागः योगी** ) રાગરહિત યોગી ( **तदर्थं** ) તેના માટે ( **अन्येन** ) બીજાઓવડે ( **कृतैः** ) કરેલા ( **कारितैः** ) કરાવેલા ( **मौदितैः** ) તથા અનુમોદન પામેલા ( **आहारादिभिः** ) આહારાદિ દ્વારા ( **कदाचन** ) કદીયે ( **न बध्यते** ) બંધાતો નથી.

વ્યાખ્યાઃ—પાછલા પદ્યમાં જે વિષય-સંગનો ઉલ્લેખ છે તેને જ અહીં આહારાદિ રૂપે સ્પષ્ટ કરતાં બતાવ્યું છે કે જે આહાર-ઔષધ-વસ્તિકા આદિ કોઈ યોગી માટે બનાવ્યા-બનાવરાવ્યા અથવા અનુમોદિત કર્યા હોય તેનાથી તે યોગી કદી પણ આરંભાદિ જન્ય બંધફળનો ભાગીદાર થતો નથી, જે નીરાગી છે-તે આહારાદિમાં રાગરહિત છે. અને તેથી જે તેવા કૃત-કારિત-અનુમોદિત વિષયોમાં રાગ સહિત પ્રવર્તે છે તે અવશ્ય જ આરંભાદિ-જન્ય પાપફળનો ભાગીદાર થાય છે-રાગને કારણે તે પણ તે કરવા-કરાવવા આદિમાં સામેલ થઈ જાય છે. ૨૦.

## પરદ્રવ્યગત દોષથી નીરાગીના બંધાવામાં દોષાપત્તિ.

**परद्रव्यगतैर्दोषैर्नीरागो यदि बध्यते ।**
**तदानीं जायते शुद्धिः कस्य कुत्र कुतः कदा ॥२१॥**

શબ્દાર્થઃ—( **परद्रव्यगतैर्दोषैः** ) પરદ્રવ્યાશ્રિત દોષોને કારણે ( **यदि** ) જો ( **नीरागः बध्यते** ) વીતરાગ પણ બંધાય ( **तदानीं** ) તો પછી ( **कस्य** ) કોની ( **कुत्र** ) ક્યાં ( **कदा** ) ક્યારે અને ( **कुतः** ) કેવી રીતે ( **शुद्धिः जायते** ) શુદ્ધિ થઈ શકે ?-થઈ શકે નહિ.

વ્યાખ્યાઃ—યોગી-મુનિને માટે આહાદિ બનાવવા-બનાવરાવવા-અનુમોદના કરવામાં જે આરંભાદિ-જનિત દોષની પાછલા પદ્યમાં સૂચના છે તેને અહીં 'પરદ્રવ્યાશ્રિત દોષ' બતાવેલ છે અને સાથે જ એ નિર્દેશ કર્યો છે કે આવા પરદ્રવ્યાશ્રિત દોષોથી જો નીરાગી યોગી પણ બંધાવા લાગે તો પછી કોઈ પણ જીવને, કોઈ કાળે, કોઈ સ્થાને અને કોઈ પણ પ્રકારે શુદ્ધિ બની શકતી નથી. પોતાના આત્મામાં અશુદ્ધિ પોતાના દ્રવ્યગત રાગાદિ દોષોથી થાય છે-પરદ્રવ્યગત દોષોથી નહિ માટે દોષ કોઈ કરે અને તે દોષથી બંધ કોઈ બીજાને જ થાય આ ભ્રાંત ધારણા છોડી દેવી જોઈએ. પ્રત્યેક જીવ પોતપોતાના શુભ-અશુભ ભાવ અનુસાર શુભ-અશુભ બંધને પ્રાપ્ત થાય છે, એ અટળ નિયમ છે. ૨૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વીતરાગી યોગી વિષયને જાણવા છતાં પણ બંધાતો નથી.

**निरागो विषयं योगी बुध्यमानो न बध्यते ।**
**परथा बध्यते किं न केवली विश्ववेदकः ॥ २२ ॥**

શબ્દાર્થઃ—( **नीरागः** ) જે વીતરાગી યોગી છે તે ( **विषयं बुध्यमानः** ) વિષયને જાણતો થકો ( **न बध्यते** ) કર્મબંધને પ્રાપ્ત થતો નથી. ( **परथा** ) જો વિષયોને જાણવાથી કર્મબંધ થાય તો ( **विश्ववेदकः केवली** ) વિશ્વના જ્ઞાતા કેવળી ( **किं न बध्यते** ) કેમ બંધને પ્રાપ્ત થતા નથી ?

વ્યાખ્યાઃ—પરદ્રવ્યગત દોષોથી તથા ઇન્દ્રિયવિષયોના સંગથી જો વીતરાગી જ્ઞાની બંધને પ્રાપ્ત નથી થતા તો તેમને જાણતા થકા તો તે બંધને કેવી રીતે પ્રાપ્ત થાય ? એ વાત જો કે પહેલાનાં પદ્યોમાંથી ફલિત થાય છે છતાં પણ અહીં તેને સ્પષ્ટ કરતાં કહેવામાં આવ્યું છે કે જો વિષયોને જાણતા થકા વીતરાગી યોગી બંધને પ્રાપ્ત થાય તો પછી વિશ્વના જ્ઞાતા-વિશ્વના સર્વપદાર્થોની પ્રગટ-અપ્રગટ બધી અવસ્થાઓને જાણનાર કેવલી ભગવાન બંધને પ્રાપ્ત કેમ ન થાય ? તો પછી તે પણ બંધને પ્રાપ્ત થવા જોઇએ. તેથી કેવળ જાણવાથી બંધની પ્રાપ્તિ થતી નથી. ૨૨.

## જ્ઞાની જાણે છે વેદતા નથી, અજ્ઞાની વેદે છે જાણતા નથી.

**ज्ञानिना सकलं द्रव्यं ज्ञायते वेद्यते न च ।**
**अज्ञानिना पुनः सर्वं वेद्यते ज्ञायते न च ॥२३॥**

શબ્દાર્થઃ— ( **ज्ञानिना** ) જ્ઞાની દ્વારા ( **सकलं द्रव्यं** ) સમસ્ત વસ્તુ સમૂહ ( **ज्ञायते** ) જાણવામાં આવે છે ( **न च वेद्यते** ) પરંતુ વેદવામાં નથી આવતો અને ( **अज्ञानिना** ) અજ્ઞાનીદ્વારા ( **सर्वं** ) સકળ વસ્તુ સમૂહ ( **वेद्यते** ) વેદવામાં આવે છે ( **न च ज्ञायते** ) પરંતુ જાણવામાં આવતો નથી.

વ્યાખ્યાઃ— પાછળના પદ્યમાં જાણવા માત્રથી બંધ ન થવા રૂપ જે વાતનો ઉલ્લેખ કર્યો છે તેનો સિદ્ધાંત આ પદ્યમાં બતાવ્યો છે અને તે એ છે કે જ્ઞાની-વીતરાગી દ્વારા સંપૂર્ણ દ્રવ્ય સમૂહ જાણવામાં તો આવે છે પરંતુ વેદવામાં નથી આવતો અને અજ્ઞાની સરાગી દ્વારા સમસ્ત દ્રવ્ય સમૂહ વેદવામાં તો આવે છે પરંતુ જાણવામાં નથી આવતો. ૨૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જ્ઞાન અને વેદનમાં સ્વરૂપ-ભેદ.

**यथावस्तु परिज्ञानं ज्ञानं ज्ञानिभिरुच्यते ।**
**राग–द्वेष–मद–क्रोधैः सहितं वेदनं पुनः ॥२४॥**

**શબ્દાર્થ:**— ( **यथा वस्तु** ) જે વસ્તુ જે રૂપે સ્થિત છે તે જ રૂપે તેના ( **परिज्ञानं** ) પરિજ્ઞાનને ( **ज्ञानिभिः** ) જ્ઞાનીઓએ ( **ज्ञानं उच्यते** ) 'જ્ઞાન' કહ્યું છે ( **पुनः** ) અને જે પરિજ્ઞાન (જાણવું) ( **राग–द्वेष–मद-क्रोधैः सहितं** ) રાગ-દ્વેષ-મદ-ક્રોધાદિ કષાયો સહિત હોય છે તેને ( **वेदनं** ) 'વેદન' કહ્યું છે.

**વ્યાખ્યા:**— જો કે 'જ્ઞાન' અને 'વેદન' બન્ને શબ્દો સામાન્યપણે જાણવારૂપ એકાર્થક છે પરંતુ પૂર્વ પદ્યમાં જ્ઞાન અને વેદનનો શબ્દભેદથી નહિ પરંતુ અર્થભેદથી પણ ભેદરૂપ ઉલ્લેખ કર્યો છે, તે અર્થભેદ શું છે તે બતાવવા માટે જ આ પદ્યમાં બન્નેનું લક્ષણ આપ્યું છે. જ્ઞાનનું લક્ષણ 'યથાવસ્તુ-પરિજ્ઞાન' આપ્યું છે, જેનો આશય એવો છે કે કોઈ મિશ્રણ વિના અથવા મેળ-મિલાપ વિના વસ્તુને યથાવસ્થિત રૂપે શુદ્ધ જાણવું તે 'જ્ઞાન' છે અને 'વેદન' તે જાણપણાને કહે છે જેની સાથે રાગ-દ્વેષ, અહંકાર, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સાદિ વિકાર ભાવ મળેલા હોય. અર્થાત્ કોઈ વસ્તુને જોતાં જ એમાંથી કોઈ વિકાર ભાવ ઉત્પન્ન થઈ જાય, તે વિકાર સાથે જે તેનું જાણવું છે- અનુભવ છે- તે 'વેદન' કહેવાય છે. ૨૪.

## અજ્ઞાનમાં જ્ઞાન અને જ્ઞાનમાં અજ્ઞાન-પર્યાય નથી.

**नाज्ञाने ज्ञान–पर्यायाः ज्ञाने नाज्ञानपर्ययाः ।**
**न लोहे स्वर्ण–पर्याया न स्वर्णे लोह–पर्ययाः ॥ २५ ॥**

**શબ્દાર્થ:**—( **अज्ञाने** ) અજ્ઞાનમાં ( **ज्ञान-पर्यायाः** ) જ્ઞાનની પર્યાયો અને ( **ज्ञाने** ) જ્ઞાનમાં ( **अज्ञान पर्ययाः** ) અજ્ઞાનની પર્યાયો ( **न** ) હોતી નથી, જેમ ( **लोहे** ) લોઢામાં ( **स्वर्ण-पर्याया न** ) સુવર્ણની પર્યાયો અને ( **स्वर्णे** ) સોનામાં ( **लोह-पर्ययाः न** ) લોઢાની પર્યાયો હોતી નથી.

**વ્યાખ્યા:**—અહીં 'અજ્ઞાન' શબ્દથી જેનું ગ્રહણ છે તે ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલ આ પાંચ અચેતનાત્મક દ્રવ્યોનો સમૂહ છે, આમાંથી કોઈ પણ દ્રવ્યમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનની પર્યાયો હોતી નથી, જેમ લોઢામાં સુવર્ણની પર્યાયો હોતી નથી. અને 'જ્ઞાન' શબ્દથી જેનું ગ્રહણ છે તે છે ચેતનાત્મક 'જીવ' દ્રવ્ય, એમાં અજીવ દ્રવ્યોમાંથી કોઇની કોઇ પર્યાય હોતી નથી. આ એક તાત્ત્વિક સિદ્ધાંતનો નિર્દેશ છે અને એ વાતનું સૂચન કરે છે કે આ બધા ચેતન-અચેતન દ્રવ્યો ચાહે એટલો સમય પરસ્પર હળે-મળે, સમ્પર્ક-સંબંધ અથવા બંધને પામીને રહે; પરંતુ વાસ્તવમાં કોઈ પણ ચેતન દ્રવ્ય કદી અચેતન અને અચેતન દ્રવ્ય કદી ચેતન થતું નથી. આ સિદ્ધાંતથી વિપરીત જે કાંઈ પ્રતિભાસે છે તે બધું સ્ફટિકમાં રંગ સમાન સંસર્ગ-દોષને કારણે મિથ્યા છે.

અથવા અજ્ઞાનથી અહીં પૂર્વ પદ્યમાં યોજેલ તે વેદન વિવક્ષિત છે જે રાગ-દ્વેષાદિ વિકારોથી અભિભૂત હોય છે, તેમાં શુદ્ધ જ્ઞાનની પર્યાયો નથી હોતી અને જ્ઞાનથી તે શુદ્ધ જ્ઞાન વિવક્ષિત છે જેમાં અશુદ્ધ જ્ઞાન (વેદન) ની પર્યાયો હોતી નથી. ૨૫.

## જ્ઞાની કલ્મષોનો અબંધક અને અજ્ઞાની બંધક થાય છે.

**ज्ञानीति ज्ञान-पर्यायी कल्मषानामबन्धकः ।**
**असश्चाज्ञान-पर्यायी तेषां भवति बन्धकः ॥ २६ ॥**

શબ્દાર્થઃ—(**ज्ञानी इति ज्ञान-पर्यायी**) જે જ્ઞાની છે તે જ્ઞાન-પર્યાયી છે-જ્ઞાનરૂપ પરિણમન સહિત છે તેથી (**कल्मषानाम् अबन्धकः**) કલ્મષોના-કષાયાદિરૂપ કર્મોના-અબંધક હોય છે. (**अज्ञः च**) જે અજ્ઞાની છે (**अज्ञान- पर्यायी**) તે અજ્ઞાનપર્યાયી છે-અજ્ઞાનરૂપ પરિણમન સહિત છે-(**तेषां भवति बन्धकः**) અને તેથી કષાયાદિ કર્મોનો બંધ કરનારથાય છે.

વ્યાખ્યાઃ—ઉક્ત સિદ્ધાંત અનુસાર જે જીવ શુદ્ધ જ્ઞાની છે તે જ્ઞાન-પર્યાયી હોવાથી કર્મોનો બંધક થતો નથી અને જે જીવ અજ્ઞાનરૂપ પુદ્ગલ કર્મના સંબંધથી શુદ્ધ જ્ઞાની ન રહેતાં અજ્ઞાની છે તે જ્ઞાન-પર્યાયી ન હોવાથી કર્મોનો બંધ કરનારા થાય છે. ૨૬.

## કર્મફળને ભોગવનાર જ્ઞાની-અજ્ઞાનીમાં અંતર

**दीयमानं सुखं दुःखं कर्मणा पाकमीयुषा ।**
**ज्ञानी वेत्ति परो भुङ्क्ते बन्धकाबन्धकौ ततः ॥२७॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **पाकमीयुषा** ) વિપાકને પ્રાપ્ત થયેલ ( **कर्मणा** ) કર્મદ્વારા (**सुखं दुःखं**) જે સુખ તથા દુઃખ ( **दीयमानं** ) આપવામાં આવે છે તેને ( **ज्ञानी वेत्ति** ) જ્ઞાની જાણે છે ( **परो भुङ्क्ते** ) અને અજ્ઞાની ભોગવે છે. ( **ततः** ) તેથી ( **बन्धकाबन्धकौ** ) અજ્ઞાની કર્મનો બંધક અને જ્ઞાની અબંધક થાય છે.

**વ્યાખ્યા:**— જે જીવ અજ્ઞાની થઇને જે કર્મ બાંધે છે તે કર્મ પરિપકવ થઈને ઉદયકાળે સુખ કે દુઃખ આપે છે– કર્મ શુભ હોય તો સુખરૂપ ફળ અને અશુભ હોય તો દુઃખરૂપ ફળ આપે છે– તે કર્મપ્રદત્ત સુખદુઃખને જ્ઞાની તો જાણે છે પણ અજ્ઞાની તેને ભોગવે છે– રાગ–દ્વેષાદિરૂપે પરિણમે છે. તેથી જ એક-રાગાદિ રૂપ પરિણમનારો અજ્ઞાની નવા કર્મોનો બાંધનાર અને બીજો- સમતાભાવ ધારણ કરનાર જ્ઞાની- નવા કર્મોનો બંધ ન કરનાર થાય છે. ઉદયમાં આવેલું કર્મ પોતાનું ફળ આપે જ છે, તેને જ્ઞાની પણ ભોગવે છે અને અજ્ઞાની પણ; એવો લોકવ્યવહાર છે; છતાં અહીં અજ્ઞાનીને જ ભોક્તા કેમ કહ્યો? એનું કારણ એ છે કે જ્ઞાની તો જળમાં કમળની જેમ અલિપ્ત રહે છે તેથી નિશ્ચયથી ભોગવતો હોવા છતાં પણ અભોક્તા છે અને અજ્ઞાની તે ભોગમાં રાગી–દ્વેષી અથવા મોહી થઇને પ્રવર્તે છે તેથી વાસ્તવમાં તેજ ભોક્તા છે અને તેજ નવા કર્મ બાંધે છે. એ જ આશય શ્રી કુંદકુંદાચાર્યે પ્રવચનસારની નીચેની ગાથામાં વ્યક્ત કર્યો છેઃ—

**उदयगदा कम्मंसा जिणवरवसहेण णियदसणा भणिया ।**
**तेसु हि मुहिदो रत्तो दुट्ठो वा बंधमणुहवादि ॥** ૨૭.

## કર્મ ગ્રહણનો તથા સુગતિ–દુર્ગતિ ગમનનો હેતુ.

**[૧]कर्म गृह्णाति संसारी कषाय--परिणामतः ।**
**सुगतिं दुर्गतिं याति जीवः कर्म-विपाकतः ॥ २८ ॥**

**શબ્દાર્થ:**— ( **संसारी जीवः** ) સંસારી જીવ ( **कषाय–परिणामतः** ) કષાયરૂપ પરિણામ વડે ( **कर्म गृह्णाति** ) કર્મનું ગ્રહણ કરે છે— બાંધે છે અને ( **कर्म–विपाकतः** ) કર્મના ફળથી ( **सुगतिं दुर्गतिं याति** ) સુગતિ તથા દુર્ગતિને પ્રાપ્ત થાય છે.

---

૧. जो खलु संसारत्थो जीवो तत्तो दु होदि परिणामो ।
परिणामादो कम्मं कम्मादो होदि-सुगदी ॥ १२८ ॥—પંચાસ્તિ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:—સંસારી જીવ કર્મ સહિત હોય છે, કોઈ પણ કર્મના ઉદયકાળે અથવા પરપદાર્થોના સંસર્ગમાં આવવાથી જ્યારે તે શુભ કે અશુભ કષાયરૂપ પરિણમન કરે છે તો શુભ કે અશુભ કર્મ ગ્રહે છે-પોતાની સાથે બાંધે છે-આ કર્મના બંધની સ્થિતિ અનુસાર જ્યારે ફળનો કાળ આવે છે ત્યારે તેનાથી જીવ સુગતિ કે દુર્ગતિમાં જાય છે. શુભ કર્મનું ફળ જે સુખ ભોગ છે તે પ્રાયઃ સુગતિમાં અને અશુભ કર્મનું ફળ જે દુઃખભોગ છે તે પ્રાયઃ દુર્ગતિમાં પ્રાપ્ત થાય છે. ૨૮.

## સંસાર–પરિભ્રમણનો હેતુ અને નિવૃતિ ( મોક્ષ ) નો ઉપાય.

[1]सुगतिं दुर्गतिं प्राप्तः स्वीकरोति कलेवरम् ।
तत्रेन्द्रियाणि जायन्ते गृह्णाति[2] विषयांस्ततः ॥ २९ ॥

ततो भवन्ति रागाद्यास्तेभ्यो दुरित--संग्रहः ।
तस्माद् भ्रमति संसारे ततो दुःखमनेकधा ॥ ३० ॥

दुःखतो बिभ्यता त्याज्याः कषायाः ज्ञान-शालिना ।
ततो दुरित-विच्छेदस्ततो निर्वृति-सङ्गमः ॥ ३१ ॥

શબ્દાર્થ:—( सुगतिं दुर्गतिं प्राप्तः ) સુગતિ તથા દુર્ગતિ ને પ્રાપ્ત થયેલો જીવ ( कलेवरम् स्वीकरोति ) શરીરનું ગ્રહણ કરે છે, ( तत्र इन्द्रियाणि जायन्ते ) તે શરીરમાં ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે, ( ततः विषयान् गृह्णाति ) ઇન્દ્રિયદ્વારથી વિષયોનું ગ્રહણ કરે છે, (ततो भवन्ति रागाद्याः) વિષયોનાં ગ્રહણથી રાગાદિ ઉત્પન્ન થાય છે, (तेभ्यो दुरित–संग्रहः) રાગાદિથી શુભાશુભરૂપ કર્મોનો સંચય થાય છે ( तस्माद् भ्रमति संसारे ) અને તે કર્મ-સંચયના કારણે સંસારમાં ભ્રમણ કરે છે, ( ततो दुःखम् अनेकधा ) જેથી અનેક પ્રકારના દુઃખ પ્રાપ્ત થાય છે. તેથી ( दुःखतो बिभ्यता ) દુઃખથી ભયભીત ( ज्ञान–शालिना ) જ્ઞાન-શાલી જીવાત્માએ ( कषायाः ) કષાયોનો ( त्याज्या :) ત્યાગ કરવો જોઈએ. ( ततो दुरित–

---

१. गदिमधिगदस्स देहो देहादो इंदियाणि जायंते ।
ते हिं दु विसय-ग्गहणं ततो रागो व दोसो वा ॥ १२९ ॥
जायदि जीवस्सेवं भावो संसार चक्कवालम्मि ।
इदि जिणवरेहिं भणिदो अणादिणिधणो सणिधणो वा ॥ १३० ॥—પંચાસ્તિ.

२. आ गृह्णंति, व्या गृह्णंति ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विच्छेदः ) તેમના ત્યાગથી કર્મોનો વિનાશ થાય છે અને ( ततो निर्वृति सङ्गमः ) કર્મોના વિનાશથી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

વ્યાખ્યા:—પાછલા પદ્યમાં કર્મફળથી જે સુગતિ કે દુર્ગતિમાં જવાની વાત કહેવામાં આવી છે તેને પ્રાપ્ત થઈને આ જીવ નિયમથી દેહ ધારણ કરે છે-ચાહે તે દેવ, મનુષ્ય, તિર્યંચાદિ કોઈ પણ પ્રકારનો કેમ ન હોય; દેહમાં ઈન્દ્રિયોની ઉત્પત્તિ થાય છે-ચાહે એક સ્પર્શન ઈન્દ્રિય જ કેમ ન હોય; ઇન્દ્રિયોથી તેમના વિષયો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તથા શબ્દનું ગ્રહણ થાય છે; વિષયોના ગ્રહણથી રાગદ્વેષાદિક ઉત્પન્ન થાય છે અને રાગદ્વેષાદિની ઉત્પત્તિથી ફરીથી કર્મબંધ થાય છે અને કર્મબંધના ફળસ્વરૂપે ફરીથી ગતિ, સુગતિ, દેહ, ઇન્દ્રિય, વિષય ગ્રહણ, રાગ-દ્વેષ અને ફરીથી કર્મબંધાદિ રૂપે સંસાર-પરિભ્રમણ થાય છે અને આ સંસાર પરિભ્રમણથી અનેકાનેક પ્રકારના દુઃખો સહન કરવાં પડે છે, જે બધાનું વર્ણન કરવું અશક્ય છે. તેથી જે દુઃખોથી ડરે છે, તે જ્ઞાની-જનોએ કર્મબંધના કારણભૂત ક્રોધાદિ કષાયો તથા હાસ્યાદિ નોકષાયોનો ત્યાગ કરવો જોઈએ. તેમનો ત્યાગ કરવાથી પાછલું કર્મબંધન તૂટશે તથા નવા કર્મનું બંધન નહિ થાય. અને એમ થવાથી મુક્તિનો સંગમ સહેજે પ્રાપ્ત થશે, જે સ્વાત્મોત્થિત, સ્વાધીન, પરનિરપેક્ષ, અતીન્દ્રિય, અનંત, અવિનાશી અને નિર્વિકાર તે પરમસુખનું કારણ છે જેના જેવું કોઈ પણ સુખ સંસારમાં પ્રાપ્ત થતું નથી. તેથીજ સમંતભદ્ર સ્વામીએ આવા સુખી મહાત્માને 'अभवदभवसौख्यवान् भवान्' વાક્યદ્વારા 'अभव-सौख्यवान्' બતાવ્યા છે.[1] ૨૯-૩૦-૩૧.

## રાગાદિ યુક્ત જીવના પરિણામ.

**सन्ति रागादयो यस्य सचित्ताचित्त-वस्तुषु ।**
**प्रशस्तो वाप्र शस्तो वा परिणामोऽस्य जायते ॥ ३२ ॥**

શબ્દાર્થ:—( यस्य ) જે જીવને ( सचित्त-अचित्त-वस्तुषु ) ચેતન-અચેતન વસ્તુઓમાં (रागादयः सन्ति) રાગાદિ થાય છે ( अस्य ) તેને (प्रशस्तो वा अप्रशस्तो) પ્રશસ્ત ( શુભ ) અથવા અપ્રશસ્ત ( અશુભ ) ( परिणामो ) પરિણામ ( जायते ) ઉત્પન્ન થાય છે.

વ્યાખ્યા:—જે રાગ દ્વેષાદિને પહેલાં બંધનું કારણ બતાવી આવ્યા છીએ તેમનાથી પુણ્ય-પાપના બંધની વાતને સ્પષ્ટ કરતાં અહીં એટલું જ બતાવ્યું છે કે જે જીવને ચેતન-અચેતન પદાર્થોમાં રાગાદિક વિદ્યમાન છે તેનું પરિણામ પ્રશસ્ત કે અપ્રશસ્તરૂપ જરૂર થાય છે. ૩૨.

---

૧ જુઓ સ્વયંભૂસ્તોત્રનું મુનિસુવ્રત-સ્તોત્ર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કયા પરિણામ પુણ્ય, કયા પાપ, બન્નેની સ્થિતિ.

**प्रशस्तो भण्यते तत्र पुण्यं पापं पुनः परः ।**
**द्वयं पौद्गलिकं मूर्तं सुख-दुःख-वितारकम् ॥ ३३ ॥**

શબ્દાર્થઃ—(**तत्र**) તે બંન્ને પ્રકારના પરિણામોમાં (**प्रशस्तो**) પ્રશસ્ત પરિણામને (**पुण्यं**) 'પુણ્ય' અને (**पुनः परः**) અપ્રશસ્ત પરિણામને (**पापं**) 'પાપ' (**भण्यते**) કહેવામાં આવે છે, (**द्वयं**) બન્ને પુણ્યપાપરૂપ પરિણામ (**पौद्गलिकं**) પૌદ્ગલિક છે, (**मूर्तं**) મૂર્તિક છે અને (ક્રમશઃ) (**सुख-दुःख-वितारकम्**) સાંસારિક સુખ-દુઃખના આપનારા છે.

વ્યાખ્યાઃ—અહીં પ્રશસ્ત અને અપ્રશસ્ત પરિણામોના અલગ-અલગ નામોનો ઉલ્લેખ છે પ્રશસ્ત પરિણામોને 'પુણ્ય' અને અપ્રશસ્ત પરિણામ (ભાવ) ને 'પાપ' બતાવ્યા છે; કેમ કે એ બન્ને ક્રમશઃ પુણ્ય-પાપ બંધના કારણ છે. કારણમાં અહીં કાર્યનો ઉપચાર કરવામાં આવ્યો છે અને તેથી બન્નેને પૌદ્ગલિક, મૂર્તિક તથા ક્રમશઃ સુખ-દુઃખના આપનારા કહ્યા છે. પુણ્ય-પાપનું '**सुख-दुःख-वितारकम्**' વિશેષણ પોતાનું ખાસ મહત્ત્વ રાખે છે અને એ વાત સૂચવે છે કે જે સુખ-દુઃખ વિતરણનું કારણ હોય છે તે સુખ-દુઃખના કાર્યની પૂર્વક્ષણે વિદ્યમાન રહે છે, ત્યારે જ તે ઉપાદાન કારણ રૂપે કાર્યને ઉત્પન્ન કરવામાં સમર્થ થાય છે; અન્યથા પ્રશસ્ત કે અપ્રશસ્ત પરિણામ તો ઉત્પન્ન થઇને નષ્ટ થઈ ગયા, કાર્યોત્પત્તિના સમયે તે વિદ્યમાન નથી તો પછી તે પરિણામથી સુખ-દુઃખરૂપ કાર્ય કેવી રીતે ઉત્પન્ન થઇ શકે? થઈ શકે નહિ. સુખ-દુઃખના આપનાર તે પુણ્ય-પાપ રૂપ દ્રવ્યકર્મ હોય છે જે ઉક્ત પરિણામોના નિમિત્તે ઉત્પન્ન થઇને સ્થિતિબંધ દ્વારા ફળ આપવાના સમય સુધી જીવની સાથે રહે છે અને ત્યારે જ પરિણામોનું ફળ-કાર્ય સંપન્ન-પ્રાપ્ત થાય છે. ૩૩.

## પુણ્ય-પાપ-ફળને ભોગવતા જીવની સ્થિતિ.

**मूर्तो[1] भवति भुञ्जानः सुख-दुःखफलं तयोः ।**
**मूर्तकर्मफलं मूर्तं नामूर्तेन हि भुज्यते ॥ ३४ ॥**

શબ્દાર્થઃ—(**तयोः**) તે બન્ને પુણ્ય-પાપરૂપ પરિણામોના (**सुख-दुःखफलं**) સુખ-દુઃખ ફળને (**भुञ्जानः**) ભોગવતો આ જીવ (**मूर्तो भवति**) મૂર્તિક થાય છે; કેમકે (**मूर्त**

1. व्या मूर्तो.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कर्मफलं मूर्तं** ) મૂર્તિક કર્મનું ફળ મૂર્તિક હોય છે અને તે ( **अमूर्तेन** ) અમૂર્તિક દ્વારા ( **न हि भुज्यते** ) ભોગવવામાં આવતું નથી.

**વ્યાખ્યા:**—પુણ્ય તથા પાપ બન્ને દ્રવ્યકર્મ પૌદ્‌ગલિક-મૂર્તિક છે, તેમનાં આપેલા સુખ-દુઃખરૂપ ફળ, કે જે મૂર્તિક જન્ય હોવાથી મૂર્તિક હોય છે, તે અમૂર્તિક આત્મા કેવી રીતે ભોગવે? એ એક પ્રશ્ન છે, જેનો ઉત્તર એટલો જ છે કે પુણ્ય-પાપના ફળ ભોગવતો જીવ મૂર્તિક થાય છે. કર્મફળને ભોગવનારા બધા જીવ સંસારી હોય છે અને સંસારી જીવ અનાદિ કર્મ સંબંધના કારણે મૂર્તિક કહેવાય છે. ૩૪.

## પુણ્ય-પાપના વશે અમૂર્ત પણ મૂર્ત થઈ જાય છે.

**मूर्तो भवत्यमूर्तोऽपि पुण्यपाप वशीकृतः ।**
**यदा विमुच्यते ताभ्याम मूर्तोऽस्ति तदा पुनः ॥ ३५ ॥**

**શબ્દાર્થ:**—( **पुण्य पाप वशीकृतः** ) પુણ્ય-પાપને વશીભૂત થયેલો ( **अमूर्तोऽपि** ) અમૂર્તિક જીવ પણ ( **मूर्तो भवति** ) મૂર્તિક થઈ જાય છે. ( **यदा** ) અને જ્યારે ( **ताभ्याम्** ) તે પુણ્ય-પાપ બન્નેથી ( **विमुच्यते** ) છૂટી જાય છે ( **तदा पुनः** ) ત્યારે ( **अमूर्तोऽस्ति** ) અમૂર્તિક રહી જાય છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં અમૂર્તિક જીવની મૂર્તિક થવાની જે વાત કહેવામાં આવી છે તેને જ આ પદ્યમાં સ્પષ્ટ કરતાં લખ્યું છે કે મૂર્તિક પુણ્ય-પાપને વશ-બંધનમાં પડેલો જીવ વાસ્તવમાં અમૂર્તિક હોવા છતાં પણ મૂર્તિક થાય છે અને જ્યારે તે બન્નેના બંધનથી છૂટી જાય છે ત્યારે સ્વરૂપમાં સ્થિત થયેલો સ્વયં અમૂર્તિક થઇ જાય છે. તેથી જીવનું સંસારાવસ્થારૂપ જેટલું કોઇ વિભાવ પરિણમન છે તે બધું તેને મૂર્તિક બનાવે છે. ૩૫.

## ઉદાહરણ-દ્વારા સ્પષ્ટીકરણ.

**विकारं नीयमानोऽपि कर्मभिः सविकारिभिः ।**
**मेघैरिव नभो याति स्वस्वभावं तदत्यये ॥ ३६ ॥**

**શબ્દાર્થ:**—( **सविकारिभिः** ) વિકારી ( **कर्मभिः** ) કર્મો દ્વારા ( **विकारं** ) વિકારને ( **नीयमानोऽपि** ) પ્રાપ્ત થવા છતાં પણ આ જીવ ( **तदत्यये** ) તે વિકારનો નાશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતાં ( **स्वस्वभावं याति** ) પોતાના સ્વભાવને પ્રાપ્ત થાય છે, જેમ ( **मेघैरिव नभो** ) વાદળાંઓથી વિકારને પ્રાપ્ત થયેલું આકાશ વાદળાં વિખરાઈ જતાં પોતાની સ્વાભાવિક સ્થિતિને પ્રાપ્ત થાય છે.

**વ્યાખ્યાઃ**—અહીં પાછલી વાત ઉદાહરણ-દ્વારા વિશેષ સ્પષ્ટ કરવામાં આવી છે-લખ્યું છે કે જેવી રીતે વાદળાંઓથી આકાશ વિકારને પ્રાપ્ત થઇ જાય છે અને વાદળાં વિખરાઇ જતાં ફરીથી પોતાના સ્વભાવને પ્રાપ્ત થઇ જાય છે તેવી જ રીતે આ જીવ પણ વિકારી કર્મ જે પુણ્ય-પાપ છે તેના કારણે વિકારને-વિભાવને-પ્રાપ્ત થયો થકો પણ-અમૂર્તિકમાંથી મૂર્તિક થતો હોવા છતાં પણ તે કર્મો દૂર થઇ જતાં પોતાના સ્વભાવમાં સ્થિત થઇ જાય છે. ૩૬.

## પુણ્ય-બંધનાં કારણ.

**अर्हदादौ[१] परा भक्तिः कारुण्यं सर्वजन्तुषु ।**
**पावने चरणे रागः पुण्यबन्धनिबन्धनम् ॥ ३७ ॥**

**શબ્દાર્થ:**—( **अर्हदादौ** ) અર્હંતાદિકમાં ( **परा भक्तिः** ) ઉત્કૃષ્ટ ભક્તિ, ( **सर्वजन्तुषु** ) સર્વ પ્રાણીઓમાં ( **कारुण्यं** ) કરુણા ભાવ અને ( **पावने चरणे** ) પવિત્ર ચારિત્રના અનુષ્ઠાનમાં ( **रागः** ) રાગ ( આ બધું ) ( **पुण्यबन्धनिबन्धनम्** ) પુણ્યબંધનું કારણ છે.

**વ્યાખ્યાઃ**—અહીં સારરૂપે પુણ્યબંધના કારણોનો નિર્દેશ કરતાં તેમને મુખ્યપણે ત્રણ પ્રકારનાં બતાવ્યાં છે. પહેલું અર્હંતાદિની ઊંચી ભક્તિ, બીજું સર્વ પ્રાણીઓ પ્રત્યે કરુણા ભાવ ( દયા પરિણામ અથવા હિંસાભાવનો અભાવ ) અને ત્રીજું પવિત્ર ચારિત્રના પાલનમાં અનુરાગ. અર્હંતની પાછળ યોજેલ 'આદિ' શબ્દ મુખ્યપણે સિદ્ધોનો અને ગૌણ-પણે તે આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ પરમેષ્ઠીઓનો વાચક છે જે ભાવલિંગી હોય-દ્રવ્ય-લિંગી અથવા ભવાભિનંદી ન હોય અને પોતપોતાના પદના સર્વ ગુણોમાં યથાર્થપણે પરિપૂર્ણ હોય. ભક્તિનું 'પરા' વિશેષણ ઊંચા અથવા ઉત્કૃષ્ટ અર્થનું વાચક છે અને એ વાતનું સૂચક છે કે અહીં ઊંચા દરજ્જાનાં પુણ્ય-બંધનાં કારણોનો નિર્દેશ છે અને તેથી બીજાં બે કારણોને પણ ઊંચા દરજ્જાનાં જ સમજવાં જોઇએ. નહિ તો પુણ્યબંધ તો શુભ પરિણામોથી થાય છે, ભલે તે ઊંચા દરજ્જાનાં હોય કે તેનાથી ઓછા દરજ્જાનાં. ઊંચા

૧. मु आर्हदादौ ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દરજ્જાનાં શુભ પરિણામોથી ઊંચા દરજ્જાનો અને મધ્યમ તથા જઘન્ય દરજ્જાનાં શુભ પરિણામોથી મધ્યમ તથા જઘન્ય દરજ્જાનો પુણ્યબંધ થાય છે. જે પુણ્યથી અર્હંતપદ અથવા ત્રણલોકનું અધિપતિપણું પ્રાપ્ત થાય છે તે 'સર્વાતિશાયિ' અથવા 'સર્વોત્કૃષ્ટ' પુણ્ય કહેવાય છે.[1]

જે પુણ્ય-બંધકારક પવિત્ર ચારિત્રનો અહીં ઉલ્લેખ છે તે '**केवलि जिन-प्रज्ञप्त धर्मः**' છે જેને 'ચત્તારિ મંગલં' પાઠમાં મંગલ, લોકોત્તમ તથા શરણભૂત બતાવેલ છે. તેનું લક્ષણ છે 'અશુભથી નિવૃત્તિ, શુભમાં પ્રવૃત્તિ,' અને તે પાંચવ્રત, પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિરૂપ તેર પ્રકારનું છે કે જે નીચેની સિદ્ધાંત-ગાથામાં પ્રકટ છેઃ—

**असुहादो विनिवित्तो सुहे पवित्ती य जाण चारित्तं ।**
**वद-समिदि-गुत्तिरूपं ववहारणया दु जिणभणियं ॥**

આ વ્યવહારનયની દૃષ્ટિવાળું સરાગ ચારિત્ર છે, નિશ્ચયનયની દૃષ્ટિએ જે સ્વરૂપાચરણ રૂપ ચારિત્ર હોય છે તે બંધનું કારણ નથી. ૩૭.

## પાપ બંધના કારણ.

**निन्दकत्वं प्रतीक्ष्ये(ड्ये)षु[2] नैर्घृण्यं सर्वजन्तुषु ।**
**निन्दिते चरणे रागः पाप-बन्ध-विधायकः ॥ ३८ ॥**

**શબ્દાર્થઃ**—( **प्रतीक्ष्ये(ड्ये)षु** ) પૂજ્યોમાં ( **निन्दकत्वं** ) નિંદાનો ભાવ, ( **सर्वजन्तुषु** ) સર્વ પ્રાણી પ્રત્યે ( **नैर्घृण्यं** ) નિર્દયતા અને ( **निन्दिते चरणे** ) દુષિત ચારિત્રના અનુષ્ઠાનમાં ( **रागः** ) રાગ ( આ બધું ) ( **पाप-बन्ध-विधायकः** ) પાપ-બંધ કરનાર છે.

**વ્યાખ્યાઃ**— અહીં સાર રૂપે પાપ-બંધના કારણોનો ઉલ્લેખ કરતાં તેમને પણ ત્રણ પ્રકારનાં બતાવ્યાં છે.- એક ઇષ્ટ-પૂજ્યો પ્રત્યે નિંદાનો ભાવ, બીજું સર્વ પ્રાણીઓ પ્રત્યે નિર્દયતા-હિંસાનો ભાવ અને ત્રીજું નિન્દિત ચારિત્રમાં અનુરાગ. નિન્દત ચારિત્રનો અભિપ્રાય પ્રાયઃ તે ચારિત્રથી છે જે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પર-પદાર્થોમાં ગાઢ મમત્વ રૂપે જાણવા-ઓળખવામાં આવે છે. ૩૮.

---

૧. **पुण्णफला अरहंता** ( પ્રવચનસાર ),
'**सर्वातिशायि पुण्यं तत् त्रैलोक्याधिपतित्वकृत**' ।—( શ્લોક વાર્તિક )
૨. आ ટિપ્પણમાં '**पूज्येषु**' ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પુણ્ય-પાપમાં ભેદ-દૃષ્ટિ.

**सुखासुख-विधानेन[1] विशेषः पुण्य-पापयोः ।**
**नित्य-सौख्यम पश्यद्भिर्मन्यते मुग्ध बुद्धिभिः ॥३९॥**

**શબ્દાર્થ:—** ( **नित्य-सौख्यमपश्यद्भिः** ) જેમને શાશ્વત સુખનું દર્શન થતું નથી તે ( **मुग्धबुद्धिभिः** ) મૂઢ બુદ્ધિવાળાઓ ( **पुण्य-पापयोः** ) પુણ્ય-પાપમાં ( **विशेषः** ) ભેદ ( **सुखासुख-विधानेन** ) સુખ-દુઃખના વિધાનરૂપે ( **मन्यते** ) માને છે-સાંસારિક સુખ કરનારને 'પુણ્ય' અને દુઃખ કરનારને 'પાપ' કહે છે.

**વ્યાખ્યા:—** પુણ્ય અને પાપનો ભેદ સ્પષ્ટ કરતાં અહીં બતાવવામાં આવ્યું છે કે જે પુણ્યને સુખ વિધાયક અને પાપને દુઃખ-વિધાયક માનીને બન્નેમાં ભેદ કરે છે તે સ્વાત્મોત્થિત, સ્વાધીન, શાશ્વત સુખને ન જાણનાર-દેખનાર મૂઢ બુદ્ધિ છે.-અસલી સુખને ન સમજતાં તેમણે નકલી સુખને જે વાસ્તવમાં દુઃખરૂપ જ છે, સુખ માની લીધું છે. ૩૯

## પુણ્ય-પાપમાં અભેદ-દૃષ્ટિ.

**पश्यन्तो जन्म कान्तारे प्रवेशं पुण्य-पापतः ।**
**विशेषं प्रतिपद्यन्ते न तयोः शुद्धबुद्धयः ॥ ४० ॥**

**શબ્દાર્થ:—** ( **पुण्य-पापतः** ) પુણ્ય-પાપના કારણે ( **जन्मकान्तारे** ) સંસાર-વનમાં ( **प्रवेशं** ) પ્રવેશ થાય છે, ( **पश्यन्तो** ) એ જોનાર ( **शुद्धबुद्धयः** ) જે શુદ્ધબુદ્ધિ છે તે ( **तयोः** ) પુણ્ય-પાપમાં ( **विशेषं** ) ભેદ ( **न प्रतिपद्यन्ते** ) કરતા નથી- બન્નેને સંસાર-વનમાં ભ્રમણ કરાવવાની દૃષ્ટિએ સમાન સમજે છે.

**વ્યાખ્યા:—** જે શુદ્ધ-બુદ્ધિ-સમ્યગ્દૃષ્ટિ છે તે, પુણ્ય-અને પાપ બન્નેય જીવને સંસાર-વનમાં પ્રવેશ કરાવીને-તેને આમતેમ ભટકાવીને દુઃખી કરનાર છે એમ જોઇને, બન્નેમાં કોઈ વાસ્તવિક ભેદ માનતા નથી- બન્નેને સોના-લોઢાની બેડી સમાન પરાધીન કરનાર બંધન સમજે છે. ભલે પુણ્યથી કાંઈક સાંસારિક સુખ મળે; પરંતુ તે સુખનું પરાધીનતા-મય સ્વરૂપ અને તેની ક્ષણભંગુરતા આદિ જોતાં તેને વાસ્તવિક સુખ કહી શકાતું નથી. ૪૦

---

૧. मु सुखदुःखविधानेन ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## નિર્વૃતિને પાત્ર યોગી.

विषय-सुखतो व्यावृत्य[1] स्व-स्वरूपमवस्थितस्-
त्यजति धिषणां धर्माधर्म-प्रबन्ध-निबन्धिनीम्[2] ।
जनन-गहने दुःखव्याघ्रे प्रवेशपटीयसीं
कलिल-विकलं लब्ध्वात्मानं स गच्छति निर्वृतिम् ॥ ४१ ॥

**શબ્દાર્થ:—** જે (**योगी**) (**विषय-सुखतो**) વિષયસુખથી (**व्यावृत्य**) નિવૃત્ત થઈને (**स्व-स्वरूपमवथितस्र**) પોતાના આત્મસ્વરૂપમાં અવસ્થિત થાય છે અને (**धर्माधर्म-प्रबन्ध-निबन्धिनीम्**) ધર્માધર્મરૂપ પુણ્ય-પાપ ના બંધની કારણભૂત (**धिषणां**) તે બુદ્ધિનો (**त्यजति**) ત્યાગ કરે છે જે (**दुःखव्याघ्र**) દુઃખરૂપી વ્યાઘ્રથી વ્યાપ્ત (**जनन-गहने**) ગહન સંસાર વનમાં (**प्रवेश पटीयसीं**) પ્રવેશ કરાવનારી છે, (**स**) તે (**कलिल-विकलं**) કર્મ રહિત (વિવિક્ત) (**आत्मानं**) આત્માને (**लब्ध्वा**) પામીને (**निर्वृतिम्**) મોક્ષ (**गच्छति**) પામે છે.

**વ્યાખ્યા:—** આ બંધાધિકારનું ઉપસંહાર-પદ્ય છે. આમાં તે બુદ્ધિ-જેનો અધિકારમાં કાંઈક વિસ્તારથી નિર્દેશ છે- તેનો સંક્ષેપમાં ઉલ્લેખ છે અને તેને પુણ્ય-પાપનો બંધ કરાવનારી તથા દુઃખરૂપ વ્યાઘ્રસમૂહથી વ્યાપ્ત સંસારના ગહન વનમાં પ્રવેશ કરાવનારી કહી છે. આ બુદ્ધિને તે જ યોગી ત્યાગવામાં સમર્થ થાય છે જે ઇન્દ્રિય-વિષયોના સુખને વાસ્તવિક સુખ ન માનતાં તેનાથી વિરક્ત અને નિવૃત્ત થઈને પોતાના આત્મસ્વરૂપમાં સ્થિત થાય છે અને જે આત્મસ્વરૂપમાં સ્થિત થાય છે તે જ કર્મકલંકથી રહિત શુદ્ધાત્મતત્ત્વને પ્રાપ્ત થઈને મુક્તિ પામે છે- બંધનથી સર્વથા છૂટી જાય છે.

આ પદ્યમાં યોજાયેલ 'ધર્મ' શબ્દ પુણ્યનો 'અધર્મ' શબ્દ પાપનો અને 'કલિલ' શબ્દ કર્મમળનો વાચક છે. ૪૧

આ રીતે શ્રી અમિતગતિ-નિઃસંગ યોગિરાજ-વિરચિત યોગસાર પ્રાભૃતમાં બંધાધિકાર નામનો ચોથો અધિકાર સમાપ્ત થયો. ૪.

---

૧. आ व्यावृत्य यो ।
૨. व्या धर्माधर्मप्रबन्धनीं ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ⇝ સંવરાધિકાર ⇜

## સંવરનું લક્ષણ અને તેના બે ભેદ.

**कल्मषागमनद्वार–निरोधः संवरो मतः ।**
**भाव–द्रव्यविभेदेन द्विविधः कृतसंवरैः ॥ १ ॥**

શબ્દાર્થઃ—( **कृतसंवरैः** ) જેમણે કર્મનો સંવર કર્યો છે તેમણે ( **कल्मषागमनद्वार–निरोधः** ) કલ્મષોના–કષાયાદિ કર્મમળોના–આગમનદ્વારના નિરોધને ( **संवरो मतः** ) 'સંવર' માન્યો છે અને તે ( **भाव–द्रव्यविभेदेन** ) ભાવ–દ્રવ્યના ભેદથી ( **द्विविधः** ) બે પ્રકારનો કહેવામાં આવ્યો છે–એક ભાવસંવર, બીજો દ્રવ્ય સંવર.

વ્યાખ્યાઃ—સંવરાધિકારનો પ્રારંભ કરતાં અહીં સૌથી પહેલાં સંવર તત્ત્વનું લક્ષણ આપ્યું છે અને પછી તેના દ્રવ્યસંવર તથા ભાવસંવર એવા બે ભેદ કરવામાં આવ્યા છે. 'કલ્મષોનાં આગમન–દ્વારોનો નિરોધ' તે સંવરનું લક્ષણ છે. આમા 'કલ્મષ' શબ્દ કષાયાદિ બધા કર્મમળોનો વાચક છે અને 'આગમનદ્વાર' શબ્દ આત્મામાં કર્મમળોના પ્રવેશ માટે હેતુભૂત જે મન–વચન–કાયાના વ્યાપારરૂપ આસ્રવ છે તેનો દ્યોતક છે. તેથીજ મોક્ષ-શાસ્ત્રમાં સૂત્ર રૂપે '**आस्रवनिरोधः संवरः**' એટલું જ સંવરનું લક્ષણ આપ્યું છે. ૧.

## ભાવ તથા દ્રવ્ય–સંવરનું સ્વરૂપ.

**रोधस्तत्र कषायाणां कथ्यते भावसंवरः ।**
**दुरितास्रवविच्छेदस्तद्रोधे द्रव्यसंवरः ॥ २ ॥**

શબ્દાર્થઃ—( **तत्र** ) સંવરની ઉક્ત ભેદકલ્પનામાં ( **कषायाणां** ) કષાયોનો ( **रोधः** ) નિરોધ ( **भावसंवरः** ) 'ભાવસંવર' ( **कथ्यते** ) કહેવાય છે અને ( **तद्रोधे** ) કષાયોનો નિરોધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતાં ( **दुरितास्रवविच्छेदः** ) જે જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-કર્મોના આસ્રવ ( આગમન )નો વિચ્છેદ થાય છે તે ( **द्रव्यसंवरः** ) 'દ્રવ્યસંવર' કહેવાય છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં સંવરના જે બે ભેદોનો નામોલ્લેખ કરવામાં આવ્યો છે તેમનું આ પદ્યમાં સ્વરૂપ આપવામાં આવ્યું છે. ક્રોધાદિરૂપ કષાયોના નિરોધને 'ભાવસંવર' કહ્યો છે અને કષાયોનો નિરોધ ( ભાવસંવર ) થતાં જે પૌદ્ગલિક કર્મોના આત્મપ્રવેશરૂપ આસ્રવ અટકે છે તેને 'દ્રવ્યસંવર' કહ્યો છે. ૨.

## કષાય અને દ્રવ્યકર્મ બન્નેના અભાવથી પૂર્ણશુદ્ધિ.

**कषायेभ्यो यतः कर्म कषायाः सन्ति कर्मतः ।**
**ततो द्वितयविच्छेदे शुद्धिः संपद्यते परा ॥ ३ ॥**

**શબ્દાર્થ:**—( **यतः** ) કારણકે ( **कषायेभ्यः** ) કષાયોથી ( **कर्म** ) કર્મ અને ( **कर्मतः** ) કર્મથી ( **कषायाः** ) કષાયો ( **सन्ति** ) થાય છે ( **ततः** ) તેથી ( **द्वितय विच्छेदे** ) બન્નેનો વિનાશ થતાં ( આત્મામાં ) ( **परा शुद्धिः** ) પરમ શુદ્ધિ ( **संपद्यते** ) સંપન્ન થાય છે.

**વ્યાખ્યા:**—અહીં આત્મામાં પરમ શુદ્ધિના વિધાનની વ્યવસ્થા કરતાં તેના વિરોધી બે કારણોનો નાશ કરવાની વાત કહેવામાં આવી છે-એક કષાય ભાવોની અને બીજી દ્રવ્ય કર્મોની; કેમ કે એકના નિમિત્તે બીજાનો ઉત્પાદ થાય છે. જ્યારે બન્ને ય નહિ રહે ત્યારે આત્મામાં પૂર્ણ શુદ્ધિ બની શકશે. ૩.

## કષાય-ત્યાગની ઉપયોગિતાનો સહેતુક નિર્દેશ.

**कषायाकुलितो जीवः परद्रव्ये प्रवर्तते ।**
**परद्रव्य प्रवृत्तस्य स्वात्मबोधः प्रहीयते ॥ ४ ॥**
**प्रहीण-स्वात्म-बोधस्य मिथ्यात्वं वर्धते यतः ।**
**कारणं कर्मबन्धस्य कषायस्त्यज्यते ततः ॥ ५ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થઃ— ( **कषायाकुलितो** ) કષાયથી આકુળ થયેલો ( **जीवः** ) જીવ( **परद्रव्ये** ) પરદ્રવ્યમાં ( **प्रवर्तते** ) પ્રવૃત્ત થાય છે, ( **परद्रव्यप्रवृत्तस्य** ) જે પર-દ્રવ્યમાં પ્રવૃત્ત થાય છે તેનું ( **स्वात्मबोधः** ) સ્વાત્મજ્ઞાન ( **प्रहीयते** ) ક્ષીણ થાય છે, ( **यतः** ) કારણ કે ( **प्रहीण-स्वात्म-बोधस्य** ) જેનું સ્વાત્મજ્ઞાન ક્ષીણ થાય છે તેને ( **मिथ्यात्वं** ) મિથ્યાત્વ ( **वर्धते** ) વધી જાય છે, ( **कर्मबन्धस्य कारणं** ) કે જે કર્મબંધનું કારણ છે, ( **ततः** ) તેથી જ ( **कषायः** ) કષાયનો ( **त्यज्यते** ) ત્યાગ કરવામાં આવે છે.

વ્યાખ્યાઃ—આ બન્ને પદ્યોમાં કષાયોના ત્યાગની ઉપયોગિતાનો સહેતુક નિર્દેશ કર્યો છે-કહ્યું છે કે કષાયો જીવને વ્યાકુળ-બેચેન અને પરેશાન કરે છે, કષાયોથી વ્યાકુળ થયેલો જીવ પરદ્રવ્યોમાં પ્રવૃત્ત થાય છે, જે જીવ પરદ્રવ્યોમાં વિશેષરૂપે રત રહે છે તેનું આત્મજ્ઞાન ક્ષીણ થઈ જાય છે, અને જેનું સ્વાત્મજ્ઞાન ક્ષીણ થઈ જાય છે તેને મિથ્યાત્વ રૂપ દૃષ્ટિ-વિકાર વધી જાય છે, કે જે કર્મબંધનું પ્રધાન કારણ છે તેથી કષાયભાવ અનેક દૃષ્ટિએ ત્યાગ કરવાને યોગ્ય છે. ૪-૫.

## કષાય—ક્ષપણમાં સમર્થ યોગી.

**निष्कषायो निरारम्भः स्वान्य-द्रव्य-विवेचकः ।**
**धर्माधर्म-निराकाङ्क्षो लोकाचार-निरुत्सुकः ॥ ६ ॥**
**विशुद्धदर्शनज्ञान चारित्रमयमुज्ज्वलम् ।**
**यो ध्यायत्यात्मनात्मानं कषायं क्षपयत्यसो ॥७॥**

શબ્દાર્થઃ—( **यो निष्कषायो** ) જે ( યોગી ) કષાયહીન છે, ( **निरारम्भः** ) આરંભ-રહિત છે, ( **स्वान्य-द्रव्य-विवेचकः** ) સ્વ-પરદ્રવ્યના વિવેક સહિત છે, ( **धर्माधर्म-निराकाङ्क्षो** ) પુણ્ય-પાપરૂપ ધર્મ-અધર્મની આકાંક્ષા રાખતો નથી, ( **लोका-चार-निरुत्सुकः** ) લોકાચારના વિષયમાં નિરુત્સુક છે અને ( **विशुद्धदर्शनज्ञानचारित्रमयमुज्ज्वलम्** ) વિશુદ્ધ દર્શન જ્ઞાન ચારિત્રમય નિર્મળ ( **आत्मानं** ) આત્માને ( **आत्मना** ) આત્મા દ્વારા ( **ध्यायति** ) ધ્યાવે છે ( **असौ** ) તે ( **कषायं** ) કષાયનો ( **क्षपयति** ) ક્ષય કરે છે.

વ્યાખ્યાઃ—કયો યોગી કષાયનો ક્ષય કરવામાં સમર્થ થાય છે? એ એક પ્રશ્ન છે જેના સમાધાન માટે જ આ બન્ને પદ્યોની રચના થયેલી જણાય છે. જે કષાયનો ઉદય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવતાં કષાયરૂપ પરિણમતો નથી અથવા ઘણો મંદકષાયી છે, સર્વ પ્રકારના આરંભ-સાવદ્યકર્મોથી રહિત છે, સ્વ-પરના વિવેકથી યુક્ત છે, જેને પુણ્ય-પાપ બન્નેમાંથી કોઇની પણ ઇચ્છા નથી, એવો યોગી જ્યારે નિર્મળ જ્ઞાન-દર્શનરૂપ ઉજ્જવળ આત્માનું આત્મા દ્વારા ધ્યાન કરે છે ત્યારે તે કષાયની ક્ષપણા અથવા તેનો મૂળમાંથી નાશ કરવાને સમર્થ થાય છે. પરિણામે જે યોગી આ ગુણોથી રહિત છે અથવા આ યોગ્યાચારથી વિપરીત આચરણ કરે છે તે કષાયની ક્ષપણામાં સમર્થ નથી થઇ શકતો અને તેથી તેને સંવર થતો નથી-તે નિરંતર કર્માસ્રવોમાં ડૂબ્યો રહે છે અને તેથી ગ્રંથકારના શબ્દોમાં તેનો ઉદ્ધાર થતો નથી.[૧]

અહીં છઠા પદ્યમાં પ્રયુક્ત ધર્મ-અધર્મ શબ્દ પુણ્ય-પાપના વાચક છે અને 'લોકાચાર' શબ્દ લૌકિક જનોચિત (યોગીજનોને અયોગ્ય) પ્રવૃત્તિઓનો દ્યોતક છે. ૬-૭.

## મૂર્ત-પુદ્‌ગલોમાં રાગ-દ્વેષ કરનાર મૂઢબુદ્ધિ.

**वर्ण-गन्ध-रस-स्पर्श-शब्द युक्तैः शुभाशुभैः ।**
**चेतनाचेतनैर्मूर्तैरमूर्तः[२] पुद्गलैरयम् ॥ ८ ॥**
**शक्यो नेतुं सुखं दुःखं सम्बन्धाभावतः कथम् ।**
**रागद्वेषौ यतस्तत्र क्रियेते मूढमानसैः ॥ ९ ॥**

શબ્દાર્થઃ—(**शुभाशुभैः**) શુભ તથા અશુભ (**वर्ण-गन्ध-रस-स्पर्श-शब्द-युक्तैः**) વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-શબ્દથી યુક્ત, (**चेतनाचेतनैः**) સચેતન કે અચેતન (**मूर्तैः पुद्गलैरयम् अमूर्तः**) મૂર્તિક પુદ્ગલોદ્વારા આ અમૂર્તિક આત્મા (**कथम्**) કેવી રીતે (**सुखं दुःखं**) સુખ દુઃખ (**नेतुं शक्यो**) પ્રાપ્ત કરવાને શક્ય છે? (**सम्बन्धाभावतः**) કેમ કે મૂર્તિક-અમૂર્તિકમાં પરસ્પર સંબંધનો અભાવ છે. (**यतः**) માટે (**मूढमानसैः**) તે મૂઢબુદ્ધિ છે જેઓ (**तत्र**) પુદ્ગલોમાં (**रागद्वेषौ क्रियेते**) રાગ-દ્વેષ કરે છે.

વ્યાખ્યાઃ—અહીં ૯માં પદ્યમાં જે સંબંધના અભાવનો ઉલ્લેખ છે તે તાદાત્મ્ય સંબંધ છે, જેને એકનું બીજામાં મળીને તદ્રૂપ થઈ જવું કહે છે. અમૂર્તિક આત્મા સાથે મૂર્તિક પુદ્ગલોનો આ સંબંધ કદી બનતો નથી. આવી સ્થિતિમાં જે પુદ્ગલ સારા કે બુરા

---

૧. **कर्मास्रव-निमग्नस्य नोत्तारो जायते ततः ॥ ३-४ ॥**

૨. मु रमूर्तैः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તથા શબ્દવાળાં હોય, જીવ સહિત હોય કે જીવ રહિત હોય તે અમૂર્તિક આત્માને સુખ કે દુઃખ કેવી રીતે પહોંચાડી શકે? ન પહોંચાડી શકે. તેથી તે પુદ્ગલોમાં જેઓ રાગ-દ્વેષ કરે છે તેમને બુદ્ધિમાન કેવીરીતે કહી શકાય? તેઓ તો દૃષ્ટિ વિકારને કારણે વસ્તુતત્ત્વને બરાબર ન સમજનાર મૂઢબુદ્ધિ છે. ૮-૯.

## કોઈમાં રોષ-તોષ ન કરવાની સહેતુક પ્રેરણા.

**निग्रहानुग्रहौ कर्तुं कोऽपि शक्तोऽस्ति नात्मनः ।**
**रोष-तोषौ न कुत्रापि कर्तव्याविति तात्त्विकैः ॥ १० ॥**

**શબ્દાર્થ:**—( आत्मनः ) આત્માના ( निग्रहानुग्रहौ ) નિગ્રહ તથા અનુગ્રહ (कर्तुं) કરવામાં ( कोऽपि ) કોઈ પણ (शक्तोऽस्ति न ) સમર્થ નથી તેથી ( तात्त्विकैः ) તત્ત્વજ્ઞાની-ઓએ ( कुत्रापि ) ક્યાંય પણ-કોઈ પણ પરપદાર્થમાં-( रोष-तोषौ) રોષ કે તોષ ( न कर्तव्यौ इति ) ન કરવા જોઈએ.

**વ્યાખ્યા:**—જો વાસ્તવમાં જોવામાં આવે તો કોઈ પણ પુદ્ગલ અથવા પરદ્રવ્ય ( સંબંધ-અભાવને કારણે ) આત્માનો ઉપકાર કે અપકાર કરવામાં સમર્થ નથી, તેથી જે તત્ત્વજ્ઞાની છે તે ઉપકાર કે અપકાર થતાં કોઈ પણ પરદ્રવ્યમાં રાગ-દ્વેષ કરતા નથી અથવા તેમણે ન કરવા જોઈએ. રાગ-દ્વેષ ન કરવાથી તેમના આત્મામાં કર્મો આવતાં અટકશે; સંવર થશે અને આ રીતે આત્માની શુદ્ધિ થશે. ૧૦

## ઉપકાર-અપકાર થતાં કોનામાં રાગ-દ્વેષ કરવા ?

**परस्याचेतनं गात्रं दृश्यते न तु चेतनः ।**
**उपकारेऽपकारे क्व रज्यते क्व विरज्यते ॥ ११ ॥**

**શબ્દાર્થ:**—( परस्य ) બીજાનું ( अचेतनं गात्रं ) અચેતન શરીર ( दृश्यते ) તો દેખાય છે ( न तु चेतनः ) પરંતુ ચેતન આત્મા દેખાતો નથી. ( તેથી ) ( उपकारेऽपकारे ) ઉપકાર-અપકાર થતાં ( क्व रज्यते ) કોનામાં રાગ કરવો ( क्व विरज्यते ) તથા કોનામાં દ્વેષ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—પરનો ચેતન આત્મા જે દેખાતો નથી તે તો રાગ-દ્વેષને પાત્ર નથી, અને જે શરીર દેખાય છે તે (તમારા) રાગ-દ્વેષને કાંઈ સમજતું નથી, તેથી ઉપકાર-અપકાર થતાં કોઇનામાં રાગ-દ્વેષ કરવા વ્યર્થ છે. ૧૧.

## શરીરના ઉપકાર-અપકાર કરનારાઓ પ્રત્યે રાગ-દ્વેષ કેવા ?

**शत्रवः पितरौ दाराः स्वजना भ्रातरोऽङ्गजाः ।**
**निगृह्णन्त्यनुगृह्णन्ति शरीरं, चेतनं न मे ॥ १२ ॥**
**मत्तश्च तत्त्वतो भिन्नं चेतनात्तदचेतनम् ।**
**द्वेषरागौ ततः कर्तुं युक्तौ तेषु कथं मम ॥ १३ ॥**

**શબ્દાર્થઃ**—(शत्रवः) શત્રુઓ, (पितरौ) માતા-પિતા, (दाराः) સ્ત્રીઓ, (भ्रातरः) ભાઈઓ, (अङ्गजाः) પુત્રો અને (स्वजनाः) સ્વજનો (એ બધાં) (शरीरं) મારા શરીરનો (निगृह्णान्ति अनुगृह्णान्ति) અપકાર કે ઉપકાર કરે છે (न मे चेतनं) મારા ચેતનાત્માનો નહિ. (मत्तः चेतनात्) મારા ચેતન આત્માથી (तद् अचेतनं) એ અચેતન શરીર (तत्त्वतः भिन्नं) વાસ્તવમાં ભિન્ન છે (ततः) તેથી (तेषु रागद्वेषौ) તે શત્રુઓ પર દ્વેષ અને સ્વજનાદિમાં રાગ (कर्तुं) કરવો (मम) મારે માટે (कथं युक्तौ) કેવી રીતે ઉચિત હોઇ શકે ? કેમકે તે મારા આત્માનો કોઈ અપકાર તથા ઉપકાર કરતા નથી.

**વ્યાખ્યાઃ**—અહીં સુબુદ્ધ આત્મા રાગ-દ્વેષની નિવૃત્તિ માટે એ ભાવના કરે છે કે જેટલા કોઈ શત્રુ, મિત્ર તથા સગા સંબંધી છે તે બધાં જે કાંઇ પણ નિગ્રહ-અનુગ્રહ અથવા ઉપકાર-અપકાર કરે છે તે શરીરના કરે છે-મારા ચેતનાત્માના નહિ; અને શરીર, કે જે અચેતન છે તે મારા ચેતન આત્માથી વાસ્તવમાં ભિન્ન છે, આવી સ્થિતિમાં તે શત્રુઓ પ્રત્યે દ્વેષ અને તે મિત્રો તથા સગા સંબંધીઓ પ્રત્યે રાગ કરવો મારે માટે કેવી રીતે ઉચિત હોઇ શકે ? હોઇ શકે નહિ. ૧૨-૧૩.

## અદૃશ્ય આત્માઓના અપકાર-ઉપકાર કેવી રીતે ?

**पश्याम्यचेतनं गात्रं यतो न पुनरात्मनः ।**
**निग्रहानुग्रहौ तेषां ततोऽहं विदधे कथम् ॥ १४ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( यतः ) કારણ કે ( अहं ) હું તે શત્રુ-પિતૃ આદિનાં ( अचेतनं गात्रं ) અચેતન શરીર-સમૂહને ( पश्यामि ) દેખું છું ( न पुनः आत्मनः ) તેમના આત્માઓને દેખતો નથી, ( ततः ) તેથી ( तेषां ) તેમના ( निग्रहानुग्रहौ ) નિગ્રહ-અનુગ્રહ ( कथम् विदधे ) હું કેવી રીતે કરું ?—તેમનાં શરીરના નિગ્રહ-અનુગ્રહથી તો તેમના નિગ્રહ-અનુગ્રહ બનતા નથી.

વ્યાખ્યા:—અહીં પણ સુબુદ્ધ આત્માના રાગ-દ્વેષની નિવૃત્તિ માટે તે જ ભાવના ચાલુ છે. અહીં તે પોતાના વિષયમાં વિચરે છે કે હું તો શત્રુ-મિત્રાદિના અચેતન શરીરને જ દેખી શકું છું તેમના આત્માના મને કદી દર્શન થતાં નથી, તો હું તેમનો નિગ્રહ-અનુગ્રહ અથવા ઉપકાર કેવી રીતે કરી શકું ? કરી શકું નહિ. તેથી તેમના અપકાર-ઉપકારનો વિચાર મારો કોરો અહંકાર છે. ૧૪.

## શરીરને આત્માના અપકાર-ઉપકાર કરનાર માનવું તે વ્યર્થ છે.

स्वदेहोऽपि न मे यस्य निग्रहानुग्रहे क्षमः ।
निग्रहानुग्रहौ तस्य कुर्वन्त्यन्ये वृथामतिः ॥१५॥

શબ્દાર્થ:— ( मे ) મારું ( स्वदेहोऽपि ) સ્વશરીર પણ ( यस्य ) જેના ( મારા આત્માના ) ( निग्रहानुग्रहे ) અપકાર-ઉપકારમાં ( न क्षमः ) સમર્થ નથી ( तस्य ) તેના ( निग्रहानुग्रहौ ) અપકાર-ઉપકાર ( अन्ये ) બીજાઓ ( कुर्वन्ति ) કરે છે ( वृथामतिः ) એમ માનવું મારા માટે વ્યર્થ છે.

વ્યાખ્યા:— અહીં યોગી વિચારે છે કે જ્યારે મારું શરીર પણ મારા અપકાર-ઉપકાર કરવામાં સમર્થ નથી તો કોઈ અન્ય મારા અપકાર-ઉપકાર કરે છે એમ માનવું વ્યર્થ છે. ૧૫.

## કોઈના ગુણો આપવા-લેવામાં કોઈ સમર્થ નથી.

शक्यन्ते न गुणाः कर्तुं हर्तुमन्येन मे यतः ।
कर्तुं हर्तुं परस्यापि न पार्यन्ते गुणा मया ॥१६॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मयान्यस्य ममान्येन क्रियतेऽक्रियते गुणः ।**
**मिथ्यैषा कल्पना सर्वा क्रियते मोहिभिस्ततः ॥१७॥**

શબ્દાર્થઃ—( **यतः** ) કારણકે ( **अन्येन** ) પરદ્વારા ( **मे गुणाः** ) મારા ગુણ ( **कर्तुं हर्तुं न शक्यन्ते** ) કરી કે હરી શકાતા નથી અને ( **मया** ) મારા દ્વારા ( **परस्यापि गुणाः** ) પરના ગુણ ( **कर्तुं हर्तुं न पार्यन्ते** ) ઉત્પન્ન કરી કે દૂર કરી શકાતા નથી ( **ततः** ) તેથી ( **अन्येन** ) પર દ્વારા ( **मम गुणः** ) મારા ગુણ અને ( **मया अन्यस्य** ) મારા દ્વારા પરના કોઈ ગુણ–ઉપકાર ( **क्रियते अक्रियते** ) કરવામાં આવે છે અથવા કરવામાં આવતા નથી ( **एषा सर्वा कल्पना** ) એ બધી કલ્પના ( **मिथ्या** ) મિથ્યા છે. કે જે ( **मोहिभिः क्रियते** ) મોહથી અભિભૂત જીવો દ્વારા કરાય છે.

વ્યાખ્યાઃ—અહીં યોગી તાત્ત્વિક અથવા નિશ્ચય દૃષ્ટિએ વિચારે છે કે બીજું કોઇ પણ મારા ગુણો કરવા કે હરવામાં સમર્થ નથી અને ન તો હું કોઈ બીજાના ગુણો કરવા કે હરવામાં સમર્થ છું; તો મેં બીજાનો કે બીજાએ મારો ગુણ કર્યો કે ન કર્યો એ બધા વિકલ્પ–બુદ્ધિ મિથ્યા છે અને તેને તે જ જીવ કરે છે જે દર્શન મોહના ઉદયવશે દૃષ્ટિ વિકાર સહિત છે. અથવા એમ કહો કે સમ્યગ્દૃષ્ટિ ન હોતાં મિથ્યાદૃષ્ટિ છે. ૧૬–૧૭.

### જ્ઞાનાદિ ગુણોનું કોઈના દ્વારા હરણ કે સર્જન ( થતું ) નથી.

**ज्ञान–दृष्टि–चरित्राणि ह्रियन्ते नाक्षगोचरैः ।**
**क्रियन्ते न च गुर्वाद्यैः सेव्यमानैरनारतम् ॥ १८ ॥**
**उपद्यन्ते विनश्यन्ति जीवस्य परिणामिनः ।**
**ततः स्वयं स दाता न, परतो न कदाचन ॥ १९ ॥**

શબ્દાર્થઃ—( **ज्ञान–दृष्टि–चरित्राणि** ) જ્ઞાન, દર્શન અને ચારિત્ર ( ગુણ ) ( **अक्षगोचरैः** ) ઇન્દ્રિયવિષયોદ્વારા ( **न ह्रियन्ते** ) હરી શકાતા નથી ( **च** ) અને ( **अनारतम् सेव्यमानैः** ) નિરંતર સેવા કરવામાં આવેલ ( **गुर्वाद्यैः** ) ગુરુઓ આદિદ્વારા ( **न क्रियन्ते** ) ઉત્પન્ન કરાતા નથી; ( **परिणामिनः जीवस्य** ) પરિણામી જીવને ( પર્યાયદૃષ્ટિએ ) ( **उत्पद्यन्ते** ) એ સ્વયં ઉત્પન્ન થાય છે તથા ( **विनश्यन्ति** ) વિનાશ પામે છે ( **ततः** ) અને તેથી ( **स**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**स्वयं दाता न** ) જીવ સ્વયં એમનો દાતા ( કર્તા-હર્તા ) નથી, ( **न परतो कदाचन** ) અને ન પરને કારણે એમના કદી યે ઉત્પાદ-વ્યય થાય છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં આત્માના જે ગુણોની સૂચના છે તેમનો અહીં જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપે ઉલ્લેખ કર્યો છે, જેમને સમ્યક્ વિશેષણથી વિશિષ્ટ સમજવા જોઇએ; ત્યારે જ તે ગુણોની કોટિમાં આવે છે, નહિતર મિથ્યાદર્શનાદિક ગુણ ન હોઇને અવગુણ અથવા દોષ કહેવાય છે. આ સમ્યગ્દર્શનાદિ ગુણોને ન તો ઇન્દ્રિયોના સ્પર્શનાદિ વિષય હરે છે-ઇન્દ્રિય-વિષયોના સેવનથી તેમનો નાશ થઈ જતો નથી-અને ન નિરંતર સેવા કરવામાં આવેલ ગુરુજનાદિક તેમને ઉત્પન્ન કરે છે. જે જીવ પરિણમનશીલ છે તેમને આ ગુણ પર્યાયદૃષ્ટિએ ઉત્પન્ન થાય છે તથા વિનાશ પામે છે-દ્રવ્યદૃષ્ટિએ નહિ. દ્રવ્યની અપેક્ષાએ કોઇ પણ વસ્તુ ન કદી ઉત્પન્ન થાય છે કે ન કદી નાશ પામે છે, ઉત્પાદ અને વ્યય પર્યાયોમાં-અવસ્થાઓમાં-થયા કરે છે. આવી સ્થિતિમાં જીવ સ્વયં પણ આ ગુણોનો કર્તા-હર્તા નથી અને ન કદી પરના કારણે આ ગુણોનો આત્મામાં નવો ઉત્પાદ અથવા મૂળમાંથી વિનાશ થાય છે. ૧૮-૧૯.

## શરીરાદિ વ્યવહારથી મારાં છે નિશ્ચયથી નહિ.

**शरीरमिन्द्रियं द्रव्यं विषयो विभवो[1] विभुः ।**
**ममेति व्यवहारेण भण्यते न च तत्त्वतः ॥ २० ॥**
**तत्त्वतो यदि जायन्ते तस्य ते न तदा भिदा ।**
**दृश्यते, दृश्यते चासौ ततस्तस्य न ते मताः ॥ २१ ॥**

**શબ્દાર્થ**:—( **मम** ) મારું ( **शरीरं** ) શરીર, ( **इन्द्रियं** ) મારી ઇન્દ્રિયો, ( **द्रव्यं** ) મારું દ્રવ્ય, ( **विषयः** ) મારો વિષય ( **विभवो** ) મારો વૈભવ, ( **विभुः** ) મારો સ્વામી ( **इति व्यवहारेण भण्यते** ) એ બધું વ્યવહારથી-વ્યવહારનયની અપેક્ષાએ-કહેવામાં આવે છે, ( **न च तत्त्वतः** ) તત્ત્વથી નહિ-નિશ્ચયનયની અપેક્ષાએ કહેવામાં આવતું નથી. ( **यदि** ) જો ( **ते** ) તે બધા ( **तत्त्वतः** ) તત્ત્વદૃષ્ટિએ ( **तस्य जायन्ते** ) આત્માના હોય છે એમ માનવામાં આવે ( **न तदा भिदा दृश्यते** ) તો આત્મા અને શરીરાદિકમાં ભેદ દેખાવો ન જોઇએ, ( **च असौ दृश्यते** ) પરંતુ ભેદ સ્પષ્ટ નજરે પડે છે ( **ततः** ) તેથી ( **ते** ) તે ( **तस्य** ) આત્માનાં ( **न मताः** ) માનવામાં આવ્યાં નથી.

---

[1] आ विभयो ।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—શરીર-ઇન્દ્રિયો, ધનાદિક દ્રવ્યો, ઇન્દ્રિય વિષયો, વૈભવ અને વિભુ ( સ્વામી ) ને વ્યવહારનયની દષ્ટિએ મારા કહેવામાં આવે છે તાત્ત્વિક દષ્ટિએ નહિ. જો તાત્ત્વિક દષ્ટિએ તેમને આત્માના માનવામાં આવે તો પછી આત્માથી તેમનો ભેદ ( જુદાપણું ) બનતો નથી, પરંતુ ભેદ સ્પષ્ટ નજરે પડે છે તેથી તે શરીરાદિક આત્માનાં નથી અને ન નિશ્ચયદષ્ટિએ તેમને આત્માનાં માનવામાં આવ્યાં છે. ૨૦-૨૧.

## બન્ને નયોથી સ્વ-પરને જાણવાનું ફળ.

विज्ञायेति तयोर्द्रव्यं परं स्वं मन्यते सदा ।
आत्म-तत्त्व-रतो योगी[2] विदधाति स संवरम् ॥ २२ ॥

શબ્દાર્થઃ—( इति ) આ રીતે વ્યવહાર તથા નિશ્ચયનયની દષ્ટિએ ( तयोः विज्ञाय ) આત્મા અને શરીરાદિ બન્નેનો ભેદ જાણીને જે યોગી ( सदा ) સદા ( स्वं परं द्रव्यं ) સ્વ-દ્રવ્યને સ્વરૂપે અને પરદ્રવ્યને પર રૂપે ( मन्यते ) માને છે ( स ) તે ( आत्म-तत्त्व-रतो योगी ) આત્મ-તત્ત્વમાં લીન થયેલ યોગી ( संवरम् ) સદા સંવર ( विदधाति ) કરે છે-કર્મોના આસ્રવને રોકે છે.

વ્યાખ્યાઃ—અહીં પાછલા કથનનો સાર ખેંચતાં અને તેને સંવર તત્ત્વ સાથે મેળવતાં આ સૂચના કરી છે કે જે પૂર્વોક્ત પ્રકારે નિશ્ચય અને વ્યવહાર બન્ને નયોદ્વારા સ્વ-પરનો ભેદ જાણીને આત્મતત્ત્વમાં લીન થયેલ યોગી સદા સ્વદ્રવ્યને પોતાનું અને પર-દ્રવ્યને પારકું માને છે તે શુભાશુભ કર્મોના આસ્રવને રોકનાર સંવરનો વિધાતા થાય છે. ૨૨

## દ્રવ્ય-પર્યાયની અપેક્ષાએ કર્મ-ફળ ભોગની વ્યવસ્થા.

विदधाति परो जीवः किंचित्कर्म शुभाशुभम् ।
पर्यायापेक्षया भुङ्क्ते फलं तस्य पुनः परः ॥ २३ ॥
य एव कुरुते कर्म किंचिज्जीवः शुभाशुभम् ।

---

૨. आ जोगी ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स एव भजते तस्य द्रव्यार्थापेक्षया फलम् ॥ २४ ॥
मनुष्यः कुरुते पुण्यं देवो वेदयते फलम् ।
आत्मा वा कुरुते पुण्यमात्मा वेदयते फलम् ॥ २५ ॥
नित्यानित्यात्मके जीवे तत्सर्वमुपपद्यते ।
न किंचिद् घटते तत्र नित्येऽनित्ये च सर्वथा ॥ २६ ॥

**શબ્દાર્થ:**—( **पर्यायापेक्षया** ) પર્યાયાર્થિક નયની અપેક્ષાએ ( **परः जीवः** ) એક જીવ ( **किंचित शुभाशुभं कर्म** ) કાંઈક શુભાશુભ કર્મ ( **विदधाति** ) કરે છે ( **पुनः** ) અને ( **तस्य** ) તેનું ( **फलं** ) ફળ ( **परः** ) બીજો ( **भुङ्क्ते** ) ભોગવે છે. ( **द्रव्यार्थापेक्षया** ) દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ ( **यः एव जीवः** ) જે જીવ ( **किंचित् शुभाशुभं कर्म** ) કાંઇ શુભ-અશુભ કર્મ કરે છે ( **स एव** ) તે જ ( **तस्य फलं** ) તેનું ફળ ( **भजते** ) ભોગવે છે. જેમકે ( **मनुष्यः** ) મનુષ્ય ( **पुण्यं कुरुते** ) પુણ્યકર્મ કરે છે ( **देवः** ) દેવ તેનું ( **फलं वेदयते** ) ફળ ભોગવે છે ( **वा** ) અથવા ( **आत्मा** ) આત્મા ( **पुण्यं कुरुते** ) પુણ્ય કર્મ કરે છે ( **आत्मां फलं वेदयते** ) અને આત્મા જ તેનું ફળ ભોગવે છે. ( **नित्यानित्यात्मके जीवे** ) જીવને કથંચિત્ નિત્ય-અનિત્ય માનતાં ( **तत्सर्वं** ) ઉક્ત સર્વ કથન ( **उपपद्यते** ) બરાબર ઘટે છે, ( **च सर्वथा नित्येऽनित्ये** ) અને સર્વથા નિત્ય કે અનિત્ય માનતાં ( **नकिंचित् तत्र घटते** ) કાંઈ પણ ઘટિત થતું નથી.

**વ્યાખ્યા:**—આ પદ્યોમાં દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ કોઈનાં કરેલાં શુભ-અશુભ કર્મોના ફળનો ભોક્તા કોણ? આ વિષયને સ્પષ્ટ કરતાં બતાવ્યું છે કે પર્યાયની અપેક્ષાએ તો એક જીવ કર્મ કરે છે અને બીજો જીવ તેનું ફળ ભોગવે છે, જેમકે મનુષ્ય જીવે સંયમ-તપ આદિદ્વારા પુણ્યોપાર્જન કર્યું અને દેવ જીવે તેનું ફળ ભોગવ્યું-પર્યાયદૃષ્ટિએ મનુષ્ય જીવ અને દેવ જીવ જુદા જુદા છે. પરંતુ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ જે જીવ શુભ કે અશુભ કર્મ કરે છે તે જ તેનું ફળ ભોગવે છે, ભલે કોઈ પણ પર્યાયમાં કેમ ન હોય, જે જીવે મનુષ્ય પર્યાયમાં તપ-સંયમાદિદ્વારા પુણ્યોપાર્જન કર્યું તે જ જીવ મરીને દેવગતિમાં ગયો અને ત્યાં તેણે પોતાના તે પૂર્વકૃત પુણ્યનું ફળ ભોગવ્યું. જીવને દ્રવ્યદૃષ્ટિએ નિત્ય અને પર્યાય દૃષ્ટિએ અનિત્ય માનતાં આ બધું જ બરાબર બંધ બેસે છે, પરંતુ જીવને સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય માનતાં આમાંનું કાંઇ પણ બંધ બેસતું થતું નથી; કેમ કે સર્વથા નિત્યમાં પરિણામ, વિક્રિયા, એક અવસ્થામાંથી બીજી અવસ્થા કાંઇ પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બનતું નથી. અને સર્વથા અનિત્યમાં જ્યારે જીવનો ક્ષણમાત્રમાં મૂળમાંથી નિરન્વય વિનાશ થઇ જાય છે ત્યારે તે પોતાના કરેલા કર્મનું ફળ કેવી રીતે ભોગવી શકે? તેને પરલોકગમન તથા અન્ય શરીર-ધારણાદિ જ નથી બની શકતાં. બીજા પણ કેટલાય દોષ આ સર્વથા અનિત્ય (ક્ષણિક એકાન્ત) ની માન્યતામાં આવે છે, જેના જ્ઞાન માટે સમન્તભદ્ર સ્વામીના દેવાગમ અને તેમની અષ્ટશતી, અષ્ટસહસ્રી આદિ ટીકાઓ જોવી જોઇએ. ૨૩-૨૪-૨૫-૨૬.

## આત્મા ઔદયિક ભાવો દ્વારા કર્મનો કર્તા તથા ફળનો ભોક્તા.

**चेतनः कुरुते भुङ्क्ते भावैरौदयिकैरयम् ।**
**न विधत्ते न वा भुङ्क्ते किंचित्कर्म तदत्यये ॥ २७ ॥**

**શબ્દાર્થ:**— (**अयं चेतनः**) આ ચેતન આત્મા (**औदयिकैः भावैः**) ઔદયિક ભાવો દ્વારા-કર્મોના ઉદયનું નિમિત્ત પામીને ઉત્પન્ન થનાર પરિણામોના સહયોગથી- (**कुरुते भुङ्क्ते**) કર્મ કરે છે અને તેનું ફળ ભોગવે છે. (**तदत्यये**) ઔદયિક ભાવોનો અભાવ થતાં (**किंचित्कर्म**) તે કોઈ કર્મ (**न विधत्ते न वा भुङ्क्ते**) નથી કરતો કે નથી તેનું ફળ ભોગવતો.[૧]

**વ્યાખ્યા:**— આ ચેતન આત્મા કોના દ્વારા અચેતન કર્મોનો કર્તા તથા ભોક્તા છે. આ એક પ્રશ્ન છે, જેના સમાધાન માટે જ આ પદ્યની રચના થયેલી જણાય છે. પદ્યમાં બતાવ્યું છે કે જીવ પોતાના ઔદયિક ભાવો દ્વારા-તેમના નિમિત્તથી જ કર્મોનો કર્તા તથા ભોક્તા છે. ઔદયિક ભાવોનો અભાવ થઇ જતાં આ જીવ ન કોઇ કર્મ કરે છે અને ન કોઇ કર્મનું ફળ ભોગવે છે. ઔદયિક ભાવ મોક્ષશાસ્ત્ર આદિમાં એકવીસ કહેવામાં આવ્યા છે, જેમનાં નામ છે:- ૧ નરકગતિ, ૨ તિર્યંચ ગતિ, ૩ મનુષ્ય-ગતિ, ૪ દેવગતિ, ૫ ક્રોધકષાય, ૬ માનકષાય, ૭ માયાકષાય, ૮ લોભકષાય, ૯ સ્ત્રીવેદ, ૧૦ પુરુષવેદ, ૧૧ નપુંસકવેદ, ૧૨ મિથ્યાદર્શન, ૧૩ અજ્ઞાન, ૧૪ અસંયમ, ૧૫ અસિદ્ધ, ૧૬ કૃષ્ણ લેશ્યા, ૧૭ નીલ લેશ્યા, ૧૮ કપોત લેશ્યા, ૧૯ પીત લેશ્યા, ૨૦ પદ્મલેશ્યા, ૨૧ શુક્લ લેશ્યા. નરકગતિ આદિ રૂપ ગતિ નામકર્મના ઉદયથી ઉત્પન્ન નારકાદિ ચાર ભાવ ઔદયિક હોય છે; ક્રોધાદિ જનક કષાય કર્મોના ઉદયથી ઉત્પન્ન ક્રોધાદિ રૂપ ચાર ભાવ પણ

---

૧. गति-कषाय-लिङ्ग-मिथ्यादर्शनज्ञानासंयतासिद्ध-लेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैकषड्भेदा ।
-ત. સૂત્ર ૨.૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઔદયિક હોય છે; સ્ત્રી લિંગાદિ કર્મોના ઉદયથી ઉત્પન્ન સ્ત્રી વેદાદિ ત્રણ પ્રકારના રાગભાવ પણ ઔદયિક હોય છે. મિથ્યાદર્શન કર્મના ઉદયથી ઉત્પન્ન અતત્ત્વશ્રદ્ધાનરૂપ પરિણામ મિથ્યાદર્શન નામનો ઔદયિક ભાવ છે; જ્ઞાનાવરણ કર્મના ઉદયથી ઉત્પન્ન તત્ત્વોના અનવબોધરૂપ અજ્ઞાન નામનો ઔદયિકભાવ છે, ચારિત્ર મોહકર્મના સર્વઘાતિ સ્પર્ધકોના ઉદયથી ઉત્પન્ન અસંયત નામનો ઔદયિક ભાવ છે; કર્મોદય સામાન્યની અપેક્ષાએ ઉત્પન્ન અસિદ્ધ નામનો ઔદયિક ભાવ છે, કષાયોના ઉદયથી અનુરંજિત જે યોગ પ્રવૃત્તિરૂપ કૃષ્ણાદિ છ પ્રકારની ભાવ લેશ્યાઓ છે તે પણ ઔદયિક છે. આ રીતે ઔદયિક ભાવ ૨૧ પ્રકારના છે.૨ ૨૭.

## ઇન્દ્રિય–વિષય આત્માનું કાંઇ કરતા નથી.

**पञ्चाक्षविषयाः किंचिन् नास्या कुर्वन्त्यचेतनाः**
**मन्यते स विकल्पेन सुखदा दुःखदा मम ॥ २८ ॥**

**શબ્દાર્થ:—** ( **पञ्चाक्षविषयाः** ) પાંચે ઇન્દ્રિયોના વિષય ( **अचेतनाः** ) કે જે અચેતન છે, ( **अस्य** ) આ આત્માનું ( **किंचित् न कुर्वन्ति** ) કાંઇ પણ (ઉપકાર કે અપકાર) કરતા નથી. ( **स** ) આત્મા ( **विकल्पेन** ) વિકલ્પ બુદ્ધિથી (ભ્રમવશ) તેમને ( **मम** ) પોતાના ( **सुखदा** ) સુખદાતા તથા ( **दुःखदा** ) દુઃખદાતા ( **मन्यते** ) માને છે.

**વ્યાખ્યા:—** સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અનેશ્રોત્ર એ પાંચ ઇન્દ્રિયો છે. એમના વિષય ક્રમશઃ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ છે. એ પાંચે વિષય ચેતના-રહિત જડ છે, મૂર્તિક છે અને ચેતનામય અમૂર્તિક આત્માનો કાંઇ પણ ઉપકાર કે અપકાર કરતા નથી, છતાં પણ આ આત્મા વિકલ્પથી-ભ્રાન્ત બુદ્ધિથી-તેમને પોતાના સુખના દાતા તથા દુઃખના દાતા માને છે. ૨૮.

## દ્રવ્યના ગુણ–પર્યાય સંકલ્પ વિના ઇષ્ટ અનિષ્ટ નથી થતા.

**न द्रव्यगुणपर्यायाः संप्राप्ता बुद्धिगोचरम् ।**
**इष्टानिष्टाय जायन्ते संकल्पेन विना कृताः ॥ २९ ॥**

૨ દેખો, સર્વાર્થસિદ્ધિ, તત્ત્વાર્થસૂત્ર આદિની ટીકાઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( बुद्धिगोचरम् संप्राप्ता ) બુદ્ધિગોચર થયેલા ( द्रव्यगुणपर्यायाः ) દ્રવ્યના ગુણ-પર્યાય ( विना संकल्पेन कृताः ) સંકલ્પ કર્યા વિના ( इष्टानिष्टाय न जायन्ते ) આત્માને ઇષ્ટ કે અનિષ્ટરૂપ થતા નથી-સંકલ્પ અથવા ભ્રાન્ત કલ્પના દ્વારા જ તેમને ઈષ્ટ કે અનિષ્ટ બનાવાય છે.

વ્યાખ્યા:—કોઇ પણ પરદ્રવ્યનો કોઇ પણ ગુણ કે પર્યાય પોતાના આત્મા માટે વાસ્તવમાં ઈષ્ટ કે અનિષ્ટ થતો નથી, નકામી કલ્પના દ્વારા તેને ઇષ્ટ કે અનિષ્ટ માની લેવામાં આવે છે અને એના કારણે આ જીવ કષ્ટ ઉઠાવે છે. તેથી પર પદાર્થમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના છોડવા યોગ્ય છે. ૨૯.

## નિન્દા-સ્તુતિના વચનોથી રોષ-તોષ પામવો વ્યર્થ છે.

**न निन्दा-स्तुति-वाक्यानि श्रूयमाणानि कुर्वते ।**
**संबन्धाभावतः किंचिद् रुष्यते तुष्यते वृथा ॥ ३० ॥**

શબ્દાર્થ:—( श्रूयमाणानि ) સાંભળવામાં આવતાં ( निन्दास्तुति-वाक्यानि ) નિન્દા કે સ્તુતિરૂપ વચનો ( न किंचिद् कुर्वते ) આત્માને કાંઇ કરતા નથી; ( संबन्धाभावतः ) કેમકે વચનો મૂર્તિક હોવાથી અમૂર્તિક આત્મા સાથે તેમના સંબંધનો અભાવ છે. તેથી ( वृथा रुष्यते तुष्यते ) નિંદા-સ્તુતિરૂપ વચનો સાંભળીને વૃથા જ રોષ-તોષ કરવામાં આવે છે.

વ્યાખ્યા:—નિંદા તથા સ્તુતિના જે કોઇ વચન સાંભળવામાં આવે છે તે બધાં પૌદ્ગલિક તથા મૂર્તિક હોવાથી પોતાના આત્મા સાથે તેમનો વાસ્તવમાં સંબંધ થઇ શકતો નથી અને તેથી તેઓ પોતાના આત્માનો ઉપકાર કે અપકાર કરતાં નથી; તેથી તેમને સાંભળીને રુષ્ટ થવું કે સંતુષ્ટ થવું એ એક આત્મસાધના કરનાર યોગીને માટે વ્યર્થ છે. ૩૦.

## મોહના દોષથી બાહ્યવસ્તુ સુખ-દુઃખની દાતા.

**आत्मनः सकलं बाह्यं शर्माशर्मविधायकम् ।**
**क्रियते मोहदोषेणापरथा न कदाचन ॥ ३१ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **मोहदोषेण** ) મોહના દોષથી ( **सकलं बाह्यं** ) સમ્પૂર્ણ બાહ્ય પદાર્થોનો સમૂહ ( **आत्मनः** ) આત્માના ( **शर्माशर्मविधायकम्** ) સુખ-દુઃખનો વિધાતા ( **क्रियते** ) કરાય છે, ( **अपरथा** ) અન્યથા-મોહના અભાવમાં-( **न कदाचन** ) કદી પણ તેમ કરવામાં આવતું નથી.

**વ્યાખ્યા:**—સમ્પૂર્ણ બાહ્ય પદાર્થોને પોતાના આત્માના જે સુખ-દુઃખ-દાતા કલ્પવામાં આવે છે તે બધો મોહનો દોષ છે-મોહ કર્મના ઉદયવશ જે દૃષ્ટિ વિકારાદિ ઉત્પન્ન થાય છે તેને જ કારણે આવી મિથ્યા માન્યતા બને છે,-મોહના અભાવમાં આવું કદી બનતું નથી. ૩૧.

## વચનદ્વારા વાસ્તવમાં કોઈની નિન્દા કે સ્તુતિ થતી નથી.

**नाञ्जसा वचसा कोऽपि निन्द्यते स्तूयतेऽपि वा ।**
**निन्दितोऽहं स्तुतोऽहं वा मन्यते मोहयोगतः ॥ ३२ ॥**

**શબ્દાર્થ:**—( **अञ्जसा** ) વાસ્તવમાં ( **वचसा** ) વચન દ્વારા ( **कोऽपि** ) કોઇ પણ આત્મા ( **न निन्द्यते स्तूयतेऽपि वा** ) નિંદા કે સ્તુતિને પ્રાપ્ત થતો નથી. ( **निन्दितोऽहं** ) મારી નિંદા કરવામાં આવી છે ( **वा** ) કે ( **स्तुतोऽहं** ) કે મારી સ્તુતિ કરવામાં આવી છે એમ ( આત્મા ) ( **मोहयोगतः मन्यते** ) મોહના યોગથી માને છે.

**વ્યાખ્યા:**—વાસ્તવમાં વચન દ્વારા કોઈ નિન્દિત કે સ્તુત્ય નથી થતું; કારણ કે મૂર્તિક વચનનો અમૂર્તિક આત્મા સાથે સંબંધ બનતો નથી. આવી સ્થિતિમાં અમુકે મારી નિંદા કરી, અમુકે મારી પ્રશંસા કરી, આ જગતની માન્યતા કેવળ મોહ સાથે સંબંધ રાખે છે-મોહી જીવ તે નિંદા-સ્તુતિનો સંબંધ એમ જ પોતાની સાથે જોડી લે છે અને આ રીતે નકામો જ હર્ષ-વિષાદના ચક્કરમાં પડીને વ્યાકુળ થાય છે. ૩૨.

## પરના દોષ કે ગુણોના કારણે હર્ષ-વિષાદ થતો નથી.

***नानन्दो वा विषादो वा परे संक्रान्त्यभावतः ।**
**परदोष-गुणैर्नूनं कदाचिन् न विधीयते ॥ ३३ ॥**

* અહીં **नानन्दो** ને બદલે **आनन्दो** હોવું જોઇએ તેમ લાગે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થઃ—( **नूनं परदोष-गुणैः** ) ખરેખર પરદ્રવ્યના દોષ તથા ગુણોથી આત્માનો ( **कदाचिन्** ) કદી ( **आनन्दो वा विषादो वा** ) આનંદ તથા વિષાદ ( **न विधीयते** ) બનતો નથી; કેમ કે ( **परे संक्रान्त्यभावतः** ) તે દોષ તથા ગુણોના આત્મામાં સંક્રમણ નો અભાવ છે-પરના તે દોષ કે ગુણ આત્મામાં પ્રવેશતા નથી.

વ્યાખ્યાઃ—પર દ્રવ્યોના ગુણ તથા દોષ પોતાના આત્મામાં કદી સંક્રમણ પામતા નથી, તેથી તેમનાદ્વારા વાસ્તવમાં આત્માના આનંદ તથા વિષાદની કોઈ ઉત્પત્તિ થતી નથી. તેથી તેમનાથી આત્માના આનંદ તથા વિષાદની ઉત્પત્તિ માનવી તે વ્યર્થ છે એકમાત્ર મોહનું પરિણામ છે. ૩૩.

## પરના ચિંતનથી ઇષ્ટ-અનિષ્ટ થતું નથી.

**अयं मेऽनिष्टमिष्टं वा ध्यायतीति वृथा मतिः ।**
**पीड्यते पाल्यते वापि न परः परचिन्तया ॥ ३४ ॥**

શબ્દાર્થઃ—( **अयं मे अनिष्टं** ) આ મારું અનિષ્ટ ( અહિત ) અથવા ( **इष्टं** ) ઇષ્ટ ( હિત ) ( **ध्यायति** ) ચિંતન કરે છે, ( **इति वृथा मतिः** ) એ બુદ્ધિ-વિચાર નિરર્થક છે; ( કેમ કે ) ( **पर चिन्तया** ) બીજાની ચિંતાથી ( **परः** ) બીજો ( **न पीड्यते न वा पाल्यते** ) પીડિત કે પાલિત ( રક્ષિત ) થતો નથી.

વ્યાખ્યાઃ—૨૯ મા પદ્યમાં એ બતાવી ચૂકયા છીએ કે કોઈ પણ પરદ્રવ્યનો કોઇ પણ ગુણ કે પર્યાય પોતાના આત્મા માટે ઇષ્ટ કે અનિષ્ટ રૂપ થતો નથી; આવી સ્થિતિમાં જે એમ વિચારીને દુઃખી થાય છે કે અમુક મારું અહિત ચિંતન કરી રહ્યો છે, અને એમ વિચારીને આનંદિત થાય છે કે અમુક મારા હિતની ભાવના ભાવી રહ્યો છે તો એ બન્નેય વિચાર નિરર્થક છે; કેમ કે કોઈ પણ પરની ચિંતા માત્રથી પીડા કે રક્ષાને પાત્ર થતું નથી. ૩૪.

## એક બીજાના વિકલ્પથી વૃદ્ધિ-હાનિ માનવામાં આપત્તિ.

**अन्योऽन्यस्य विकल्पेन वर्द्धयते हाण्यते यदि ।**
**न सम्पत्तिर्विपत्तिर्वा तदा कस्यापि हीयते ॥ ३५ ॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—( **यदि** ) જો ( **अन्योऽन्यस्य विकल्पेन** ) એકબીજાના વિકલ્પથી-ચિંતનથી-( **वर्द्धयते हाप्यते** ) વૃદ્ધિ કે હાનિને પ્રાપ્ત થાય છે ( **तदा** ) તો ( **कस्यापि** ) કોઇને પણ ( **सम्पत्तिः विपत्तिः वा** ) સંપત્તિ કે વિપત્તિ ( કદી ) ( **न हीयते** ) ક્ષીણ થાય નહિ.

**વ્યાખ્યા**:—જો પાછલા પદ્યમાં નિરુપિત સિદ્ધાંત વિરૂદ્ધ એમ માનવામાં આવે કે પરની ચિંતાથી કોઇ પીડિત કે પાલિત અથવા વૃદ્ધિ–હાનિને પ્રાપ્ત થાય છે તો સંસારમાં કોઈની પણ સંપત્તિ તથા વિપત્તિ કદી ઓછી થવી ન જોઇએ; કેમ કે બન્નેની વૃદ્ધિ હાનિના ચિંતક સજ્જન-દુર્જન બરાબર મળી આવે છે, પરંતુ એવું જોવામાં આવતું નથી. ઉલ્ટું એકના અનિષ્ટ ચિંતન છતાં પણ બીજો વૃદ્ધિને અને કોઈના ઇષ્ટ ચિંતન છતાં પણ–રાતદિન તેના હિતની માળા જપવા છતાં પણ–તે હાનિને પ્રાપ્ત થતો જોવામાં આવે છે, માટે ઉક્ત માન્યતા પ્રત્યક્ષથી પણ વિરૂદ્ધ છે. ૩૫.

## વાસ્તવમાં કોઈ દ્રવ્ય ઇષ્ટ–અનિષ્ટ નથી.

**इष्टोऽपि मोहतोऽनिष्टो भावोऽनिष्टस्तथा परः ।**
**न द्रव्यं तत्त्वतः किंचिदिष्टानिष्टं हि विद्यते ॥ ३६ ॥**

**શબ્દાર્થ**:—( **मोहतः** ) મોહને કારણે ( **इष्टोऽपि** ) જે પદાર્થને ઇષ્ટ માનવામાં આવે છે તે ( **अनिष्टः** ) તે અનિષ્ટ ( **तथा अनिष्टः** ) તથા જે પદાર્થને અનિષ્ટ માનવામાં આવે છે તે ( **परः** ) ઇષ્ટ થઈ જાય છે. ( **तत्त्वतः** ) વાસ્તવમાં ( **किंचिद् द्रव्यं** ) કોઈ દ્રવ્ય ( **इष्टानिष्टं** ) ઇષ્ટ કે અનિષ્ટ ( **न हि विद्यते** ) નથી.

**વ્યાખ્યા**:—કોઈ દ્રવ્ય વાસ્તવમાં ઇષ્ટ કે અનિષ્ટ હોતું નથી, આ વાતને સ્પષ્ટ કરતાં અહીં બતાવ્યું છે કે જેને મોહને કારણે ઇષ્ટ માની લેવામાં આવે છે તે પદાર્થ કાળાન્તરમાં અનિષ્ટ અને જેને અનિષ્ટ માની લેવામાં આવે છે તે પદાર્થ ઇષ્ટ થતો દેખવામાં આવે છે. માટે પરદ્રવ્યને સર્વથા ઇષ્ટ કે અનિષ્ટ માનવું વ્યર્થ છે. ૩૬.

## પાવન રત્નત્રયમાં જીવનું સ્વયં પ્રવર્તન.

**रत्नत्रये स्वयं जीवः पावने परिवर्तते ।**
**निसर्गनिर्मलः शङ्खः शुक्लत्वे केन वर्त्यते ॥ ३७ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( जीवः ) જીવ ( स्वयं ) સ્વયં ( पावने रत्नत्रये ) પવિત્ર રત્નત્રયના આરાધનમાં ( परिवर्तते ) પ્રવૃત્ત થાય છે, ( ઠીક છે ) ( निसर्गनिर्मलः ) સ્વભાવે નિર્મલ ( शङ्खः ) શંખ ( केन ) કોના દ્વારા ( शुक्लत्वे ) શુકલપણામાં ( वर्त्यते ) પરિવર્તિત કરાય છે ?-કોઇના ય દ્વારા નહિ; સ્વભાવથીજ શુકલપણે પરિવર્તિત થાય છે.

**વ્યાખ્યા:**—અહીં જે પાવન રત્નત્રયમાં જીવના સ્વતઃ પ્રવર્તનની વાત કહેવામાં આવી છે તે નિર્મળ દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ જીવનો સ્વભાવ છે. સ્વભાવમાં પ્રવર્તન માટે કોઈ બીજાની આવશ્યકતા નથી હોતી વિભાવ મટતાં જ સ્વભાવમાં પ્રવૃત્તિ થઈ જાય છે. જે મોહરૂપ પરિણામનો પાછલા પદ્યોમાં ઉલ્લેખ છે તે બધું જીવનું વિભાવ-પરિણમન છે. જે સંસારાવસ્થામાં પરના નિમિત્તે થાય છે. પદ્યમાં પ્રયુક્ત થયેલો ' નિર્મળ ' શબ્દ શુકલ-તાનો વાચક છે, જે શંખ સ્વભાવે શુકલ છે તેને શુકલતામાં પરિણત કરનાર કોઇ બીજું નથી હોતું. કાદવમાં પડ્યા રહેવા છતાં પણ તેની શુકલતા કદી નષ્ટ થતી નથી. ૩૭.

## સ્વયં આત્મા પરદ્રવ્યને શ્રદ્ધાનાદિ ગોચર કરે છે.

**स्वयमात्मा परं द्रव्यं श्रद्धते वेत्ति पश्यति ।**
**शङ्ख–चूर्णः किमाश्रित्य धवलीकुरुते परम् ॥ ३८ ॥**

**શબ્દાર્થ:**—( आत्मा स्वयं ) આત્મા પોતે ( परं द्रव्यं ) પર દ્રવ્યને ( श्रद्धत्ते, वेत्ति, पश्यति ) દેખે છે, જાણે છે અને શ્રદ્ધે છે. ( બરાબર છે ) ( शङ्खचूर्णः ) શંખનું ચૂર્ણ ( किमाश्रित्य ) કોના આશ્રય લઇને ( परम ) પરને ( धवलीकुरुते ) શ્વેત કરે છે ? કોઇનો પણ આશ્રય ન લેતાં સ્વયં બીજાને ધવલ ( શ્વેત ) કરે છે.

**વ્યાખ્યા:**—આ આત્મા સ્વયં સ્વભાવથી પર પદાર્થને દેખે, જાણે તથા શ્રદ્ધે છે-તેના આ દેખવા, જાણવા આદિમાં વાસ્તવમાં બીજાનો કોઇ આશ્રય અથવા સહારો નથી, જેમ શંખનું ચૂર્ણ બીજાને ધવલ-શુકલ અથવા નિર્મળ કરવામાં કોઇ અન્યનો સહારો લેતું નથી. ૩૮.

## મોહ પોતાના સંગથી જીવને મલિન કરે છે.

**मोहेन मलिनो जीवः क्रियते निजसंगतः ।**
**स्फटिको रक्त–पुष्पेण रक्ततां नीयते न किम् ॥ ३९ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—( **जीव:** ) જીવ (**मोहेन**) મોહ દ્વારા ( **निजसंगतः** ) પોતાની સંગતિથી ( **मलिनः क्रियते** ) મલિન કરાય છે. ( બરાબર છે ) ( **रक्त पुष्पेण** ) લાલ પુષ્પના યોગથી ( **किम्** ) શું ( **स्फटिकः** ) સ્ફટિક ( **रक्ततां न नीयते** ) રક્તપણાને ( લાલાશ ) પ્રાપ્ત નથી થતો ?–થાય જ છે.

**વ્યાખ્યા**:—આ જીવાત્મા પોતાના નિર્મળ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વભાવમાં જે પ્રવૃત્ત થતો નથી તેનું કારણ મોહનો સંગ છે. મોહે પોતાની સંગતિથી આ જીવને મલિન કરી નાખ્યો છે, જેવી રીતે લાલ ફૂલ પોતાના સંબંધથી નિર્મળ-શ્વેત સ્ફટિકને લાલ બનાવી દે છે. ૩૯.

## મોહનો વિલય થતાં સ્વરૂપની ઉપલબ્ધિ.

**निजरूपं पुनर्याति मोहस्य विगमे सति ।**
**उपाध्यभावतो याति स्फटिकः स्वस्वरूपताम् ॥ ४० ॥**

**શબ્દાર્થ**:—( **मोहस्य विगमे सति** ) મોહનો વિનાશ થઈ જતાં જીવ ( **पुनः** ) *ફરીથી ( **निजरूपं याति** ) પોતાના નિર્મળ રૂપને પ્રાપ્ત થાય છે. ( તેવી જ રીતે કે જેવી રીતે ) ( **उपाध्यभावतो** ) રક્ત પુષ્પાદિરૂપ ઉપાધિનો અભાવ થઇ જવાથી ( **स्फटिकः** ) સ્ફટિક ( **स्वस्वरुपतां याति** ) પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થાય છે.

**વ્યાખ્યા**:—પાછલા પદ્યમાં જે મોહના સંગ અથવા સંબંધથી જીવને મલિન થવાની વાત કહેવામાં આવી છે તે જ મોહનો સંબંધ છૂટી જતાં આ જીવ અસલ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થાય છે, જેમ સ્ફટિક રક્ત પુષ્પાદિરૂપ ઉપાધિનો અભાવ થઈ જતાં પુનઃ પોતાના સ્વચ્છ નિર્વિકાર સ્વરૂપને પ્રાપ્ત થઈ જાય છે. પૂર્વ પદ્ય તથા આ પદ્યમાં સ્ફટિકનું દૃષ્ટાંત જીવને નિર્વિકાર અને સવિકાર રૂપનો અથવા સ્વભાવ અને વિભાવનો બોધ કરાવવા માટે ઘણું જ સુંદર અને તથ્યપૂર્ણ છે. ૪૦.

---

* અહીં **પુનઃ** શબ્દનો અર્થ 'ફરીથી' કરેલ છે છતાં આશય એવો છે કે મોહનો **નાશ** થતાં મુળ–અસલ સ્વરૂપનો આવિર્ભાવ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જે મોહનો ત્યાગી તે અન્ય સર્વ દ્રવ્યોનો ત્યાગી.

**इत्थं विज्ञाय यो मोहं दुःखबीजं विमुञ्चति ।**
**सोऽन्यद्रव्यपरित्यागी कुरुते कर्म संवरम् ॥ ४१ ॥**

**શબ્દાર્થઃ**—( **इत्थं** ) આ રીતે ( **मोहं** ) મોહને ( **दुःखबीजे** ) દુઃખનું બીજ ( **विज्ञाय** ) જાણીને ( **यो** ) જે ( **योगी** ) ( **विमुञ्चति** ) તેને છોડે છે ( **सो** ) તે ( **अन्यद्रव्यपरित्यागी** ) પર-દ્રવ્યના પરિત્યાગી થઈને ( **कर्म-संवरम् कुरुते** ) કર્મોનો સંવર કરે છે-કર્મોના આસ્રવને રોકે છે.

**વ્યાખ્યાઃ**—અહીં પૂર્વ કથનનો ઉપસંહાર કરતાં, મોહને દુઃખનું બીજ બતાવ્યું છે અને એમ નિર્દિષ્ટ કર્યું છે કે જે મોહને દુઃખબીજ સમજીને છોડે છે તે પરદ્રવ્યોથી પોતાનો સંબંધ ત્યાગે છે; કારણ કે વાસ્તવમાં મોહ જ પરદ્રવ્યો સાથે પોતાનો સંબંધ જોડે છે. જે પરદ્રવ્યોનો સંબંધ તોડે છે તે કર્મોનો સંવર કરે છે-સારા-નરસા કોઈ પણ પ્રકારના કર્મોનો પોતાના આત્મામાં પ્રવેશ થવા દેતો નથી. નિઃસંદેહ મોહ દુઃખનું બીજ છે, એથી જ મોહનીય કર્મનો ક્ષય થઇ જતાં, અસાતા-વેદનીય કર્મ અસ્તિત્વમાં રહેવા છતાં પણ દુઃખ પહોંચાડવામાં સમર્થ નથી થતું -તેને બળીને ભસ્મ થયેલી રસ્સી સમાન પોતાનું કાર્ય કરવામાં અસમર્થ બતાવ્યું છે. ૪૧

## પરદ્રવ્યમાં રાગ-દ્વેષ-કરનારની તપથી શુદ્ધિ થતી નથી.

**शुभाशुभ-पर-द्रव्य-रागद्वेष-विधायिनः ।**
**न जातु जायते शुद्धिः कुर्वतोऽपि चिरं तपः ॥ ४२ ॥**

**શબ્દાર્થઃ**—( **शुभाशुभ-परद्रव्य** ) શુભ-અશુભ રૂપ પરદ્રવ્યમાં-પરદ્રવ્યને શુભ-અશુભ માનીને તેમાં-( **रागद्वेष-विधायिनः** ) રાગ-દ્વેષ કરનારને ( **चिरं** ) ચિરકાળ સુધી ( **तपः कुर्वतोऽपि** ) તપશ્ચરણ કરવાં છતાં પણ ( **जातु** ) કદી ( **शुद्धि** ) શુદ્ધિ ( **न जायते** ) થતી નથી.

**વ્યાખ્યાઃ**—પાછલા પદ્યમાં જે મોહ તથા દ્રવ્યને ત્યાગવાની વાત કહેવામાં આવી છે તેને જે છોડતો નથી અને પોતાની કલ્પના અનુસાર શુભ પરદ્રવ્યમાં રાગ અને અશુભ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરદ્રવ્યમાં દ્વેષ કરે છે તેની શુદ્ધિ ચિરકાળ સુધી તપ કરવા છતાં પણ થતી નથી. તે તો પોતાની રાગ-દ્વેષ-પરિણતિ દ્વારા પ્રતિસમય પોતાના આત્મામાં અશુદ્ધિનો સંચય કર્યા કરે છે. ૪૨.

## કર્મને કરતો અને ફળને ભોગવતો થકો આત્મા કર્મ બાંધે છે.

**कुर्वाणः कर्म चात्मायं भुञ्जानः कर्मणां फलम् ।**
**अष्टधा कर्म बध्नाति कारणं दुःखसन्तते ॥ ४३ ॥**

**શબ્દાર્થ:**—(**अयं आत्मा**) આ આત્મા (**कर्म कुर्वाणः**) કર્મને કરતો થકો (**च कर्मणां फलं भुञ्जानः**) અને કર્મના ફળને ભોગવતો થકો (**अष्टधा**) આઠ પ્રકારના (**कर्म बध्नाति**) કર્મ બાંધે છે, (**दुःख सन्ततेः**) કે જે દુઃખની સન્તતિનું-કષ્ટ પરંપરાનું-(**कारणं**) કારણ છે.

**વ્યાખ્યા:**—આ આત્મા પોતાની ઉક્ત રાગ-દ્વેષ-પરિણતિને કારણે કોઇને ઇષ્ટ-અનિષ્ટ માનીને કર્મ કરતો અને ફળ ભોગવતો થકો બન્નેય અવસ્થાઓમાં નવીન કર્મનો બંધ કરે છે, જે જ્ઞાનાવરણાદિ રૂપ આઠપ્રકારનું છે, અને બધી દુઃખ-પરંપરાનું મૂળ કારણ છે. ૪૩.

## બધાય કર્મફળને પૌદ્‌ગલિક જાણનાર શુદ્ધાત્મા બને છે.

**सर्वं पौद्गलिकं वेत्ति कर्मपाकं सदापि यः ।**
**सर्व-कर्म-बहिर्भूतमात्मानं स प्रपद्यते ॥ ४४ ॥**

**શબ્દાર્થ:**—(**यः**) જે (**सर्वं कर्मपाकं**) બધાય કર્મ-વિપાકને-કર્મોના ફળને-(**सदापि पौद्गलिकं वेत्ति**) સદા પૌદ્‌ગલિક જાણે છે (**स**) તે (યોગી) (**सर्व-कर्म-बहिर्भूतं**) સર્વ કર્મોથી બહિર્ભૂત (**आत्मानं प्रपद्यते**) આત્માને પ્રાપ્ત થાય છે.-તેને પોતાના શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

**વ્યાખ્યા:**—જે યોગી આત્મા સાથે ઘટવાવાળા (વિપાકરૂપે પરિણમનારા) બધા કર્મફળને પૌદ્‌ગલિક અને તેથી આત્મા સાથે વાસ્તવમાં અસંબદ્ધ સમજે છે તે પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માને સર્વ કર્મોથી બહિર્ભૂત રૂપે પ્રાપ્ત થાય છે-તેને જ સાચી સ્વાત્મોપલબ્ધિરૂપ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. ૪૪.

## શુદ્ધ જ્ઞાતા પરના ત્યાગ-ગ્રહણમાં પ્રવૃત્ત થતો નથી.

**ज्ञानवांश्चेतनः शुद्धो न गृह्णाति न मुञ्चति ।**
**गृह्णाति मुञ्चते कर्म मिथ्याज्ञान-मलीमसः ॥ ४५ ॥**

**શબ્દાર્થ**:—( **ज्ञानवान् शुद्धः चेतनः** ) જે આત્મા શુદ્ધ જ્ઞાનવાન છે ( **न गृह्णाति** ) તે ન કાંઈ ગ્રહણ કરે છે અને ( **न मुञ्चति** ) ન છોડે છે, ( **मिथ्याज्ञान-मलीमसः** ) જે મિથ્યાજ્ઞાનથી મલિન છે તે ( **कर्म** ) કર્મને ( **गृह्णाति** ) ગ્રહે છે તથા ( **मुञ्चते** ) છોડે છે.

**વ્યાખ્યા**:—જે આત્મા શુદ્ધ જ્ઞાનથી યુક્ત છે તે વાસ્તવમાં કોઇ પણ પર પદાર્થનાં ગ્રહણ-ત્યાગ કરતો નથી, જે ગ્રહણ-ત્યાગ કરે છે તે મિથ્યા જ્ઞાન સહિત મલિન આત્મા હોય છે. ગ્રહણ-ત્યાગ રાગ-દ્વેષ દ્વારા થયા કરે છે, શુદ્ધ જ્ઞાનમાં રાગ-દ્વેષ હોતા નથી, તેથી તેના દ્વારા ગ્રહણ-ત્યાગ બનતાં નથી, મિથ્યાજ્ઞાન રાગ-દ્વેષથી યુક્ત હોય છે, તેથી જ તેના દ્વારા ગ્રહણ-ત્યાગ બને છે. ૪૫.

## સામાયિકાદિ ષટ્કર્મોમાં ભક્તિ સહિત પ્રવર્તનારને સંવર.

**सामायिके स्तवे भक्त्या वन्दनायां प्रतिक्रमे ।**
**प्रत्याख्याने तनूत्सर्गे वर्तमानस्य संवरः ॥ ४६ ॥**

**શબ્દાર્થ**:—જે યોગી ( **भक्त्या** ) ભક્તિપૂર્વક ( **सामायिके** ) સામાયિકમાં ( **स्तवे** ) સ્તવનમાં, ( **वन्दनायां** ) વંદનમાં, ( **प्रतिक्रमे** ) પ્રતિક્રમણમાં ( **प्रत्याख्याने** ) પ્રત્યાખ્યાનમાં અને ( **तनूत्सर्गे** ) કાયોત્સર્ગમાં ( **वर्तमानस्य** ) વર્તે છે તેને ( **संवरः** ) સંવર-કર્માસ્રવનો નિરોધ-થાય છે.

**વ્યાખ્યા**:—અહીં સામાયિકાદિ ષટ્ આવશ્યક ક્રિયાઓ ના,- કે જે યોગી મુનિઓએ સદા કરવા યોગ્ય છે, નામ દઇને લખ્યું છે કે આ ક્રિયાઓમાં જે ભક્તિ સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આદરપૂર્વક પ્રવૃત્ત થાય છે તેને સંવર થાય છે-કર્મોનો આસ્રવ અટકી જાય છે. આ ક્રિયાઓ સમ્યક્ચારિત્રરૂપ છે. એમાંથી પ્રત્યેકનું સ્વરૂપ, જે સંવરનું કારણ છે, ક્રમશઃ આગળ આપવામાં આવ્યું છે. ૪૬.

## સામાયિકનું સ્વરૂપ.

**यत् सर्व-द्रव्य-संदर्भे राग-द्वेष-व्यपोहनम् ।**
**आत्मतत्त्व-निविष्टस्य तत्सामायिकमुच्यते ॥ ४७ ॥**

**શબ્દાર્થ:**—( **आत्मतत्त्व-निविष्टस्य** ) જે આત્મતત્ત્વમાં સ્થિત છે તે ( **योगी** ) ને ( **सर्व-द्रव्य-संदर्भे** ) સર્વ દ્રવ્યોના સંદર્ભ-સમૂહમાં ( **यत राग-द्वेष-व्यपोहनम्** ) રાગ-દ્વેષનું જે વ્યપોહન-વિશેષરૂપે પરિત્યાગ-છે ( **तत सामायिकम् उच्यते** ) તેને 'સામાયિક' કહે છે.

**વ્યાખ્યા:**—સામાયિકના આ લક્ષણમાં બે વાતો ખાસ રૂપે ધ્યાનમાં લેવા યોગ્ય છે-એક તો એકે પ્રસ્તુત સામાયિકના અધિકારી કોણ છે અને બીજી એ કે તે અધિકારીની સામાયિકનું સ્વરૂપ શું છે? અધિકારી અહીં '**आत्मतत्त्व-निविष्टस्य**' પદ દ્વારા આત્મ-તત્ત્વમાં સ્થિત ( યોગી ) ને બતાવ્યા છે-તેથી જે આત્માને બરાબર જાણે-ઓળખે નહિ અને ન તો તેમાં જેની પ્રવૃત્તિ તથા સ્થિતિ હોય છે તે સામાયિકના અધિકારી નથી-ભલે તે મુનિ હોય, દિગંબર હોય તથા બાહ્યમાં મુનિચર્યાનું કેટલુંય પાલન કેમ ન કરતા હોય. તે અધિકૃત સામાયિકનું સ્વરૂપ છે સર્વ દ્રવ્યોના સંદર્ભમાં રાગ દ્વેષનો વિશેષરૂપે ( સામાન્ય રૂપે નહિ ) પરિત્યાગ. 'સર્વદ્રવ્ય સંદર્ભ' પદમાં સમસ્ત ચેતન-અચેતન પદાર્થોની બધી અવસ્થાઓનો સમાવેશ થાય છે-ચાહે તે શાબ્દિક હોય, આર્થિક હોય અથવા જ્ઞાનવિષયક હોય. અને '**राग-द्वेष-व्यपोहन**' માં બધું વૈષમ્ય દૂર થઇને પૂર્ણપણે સમતા-ભાવનો પ્રાદુર્ભાવ થાય છે-ચાહે તે ગમે તેટલા થોડા સમય માટે કેમ ન હોય. આ રીતે આ સંક્ષેપમાં સામાયિક અથવા સંતુલિત સમતાભાવરૂપ આવશ્યકનું સ્વરૂપ છે. એનું જ સામાયિક પાઠ આદિમાં વ્રતરૂપે નીચે પ્રકારે પ્રરૂપણ કર્યું છે:—

**समता सर्वभूतेषु संयमः शुभ—भावना ।**
**आर्त—रौद्र—परित्यागस्तद्धि सामायिकं व्रतम् ॥**

અર્થાત્ સર્વભૂતો-પ્રાણીઓમાં સમતાભાવ-રાગ-દ્વેષ નો અભાવ ( કારણ કે રાગ-દ્વેષ જ આત્માના ભાવોની સમતા-તુલાને સમ ન રાખતાં વિષમ બનાવે છે ), ઇન્દ્રિયો તથા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રાણના બે ભેદરૂપ બન્ને પ્રકારના સંયમ, શુભ ભાવના અને આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનના પરિત્યાગને 'સામાયિક વ્રત' કહે છે.

આવશ્યક તથા વ્રતરૂપે આ બન્ને સામાયિકોના સ્વરૂપમાં જે અંતર છે તેનાથી એકનો વિષય અલ્પ (સર્વ પ્રાણીઓ સુધી સીમિત) તો બીજાનો વિષય મહાન્ (સર્વ દ્રવ્યોની સર્વ અવસ્થાઓ સુધી વ્યાપ્ત) જણાય છે. તેથી જ સામાયિક વ્રતરૂપે ગૃહસ્થોને માટે અને આવશ્યક રૂપે મુનિઓ માટે વિહિત (કહેલ) છે. વ્રત રૂપે સામાયિકમાં શુભ ભાવના, આદિ થવાથી પુણ્યનો આસ્રવ પણ બને છે જ્યારે આવશ્યક રૂપે સામાયિકમાં પુણ્ય-પાપ કોઈ પણ પ્રકારનો આસ્રવ ન થતાં સંવર જ થાય છે. સંવરના કારણભૂત સામાયિકમાં મંત્રાદિ જપવાનું અથવા કોઈના નામની માળા ફેરવવાનું બનતું નથી. ૪૭

## સ્તવનનું સ્વરૂપ

**रत्नत्रयमयं शुद्धं चेतनं चेतनात्मकम् ।**
**विविक्तं स्तुवतो नित्यं स्तवज्ञैः स्तूयते स्तवः ॥ ४८ ॥**

**શબ્દાર્થઃ**—જે યોગી (**चेतनात्मकं**) ચેતનગુણ વિશિષ્ઠ, (**रत्नत्रयमयं**) રત્નત્રયમય (**विविक्तं**) અને કર્મના કલંકથી રહિત (**शुद्धं चेतनं**) શુદ્ધ ચેતનની (**नित्यं**) નિત્ય (**स्तुवतः**) સ્તુતિ કરે છે (**स्तवः**) તે સ્તવનને (**स्तवज्ञैः**) સ્તવ-મર્મજ્ઞોએ (**स्तूयते**) 'સ્તવ' કહ્યું છે.

**વ્યાખ્યાઃ**—અહીં સ્તવનના લક્ષણમાં કેવળ શુદ્ધ ચેતનને જ સ્તુત્યરૂપે ગ્રહણ કરવામાં આવેલ છે; જે કેવળ નામથી ચેતન નહિ પરંતુ ચેતના ગુણ વિશિષ્ઠ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ રત્નત્રય-મય છે, બધા કર્મ-કલંકથી વિમુક્ત રૂપ 'વિવિક્ત' છે અને એજ સંક્ષેપમાં જેનું સ્તવન છે. આ સ્તવનમાં સચેતન પુદ્ગલ અને અચેતન શરીરરૂપ ઘરનું તથા પરકૃત વચનનું સ્તવન નથી આવતું, જે વાસ્તવમાં તેનાથી ભિન્ન છે. ૪૮.

## વન્દનાનું સ્વરૂપ

**पवित्र-दर्शन-ज्ञान-चारित्रमयमुत्तमम् ।**
**आत्मानं वन्द्यमानस्य वन्दनाकथि कोविदैः ॥ ४९ ॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **पवित्र-दर्शन-ज्ञान-चरित्रमयमुत्तमं** ) શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્રમય-ઉત્તમ ( **आत्मानं** ) આત્માને ( **वन्द्यमानस्य** ) વંદન-નમસ્કાર કરતા યોગીને ( **कोविदैः** ) વિજ્ઞપુરુષોએ ( **वन्दना कथि** ) 'વંદના' કહી છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં જે શુદ્ધાત્માના સ્તવનને 'સ્તવ' કહેવામાં આવેલ છે તે જ શુદ્ધાત્માની વંદના કરનારને પ્રસ્તુત 'વંદના' હોવાનું કહેવામાં આવ્યું છે, એમ અહીં સૂચિત કર્યું છે. વંદના વચનરૂપ છે, એની કોઇ સૂચના કરી નથી, અને તેથી તેનું પ્રસિદ્ધ રૂપ વંદ્યની આગળ વંદ્યના ગુણોનું ચિંતન કરતાં હાથ જોડીને શિરોનતિ કરવી-શિર ઝૂકાવવું અથવા નમ્રીભૂત થવું-એવું સમજવું જોઇએ. ૪૯.

## પ્રતિક્રમણનું સ્વરૂપ

**कृतानां कर्मणां पूर्वं सर्वेषां पीकमीयुषाम् ।**
**आत्मीयत्व-परित्यागः प्रतिक्रमणमीर्यते ॥ ५० ॥**

**શબ્દાર્થ:**—( **पूर्वं कृतानां** ) પૂર્વે કરેલા તથા ( **पाकमीयुषाम्** ) ફળને પ્રાપ્ત થયેલા ( **सर्वेषां कर्मणां** ) સર્વ કર્મોના ( **आत्मीयत्व-परित्यागः** ) આત્મીય પણાનો જે પરિત્યાગ છે-તે કર્મો તથા કર્મફળોને પોતાનાં ન માનવાં જે છે-તેને ( **प्रतिक्रमणं** ) 'પ્રતિક્રમણ' ( **ईर्यते** ) કહેવામાં આવે છે.

**વ્યાખ્યા:**—પૂર્વે કરેલા સર્વ કર્મોના ફળોમાં જે આત્મીયતારૂપ બુદ્ધિનો પરિત્યાગ છે-તેને પોતાનાં અથવા પોતાના ઉપાદાનથી બનેલાં ( નિષ્પન્ન ) ન માનવાં જે છે-તેને અહીં 'પ્રતિક્રમણ' કહેવામાં આવ્યું છે. વાસ્તવમાં જીવના ભાવોનું નિમિત્ત પામીને ઉત્પન્ન થયેલાં જેટલાં કોઇ પૂર્વકૃત કર્મ છે અને તેમનાં જે કોઇ ફળ છે તે બધાં પુદ્ગલ દ્રવ્યના ઉપાદાનથી ઉત્પન્ન થાય છે તેથી તેમને આત્મીય-આત્માના ઉપાદાનથી ઉત્પન્ન થયેલાં માનવાં તે ભૂલ છે, આ ભૂલનું જ પ્રસ્તુત આવશ્યક કર્મ દ્વારા પરિમાર્જન કરવામાં આવે છે. ૫૦.

## પ્રત્યાખ્યાનનું સ્વરૂપ.

**आगाम्यागो[1]निमित्तानां भावानां प्रतिषेधनम् ।**
**प्रत्याख्यानं समादिष्टं विविक्तात्म[2]-विलोकिनः ॥ ५१ ॥**

---

१ मु आगम्यागो ।
२ विविक्तात्मा ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**શબ્દાર્થ:**—( **विविक्तात्म-विलोकिनः** ) શુદ્ધ આત્માનું અવલોકન કરનારને ( **आगाम्यागो निमित्तानां** ) આગામી પાપકર્મો ના નિમિત્તભૂત ( **निमित्तानां** ) ભાવો–પરિણામોનો જે ( **प्रतिषेधनं** ) પ્રતિષેધ છે–ન કરવું છે–તેને ( **प्रत्याख्यानं** ) 'પ્રત્યાખ્યાન' ( **समादिष्टं** ) કહેવામાં આવ્યું છે.

**વ્યાખ્યા:**—અહીં તે પરિણામોના પરિત્યાગને 'પ્રત્યાખ્યાન' કહેલ છે, કે જે ભાવી કર્માસ્રવના નિમિત્તભૂત હોય અને તેના અધિકારી '**विविक्तात्मविलोकिनः**' પદ દ્વારા તે જ શુદ્ધાત્મદર્શી ને કહ્યા છે જેને ૪૭ મા પદ્યમાં '**आत्मतत्त्वनिविष्टस्य**' અને ૫૩ મા પદ્યમાં '**स्वात्मतत्त्वव्यवस्थितः**' પદ દ્વારા વર્ણવેલ છે અને તેથી તે આ બધા આવશ્યક કર્મોના અધિકારીઓનું પરમાવશ્યક વિશેષણ છે. ૫૧.

## કાયોત્સર્ગનું સ્વરૂપ.

**ज्ञात्वा योऽचेतनं कायं नश्वरं कर्म–निर्मितम् ।**
**न तस्य वर्तते कार्ये कायोत्सर्गं करोति सः ॥ ५२ ॥**

**શબ્દાર્થ:**—( **यः** ) જે યોગી ( **कायं** ) શરીરને ( **अचेतनं** ) અચેતન, ( **नश्वरं** ) નાશવાન ( **कर्म–निर्मितम्** ) અને કર્મનિર્મિત ( **ज्ञात्वा** ) જાણીને ( **तस्य कार्ये** ) તેના કાર્યમાં ( **न वर्तते** ) વર્તતો નથી ( **सः** ) તે ( **कायोत्सर्गं करोति** ) કાયોત્સર્ગ કરે છે.

**વ્યાખ્યા:**—અહીં કાયના કાર્યમાં–અંગોપાંગના સંચાલનમાં પ્રવૃત્ત ન થવાનું નામ 'કાયોત્સર્ગ' બતાવતાં તેના કારણરૂપે આ સૂચના કરી છે કે કાય ( શરીર ) અચેતન છે, જ્યારે જીવ ચેતન છે તેથી ચેતને અચેતનના કાર્યમાં પ્રવર્તવું ન જોઈએ; કાયા કર્મનિર્મિત છે–કર્મોના આધારે બનેલી તથા ટકેલી છે–જ્યારે જીવ પોતાના કર્મોના આધારે પોતાનું અસ્તિત્વ રાખતો નથી અને તેથી તેને પરકૃત અને પરાશ્રિતના કામમાં પ્રવૃત્ત થઈને પોતાની શક્તિનો દુરુપયોગ ન કરવો જોઇએ–જેટલા સમય માટે શક્તિના તે દુરુપયોગને બચાવી શકાય તેટલા સમય માટે તેને અવશ્ય બચાવવો જોઈએ, આ કાયોત્સર્ગની દષ્ટિ છે, જેને '**ज्ञात्वा**' પદ દ્વારા જાણવાની પ્રેરણા કરવામાં આવી છે. ૫૨.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**यः षडावश्यकं योगी स्वात्मतत्त्व-व्यवस्थितः ।**
**अनालस्यः करोत्येव संवृतिस्तस्य रेफसाम्[1] ॥ ५३ ॥**

શબ્દાર્થઃ—( यः योगी ) જે યોગી (स्वात्मतत्त्व-व्यवस्थितः) પોતાના આત્મતત્ત્વમાં વિશેષણે અવસ્થિત અને ( निरालस्यः ) અપ્રમાદીથઈને ( ઉક્ત પ્રકારે ) (षडावश्यकं) ષટ્ આવશ્યક-અવશ્ય કરણીય સામાયિકાદિ છએ ક્રિયાઓ-( करोति ) કરે છે ( तस्य ) તેના ( रेफसाम् ) પાપોનો-કર્મોનો ( संवृतिः एव ) સંવર જ થાય છે.

વ્યાખ્યાઃ—જે ષટ્ કર્મો-કાર્યોનો પાછલા પદ્યોમાં ઉલ્લેખ છે તેમને અહીં સ્પષ્ટ રૂપે 'આવશ્યક' નામ આપવામાં આવ્યું છે, જેનો આશય છે અવશ્યમેવ નિત્ય કરવા યોગ્ય, તે કાર્યો કરનારને 'યોગી' નામ આપ્યું છે, જેનો અભિપ્રાય છે કાય-વચન-મન રૂપ ત્રણ યોગોની સાધના કરનાર-તેમને પોતાને આધીન રાખનાર-સાધુ-મુનિ; અને તેના બે વિશેષણ આપવામાં આવ્યા છે-એક 'स्वात्मतत्त्व व्यवस्थित' અને બીજું 'अनालस्य' જેમાં પહેલું આ કાર્યો કરવાના અધિકારની સૂચના કરે છે કે જે ૪૭ મા પદ્યની વ્યાખ્યામાં બતાવવામાં આવેલ છે અને બીજું ફળની યથેષ્ટ રૂપે સાધના સાથે સંબદ્ધ છે; કેમ કે આળસ સહિત અનાદરપૂર્વક કરેલાં કર્મ યથેષ્ટ ફળ આપતાં નથી. અંતમાં આ બધાં આવશ્યક-કાર્યોના ફળનો નિર્દેશ કર્યો છે અને તે છે જ્ઞાનાવરણાદિ કર્મોના આસ્રવનો નિરોધ, જે ઉક્ત બન્ને વિશેષણ-વિશિષ્ટ યોગીને પ્રાપ્ત થાય છે. તેથી આ છએ ક્રિયાઓ કરવામાં યોગીને પોતાના આ બન્ને વિશેષણો ખાસ પણે ધ્યાનમાં રાખવાં જોઈએ, જેના વિના યથેષ્ટ ફળસંપત્તિ મળતી નથી. ૫૩.

### સમ્યગ્જ્ઞાનપરાયણ આત્મજ્ઞ યોગી કર્મોનો નિરોધ કરે છે.

**मिथ्याज्ञानं परित्यज्य सम्यग्ज्ञानपरायणः ।**
**आत्मनात्मपरिज्ञायी विधत्ते रोधमेनसाम् ॥ ५४ ॥**

શબ્દાર્થઃ—( मिथ्याज्ञानं परित्यज्य ) મિથ્યાજ્ઞાન છોડીને (सम्यग्ज्ञानपरायणः) જે સમ્યગ્જ્ઞાનમાં તત્પર છે. અને ( आत्मना ) આત્મા દ્વારા ( आत्मपरिज्ञायी ) આત્માનો જ્ઞાતા છે તે (एनसाम्) કર્મોનો (रोधं) નિરોધ (विधत्ते) કરે છે-કર્મોના આસ્રવને રોકે છે.

---

1. पापानाम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—અહીં ષડાવશ્યક-વિધાતાથી ભિન્ન એક બીજા જ સંવરના અધિકારીનો નિર્દેશ છે અને તે છે જે મિથ્યાજ્ઞાનનો પરિત્યાગ કરી સમ્યગ્જ્ઞાનમાં તત્પર રહે છે અને પોતાના આત્માને કોઈ પણ પરપદાર્થની અપેક્ષા ન રાખતાં પોતાના આત્મા દ્વારા જ જાણે છે. આવો જ્ઞાતા બીજા કોઇ અનુષ્ઠાન કર્યા વિના જ કર્મોના આસ્રવને રોકવામાં સમર્થ થાય છે. ૫૪.

## કોઈ દ્રવ્યથી ભોક્તા તો ભાવથી અભોક્તા, બીજા એનાથી વિપરીત.

**द्रव्यतो भोजकः कश्चिद्भावतोऽस्ति त्वभोजकः ।**
**भावतो भोजकस्त्वन्यो द्रव्यतोऽस्ति त्वभोजकः ॥ ५५ ॥**

શબ્દાર્થઃ—( कश्चित ) કોઈ ( द्रव्यतः ) દ્રવ્યથી ( भोजकः ) ભોક્તા છે ( भावतः ) ભાવથી ( तु अभोजकः ) અભોક્તા છે, ( अन्यः तु ) બીજો ( भावतः ) ભાવથી ( भोजकः ) ભોક્તા છે ( द्रव्यतः ) દ્રવ્યથી ( तु अभोजकः ) અભોક્તા છે.

વ્યાખ્યાઃ—જે કોઈ પદાર્થના ભોગમાં પ્રવૃત્ત છે તેને 'ભોજક' અને જે ભોગથી નિવૃત્ત છે તેને 'અભોજક' કહે છે. અહીં દ્રવ્ય તથા ભાવથી ભોજક-અભોજકની વ્યવસ્થા કરતાં એમ સૂચવ્યું છે કે જે દ્રવ્યથી ભોજક-ભોક્તા છે તે ભાવથી પણ ભોજક હોય અથવા જે ભાવથી ભોજક છે તે દ્રવ્યથી પણ ભોજક હોય એવો કોઇ નિયમ નથી-એક દ્રવ્યથી ભોક્તા હોવા છતાં પણ ભાવથી ભોક્તા નથી હોતો અને બીજો ભાવથી ભોક્તા હોવા છતાં પણ દ્રવ્યથી ભોક્તા નથી હોતો. ૫૫.

## દ્રવ્ય-ભાવથી નિવૃત્તોમાં કોણ કોનાથી પૂજ્ય ?

**द्रव्यतो यो निवृत्तोऽस्ति स पूज्यो व्यवहारिभिः ।**
**भावतो यो निवृत्तोऽसौ पूज्यो मोक्षं पियासुभिः ॥ ५६ ॥**

શબ્દાર્થઃ—( यो ) જે ( द्रव्यतः ) દ્રવ્યથી ( निवृत्तोऽस्ति ) નિવૃત્ત છે-અભોક્તા છે- તે ( व्यवहारिभिः ) વ્યવહારિઓ દ્વારા ( पूज्यः ) પૂજ્ય છે. ( यो ) જે ( भावतः ) ભાવથી ( निवृत्तः ) નિવૃત્ત છે- અભોક્તા છે- ( असौ ) તે ( पियासुभिः ) મુમુક્ષુઓ દ્વારા પૂજ્ય- ( पूज्यः ) પૂજાને પ્રાપ્ત થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:— જે દ્રવ્યથી-બાહ્ય પદાર્થોનો ત્યાગ કરીને તેમના ભોગથી નિવૃત્ત થાય છે તે વ્યવહારી જીવો દ્વારા પૂજાય છે; કારણ કે વ્યવહારી જીવોની બાહ્ય દષ્ટિ હોય છે તેઓ બીજાના અંતરંગને ઓળખતા નથી. અને જે ભાવથી-વાસ્તવમાં ભોગથી વિરક્તચિત્ત થઇને નિવૃત્ત થાય છે તે મોક્ષ-પ્રાપ્તિની ઈચ્છા રાખનાર મુમુક્ષુઓ દ્વારા પૂજાય છે; કેમ કે મુમુક્ષુ અંતરાત્માઓની આંતરિક દષ્ટિ હોવાને કારણે તેઓ બીજાના અંતરંગને ઓળખી લે છે. ૫૬.

## ભાવથી નિવૃત્તજ વાસ્તવિક સંવરનો અધિકારી.

**द्रव्यमात्रनिवृत्तस्य नास्ति निर्वृतिरेनसाम् ।**
**भावतोऽस्ति निवृत्तस्य तात्त्विकी संवृतिः पुनः ॥ ५७ ॥**

શબ્દાર્થ:—( **द्रव्य मात्रनिवृत्तस्य** ) જે માત્ર દ્રવ્યથી નિવૃત્ત છે તેને ( **एनसाम्** ) કર્મોની ( **निवृत्तिः** ) નિવૃત્તિ ( **नास्ति** ) થતી નથી ( **पुनः** ) અને ( **भावतो निवृत्तस्य** ) જે ભાવથી નિવૃત્ત છે તેને ( **तात्त्विकी** ) વાસ્તવિક ( **संवृत्तिः** ) સંવૃત્તિ-કર્માસ્રવની નિવૃત્તિ ( **अस्ति** )-થાય છે.

વ્યાખ્યા:—અહીં પાછલા કથનને સંવર તત્ત્વ સાથે સંબદ્ધ કરતાં લખ્યું છે કે જે માત્ર દ્રવ્યથી નીવૃત્ત છે-બાહ્યમાં કોઈ વસ્તુના ભોગનો ત્યાગ કરેલ છે-પરંતુ અંતરંગમાં તેના ભોગની લાલસા પડેલી છે, તેને કર્મોનો સંવર થતો નથી. અને જે ભાવથી નિવૃત્ત છે-હૃદયમાં તે પદાર્થના ભોગનો કદી વિચાર પણ લાવતો નથી-તેને વાસ્તવિક સંવર થાય છે. આથી સ્પષ્ટ જણાય છે કે જે ભાવથી ત્યાગ છે તે જ કલ્યાણકારી છે. લોકોને દેખાડવા રૂપે જે કોઇ ત્યાગવૃત્તિ છે તે કલ્યાણકારિણી નથી. ૫૭.

## ભાવથી નિવૃત્ત થવાની વિશેષ પ્રેરણા.

**विज्ञायेति निराकृत्य निवृत्तिं द्रव्यतस्त्रिधा ।**
**भाव्यं भाव-निवृत्तेन समस्तैनोनिषिद्धये ॥ ५८ ॥**

શબ્દાર્થ:—( **इति विज्ञान** ) આ રીતે દ્રવ્ય-ભાવરૂપ નિવૃત્તિને જાણીને અને (**द्रव्यत: निवृत्तिं**) દ્રવ્યનિવૃત્તિને (**त्रिधा निराकृत्य**) મન-વચન-કાયાથી છોડીને-ગૌણ કરીને-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( समस्त ) સમસ્ત ( एनः ) કર્મો ( निषिद्धये ) દૂર કરવા માટે ત્રિયોગપૂર્વક ( भाव-निवृत्तेन भाव्यं ) ભાવથી નિવૃત્ત થવું જોઈએ.

વ્યાખ્યાઃ—પાછલા પદ્ય અનુસાર જ્યારે માત્ર દ્રવ્ય નિવૃત્તિથી કર્મોની નિવૃત્તિ ન થતાં ભાવથી નિવૃત્તિ થાય છે ત્યારે ફલિતાર્થ એ નીકળ્યો કે દ્રવ્ય નિવૃત્તિનો આગ્રહ ન રાખતાં-તેને ગૌણ કરીને-ભાવથી નિવૃત્તિરૂપ થવું જોઈએ. એમ થવાથી સમસ્ત પાપોની-કર્મોની-નિવૃત્તિ થાય છે. એ જ આ પદ્યમાં નિષ્કર્ષ સૂચિત કરવામાં આવ્યો છે. ૫૮.

## શરીરાત્મક લિંગ મુક્તિનું કારણ નથી.

**शरीरमात्मनो भिन्नं लिङ्गं येन तदात्मकम् ।**
**न मुक्तिकारणं लिङ्गं जायते तेन तत्त्वतः ॥ ५९ ॥**
**यन्मुक्तिं गच्छता त्याज्यं न मुक्तिर्जायते ततः ।**
**अन्यथा कारणं कर्म कस्य केन निवर्तते ॥ ६० ॥**

શબ્દાર્થઃ—( येन ) કારણ કે ( शरीरमात्मनो भिन्नं ) શરીર આત્માથી ભિન્ન છે ( लिङ्गं तदात्मकम् ) અને લિંગ શરીરાત્મક છે ( तेन ) તેથી ( तत्त्वतः ) વાસ્તવમાં ( लिङ्गं ) લિંગ ( मुक्ति कारणं ) મોક્ષનું કારણ ( न जायते ) થતું નથી. ( यत् ) જે ( मुक्तिं गच्छता ) મોક્ષે જનાર દ્વારા ( त्याज्यं ) ત્યાજ્ય છે ( ततः ) તેનાથી ( मुक्तिः ) મોક્ષ ( न जायते ) થતો નથી. ( अन्यथा ) જો લિંગને મોક્ષનું કારણ માનવામાં આવશે તો ( तस्य ) તેના ( कारणं कर्म ) કારણે કર્મ ( केन निवर्तते ) કોના વડે દૂર કરાવે ?—કોઈના ય વડે તેને દૂર કરવાનું બનશે નહીં અને તેથી કર્મોના સદ્‌ભાવમાં મોક્ષનો પણ અભાવ ઠરે છે.

વ્યાખ્યા:—આ બન્ને પદ્યોમાં યુક્તિપૂર્વક એ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે કોઇ પણ લિંગ અથવા વેશ વાસ્તવમાં મુક્તિનું કારણ નથી; કેમકે તે શરીરાત્મક છે અને શરીર આત્માથી ભિન્ન છે. જે શરીર તથા વેશ મોક્ષે જનાર દ્વારા ત્યાગવામાં આવે છે તે મુક્તિનું કારણ થઇ શકતું નથી, જો શરીર અથવા તદાશ્રિત લિંગને મુક્તિનું કારણ માનવામાં આવે તો પછી શરીરનું કારણ જે કર્મ છે તે કોઈના દ્વારા પણ દૂર કરી શકાશે નહિ અને કર્મ સાથે રહે તો મુક્તિ કેવી ! તે બને નહિ. તેથી શરીરાત્મક દ્રવ્યલિંગને મુક્તિનું કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માનવું તર્ક-સંગત નથી-અનુચિત છે. એજ વાતની શ્રી પૂજ્યપાદાચાર્ય દેવે પોતાના સમાધિ-તંત્રના નીચેના પદ્યમાં વિશેષ સ્પષ્ટ ઘોષણા કરી છેઃ—

**लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः ।**
**न मुच्यन्ते भवात्तस्माद्ये ते लिङ्गंकृताग्रहाः ॥ ८७ ॥**

આમાં બતાવ્યું છે કે લિંગ શરીરાશ્રિત છે અને શરીર આત્માનો ભવ-સંસાર છે માટે જે લિંગનો આગ્રહ રાખે છે તેઓ સંસારથી મુકત થઈ શકતા નથી-એક ભવથી બીજો ભવ ધારણ કરતાં સંસારમાં જ પરિભ્રમણ કરતા રહે છે. જ્યારે લિંગ આદિનો[૧] આગ્રહ છૂટે છે ત્યારે જ મુકિતનું સ્વામીત્વ પ્રાપ્ત થાય છે. શરીર અચેતન છે, ચેતનાત્માએ તેનો આગ્રહ ન રાખવો જોઇએ. ૯૦.

## મુમુક્ષુ માટે ત્યાજ્ય અને ગ્રાહ્ય.

**अचेतनं ततः सर्वं परित्याज्यं मुमुक्षुणा ।**
**चेतनं सर्वदा सेव्यं स्वात्मस्थं संवरार्थिना ॥ ९१ ॥**

**શબ્દાર્થઃ**—( ततः ) તેથી ( मुमुक्षुणा ) મોક્ષના અભિલાષી અને ( संवरार्थिना ) સંવરનો અર્થી છે તેણે ( सर्वं अचेतनं परित्याज्यं ) સમસ્ત અચેતન પદાર્થ સમૂહ ત્યાગવા યોગ્ય છે અને ( स्वात्मस्थं ) પોતાના આત્મામાં સ્થિત ( चेतनं ) ચેતન ( सर्वदा सेव्यं ) સદા સેવવા યોગ્ય છે.

**વ્યાખ્યાઃ**—શરીર અને વેશની પૂર્વોકત સ્થિતિમાં શરીર અને વેશ જ નહિ, પરંતુ બધા અચેતન વસ્તુઓ મોક્ષના ઇચ્છુક અને તેથી સંવરના અર્થીએ ત્યાગવા યોગ્ય છે-કોઇમાં પણ તેણે આસકિત ન રાખવી જોઇએ. એનાથી વિપરીત તે ચેતન સદા સેવનીય અને ઉપા-સનીય છે જે પોતાના આત્મામાં સ્થિત છે. ૯૧.

## કયો યોગી શીઘ્ર કર્મોનો સંવર કરે છે. ?

**आत्मतत्त्वमपहस्तित-रागं ज्ञान-दर्शन-चरित्रमयं यः ।**
**मुक्तिमार्गमवगच्छति योगी संवृणोति दुरितानि स सद्यः ॥९२॥**

---

૧. આદિ શબ્દથી બ્રાહ્મણાદિ ઉચ્ચ જાતિનું ગ્રહણ છે તેને પણ ' **जातिर्देहाश्रिता दृष्टा** ' ઈત્યાદિ પદ્ય ( ૮૮ ) માં મુક્તિનું કારણ બતાવ્યું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **यः योगी** ) જે યોગી ( **अपहस्तित-रागं** ) રાગ રહિત ( **आत्मतत्त्वं** ) આત્મતત્ત્વને અને ( **ज्ञान-दर्शन-चरित्रमयं** ) જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ( **मोक्षमार्गं** ) મોક્ષ-માર્ગને ( **अवगच्छति** ) જાણે-ઓળખે છે ( **स** ) તે ( **सद्यः** ) શીઘ્ર ( **दुरितानि** ) કર્મોનો ( **संवृणोति** ) સંવર કરે છે.

**વ્યાખ્યા:**—આ, આ પાંચમા સંવરાધિકારનું ઉપસંહાર-પદ્ય છે. એમાં બતાવ્યું છે કે જે યોગી રાગ-દ્વેષ રહિત શુદ્ધ આત્મતત્ત્વને અને નિર્મળ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષ-માર્ગને પ્રાપ્ત થાય છે તે શીઘ્ર જ કર્મોના આસ્રવને-શુભ અશુભ બધા પ્રકારના કર્મોના આત્મપ્રવેશને-રોકે છે. અને તેથી સંવરાવસ્થામાં કોઈ પણ નવું કર્મ આત્મા સાથે બંધાતું નથી.

આ રીતે શ્રી અમિતગતિ-નિઃસંગયોગિરાજ-વિરચિત યોગસાર પ્રાભૃતમાં સંવર અધિકાર નામનો પાંચમો અધિકાર સમાપ્ત થયો. ૫.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# નિર્જરાધિકાર

## નિર્જરાનું લક્ષણ અને બે ભેદ.

**पूर्वोपार्जित–कर्मैकदेशसंक्षय–लक्षणा ।**
**निर्जरा जायते द्वेधा पाकजापाकजात्वतः ॥ १ ॥**

**શબ્દાર્થ**:—( **पूर्वोपार्जित** ) પૂર્વોપાર્જિત ( **कर्मैक देशसंक्षय–लक्षणा** ) કર્મોનો એક-દેશ ક્ષય જેનું લક્ષણ છે તે ( **निर्जरा** ) નિર્જરા ( **पाकजापाकजात्वत:** ) પાકજા ( સવિપાક ) અને અપાકજા ( અવિપાક )ના ભેદથી ( **द्वेधा जायते** ) તે બે પ્રકારની હોય છે.

**વ્યાખ્યા**:—નિર્જરા અધિકારનો પ્રારંભ કરતાં અહીં સૌથી પહેલાં નિર્જરાનું લક્ષણ આપ્યું છે અને તે લક્ષણ છે ' પૂર્વોપાર્જિત કર્મોનો એકદેશ વિનાશ '. પૂર્વોપાર્જિત કર્મોમાં પૂર્વ જન્મમાં કરેલાં તથા આત્મા ની સાથે બંધાયેલાં કર્મ જ નહિ પરંતુ આ જન્મમાં પણ વર્તમાન કાળથી પૂર્વે કરેલાં તથા બંધાયેલાં કર્મ પણ સામેલ છે. અને એકદેશ સંક્ષયનો અર્થ છે ' આંશિક વિનાશ ' —પૂર્ણતઃ વિનાશ નહિ. કારણ કે કર્મોના પૂર્ણપણે વિનાશ થવાનું નામ તો છે ' મોક્ષ[1] '–નિર્જરા નહિ. જ્યાંસુધી નવા કર્મોનો આસ્રવ રોકાતો નથી અને બંધ–હેતુઓનો અભાવ થતો નથી ત્યાં સુધી નિર્જરા થતી જ નથી. ઉક્ત નિર્જરાના બે ભેદ છે–એક ' પાકજા ', બીજો ' અપાકજા '. આ બન્નેનું સ્વરૂપ આગલા પદ્યમાં આપ્યું છે. ૧.

## પાકજા–અપાકજા નિર્જરાનું સ્વરૂપ.

**प्रक्षयः पाकजातायां पक्वस्यैव प्रजायते ।**
**निर्जरायामपक्वायां पक्वापक्वस्य कर्मणः ॥ २ ॥**

---

१ कृत्स्नकर्मविप्रमोक्षो मोक्षः । –त. सूत्र १०–२ ।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **पाकजातायां** ) પાકજા નિર્જરામાં ( **पक्वस्यैव** ) પાકેલા કર્મોનો જ ( **प्रक्षयः** ) વિનાશ ( **प्रजायते** ) થાય છે. ( **अपक्वायां निर्जरायां** ) અપાકજા નિર્જરામાં ( **पक्वापक्वस्य कर्मणः** ) પાકેલા-નહિ પાકેલા બન્ને પ્રકારનાં કર્મોનો વિનાશ થાયછે.

**વ્યાખ્યા:**—' પાકજા નિર્જરા ' તે છે જેમાં પાકેલા-ફળ દેવાને તૈયાર થયેલા-કર્મોનો જ વિનાશ થાય છે અને ' અપાકજા નિર્જરા ' તે કહેવાય છે જેમાં પાકેલા, ( કાળપ્રાપ્ત ) તથા નહિ પાકેલા ( અકાળપ્રાપ્ત ) બન્ને પ્રકારના કર્મોનો વિનાશ થાય છે. ૨.

## અપાકજા નિર્જરાની શક્તિનો ઉદાહરણ સહિત નિર્દેશ.

**शुष्काशुष्का यथा वृक्षा दह्यन्ते दव-वह्निना ।**
**पक्वापक्वास्तथा ध्यान-प्रक्रमेणाघसंचयाः ॥ ३ ॥**

**શબ્દાર્થ:**—( **यथा** ) જેવી રીતે ( **दव-वह्निना** ) દાવાનળ દ્વારા ( **शुष्काशुष्काः** ) સૂકાં અને લીલાં ( **वृक्षाः** ) વૃક્ષો ( **दह्यन्ते** ) બળી જાય છે ( **तथा** ) તેવી જ રીતે ( **ध्यान-प्रक्रमेण** ) ધ્યાનના પ્રક્રમણથી-પ્રજ્વલનથી-( **पक्वापक्वाः** ) પાકા-કાચા ( **अघसंचयाः** ) કર્મોનાં સમૂહ ભસ્મ થઈ જાય છે.

**વ્યાખ્યા:**—અત્યંત પ્રજ્વલિત તીક્ષ્ણ અગ્નિનું નામ ' દાવાનળ ' છે, જે વનનાં વન ભસ્મ કરી નાખે છે, સૂકાંની જેમ કોઈ લીલુંછમ વૃક્ષ પણ વનમાં તેના ઝપાટામાં આવીને ભસ્મ થવાથી બચતું નથી. એકાગ્રચિંતનરૂપ ધ્યાન પણ આવી જ પ્રબળ અગ્નિ છે, જેની ઝાળમાં આવેલું કોઈ પણ કર્મ ચાહે તે ઉદયને યોગ્ય હોય કે ન હોય બળીને રાખ અથવા શક્તિક્ષીણ થઈ જાય છે. આ રીતે અહીં પાછલા પદ્યમાં ઉલ્લેખાયેલ ' અપાકજા ' નિર્જરાની શક્તિ ને દાવાનળના ઉદાહરણ-દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ છે. ૩.

## પરમનિર્જરા કરનાર ધ્યાન-પ્રક્રમના અધિકારી.

**दूरीकृत-कषायस्य विशुद्धध्यान-लक्षणः ।**
**विधत्ते प्रक्रमः साधोः कर्मणां निर्जरां पराम् ॥ ४ ॥**

**શબ્દાર્થ:**—( **दरीकृत-कसायम्य** ) જેમણે કષાયને દૂર કર્યો છે તે ( **साध्योः** ) સાધુને ( **विशुद्धध्यान-लक्षणः** ) વિશુદ્ધધ્યાન-લક્ષણરૂપ ( **प्रक्रमः** ) જે પ્રક્રમ-પ્રજ્વલન હોય છે તે ( **कर्मणां** ) કર્મોની ( **परां निर्जरां** ) ઉત્કૃષ્ટ નિર્જરા ( **विधत्ते** ) કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—જે સાધુએ પોતાના આત્મામાંથી ક્રોધાદિ કષાયો દૂર કરી દીધા છે તેને જ વિશુદ્ધ ધ્યાન થાય છે-કષાયઆકુલિત સાધુને નહિ-અને તે વિશુદ્ધ ધ્યાન એવો પ્રક્રમ અથવા પ્રજ્વલન થાય છે જે કર્મોને ભસ્માદિરૂપ પરિણમાવીને બહુ મોટા પ્રમાણમાં તેમની નિર્જરા કરી દે છે. ૪.

## ક્યા યોગી કર્મસમૂહની નિર્જરાના કર્તા.

**आत्मतत्त्वरतो योगी कृत-कल्मष-संवरः ।**
**यो ध्याने वर्तते नित्यं कर्म निर्जीर्यतेऽमुना ॥ ५ ॥**

શબ્દાર્થઃ—(आत्मतत्त्वरतो) આત્મતત્ત્વમાં લીન થયેલ અને (कृत-कल्मष-संवरः) કલ્મષનો-કષાયાદિકર્મ-મળનો-સંવર કરેલ (यो योगी) જે યોગી (नित्यं) સદા (ध्याने वर्तते) ધ્યાનમાં વર્તે છે (अमुना) તેનાથી (कर्म) કર્મસમૂહ (निर्जीर्यते) નિર્જરા પામે છે.

વ્યાખ્યાઃ—નિર્જરાના અધિકારીનું વર્ણન કરતાં અહીં તે યોગીને કર્મસમૂહની ઉત્કૃષ્ટ નિર્જરાનો કર્તા કહ્યો છે જે આત્મતત્ત્વમાં લીન થઈને કષાયાદિ કર્મમળના સંવર પૂર્વક સદા ધ્યાનમાં પ્રવર્તે છે. ૫.

## સંવર વિના નિર્જરા વાસ્તવિક નથી.

**संवरेण विना साधोर्नास्ति पातक-निर्जरा ।**
**नूतनाम्भः प्रवेशे(शो) ऽस्ति सरसो रिक्तता कुतः ॥ ६ ॥**

શબ્દાર્થઃ—(संवरेण विना) સંવર વિના (साधोः) સાધુને (पातक-निर्जरा) પાપ-કર્મોની પૂર્ણપણે અવિપાક નિર્જરા (नास्ति) બનતી નથી. (બરાબર છે) (नूतनाम्भः प्रवेशे (शो)) જ્યારે નવા જળનો પ્રવેશ થઇ રહ્યો હોય ત્યારે (सरसः) સરોવર (रिक्तता) ખાલી (कुतः अस्ति) ક્યાંથી થઇ શકે? થઈ શકે નહિ.

વ્યાખ્યાઃ—પાછલા પદ્યમાં સંવરપૂર્વક ધ્યાનમાં પ્રવૃત્ત થવાની જે વાત કહેવામાં આવી છે તેના લક્ષ્યને આ પદ્યમાં સ્પષ્ટ કરતાં બતાવ્યું છે કે સંવર વિના વાસ્તવમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધુને પાપો-કર્મોની નિર્જરા થતી નથી, જેવી રીતે સરોવરમાં નવા જળનો પ્રવેશ થયા કરે તો તે ખાલી થાય નહિ. તેથી સરોવરને ખાલી કરવા માટે જેમ નવા જળના પ્રવેશ-દ્વારને રોકવાની પહેલી જરૂર છે તેવી જ રીતે સંચિત કર્મોની નિર્જરા માટે નવા કર્મોનો આત્મ-પ્રવેશ રોકવાની-સંવરની-પહેલી જરૂર છે. ૭.

## કોનું કયું ધ્યાન કર્મોનો ક્ષય કરે છે.

**रत्नत्रयमयं ध्यानमात्म-रूप-प्ररूपकम् ।**
**अनन्यगत-चित्तस्य विधत्ते कर्म-संक्षयम् ॥ ७ ॥**

શબ્દાર્થ:—જે યોગી ( अनन्यगत-चित्तस्य ) અન્યત્ર ચિત્તવૃત્તિવાળા નથી તેમનું ( आत्म-रूप-प्ररूपकम् ) આત્મરૂપનું પ્રરૂપક ( रत्नत्रयमयं ध्यानम् ) રત્નત્રયમયી ધ્યાન ( कर्म-संक्षयम् ) કર્મોનો વિનાશ ( विधत्ते ) કરે છે.

વ્યાખ્યા:—જે ધ્યાનનો પાછલા પદ્યોમાં ઉલ્લેખ આવ્યો છે તેને અહીં 'રત્નત્રયમય' કહ્યું છે કે જે આત્મતત્ત્વનું પ્રરૂપક છે, તેમાં જે યોગી અનન્યગતચિત્ત થઇને, કોઇ બીજા પદાર્થમાં પોતાની ચિત્તવૃત્તિ ન રાખીને-પ્રવૃત્ત થાય છે તે કર્મોની સારી રીતે નિર્જરા કરે છે. ૩.

## કયા યોગી બધા કર્મમળને ધોઇ નાખે છે.

**व्यक्तान्तरेतर-ग्रन्थो निर्व्यापारो जितेन्द्रियः ।**
**लोकाचार-पराचीनो[1] मलंक्षालयतेऽखिलम् ॥ ८ ॥**

શબ્દાર્થ:—જે યોગી ( त्यक्तान्तरेतर-ग्रन्थो ) અંતરંગ અને બહિરંગ બન્ને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરીને ( निर्व्यापारो ) ઇન્દ્રિય-વ્યાપારથી રહિત થયેલો ( जितेन्द्रियः ) જિતેન્દ્રિય છે અને ( लोकाचार-पराचीनो ) લોકાચારથી પરાઙ્મુખ છે તે ( अखिलं मलं ) બધા કર્મમળને ( क्षालयते ) ધોઈ નાખે છે.

---

૧. पराङ्मुखः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યાખ્યાઃ**—નિર્જરાના અધિકારીનું વર્ણન કરતાં અહીં એ પ્રરૂપણ કર્યું છે કે જે યોગી આભ્યંતર તથા બાહ્ય બન્ને પ્રકારના પરિગ્રહોથી રહિત છે, ઇન્દ્રિય-વ્યાપારમાં પ્રવર્તતો નથી; ઇન્દ્રિયોને પોતાને વશ કરેલ છે અને લોકાચારની પરવા કરતો નથી તે સર્વ પ્રકારના કર્મમળને ધોવામાં સમર્થ થાય છે.

અહીં આદિ-અંતના બે વિશેષણ પોતાનું ખાસ મહત્ત્વ રાખે છે, પ્રથમ વિશેષણમાં અંતરંગ પરિગ્રહનો ત્યાગ પ્રધાન છે, જે મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ અને હાસ્યાદિ નોકષાયો રૂપે ચૌદ પ્રકારનો હોય છે અને બાહ્ય પરિગ્રહ ક્ષેત્ર, વાસ્તુ, ચાંદી-સોનું, ધન-ધાન્યાદિ રૂપે દસ પ્રકારનો કહેવામાં આવ્યો છે. આ બન્ને પ્રકારના પરિગ્રહોનો જ્યાંસુધી સાચા હૃદયથી ત્યાગ થતો નથી ત્યાંસુધી ઇન્દ્રિય-વ્યાપારનું અટકવું અને જિતેન્દ્રિય થવું પણ બનતું નથી. રહ્યું છેલ્લું વિશેષણ, તે એ વાતનું સૂચક છે કે જ્યાંસુધી લોકાચારના કર્મમળનું ક્ષાલન ( ધોવાઇ જવું તે ) ન થઇ શકે ત્યાંસુધી લોકાચારના પાલનમાં પ્રવૃત્તિરૂપ કર્મનો આસ્રવ થયા જ કરશે. તેથી જ સાચા મુનિઓની વૃત્તિને ‘ અલૌકિક ’ કહેવામાં આવી છે.૨ આ અલૌકિક વૃત્તિ ભવાભિનન્દી અથવા લૌકિક મુનિઓથી બની શકતી નથી. તેમને તો લોકૈષણા સતાવ્યા કરે છે અને તેથી તે લોકાચારથી વિમુખ થઈ શકતા નથી. ૮.

## વિશુદ્ધભાવના ધારક કર્મક્ષયના અધિકારી.

**शुभाशुभ-विशुद्धेषु भावेषु प्रथम-द्वयम् ।**
**यो विहायान्तिमं धत्ते क्षीयते तस्य कल्मषम् ॥ ९ ॥**

**શબ્દાર્થઃ**—( **यो** ) જે ( **शुभाशुभ-विशुद्धेषु भावेषु** ) શુભ, અશુભ, વિશુદ્ધ એ ત્રણ ભાવોમાંથી, ( **प्रथम-द्वयम्** ) પ્રથમ બેને ( **विहाय** ) છોડીને ( **अन्तिमं** ) અંતિમ વિશુદ્ધ ભાવને ( **धत्ते** ) ધારણ કરે છે ( **तस्य** ) તેના ( **कल्मषम्** ) કલ્મષ-કષાયાદિ કર્મમળ-( **क्षीयते** ) ક્ષય પામે છે.

વ્યાખ્યાઃ—અહીં એમ સૂચિત કર્યું છે કે જીવના પરિણામ ત્રણ પ્રકારના હોય છે- શુભ, અશુભ, વિશુદ્ધ, આમાંથી પહેલા બે પરિણામોને, કે જે કર્મબંધનાં કારણ છે, છોડીને જે ત્રીજા વિશુદ્ધ પરિણામને ધારણ કરે છે, તે નવા કર્મોના આસ્રવ-બંધ નહીં કરતો થકો પૂર્વ સંચિત કર્મોનો ક્ષય કરવામાં સમર્થ થાય છે. વિશુદ્ધ પરિણામમાં બે શક્તિઓ છે-

---

૨. अनुसरतां पदमेतत् करम्बिताचार-नित्यनिरभिमुखा ।
एकान्तविरतिरूपा भवति मुनिनामलौकिकी वृत्तिः ॥
—અમૃતચન્દ્ર સૂરિ; પુ. સિદ્ધ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક કર્મોના આસ્રવ-બંધ રોકવાની અને બીજી પૂર્વે બાંધેલા કર્મોને ક્ષયરૂપ-નિર્જરિત કરવાની. ૯.

## શુદ્ધાત્મતત્ત્વને ન જાણનારનું તપ કાર્યકારી નથી.

[1]बाह्यमाभ्यन्तरं द्वेधा प्रत्येकं कुर्वता तपः ।
नैनो निर्जीर्यते शुद्धमात्मतत्त्वमजानता ॥ १० ॥

**શબ્દાર્થ:**—જે (शुद्धमात्मतत्त्वमजानता) શુદ્ધ આત્મતત્ત્વને જાણતો નથી તેના દ્વારા (बाह्यमाभ्यन्तरं) બાહ્ય તથા અભ્યંતર (द्वेधा) બન્ને પ્રકારના (प्रत्येकं तपः कुर्वता) તપમાંથી પ્રત્યેક પ્રકારના તપનું અનુષ્ઠાન કરવા છતાં પણ (एनः) કર્મ (न निर्जीर्यते) નિર્જરાને પામતું નથી.

**વ્યાખ્યા:**—મોક્ષશાસ્ત્રમાં 'तपसा निर्जरा च' આ સૂત્ર દ્વારા એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે તપથી નિર્જરા તથા સંવર બન્ને થાય છે. અહીં સુધી ખાસ મૌલિક વાત બીજી કહેવામાં આવી છે અને તે એ કે જ્યાંસુધી યોગી-તપસ્વી શુદ્ધ આત્મતત્ત્વને નથી જાણતો-ઓળખતો ત્યાંસુધી તેના બાહ્ય તથા અભ્યંતર બન્ને પ્રકારનાં તપમાંથી કોઇ પણ પ્રકારનું તપ કરવા છતાં કર્મોની નિર્જરા થતી નથી. સંવરના અધિકારમાં જે રીતે સંવરના અધિકારીને માટે આત્મતત્ત્વને જાણવા અને તેમાં સ્થિત થવાની વાત કહેવામાં આવી છે તેવી જ રીતે નિર્જરાના અધિકારી માટે પણ તે સમજવું જોઇએ. જે આત્માને જ નથી સમજતો તેનું બાહ્ય અભ્યંતર બન્ને પ્રકારનું તપ, જેમાં ધ્યાન પણ સામેલ છે, એક પ્રકારે નિરર્થક થાય છે-તેનાથી ન સંવર થાય છે અને ન નિર્જરા. તપશ્ચરણની સાથે આત્માને જાણવો તે શૂન્ય સાથે અંકની જેમ તેને સાર્થક બનાવે છે. તેથી કેવળ તપશ્ચરણના મોહમાં જ ગુંચવાઈ રહેવું ન જોઇએ, આત્માને જાણવા તથા ઓળખવાનો સૌથી પ્રથમ પ્રયત્ન કરવો જોઈએ. ૧૦.

## કયા સંયમથી કોના દ્વારા કર્મની નિર્જરા થાય છે.

कर्म निर्जीर्यते पूतं विदधानेन संयमम् ।
आत्म-तत्त्व-निविष्टेन जिनागम-निवेदितम् ॥ ११ ॥

---

१. मु बाह्यमभ्यंतरं ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—(**आत्म-तत्त्व-निविष्टेन**) આત્મતત્ત્વમાં સ્થિત જે યોગી (**जिनागम निवेदितम्**) જિનાગમ-કથિત (**पूतं**) પવિત્ર (**संयमम्**) સંયમનું (**विदधानेन**) અનુષ્ઠાન કરે છે તેના દ્વારા (**कर्मनिर्जीर्यते**) કર્મની નિર્જરા થાય છે.

વ્યાખ્યા:—અહીં સંયમદ્વારા કર્મની નિર્જરાનું વર્ણન કરતાં તેનાં બે વિશેષણ આપવામાં આવ્યાં છે. એક તો 'पूत' જે પવિત્ર શુદ્ધ અર્થનું વાચક છે, બીજું છે '**जिनागमनिवेदितं**' જેનો આશય છે જિનાગમ દ્વારા પ્રતિપાદિત. જિનાગમમાં સંયમના બે ભેદ કરવામાં આવ્યા છે—એક ઈન્દ્રિય સંયમ અને બીજો પ્રાણિસંયમ. સ્પર્શનાદિ ઇન્દ્રિયોની અશુભ પ્રવૃત્તિઓને રોકવી તે 'ઇન્દ્રિય સંયમ' છે અને પ્રાણધારી જીવો પ્રત્યે ઘાતક રૂપે પ્રવૃત્ત ન થવું તેનું નામ 'પ્રાણિસંયમ' છે. આ બન્નેય પ્રકારના સંયમ નિર્જરાના હેતુ છે. સંયમના અધિકારીનું અહીં એક જ વિશેષણ આપ્યું અને તે છે આત્મતત્ત્વમાં સ્થિત. જે આત્મતત્ત્વમાં સ્થિત નથી તે સંયમને પાત્ર નથી અને તેથી તેના દ્વારા સંયમ જનિત નિર્જરા થતી નથી. ૧૧.

## કયો યોગી કર્મરજને સ્વયં ઉડાવી દે છે?

**अन्याचार-परावृत्तः स्वतत्त्व-चरणादृतः ।**
**संपूर्ण-संयमो योगी विधुनोति रजः स्वयम् ॥ १२ ॥**

શબ્દાર્થ:—(**योगी**) જે યોગી (**अन्याश्चार-परावृत्तः**) અન્ય આચારથી વિમુખ થઇને (**स्वतत्त्व चरणादृतः**) સ્વરૂપાચરણમાં તત્પર છે અને (**संपूर्ण-संयमो**) પૂર્ણપણે સંયમનો પાલક છે તે (**स्वयम्**) સ્વયં (**रजः**) કર્મરજને (**विधुनोति**) છિન્ન-ભિન્ન કરી નાખે છે.

વ્યાખ્યા:—અહીં પૂર્ણપણે સંયમી યોગીની વાત લેવામાં આવી છે અને તે તે જ હોય છે જે સ્વરૂપાચરણથી ભિન્ન અન્યાચરણમાં રુચિ રાખતો નથી અને સ્વરૂપાચરણમાં સદા તત્પર રહે છે. એવો યોગી કોઇની સહાય વિના અથવા અપેક્ષા વિના સ્વયં કર્મમળને વિશેષપણે ઉડાડી નાખે છે. ૧૨.

## લોકાચારને અપનાવનાર યોગીનો સંયમ ક્ષીણ થાય છે.

**हित्वा लोकोत्तराचारं लोकाचारमुपैति यः ।**
**संयमो हीयते तस्य निर्जरायां निबन्धनम् ॥ १३ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( यः ) જે યોગી (लोकोत्तराचारं हित्वा) લોકોત્તર આચારને છોડીને ( लोकाचारं उपैति ) લોકાચારને અપનાવે છે ( तस्य संयमः ) તેનો સંયમ, ( निर्जरायां निबन्धनम् ) કે જે નિર્જરાનું કારણ છે, ( हियते ) ક્ષીણ થાય છે.

વ્યાખ્યા:—પાછલા પદ્યમાં જે સ્વરૂપાચરણનો ઉલ્લેખ છે તેજ અહીં ' લોકોત્તર આચાર ' રૂપે વિવક્ષિત છે તેને છોડીને જે યોગી લોકાચારમાં-લૌકિક જનો જેવી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય છે તેનો સંયમ ક્ષીણ થઈ જાય છે, અને તેથી કર્મની નિર્જરા કરવામાં સમર્થ થતો નથી. ૧૩.

## અર્હદ્ વચનની શ્રદ્ધા ન કરનાર સુચરિત્રી પણ શુદ્ધિ પ્રાપ્ત કરતો નથી.

चारित्रं विदधानोऽपि पवित्रं यदि तत्त्वतः ।
श्रद्धत्ते नार्हतं वाक्यं न शुद्धिं श्रयते तदा ॥ १४ ॥

શબ્દાર્થ:—( पवित्रं चारित्रं ) પવિત્ર ચારિત્રનું ( विदधानोऽपि ) પાલન કરવા છતાં પણ ( यदि ) જો ( યોગી ) ( तत्त्वतः ) વાસ્તવમાં ( आर्हतं वाक्यं ) અર્હંતના વચનોને ( न श्रद्धते ) શ્રદ્ધતો નથી—તેને પોતાની ચર્યાનો આધાર બનાવતો નથી-( तदा ) તો તે ( शुद्धिं न श्रयते ) શુદ્ધિને પ્રાપ્ત થતો નથી.

વ્યાખ્યા:—જે પવિત્ર સંયમનો ૧૧ મા પદ્યમાં ઉલ્લેખ છે અને જેને ત્યાં " जिनागम-निवेदितं " વિશેષણ આપ્યું છે તેનો જ અહીં ' चारित्र ' શબ્દથી ઉલ્લેખ કરતાં તેના તે વિશેષણનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જિનાગમને આર્હત્‌વાક્ય ( અર્હત્પ્રવચન ) કહ્યું છે અને એ ઘોષણા કરી છે કે જે યોગી અર્હંતના પ્રવચનની શ્રદ્ધા કરતો નથી-શ્રદ્ધાપૂર્વક જિનાગમ-કથિત સંયમનું પાલન નથી કરતો-તે વાસ્તવમાં પવિત્ર સંયમનું પાલન કરવા છતાં પણ શુદ્ધિને પ્રાપ્ત થતો નથી. તેથી અર્હત્પ્રતિપાદિત સંયમના અનુષ્ઠાનમાં શ્રદ્ધાની ખાસ જરૂર છે-શ્રદ્ધા વિનાનું ચારિત્ર સ્વયં શુદ્ધ હોવા છતાં પણ શુદ્ધિ-વિધાનમાં અસમર્થ છે, શ્રદ્ધા તેમાં શક્તિનો સંચાર કરે છે. ૧૪.

## જિનાગમને ન જાણતો સંયમી આંધળા સમાન.

विचित्रे चरणाचारे वर्तमानोऽपि संयतः ।
जिनागममजानानः सदृशो गतचक्षुषः ॥ १५ ॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **विचित्रे** ) વિવિધ પ્રકારના ( **चरणाचारे** ) ચારિત્રાચારમાં (**वर्तमानोऽपि** ) પ્રવર્તતો હોવા છતાં પણ ( **संयतः** ) જે સંયમી ( **जिनागममजानानः** ) જિનાગમને જાણતો નથી તે ( **गतचक्षुषः सदृशः** ) ચક્ષુહીન સમાન છે-તેનું તે આચરણ અંધના આચરણ સમાન છે.

**વ્યાખ્યા:**—અહીં તે યોગીના ચારિત્રને આંધળાના આચરણ સમાન બતાવ્યું છે જે જિનાગમને જાણતો નથી. એવી જ રીતે આગમ-શાસ્ત્રને લક્ષ્ય કરીને કોઇ નીતિકારે કહ્યું છે:—

**अनेक–संशयोच्छेदि परोक्षार्थस्य दर्शकम् ।**
**सर्वस्य लोचनं शास्त्रं यस्य नास्त्यन्ध एव सः ॥**

અનેક સંશયોનું ઉચ્છેદન કરનાર અને પરોક્ષ પદાર્થસમૂહને દેખાડનાર બધાનું લોચન ( નેત્ર ) શાસ્ત્ર છે, જે આ લોચનથી વિહીન છે તેજ આંધળો છે. ૧૫.

## કોનું કયું નેત્ર.

**[1]साधूनामागमश्चक्षुर्भूतानां चक्षुरिन्द्रियम् ।**
**देवानामवधिश्चक्षुर्निर्वृताः सर्व–चक्षुषः ॥ १६ ॥**

**શબ્દાર્થ:**—( **साधूनां चक्षुः** ) સાધુઓની આંખ ( **आगमः** ) આગમ શાસ્ત્ર છે. ( **भूतानां चक्षुः** ) સામાન્ય પ્રાણીઓની આંખ ( **इन्द्रियं** ) ઇન્દ્રિય છે, ( **देवानां चक्षुः** ) દેવોની આંખ ( **अवधिः** ) અવધિ દર્શન છે ( **च** ) અને ( **निर्वृताः** ) જે નિર્વૃત-છે મુક્તિ પામેલા છે-તેઓ ( **सर्व चक्षुः** ) સર્વચક્ષુ છે.

**વ્યાખ્યા:**—અહીં કોનું કયું નેત્ર, એનો નિર્દેષ કરતાં સાધુઓનાં નેત્ર આગમ, ભૂતોનાં-સર્વ પ્રાણીઓનાં-નેત્ર ઇન્દ્રિય, અને દેવોનાં નેત્ર અવધિદર્શન કહ્યાં છે. સાથે જ જે સંસારથી મુક્ત થઇ ગયા છે તેમને 'સર્વચક્ષુ'-સર્વ તરફથી જોનાર-કહ્યા છે. પ્રવચન-

---

૧. आगम चक्खू साहू इंदिय चक्खूणि सव्वभूदाणि ।
देवा य ओहिचक्खु सिद्धा पुण सव्वदो चक्खू ॥
— પ્રવચનસાર. ૩-૩૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સારમાં પણ 'आगमचक्खू साहू' જેવા વાક્ય દ્વારા સાધુને આગમચક્ષુ-આગમરૂપી નેત્રથી જોનાર-બતાવ્યા છે. તેથી સાધુએ આગમજ્ઞાતા હોવું અને આગમ અનુસાર આચરણ કરવું, આ બન્નેય આવશ્યક છે. ૧૬.

## આગમમાં બતાવેલ બધું અનુષ્ઠાન કોને નિર્જરાનો હેતુ.

**प्रदर्शितमनुष्ठानमागमेन तपस्विनः ।**
**निर्जराकारणं सर्वं ज्ञात-तत्त्वस्य जायते ॥ १७ ॥**

**શબ્દાર્થ**:—(**आगमेन प्रदर्शितम्**) આગમ દ્વારા પ્રદર્શિત (**सर्वं अनुष्ठानं**) બધું અનુષ્ઠાન (**ज्ञात-तत्त्वस्य**) તત્ત્વજ્ઞ-(**तपस्विनः**) તપસ્વીને (**निर्जराकारणं जायते**) નિર્જરાનું કારણ થાય છે.

**વ્યાખ્યા**:—અહીં આગમ દ્વારા પ્રદર્શિત બધાય અનુષ્ઠાનને નિર્જરાનું કારણ બતાવતાં તેના અનુષ્ઠાતા તપસ્વી-સાધુનું એક ખાસ વિશેષણ '**ज्ञाततत्त्वस्य**' આપવામાં આવ્યું છે અને તેના દ્વારા એ સૂચિત કરવામાં આવ્યું છે કે જે સાધુ તત્ત્વોના જ્ઞાતા **નથી** અથવા જે આત્મતત્ત્વને સમજ્યા નથી તેનું આગમ-પ્રદર્શિત અનુષ્ઠાન નિર્જરાનું કારણ થતું નથી તેથી આગમ પ્રદર્શિત અનુષ્ઠાન માટે તત્ત્વોના જ્ઞાતા થવાની પરમ આવશ્યકતા છે-ખાલી પોપટિયા જ્ઞાન રૂપે તે ન હોવું જોઈએ. આવું કોરૂં અનુષ્ઠાન પ્રાયઃ ભાવ શૂન્ય હોય છે અને તેથી અનુષ્ઠાનનું સમ્યક્ ફળ તે આપતું નથી. આજ વાત કલ્યાણમંદિર સ્તોત્રમાં '**यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः**' આ વાક્યદ્વારા પ્રદર્શિત કરી છે. આવી ભાવશૂન્ય ક્રિયાઓને બકરીના ગળામાં લટકતા સ્તનોની ઉપમા આપવામાં આવી છે, જે દેખવામાં સ્તનના આકારે હોવા છતાં પણ સ્તનનું કામ આપતાં નથી-તેમાંથી દૂધ નીકળતું નથી. ભાવશૂન્ય ક્રિયાઓ પણ દેખવામાં સારી લાગે છે પરંતુ તેનાથી ફળની પ્રાપ્તિ થતી નથી. તેથી જ ભાવહીનના પૂજાદિ, તપ, દાન, જપાદિ અને દીક્ષા આદિને વ્યર્થ બતાવવામાં આવ્યા છેઃ—

**भावहीनस्य पूजादिः तपोदान—जपादिकम् ।**
**व्यर्थ दीक्षादिकं च स्यादजाकण्ठे स्तनाविव ॥ १७.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## અજ્ઞાની-જ્ઞાનીના વિષય સેવનનું ફળ.

**अज्ञानी बध्यते यत्र सेव्यमानेऽक्षगोचरे ।**
**तत्रैव मुच्यते ज्ञानी पश्यताश्चर्यमीदृशम् ॥ १८ ॥**

**શબ્દાર્થઃ**—( **सेव्यमानेऽक्षगोचरे** ) ઇન્દ્રિય વિષયનું સેવન કરતાં ( **यत्र** ) જ્યાં ( **अज्ञानी** ) અજ્ઞાની ( **बध्यते** ) કર્મબંધ ને પ્રાપ્ત થાય છે ( **तत्रैव** ) ત્યાં ( **ज्ञानी मुच्यते** ) જ્ઞાની કર્મબંધનથી છૂટે છે.-કર્મની નિર્જરા કરે છે-( **पश्यत आश्चर्यम् ईदृशम्** ) અહો ! આ આશ્ચર્યને જુઓ.

**વ્યાખ્યાઃ**—પાછલા પદ્યમાં સાધુ માટે '**ज्ञाततत्त्व**' હોવાની જે વાત કહેવામાં આવી છે તેના મહત્ત્વની આ પદ્યમાં આશ્ચર્ય સાથે એમ કહીને સૂચના કરવામાં આવી છે કે અજ્ઞાની જે કામ કરતાં કર્મ-બંધનથી બંધાય છે તે જ કામ કરતાં જ્ઞાની કર્મબંધનથી છૂટે છે-કર્મની નિર્જરા કરે છે. આમાં '**ज्ञायक**' અને '**वेदक**' ના ભેદની તે દૃષ્ટિ સમાયેલી છે જેનું વર્ણન ગ્રંથમાં અન્યત્ર[1] ( ચોથા અધિકારમાં ) કરવામાં આવ્યું છે.

## કર્મફળને ભોગવતાં કોને બંધ અને કોને નિર્જરા.

**शुभाशुभ-विकल्पेन कर्मायाति शुभाशुभम् ।**
**भुज्यमानेऽखिले द्रव्ये निर्विकल्पस्य निर्जरा ॥ १९ ॥**

**શબ્દાર્થઃ**—( **शुभाशुभ-विकल्पेन** ) શુભ-અશુભ વિકલ્પ દ્વારા ( **शुभाशुभं कर्म** ) શુભ-અશુભ કર્મનું ( **आयाति** ) આગમન થાય છે. ( **भुज्यमानेऽखिले द्रव्ये** ) સંપૂર્ણદ્રવ્ય સમૂહને ભોગવવા છતાં પણ ( **निर्विकल्पस्य** ) જે નિર્વિકલ્પ છે-રાગ-દ્વેષાદિ રૂપ કોઇ પ્રકારનો વિકલ્પ કરતો નથી-તેને ( **निर्जरा** ) નિર્જરા થાય છે.

અહીં પાછલા પદ્યને કાંઇક સ્પષ્ટ કરતાં એ બતાવ્યું છે કે જે કોઇ કર્મ કરતાં અથવા ભોગવતાં શુભ-અશુભનો વિકલ્પ કરવામાં આવે છે-તેને સારું કે ખરાબ માનવામાં

---

૧. **ज्ञानिना सकलं द्रव्यं ज्ञायते वेद्यते न च ।**
**अज्ञानिना पुनः सर्वं वेद्यते ज्ञायते न च ॥ २३ ॥**
**यथा वस्तुपरिज्ञानं ज्ञानं ज्ञानिभिरुच्यते ।**
**राग-द्वेष-मद क्रोधैः सहितं वेदनं पुनः ॥ २४ ॥** —બંધાધિકાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે છે–તેનાથી શુભ-અશુભ કર્મના આસ્રવ-બંધ થાય છે. અને તેથી જે જ્ઞાની સાધુ કર્મનું ફળ ભોગવતી વખતે નિર્વિકલ્પ રહે છે–કોઈ પણ પ્રકારના રાગ-દ્વેષ કરતો નથી–તેનો તે ભોગ નિર્જરાનું કારણ થાય છે-બંધનું નહિ. અજ્ઞાનીને આ વાત બનતી નથી. તે પોતાના અજ્ઞાનને વશે તેમાં રાગ-દ્વેષાદિનો વિકલ્પ કર્યા વિના રહેતો નથી અને તેથી નવા કર્મબંધને પ્રાપ્ત થાય છે. ૧૯

## નિષ્કિંચન યોગી પણ નિર્જરાનો અધિકારી.

**अहमस्मि न कस्यापि न ममान्यो बहिस्ततः ।**
**इति निष्किंचनो योगी[१] धुनीते निखिलं रजः ॥ २० ॥**

**શબ્દાર્થ:**—( अहं ) હું ( कस्यापि ) કોઈનો પણ ( न अस्मि ) નથી અને ( ततः बहिः अन्यः ) તેથી અન્ય કોઇ બાહ્ય પદાર્થ ( मम न ) મારો નથી, ( इति ) આ રીતે પરને ન અપનાવતો ( निष्कंचनो योगी ) નિષ્કિંચન નિઃસંગ-યોગી ( निखिलं ) બધી ( रजः धुनीते ) કર્મરજને છિન્ન-ભિન્ન કરી નાખે છે.

**વ્યાખ્યા:**—અહીં નિર્જરાના એક બીજા અધિકારીનો ઉલ્લેખ છે અને તે છે 'નિષ્કિંચન યોગી' જેનું સ્વરૂપ છે 'હું કોઇનો નથી અને તેથી બીજો કોઇ પણ બાહ્ય પદાર્થ મારો નથી.' વાસ્તવમાં અકિંચન, નિઃસંગ અથવા અપરિગ્રહી યોગીનું એ જ રૂપ છે. બીજા ચેતન-અચેતન પદાર્થોને પોતાના બનાવ્યે રાખે છે, તે અપરિગ્રહી અથવા અકિંચન કેવો ? અને તેથી નિર્જરાનો અધિકારી નથી. ૨૦.

## વિવિક્તાત્મા સિવાય અન્ય ઉપાસકની સ્થિતિ.

**मुक्त्वा विविक्तमात्मानं मुक्त्यै येऽन्यमुपासते ।**
**ते भजन्ति हिमं मूढा विमुच्याग्निं हिमच्छिदे ॥ २१ ॥**

**શબ્દાર્થ:**—( विविक्तम ) વિવિક્ત-કર્મકલંક વિમુક્ત-( आत्मानं मुक्त्वा ) આત્માને છોડીને ( ये )જેઓ ( अन्यमुपासते ) અન્યની ઉપાસના કરે છે ( ते ) તે ( मूढाः ) મૂઢ

---

१. आ भावो ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( हिमच्छिदे ) શીતનો નાશ કરવા માટે ( अग्निं विमुच्य ) અગ્નિને છોડીને ( हिमं ) હિમનું-બરફનું ( भजन्ति ) સેવન કરે છે.

વ્યાખ્યાઃ—અહીં મુક્તિ માટે અકિંચનભાવ અથવા નિઃસંગતાની સાધનામાં પરની ઉપાસનાને પણ બાધક બતાવતાં એમ પ્રતિપાદન કર્યું છે કે પોતાના શુદ્ધ નિર્મળ આત્માને છોડી જે પરની ઉપાસના કરે છે તે મૂઢ ઠંડીનો વિનાશ કરવા માટે અગ્નિને છોડી શીતકારી પદાર્થોનું જ સેવન કરે છે. ૨૧.

## સ્વદેહસ્થ પરમાત્માને છોડી અન્યત્ર દેવોપાસકની સ્થિતિ.

**योऽन्यत्र वीक्षते देवं देहस्थे परमात्मनि ।**
**सोऽन्ने सिद्धे गृहे शङ्के भिक्षां भ्रमति मूढधीः ॥ २२ ॥**

શબ્દાર્થઃ—( देहस्थे परमात्मनि ) પરમાત્મદેવ ( स्वः ) દેહમાં સ્થિત હોવા છતા પણ ( यः ) જે ( देवं ) દેવને ( अन्यत्र ) બીજે ( वीक्षते ) ગોતે છે, ( शङ्के ) હું માનું છું કે, ( समूढधीः ) તે મૂઢબુદ્ધ ( गृहे सिद्धे अन्ने ) ઘરમા ભોજન તૈયાર હોવા છતા પણ ( भिक्षां भ्रमति ) ભિક્ષા માટે ભટકે છે.

વ્યાખ્યાઃ—અહીં પોતાના દેહમાં પરમાત્માની ઉપાસનાને પ્રધાનતા દેતાં લખ્યું છે કે જે દેહસ્થ પરમાત્માને છોડીને બીજે તેની ઉપાસના કરે છે તે એવા મૂઢબુદ્ધિ સમાન છે કે જે ઘરમાં ભોજન તૈયાર હોવા છતાં પણ, તે નહિ હોવાની આશંકા કરીને, ભિક્ષાને માટે બહારમાં ભટકે છે. ૨૨

## કોણ કર્મરૂપી રજ્જુઓથી બંધાય છે અને કોણ છૂટે છે?

**कषायोदयतो जीवो बध्यते कर्मरज्जुभिः ।**
**शान्त-क्षीणकषायस्य त्रुटयन्तिरभसेन ताः ॥ २३ ॥**

શબ્દાર્થઃ—( कषायोदयतो ) કષાયના ઉદયથી ( जीवो ) આ જીવ ( कर्मरज्रूभिः ) કર્મરજ્જુરૂપ બંધનોથી ( द्ध्यते ) બંધાય છે, ( शान्त-क्षीणकषायस्य ) જેના કષાય શાન્ત કે ક્ષીણ થઇ જાય છે તેના ( ताः ) તે રજ્જુ-બંધન ( रभसेन ) શીઘ્ર ( त्रुटचन्ति ) તૂટી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વ્યાખ્યા:—જે કષાયોના ઉદયથી આ જીવ કર્મબંધનોથી બંધાય છે તે બધાં કર્મોનાં બંધન કષાયો શાન્ત તથા ક્ષીણ થઇ જતાં શીઘ્ર જ સ્વયં તૂટી જાય છે. અને આ રીતે તેમની નિર્જરા થઇ જાય છે. ૨૩.

## પ્રમાદી સર્વત્ર પાપોથી બંધાય છે અને અપ્રમાદી છૂટે છે.

**सर्वत्र प्राप्यते पापैः प्रमाद–निलयीकृतः ।**
**प्रमाद–दोष–निर्मुक्तः सर्वत्रापि हि मुच्यते ॥ २४ ॥**

શબ્દાર્થ:—( **प्रमाद निलयीकृतः** ) જેણે પ્રમાદનો આશ્રય લીધો છે-જે સદા પ્રમાદથી ઘેરાયેલો પ્રમાદી બનેલો છે-તે ( **सर्वत्र पापैः** ) સર્વત્ર પાપોથી-પાપ કર્મોથી-( **प्राप्यते** ) ગ્રહીત થાય છે અથવા બંધાયા કરે છે. ( **प्रमाद–दोष निर्मुक्तः** ) અને જે પ્રમાદના દોષથીરહિત નિષ્પ્રમાદી છે તે ( **सर्वत्रापि** ) બધી જગ્યાએ ( **मुच्यते हि** ) પાપોથી મુક્ત થયા કરે છે-નવા પાપકર્મોના બંધાવાની તો વાત જ દૂર છે.

વ્યાખ્યા:—અહીં પ્રમાદનાદોષથી નિર્મુક્તને નિર્જરાનો અધિકારી બતાવતાં લખ્યું છે કે 'જે પ્રમાદનો આશ્રય લીધા કરે છે તે ગમે ત્યાં હોય પણ પાપોથી બંધાય છે અને જે પ્રમાદથી નિર્મુક્ત છે તે ક્યાંય પણ હોય પાપોથી મુક્તિ મેળવે છે.-તેની સાથે નવા કર્મ બંધાતા નથી અને જુના બંધાયેલા કર્મોની નિર્જરા થઇ જાય છે. ૨૪.

## સ્વનિર્મળ તીર્થને છોડીને અન્યને ભજનારાઓની સ્થિતિ.

**स्वतीर्थममलं हित्वा शुद्धयेऽन्यद् भजन्ति ये ।**
**ते मन्ये मलिनाः स्नान्ति सरः संत्यज्य पल्वले ॥ २५ ॥**

શબ્દાર્થ:—( **स्वं अमलं तीर्थं हित्वा** ) પોતાના નિર્મળ આત્મતીર્થને છોડીને ( **ये** ) જેઓ ( **शुद्धये** ) શુદ્ધિ માટે ( **अन्यद् भजन्ति** ) અન્ય તીર્થને ભજે છે, ( **मन्ये** ) હું માનું છું, ( **ते मलिनाः** ) તે મલિન પ્રાણી ( **सरः** ) સરોવરને ( **संत्यज्य** ) છોડીને ( **पल्वले** ) ખાબોચીયામાં ( **स्नान्ति** ) સ્નાન કરે છે.

વ્યાખ્યા:—૨૩મા પદ્યમાં પરમાત્મા દેહસ્થ હોવાની વાત કહેવામાં આવી છે અને તે પરમાત્માને છોડીને અન્યત્ર દેવની શોધ કરવામાં કાંઇક આપત્તિ બતાવવામાં આવી છે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં તે જ દેહસ્થ પરમાત્માને પોતાનું નિર્મળ તીર્થ કહ્યું છે અને એમ સૂચિત કર્યું છે કે જે શુદ્ધિના ઇચ્છુક મલિન પ્રાણી પોતાનું તે નિર્મળ તીર્થ છોડીને અન્ય તીર્થની ઉપાસના કરે છે તે સરોવર છોડીને ખાબોચિયામાં સ્નાન કરે છે; કેમ કે એક તો આત્મતીર્થ કરતાં પરતીર્થને પ્રધાનતા મળે છે, કે જે અતત્ત્વશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વનો દ્યોતક એક પ્રકારનો વિકાર છે; બીજું પરમાં રાગને કારણે આત્મા કર્મમળથી લિપ્ત થાય છે. તેથી સ્વતીર્થને છોડી પરતીર્થનું સેવન ખાબોચિયામાં સ્નાન સમાન છે, જેથી નિર્મળતાને બદલે મળનું જ ગ્રહણ થાય છે. એવી આચાર્ય મહોદયે કલ્પના કરી છે. ૨૫.

## સ્વાત્મજ્ઞાનના ઇચ્છુકે પરીષહો સહવા આવશ્યક છે.

**स्वात्मानमिच्छुभिर्ज्ञातुं सहनीयाः परीषहाः ।**
**नश्यत्यसहमानस्य स्वात्म-ज्ञानं परीषहात् ॥ २६ ॥**

**શબ્દાર્થઃ**—(**स्वात्मानं**) પોતાના આત્માને (**ज्ञातुं**) જાણવાના (**इच्छुभिः**) ઇચ્છુકોએ (**परीषहाः**) પરીષહો (**सहनीयाः**) સહન કરવા જોઇએ, (**असहमानस्य**) જે પરિષહોને સહન કરતો નથી તેનું (**स्वात्म-ज्ञानं**) સ્વાત્મજ્ઞાન (**परिषहात्**) પરીષહો ઉપસ્થિત થતાં (**नश्यति**) સ્થિર રહેતું નથી-નાશ પામી જાય છે.

**વ્યાખ્યાઃ**—પાછલા પદ્યમાં જે નિર્મળ આત્મતીર્થની વાત કહેવામાં આવી છે તેને જે જાણવા-ઓળખવાના ઇચ્છુક છે તેમને માટે અહીં પરીષહોનું સહન કરવું આવશ્યક બતાવ્યું છે, જેમની સંખ્યા આગમમાં બાવીસ કહી છે અને તેમનાં નામ છે-ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, ડાંસ, મચ્છર, નગ્નતા, અરતિ, સ્ત્રીચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મળ, સત્કાર-પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, અદર્શન. એમનું સ્વરૂપ તત્ત્વાર્થ સૂત્રની ટીકાઓ આદિ ગ્રંથોમાં વિસ્તાર સાથે આપ્યું છે. આ પરિષહો જે સહન નથી કરતો તેનું સ્વાત્મજ્ઞાન નષ્ટ થઈ જાય છે-અર્થાત્ પ્રથમ તો ઉત્પન્ન નથી થતું અને જો ઉત્પન્ન થાય પણ છે તો સ્થિર નથી રહેતું. તેથી જ શ્રી પૂજ્યપાદાચાર્યે લખ્યું છેઃ—

**अदुःखभावितं ज्ञानं क्षीयते दुःखसंनिधौ ।**
**तस्माद्यथा बलं दुःखैरात्मानं भावयेन्मुनिः ॥**

જે આત્મજ્ઞાન અદુઃખ-ભાવિત છે-દુઃખની ભાવના-સંસ્કાર સહિત નથી- તે પરીષહ જન્ય દુઃખ ઉપસ્થિત થતાં ક્ષીણ થઈ જાય છે, તેથી જેટલી કાંઈ પોતામાં શક્તિ હોય તે અનુસાર મુનિએ પરીષહજન્ય દુઃખોથી પોતાને ભાવિત-સંસ્કારિત કરવા જોઇએ. ૨૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સુખ-દુઃખમાં અનુબંધનું ફળ.

**अनुबन्धः सुखे दुःखे न कार्यो निर्जरार्थिभिः ।**
**आर्तं तदनुबन्धेन जायते भूरिकर्मदम् ॥ २७ ॥**

**શબ્દાર્થ:**—( **निर्जरार्थिभिः** ) જે નિર્જરાના અર્થી-અભિલાષી છે તેમણે ( **सुखे दुःखे** ) સુખમાં તથા દુઃખમાં ( **अनुबन्धः** ) અનુબંધ-અનુવર્તનરૂપ સંબંધ-( **न कार्यः** ) ન કરવો જોઈએ;-કારણકે-( **तदनुबन्धेन** ) તે અનુબંધથી ( **आर्तं** ) આર્તધ્યાન ( **जायते** ) ઉત્પન્ન થાય છે, ( **भूरिकर्मदम्** ) જે ઘણા કર્મોનું દાતા છે.

**વ્યાખ્યા:**—જે કર્મોની નિર્જરાના ઇચ્છુક છે તેમને આચાર્ય મહોદયે અહીં એક ખૂબ જ સુંદર અને હિતકારી ઉપદેશ આપ્યો છે અને તે એ કે પરીષહો ઉપસ્થિત થતાં તેમને જે દુઃખ થાય છે અને પરીષહોના અભાવમાં જે સુખ પ્રાપ્ત થાય છે તે સુખ-દુઃખ બન્ને સાથે પોતાને બાંધવા ન જોઇએ-સુખી દુઃખી ન થવું જોઇએ, કેમ કે સુખી-દુખી થવાથી આર્તધ્યાન થાય છે, જે ઘણા વધારે કર્મબંધનું કારણ થાય છે અને તેનાથી નિર્જરાનું લક્ષ્ય નષ્ટ થઈ જાય છે. પાછલા એક પદ્ય ( ૬ ) માં કહ્યું પણ છે કે જો સરોવરમાં નવા જળનો પ્રવેશ થઈ રહ્યો હોય તો સરોવરની રિક્તતા ( ખાલીપણું ) કેવી? તેથી નવા કર્મબંધને પ્રાપ્ત ન થાય અને જુના કર્મોનો વિચ્છેદ થઈ જાય ત્યારે નિર્જરાની સાર્થકતા છે. તે માટે ઉદયને પ્રાપ્ત થયેલ કર્મોમાં રાગદ્વેષ ન કરતાં સમતા ભાવ રાખવાની ખૂબ જરૂર છે. ૨૭.

## આત્મશુદ્ધિનુ સાધન આત્મજ્ઞાન, અન્ય નહિ.

**आत्मावबोधतो नूनमात्मा शुद्धयति नान्यतः ।**
**अन्यतः शुद्धिमिच्छन्तो विपरीतदृशोऽखिलाः ॥ २८ ॥**

**શબ્દાર્થ:**—( **नूनम्** ) નિશ્ચયથી ( **आत्मा** ) આત્મા ( **आत्मावबोधतो** ) આત્મજ્ઞાનથી ( **शुद्धयति** ) શુદ્ધ થાય છે, ( **न अन्यतः** ) અન્યથી નહિ. ( **अन्यतः शुद्धिम् इच्छन्तो** ) જે જે અન્ય પદાર્થથી શુદ્ધિ ચાહે છે તે ( **अखिलाः** ) બધા ( **विपरीतदृशः** ) વિપરીતબુદ્ધિ અથવા મિથ્યાદૃષ્ટિ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—જે સ્વાત્માને જાણવા માટે ૨૬ મા પદ્યમાં પરીષહો સહન કરવાની વાત કહેવામાં આવી છે તેના પરિજ્ઞાનથી જ આત્મામાં ઉત્તરોત્તર શુદ્ધિની પ્રાપ્તિ થાય છે. જે લોકો કોઇ બીજા ઉપાયથી આત્માની શુદ્ધિ માને છે અથવા કરવા ચાહે છે તેમને અહીં વિપરીત દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. આથી આત્મશુદ્ધિ માટે આત્મજ્ઞાન હોવું પરમાવશ્યક છે, અન્ય બધાં તો સહાયક અથવા નિમિત્ત કારણ હોઇ શકે છે. ૨૮.

## પરદ્રવ્યથી આત્મા સ્પૃષ્ટ તથા શુદ્ધ નથી થતો.

**स्पृश्यते शोध्यते नात्मा मलिनेनामलेन वा ।**
**पर-द्रव्य-बहिर्भूतः परद्रव्येण सर्वथा ॥ २९ ॥**

શબ્દાર્થઃ—(आत्मा) આત્મા જે (पर-द्रव्य-बहिर्भूतः सर्वथा) પરદ્રવ્યથી સર્વથા બાહ્યભૂત છે તે (परद्रव्येण) પરદ્રવ્ય દ્વારા, (मलिनेन अमलेन वा) ચાહે તે સમળ હોય કે નિર્મળ, (न स्पृश्यते शोध्यते) કોઈ રીતે સ્પૃષ્ટ તથા શુદ્ધ કરાતો નથી.

વ્યાખ્યાઃ—આ પદ્યમાં આત્માની શુદ્ધિના સિદ્ધાંત નો નિર્દેશ કરતાં એ બતાવ્યું છે કે આત્મા પરદ્રવ્યોથી બહિર્ભૂત છે-કોઇ પણ પરદ્રવ્યનો તેની સાથે તાદાત્મ્ય-સંબંધ નથી. આવી સ્થિતિમાં કોઇ પણ પરદ્રવ્યથી, ચાહે તે નિર્મળ હોય કે મલિન, જ્યારે આત્મા સર્વદા સ્પર્શિત નથી થતો ત્યારે તેના દ્વારા શુદ્ધ કેવી રીતે થઇ શકે? થઈ શકે નહિ. આ રીતે આત્માની શુદ્ધિમાં સ્વાત્મજ્ઞાન સિવાય બીજા બધા ઉપાયોને વાસ્તવમાં અસમર્થ બતાવ્યા છે. ૨૮

## સ્વાત્મરૂપની ભાવનાનું ફળ પરદ્રવ્યનો ત્યાગ.

**स्वरूपमात्मनो भाव्यं परद्रव्य-जिहासया ।**
**न जहाति परद्रव्यमात्मरूपाभिभावकः ॥ ३० ॥**

શબ્દાર્થઃ—(परद्रव्य-जिहासया) પરદ્રવ્યના ત્યાગની ઇચ્છાથી (आत्मनः स्वरूपं) આત્મસ્વરૂપ ની (भाव्यं) ભાવના કરવી જોઇએ. જે (परद्रव्यं न जहाति) પરદ્રવ્યને છોડતો નથી ને (आत्मरूपाभिभावकः) આત્મસ્વરૂપનો અભિભાવક-અનાદર કરનાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—પાછલા પદ્ય અનુસાર જ્યારે આ આત્મા પરદ્રવ્યથી સર્વથા બહિર્ભૂત છે ત્યારે પરદ્રવ્યોના ત્યાગની ઈચ્છાથી જ તેની ભાવના કરવી જોઇએ-નહિ કે પરદ્રવ્યોને સાથે લઈને. જે પરદ્રવ્યને છોડતો નથી-પરદ્રવ્યમાં આસક્તિ ચાલુ રાખે છે-તે પોતાના આત્મસ્વરૂપની અવજ્ઞા કરે છે અને તેથી સ્વાત્મોપલબ્ધિ રૂપ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં સમર્થ થતો નથી. ૩૦

## આત્મદ્રવ્યને જાણવા માટે પરદ્રવ્યનું જાણવું આવશ્યક.

**विज्ञातव्यं परद्रव्यमात्मद्रव्य-जिघृक्षया[१] ।**
**अविज्ञातपरद्रव्यो नात्मद्रव्यं जिघृक्षति ॥ ३१ ॥**

શબ્દાર્થઃ—( आत्मद्रव्य-जिघृक्षया ) આત્મદ્રવ્યને ગ્રહણ કરવાની ઇચ્છાથી ( पर-द्रव्यं विज्ञातव्यं() પરદ્રવ્યને જાણવું જોઈએ. ( अविज्ञातपरद्रव्यो ) જે પરદ્રવ્યના જ્ઞાનથી રહિત છે તે ( आत्मद्रव्यं ) આત્મદ્રવ્યના ( न जिघृक्षति ) ગ્રહણની ઇચ્છા નથી કરતો.

વ્યાખ્યાઃ—અહીં પરદ્રવ્યને જાણવાની દૃષ્ટિનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને તે છે પોતાના આત્મદ્રવ્યના ગ્રહણની દૃષ્ટિ. જે પોતાની સાથે હળેલા-મળેલા પરદ્રવ્યને જાણતો-ઓળખતો નથી તેને પોતાના આત્મદ્રવ્યને પૃથક્‌રૂપે ગ્રહણની ઇચ્છા જ નથી હોતી. જેને સ્વ-પરનું ભેદવિજ્ઞાન ન હોવાથી આત્મદ્રવ્યના પૃથક્ રૂપે ગ્રહણની ઈચ્છા તથા ભાવના નથી હોતી તે પાછલા પદ્યમાં વર્ણિત પરદ્રવ્યના ત્યાગની ઇચ્છાથી સ્વાત્મ-રૂપની ભાવના કેવી રીતે કરી શકે? કરી શકતો નથી. તેથી શુદ્ધસ્વાત્મદ્રવ્યની ઉપલબ્ધિ-રૂપ સિદ્ધિની દૃષ્ટિએ પરદ્રવ્યનું જાણવું આવશ્યક છે-અન્યથા સ્વાત્મોપલબ્ધિ થતી નથી. ૩૧.

## જગતના સ્વભાવની ભાવનાનું લક્ષ્ય.

**स्व-तत्त्व रक्तये नित्यं परद्रव्य-विरक्तये ।**
**स्वभावो जगतो[२] भाव्यः समस्तमलशुद्धये ॥ ३२ ॥**

---

१. गृहीतुमिच्छया ।
२. मु जगतां ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( स्व-तत्त्वरक्तये ) સ્વતત્ત્વમાં અનુચિત, ( परद्रव्य-विरक्तये ) પરદ્રવ્યો-થી વિરક્તિ, અને ( समस्त मलशुद्धये ) સમસ્ત કર્મમળની શુદ્ધિ માટે ( जगतः स्वभावः भाव्यः ) જગતના સ્વભાવની ભાવના કરવા યોગ્ય છે.

વ્યાખ્યા:—અહીં જગતના સ્વભાવની સદા ભાવના કરવાનો ઉપદેશ આપ્યો છે અને તેના ત્રણ ઉદ્દેશ્ય બતાવ્યા છે-એક સ્વાત્મદ્રવ્યમાં રતિ, બીજું પર-દ્રવ્યથી વિરક્તિ અને ત્રીજું સમસ્ત કર્મમળથી આત્માની શુદ્ધિ. સમસ્ત કર્મમળમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ત્રણ પ્રકારના કર્મમળ આવે છે. જગત છ દ્રવ્યોથી બનેલું છે-જીવ, પુદ્-ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. આ છયેના યથાર્થ સ્વરૂપના ચિંતનમાં જગતના સ્વભાવની બધી ભાવના આવી જાય છે. ગ્રંથના પ્રથમ આદિ અધિકારોમાં એમનું કેટલુંય વર્ણન આવી ગયું છે. ૩૨.

## એક આશ્ચર્યની વાત.

यत् पञ्चाभ्यन्तरैः पापैः सेव्यमानः प्रबध्यते ।
न तु पञ्चबहिर्भूतैराश्चर्यं[1] किमतः परम् ॥ ३३ ॥

શબ્દાર્થ:—( यत् ) જે જીવ ( अभ्यन्तरैः ) અંતરંગમાં સ્થિત ( पञ्च पापैः ) પાંચ પાપોથી ( सेव्यमानः ) સેવ્યમાન છે ( प्रबध्यते ) તો તે બંધને પ્રાપ્ત થાય છે ( तु ) પરંતુ ( पञ्चबहिर्भूतैः न ) જે બહિર્ભૂત પાંચે પાપોથી સેવ્યમાન નથી તે બંધને પ્રાપ્ત થતો નથી ( अतः ) આનાથી ( परम आश्चर्यं ) મોટા આશ્ચર્યની વાત ( किम ) બીજી કઈ હોય ?

વ્યાખ્યા:—અંતરંગ સેનાના અંગરક્ષક જવાનોની સેવાને પ્રાપ્ત અને સુરક્ષિત થયેલ રાજા શત્રુથી બંધાતો નથી, પરંતુ જ્યારે તે અંગરક્ષકો તેની સેવામાં નથી હોતા અને રાજા એકલો રહી જાય છે ત્યારે તેને શત્રુ બાંધી લે છે. અહીં આ લોક-સ્થિતિથી વિપરીત એમ બતાવ્યું છે કે જે જીવ અંતરંગમાં સ્થિત પાંચ પાપરૂપી અંગરક્ષકોથી સેવા પામેલ છે તે તો કર્મશત્રુથી બંધાય છે પરંતુ જેને ઉક્ત પાંચ સેવક બહિર્ભૂત થઈ જાય છે-તેની સેવામાં રહેતા નથી-અને તે એકલો પડી જાય છે તેને કર્મશત્રુ બાંધવામાં અસમર્થ છે. લોક-વ્યવહાર અને પ્રત્યક્ષની વિરૂદ્ધ હોવાથી આમાં ભારે આશ્ચર્ય વ્યક્ત કર-વામાં આવ્યું છે અને તેના દ્વારા એમ સૂચિત કરવામાં આવ્યું છે કે જે પાપોને તમે

---

૧. मु पंचबहिर्भूतमाश्चर्यम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની સંગી-સાથી અને રક્ષક સમજો છો તે બધાં વાસ્તવમાં તમારા બંધનાં કારણ છે, તેમનો સાથ છોડયે જ તમે બંધને પ્રાપ્ત નહિ થાવ. અજ્ઞાની પ્રાણી સમજે છે કે હું હિંસા કરીને, જુઠું બોલીને, ચોરી કરીને, વિષય સેવન કરીને અને પરિગ્રહ વધારીને આત્મસેવા કરૂં છું-પોતાની રક્ષા કરૂં છું, એ બધી ભૂલ છે; આ પાંચે પાપોથી, કે જે વાસ્તવમાં સેવક-સંરક્ષક ન હોતાં અંતરંગ શત્રુ છે, કર્મોનું બંધન દૃઢ થાય છે, તેથી જે કર્મોનાં બંધનથી બંધાવા ઇચ્છતા નથી તેમણે પોતાના હૃદયમાંથી આ પાંચે પાપો કાઢીને બહાર ફેંકી દેવા જોઇએ, ત્યારે જ અબંધપણું અને પોતાની રક્ષા બની શકશે. ૩૩.

## જ્ઞાનની આરાધના જ્ઞાન, અજ્ઞાનની આરાધના અજ્ઞાન આપે છે.

[૧]ज्ञानस्य ज्ञानमज्ञानमज्ञानस्य प्रयच्छति ।
आराधना कृता यस्माद् विद्यमानं प्रदीयते ॥ ३४ ॥

શબ્દાર્થઃ—(ज्ञानस्य आराधना कृता) જ્ઞાનની આરાધના (ज्ञानं) જ્ઞાન (अज्ञानस्य अज्ञानं) અજ્ઞાનની આરાધના અજ્ઞાન (प्रयच्छति) પ્રદાન કરે છે; (यस्माद्) કારણકે (विद्यमानं प्रदीयते) જેની પાસે જે વસ્તુ વિદ્યમાન છે. તે જ અપાય છે.

વ્યાખ્યાઃ—જેની પાસે જે વસ્તુ વિદ્યમાન હોય તે જ તે આપી શકે છે, એ એક સિદ્ધાંતની વાત છે. જ્ઞાન પાસે જ્ઞાન સિવાય અને અજ્ઞાન પાસે અજ્ઞાન સિવાય બીજી કોઇ વસ્તુ નથી તેથી જ્ઞાનની આરાધના કરતાં જ્ઞાન અને અજ્ઞાનની આરાધના કરતાં અજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૩૪.

## જ્ઞાનની ઓળખાણ થતાં જ્ઞાનીની ઓળખાણ થઇ જાય છે.

न ज्ञान-ज्ञानिनोर्भेदो विद्यते सर्वथा यतः ।
ज्ञाने ज्ञाते ततो ज्ञानी ज्ञातो भवति तत्वतः ॥ ३५ ॥

---

૧. अज्ञानोपास्तिरज्ञानं ज्ञानं ज्ञानिसमाश्रयः ।
ददाति यत्तु यस्यास्ति सुप्रसिद्धमिदं वचः ॥ २३ ॥ —ઈષ્ટોપદેશ-પૂજ્યપાદ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **यतः** ) કારણ કે ( **ज्ञान-ज्ञानिः भेदः सर्वथा न विद्यते** ) જ્ઞાન અને જ્ઞાનીમાં સર્વથા ભેદ વિદ્યમાન નથી ( **ततः** ) તેથી ( **ज्ञाते ज्ञाने** ) જ્ઞાનને જાણતાં ( **तत्त्वतः** ) વાસ્તવમાં ( **ज्ञानी ज्ञातः भवति** ) જ્ઞાની જણાઈ જાય છે.

**વ્યાખ્યા:**—જ્ઞાન અને જ્ઞાની એક બીજાથી સર્વથા ભિન્ન નથી. જ્ઞાન ગુણ છે, જ્ઞાની ગુણી છે, ગુણ-ગુણીમાં સર્વથા ભેદ હોતો નથી; બન્નેનો તાદાત્મ્ય સંબંધ હોય છે અને તેથી વાસ્તવમાં જ્ઞાન જણાતાં જ્ઞાની ( આત્મા )નું હોવું જણાઈ જાય છે. અહીં સર્વથા ભેદ ન હોવાથી જે વાત કહેવામાં આવી છે તે એ વાતનું સૂચન કરે છે કે બન્નેમાં કથંચિત્ ભેદ છે, કે જે સંજ્ઞા ( નામ ), સંખ્યા, લક્ષણ તથા પ્રયોજન આદિના ભેદની દૃષ્ટિએ રહ્યા કરે છે, કે જે સ્વામી સમંતભદ્રના નીચેના વચનથી પ્રગટ છે:—

> **संज्ञा–संख्या–विशेषाच्च स्वलक्षण–विशेषतः ।**
> **प्रयोजनादि–भेदाच्च तन्नानात्वं न सर्वथा ॥**—દેવાગમ ૭૨. ૩૬

## જ્ઞાનાનુભવ રહિતને અર્થજ્ઞાન થતું નથી.

# ज्ञानं स्वात्मनि सर्वेण प्रत्यक्षमनुभूयते ।
# ज्ञानानुभवहीनस्य नार्थज्ञानं प्रसिद्ध्यति ॥ ३६ ॥

**શબ્દાર્થ:**—( **सर्वेण** ) સર્વ ( **स्वात्मनि** ) પોતાના આત્મામાં ( **ज्ञानं प्रत्यक्षं** ) જ્ઞાનનો પ્રત્યક્ષ ( **अनुभूयते** ) અનુભવ કરે છે. ( **ज्ञानानुभवहीनस्य** ) જે જ્ઞાનના અનુભવથી રહિત છે તેને ( **अर्थज्ञानं** ) પદાર્થનું જ્ઞાન ( **प्रसिद्ध्यति** ) સિદ્ધ થતું નથી.

**વ્યાખ્યા**—બધાં પ્રાણી કોઇ પણ ઇન્દ્રિયદ્વારા પોતાના આત્મામાં જ્ઞાનનો અનુભવ કરે છે, એ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જેને પોતામાં કાંઈ પણ જ્ઞાનનો અનુભવ થતો નથી તેને કોઈ પણ પદાર્થનું કોઈ જ્ઞાન થતું નથી. લજામણીનો છોડ જ્યારે સ્પર્શન ઇન્દ્રિય દ્વારા એવો અનુભવ કરે છે કે તેને કોઇ અડયું-તેના ઉપર કોઈ આપત્તિ આવી-તો તે પોતાને સંકોચી લે છે અથવા મૃતરૂપે દેખાડે છે, તેથી તેને સ્પર્શ-વિષયક અર્થજ્ઞાનનું હોવું પ્રાપ્ત થાય છે. અને તેથી તેમાં જ્ઞાનગુણ ધારક જ્ઞાનીનું અસ્તિત્વ સિદ્ધ થાય છે-ભલે તે જ્ઞાન ગમે તેટલી થોડી માત્રામાં વિકસિત હોય. ૩૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જે પરોક્ષ જ્ઞાનથી વિષયની પ્રતીતિ થાય તેનાથી જ્ઞાનીની પ્રતીતિ કેમ ન થાય?

प्रतीयते परोक्षेण ज्ञानेन विषयो यदि ।
सोऽनेन परकीयेण तदा किं न प्रतीयते ॥ ३७ ॥

શબ્દાર્થ:—( यदि ) જો ( परोक्षेण ज्ञानेन ) પરોક્ષજ્ઞાન દ્વારા ( विषयः ) વિષયની ( प्रतीयते ) પ્રતીતિ થાય છે ( तदा ) તો ( अनेन परकीयेण ) આ પરકીય ( પરોક્ષ ) જ્ઞાન દ્વારા ( सः किं न प्रतीयते ) જ્ઞાની આત્માની પ્રતીતિ કેમ ન થાય ?

વ્યાખ્યા:—મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યય અને કેવળ આ પાંચ સમ્યગ્જ્ઞાનોમાં આદિના બે જ્ઞાન પરોક્ષ જ્ઞાન કહેવાય છે. આ પરોક્ષ જ્ઞાનોથી જો ઇન્દ્રિયોનો વિષય-સમૂહ પ્રતીતિગોચર થાય છે તો આત્મા જે જ્ઞાનનો વિષય જ્ઞેય છે તે આ પરોક્ષ જ્ઞાન દ્વારા કેમ પ્રતીતિગોચર ન થવો જોઇએ ? થવો જ જોઇએ. જ્ઞેય હોવાથી તે પણ જ્ઞાન અથવા જ્ઞાનીનો વિષય છે-ભલે પરોક્ષ રૂપે કેમ ન હોય. ૩૭.

## જેનાથી પદાર્થ જણાય તેનાથી જ્ઞાની ન જણાય, એ કેવી રીતે?

येनार्थो ज्ञायते तेन ज्ञानी न ज्ञायते कथम् ।
उद्योतो दृश्यते येन दीपस्तेन तरां न किम् ॥ ३८ ॥

વ્યાખ્યા:—( येन ) જેના દ્વારા ( अर्थः ज्ञायते ) પદાર્થ જણાય છે ( तेन ) તેના દ્વારા ( ज्ञानी ) જ્ઞાની ( જ્ઞાતા ) ( कथं न ज्ञायते ) કેમ ન જણાય ? ( येन ) જેના દ્વારા ( उद्योतः दृश्यते ) ઉદ્યોત ( પ્રકાશ ) દેખાય છે ( तेन ) તેના દ્વારા ( दीपः तरां न किम् ) શું દીપક નથી દેખાતો ?–દેખાય જ છે.

શબ્દાર્થ:—પાછલા પદ્યના વિષયને અહીં દીપક અને તેના પ્રકાશદર્શનના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ છે. જેવી રીતે દીપકના પ્રકાશને દેખનાર દીપકને પણ દેખે છે તેવી જ રીતે જે જ્ઞેયરૂપ પદાર્થને જાણે તે તેના જ્ઞાયક અથવા જ્ઞાનીને પણ જાણે છે, ન જાણવાની વાત કેવી ? ૩૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## વેદ્યને જાણે અને વેદકને ન જાણે તે આશ્ચર્યકારી છે.

**विदन्ति दुर्धियो वेद्यं वेदकं न विदन्ति किम् ।**
**द्योत्यं पश्यन्ति न द्योतमाश्चर्यं बत कीदृशम् ॥ ३९ ॥**

**શબ્દાર્થ**:—( दुर्धियः ) દુર્બુદ્ધિ ( वेद्यं ) વેદ્યને તો ( विदन्ति ) જાણે છે ( वेदकं ) વેદકને ( किं न विदन्ति ) કેમ નથી જાણતો ? ( द्योत्यं पश्यन्ति ) પ્રકાશ્યને તો દેખે છે ( न द्योतम् ) પરંતુ પ્રકાશકને દેખતા નથી ( बत कीदृशं आश्चर्यम् ) એ કેવું આશ્ચર્ય છે ?

**વ્યાખ્યા**:—નિઃસંદેહ જ્ઞેયને જાણવું અને જ્ઞાયકને-જ્ઞાન કે જ્ઞાનીને-ન જાણવું એ એક આશ્ચર્યની વાત છે, જેવી રીતે કે પ્રકાશથી પ્રકાશિત વસ્તુ ને તો દેખવી પરંતુ પ્રકાશને ન દેખવો. આવા જ્ઞાયક-વિષયમાં અજ્ઞાનીઓને અહીં દુર્બુદ્ધિ-વિકાર ગ્રસિત બુદ્ધિવાળા-કહ્યા છે. પાછલા પદ્યમાં દીપક અને તેના પ્રકાશની વાત લઈને વિષયને સ્પષ્ટ કરવામાં આવેલ છે, અહીં ઉદ્યોત અને તેના દ્વારા પ્રકાશિત પદાર્થ-ની વાત લઇને તેજ વિષયને સ્પષ્ટ કરવામાં આવેલ છે, દ્યોતક, દ્યોત અને દ્યોત્યનો જેવો સંબંધ છે તેવો જ સંબંધ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો છે. એકને જાણવાથી બીજું જાણવામાં આવે છે. જેને એકને જાણતાં બીજાનો બોધ થતો નથી તેજ ખરેખર દુર્બુદ્ધિ છે. ૩૯.

## જ્ઞેયના લક્ષ્યથી આત્માના શુદ્ધ રૂપને જાણીને ધ્યાવવાનું ફળ.

**ज्ञेय-लक्ष्येणविज्ञाय स्वरूपं परमात्मनः ।**
**व्यावृत्त्य लक्ष्यतः शुद्धं ध्यायतो हानिरंहसाम् ॥ ४० ॥**

**શબ્દાર્થ**:—( ज्ञेय-लक्ष्येण ) જ્ઞેયના લક્ષ્યદ્વારા ( परमात्मनः स्वरूपं विज्ञाय ) આત્માના પરમ સ્વરૂપને જાણીને અને ( लक्ष्यतः ) લક્ષ્યરૂપથી ( व्यावृत्त्य ) વ્યાવૃત્ત થઈને ( शुद्धं ध्यायतः ) શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરનારને ( अंहसाम् हानिः ) કર્મોનો નાશ થાય છે.

**વ્યાખ્યા**:—જે લોકો જ્ઞેયને જાણવામાં પ્રવૃત્ત હોવા છતાં પણ જ્ઞાયકને જાણવામાં પોતાને અસમર્થ બતાવે છે તેમને અહીં જ્ઞેયના લક્ષ્યથી આત્માના ઉત્કૃષ્ટ સ્વરૂપને જાણવાની વાત કહેવામાં આવી છે અને સાથો સાથ એમ સમજાવવામાં આવ્યું છે કે આ રીતે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ સ્વરૂપ સામે આવતાં જ્ઞેયનું લક્ષ્ય છોડીને પોતાના તે શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરો, એનાથી કર્મોની નિર્જરા થાય છે. ૪૦.

## પૂર્વકથનનું ઉદાહરણ દ્વારા સ્પષ્ટીકરણ.

[२]चट्टुकेन यथा भोज्यं गृहीत्वा स विमुच्यते ।
गोचरेण तथात्मानं विज्ञाय स विमुच्यते ॥ ४१ ॥

**શબ્દાર્થ:**—( **यथा** ) જેવી રીતે ( **चट्टुकेन** ) કડછી-ચમચાથી ( **भोज्यं गृहीत्वा** ) ભોજન ગ્રહણ કરીને ( **स विमुच्यते** ) તેને છોડી દેવામાં આવે છે ( **तथा** ) તેવી રીતે ( **गोचरेण** ) ગોચર-જ્ઞેયલક્ષ્ય-દ્વારા ( **आत्मानं विज्ञाय** ) આત્માને જાણીને ( **स विमुच्यते** ) તેને છોડી દેવામાં આવે છે.

**વ્યાખ્યા:**—અહીં કડછી-ચમચાના ઉદાહરણ દ્વારા પૂર્વ પદ્યમાં વર્ણિત વિષયને સ્પષ્ટ કરવામાં આવેલ છે. કડછી-ચમચાનો ઉપયોગ જેવી રીતે ભોજનના ગ્રહણમાં કરવામાં આવે છે તેવી જ રીતે આત્માને જાણવામાં જ્ઞેયના લક્ષ્યનો ઉપયોગ કરવામાં આવે છે. આત્માનું ગ્રહણ ( જાણવું ) થઈ જતાં જ્ઞેયનું લક્ષ્ય છોડી દેવામાં આવે છે, અને પોતાના ગ્રહીત સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે છે. ૪૧.

## આત્મોપલબ્ધિમાં જ્ઞાનીઓની સુખ-સ્થિતિ.

उपलब्धे यथाहारे दोषहीने सुखासिकः ।
आत्मतत्त्वे तथा क्षिप्रमित्यहो ज्ञानिनां रतिः ॥ ४२ ॥

**શબ્દાર્થ:**—( **यथा** ) જેમ ( **दोषहीने आहारे** ) દોષરહિત આહાર ( **उपलब्धे** ) પ્રાપ્ત થતાં ( **सुखासिकः** ) સુખ મળે છે ( **तथा** ) તેમ ( **आत्मतत्त्वे** ) આત્મતત્ત્વ પ્રાપ્ત થતાં ( **क्षिप्रं** ) શીઘ્ર સુખ મળે છે, ( **अहो ज्ञानिनां रतिः** ) એ જ્ઞાનીઓની આત્મતત્ત્વમાં કેવી રતિ છે !

---

૨. दीपहस्तो यथा कश्चित्किंचिदालोक्य तं त्यजेत् ।
ज्ञानेन ज्ञेयमालोक्य पश्चात्तं ज्ञानमुत्सृजेत् ॥ —યશસ્તિલક.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:—નિર્દોષ ભોજન મળતાં જેમ પ્રાણીઓને તરત જ સુખની સ્થિતિ થાય છે તેવી જ રીતે શુદ્ધ આત્મતત્ત્વરૂપ ભોજન મળી જતાં જ્ઞાનીઓની સુખપૂર્વક સ્થિતિ થાય છે, એ જ્ઞાનીઓની આત્મતત્ત્વમાં રુચિનું વૈચિત્ર્ય છે–તેઓ તેમાં જ લીન રહીને સુખનો અનુભવ કરે છે. ૪૨

## આત્મતત્ત્વમાં રત રહેનારાઓ દ્વારા પરદ્રવ્યનો ત્યાગ.

**परद्रव्यं यथा सद्भिर्ज्ञात्वा दुःख–विभीरुभिः ।**
**दुःखदं त्यज्यते दूरमात्मतत्त्वरतैस्तथा ॥ ४३ ॥**

શબ્દાર્થ:—( यथा ) જેવી રીતે ( दुःख-विभीरुभिः ) દુઃખથી ભયભીત ( सद्भिः ) સત્પુરુષો દ્વારા ( दुःखदं परद्रव्यं ) દુઃખ આપનાર પરદ્રવ્યને ( ज्ञात्वा ) જાણીને ( दूरं त्यज्यते ) દૂરથી જ છોડી દેવામાં આવે છે ( तथा ) તેવી જ રીતે ( आत्मतत्त्वरतैः ) આત્મતત્ત્વમાં લીન વ્યક્તિઓ દ્વારા પરદ્રવ્ય દૂરથી જ છોડી દેવામાં આવે છે.

વ્યાખ્યા:—દુઃખથી ભયભીત થયેલા સજ્જનો જેમ પરદ્રવ્યને દુઃખદાયી સમજીને તેને દૂરથી જ ત્યાગે છે–ગ્રહતા નથી–તેવી જ રીતે જે આત્મતત્ત્વમા રત છે તે પરદ્રવ્યનું ગ્રહણ કરતા નથી–તેમાં આસક્ત થતા નથી. ૪૩.

## વિશોધિત જ્ઞાન તથા અજ્ઞાનની સ્થિતિ.

**ज्ञाने विशोधिते ज्ञानमज्ञानेऽज्ञानमूर्जितम् ।**
**शुद्धं स्वर्णमिव स्वर्णे लोहे लोहमिवाश्नुते ॥ ४४ ॥**

શબ્દાર્થ:—(ज्ञाने विशोधिते) જ્ઞાન વિશોધિત થતાં (ज्ञानम्) જ્ઞાન અને (अज्ञाने) અજ્ઞાન વિશોધિત થતાં ( अज्ञानम् ऊर्जितम् ) અજ્ઞાન ઊર્જિત-અતિશયપણાને પ્રાપ્ત-થાય છે, જેવી રીતે (स्वर्णे) સુવર્ણ વિશોધિત થતાં ( शुद्धं स्वर्णम् इव ) શુદ્ધ સુવર્ણ અને ( लोहे ) લોઢું વિશોધિત થતાં ( लोहम् इव अश्नुते ) શુદ્ધ લોઢું ગુણવૃદ્ધિ પામે છે.

વ્યાખ્યા:—જ્ઞાનમાં જે કાંઈ અજ્ઞાન મળ્યું હોય તેને દૂર કરવું તે 'જ્ઞાનનું વિશોધન' અને અજ્ઞાનમાં જે કાંઇ જ્ઞાન મળ્યું હોય તેને દૂર કરવું તે 'અજ્ઞાનનું વિશો-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘન કહેવાય છે. આ વિશોધિત શુદ્ધ સુવર્ણની જેમ સાતિશય શુદ્ધ જ્ઞાન હોય છે અને એ વિશોધિત થયેલું અજ્ઞાન વિશોધિત શુદ્ધ લોઢા સમાન વિશુદ્ધ અજ્ઞાન હોય છે. ૪૪.

## નિર્મળ ચેતનમાં મોહ દેખાવાનો હેતુ.

प्रतिबिम्बं यथादर्शे दृश्यते परसंगतः ।
चेतने निर्मले मोहस्तथा[1] कल्मषसंगतः ॥ ४५ ॥

શબ્દાર્થઃ—( यथा ) જેમ ( आदर्शे ) નિર્મળ દર્પણમાં ( परसंगतः ) પરના સંયોગથી ( प्रतिबिम्बं दृश्यते ) પ્રતિબિંબ દેખાય છે ( तथा ) તેવી રીતે ( निर्मले चेतने ) નિર્મળ ચેતનમાં ( कल्मषसंगतः ) કર્મના સંબંધથી ( मोहः ) મોહ દેખાય છે.

વ્યાખ્યાઃ—નિર્મલ દર્પણમાં જે પ્રતિબિંબ દેખાય છે તેનું કારણ તે પરદ્રવ્યનો સંબંધ છે જે લેપાદિ રૂપે પાછલા ભાગ ઉપર લગાડવામાં આવે છે. નિર્મળ આત્મામાં પણ જે મોહ દેખાય છે. તેનું કારણ કષાયાદિરૂપ દ્રવ્યકર્મનો સંબંધ છે. જો દ્રવ્યકર્મનો સંબંધ ન હોય તો ભાવમોહનું દર્શન થઈ શકતું નથી. ૪૫.

## શુદ્ધિ માટે જ્ઞાનારાધનમાં બુદ્ધ લગાડવાની પ્રેરણા.

धर्मेण वासितो जीवो धर्मे पापे न वर्तते ।
पापेन वासितो नूनं पापे धर्मे न सर्वदा ॥ ४६ ॥
ज्ञानेन वासितो ज्ञाने नाज्ञानेऽसौ कदाचन ।
यतस्ततो मतिः कार्या ज्ञाने शुद्धिं[2] विधित्सुभिः ॥४७॥

શબ્દાર્થઃ—(धर्मेण वासितः) ધર્મથી વાસિત-સંસ્કારિત થયેલો (जीवो) જીવ (नूनं) નિશ્ચયથી ( धर्मे वर्तते ) ધર્મમાં પ્રવર્તે છે, ( पापे न ) અધર્મમાં નહિ. ( पापेन वासितो ) પાપથી વાસિત-સંસ્કારિત થયેલો જીવ ( सर्वदा पापे ) સદા પાપમાં પ્રવૃત્ત થાય છે, ( न

---

१ आ मोहिस्तथा ।
२ आ सिद्धिं ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



धर्मे ) ધર્મમાં નહિ. ( यतः ) કારણકે ( ज्ञानेन वासितो असौ )જ્ઞાનથી સંસ્કારિત થયેલો આ જીવ ( ज्ञाने ) જ્ઞાનમાં પ્રવૃત્ત થાય છે ( न अज्ञाने कदाचन ) અજ્ઞાનમાં કદી નહિ, ( ततः ) તેથી ( शुद्धिं विधित्सुभिः ) શુદ્ધિની ઇચ્છા રાખનારાઓએ ( ज्ञाने ) જ્ઞાનમાં-જ્ઞાનની ઉપાસનામાં ( मतिः कार्या ) બુદ્ધિ લગાડવી જોઈએ.

વ્યાખ્યા:—અહીં ' ધર્મ ' શબ્દ દ્વારા પુણ્ય-પ્રસાધક કર્મનો ઉલ્લેખ કરતાં, પુણ્ય-પાપ તથા જ્ઞાનની વાસના-ભાવના અથવા સંસ્કૃતિને પ્રાપ્ત વ્યક્તિઓની અલગ અલગ પ્રવૃત્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેઓ પુણ્યધર્મની ભાવનાથી ભાવિત અથવા સંસ્કારિત હોય છે તેઓ પુણ્યકાર્યમાં પ્રવર્તે છે-પાપકાર્યમાં નહિ. જે પાપની વાસનાથી વાસિત અથવા સંસ્કારિત હોય છે તે સદા પાપકાર્યમાં પ્રવૃત્તિ કરે છે-પુણ્યકાર્યમાં નહિ. અને જે જ્ઞાનભાવનાથી ભાવિત અથવા સંસ્કારિત હોય છે તે સદા જ્ઞાનારાધનમાં પ્રવૃત્ત થાય છે અજ્ઞાનની સાધનામાં કદી નહિ. પ્રથમ બે પ્રવૃત્તિઓ તથા નિવૃત્તિઓનું ફળ શુભ-અશુભ કર્મનો બંધ છે, જેનાથી આત્માની શુદ્ધિ થતી નથી તેથી આત્માની શુદ્ધિ ચાહનારાઓને અહીં જ્ઞાનારાધનમાં પોતાની બુદ્ધિ જોડવાની પ્રેરણા કરવામાં આવી છે. જ્ઞાનારાધનમાં બુદ્ધિ લગાવવી એ એક મોટું તપશ્ચરણ છે, જેનાથી નિરંતર કર્મોની નિર્જરા થાય છે. ૪૬-૪૭.

## નિર્મળતા પામેલ જ્ઞાની અજ્ઞાનને અપનાવતા નથી.

**ज्ञानी निर्मलतां प्राप्तो नाज्ञानं प्रतिपद्यते ।**
**मलिनत्वं कुतो याति[1] काञ्चनं हि विशोधितम् ॥ ४८ ॥**

શબ્દાર્થ:—( निर्मलतां प्राप्तः ज्ञानी ) નિર્મળતાને પામેલ જ્ઞાની ( अज्ञानं न प्रतिपद्यते ) અજ્ઞાનને પ્રાપ્ત થતો નથી. ( બરાબર છે ) ( हि विशोधितं काञ्चनं ) વિશોધિત સુવર્ણ ( मलिनत्वं ) મલિનપણું ( कुतो याति ) કેવી રીતે પામે ? પામે નહિ.

વ્યાખ્યા:—અનાદિ સંબંધને પ્રાપ્ત કિટ્ટ-કાલિમાથી વિશોધિત થયેલું સુવર્ણ જેવી રીતે ફરીથી તે મલિનતાને પ્રાપ્ત નથી થતું તેવી જ રીતે અનાદિ કર્મમળનો સંબંધ પૂર્ણપણે છૂટી જતાં નિર્મળતાને પામેલ જ્ઞાની ફરીથી અજ્ઞાનને પ્રાપ્ત થતો નથી. અહીં જે નિર્મળ જ્ઞાનીનો ઉલ્લેખ છે તે મોહક્ષય પછી જ્ઞાનાવરણ અને અંતરાય નામના ઘાતી કર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાનના ધણી જ્ઞાની છે. ૪૮.

---
૧ आ जाति ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિદ્વાનનાં અધ્યયનાદિ કાર્યોની દિશાનો નિર્દેશ.

**अध्येतव्यं स्तिमितमनसा ध्येयमाराधनीयम्**
**पृच्छयं श्रव्यं भवति विदुषाभ्यस्यमावर्जनीयम् ।**
**वेद्यं गद्यं किमपि तदिह प्रार्थनीयं विनेयम्**
**दृश्यं स्पृश्यं प्रभवति यतः सर्वदात्मस्थिरत्वम् ॥ ४९ ॥**

શબ્દાર્થ:—( इह ) આ લોકમાં ( विदुषा ) વિદ્વાન દ્વારા ( **किमपि** तत् ) તે કોઈ પણ પદાર્થ ( **स्तिमितमनसा** ) સ્થિર ચિત્તે ( अध्येतव्यं ) અધ્યયનને યોગ્ય, ( ध्येयम् ) ધ્યાનને યોગ્ય, ( आराधनीयं ) આરાધનને યોગ્ય, ( पृच्छयं ) પૂછવાને યોગ્ય, ( श्रव्यं ) સાંભળવા યોગ્ય, ( अभ्यस्यम् ) અભ્યાસને યોગ્ય, ( आवर्जनीयम् ) સંગ્રહને યોગ્ય, ( वेद्यं ) જાણવાને યોગ્ય, ( गद्यं ) કહેવાને યોગ્ય, ( प्रार्थनीयं ) પ્રાર્થનાને યોગ્ય, ( विनेयं ) પ્રાપ્ત કરવાને યોગ્ય, ( दृश्यं ) દેખવાને યોગ્ય, ( स्पृश्यं ) અને સ્પર્શને યોગ્ય ( भवति ) હોય છે, ( यतः ) જેનાથી–જેના અધ્યયનાદિથી–( सर्वदा आत्मस्थिरत्वम् प्रभवति ) સદા આત્મસ્વરૂપની સ્થિરતા વૃદ્ધિ પામે છે.

વ્યાખ્યા:—આ પદ્યમાં એક વિદ્વાન માટે અધ્યયનાદિ-વિષયક જીવનનું લક્ષ્ય ઘણી સુંદરરીતે વ્યાપકરૂપે વ્યક્ત કર્યું છે. તે લક્ષ્ય છે પોતાના આત્મસ્વરૂપમાં સ્થિરતાની ઉત્તરોત્તર વૃદ્ધિ. આજ લક્ષ્ય સાથે કોઈ પણ પદાર્થનું અધ્યયન, ધ્યાન, આરાધન, પૃચ્છન, શ્રવણ, અભ્યાસ, ગ્રહણ, વેદન, કથન, યાચન, દર્શન તથા સ્પર્શન હોવું જોઇએ. જો ઉક્ત લક્ષ્ય ન હોય તો અધ્યયનાદિ પ્રાયઃ વ્યર્થ છે. તેથી કોઇ ખાસ લાભ નથી–ઉલ્ટો શક્તિનો દુરુપયોગ થાય છે. ૪૯.

## યોગીનો સંક્ષિપ્ત કાર્યક્રમ અને તેનું ફળ.

**इत्थं योगी व्यपगतपर–द्रव्य–संगप्रसङ्गो**
**नीत्वा कामं चपल–करण–ग्राममन्तर्मुखत्वम् ।**
**ध्यात्वात्मा विशदचरण--ज्ञानदृष्टिस्वभावं,**
**नित्यज्योतिः पदमनुपमं याति निर्जीर्णकर्मा ॥ ५० ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **इत्थं** ) આ રીતે ( **व्यपगतपर-द्रव्य-संग प्रसङ्गः** ) પરદ્રવ્યના સંગ-પ્રસંગથી રહિત થયેલ ( **योगी निर्जीर्ण कर्मा** ) કર્મોની નિર્જરા કરનાર યોગી ( **चपल-करण-ग्रामं** ) ચંચળ ઇન્દ્રિય સમૂહને ( **कामं** ) યથેષ્ટ ( પર્યાપ્ત ) રીતે ( **अन्तर्मुखत्वम् नीत्वा** ) અંતર્મુખ કરીને અને ( **विशदचरण-ज्ञान-दृष्टिस्वभावं आत्मानं ध्यात्वा** ) વિશુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવરૂપ આત્માનું ધ્યાન કરીને ( **नित्यज्योतिः** ) તે શાશ્વત જ્યોતિ-રૂપ ( **अनुपमं पदं याति** ) પરમાત્મપદને પામે છે તેની કોઇ ઉપમા નથી.

**વ્યાખ્યા:**—આ પદ્યમાં છઠા અધિકારનો ઉપસંહાર કરતાં કર્મોની નિર્જરા કરનાર યોગીનું સ્વરૂપ, ધ્યાનનો વિષય અને ધ્યાનનું ફળ સંક્ષેપમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. યોગીનું સ્વરૂપ છે પરદ્રવ્યોના સંગ-પ્રસંગથી અલગ થઇને ઇન્દ્રિયોને અંતર્મુખ કરનાર. આ યોગ્યતા મેળવવા સાથે તેના ધ્યાનનો વિષય છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવ વાળો શુદ્ધ આત્મા અને આ ધ્યાનનું અંતિમ ફળ છે શાશ્વત જ્યોતિ સ્વરૂપ અનુપમ પરમાત્મ-પદની પ્રાપ્તિ. ૫૦.

આ રીતે શ્રી અમિતગતિ-નિઃસંગ યોગિરાજ-વિરચિત યોગસાર-પ્રાભૃતમાં નિર્જરા અધિકાર નામનો છઠો અધિકાર સમાપ્ત થયો. ૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મોક્ષાધિકાર

## મોક્ષનું સ્વરૂપ

**[1]अभावे बन्धहेतूनां निर्जरायां च भास्वरः[2] ।
समस्तकर्म-विश्लेषो मोक्षो वाच्योऽपुनर्भवः ॥ १ ॥**

**શબ્દાર્થઃ**—(**बन्धहेतूनां अभावे**) કર્મબંધના કારણોનો અભાવ થતાં (**च**) અને (**निर्जरायां**) (સંચિત કર્મોની) નિર્જરા થતાં (આત્માથી) (**समस्तकर्म–विश्लेषो**) બધાં કર્મોનો જે વિશ્લેષ છે–સમ્બંધ અભાવ અથવા પૃથક્ થવું છે–તે (**भास्वरः मोक्षः**) ભાસ્વર મોક્ષ છે, (**अपुनर्भवः वाच्यः**) જેને 'અપુનર્ભવ' કહે છે–કારણકે મોક્ષ થયા પછી ફરીથી સંસારમાં જન્મ થતો નથી.

**વ્યાખ્યાઃ**—'મોક્ષ' નામના સાતમા અધિકારનો પ્રારંભ કરતાં અહીં સૌથી પહેલાં મોક્ષનું સ્વરૂપ આપવામાં આવ્યું છે અને તે છે આત્માથી સમસ્ત કર્મોનો પૂર્ણપણે સંબંધાભાવ, જેને 'વિશ્લેષ' તથા 'વિપ્રમોક્ષ' પણ કહે છે અને એ ત્યારે બને છે જ્યારે બંધના મિથ્યાદર્શનાદિ બધા હેતુ નષ્ટ થઈ જાય છે જેનું આસ્રવ અને બંધ અધિકારોમાં વર્ણન છે, સાથો સાથ સંચિત કર્મોની પૂર્ણપણે નિર્જરા પણ થઇ જાય છે, જેથી ન કોઈ નવું કર્મ બંધને પ્રાપ્ત થાય છે અને ન કોઇ જૂનું કર્મ બાકી રહે છે. આ રીતે સર્વ પ્રકારનાં સમસ્ત કર્મોનો જે સદાને માટે સંબંધ અભાવ (પૃથક્ થવાપણું) છે તેને 'મોક્ષ' કહે છે જેનું બીજું નામ અહીં 'અપુનર્ભવ' બતાવ્યું છે, કારણ કે ભવપ્રાપ્તિ અથવા સંસારમાં ફરીથી જન્મ લેવાનું કારણ કર્મરૂપી બીજ હતું, તે જ્યારે બળીને નષ્ટ થઈ ગયું ત્યાર પછી તેમાં અંકુર ઉગતા નથી, કહ્યું પણ છેઃ—

**दग्धे बीजे यथात्यन्तं प्रादुर्भवति नाङ्कुरः ।
कर्म–बीजे तथा दग्धे न प्ररोहति भवाङ्कुरः ॥** —ત. સાર ૮–૭

---

१. **बन्धहेत्वभाव–निर्जराभ्यां कृत्स्नकर्म–विप्रमोक्षो मोक्षः ।**
२. **आ निर्जरायाश्च भावतः** ।—તત્વાર્થસૂત્ર ૧૦–૨.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્મામાં કેવળજ્ઞાનનો ઉદય ક્યારે થાય છે.

**उदेति केवलं जीवे मोह-विघ्नावृति-क्षये ।
भानु-बिम्बमिवाकाशे भास्वरं तिमिरात्यये ॥ २ ॥**

શબ્દાર્થ:—( **मोह–विघ्नावृति–क्षये** ) મોહ, અંતરાય અને આવરણોનો ક્ષય થતાં ( **जीवे** ) આત્મામાં ( **केवलं उदेति** ) કેવળજ્ઞાન એવી રીતે ઉદય પામે છે જેવી રીતે ( **तिमिरात्यये** ) રાત્રિનો ઘોર અંધકાર દૂર થતાં ( **आकाशे** ) આકાશમાં ( **भानु–बिम्बम् इव भास्वरं** ) દેદીપ્યમાન સૂર્ય બિંબ ઉદય પામે છે.

વ્યાખ્યા:—અહીં 'મોહ' શબ્દથી બધુય મોહનીય કર્મ વિવક્ષિત છે, જેની મિથ્યાત્વ તથા કષાયાદિ રૂપે ૨૮ પ્રકૃતિઓ છે; 'વિઘ્ન' શબ્દથી સમસ્ત અંતરાય કર્મ વિવક્ષિત છે, જેની દાન-લાભ-ભોગ-ઉપભોગવીર્ય નામની પાંચ પ્રકૃતિઓ છે, 'આવૃતિ' શબ્દ દ્વારા આવરણ વિવક્ષિત છે, જે જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મ રૂપે બે પ્રકારનું છે. આ રીતે જે ચાર મૂળ પ્રકૃતિઓનો અહીં ઉલ્લેખ છે તેમને ઘાતિકર્મની પ્રકૃતિઓ કહેવામાં આવે છે. તેમનો પૂર્ણ રીતે ક્ષય થતાં આત્મામાં કેવળજ્ઞાનનો ઉદય થાય છે જેવી રીતે રાત્રિનો ઘોર અંધકાર નષ્ટ થતાં આકાશમાં દેદીપ્યમાન સૂર્યબિંબનો ઉદય થાય છે. ૨.

## દોષોથી મલિન આત્મામાં કેવળજ્ઞાન ઉદય પામતું નથી.

**न दोषमलिने तत्र प्रादुर्भवति केवलम् ।
आदर्शे न मलग्रस्ते किंचिद् रूपं प्रकाशते ॥ ३ ॥**

શબ્દાર્થ:—( **दोषमलिने** ) આત્મા દોષોથી મલિન હોવાને કારણે ( **तत्र** ) તેમાં ( **केवलम्** ) કેવળજ્ઞાન ( **न प्रादुर्भवति** ) ઉત્પન્ન થતું નથી. ( જેમ ) ( **मलग्रस्ते आदर्शे** ) મળથી છવાયેલ દર્પણમાં ( **किंचिद्रूपं** ) કાંઇ રૂપ ( **न प्रकाशते** ) પ્રકાશિત થતું નથી.

વ્યાખ્યા:—અહીં પાછલી વાત ( કેવળજ્ઞાનના ઉદયની ) ને વધારે સ્પષ્ટ કરતાં લખ્યું છે કે જે આત્મા દોષોથી-રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ મળોથી-મલિન છે તેમાં કેવળજ્ઞાન ઉદય પામતું નથી જેવી રીતે ધૂળથી-મલિન દર્પણમાં કાંઇ પણ દેખાતું નથી. રૂપ બરાબર દેખાય તે માટે જેમ દર્પણ ચોકખું હોવું પરમાવશ્યક છે તેમજ કેવળજ્ઞાનના ઉદય માટે તે ચતુર્વિધ ઘાતિ કર્મમળનો નાશ થવો પરમાવશ્યક છે, જેનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## મોહાદિ દોષોનો નાશ શુદ્ધાત્મધ્યાન વિના થતો નથી.

**न मोह-प्रभृति-च्छेदः शुद्धात्मध्यानतो विना ।**
**कुलिशेन विना येन भूधरो भिद्यते न हि ॥ ४ ॥**

**શબ્દાર્થ**:—( **शुद्धात्मध्यानतो विना** ) શુદ્ધ આત્માના ધ્યાન વિના ( **मोह-प्रभृति-च्छेदः न** ) મોહાદિ કર્મોનો છેદ થતો નથી, ( **येन** ) જેવી રીતે ( **कुलिशेन विना** ) વજ્ર વિના ( **भूधरः हि न भिद्यते** ) પર્વત ભેદાતો નથી.

**વ્યાખ્યા**:—જે મોહાદિ ચાર ઘાતિ કર્મોનો પૂર્ણરીતે ક્ષય થવા પર કેવળજ્ઞાનનો ઉદય અવલંબિત છે તેમનો તે ક્ષય શુદ્ધ આત્માના ધ્યાન વિના થતો નથી, જેવી રીતે વજ્ર વિના પર્વતનું ભેદન થઇ શકતું નથી. આ રીતે અહીં શુદ્ધ આત્માના ધ્યાનનો કર્મરૂપી પર્વતોને વિદારવા માટે ઉપાય રૂપે નિર્દેશ કર્યો છે, જે કોઇને આધીન ન હોતાં સ્વાધીન છે. મોહાદિ કર્મસમૂહને પર્વતની ઉપમા તેના કઠિનતાથી વિદીર્ણ થવાનું સૂચક છે. ૪.

## ધ્યાન-વજ્રથી કર્મગ્રંથિનો છેદ અત્યંત આનંદને ઉત્પન્ન કરે છે.

**विभिन्ने सति दुर्भेदकर्म-ग्रन्थि-महीधरे ।**
**तीक्ष्णेन ध्यान वज्रेण भूरि-संक्लेश-कारिणि ॥ ५ ॥**
**आनन्दो जायतेऽत्यन्तं तात्त्विकोऽस्य महात्मनः ।**
**औषधेनेव सव्याधेर्व्याधेरभिभवे कृते ॥ ६ ॥**

**શબ્દાર્થ**:—( **भूरि-संक्लेश-कारिणि** ) અત્યંત સંક્લેશનું કારણ ( **दुर्भेदकर्म-ग्रन्थि-महीधरे** ) જે કર્મગ્રંથિરૂપ દુર્ભેદ પર્વત છે. ( **तीक्ष्णेन ध्यान वज्रेण विभिन्ने सति** ) તેને ધ્યાનરૂપી તીક્ષ્ણ વજ્રથી છિન્ન-ભિન્ન કરતાં ( **अस्य महात्मनः** ) આ યોગી મહાત્માને ( **अत्यन्तं** ) અત્યંત ( **तात्त्विको आनन्दो** ) તાત્ત્વિક ( અસલી ) આનંદ ( **जायते** ) ઉત્પન્ન થાય છે, ( **औषधेनेव** ) જેમ ઔષધથી ( **सव्याधेः** ) રોગથી પીડિત રોગીને ( **व्याधेरभिभवे कृते** ) રોગ દૂર થઇ જતાં યથેષ્ટ આનંદ પ્રાપ્ત થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:—જે પર્વતના ભેદનની વાત પાછલા પદ્યમાં કહેવામાં આવી છે તે કર્મોની ગાંઠોવાળો ખૂબજ દુર્ભેદ્ય અને અત્યંત દુઃખદાયી પર્વત છે. તેને શુદ્ધાત્માના ધ્યાનરૂપ તીક્ષ્ણ વજ્રદ્વારા જ ભેદી શકાય છે–અન્ય દ્વારા તેનું આત્માથી પૂર્ણપણે ભેદન–વિઘટન થતું નથી. તે દુર્ભેદ્ય અને મહાદુઃખકારક કર્મપર્વતનું ઉક્ત ધ્યાનવજ્રથી ભેદન–વિશ્લેષણ થઈ જતાં ધ્યાન કરનાર મહાત્માને અત્યંત વાસ્તવિક આનંદની પ્રાપ્તિ થાય છે, જેમ વ્યાધિથી પીડિત રોગીને ઔષધ દ્વારા વ્યાધિ મૂળમાંથી નાશ પામ્યા પછી આનંદની પ્રાપ્તિ થાય છે. ૫–૬

## કયા કેવળીની કયારે ધર્મદેશના થાય છે?

**साक्षादतीन्द्रियानर्थान् दृष्ट्वा केवलचक्षुषा[१] ।**
**प्रकृष्ट-पुण्य-सामर्थ्यात् प्रातिहार्यसमन्वितः ॥ ७ ॥**
**अवन्ध्य-देशनः श्रीमान् यथाभव्य-नियोगतः ।**
**महात्मा केवली कश्चिद् देशनायां प्रवर्तते ॥ ८ ॥**

શબ્દાર્થ:—( **केवलचक्षुषा** ) કેવળજ્ઞાન–દર્શનરૂપ ચક્ષુથી ( **अतीन्द्रियान्** ) અતીન્દ્રિય ( **अर्थान्** ) પદાર્થોને ( **साक्षात्** ) સાક્ષાત્ ( **दृष्ट्वा** ) દેખી–જાણીને ( **प्रकृष्ट–पुण्यसामर्थ्यात्** ) પ્રકૃષ્ટ પુણ્યના સામર્થ્યથી ( અષ્ટ ) ( **प्रातिहार्यसमन्वितः** ) પ્રાતિહાર્યથી યુક્ત ( **श्रीमान्** ) શ્રી સંપન્ન ( **अवन्ध्य–देशनः** ) અમોઘ–દેશના–શક્તિને પ્રાપ્ત ( **कश्चिद् महात्मा केवली** ) કોઈ કેવળી મહાત્મા, ( **यथा भव्य–नियोगतः** ) જેવો ભવ્ય જીવોનો નિયોગ હોય છે તે પ્રમાણે, ( **देशनायां** ) દેશનામાં–ધર્મોપદેશ દેવામાં–પ્રવર્તે છે.

વ્યાખ્યા:—જે પદાર્થ ઇન્દ્રિય–ગોચર નહોતા તે અતીન્દ્રિય પદાર્થોનું પણ કેવળ-જ્ઞાનીને કેવળ નેત્રદ્વારા સાક્ષાત્ દર્શન થાય છે એ વાત અહીં પહેલાં પદ્યમાં બતાવવામાં આવી છે, ત્યાર પછી મહાત્મા કેવળીની ધર્મોપદેશ દેવાની પ્રવૃત્તિની બીજી વાત કહેવામાં આવી છે. આ બીજી વાતના પ્રરૂપણમાં કેવળીનું '**कश्चित**' વિશેષણ પોતાનું ખાસ મહત્ત્વ રાખે છે અને એ વાત સૂચવે છે કે બધા કેવળજ્ઞાની ધર્મોપદેશ દેવામાં પ્રવર્તતા નથી–તેમાંથી કોઇ મહાત્મા જ ધર્મોપદેશ દેવામાં પ્રવૃત્ત થાય છે અને તે તે જ હોય છે જે સાતિશય પુણ્યોદયના પ્રભાવથી તે પ્રાતિહાર્યોને પ્રાપ્ત કરે છે, જેમની સંખ્યા આગમમાં

---

૧. आ केवलिचक्षुषा ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આઠ કહી છે અને તે છે - ૧ અશોકવૃક્ષ, ૨ સુરપુષ્પવૃષ્ટિ, ૩ દિવ્યધ્વનિ, ૪ ચામર, ૫ છત્ર, ૬ સિંહાસન, ૭ ભામંડલ, ૮ દુન્દુભિ.૧ સાથે જ અમોઘ દેશના શક્તિથી યુક્ત હોય છે- જેમની ધર્મદેશના કદી નિષ્ફળ જતી નથી; પરંતુ તેઓ તે ફળની ઇચ્છાથી કદી આતુર નથી હોતા.૨ અને તેમની તે ધર્મદેશનાનું નિમિત્ત કારણ હોય છે ભવ્ય જીવોના ભાગ્યના ઉદયાદિક, જેને '**यथाभव्य-नियोगतः**' પદદ્વારા સૂચિત કરવામાં આવેલ છે. અંતરંગ કારણ તીર્થંકર પ્રકૃતિના ઉદયને સમજવું જોઈએ; કે જે આપ્તપરીક્ષાના "**विना तीर्थंकरत्वेन नाम्ना नार्थोपदेशता** (૧૬)" આ વાક્યથી જણાય છે. મોહનીય કર્મનો સર્વથા અભાવ થઈ જવાથી કેવળજ્ઞાનીમાં ઇચ્છા તથા રાગનું અસ્તિત્વ બનતું નથી, માટે ઇચ્છા તથા રાગ વિના જ અંતરંગ અને બહિરંગ બન્ને કારણો મળતાં તેમની ધર્મદેશનામાં સ્વતઃ પ્રવૃત્તિ થાય છે. ૭-૮.

## જ્ઞાન કઈ રીતે આત્માનો સ્વભાવ છે.

**विभावसोरिवोष्णत्वं चरिष्णोरिव[3] चापलम् ।**
**शशाङ्कस्येव शीतत्वं स्वरूपं ज्ञानमात्मनः ॥ ९ ॥**

**શબ્દાર્થ:**—જેમ (**विभावसोः इव उष्णत्वं**) સૂર્યનું ઉષ્ણપણું, (**चरिष्णोः इव चापलं**) વાયુનું ચંચળપણું અને (**शशाङ्कस्य इव शीतत्वं**) ચન્દ્રમાનું શીતળપણું (**स्वरूपं**) સ્વરૂપ છે તેમ (**ज्ञानं आत्मनः**) જ્ઞાન આત્માનું સ્વરૂપ છે.

**વ્યાખ્યા:**—જે કેવળજ્ઞાનના ઉદયનો બીજા પદ્યમાં ઉલ્લેખ છે તે આત્મામાં કોઈ નવી વસ્તુનો ઉત્પાદ નથી પરંતુ જેમ સૂર્યનો સ્વભાવ તેનું ઉષ્ણત્વ, ચંદ્રમાનો સ્વભાવ તેનું શીતળપણું અને વાયુનો સ્વભાવ તેનું ચંચળપણું છે તેમ તે આત્માનો સ્વભાવ છે. સ્વભાવનો કદી અભાવથતો નથી-ભલે પ્રતિબંધક કારણોને વશે તેનો તિરોભાવ, આચ્છાદન કે ગોપન થઈ જાય. ૯

---

૧. अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥
૨. नाऽपि शासन-फलैषणातुरः ।—સમન્તભદ્ર.
૩. આ चरणोरिव; આ चरण्योरिव ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્માનું ચૈતન્યરૂપ શા માટે સ્વકાર્યમાં પ્રવૃત્ત થતું નથી.

**चैतन्यमात्मनो रूपं तच्च ज्ञानमयं विदुः ।**
**प्रतिबन्धक–सामर्थ्यान्न स्वकार्ये प्रवर्तते ॥ १० ॥**

**શબ્દાર્થ:**—( आत्मनो रूपं चैतन्यं ) આત્માનું રૂપ ચૈતન્ય છે ( तत् च ज्ञानमयं विदुः ) અને તેને જ્ઞાનમય કહેવામાં આવ્યું છે, ( प्रतिबन्धक–सामर्थ्यात ) પ્રતિબંધકના સામર્થ્યથી તે ( स्वकार्ये न प्रवर्तते ) પોતાના કાર્યમાં પ્રવૃત્ત થતું નથી.

**વ્યાખ્યા:**—ચૈતન્ય પણ આત્માનું સ્વરૂપ કહેવાય છે, તેના વિષયને અહીં સ્પષ્ટ કરતાં બતાવ્યું છે કે તે જ્ઞાનમય છે–જ્ઞાનથી ભિન્ન ચૈતન્ય બીજી કોઇ વસ્તુ નથી. સાથે સાથ એ પણ બતાવ્યું છે કે જે જ્ઞાન કે ચૈતન્ય આત્માનો પાછલા પદ્યમાં બતાવ્યા પ્રમાણે સ્વભાવ છે તે પ્રતિબંધક કારણોના બળથી પોતાના કાર્યમાં પ્રવૃત્ત થતું નથી. કેવળ-જ્ઞાનના પ્રતિબંધક કારણો તે ચાર ઘાતિ કર્મ છે જેમનો બીજા પદ્યમાં ઉલ્લેખ છે અને તેથી જ તેમનો પૂર્ણપણે વિનાશ થતાં કેવળજ્ઞાન ના ઉદયની વાત કહેવામાં આવી છે.

સાંખ્યમતમાં આત્માનું સ્વરૂપ ચૈતન્ય માત્ર બતાવવામાં આવ્યું છે અને તે ચૈતન્યને જ્ઞાનશૂન્ય કહ્યું છે.[1] અહીં ' तच्च ज्ञानमयं ' વાક્ય દ્વારા તેનો પ્રતિવાદ કર્યો છે. ૧૦.

## પ્રતિબંધક વિનો જ્ઞાની જ્ઞેયના વિષયમાં અજ્ઞાની રહેતો નથી.

**[2]ज्ञानी ज्ञेये भवत्यज्ञो नासति प्रतिबन्धके ।**
**प्रतिबन्धं विना वह्निर्न दाह्येऽदाहकः कदा ॥ ११ ॥**

**શબ્દાર્થ:**—( ज्ञेये ) જ્ઞેય હોતાં અને ( प्रतिबन्धके असति ) તેનું કોઈ પ્રતિબંધક ન હોતાં ( ज्ञानी ) જ્ઞાની તે વિષયમાં ( अज्ञः न भवति ) અજ્ઞાની હોતો નથી–તેને જાણીને જ રહે છે. ( બરાબર છે ) ( वह्निः ) અગ્નિ ( दाह्ये ) બળવાને યોગ્ય સૂકાં લાકડાં હોય અને ( प्रतिबन्धं विना ) પ્રતિબંધકના અભાવમાં ( कदा ) કદી ( अदाहकः न ) અદાહક નથી થતો–તે એને બાળે જ છે.

---

૧. **ज्ञानशून्यं चैतन्यमात्रमात्मा इति सांख्यमतम्**—ઈષ્ટોપદેશ. ટીકામાં આશાધર.

૨. **ज्ञो ज्ञेये कथमज्ञः स्यादसति प्रतिबन्धने ।**
**दाह्येऽग्निः दाहको न स्याद सति प्रतिबन्धने ॥** —અષ્ટસહસ્રીમાંથી ઉદ્‌ધૃત પ્રાચીન વચન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યાખ્યાઃ**—જે જ્ઞાનમય છે અથવા જ્ઞાન જેનું રૂપ સ્વભાવ-છે તેને 'જ્ઞાની' કહે છે. જ્ઞાન અને જ્ઞાનીમાં સર્વથા ભેદ હોતો નથી, એ વાત છઠ્ઠા અધિકારના ૩૫મા પદ્યમાં બતાવી દીધી છે અને પાછલા પદ્યમાં એ બતાવ્યું છે કે પ્રતિબંધકના બળથી જ્ઞાન પોતાના કાર્યમાં પ્રવૃત્ત થતું નથી. ત્યાં તે કેવળજ્ઞાનીનો ઉલ્લેખ છે જેના જ્ઞાનના સમસ્ત પ્રતિબંધક કારણ નાશ પામી ગયા છે અને તેથી તે કોઈ પણ જ્ઞેયને-જ્ઞાનના વિષયભૂત પદાર્થને-જાણવામાં અજ્ઞાની રહેતો નથી, એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સાથો સાથ એક સુન્દર ઉદાહરણદ્વારા તેને સ્પષ્ટ કરવામાં આવ્યું છે. તે ઉદાહરણ છે દાહ્ય અને દાહકનું, 'દાહક' અગ્નિને અને 'દાહ્ય' ત્વરિત બળવા યોગ્ય સૂકા લાકડાને કહે છે. અગ્નિ અને તે ઇંધન સંબંધમાં જો કોઇ બાધક ન હોય તો અગ્નિ તે ઇંધનને ન બાળે એ કદી બનતું નથી. એવી જ રીતે કેવળજ્ઞાનીને જ્ઞાન-વિષયક જ્યારે કોઈ પ્રતિબંધક-બાધક કારણ-ન રહ્યું ત્યારે તે કોઇ જ્ઞેયને ન જાણે એ કદી બની શકતું નથી. ૧૧.

## જ્ઞાનીને દેશાદિનો વિપ્રકર્ષ કોઈ પ્રતિબંધ નથી.

**प्रतिबन्धो न देशादि-विप्रकर्षोऽस्य युज्यते ।**
**तथानुभव-सिद्धत्वात् सप्तहेतेरिव[1] स्फुटम् ॥ १२ ॥**

**શબ્દાર્થઃ**—( **अस्य** ) આ કેવળજ્ઞાનીને ( **देशादि विप्रकर्षः प्रतिबन्धः न युज्यते** ) દેશાદિનો વિપ્રકર્ષ-દૂર સ્થિતિ રૂપ પ્રતિબંધ-યુક્ત નથી; ( **तथा अनुभव-सिद्धत्वात** ) કારણ કે એવું અનુભવથી સિદ્ધ થાય છે, ( **सप्तहेतेः इव स्फुटम्** ) સૂર્યની જેમ.

**વ્યાખ્યાઃ**—પાછલા પદ્યમાં પ્રતિબંધક ન હોવાની જે વાત કહેવામાં આવી છે તેને ન માનતા જો કોઈ કહે કે દેશાદિકનું અંતર કેવળજ્ઞાનનો પ્રતિબંધ છે તો એમ કહેવું બરાબર નથી; કેમકે કેવળજ્ઞાનીને એ પ્રતિબંધ બનતો નથી, એમ અનુભવથી સિદ્ધ થાય છે, સૂર્ય જે લાખો માઇલને અંતરે સ્થિત છે છતાં પણ પૃથ્વીના પદાર્થોને પ્રકાશિત કરે છે. પૃથ્વી અને સૂર્યની વચ્ચેના અંતરમાં જેટલા કોઇ પુદ્ગલ પરમાણુ સ્થિત છે તે બધા સૂર્યના પ્રકાશથી પ્રકાશિત હોય છે ત્યારે છેટેનો વિષય પ્રકાશપણામાં બાધક કહેવાતો નથી. કેવળજ્ઞાનીના જ્ઞાન અને તે દૂરવર્તી પદાર્થની વચ્ચે પણ જેટલા પુદ્ગલ પરમાણુ તથા આકાશાદિ દ્રવ્યોના પ્રદેશ સ્થિત છે તે બધાને પણ કેવળજ્ઞાન જ્યારે જાણે છે ત્યારે તે

૧. अग्नेरिव ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૂરવર્તી પદાર્થનું અંતર તેના જાણવામાં બાધક કેવી રીતે થઇ શકે ? થઇ શકે નહિ. નિકટ અને દૂરવર્તી બધા જ્ઞેય જ્ઞાનનો વિષય હોવાથી તેમને જાણવામાં કેવળજ્ઞાનીને બાધા માટે કોઈ સ્થાન રહેતું નથી. એ જ રીતે કાળનું કોઇ અંતર તથા વસ્તુના સ્વભાવની સૂક્ષ્મતા પણ કોઈ વસ્તુને જાણવામાં કેવળીને માટે બાધક થતાં નથી. બધા જ્ઞેય હોવાથી તેના જ્ઞાનના વિષય છે અને તે તેમને સાક્ષાત્ રૂપે જાણે છે. તેથી જ સમન્તભદ્ર સ્વામીએ સૂક્ષ્મ, અંતરિત અને દૂરવર્તી બધા પદાર્થોને કેવળજ્ઞાની સર્વજ્ઞના જ્ઞાનના વિષય કહ્યા છે.[૧]

જો એમ કહેવામાં આવે કે એક સૂર્ય એક સમયમાં આખા વિશ્વને પ્રકાશિત કરતો દેખાતો નથી, એક જગ્યાએ દિવસ છે તો બીજી જગ્યાએ રાત્રિ છે, તેથી તેની શક્તિ મર્યાદિત જણાય છે તેથી સૂર્યનું દૃષ્ટાંત બરાબર બંધબેસતું થતું નથી, તો એમ કહેવું બરાબર નથી; કેમ કે દૃષ્ટાંત વિષયને સમજવા માટે પ્રાયઃ એકદેશ હોય છે-સર્વદેશ નહિ. હવે રહી શક્તિની વાત, સૂર્યની શક્તિ મર્યાદિત જરૂર છે પરંતુ કેવળીની શક્તિ વાર્યાન્તરાયકર્મનો અભાવ થઈ જવાથી મર્યાદિત નથી હોતી-અમર્યાદિત તથા અનંત હોય છે. ૧૨.

## જ્ઞાન સ્વભાવને કારણે આત્મા સર્વજ્ઞ-સર્વદર્શી.

**सामान्यवद् विशेषाणां स्वभावो ज्ञेयभावतः ।**
**ज्ञायते स च वा साक्षाद् विना विज्ञायते कथम् ॥ १३ ॥**
**सर्वज्ञः सर्वदर्शी च ततो ज्ञानस्वभावतः ।**
**नास्य ज्ञान-स्वभावत्वमन्यथा घटते स्फुटम् ॥ १४ ॥**

શબ્દાર્થ:—( **सामान्यवद्** ) સામાન્યની જેમ ( **विशेषाणां स्वभावो** ) વિશેષોનો સ્વભાવ ( **ज्ञेय भावत:** ) જ્ઞેયભાવથી ( **ज्ञायते** ) જાણવામાં આવે છે ( **च स** ) અને તે ( **साक्षात् विना** ) સ્વભાવ પ્રત્યક્ષ જ્ઞાન વિના ( **कथम् विज्ञायते** ) કેવી રીતે સ્પષ્ટ પણે જાણવામાં આવે છે ? જાણી શકાય નહિ. ( **ततः** ) તેથી ( **ज्ञानस्वभावतः** ) જ્ઞાન સ્વભાવને કારણે ( આત્મા ) ( **सर्वज्ञः सर्वदर्शी च** ) સર્વજ્ઞ અને સર્વદર્શી છે ( **अन्यथा** )-જો સર્વજ્ઞ અને સર્વદર્શી ન હોય તો-( **स्फुटम्** ) સ્પષ્ટપણે ( **ज्ञानस्वभावत्वम्** ) જ્ઞાનસ્વભાપણું પણ ( **अस्य न** ) આ આત્માને ઘટી શકતું નથી.

---

૧. सूक्ष्मान्तरित-दूरार्थाः प्रत्यक्षाः कस्यचिद्यथा ।
अनुमेयत्वतोऽग्न्यादिरिति सर्वज्ञ संस्थितिः ॥—દેવાગમ્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:—સર્વ પદાર્થ સામાન્ય-વિશેષાત્મક હોય છે. એવો કોઇ પણ પદાર્થ સંસારમાં નથી જે કેવળ સામાન્ય રૂપ હોય અથવા કેવળ વિશેષરૂપ જ હોય. સામાન્યની સાથે વિશેષનો અને વિશેષની સાથે સામાન્યનો અવિનાભાવ સંબંધ છે. આવી સ્થિતિમાં સામાન્યને, જે દ્રવ્યરૂપે હોય છે, જેવી રીતે જ્ઞેયભાવથી જાણવામાં આવે છે તેવીજ રીતે તેના વિશેષો-પર્યાયોના સ્વભાવને પણ જ્ઞેયભાવથી જાણવામાં આવે છે. સ્વભાવનું આ પરિજ્ઞાન તે પદાર્થને સાક્ષાત્ કર્યા વિના-પ્રત્યક્ષ અનુભવમાં લાવ્યા વિના-બની શકતું નથી તેથી જ્ઞાન સ્વભાવને કારણે આ આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે, નહિતર-સર્વજ્ઞ અને સર્વદર્શી ન હોય તો-આ આત્માનો જ્ઞાન-સ્વભાવ પણ રહેતો નથી. અહીં જ્ઞાન સ્વભાવ હેતુથી આત્માનું સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણું સિદ્ધ કરવામાં આવ્યું છે. જો આત્મા જ્ઞાનરૂપ છે ( आत्मा ज्ञानं ) અને સર્વ પદાર્થ જ્ઞેયરૂપ છે તો કોઈ પણ પદાર્થ ભલે તે ગમે તેટલે દૂર સ્થિત હોય અને કાળના ગમે તેટલા અંતર સહિત હોય, તો પણ તે કેવળ-જ્ઞાનનો વિષય થવાથી બચી શકતો નથી કે જે સર્વથા જ્ઞાનાવરણાદિ રૂપ પ્રતિબંધક રહિત, નિર્બાધ અને અસીમ ( અનંત ) છે. ૧૩-૧૪

## કેવળી બાકીના કયા કર્મોને કેવી રીતે નષ્ટ કરી નિર્વૃત થાય છે.

**वेद्यायुर्नाम-गोत्राणि यौगपद्येन केवली ।**
**शुक्लध्यान-कुठारेण छित्वा गच्छति निर्वृतिम् ॥ १४ ॥**

શબ્દાર્થ:—( केवली ) કેવળજ્ઞાની ( वेद्यायुर्नाम-गोत्राणि ) વેદનીય, આયુ, નામ અને ગોત્ર ( આ ચાર અઘાતિ ) કર્મોને ( शुक्लध्यान-कुठारेण ) શુકલધ્યાન રૂપી કુહા-ડીથી ( यौगपद्येन छित्वा ) એક સાથે છેદીને ( निर्वृतिम् गच्छति ) મુક્તિને પ્રાપ્ત થાય છે.

વ્યાખ્યા:—કર્મોની આઠ મૂળ પ્રકૃતિઓમાંથી જે ચાર પ્રકૃતિઓનો અહીં ઉલ્લેખ છે તે અઘાતિ કર્મપ્રકૃતિ કહેવાય છે, જ્યાંસુધી તેમનો છેદ થતો નથી ત્યાંસુધી મુક્તિની પ્રાપ્તિ થતી નથી. કેવળજ્ઞાની તેમનો કોઈ ક્રમથી છેદ નથી કરતા પરંતુ એક સાથે બધાનો છેદ કરી નાખે છે. જે શકિતશાળી કુહાડીથી આ છેદકર્મ કરવામાં આવે છે તેનો અહીં શુકલધ્યાનના નામથી ઉલ્લેખ કર્યો છે. શુકલધ્યાનના ચાર ભેદ આગમમાં વર્ણવેલા છે, અહીં 'व्युपरतक्रिया निवृत्ति' નામનું અંતિમ ( ચોથું ) શુકલધ્યાન જ વિવક્ષિત જણાય છે, જેના પછી તરત મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી જ ઉક્ત શુકલધ્યાન દ્વારા અઘાતિયા કર્મોનો વિચ્છેદ કરીને મુક્તિ પ્રાપ્ત કરવાનું લખ્યું છે. ઉક્ત કર્મોના વિચ્છેદ પહેલાં તેમની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્થિતિ યોગ-નિરોધદ્વારા આયુકર્મની સ્થિતિની બરાબર કરી લેવામાં આવે છે, ત્યારે જ શુક્લધ્યાનના એક જ ઝટકે તે બધાનો યુગપત્ છેદ બને છે. ૧૫.

## શુક્લધ્યાનથી કર્મ છેદાતું નથી, એવું વચન અયોગ્ય છે.

**कर्मैव भिद्यते नास्य शुक्ल–ध्यान–नियोगतः ।**
**नासौ विधीयते कस्य नेदं वचनमञ्चितम् ॥ १६ ॥**
**कर्म–व्यपगमे (मो) राग–द्वेषाद्यनुपपत्तितः ।**
**आत्मनः संग (ना सह) रागाद्याः न नित्यत्वेन संगताः ॥२७॥**

**શબ્દાર્થ:**—જો એમ કહેવામાં આવે કે ( **अस्य** ) આ કેવળીના ( **शुक्ल–ध्यान–नियोगतः** ) શુક્લધ્યાનના નિયોગથી ( **कर्मैव न भिद्यते** ) કર્મ સર્વથા ભેદાતા નથી અને ( **कस्य** ) કોઈને ( **असौ** ) મોક્ષ ( **न विधीयते** ) થતો નથી તો ( **इदं वचनं** ) આ આ વચન ( **न अञ्चितम्** ) બરાબર નથી; કારણ કે ( **राग-द्वेषादि अनुपपत्तितः** ) રાગ-દ્વેષાદિની ઉત્પત્તિ ન થવાથી ( **कर्म व्यपगमे मो** ) કર્મોનો વિનાશ થાય છે-નવા કર્મ બંધાતા નથી તથા પહેલાં બંધાયેલા કર્મોની નિર્જરા થઇ જાય છે-( **आत्मनः संग ( ना सह )** ) અને આત્માની સાથે ( **रागाद्याः** ) રાગાદિનો ( **न नित्यत्वेन संगताः** ) કોઈ શાશ્વત સંબંધ નથી-તે ઉપજતા અને વિણસતા દેખાય છે. આવી સ્થિતિમાં શુક્લધ્યાન-દ્વારા રાગ-દ્વેષનો અભાવ થવાથી કર્મોનો અભાવ અને કર્મોના અભાવથી મોક્ષનું થવું સુઘટિત છે. એમાં શંકા તથા આપત્તિનું કોઈ સ્થાન નથી.

**વ્યાખ્ય:**—અહીં શંકાકારે પોતાની શંકાના સમર્થનમાં કોઈ હેતુ આપ્યો નથી; એનાથી વિપરીત સમાધાન રૂપે પ્રતિવાદમાં એક સારા હેતુનો પ્રયોગ કરવામાં આવ્યો છે અને તે છે રાગ-દ્વેષાદિની અનુપપત્તિ. રાગ-દ્વેષાદિક રૂપ પરિણામ કર્મોની ઉત્પત્તિ, સ્થિતિ આદિનાં કારણ છે અને કોઈ પણ રાગ-દ્વેષાદિનો આત્મા સાથે કોઇ શાશ્વત સંબંધ નથી તેઓ પોત-પોતાનું નિમિત્ત પામીને ઉત્પન્ન થયા કરે છે અને વિનાશ પામ્યા કરે છે. કેવળીમાં મોહનીય કર્મનો અભાવ થઇ જવાથી રાગ-દ્વેષાદિની ઉત્પત્તિ સ્થિતિ આદિનું કોઇ કારણ રહેતું નથી, રાગ-દ્વેષાદિની ઉત્પત્તિ સ્થિતિ આદિનો પૂર્ણપણે અભાવ થઇ જવાથી કર્મનો વિનાશ થવો સ્વાભાવિક છે અને કર્મોનો સર્વથા વિનાશ થઇ જતાં મોક્ષનું થવું અવશ્યંભાવી છે, તેને પછી કોઇ રોકી શકતું નથી. ૧૬—૧૭.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સુખી થયેલો મુકત જીવ પછી સંસારમાં આવતો નથી.

**न निर्वृतः सुखीभूतः पुनरायाति संसृतिम् ।**
**सुखदं हि पदं हित्वा दुःखदं कः प्रपद्यते ॥ १८ ॥**

**શબ્દાર્થ:**—( **सुखीभूत: निवृत:** ) સુખી થયેલો મુક્ત જીવ ( **पुन:** ) ફરીથી ( **संसृतिम् न आयाति** ) સંસારી થતો નથી. ( બરાબર છે ) ( **सुखदं हि पदं हित्वा** ) સુખદાયક પદ છોડીને ( **कः दुःखदं प्रपद्यते** ) કોણ ( સ્વેચ્છાએ ) દુઃખદાયક પદને પ્રાપ્ત થાય ?–કોઈ પણ થતું નથી.

**વ્યાખ્યા:**—૧૫ મા પદ્ય અનુસાર નિર્વૃતિ ( નિર્વાણ ) પામેલ કેવળી શું ફરીથી સંસારમાં આવે છે ? સંસારી બને છે ? આ એક પ્રશ્ન છે જેનો ઉત્તર આ પદ્યમાં આપવામાં આવ્યો છે અને તે છે નકારાત્મક અર્થાત્ આવતા નથી. અને તેનું કારણ એ બતાવ્યું છે કે નિર્વાણ પામેલ જીવ સુખરૂપ થાય છે–પોતાનું સ્વાધીન શુદ્ધ સુખ પ્રાપ્ત કરી લે છે–પછી તે પોતાનું તે સુખ છોડીને દુઃખના ગ્રહણમાં કેવી રીતે પ્રવૃત્ત થઈ શકે ? ન થઇ શકે. કેમ કે કોઈ પણ સ્વાધીન જીવ સ્વેચ્છાએ સુખદાયક પદ છોડી દુઃખદાયક પદનું ગ્રહણ કરતો નથી, એ પ્રત્યક્ષ જોવામાં આવે છે. નિર્વાણ જેને નિર્વૃત્તિ, નિઃશ્રેયસ તથા મોક્ષ પણ કહે છે તે જન્મ, જર, રોગ, મરણ, શોક, દુઃખ અને ભય આદિથી પરિમુક્ત, શાશ્વત શુદ્ધ સુખરૂપે હોય છે; કે જે સમન્તભદ્ર સ્વામીના સમીચીન–ધર્મશાસ્ત્રગત નીચેના વચનમાં પ્રગટ છે:—

**जन्म–जरामय–मरणैः शोकैर्दुःखैर्भयैश्च परिमुक्तम् ।**
**निर्वाणं शुद्धसुखं निःश्रेयसमिष्यते नित्यम् ॥ १३१ ॥**

આવા શુદ્ધ અને સદાને માટે પ્રાપ્ત સ્વાધીન સુખપદને છોડીને કોઈ પણ વિવેકી જીવ કોઇ પરતંત્રતા વિના સાંસારિક દુઃખપદનું ગ્રહણ કરવામાં પ્રવૃત્ત થઇ શકતો નથી. જો કોઇના વિષયમાં એમ કહેવામાં આવે કે તેણે અમુકનો ઉદ્ધાર કરવા અથવા સંસારના અમુક વર્ગના જીવોનું દુઃખ મટાડવા માટે અવતાર ધારણ કર્યો છે તો સમજી લેવું જોઇએ કે તે મોક્ષ પામેલો અથવા પૂર્ણપણે સુખી જીવ નથી–મોહથી અભિભૂત સંસારનું જ એક પ્રાણી છે, ભલે પછી તે ગમે તેટલા સાંસારિક ઊંચા પદને પામેલ હોય. ૧૮.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કર્મનો અભાવ થઇ જવાથી ફરીથી શરીરનું ગ્રહણ થતું નથી.

**शरीर न स गृह्णाति भूयः कर्म–व्यपायतः ।**
**कारणस्यात्यये कार्यं न कुत्रापि प्ररोहति ॥ १९ ॥**

શબ્દાર્થઃ—(**स**) તે મુક્તાત્મા (**कर्म–व्यपायतः**) કર્મનો વિનાશ થઈ જવાથી (**भूयः**) ફરીથી (**शरीरं न गृह्णाति**) શરીર ગ્રહણ કરતા નથી. (બરાબર છે) (**कारणस्य अत्यये**) કારણનો નાશ થઈ જતાં (**कुत्रापि**) ક્યાંય પણ (**कार्यं न प्ररोहति**) કાર્ય ઉત્પન્ન થતું નથી.

વ્યાખ્યાઃ—મુક્ત થયેલ જીવ ફરીથી શરીરનું ગ્રહણ નથી કરતો; કારણ 'નામ' કર્મ હતું તે જ્યારે સર્વથા નાશ પામ્યું ત્યારે કારણ ના અભાવમાં કાર્યનો ઉત્પાદ કેવી રીતે થઇ શકે ? તેથી જેમના મતમાં મોક્ષમાંથી પુનરાગમનની અથવા મુક્તાત્માને શરીર ધારણ કરી સાંસારિક કાર્યો કરવા–કરાવવાની વાત કહેવામાં આવી હોય તે બે કારણોથી યુક્તિયુંક્ત લાગતી નથી–એક કારણનો પાછલા પદ્યમાં નિર્દેશ છે અને બીજાનો આ પદ્યમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. ૧૯.

## જ્ઞાનને પ્રકૃતિનો ધર્મ માનવો તે અસંગત છે.

**न ज्ञानं प्राकृतो धर्मो मन्तव्यो मान्य-बुद्धिभिः ।**
**अचेतनस्य न ज्ञानं कदाचन विलोक्यते ॥ २० ॥**

શબ્દાર્થઃ—(**मान्य–बुद्धिभिः**) જે માન્ય બુદ્ધિ છે તેમના દ્વારા (**ज्ञानं**) જ્ઞાન (**प्राकृतो धर्मो**) પ્રકૃતિનો ધર્મ (**न मन्तव्यो**) ન મનાવો જોઇએ; (કેમ કે) (**अचेतनस्य**) અચેતન પદાર્થમાં (**ज्ञानं**) જ્ઞાન (**कदाचन न विलोक्यते**) કદી જોવામાં આવતું નથી.

વ્યાખ્યાઃ—સાંખ્યમતમાં આત્માને જ્ઞાનશૂન્ય ચૈતન્ય માત્ર બનાવ્યો છે અને જ્ઞાનને પ્રકૃતિનો ધર્મ કહ્યો છે, અહીં તેનો પ્રતિષેધ કરતાં માનનીય બુદ્ધિના ધારકોને–વીવેકશીલ વિદ્વાનોને એ અનુરોધ કર્યો છે કે તેમણે આમ ન માનવું જોઇએ; કેમ કે અચેતનમાં–પ્રકૃતિ જન્યમાં–કદી પણ જ્ઞાનનું હોવું જોવામાં આવતું નથી. તેથી જ્ઞાનને પ્રકૃતિજન્ય માનવું પ્રત્યક્ષની વિરૂદ્ધ છે. ૨૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જ્ઞાનાદિ ગુણોના અભાવમાં જીવની વ્યવસ્થા બનતી નથી.

दुरितानीव न ज्ञानं निर्वृतस्यापि गच्छति ।
काञ्चनत्य मले नष्टे काश्चनत्वं न नश्यति ॥ २१ ॥
ज्ञानादि–गुणाभावे जीवस्यास्ति व्यवस्थितः ।
लक्षणापगमे लक्ष्यं न कुत्राप्यवतिष्ठते ॥ २२ ॥

શબ્દાર્થ:—( **निर्वृतस्य** ) મુક્તાત્માને ( **दुरितानि इव** ) કર્મોની પેઠે ( **ज्ञानं अपि न गच्छति** ) જ્ઞાન નષ્ટ થતું નથી. ( બરાબર છે ) ( **काञ्चनस्य मले नष्टे** ) સોનાનો મળ નાશ પામતાં ( **काश्चनत्वं न नश्यति** ) સોનું નાશ પામતું નથી. ( **ज्ञानादि–गुणाभावे** ) જ્ઞાનાદિ ગુણોનો અભાવ થતાં ( **जीवस्य व्यवस्थितिः** ) જીવની વ્યવસ્થા ( **न अस्ति** ) રહેતી નથી. ( બરાબર છે ) ( **लक्षण आपगमे** ) લક્ષણનો અભાવ થતાં ( **लक्ष्यं न कुत्र अपि अवतिष्ठते** ) લક્ષ્ય ક્યાંય પણ ટકતું નથી.

વ્યાખ્યા:—જો કોઇ વૈશેષિક મતનો પક્ષ લઈને એમ કહે કે મુક્ત આત્માને જેમ કર્મ નાશ પામે છે તેમ જ્ઞાન પણ નાશ પામી જાય છે તો એ કથન બરાબર નથી; કારણ કે સોનાનો મળ નાશ પામતાં જેમ સોનાપણું નાશ પામતું નથી એવી જ રીતે મુક્તાત્મા જ્ઞાનીનો જ્ઞાન-મળ નષ્ટ થતાં જ્ઞાન નષ્ટ થતું નથી. વાસ્તવમાં જ્ઞાનાદિ ગુણોનો અભાવ થતાં તો જીવની કોઈ વ્યવસ્થા જ રહેતી નથી; કારણ કે જ્ઞાન-દર્શન ગુણ જીવનાં લક્ષણ છે કે જે જીવાધિકારમાં બતાવાઈ ગયું છે. લક્ષણનો અભાવ થતાં લક્ષ્યનું પછી કોઇ અસ્તિત્વ રહેતું નથી. આવી સ્થિતિમાં વૈશેષિકોએ બુદ્ધિ આદિ વશેષિક ગુણોના ઉચ્છેદને મોક્ષ માન્યો છે, તે તર્ક-સંગત જણાતું નથી-તેમને ત્યાં પછી જીવનું અસ્તિત્વ પણ રહેતું નથી. ગુણોનો અભાવ થઇ જાય અને ગુણી બની રહે એ કેવી રીતે બની શકે ?-બની શકે નહિ. ૨૧-૨૨.

## ઉપાય (કર્યા) વિના બંધને જાણવા માત્રથી કોઈ મુક્ત થતું નથી.

विविधं वहुधा बन्धं बुध्यमानो न मुच्यते ।
क-र्मबद्धो विनोपायं गुप्ति[1]-बद्ध इव ध्रुवम् ॥ २३ ॥

---

૧. કારાગાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**विभेदं लक्षणैर्बुद्‌ध्वा स द्विधा जीव-कर्मणोः ॥**
**मुक्तकर्मात्मतत्त्वस्थो मुच्यते सदुपायवान् ॥ २४ ॥**

**શબ્દાર્થ**:—( **कर्म-बद्धो** ) કર્મોથી બંધાયેલો ભવ ( **विविधंबन्धं** ) વિવિધ પ્રકારના કર્મબંધનોને ( **बहुधा** ) ઘણું કરીને ( **बुध्यमानः** ) જાણતો હોવા છતાં પણ ( **विना उपायं** ) ઉપાય કર્યા વિના ( **न मुच्यते ध्रुवम्** ) નિશ્ચયથી મુક્ત થતો નથી, ( **गुप्ति-बद्धः इव** ) જેમ કે કારાગૃહમાં પડેલો બંદી. ( **जीव-कर्मणोः** ) જે જીવ અને કર્મનો ( **लक्षणैः** ) લક્ષણોથી ( **द्विधा विभेदं बुद्ध्वा** ) બે પ્રકારનો ભેદ જાણીને ( **मुक्त-कर्मा** ) કર્મને છોડતો થકો-કર્મથી ઉપેક્ષા ધારણ કરતો થકો-( **आत्मतत्त्वस्थः** ) આત્મતત્ત્વમાં લીન થાય છે ( **स** ) તે ( **सदुपायवान्** ) સત્ ઉપાયવાન છે ( **मुच्यते** ) અને તે કર્મોથી છૂટે છે.

**વ્યાખ્યા**:—જેમ બંધનમાં નંખાયેલો મનુષ્ય એમ જાણવા છતાં પણ-કે મને અમુકે બાંધી-પૂરી રાખ્યો છે, અમુક પ્રકારની દોરી આદિ બંધનોમાં હું બંધાયેલો છું અને મારા શરીરના અમુક અમુક અંગો પર અમુક પ્રકારનાં બંધન છે, પોતાના આ જાણવા માત્રથી ઉપાય કર્યા વિના તે બંધનોથી છૂટકારો પામી શકતો નથી; જે સાચો ઉપાય કરે છે તે છૂટકારો પામે છે. તેવી જ રીતે કર્મોથી બંધાયેલ આ સંસારી જીવ પોતાને કર્મોથી બંધાયેલો અને કર્મોના પ્રકારો-પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધ રૂપે બંધના ભેદો-આદિને જાણતો હોવા છતાં પણ ઉપાય કર્યા વિના તે કર્મબંધનોથી છૂટકારો પામી શકતો નથી, આ વાત ઊંડા ખાડામાં બંધાઈને પડેલા અથવા કારાગૃહમાં સદાને માટે બંધ કરેલ કેદીના ઉદાહરણ દ્વારા પ્રથમ પદ્યમાં જણાવવામાં આવી અને બીજા પદ્યમાં કર્મબંધનથી છૂટવાનો સમીચીન ઉપાય બતાવવામાં આવ્યો છે, કે જે પોતાના આત્મસ્વરૂપ અને કર્મસ્વરૂપને લક્ષણોથી જાણીને કર્મમાં ઉપેક્ષા ધારણરૂપ વિરક્તિ અને પોતાના આત્મસ્વરૂપમાં સ્થિત રૂપે છે. આ શ્રેષ્ઠ ઉપાય કરનાર ભવ્ય માનવ અવશ્ય કર્મ-બંધનોથી છૂટીને મુક્તિ પામે છે. આ જ વાત શ્રીકુંદકુંદાચાર્યે સમયસારની નીચેની ચાર ગાથાઓમાં બતાવી છેઃ—

**इय कम्मबंध णाणं पएस-ठिइ-पयडिमेवमणुभावं ।**
**जाणंतो वि ण मुच्चइ मुच्चइ सो चेव जदि सुद्धो ॥ २९० ॥**
**जह बंधे चिंतंतो बंधणबद्धो ण पावइ विमोक्खं ।**
**तह बंधे चिंतंतो जीवो वि ण पावइ विमोक्खं ॥ २९१ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

जह बंधे छित्तूण य बंधणबद्धो उ पावइ विमोक्खं ।
तह बंधे छित्तूण य जीवो संपावइ विमोक्खं ॥ २९२ ॥
बंधाणं च सहावं वियाणिओ अप्पणो सहावं च ।
बंधेसु जो विरज्जदि सो कम्म-विमोक्खणं कुणई ॥ २९२ ॥

આ રીતે મુક્તિને માટે સત્ ચારિત્રશૂન્ય જ્ઞાનને નિરર્થક બતાવવામાં આવ્યું છે. ૨૩-૨૪.

## જીવના શુદ્ધ અને અશુદ્ધની અપેક્ષાએ બે ભેદ.

एको जीवो द्विधा प्रोक्तः शुद्धाशुद्ध-व्यपेक्षया ।
सुवर्णमिव लोकेन व्यवहारमुपेयुषा ॥ २५ ॥
संसारी कर्मणा युक्तो मुक्तस्तेन विवर्जितः ।
अशुद्धस्तत्र संसारी मुक्तः शुद्धोऽ पुनर्भवः[1] ॥ २६ ॥

**શબ્દાર્થ:**—( **एको जीवो** ) એક જીવ ( **शुद्धाशुद्ध-व्यपेक्षया** ) શુદ્ધ-અશુદ્ધની અપેક્ષાએ ( **द्विधा** ) બે પ્રકારનો ( **प्रोक्तः** ) કહેવામાં આવ્યો છે, જેવી રીતે ( **व्यवहार-मुपेयुषा लोकेन** ) વ્યવહારી જનદ્વારા ( **सुवर्णमिव** ) સુવર્ણ શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકારનું કહેવાય છે. (**कर्मणायुक्तो**) જે કર્મસહિત છે તે (**संसारी**) 'સંસારી' અને (**तेन विवर्जितः**) જે કર્મથી રહિત છે તે ( **मुक्तः** ) 'મુક્ત' જીવ છે. ( **तत्र** ) બંનેમાં ( **संसारी अशुद्धः** ) સંસારીને અશુદ્ધ અને ( **मुक्तः शुद्धः अपुनर्भवः** ) મુક્ત જીવને શુદ્ધ માન્યો છે, જે ફરીથી ભવધારણ કરતો નથી.

**વ્યાખ્યા:**— વાસ્તવમાં જોવામાં આવે તો પોતાના ગુણ-સ્વભાવની દૃષ્ટિએ સુવર્ણ-ધાતુ એક છે, પરંતુ લોક વ્યવહારમાં તેના શુદ્ધ સુવર્ણ અને અશુદ્ધ સુવર્ણ એવા બે ભેદ કરવામાં આવે છે. જે સુવર્ણ કિટ્ટ-કાલિમાદિ મળયુકત છે અથવા ચાંદી, ત્રાંબુ, લોઢું આદિ અન્ય ધાતુઓનો સંબંધ પામી તેમનાથી મિશ્રિત છે તેને 'અશુદ્ધ સુવર્ણ' કહે છે અને જે સુવર્ણ બધા મળ તથા પર સંબંધ રહિત હોય છે તેને 'શુદ્ધ સુવર્ણ' કહેવામાં આવે છે. એ જ રીતે જીવ દ્રવ્ય વાસ્તવમાં પોતાના ગુણ-સ્વભાવની દૃષ્ટિએ એક છે; પરંતુ શુદ્ધ-અશુદ્ધની અપેક્ષાએ તેના બે ભેદ કરવામાં આવ્યા છે- એક 'સંસારી' બીજો 'મુક્ત'.[2] આમાં સંસારી જીવ કર્મ-મળ સહિત હોવાને લીધે 'અશુદ્ધ' અને મુક્ત જીવ કર્મ-મળ રહિત થઇ જવાને કારણે 'શુદ્ધ' માનવમાં આવેલ છે, જેને 'અપુનર્ભવ' પણ કહે છે. ૨૫-૨૬.

૧. मु शुद्धः पुनर्मतः ।
૨ संसारिणो मुक्ताश्च-ત. સૂત્ર. ૨-૧૦

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શુદ્ધ જીવને અપુનર્ભવ કહેવાનો હેતુ.

भवं वदन्ति संयोगं यतोऽमात्म-तदन्ययोः ।
वियोगं तु भवाभावमापुनर्भविकं ततः ॥ २७ ॥

**શબ્દાર્થ:**—( यतः ) કારણ કે ( अत्र आत्म-तदन्ययोः ) અહીં આત્મા અને તદ્-ભિન્ન ( પુદ્ગલકર્મ )ના ( संयोगं ) સંયોગને ( भवं वदन्ति ) 'ભવ' કહે છે. ( तु ) વળી ( वियोगं ) વિયોગને ( भवाभावं ) 'ભવાભાવ' કહે છે, જે ફરીથી ઉત્પન્ન ન થવાનું નામ છે ( ततः ) તેથી ( अपुनर्भविकं ) ફરીથી ઉત્પન્ન ન થવાને કારણે શુદ્ધ મુક્ત જીવને 'અપુનર્ભવ' કહેવામાં આવે છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં મુક્ત જીવનું જે 'અપુનર્ભવ' નામ આપ્યું છે તેનું જ આ પદ્યમાં નિરુક્તિ-પૂર્વક સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે-લખ્યું છે કે જીવ અને જીવથી ભિન્ન જે પુદ્ગલ કર્મ છે તેમના સંયોગનું નામ 'ભવ' છે અને બન્નેના વિયોગનું નામ 'ભવાભાવ' ( અભવ ) છે, જેનો પછી કદી સંયોગ ન હોય; પછી કર્મનો સંયોગ ન થઈ શકવાને કારણે મુક્ત જીવને 'અપુનર્ભવ' કહેવામાં આવેલ છે. ૨૭.

## મોક્ષમાં આત્મા કયા રૂપે રહે છે ?

निरस्तापर-संयोगः स्व-स्वभाव-व्यवस्थितः ।
सर्वौत्सुक्य-विनिर्मुक्तः स्तिमितादधि-संनिभः ॥ २८ ॥
एकान्त-क्षीण-संक्लेशो निष्ठतार्थो निरञ्जनः ।
निराबाधः सदानन्दो मुक्तावात्मावतिष्ठते ॥ २९ ॥

**શબ્દાર્થ:**—( मुक्तौ ) મુક્તિ અવસ્થામાં ( आत्मा ) આત્મા ( निरस्तापर-संयोगः ) પર સંયોગ રહિત, ( स्व-स्वभाव-व्यवस्थितः ) સ્વસ્વભાવમાં વ્યવસ્થિત, ( स्तिमित उदधि-संनिभः ) નિસ્તરંગ સમુદ્ર સમાન, ( सर्वौत्सुक्य विनिर्मुक्तः ) સર્વ પ્રકારની ઉત્સુક્તાથી રહિત, ( एकान्त-क्षीण-संक्लेशो ) સર્વથા ક્લેશવર્જિત, ( निष्ठितार्थो ) કૃતકૃત્ય, ( निरञ्जनः ) નિષ્કલંક, ( निराबाधः ) નિરાબાધ અને ( सदानन्दो अवतिष्ठते ) સદા આનંદરૂપ રહે છે–એજ પરબ્રહ્મનું રૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યાખ્યા:**—મોક્ષ પામેલો જીવ કયા રૂપે રહે છે એનું આ બન્ને પદ્યોમાં બહુ જ સુંદર અને સરસ વ્યાપક સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે અને તે એ છે કે મુક્તાત્મા સમસ્ત પરસંબંધોથી રહિત થઈ પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવમાં પૂર્ણપણે અવસ્થિત રહે છે, નિસ્તરંગ સમુદ્ર સમાન સમસ્ત રાગાદિ વિકલ્પોથી શૂન્ય રહે છે, કોઇ પણ પ્રકારનું દુઃખ-ક્લેશ કદી તેમની પાસે ફરકી શકતું નથી, તેમનું કોઈ પણ પ્રયોજન સિદ્ધ થવા માટે બાકી નથી રહેતું, દ્રવ્ય-ભાવાદિ રૂપે સર્વ પ્રકારના મળ અને વિકારોથી તે રહિત થાય છે, તે કોઇને કાંઇ બાધા પહોંચાડતા નથી, અને ન તેમને કોઇ કોઇ પ્રકારની બાધા પહોંચાડી શકે છે, તે પોતાના સ્વરૂપમાં મગ્ન થયા થકા સદા આનંદમય રહ્યા કરે છે, કારણ કે તેનાથી અધિક સુંદર અને સ્પૃહણીય બીજું કોઈ પણ રૂપ વિશ્વમાં ક્યાંય નથી–આખું વિશ્વ તેના જ્ઞાનમાં ઝળકે છે.

પ્રથમ પદ્યમાં '**निरस्तापर-संयोगः**' વિશેષણ ઘણું જ મહત્ત્વપૂર્ણ છે અને એ વાતનું સૂચન કરે છે કે જ્યાંસુધી પર-સંબંધ બન્યો રહે છે ત્યાંસુધી કોઇની પણ પોતાના સ્વભાવમાં વ્યવસ્થિતિ થઇ શકતી નથી; જેમ ઉપાધિના સંગથી સ્ફટિકની બીજા પદ્યમાં '**एकान्त-क्षीण-संक्लेशः**' વિશેષણ પણ પોતાનું ખાસ મહત્ત્વ રાખે છે અને તેના દ્વારા તે બધા જ દુઃખોના સર્વથા અભાવનું સૂચન કરવામાં આવ્યું છે જેમની સૂચના શ્રી સમન્તભદ્ર સ્વામીએ નિર્વાણ સુખનું વર્ણન કરતાં '**जन्मजरामयमरणैः शोकैर्दुःखैर्भयैश्च परिमुक्तं**'[1] આ વચન દ્વારા કરી છે. ૨૮–૨૯.

## ધ્યાનનું મુખ્ય ફળ અને તેમાં યત્નની પ્રેરણા.

**ध्यानस्येदं फलं मुख्यमैकान्तिकमनुत्तरम् ।**
**आत्मगम्यं परं ब्रह्म ब्रह्मविद्भिरुदाहृतम् ॥ ३० ॥**
**अतोऽत्रैव महान् यत्नस्तत्त्वतः प्रतिपत्तये ।**
**प्रेक्षावता सदा कार्यो मुक्त्वा वादादिवासनाम् ॥ ३१ ॥**

**શબ્દાર્થ:**—(**ब्रह्मविद्भिः**) જે બ્રહ્મવેત્તા છે તેમણે (**परं ब्रह्म**) પરં બ્રહ્મને (**आत्मगम्यं**) આત્મગમ્ય કરવું એ (**ध्यानस्य इदं मुख्यं**) ધ્યાનનું આ મુખ્ય (**एकान्तिकम्**) અવ્યભિચારી, (**अनुत्तरम्**) અને અદ્વિતીય (**फलं**) ફળ (**उदाहृतम्**) બતાવ્યું છે. (**अतः**)

૧ જુઓ, સમીચીન ધર્મશાસ્ત્ર (રત્નકરંડ) ગા. ૧૩૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી ( प्रेक्षावता ) સમ્યક્ જોનારે ( तत्त्वतः ) વાસ્તવમાં ( प्रतिपत्तये ) તેની પ્રાપ્તિ માટે ( वादादिवासनां मुक्त्वा ) વાદ આદિની વાસના છોડીને ( सदा ) સદા ( अत्रैव ) આ ધ્યાનમાં જ ( महान् यत्नः कार्यः ) મહાન યત્ન કરવો જોઈએ.

વ્યાખ્યાઃ— આ બન્ને પદ્યોમાંથી પ્રથમ પદ્યમાં બ્રહ્મવેતાઓ દ્વારા નિર્દિષ્ટ ધ્યાનના તે ફળનો નિર્દેશ કરવામાં આવ્યો છે જે પ્રધાન છે, કદી અન્યથા થતું નથી તથા જેના સમાન બીજું કોઈ ફળ નથી અને તે છે પરમ બ્રહ્મને આત્મગમ્ય કરવો તે-પોતાના આત્મામાં શુદ્ધાત્માનું સાક્ષાત્ દર્શન કરવું. બીજા પદ્યમાં આ પરંબ્રહ્મ ને આત્મગમ્ય કરવા માટે સંપૂર્ણ વાદ-પ્રતિવાદના સંસ્કારો છોડીને મહાન્ પ્રયત્ન કરવાની પરીક્ષકોને પ્રેરણા કરવામાં આવી છે. ૩૦-૩૧.

## ધ્યાનમર્મજ્ઞ યોગીઓનું હિતરૂપ વચન.

**ऊचिरे ध्यान-मार्गज्ञा ध्यानोद्धूत-रजश्चयाः ।**
**भावि-योगि-हितायेदं ध्वान्त-दीपसमं वचः ॥ ३२ ॥**
**वादानां प्रतिवादानां भाषितारो विनिश्चितम् ।**
**नैव गच्छन्ति तत्त्वान्तं गतेरिव विलम्बिनः ॥ ३३ ॥**

શબ્દાર્થઃ—( ध्यानोद्धूत-रजश्चयाः ) જેમણે ધ્યાન દ્વારા કર્મરજનો સમૂહ આત્માથી દૂર કર્યો તે ( ध्यान-मार्गज्ञा ) ધ્યાન માર્ગના મર્મજ્ઞ યોગીઓના હિત માટે આ ( ध्वान्त-दीपसमं ) અંધકાર નાશક દીપક સમાન ( वचः ऊचिरे ) વચન કહ્યું છે કે—( वादानां प्रतिवादानां भाषितारः ) જે વાદપ્રતિવાદના વમળમાં પડ્યા રહે છે તે ( विनिश्चितम् ) નિશ્ચિતરૂપે ( तत्त्वान्तं ) તત્ત્વના અંતને-પરંબ્રહ્મ પદની પ્રાપ્તિરૂપ અંતિમ લક્ષ્ય ( મોક્ષ ) ને-( नैव गच्छन्ति પામતા નથી, જેમ ( गतेः इव विलम्बिनः ) ગતિ-વિલંબી મનુષ્ય માર્ગ નક્કી કરી શકતા નથી તેમ.

વ્યાખ્યાઃ—પાછલા પદ્યમાં જે વાદ-પ્રતિવાદોના સંસ્કારો છોડવાની વાત કહેવામાં આવી છે તેના જ સંબંધમાં અહીં ધ્યાનના મર્મજ્ઞ અને ધ્યાન દ્વારા આત્માથી કર્મમળનો સમૂહ દૂર કરનાર યોગીઓનું એક વચન ઉદ્ધૃત કર્યું છે જે પૂર્વેના યોગીઓએ ભાવિ યોગીઓના હિત માટે કહ્યું છે અને જેને અંધકાર દૂર કરનાર દીપસ્તંભ સમાન બતાવ્યું છે. તે વચન એ છે કે વાદ-પ્રતિવાદના ચક્કરમાં ફસાઈ રહેનાર યોગી પરંબ્રહ્મની પ્રાપ્તિ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩૫ અંતિમ લક્ષ્યને પ્રાપ્ત થતા નથી, જેવી રીતે ચાલવામાં વિલંબ કરનાર પ્રમાદી માણસ અહીં તહીંના ઝઘડા-ટંટામાં ફસાઇને સમયસર રસ્તો નિશ્ચત કરીને લક્ષ્ય સ્થાને પહોંચી શકતા નથી તેમ. ૩૨-૩૩.

## પરંબ્રહ્મની પ્રાપ્તિનો ઉપાય.

**विभक्तचेतन–ध्यानमत्रोपायं विदुर्जिनाः ।**
**गतावस्तप्रमादस्य सन्मार्ग–गमनं यथा ॥ ३४ ॥**

શબ્દાર્થઃ—( **जिनाः** ) જિનેન્દ્રોએ-અર્હંતોએ-( **अत्र** ) પરંબ્રહ્મની પ્રાપ્તિ અથવા તત્વાન્ત ગતિમાં ( **विभक्त चेतन ध्यानम्** ) વિભક્ત ચેતનના-કર્મોથી પૃથક્ભૂત વિવિક્ત અને શુદ્ધ આત્માના-ધ્યાનને ( **उपायं विदुः** ) ઉપાય કહ્યો છે, ( **यथा** ) જેવી રીતે ( **गतौ अस्तप्रमादस्य** ) ગમનમાં પ્રમાદ રહિતનું ( **सन्मार्ग–गमनं** ) સન્માર્ગગમન-માર્ગપર બરાબર ચાલવું-તે અભીષ્ટ સ્થાનની પ્રપ્તિમાં ઉપાય છે તેમ.

વ્યાખ્યાઃ—જે ફળનો ૩૦ મા પદ્યમાં ઉલ્લેખ છે તેની પ્રાપ્તિના ઉપાય રૂપે અહીં તે ધ્યાનનો નિર્દેશ કરવામાં આવ્યો છે જે કર્મોથી પૃથક્ થઇ અન્ય સંપર્કથી રહિત વિવિક્ત, શુદ્ધ અને નિર્મળ આત્માનું ધ્યાન છે. આ ધ્યાન જ પરંબ્રહ્મની પ્રાપ્તિમાં સહાયક થાય છે, તે પ્રકારે કે જે પ્રકારે અપ્રમાદીનું યોગ્ય માર્ગમાં ચાલવું અભીષ્ટ સ્થાનની પ્રાપ્તિમાં સહાયક થાય છે. ૩૪.

## આત્મા ધ્યાન-વિધિથી કર્મોનો ઉન્મૂલક કેવી રીતે ?

**योज्यमानो यथा मन्त्रो विषं घोरं निषूदते ।**
**तथात्मापि विधानेन कर्मानेकभवार्जितम् ॥ ३५ ॥**

શબ્દાર્થઃ—( **यथा** ) જેવી રીતે ( બરાબર ) ( **मन्त्रो योज्यमानो** ) યોજવામાં આવેલ મંત્ર ( **घोरं विषं निषूदते** ) ઘોર વિષને દૂર કરે છે ( **तथा** ) તેવી જ રીતે ( **आत्मापि** ) આત્મા પણ ( **अनेकभव अर्जितम् कर्म** ) અનેક ભવોના ઉપાર્જિત કર્મ-સમૂહ ને ( **विधानेन** ) વિવિકતાત્મધ્યાન દ્વારા પૃથક્ કરે છે.

૨૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**વ્યાખ્યાઃ**—પાછલા પદ્યમાં જે શુદ્ધાત્માના ધ્યાનની વાત કહેવામાં આવી છે તેને જ અહીં એક બીજા ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે, તે છે વિષહર મંત્રનું ઉદાહરણ. બરાબર રીતે યોજેલો મંત્ર જેમ ઘોર વિષને આખા શરીરમાંથી ખેંચીને દૂર કરી દે છે તેવી જ રીતે આત્મા પણ વિવિક્ત આત્માની ધ્યાનવિધિથી અનેક ભવોના સંચિત કર્મમળને દૂર કરી દે છે. ૩૫.

## વિવિક્તાત્માનું ધ્યાન અચિન્ત્ય આદિ ફળનું દાતા.

**चिन्त्यं चिन्तामणिर्दत्ते कल्पितं कल्पपादपः ।**
**अविचिन्त्यमसंकल्प्यं विविक्तात्मानुचिन्तितः ॥ ३६ ॥**

**શબ્દાર્થઃ**—( **चिन्तामणिः** ) ચિંતામણિ ( **चिन्त्यं** ) ચિન્તિત પદાર્થને, ( **कल्पपादपः** ) કલ્પવૃક્ષ ( **कल्पितं** ) કલ્પનામાં સ્થિત પદાર્થને ( **दत्ते** ) આપે છે; પરંતુ ( **अनुचिन्तितः** ) ધ્યાન કરવામાં આવેલો ( **विविक्तात्मा** ) વિવિક્ત આત્મા ( **अविचिन्त्यं** ) અચિંતિત અને ( **असंकल्प्यं** ) અકલ્પિત ફળ આપે છે.

**વ્યાખ્યાઃ**—અહીં ધ્યાન કરવામાં આવેલા વિવિક્તાત્માના માહાત્મ્યને ચિંતામણિ અને કલ્પવૃક્ષથી પણ અધિક બતાવવામાં આવેલ છે, કારણ કે તે સ્વયં અચિન્તિત અને અને અકલ્પિત પદાર્થનું પ્રદાન કરે છે, જ્યારે ચિંતામણિ ચિન્તિત અને કલ્પવૃક્ષ કલ્પિત પદાર્થોનું જ પ્રદાન કરે છે. ૩૬.

## ઉક્ત ધ્યાનથી કામદેવનું સહજ હનન

**जन्म-मृत्यु-जरा-रोगा हन्यन्ते येन दुर्जयाः ।**
**मनोभू-हनने तस्य नायासः कोऽपि विद्यते ॥ ३७ ॥**

**શબ્દાર્થઃ**—( **येन** ) જે ધ્યાન દ્વારા ( **दुर्जयाः** ) દુર્જય ( **जन्म-मृत्यु-जरा-रोगाः** ) જન્મ, જરા, મરણ અને રોગ ( **हन्यन्ते** ) નાશ પામે છે ( **तस्य** ) તેને ( **मनोभू-हनने** ) કામદેવને હણવામાં ( **कोऽपि आयासः** ) કોઈ પણ શ્રમ ( **न विद्यते** ) કરવો પડતો નથી.

**વ્યાખ્યાઃ**—જો કોઇ પૂછે કે શું વિવિક્તાત્માનું ધ્યાન કામ વિકાર દૂર કરવામાં પણ સમર્થ થાય છે? તો તેના ઉત્તરમાં કહેવામાં આવ્યું છે કે વિવિક્તાત્માના જે ધ્યાનથી જન્મ,

જરા, મરણ અને રોગ જેવા દુર્જય વિકાર નષ્ટ થઇ જાય છે તો તેને કામવિકાર દૂર કરવામાં કાંઈ પણ શ્રમ કરવો નથી પડતો,-તે તો સ્વતઃ તેના પ્રભાવથી દૂર થઈ જાય છે. ૩૭.

## વાદ-પ્રવાદ છોડીને અધ્યાત્મ-ચિંતનની પ્રેરણા.

**मुक्त्वा वाद-प्रवादाद्यमध्यात्मं चिन्त्यतां चिन्त्यतां ततः ।**
**नाविधूते तमःस्तोमे ज्ञेये ज्ञानं प्रवर्तते ॥ ३८ ॥**

શબ્દાર્થ:—( ततः ) તેથી ( वाद-प्रवादाद्यं ) વાદ-પ્રવાદ આદિને ( मुक्त्वा ) છોડીને ( अध्यात्मं चिन्त्यतां ) અધ્યાત્મનું-આત્માના પરમરૂપનું-ચિંતન કરવું જોઇએ. ( अविधूते तमः स्तोमे ) અંધકારનો સમૂહ નાશ પામ્યા વિના ( ज्ञेये ज्ञानं न प्रवर्तते ) જ્ઞાન જ્ઞેયમાં પ્રવર્તતું નથી.-વાદ-પ્રવાદાદિ બધા અંધકાર છે, કે જે શુદ્ધાત્માના ચિંતનમાં બાધક છે.

વ્યાખ્યાઃ—જે વાદ-પ્રતિવાદને છોડવાની વાત પાછલા કેટલાક પદ્યો ( ૩૧-૩૩ )માં કહેવામાં આવી છે તેને અહીં ફરીથી બેવડાવતાં તેની મહત્તા વ્યક્ત કરવામાં આવી છે-એમ બતાવ્યું છે કે ધ્યાનના ઉક્ત માહાત્મ્યને દેખતાં બધા વાદ પ્રતિવાદ આદિ છોડીને કે જે ગાઢ અંધકાર સમાન છે, પોતાના શુદ્ધાત્માનું ચિંતન કરવું જોઇએ; કેમ કે અંધકાર દૂર થયા વિના જ્ઞાનની જ્ઞેયમાં પ્રવૃત્તિ થતી નથી. ૩૮.

## વિદ્વાનોએ સિદ્ધિ માટે સત્ ઉપાય કર્તવ્ય છે.

**उपेयस्य यतः प्राप्तिर्जायते सदुपायतः ।**
**सदुपाये ततः प्राज्ञैर्विधातव्यो महादरः ॥ ३९ ॥**

શબ્દાર્થ:—( यतः) કારણકે ( उपेयस्य प्राप्तिः ) ઉપેયની પ્રાપ્તિ ( सदुपायतः जायते ) સમીચીન ઉપાયથી થાય છે ( ततः ) તેથી ( प्राज्ञैः ) વિદ્વાનોએ ( सदुपाये महादरः ) સમીચીન ઉપાય કરવામાં મહાન આદર ( विधातव्यः ) કરવો જોઇએ.

વ્યાખ્યાઃ—ઉપાય દ્વારા જે સાધ્ય અથવા પ્રાપ્ય હોય તેને ‘ ઉપેય ’ કહે છે અને ઉપેય અહીં શુદ્ધાત્મા પરંબ્રહ્મ વિવક્ષિત છે. તેની પ્રાપ્તિ માટે ઉપાયનું સમીચીનપણું અથવા યથાર્થ હોવું પરમ આવશ્યક છે; નહિતર-મિથ્યા ઉપાય દ્વારા-ઉપેયની પ્રાપ્તિ-શુદ્ધાત્માની ઉપલબ્ધિ-થઈ શકતી નથી. આવી સ્થિતિમાં જે વિદ્વાન છે તેમણે પોતાની આત્મસિદ્ધિ માટે સદા સાચો-સમીચીન ઉપાય મહાન્ આદર સાથે કરવો જોઇએ. આ આચાર્ય મહોદયનો પોતાનું કલ્યાણ ચાહનારાઓ માટે હિતોપદેશ છે. ૩૯.

## અધ્યાત્મ–ધ્યાનથી જુદો સત્ ઉપાય નથી.

**नाध्यात्म–चिन्तनादन्यः सदुपायस्तु विद्यते ।**
**दुरापः स परं जीवैर्मोहव्यालकदर्थितैः ॥ ४० ॥**

**શબ્દાર્થ:**—( **अध्यात्म–चिन्तनात् अन्यः** ) અધ્યાત્મ–ચિંતનથી જુદો બીજો કોઈ પણ ( **सदुपायः न विद्यते** ) સાચો ઉપાય ( પરંબ્રહ્મની પ્રાપ્તિનો ) નથી, ( **मोहव्यालकदर्थितैः जीवैः** ) જે જીવ મોહ–વ્યાલથી કદર્થિત છે–મોહરૂપી સર્પથી ડંખ પામેલ અથવા મોહરૂપી હાથીથી પીડિત છે–તેમના દ્વારા ( **स परं दुरापः** ) તે ઉપાય દુર્લભ છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં જે સાચા–સમીચીન ઉપાય પ્રત્યે મહાન આદરની વાત કહેવામાં આવી છે તે ( ઉપાય ) અધ્યાત્મચિંતનથી–શુદ્ધાત્માના ધ્યાનથી–ભિન્ન બીજો કોઇ નથી, એમ આ પદ્યમાં બતાવ્યું છે. સાથોસાથ એ પણ બતાવ્યું છે કે આ સમીચીન ઉપાયની પ્રાપ્તિ તે જીવોને થતી નથી જે મોહથી મૂર્છિત અથવા પીડિત છે. ૪૦

## ઉક્ત ધ્યાનની બાહ્ય સામગ્રી.

**उत्साहो निश्चयो धैर्यं संतोषस्तत्त्वदर्शनम्**
**जनपदात्ययः[१] षोढा सामग्रीयं बहिर्भवाः ॥ ४१ ॥**

**શબ્દાર્થ:**—( અધ્યાત્મચિંતનરૂપ ધ્યાન માટે ) ( **उत्साहो** ) ઉત્સાહ, ( **निश्चयो** ) નિશ્ચય ( સ્થિર વિચાર ), ( **धैर्यं** ) ધૈર્ય, ( **संतोषः** ) સંતોષ, ( **तत्त्वदर्शनम्** ) તત્ત્વદર્શન અને ( **जनपदात्ययः** ) જનપદત્યાગ ( **इयं** ) આ ( **षोढा** ) છ પ્રકારની (**बहिर्भवा सामग्री**) બાહ્ય સામગ્રી છે.

**વ્યાખ્યા:**—જે ધ્યાનનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેની સિદ્ધિ માટે અહીં બાહ્ય સામગ્રી રૂપે છ વાત બતાવવામાં આવી છે, જેમાં ઉત્સાહને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. જો ઉત્સાહ ન હોય તો કોઇ પણ કાર્યની સિદ્ધિમાટે પ્રવૃત્તિ જ થતી નથી. જો ધ્યેયનો નિશ્ચય જ ન હોય તો બધું જ વ્યર્થ છે. જો ધૈર્ય ન હોય તો સાધનામાં વિઘ્ન–કષ્ટ આદિ ઉપસ્થિત થતાં સ્ખલિત થઈ જવું બહુ જ સ્વાભાવિક છે, તેથી જ નીતિકારોએ '**धैर्यं सर्वार्थ–साधनं**' જેવા વાક્યો દ્વારા ધૈર્યને સર્વ પ્રયોજનોનો સાધક બતાવ્યો

૧ **जनसंकुलरहितः ।**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. વિષયોમાં લાલસાના અભાવનું નામ સંતોષ છે, આ સંતોષ પણ સાધનાની પ્રગતિમાં સહાયક થાય છે, જો સદા અસંતોષ બન્યો રહે તો તે એક મોટી વ્યાધિનું રૂપ લઇ લે છે, તેથી જ '**असंतोषो महाव्याधिः**' જેવા વાક્યો દ્વારા અસંતોષને મહાવ્યાધિ માનવામાં આવ્યો છે. જીવાદિ તત્ત્વોનું જો સારી રીતે દર્શનસ્વરૂપ અનુભવન ન હોય તો પછી ઉત્સાહ, નિશ્ચય, ધૈર્ય તથા સંતોષથી પણ શું થઈ શકે અને ધ્યાનમાં પ્રવૃત્તિ પણ કેવી રીતે થઇ શકે ? ન થઇ શકે. તેથી '**तत्त्वदर्शन**' નું હોવું પરમાવશ્યક છે, તેથી જ આ યોગગ્રંથમાં તત્ત્વોનું આવશ્યક નિરુપણ કરવામાં આવ્યું છે. છેલ્લી છઠી સામગ્રી છે 'જનપદત્યાગ', જ્યાંસુધી જનપદ અને જનસંપર્કનો ત્યાગ કરવામાં આવતો નથી ત્યાંસુધી સાધનાની પૂર્ણતા થતી નથી. જનસંપર્કથી વાણીની પ્રવૃત્તિ, વાણીની પ્રવૃત્તિથી મનની ચંચળતા અને મનની ચંચળતાથી ચિત્તમાં અનેક પ્રકારના વિકલ્પ તથા ક્ષોભ થાય છે, જે બધા ધ્યાનમાં બાધક છે. તેથી જ શ્રી પૂજ્યપાદાચાર્યે સમાધિ તંત્રમાં નીચેના વાક્ય દ્વારા યોગીને જનસંપર્ક ત્યાગવાની ખાસ પ્રેરણા કરી છેઃ—

**जनेभ्यो वाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः ।**
**भवन्ति तस्मात्संसर्गं जनैर्योगी ततस्त्यजेत् ॥ ७२ ॥**

શ્રી કુંદકુંદાચાર્યે તો પ્રવચનસારમાં ત્યાંસુધી લખ્યું છે કે જે લૌકિક જનોનો સંસર્ગ છોડતો નથી તે નિશ્ચિતસૂત્રાર્થપદ (આગમનો જ્ઞાતા), શમિતકષાય અને તપમાં ખૂબ વધેલ હોવા છતાં પણ સંયતમુનિ રહેતો નથી.[૧] સંસર્ગના દોષથી અગ્નિના સંસર્ગને પ્રાપ્ત જળની જેમ અવશ્યમેવ વિકારને પ્રાપ્ત થઇ જાય છે. તેથી ધ્યાન સિદ્ધિ માટે નગરોનો નિવાસ છોડીને ઘણું કરીને પર્વતાદિ નિર્જન સ્થાનોમાં રહેવાની આવશ્યકતા છે. ૪૧.

## બુદ્ધિના ત્રણ પ્રકારના સંશોધકને ધ્યાનની પ્રાપ્તિ.

**आगमेनोनुमानेन ध्यानाभ्यास–रसेन च ।**
**त्रेधा विशोधयन् बुद्धिं ध्यानमाप्नोति पावनम् ॥ ४२ ॥**

**શબ્દાર્થ:**—(**आगमेन**) આગમદ્વારા, (**अनुमानेन**) અનુમાનદ્વારા અને (**च ध्यानाभ्यास–रसेन**) ધ્યાનના અભ્યાસરૂપ રસદ્વારા (**त्रेधा**) ત્રણ પ્રકારે (**बुद्धिं विशोधयन्**) બુદ્ધિને વિશુદ્ધ કરતો થકો (**पावनम् ध्यानम आप्नोति**) ધ્યાતા પવિત્ર ધ્યાનને પ્રાપ્ત થાય છે.

---

૧. णिच्छिदसुत्तत्थपदो समिदकसाओ तवोधिको चावि ।
लोगिगजण संसग्ग ण चयदि जदि संजदो ण हवदि ॥ ६८ ॥ —પ્રવચનસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં ધ્યાનની બાહ્ય સામગ્રીનો ઉલ્લેખ કરીને અહીં અંતરંગ સામગ્રી રૂપે બુદ્ધિની શુદ્ધિને પાવન ધ્યાનનું કારણ બતાવ્યું છે. અને તે બુદ્ધિની શુદ્ધિ માટે ત્રણ ઉપાયોનો નિર્દેશ કર્યો છે, કે જે આગમ, અનુમાન તથા ધ્યાનાભ્યાસના રસ રૂપે છે. આગમજન્ય શ્રુતજ્ઞાન દ્વારા જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ જાણવું તે 'આગમો થાય' છે. આગમથી જાણેલા જીવાદિના સ્વરૂપમાં અનુમાન પ્રમાણથી દઢતા લાવવી તે 'અનુમાનોપાય' છે અને ધ્યાનનો અભ્યાસ કરતાં તેમાં જે એક પ્રકારની રુચિની વૃદ્ધિ રૂપે રસ–આનંદ ઉત્પન્ન થાય છે તેને 'ધ્યાનાભ્યાસ રસ' કહે છે. આ ત્રણે ઉપાયો દ્વારા બુદ્ધિનું જે સંશોધન થાય છે તેનાથી તે શુદ્ધ આત્મધ્યાન બને છે જેમાં વિવિક્ત આત્માનું સાક્ષાત્ દર્શન હોય છે. શ્રી પૂજ્યપાદાચાર્યે આજ ઉપાયોથી બુદ્ધિનું સંશોધન કરતાં વિવિક્ત આત્માનું સાક્ષાત્ નિરીક્ષણ કર્યું હતું અને ત્યારે જ તેમણે કેવળજ્ઞાનના અભિલાષીઓને સમાધિતંત્રમાં વિવિક્ત આત્માના કથનની પ્રતિજ્ઞાનું આ વાક્ય કહ્યું છે:—

**श्रुतेन लिङ्गेन यथात्मशक्तिसमाहितान्तः करणेन सम्यक् ।**
**समीक्ष्य कैवल्य–सुख–स्पृहाणां विविक्तमात्मानमथाभिधास्यै ॥ ३ ॥**

આમાં '**समीक्ष्य**' પદ દ્વારા આત્મદર્શનનો ઉલ્લેખ છે, કે જે ઉક્ત ત્રણે ઉપાયોના લક્ષ્યભૂત અને ધ્યેય છે. શ્રી પં. આશાધરજીએ અધ્યાત્મરહસ્યમાં આ ચારેનો શ્રુતિ, મતિ, ધ્યાતિ અને દૃષ્ટિ રૂપે ઉલ્લેખ કરતાં, આ ચારે શક્તિઓને ક્રમપૂર્વક સિદ્ધ કરનાર યોગીને પારગામી કહ્યો છે—

शुद्धे श्रुति–मति–ध्याति–दृष्टयः स्वात्मनि क्रमात् ।
यस्य सद्गुरुतः सिद्धाः स योगी योगपारगः ॥ ३ ॥

આ ચારેના સુંદર વર્ણન માટે અધ્યાત્મરહસ્ય જોવું જોઈએ. ૪૨.

## વિદ્વતાનું પરમ ફળ આત્મધ્યાન રતિ.

**आत्म–ध्यान–रतिर्ज्ञेयं विद्वतायाः परं फलम् ।**
**अशेष–शास्त्र–शास्तृत्वं संसारोऽभाषि धीधनैः ॥ ४३ ॥**

**શબ્દાર્થ:**—(विद्वतायाः परं फलं) વિદ્વતાનું ઉત્કૃષ્ટ ફળ (आत्म–ध्यान–रतिः ज्ञेयं) આત્મધ્યાનમાં રતિ-લીનતા- જાણવું જોઈએ. (अशेष–शास्त्र–शास्तृत्वं) બધાજ શાસ્ત્રોનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાસ્ત્રીપણું (धीधनैः) બુદ્ધિધનના ધારક મહાન્ વિદ્વાનો દ્વારા (संसारः अभाषि) 'સંસાર' કહેવામાં આવ્યું છે.

**વ્યાખ્યાઃ**—એક વિદ્વાનની સફળતા જ નહિ પરંતુ ઊંચા પ્રકારની સફળતા એમાં જ છે કે તેની આત્મધ્યાનમાં રતિ હોય-રુચિપૂર્વક લીનતા હોય. જો એ ન હોય તો તેનું સમસ્ત શાસ્ત્રોનું શાસ્ત્રીપણું-પઠન-પાઠન-વિવેચન આદિ કાર્ય-સંસાર સિવાય બીજું કાંઇ નથી-તેને પણ સાંસારિક ધંધો અથવા સંસાર-પરિભ્રમણનું જ એક અંગ સમજવું જોઇએ. સાથોસાથ એ પણ સમજવું જોઇએ કે તે વિદ્વાને શાસ્ત્રોનું મહાન્ જ્ઞાન પ્રાપ્ત કરીને પણ પોતાના જીવનમાં વાસ્તવિક સફળતાની પ્રાપ્તિ કરી નથી. ૪૩.

## મૂઢ બુદ્ધિ અને અધ્યાત્મરહિત પંડિતોનો સંસાર શું ?

**संसारः पुत्र-दारादिः पुंसां संमूढचेतसाम् ।**
**संसारो विदुषां शास्त्रमध्यात्मरहितात्मनाम् ॥ ४४ ॥**

**શબ્દાર્થઃ**—(संमूढचेतसाम् पुंसां) જે મનુષ્યો સારી રીતે મૂઢચિત્ત છે તેમનો (संसारः) સંસાર (पुत्र-दारादिः) 'સ્ત્રી-પુત્રાદિક' છે. અને (अध्यात्मरहितात्मनाम् विदुषां) જે અધ્યાત્મથી રહિત વિદ્વાન તેમનો (संसारः) સંસાર (शास्त्रम्) શાસ્ત્ર છે.

**વ્યાખ્યાઃ**—આ પદ્યમાં પાછળના પદ્યની વાતને વિશેષ સ્પષ્ટ કરતાં એ બતાવ્યું છે કે કોનો કયો સંસાર છે. જે માનવ મૂઢચિત્ત છે-શાસ્ત્રાભ્યાસાદિ રહિત અજ્ઞાની છે-તેમનો સંસાર તો સ્ત્રી-પુત્ર-ધનાદિ છે-તેઓ દિવસ-રાત તેના જ ચક્કરમાં ફસાઇ રહે છે. અને જે શાસ્ત્રોના સારા અભ્યાસી વિદ્વાન છે પરંતુ અધ્યાત્મ રહિત છે-પોતાના આત્માને જેમણે શુદ્ધ સ્વરૂપમાં ઓળખ્યો નથી-તેમનો સંસાર શાસ્ત્ર છે-તેઓ શાસ્ત્રોનું શાસ્ત્રીપણું કરતાં કરતાં જ પોતાનું જીવન પુરૂં કરી દે છે અને પોતાનું આત્મહિત કાંઈ પણ કરી શકતા નથી. ૪૪

## જ્ઞાનરૂપી બીજ આદિને મેળવીને પણ કોણ સાચા ધ્યાનની ખેતી નથી કરતા ?

**ज्ञान-बीजं परं प्राप्य मनुष्यं कर्मभूमिषु ।**
**न सद्ध्यानकृषेरन्तः प्रवर्तन्तेऽल्पमेधसः ॥ ८५ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **कर्मभूमिषु** ) કર્મભૂમિમાં ( **मनुष्यं** ) મનુષ્યપણું અને ( **ज्ञान बीजं परं प्राप्य** ) ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપી બીજ પ્રાપ્ત કરીને જે ( **सद्ध्यानकृषेरन्तः** ) પ્રશસ્ત ધ્યાનરૂપ ખેતીમાં ( **न प्रवर्तते** ) પ્રવૃત્ત થતા નથી–ધ્યાનની ખેતી કરતા નથી–તેઓ ( **अल्पमेधसः** ) અલ્પબુદ્ધિ છે.

**વ્યાખ્યા:**—આ પદ્યમાં તે મહાશાસ્ત્રોના અભ્યાસી વિદ્વાનોને 'અલ્પબુદ્ધિ' ( અવિવેકી ) બતાવ્યા છે જે કર્મભૂમિમાં મનુષ્ય જન્મ લઇને અને ઉત્કૃષ્ટ જ્ઞાનબીજ પામીને પણ શ્રેષ્ઠધ્યાનની ખેતી કરવામાં પ્રવૃત્ત થતા નથી અને આ રીતે પોતાના ધ્યાનકૃષિ–યોગ્ય મનુષ્યજન્મ અને ઉત્કૃષ્ટ જ્ઞાન–બીજને વ્યર્થ ગુમાવે છે. આવા હીનબુદ્ધિ–અવિવેકી મનુષ્ય તે જ હોય છે જે પોતાની બુદ્ધિનું પાછલા ૪૨મા પદ્યમાં વર્ણવેલા ત્રણ પ્રકારના ઉપાયોથી સંશોધન નથી કરતા. ૪૫.

## ભોગાસક્તિમાં ધ્યાન ત્યાગનાર વિદ્વાનોના મોહને ધિક્કાર.

**बडिशामिषवच्छेदो दारुणो भोग–शर्मणि ।**
**सक्तास्त्यजन्ति सद्ध्यानं धिगहो ! मोह–तामसम् ॥ ४६ ॥**

**શબ્દાર્થ:**—(**भोग–शर्मणि**) ભોગ–સુખમાં ( **बडिश–अभिषवत्** ) બંસીમાં ( કાંટા–માં ) લાગેલા માંસની જેમ ( **दारुणः** ) ભયંકર ( **छेदः** ) છેદ હોય છે, ( છતાં પણ ) (**सक्ताः**) જે ભોગોના સુખમાં આસક્ત છે તેઓ ( **सद्ध्यानं** ) પ્રશસ્ત ધ્યાનનો ( **त्यजन्ति** ) ત્યાગ કરે છે, ( **मोह–तामसं** ) આ મોહ અંધકારને ( **अहो धिक् !** ) અરે ધિક્કાર છે, જેથી ભોગમાં જે દારૂણ છૂપાયેલું છે તે દેખાતું નથી.

**વ્યાખ્યા:**—જે વિદ્વાનોને પાછલા પદ્યમાં અલ્પબુદ્ધિ અવિવેકી બતાવ્યા છે, ઘણું કરીને તેમનું જ લક્ષ્ય કરીને આ પદ્યમાં તથા આગળ પણ કેટલીક હિતકારી વાતો કહે-વામાં આવી છે અથવા સૂચનાઓ કરવામાં આવી છે. અહીં ભોગસુખની લાલસામાં તે દારૂણ દુઃખની સૂચના કરવામાં આવી છે જે ( દુઃખ ) માછલીને શિકારીની બંશીમાં લાગેલા માંસના ટુકડાને ખાવાની ઇચ્છાથી કંઠના છેદ દ્વારા પ્રાપ્ત થાય છે. એજ રીતે ઇન્દ્રિય–ભોગ સુખમાં આસક્ત થયેલા જે વિદ્વાન ઉત્કૃષ્ટ જ્ઞાન–બીજને પામીને પણ સદ્ ધ્યાનની ખેતી કરવામાં ઉપેક્ષા ધારણ કરતાં તેને ત્યાગે છે તેમના તે મોહાંધકારને ધિક્કાર કહ્યો છે, જેના કારણે ભોગસુખમાં છુપાયેલું દારૂણ દુઃખ તેમને દેખાતું નથી. ૪૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## મોહી જીવો-વિદ્વાનો આદિની સ્થિતિ.

**आत्म-तत्त्वमजानाना विपर्यास-परायणाः ।**
**हिताहित-विवेकान्धाः खिद्यन्ते सांप्रतेक्षणाः ॥ ४७ ॥**

શબ્દાર્થ:—( **आत्म-तत्त्वम् अजानाना** ) જે આત્મતત્ત્વ ને નથી જાણતા, ( **हिताहित-विवेकान्धाः** ) હિત-અહિતના વિવેકમાં અંધ છે-પોતાના હિત-અહિતને ઓળખતા નથી-અને ( **विपर्यास-परायणाः** ) વિપરીત આચરણમાં ચતુર છે તે ( **सांप्रतेक्षणाः** ) વર્તમાનદૃષ્ટિ-મોજુદ વિષયસુખ તરફ લક્ષ્ય રાખનાર-( **खिद्यन्ते** ) અંતે ખેદ પામે છે.

વ્યાખ્યા:—જેમના મોહાંધકારને પાછલા પદ્યમાં ધિક્કાર કહ્યો છે તેઓ વાસ્તવમાં ઘણું ખરૂં શાસ્ત્રાભ્યાસ કરી લેવા અને જ્ઞાનની વાતો બીજાઓને સંભળાવતા રહેવા છતાં પણ સ્વયં આત્મતત્ત્વના વિષયમાં અજાણ હોય છે,-પોતાના હિત-અહિતના વિવેકમાં અંધ બન્યા રહે છે, તેથી જ વિપરીત આચરણમાં પ્રવૃત્ત થાય છે, આવા વર્તમાન સુખ તરફ ધ્યાન રાખનાર વિદ્વાનો આદિને અહીં ‘ સાંપ્રતેક્ષણ ’ ( વર્તમાનના સુખને જોનાર ) કહ્યા છે અને લખ્યું છે કે તેઓ અંતે ખેદ અને પશ્ચાત્તાપ પામે છે. ૪૭.

**आधि-व्याधि-जरा-जाति-मत्यु-शोकाद्युपद्रवम् ।**
**पश्यन्तोऽपि भवं भीमं नोद्विजन्तेऽत्र मोहिनः ॥ ४८ ॥**

શબ્દાર્થ:—( **मोहिनः** ) જે મોહી જીવ છે તે આ ( **भव** ) સંસારને ( **आधि** ) આધિ-માનસિક પીડાઓ-( **व्याधि** ) વ્યાધિ-શારીરિક કષ્ટપ્રદ-રોગો, ( **जाति-जरा-मृत्यु शोकादि उपद्रवम्** ) જન્મ, જરા, મરણ અને શોકાદિ ઉપદ્રવોથી યુક્ત ( **भीमं पश्यन्तोऽपि** ) ભયંકર રૂપે દેખતો હોવા છતાં પણ ( **अत्र** ) તેનાથી ( **न उद्विजन्ते** ) વિરક્ત થતા નથી ! એ મોહનું કેવું માહાત્મ્ય છે ?

વ્યાખ્યા:—જે મોહને અંધકારરૂપ બતાવીને પાછલા એક પદ્યમાં તેને ધિક્કારવામાં આવ્યો છે તેનાથી વ્યાપ્ત મોહી જીવોની દયા આવે તેવી અને વિવેક-વિકળ સ્થિતિને આ પદ્યમાં દર્શાવતાં તેના પર ખેદ વ્યક્ત કરવામાં આવ્યો છે. વાસ્તવમાં સંસારને જે ઉપદ્રવોના રૂપે અહીં ચર્ચવામાં આવ્યો છે તે બધા પ્રત્યક્ષ છે અને તેનાથી તે ભયં-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર બનેલો છે. તેની આ ભયંકરતા જોવા છતાં પણ તેનાથી વિરક્ત નથી થતા તેમને મોહમાં અંધ અથવા વિવેક-શૂન્ય ન કહેવામાં આવે તો બીજું શું કહેવાય? ૪૮.

**अकृत्यं दुर्धियः कृत्यं कृत्यं चाकृत्यमञ्जसा ।**
**अशर्मशर्म मन्यन्ते कच्छू-कण्डूयका इव ॥ ४९ ॥**

**શબ્દાર્થ:**—( **दुर्धियः** ) જે દુર્બુદ્ધિ છે-મોહ સંસ્કારિત અથવા વિકારગ્રસિત બુદ્ધિવાળા છે-તેઓ ( **अञ्जसा** ) વાસ્તવમાં ( **अकृत्यं कृत्यं** ) અકૃતને કૃત્ય-ન કરવા યોગ્ય કુકર્મને સુકર્મ, ( **कृत्यं च अकृत्यं** ) અને કૃત્યને અકૃત્ય-કરવા યોગ્ય સુકર્મને કુકર્મ, અને ( **अशर्म शर्म** ) દુઃખને સુખ ( **मन्यन्ते** ) માને છે, ( **कच्छू-कण्डूयका इव** ) જેવી રીતે દાદર ( ચામડીનો એક રોગ ) ને ખંજોળનાર દાદર ખંજોળવાને સારું અને સુખદાયક સમજે છે તેમ, પણ ખરેખર તે એવું ન હોતાં દુઃખદાયક છે.

**વ્યાખ્યા:**—ઉક્ત પ્રકારના મોહી જીવોને અહીં દુર્બુદ્ધિ-દુષિત જ્ઞાની-બતાવતાં લખ્યું છે કે તેઓ અકરણીયને કરણીય, કરણીયને અકરણીય અને દુઃખને સુખ માને છે અને સાથે જ તેમને દાદરને ખંજવાળનારની ઉપમા આપી છે જે દાદરને ખંજવાળવામાં સુખનો અનુભવ કરતાં તેને ખૂબ ખંજવાળીને વધારી દે છે અને પછી દુઃખી થાય છે. ૪૯.

## ધ્યાન માટે તત્ત્વ શ્રવણની ઉપયોગિતા.

**क्षाराम्भस्त्यागतः क्षेत्रे मधुरोऽमृत-योगतः ।**
**प्ररोहति यथो बीजं ध्यानं तत्त्वश्रुतेस्तथा ॥ ५० ॥**

**શબ્દાર્થ:**—( **यथा** ) જેવી રીતે ( **क्षेत्रे बीजं** ) ખેતરમાં પડેલું બીજ ( **क्षाराम्भस्त्यागतः** ) ખારાજળના ત્યાગથી અને ( **मधुरोऽमृत-योगतः** ) મીઠા જળના યોગથી ( **प्ररोहति** ) મધુર ઉત્પન્ન થાય છે ( **तथा** ) તેવી જ રીતે ( **तत्त्वश्रुतेः** ) તત્ત્વ શ્રવણના યોગથી-તત્ત્વ વાર્તા સાંભળવાના પ્રભાવથી-( **ध्यानं** ) ઉત્તમ ધ્યાન ઉત્પન્ન થાય છે.

**વ્યાખ્યા:**—અહીં ધ્યાનની ઉત્પત્તિ અને વૃદ્ધિમાં તત્ત્વોના શ્રવણ અને અતત્ત્વશ્રવણના પરિહારને તે જ પ્રકારે ઉપયોગી બતાવ્યા છે જે રીતે ખેતરમાં બીજની ઉત્પત્તિ અને વૃદ્ધિ માટે તેને ખારા જળથી ન સીંચતાં મીઠા જળથી સીંચવાનું હોય છે. ૫૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ભોગની બુદ્ધિ ત્યાજ્ય છે અને તત્ત્વશ્રવણ ગ્રાહ્ય છે.

**क्षाराम्भःसदृशी त्याज्या सर्वदा भोग-शेमुषी ।**
**मधुराम्भोनिभा ग्राह्या यत्नात्तत्त्वश्रुतिर्बुधैः ॥ ५१ ॥**

શબ્દાર્થ:—(ધ્યાનની સિદ્ધિ માટે) (**बुधैः**) બુધ જનોએ (**भोग-शेमुषी**) ભોગની બુદ્ધિ, (**क्षाराम्भः सदृशी**) જે ખારા જળ સમાન છે, (**सर्वदा त्याज्या**) સદા ત્યાગવા યોગ્ય છે, અને (**तत्त्वश्रुतिः**) તત્ત્વનું શ્રવણ, (**मधुराम्भोनिभा**) કે જે મધુર જળ સમાન છે, (**यत्नात् ग्राह्या**) યત્નપૂર્વક ગ્રહણ કરવા યોગ્ય છે.

વ્યાખ્યા:—પાછલા પદ્યમાં બીજને ઉગવા–અંકુરિત થવા આદિ માટે ખારા જળના ત્યાગ અને મીઠા જળના સિંચનની જે વાત કહેવામાં આવી છે તેને અહીં ૪૫મા પદ્યમાં ઉલ્લેખાયેલ ધ્યાન–કૃષિ પર ઘટાવતા થકા ભોગબુદ્ધિને ખારા જળ સમાન ત્યાજ્ય અને તત્ત્વ-શ્રવણને મીઠા જળ સમાન ગ્રાહ્ય બતાવેલ છે અને તે ત્યાગ તથા ગ્રહણમાં યત્ન કરવાની ખાસ કરીને પ્રેરણા કરી છે. યત્ન વિના કોરા જ્ઞાનથી કાંઈ થતું નથી. ૫૧.

## ધ્યાનનો શત્રુ કુતર્ક ત્યાજ્ય.

**बोधरोधः शमापायः श्रद्धा भङ्गोऽभिमानकृत् ।**
**कुतर्को मानसो व्याधिर्ध्यानशत्रुरनेकधा ॥ ५२ ॥**
**कुतर्केऽभिनिवेशोऽतो न युक्तो मुक्ति-काङ्क्षिणाम् ।**
**आत्मतत्त्वे पुनर्युक्तः सिद्धि सौध-प्रवेशके ॥ ५३ ॥**

શબ્દાર્થ:—(**कुतर्कः**) કુતર્ક (**बोध रोधः**) જ્ઞાનને રોકનાર, (**शमापायः**) શાંતિનો નાશક, (**श्रद्धाभङ्गः**) શ્રદ્ધાનો ભંગ કરનાર (**अभिमानकृत**) અને અભિમાન વધારનાર (**मानसः व्याधिः**) માનસિક રોગ છે કે જે (**अनेकधा**) અનેક પ્રકારે (**ध्यानशत्रुः**) ધ્યાનનો શત્રુ છે. (**अतः**) તેથી (**मुक्ति-काङ्क्षिणाम्**) મોક્ષાભિલાષીઓએ (**कुतर्के**) કુત-ર્કમાં (**अभिनिवेशः न युक्तः**) પોતાના મનને લગાવવું યોગ્ય નથી, (**आत्मतत्त्वे पुनर्युक्तः**) બલ્કે તેને આત્મતત્ત્વમાં લગાવવું યોગ્ય છે, કે જે સ્વાત્મોપલબ્ધિ રૂપ (**सिद्धिसौध-प्रवेशके**) સિદ્ધિ–સદનમાં પ્રવેશ કરાવનાર છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યાખ્યા:**—અહીં કુતર્કને ધ્યાનનો શત્રુ બતાવતાં એક મહાવ્યાધિ રૂપે તેને ચિતરવામાં આવ્યો છે, જેનું ફળ છે જ્ઞાનમાં રૂકાવટ થવી, શાંતિનો વિનાશ, શ્રદ્ધાનો ભંગ, અને અહંકારની ઉત્પત્તિ. સાથે જ મુમુક્ષુઓને એ પ્રેરણા કરવામાં આવી છે કે તેઓ કુતર્કમાં પોતાનું મન ન લગાવતાં આત્મતત્ત્વમાં સંલગ્ન રહે, કે જે સિદ્ધિરૂપ મુક્તિના મહેલમાં પ્રવેશ કરાવનાર છે.

અહીં કુતર્કનો અભિપ્રાય તે જ વ્યર્થ વાદ-પ્રવાદ વિષે છે જેનો ઉલ્લેખ આ જ અધિકારના ૩૧ થી ૩૩ સુધીના પદ્યોમાં કરવામાં આવ્યો છે અને જેને પરંબ્રહ્મની પ્રાપ્તિમાં બાધક બતાવ્યો છે. ૫૨-૫૩.

## મોક્ષતત્ત્વનો સાર

**विविक्तमिति चेतनं परम-शुद्ध-बुद्धाशयाः**
**विचिन्त्य सततादृता भवमपास्य दुःखास्पदम् ।**
**निरन्तमपुनर्भवं सुखमतीन्द्रियं स्वात्मजं**
**समेत्य हतकल्मषं निरुपमं सदैवासते ॥ ५४ ॥**

**શબ્દાર્થ:**—( **परम-शुद्ध-बुद्धाशयाः** ) જે પરમ શુદ્ધ-બુદ્ધ આશયના ધારક છે તેઓ ( **चेतनं** ) ચેતનાત્મા ને ( **विविक्तमिति विचिन्त्य** ) વિવિક્ત રૂપે-કર્મ કલંકથી રહિત-ચિંતવીને-ધ્યાનનો વિષય બનાવીને-( **सतता दृताः** ) તેના પ્રત્યે આદર રૂપ પરિણમેલા ( **दुःखास्पदम् भवम् अपास्य** ) દુઃખના સ્થાનરૂપ સંસારનો ત્યાગ કરીને ( **अपुनर्भवं समेत्य** ) તે અપુનર્ભવરૂપ મોક્ષને પ્રાપ્ત કરીને ( **सदैव आसते** ) સદા રહે છે કે જે ( **स्वात्मजं** ) પોતાના આત્માથી ઉત્પન્ન, ( **हतकल्मषं** ) કલ્મષ રહિત, ( **अतीन्द्रियं** ) અતીન્દ્રિય, ( **निरुपमं** ) અનુપમ, અને ( **निरन्तं सुखं** ) અનંત સુખસ્વરૂપ છે.

**વ્યાખ્યા:**—આ સાતમા અધિકારનું ઉપસંહાર-પદ્ય છે, જેમાં મોક્ષતત્ત્વનો બધો સાર ખેંચીને મૂકવામાં આવ્યો છે. મોક્ષને 'અપુનર્ભવ' નામ દ્વારા, કે જે આત્માના પુનર્જન્મ ધારણ તથા પુનઃ કર્મ-સંયોગનો નિષેધક છે, પ્રગટ કરીને તેને સુખસ્વરૂપ બતાવેલ છે, કે જે અતીન્દ્રિય છે-ઇન્દ્રિયોથી ઉત્પન્ન નથી-કોઇની સહાય વિના પોતાના આત્માથી ઉત્પન્ન સદા સ્વાધીન રહેનાર છે, કષાયાદિ મળ-દોષ રહિત છે, સંસારમાં જેની કોઇ ઉપમા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી અને જેનો કદી નાશ થતો નથી. આ મોક્ષ ભવનો-સંસારનો-કે જે દુઃખોનું સ્થાન છે, ત્યાગ કરવાથી તેમને મળે છે કે જેઓ શુદ્ધ-બુદ્ધ-આશયના-નિર્મળ સવિવેક પરિણામના-ધારક હોય છે અને તેની પ્રાપ્તિનો ઉપાય છે પોતાના આત્માને કર્મ-કલંકથી રહિત શુદ્ધ નિર્મળ અને વિવિક્તરૂપે ધ્યાવવો અને તે રૂપમાં આદરવાળા બની રહેવું. આ ઉપાય દ્વારા ભવનો વિનાશ કરીને જે શુદ્ધ-બુદ્ધાશય મોક્ષને પ્રાપ્ત કરે છે તે સદાને માટે સિદ્ધાલયમાં ઉક્ત અનુપમ સુખરૂપ થઈને રહે છે.

આ રીતે શ્રી અમિતગતિ-નિઃસંગ યોગિરાજ-વિરચિત યોગસાર-પ્રાભૃતમાં મોક્ષ અધિકાર નામનો સાતમો અધિકાર સમાપ્ત થયો. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ચારિત્રાધિકાર

## મુમુક્ષુઓએ જિનલિંગ ધારણ કરવું યોગ્ય છે

**विमुच्य विविधारम्भं पारतन्त्र्यकरं गृहम् ।**
**मुक्तिं यियासता धार्यं जिनलिङ्गं पटीयसा ॥ १ ॥**

શબ્દાર્થ:—( **मुक्तिं यियासता** ) જે મુક્તિ પ્રાપ્ત કરવાના ઇચ્છક ( **पटीयसा** ) અતિ નિપુણ અને વિવેક સંપન્ન માનવ છે તેણે ( **विविधारम्भं** ) જુદા જુદા પ્રકારના આરંભોથી યુક્ત અને ( **पारतन्त्र्यकरं गृहं विमुच्य** ) પરાધીનતા-કારક ઘરનો ત્યાગ કરીને **जिनलिङ्गं धार्यम्** ) જિનલિંગ ધારણ કરવું જોઈએ.

વ્યાખ્યા:—સાત તત્ત્વોનું સ્વરૂપ સારી રીતે જાણી અને સમજી લીધા પછી જેની અંતરાત્મામાં મોક્ષ પ્રાપ્ત કરવાની સાચી અને તીવ્ર ઇચ્છા જાગૃત થાય છે વિવેક સંપન્ન મુમુક્ષુએ ઘર-ગૃહસ્થીનો ત્યાગ કરી જિનલિંગ ધારણ કરવું જોઈએ-આવો મનુષ્ય જ જિન-લિંગ ધારણ કરવાને યોગ્ય-પાત્ર હોય છે, ગૃહત્યાગમાં તેની દૃષ્ટિ વિવિધ પ્રકારના આરંભો તથા પરતંત્રતાઓના ત્યાગની હોય છે, જે બધા મુક્તિની પ્રાપ્તિમાં બાધક છે. ૧.

## જિનલિંગનું સ્વરૂપ.

**[1]सोपयोगमनारम्भं लुञ्चित-श्मश्रुमस्तकम् ।**
**निरस्त-तनु-संस्कारं सदा संग-विवर्जितम् ॥ २ ॥**
**निराकृत-परापेक्षं निर्विकारमयाचनम् ।**
**जातरूपधरं लिङ्गं जैनं निर्वृति-कारणम् ॥ ३ ॥**

---

१. जधजादरूवजादं उप्पाडिदकेसमंसुगं सुद्धं ।
रहिदं हिंसादीदो अप्पडिकम्मं हवदि लिंगं ॥ ५ ॥
मुच्छारंभविमुक्कं जुत्तं उवजोगजोगसुद्धीहिं ।
लिंगं ण परावेक्खं अपुणब्भव कारणं जेण्हं ॥ ६ ॥ —પ્રવચનસાર. અ. ૩

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—( **सोपयोगं** ) જે સદા જ્ઞાન-દર્શનરૂપ ઉપયોગ સહિત છે, ( **अनारम्भं** ) સાવદ્યકર્મરૂપ આરંભથી રહિત છે, ( **लुञ्चित-श्मश्रुमस्तकम्** ) જેમાં દાઢી તથા મસ્તકના કેશોનો લોચ કરવામાં આવે છે, ( **निरस्त-तनु-संस्कारं** ) તેલ મર્દનાદિ રૂપે શરીરના સંસ્કાર કરવામાં આવતા નથી, ( **सदा संग-विवर्जितम्** ) જે સદા બાહ્યાભ્યંતર બન્ને પ્રકારના પરિગ્રહોથી મુક્ત છે, ( **निराकृत-परापेक्षं** ) પરની અપેક્ષા રહિત, ( **अयाचनम्** ) યાચના-વિહીન, ( **निर्विकारं** ) વિકાર-વિવર્જિત અને ( **जातरूपधरं** ) નવા જન્મેલા બાળક સમાન વસ્ત્રાભૂષણ રહિત દિગંબરરૂપ સહિત છે ( **जैनं लिङ्गं** ) તે જૈન લિંગ છે, ( **निर्वृति-कारणम्** ) કે જે મુક્તિનું કારણ છે-મોક્ષની પ્રાપ્તિમાં સહાયક છે.

**વ્યાખ્યા**:—જે જિનલિંગ ધારણ કરવાની પાછલા પદ્યમાં સાચા મુમુક્ષુઓને પ્રેરણા કરવામાં આવી છે તેનું સ્વરૂપ આ બે પદ્યોમાં બતાવવામાં આવ્યું છે, જે ઘણું જ સ્પષ્ટ છે. આ નવ મુખ્ય વિશેષણોથી યુક્ત જૈન લિંગ મુક્તિની પ્રાપ્તિમાં સહાયક છે. એમ અહીં બતાવવામાં આવ્યું છે અને તેથી જ મુમુક્ષુએ તે ધારણ કરવું જોઈએ. ૨-૩.

## જિન-દીક્ષા દેવાને યોગ્ય ગુરુ અને શ્રમણત્વની પ્રાપ્તિ.

**नाहं भवामि कस्यापि न किंचन ममापरम् ।**
**इत्यकिंचनतोपेतं निष्कषायं जितेन्द्रियम् ॥ ४ ॥**
**नमस्कृत्य गुरुं भक्त्या जिनमुद्रा-विभूषितः ।**
**जायते श्रमणा[१]ऽसङ्गो विधाय व्रत-संग्रहम् ॥ ५ ॥**

**શબ્દાર્થ**:—( **अहं** ) હું ( **कस्यापि न भवामि** ) કોઈનો પણ નથી અને ( **किंचन अपरं मम न** ) બીજું કોઈ મારૂં નથી ( **इति अकिंचनता उपेतं** ) આમ અપરિગ્રહભાવથી યુક્ત, ( **निष्कषायं** ) કષાય રહિત, ( **जितेन्द्रियम्** ) અને જિતેન્દ્રિય ( **गुरुं** ) ગુરુને ( **भक्त्या नमस्कृत्य** ) ભક્તિપૂર્વક નમસ્કાર કરીને ( **व्रत-संग्रहम् विधाय** ) તથા વ્રતસમૂહ ધારણ કરીને ( **असङ्गः** ) જે પરિગ્રહ રહિત થયેલો ( **जिनमुद्रा-विभूषितः** ) જિનમુદ્રાથી વિભૂષિત ( **जायते** ) થાય છે તે ( **श्रमणः** ) 'શ્રમણ' છે.

**વ્યાખ્યા**:—જિનલિંગ ધારણ કરવા માટે જે ગુરુ પાસે જવું જોઇએ તેમનું અહીં પ્રથમ પદ્યમાં પ્રમુખ રૂપ આપ્યું છે અને તે ત્રણ વાત સહિત છે-એક તો એ કે 'હું

---

૧. आ श्रवणो ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઇનો નથી અને બીજો કોઈ પર પદાર્થ મારો નથી ' આ આકિંચન ભાવસહિત તે હોવા જોઇએ. બીજું કષાયોથી રહિત અને ત્રીજું ઇન્દ્રિયો ઉપર તેમણે વિજય પ્રાપ્ત કર્યો હોવો જોઇએ. આ ગુણ જેમનામાં નથી તે જિનલિંગની દીક્ષા દેવાને યોગ્ય નથી અને તેથી એવા ગુરુ પાસેથી જિન-દીક્ષા ન લેવી જોઇએ. બીજા પદ્યમાં યથોક્ત ગુરુને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને ( પોતાના દીક્ષા-ગ્રહણના ભાવનું નિવેદન કરીને ) અને ગુરુ દ્વારા ઉપદેશવામાં આવેલ વ્રતોનું ગ્રહણ કરીને જિનમુદ્રાથી વિભૂષિત નિઃસંગ થઇ તે મુમુક્ષુ ' શ્રમણ ' થાય છે. શ્રમણ-સંજ્ઞા સિવાય તેનો યતિ, મુનિ આદિ નામોથી પણ ઉલ્લેખ કરવામાં આવે છે; કે જે આગળના પદ્યોમાં યોજેલ ' यतेः ' ' यतिः ' આદિ પદોથી જાણવામાં આવે છે. ૪-૫.

## શ્રમણના કેટલાક મૂળ ગુણ.

[१]महाव्रत-समित्यक्षरोधाः स्युः पञ्च चैकशः ।
परमावश्यकं षोढा, लोचोऽस्नानमचेलता ॥ ६ ॥
अदन्तधावनं भूमिशयनं[२] स्थिति-भोजनम् ।
एकभक्तं च सन्त्येते पाल्या मूलगुणा यतेः ॥ ७ ॥

**શબ્દાર્થ:**—(पञ्च चैकशः स्युः महाव्रत) પાંચ મહાવ્રત, (समिति) પાંચ સમિતિ, ( अक्ष रोधाः ) પાંચ ઇન્દ્રિય નિરોધ, ( षोढा परमावश्यकं ) છ પરમાવશ્યક, ( लोचः ) કેશલોચ, ( अस्नानम् ) અસ્નાન, ( अचेलता ) અચેલપણું, ( નગ્નપણું, ) ( अदन्तधावन ) અદંત-ધાવન, ( भूमिशयनं ) ભૂમિશયન, ( स्थिति-भोजनम् ) ઉભા રહીને ભોજન કરવું, ( एक-भक्तं च ) અને એક વખત ભોજન ( एते ) આ ( यतेः ) યોગીના ( मूलगुणा ) ( અઠાવીસ ) મૂળગુણ ( सन्ति ) છે જે સદા ( पाल्या ) પાળવા યોગ્ય છે.

**વ્યાખ્યા:**—શ્રવણ-મુનિને માટે જે વ્રતોના ગ્રહણની સૂચના પાછલા પદ્યમાં કર-વામાં આવી છે તે સુપ્રસિદ્ધ ૨૮ મૂળ ગુણ છે, જેમનો આ બન્ને પદ્યોમાં ઉલ્લેખ છે અને જેમનું વિસ્તૃત સ્વરૂપ લક્ષ્ય અને ઉપયોગિતાના વર્ણનથી મૂળાચાર, ભગવતી આરાધના,

---

૧. वदसमिदिंदियरोधो लोचावस्सयमचेलमण्हाणं ।
खिदिसयणमदंतधावणं ठिदिभोयणमेगभत्तं च ॥ ८ ॥
एदे खलु मूलगुणा समणाणं जिणवरेहिं पण्णत्ता ॥ ९ ॥ ( પૂર્વાર્ધ )—પ્રવચનસાર

૨. વ્યા. भूम्नि शयनं ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનગારધર્મામૃત, આદિ ગ્રંથો ભરેલા છે, વિશેષ જાણપણા માટે તે ગ્રંથો જોવા જોઇએ. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રત છે. ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ, અને પ્રતિષ્ઠાપન આ પાંચ સમિતિઓનાં નામ છે. સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇન્દ્રિયો, જેમનો નિરોધ-વશ કરવું-અહીં વિવક્ષિત છે. સામાયિક, સ્તુતિ, વંદના, કાયોત્સર્ગ, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન આ છ પરમાવશ્યક છે, જેમનું સ્વરૂપ આ ગ્રંથના પાછલા અધિકારમાં આવી ગયું છે. આ બધા મૂળ ગુણ ઉક્ત શ્રમણ દિગંબર જૈન મુનિએ અવશ્ય પાળવા યોગ્ય છે.

આ ૨૮ મૂળ ગુણોમાં મહાવ્રત મુખ્ય છે, બાકીના બધા તેમના પરિકર છે-પરિવાર રૂપે સ્થિત છે. અને આ બધાં નિર્વિકલ્પ સામાયિક સંયમના વિકલ્પ હોવાથી શ્રમણોના મૂળ ગુણ જ છે. એમ શ્રી અમૃતચંદ્રાચાર્યે પ્રવચનસારની ટીકામાં પ્રતિપાદન કર્યું છે.[૧] ૬-૭.

## મૂળ ગુણોના પાલનમાં પ્રમાદી મુનિ છેદોપસ્થાપક છે.

[૨]निष्प्रमादतया पाल्या योगिना हितमिच्छता ।
सप्रमादः पुनस्तेषु छेदोपस्थापको यतिः ॥ ८ ॥

**શબ્દાર્થ:**—( **हितमिच्छता योगिना** ) જે યોગી પોતાનું હિત ચાહે છે તેમણે આ મૂળ ગુણો ( **निष्प्रमादतया** ) પ્રમાદ રહિત પણે ( **पाल्या** ) પાળવા જોઇએ. ( **पुनः तेषु सप्रमादः** ) જે આના પાલનમાં પ્રમાદરૂપ પ્રવર્તે છે તે ( **यतिः** ) યોગી ( **छेदोपस्थापकः** ) 'છેદોપસ્થાપક' થાય છે.

**વ્યાખ્યા:**—ઉક્ત મૂળ ગુણોના પાલનમાં જરા પણ પ્રમાદ ન હોવો જોઇએ, એમાં જ યોગી-મુનિનું હિત છે, એમ અહીં સૂચિત કરવામાં આવ્યું છે. સાથે જ તે મુનિને 'છેદોપસ્થાપક' કહ્યા છે જે ઉક્ત ગુણોના પાલનમાં પ્રમાદ સહિત વર્તે છે અથવા અસાવ-

૧. सर्वसावद्ययोगप्रत्याख्यानलक्षणैकमहाव्रतव्यक्तवशेन हिंसानृतस्तेयाब्रह्मपरिग्रह-विरत्यात्मकं पञ्चतयं व्रतं तत्परिकरश्च पञ्चतय इन्द्रियरोधो लोचः षट्तयमावश्यक मचैलक्यमस्नानं क्षितिशयनमदन्तधावनं स्थितिभोजन मेकभक्तश्चैवम् एते निर्वि-कल्पसामायिकसंयमविकल्पत्वात् श्रमणानां मूलगुणा एव ।

૨. तेसु पमत्तो समणो छेदोवट्ठावगो होदि ॥ ९ उ. ॥—પ્રવચનસાર ચા. અ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધાની રાખે છે. અને તેથી જે ગુણ પ્રમાદ દોષના કારણે ભંગ પામ્યો હોય તેમાં ફરીથી પોતાને સ્થાપિત કરે છે. ૮.

## શ્રવણના બે ભેદ સૂરિ અને નિર્યાપક.

[1]प्रव्रज्या–दायकः सूरिः संयतानां निगीर्यते ।
निर्यापकाः पुनः शेषाश्छेदोपस्थापका मताः ॥ ९ ॥

**શબ્દાર્થ:**—( **संयतानां** ) સંયમીઓને ( **प्रव्रज्या–दायकः** ) દીક્ષા આપનાર ( **सूरिः** ) 'સૂરિ'–ગુરુ, આચાર્ય ( **निगीर्यते** ) કહેવાય છે, ( **शेषाः** ) બાકીના શ્રમણ, ( **छेदोपस्थापका** ) જે સંયમમાં દોષ લગાડતાં પોતાના ઉપદેશ દ્વારા તે છેદ પ્રાપ્ત મુનિને સંયમમાં સ્થાપિત કરે છે તે, ( **निर्यापकाः मताः** ) 'નિર્યાપક' કહેવાય છે.

**વ્યાખ્યા:**—આ પદ્યમાં શ્રમણોના બે મુખ્ય ભેદોનો ઉલ્લેખ છે–એક 'સૂરિ' અને બીજા 'નિર્યાપક'. સૂરિ, જેને 'આચાર્ય' તથા પ્રવચનસારના કર્તાના શબ્દોમાં 'ગુરુ' પણ કહે છે, તે જિનલિંગ ગ્રહણના ઇચ્છુક સંયમીઓ–મુમુક્ષુઓને પ્રવ્રજ્યા–દીક્ષા આપે છે. બાકીના તે બધા શ્રમણોને 'નિર્યાપક' બતાવ્યા છે જે દીક્ષા ગ્રહણ પછી કોઈ પણ શ્રમણના વ્રતસંયમમાં એકદેશ કે સર્વદેશ છેદ–ભંગ ઉત્પન્ન થતાં તેને સંવેગ–વૈરાગ્યજનક પરમાગમના ઉપદેશ દ્વારા ફરીથી તે સંયમમાં સ્થાપિત કરે છે. આવા નિર્યાપક ગુરુઓનો શ્રીજયસેનાચાર્યે 'શિક્ષાગુરુ' અથવા 'શ્રુત ગુરુ' ના નામથી પણ ઉલ્લેખ કર્યો છે[2].

'છેદ' શબ્દ અનેક અર્થોમાં વપરાય છે, જેમ કે છિદ્ર, ખંડન ભેદન ( કાન, નાક આદિના રૂપે ), નિવારણ ( સંશયચ્છેદ ), વિનાશ ( ધર્મચ્છેદ, કર્મચ્છેદ ), વિભાગ–ખંડ ( પ્રકરણ ), ઋતુ–દોષ, અતિચાર, પ્રાયશ્ચિત્ત, પ્રાયશ્ચિત્તભેદ, દિવસ માસાદિના પરિમાણથી દીક્ષાનો છેદ. અહીં તથા આગલા પદ્યોમાં તે ત્રુટિ–દોષ આદિ પાછલા અર્થોમાં વપરાયો છે. ૯.

---

૧. **लिंगग्गहणे तेसिं गुरुत्ति पव्वज्जदायगो होदि ।**
**छेदेसूवट्ठवगा सेसा णिज्जावगा समणा ॥ १० ॥** —પ્રવચનસાર. ચા. અ.

૨. " **ते शेषाः श्रमणनिर्यापकाः शिक्षागुरवश्च भवन्तीति ।......निर्विकल्पसमाधिरूपसामायिकस्यैकदेशेन च्युतिरेक देशश्छेदः, सर्वथा च्युतिः सकलदेशश्छेद इति देश–सकल भेदेन द्विधा छेदः । तयोश्छेदयोर्ये प्रायश्चित्तं दत्वा संवेग-वैराग्य–परमागमवचनेन संवरणं कुर्वन्ति ते निर्यापकाः शिक्षागुरवः श्रुतगुरवश्चेति भण्यन्ते ॥**"

—પ્રવચનસાર ટીકા–જયસેન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચારિત્રમાં છેદોત્પત્તિ થતાં તેની પ્રતિક્રિયા.

[1]प्रकृष्टं कुर्वतः साधोश्चारित्रं कायचेष्टया ।
यदिच्छेदस्तदा कार्या क्रियालोचन-पूर्विका ॥ १० ॥
आश्रित्य व्यवहारज्ञं सूरिमालोच्य भक्तितः ।
दत्तस्तेन विधातव्यश्छेदश्छेदवता सदा ॥ ११ ॥

શબ્દાર્થ:—( प्रकृष्टं चारित्रं कुर्वतः ) ઉત્તમ ચારિત્રનું અનુષ્ઠાન કરતાં ( साधोः ) સાધુને ( यदि ) જો ( कायचेष्टया ) કાયાની ચેષ્ટાથી ( छेदः ) દોષ લાગે-અંતરંગમાં દોષ ન બને-( तदा ) તો તેણે ( તે દોષના નિવારણ માટે ) ( आलोचन-पूर्विकाक्रिया कार्या ) આલોચન પૂર્વક ક્રિયા કરવી જોઈએ. જો અંતરંગમાં દોષ થવાને કારણે યોગી ( छेदः ) છેદને પ્રાપ્ત સદોષ થયા હોય તો ( छेदवता ) તેણે ( व्यवहारज्ञं सूरिं आश्रित्य ) કોઈ વ્યવહાર-શાસ્ત્રજ્ઞ ગુરુના આશ્રયમાં જઈને ( भक्तितः आलोच्य ) ભક્તિપૂર્વક પોતાના દોષની આલોચના કરવી જોઇએ અને ( तेन दत्तः ) તે જે પ્રાયશ્ચિત આપે ( सदा विधातव्यः ) તેને સદા ગ્રહણ કરવું જોઈએ.

પ્રયત્નપૂર્વક ચારિત્રનું આચરણ કરતાં પણ જો માત્ર કાયાની ચેષ્ટાથી વ્રતમાં કાંઈ દોષ લાગે અને અંતરંગ રાગાદિના પરિણમનરૂપ અશુદ્ધ ન થાય તો તેનું નિરાકરણ માત્ર આલોચનાત્મક ક્રિયાથી થઈ જાય છે. પરંતુ અંતરંગ દુષિત થતાં કોઇ સારા વ્યવહાર-શાસ્ત્ર-કુશળ ગુરુનો આશ્રય લઈને પોતાના દોષની આલોચના કરતાં પ્રાયશ્ચિતની યાચના કરવી અને તેણે આપેલા પ્રાયશ્ચિત્તનું ભક્તિભાવથી ગ્રહણ કરીને તેનું પૂરી રીતે પાલન-અનુષ્ઠાન કરવાનું હોય છે. ૧૦-૧૧.

## વિહારને પાત્ર શ્રમણ.

[2]भूत्वा निराकृतश्छेदश्चारित्राचरणोद्यतः ।
मुञ्चमानो निबन्धानि यतिर्विहरतां सदा ॥ १२ ॥

શબ્દાર્થ:—( निराकृतश्छेदः भूत्वा ) દોષરહિત થઇને ( चारित्राचरणोद्यतः ) ચારિત્રના અનુષ્ઠાનમાં ઉદ્યમી થયો થકો ( यतिः ) યોગી ( निबन्धानि ) નિબંધનોને-પર-

---

૧. पयदम्हि समारद्धे छेदो समणस्स कायचेठ्ठम्हि । जायदि जदि तस्य पुणो आलोयण-पुव्विया किरिया ॥ १३ ॥ छेदपउत्तो समणो समणं ववहारिणं जिणमदम्हि । आसेज्जालोचित्ता उवदिठ्ठं तेण कायव्वं ॥ १२ ॥ ( युगलं )—પ્રવચનસાર અ. ૩.

૨. अधिवासे व विवासे छेद विहूणो भवीय सामण्णे ।
समणो विहरदु णिच्चं परिहरमाणो णिबंधाणि ॥ १३ ॥ —પ્રવચનસાર. અ.૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યમાં રાગાદિ ભાવોને-( मुञ्चमानो ) છોડતો થકો (सदा) સદા ( विहरता ) વિહાર કરે.

**વ્યાખ્યા:**—અહીં યોગી ( શ્રમણ ) માં વિહારની પાત્રતાનો ઉલ્લેખ કરતાં ત્રણ વાતને આવશ્યક બતાવી છે, એક તો ચારિત્ર પાલનમાં જે દોષ લાગ્યો હોય તેનાથી પ્રાયશ્ચિત્તાદિ દ્વારા તે રહિત થઇ ગયો હોય, બીજું આગળ માટે યથાર્થ ચારિત્ર પાલનમાં પૂર્ણપણે ઉદ્યમી હોય અને ત્રીજું પરદ્રવ્યોમાં રાગાદિને છોડી રહ્યો હોય. આ ત્રણે વાતો જ્યાંસુધી બનતી નથી ત્યાંસુધી યોગીમાં સમ્યક્ વિહારની પાત્રતા આવતી નથી. ૧૨.

## કયા યોગીને શ્રમણત્વની પૂર્ણતા થાય છે.

[१]शुद्ध-रत्नत्रयो योगी यत्नं मूलगुणेषु च ।
विधत्ते सर्वदा पूर्णं श्रामण्यं [२]तस्य जायते ॥ १३ ॥

**શબ્દાર્થ:**—( સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-રૂપ ) ( शुद्ध-रत्नत्रयो योगी ) શુદ્ધ રત્નત્રયનો ધારક જે યોગી ( मूलगुणेषु ) મૂળ ગુણોના પાલનમાં ( सर्वदा यत्नं विधत्ते ) સદા પૂર્ણ યત્ન કરે છે ( तस्य ) તેને ( पूर्णं श्रामण्यं जायते ) પૂર્ણ શ્રમણત્વ હોય છે.

**વ્યાખ્યા:**—અહીં શ્રમણપણાની પૂર્ણતા કયા યોગીને થાય છે, એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે યોગીની ચર્યા શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે અને જે ૨૮ મૂળ ગુણોના પાલનમાં સદા પૂરે પૂરા પ્રયત્નવાન છે તેને પૂર્ણ શ્રમણત્વની પ્રાપ્તિ થાય છે. તેથી જે મુનિને ઉક્ત ચર્યામાં દોષ લાગે છે તથા જેનાથી મૂળગુણોનું પૂર્ણપણે પાલન બનતું નથી તેણે પોતાને તથા બીજાઓને પૂર્ણ સાધુ ન સમજવો જોઇએ. ૧૩.

## નિર્મમત્વને પ્રાપ્ત યોગી કોનામાં રાગ નથી રાખતા.

[3]उपधौ वसतौ सङ्घे विहारे भोजने जने ।
प्रतिबन्धं न बध्नाति निर्ममत्वमधिष्ठितः ॥ १४ ॥

---

१ चरदि णिबद्धो णिच्चं समणो णाणम्मि दंसण-मुहम्मि ।
पयदो मूलगुणेसु य जो सो पडिपुण्णसामण्णो ॥ १४ ॥ —પ્રવચનસાર, અ. ૩.

२ आ श्रावण्यं ।

૩. भत्ते व खमणे वा आवसधे वा पुणो विहारे वा ।
उवधिम्हि वा णिबद्धं णेच्छदि समणम्हि विकधम्हि ॥ १५ ॥
—પ્રવચનસાર ચા. અ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( **निर्ममत्वमधिष्ठित:** ) જે યોગી મમતા રહિત થઈ ગયા છે તે ( **उपधौ** ) પરિગ્રહમાં ( **वसतौ** ) આવાસસ્થાનમાં ( **सङ्घे** ) ચતુર્વિધ સંઘમાં, ( **विहारे** ) વિહારમાં ( **भोजने** ) ભોજનમાં ( **जने** ) જન સમુદાયમાં ( **प्रतिबन्धं न बध्नाति** ) પ્રતિબંધ બાંધી શકતા નથી–અનુરાગરૂપ પ્રવર્તતા નથી.

વ્યાખ્યા:—જે નિબંધનોને છોડવાની ૧૨ મા પદ્યમાં સૂચના કરવામાં આવી છે તેમાંથી છના નામનો અહીં ઉલ્લેખ કરતાં લખ્યું છે કે જે યોગીએ નિર્મમપણું અધિકૃત કર્યું છે તે આમાંથી કોઈની પણ સાથે રાગનું કોઈ બંધન નથી બાંધતો. વાસ્તવમાં કોઇ પણ પરવસ્તુ સાથે મમકારનો જે ભાવ છે–તેને પોતાની સમજે છે–તે જ રાગરૂપ બંધની ઉત્પત્તિમાં કારણ છે. તેથી યોગીએ પર પદાર્થોમાંથી મમત્વ છોડવું પરમ આવશ્યક છે, ત્યારે જ તેની યોગસાધનામાં બરાબર ગતિ થઈ શકશે. મમકાર અને અહંકાર એ બન્નેય પરમ શત્રુ છે, જિનલિંગ ધારણના લક્ષ્યને બગાડનાર અને સંસાર–પરિભ્રમણ કરાવવાવાળા છે. ૧૪.

## અશન આદિમાં પ્રમાદ કરનાર સાધુને નિરંતર હિંસા.

**[1]अशने [2]शयने स्थाने गमे चङ्क्रमणे ग्रहे[3] ।**
**प्रमाद चारिणो हिंसा साधोः सान्ततिकोरिता ॥ १५ ॥**

શબ્દાર્થ:—( **प्रमादचारिणो साधोः** ) જે સાધુ ( **अशने** ) ખાવા–પીવામાં, ( **शयने** ) સુવા–બેસવામાં, ( **स्थाने** ) ઉઠવા–બેસવામાં, ( **गमे** ) હાલવા–ચાલવામાં, ( **चङ्क्रमणे** ) હાથ–પગ આદિ પસારવામાં, ( **ग्रहे** ) કોઈ વસ્તુને પકડવા, છોડવા કે લેવા–મૂકવામાં પ્રમાદ કરે છે–યત્નાચારથી પ્રવર્તતો નથી–તેને ( **सान्ततिकीरिता हिंसा** ) નિરંતર હિંસા કહેવામાં આવી છે–ભલે તેમ કરવામાં કોઇ જીવ મરે કે ન મરે.

વ્યાખ્યા:—ચારિત્રમાં તથા ૨૮ મૂળ ગુણોમાં હિંસાની પૂર્ણપણે નિવૃત્તિરૂપ જે અહિંસા મહાવ્રતની પ્રધાનતા છે તેને દૃષ્ટિમાં રાખતાં અહીં તે સાધુને નિરંતર હિંસાનો ભાગી કહ્યો છે, જે ભોજન–શયનાદિ ઉક્ત ક્રિયાઓમાં પ્રમાદથી વર્તે છે–ચાહે તે ક્રિયાઓ કરવામાં કોઈ જીવ મરે કે ન મરે. તેથી જ શ્રી કુંદકુંદાચાર્યે પ્રવચનસારમાં કહ્યું છે '**मरदु व जीयदु व जीवो अयदाचारस्स णिच्छिदा हिंसा**' કોઇ જીવ મરે કે ન મરે, જે યત્નાચારથી પ્રવર્તતો નથી એવા પ્રમાદીને નિશ્ચિત્તરૂપે બરાબર હિંસા થયા કરે છે. તેથી હિંસામાં

---

૧. **अपयत्ता वा चरिया सयणासणठाणचंकमादीसु ।**
**समणस्स सव्वकाले हिंसा सा संतत्तिय त्ति मदा ॥ १६ ॥** —પ્રવચનસાર

૨. **व्या आशने** । ૩. **आ गृहे** ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રધાન કારણ પ્રમાદ ચર્યા છે-જીવઘાત નહિ. જીવઘાત ન થવા છતાં પણ પ્રમાદીને હિંસાનો દોષ લાગે છે. ૧૫.

## યત્નાચારીની ક્રિયાઓ ગુણકારી, પ્રમાદીની દોષકારી.

**गुणायेदं सयत्नस्य दोषायेदं प्रमादिनः ।**
**सुखाय ज्वरहीनस्य दुःखाय [1]ज्वरिणो घृतम् ॥ १६ ॥**

**શબ્દાર્થ:**—( **सयत्नस्य** ) જે યત્નાચારથી પ્રવર્તે છે તેને ( **इदं गुणाय** ) આ બધું આચરણ ગુણ કરે છે અને ( **प्रमादिनः** ) જે પ્રમાદી છે તેને ( **इदं दोषाय** ) આ બધું આચરણ દોષ કરે છે, જેવી રીતે ( **ज्वरहीनस्य** ) જ્વર રહિતને ( **घृतम्** ) ઘીનું સેવન ( **सुखाय** ) સુખ આપે છે અને ( **ज्वरिणो** ) જ્વરવાળાને ( **दुःखाय** ) દુઃખનું કારણ થાય છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં અશન-શયનાદિ રૂપે જે આચરણનો ઉલ્લેખ છે તે સયત્નાચારીને અહીં ગુણકારી અને પ્રમાદ કરનારને માટે દોષકારક બતાવેલ છે સાથે ઘીનું ઉદાહરણ આપીને તેને સ્પષ્ટ કરેલ છે કે જે જ્વરહીન માટે સુખકારી અને જ્વરવાળા માટે દુઃખકારી થાય છે. આ રીતે એક જ વસ્તુ આશ્રય ભેદથી ભિન્ન ફળ આપે છે. ૧૬.

## પર પીડક સાધુમાં જ્ઞાન હોવા છતાં પણ ચારિત્ર મલિન છે.

**ज्ञानवत्यपि चारित्रं मलिनं पर-पीडके ।**
**कज्जलं मलिनं दीपे स प्रकाशेऽपि तापके ॥ १७ ॥**

**શબ્દાર્થ:**—( **पर-पीडके** ) પરને પીડા પહોંચાડનાર સાધુમાં ( **ज्ञानवत्यपि** ) ( સમ્યક્ ) જ્ઞાન હોવા છતાં પણ ( **चारित्रं मलिनं** ) ચારિત્ર મલિન હોય છે. ( બરાબર છે ) ( **तापके दीपे** ) તાપ કરનાર દીપકમાં ( **प्रकाशेऽपि** ) પ્રકાશ હોવા છતાં પણ ( **स कज्जलं मलिनं** ) કાજળ મલિન ( કાળું ) હોય છે-પ્રકાશ સમાન ઉજ્વળ હોતું નથી.

**વ્યાખ્યા:**—અહીં તે સાધુને મલિન ચારિત્રવાળા બતાવ્યા છે જે જ્ઞાની હોવા છતાં પણ પર પીડક બનેલા છે અને તેને તે દીપકની ઉપમા આપી છે જે પ્રકાશ યુંક્ત હોવા છતાં પણ તાપ કરનાર બનેલો છે-અનેક ફૂદાં-પતંગિયાંને બાળીને પીડા પહોંચાડે છે-અને તેથી તેમાંથી જે કાળું કાજળ ઉત્પન્ન થાય છે તે તેના મલિન આચારનું દ્યોતક છે. ૧૭.

---

૧. मु ज्वरिणे ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ભવાભિનંદી મુનિઓનું રૂપ.

**भवाभिनन्दिनः केचित् सन्ति संज्ञा–वशीकृताः ।**
**कुर्वन्तोऽपि परं धर्मं लोक–पङ्क्ति कृतादृशः ॥ १८ ॥**

**શબ્દાર્થ**:—( **कुर्वन्तोऽपि परं धर्मं केचित** ) કેટલાક મુનિઓ પરમ ધર્મનું અનુષ્ઠાન કરવા છતાં પણ ( **भवाभिनन्दिनः सन्ति** ) ભવાભિનંદી-સંસારનું અભિનંદન કરનાર અનંત સંસારી સુધી-હોય છે; ( **संज्ञा–वशी कृताः** ) કે જે સંજ્ઞાઓને[1]-આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ નામની ચાર સંજ્ઞાઓ-અભિલાષાઓને-વશીભૂત છે અને ( **लोक–पङ्क्ति–कृतादराः** ) લોકપંકિતમાં આદર કરતા રહે છે-લોકોને આરાધવા-રીઝવવા આદિની રુચિ રાખીને પ્રવર્તે છે.

**વ્યાખ્યા**—જો કે જિનલિંગને-નિર્ગ્રંથ જૈનમુનિ-મુદ્રાને-ધારણ કરવાને પાત્ર અતિ નિપુણ અને વિવેક-સંપન્ન માનવ જ હોય છે.[2] છતાં પણ જિનદીક્ષા લેનાર સાધુઓમાં કેટલાક એવા પણ નીકળે છે જે બાહ્યમાં પરમ ધર્મનું આચરણ કરતા હોવા છતાં પણ અંતરંગમાં સંસારનું અભિનંદન કરનાર હોય છે. આવા સાધુમુનિઓની ઓળખાણ એક તો એ છે કે તે આહારાદિ ચાર સંજ્ઞાઓ અથવા તેમાંથી કોઇને પણ વશીભૂત હોય છે; બીજું લોકપંકિતમાં-લૌકિકજનો જેવી ક્રિયાઓ કરવામાં-તેમની રુચિ રહ્યા કરે છે અને તેઓ તેને સારું સમજીને કરે પણ છે. આહાર-સંજ્ઞાને વશીભૂત મુનિ ઘણું કરીને એવા ઘરોમાં ભોજન કરે છે જ્યાં સારા, રુચિકર અને ગરિષ્ટ-સ્વાદિષ્ટ ભોજન મળવાની અધિક સંભાવના હોય છે, ઉચ્છિષ્ટ ભોજન ત્યાગની-આગમોકત દોષોના પરિવર્જનની-કોઈ પરવા કરતા નથી, ભોજન કરતી વખતે અનેક બાહ્ય ક્ષેત્રોમાંથી આવેલું ભોજન પણ લઈ લે છે, જે સ્પષ્ટ આગમાજ્ઞાની વિરુદ્ધ છે. ભય સંજ્ઞાને વશ થયેલ મુનિ અનેક પ્રકારના ભયોથી આક્રાંત રહે છે, પરિષહો સહન કરવામાં ગભરાય છે તથા વનવાસથી ડરે છે, જ્યારે સમ્યગ્દષ્ટિ તો સાત પ્રકારના ભયોથી રહિત હોય છે. મૈથુનસંજ્ઞાને વશ થયેલ મુનિ બ્રહ્મચર્ય મહાવ્રત ધારણ કરવા છતાં પણ ગુપ્ત રૂપે તેમાં દોટ લગાવે છે. અને પરિગ્રહસંજ્ઞાવાળા સાધુ અનેક પ્રકારના પરિગ્રહોની ઇચ્છા ધારણ કરે છે, પૈસા એકઠા કરે છે, પૈસાનું નક્કી કરીને ભોજન કરે છે, પોતાના ઇષ્ટ મનુષ્યોને પૈસા અપાવે છે, પુસ્તકો છપાવીને વેચાણ કરી-કરાવીને રૂપિયા ભેગા કરે છે, તાળાવાળી પેટીઓ રાખે છે. પેટીની ચાવી કમંડળ

---

૧. **आहार–भय–परिग्गह–मेहुण सण्णाहि मोहितोसि तुमं ।**
**भमिक्षो संसारवणे आलाइकालं आणप्पवसो** ॥ ११२ ॥ —કુંદકુંદ, ભાવપાહુડ.

૨. **मुक्ति पियासता धार्यं जिनलिङ्गं पटीयसा** ।—યો. પ્રા. ૮-૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આદિમાં રાખે છે, પીંછીમાં નોટ છુપાવીને રાખે છે, પોતાની પૂજાઓ બનાવીને છપાવે છે અને પોતાના જન્મદિવસનો ઉત્સવ ઉજવાવે છે. આ બધા લક્ષણ ઉક્ત ભવાભિનંદીઓના છે, જે પદ્યમાંના ' संज्ञावशीकृताः ' અને ' लोकपंक्तिकृतादृशः ' આ બન્ને વિશેષણોથી ફલિત થાય છે અને અત્યારના અનેક મુનિઓમાં દેખાય પણ છે. ૧૮.

मूढा लोभपराः क्रूरा भीरवोऽसूयकाः शठाः ।
भवाभिनन्दिनः सन्ति निष्फलारम्भकारिणः ॥ १९ ॥

**શબ્દાર્થ**:—( **मूढाः** ) જે મૂઢ-દૃષ્ટિ વિકાર વાળા મિથ્યાદૃષ્ટિ-( **लोभपराः** ) લોભમાં તત્પર, ( **क्रूरा** ) ક્રૂર, ( **भीरवः** ) ભીરૂ ( ડરપોક ), ( **असूयकाः** ) ઈર્ષ્યાળુ, અને ( **शठाः** ) વિવેક-વિહીન છે તે ( **निष्फलारम्भकारिणः** ) નિષ્ફળ આરંભ કરનાર-નિરર્થક ધર્માચરણ કરનાર- ( **भवाभिनन्दिनः सन्ति** ) ભવાભિનંદી છે.

**વ્યાખ્યા**:—અહીં ભવાભિનંદીઓ માટે જે વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે તેમની પ્રકૃતિના દ્યોતક છે. આવા વિશેષણ-વિશિષ્ટ મુનિ જ પ્રાયઃ ઉક્ત સંજ્ઞાઓને વશીભૂત થાય છે, તેમના બધા ધર્માનુષ્ઠાનને અહીં નિષ્ફળ-અંતઃસારવિહીન-ઘોષિત કરવામાં આવેલ છે. આગલા પદ્યમાં તે લોકપંક્તિનું સ્વરૂપ આપ્યું છે, જેમાં ભવાભિનંદીઓ સદા આદર રહ્યા કરે છે. ૧૯

## ભવાભિનંદીઓએ આદરેલ લોકપંક્તિનું સ્વરૂપ.

आराधनाय लोकानां मलिनेनान्तरात्मना ।
क्रियते या क्रिया बालैर्लोकपङ्क्तिरसौ मता ॥ २० ॥

**શબ્દાર્થ**:—( **बालैः** ) અવિવેકી સાધુઓ દ્વારા ( **मलिनेनान्तरात्मना** ) મલિન અંતરાત્મા યુક્ત થઈને ( **लोकानां आराधनाय** ) લોકોના આરાધન-અનુરંજન અથવા પોતાની તરફ આકર્ષણ કરવા માટે ( **या क्रिया क्रियते** ) જે ધર્મ-ક્રિયા કરવામાં આવે છે ( **असौ** ) તે ( **लोकपङ्क्तिः मता** ) ' લોક-પંક્તિ ' કહેવાય છે.

**વ્યાખ્યા**:—અહીં લૌકિકજનો જેવી તે ક્રિયાનું નામ ' લોકપંક્તિ ' છે જેને અવિવેકી દૂષિત-મનોવૃત્તિ દ્વારા લોકારાધન માટે કરે છે અર્થાત્ જે લોકારાધનમાં ખ્યાતિ-લાભ-પૂજાદિ જેવો પોતાનો કોઈ લૌકિક સ્વાર્થ રહેલો હોય છે. તેથી જ જે લોકારાધનરૂપ ક્રિયામાં એવો કોઇ લૌકિક સ્વાર્થ રહેલો ન હોય અને જે વિવેકી વિદ્વાનો દ્વારા કેવળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્માર્થે જ કરવામાં આવે છે તે લોકપંક્તિ નથી હોતી, તો શું હોય છે તે આગલા પદ્યમાં બતાવ્યું છે. ૨૦.

## ધર્મને અર્થે લોકપંક્તિ અને લોકપંક્તિ માટે ધર્મ.

**धर्माय क्रियमाणा सा कल्याणाङ्गं मनीषिणाम् ।**
**तन्निमित्तः पुनर्धर्मः पापाय हतचेतसाम् ॥ २१ ॥**

શબ્દાર્થ:—(**मनीषिणाम्**) જે વિવેકશીલ વિદ્વાન સાધુ ધર્મને માટે કરવામાં આવેલી (**सा**) ઉક્ત લોકારાધનરૂપ ક્રિયા (**कल्याणाङ्गं**) કલ્યાણકારિણી હોય છે અને (**हितचेतसाम्**) જે મૂઢચિત્ત અવિવેકી છે, તે સાધુઓને (**तन्निमित्तः धर्मः**) લોકારાધનના નિમિત્તે-લોકોને પોતાની તરફ આકર્ષિત કરવા માટે-કરવામાં આવેલ ધર્મ (**पुनः पापाय**) પાપબંધનું કારણ થાય છે.

વ્યાખ્યાઃ—અહીં વિવેકીજનો દ્વારા ધર્મને માટે-ધર્મની વૃદ્ધિ, પ્રસાર, રક્ષા અને પ્રભાવના માટે-જે લોકારાધન ક્રિયા કરવામાં આવે છે તેને તો કલ્યાણકારી બતાવી છે પરંતુ લોકારાધનનું લક્ષ્ય લઈને જે ધર્મ કરવામાં આવે છે તેને પાપબંધનું કારણ બતાવ્યું છે. આ રીતે ધર્મમાટે લોકારાધન અને લોકારાધન માટે ધર્મસાધન આ બન્નેમાં પરસ્પર મોટું અંતર છે-એક પુણ્યરૂપ છે, બીજું પાપરૂપ છે. તેથી એમ પણ ફલિત થયું કે ધર્મસાધન પુણ્ય બંધ જ નહિ, કોઇ કોઈ વાર દૃષ્ટિભેદના કારણે પાપ બંધનું પણ કારણ થાય છે. ભવાભિનંદીઓનું ધર્માનુષ્ઠાન પ્રાયઃ આ જ કોટિમાં આવે છે, ૨૧.

## મુક્તિમાર્ગમાં તત્પર હોવા છતાં પણ બધાની મુક્તિ થતી નથી.

**मुक्तिमार्गपरं चेतः कर्मशुद्धि-निबन्धनम् ।**
**मुक्तिरासन्न भव्येन न कदाचित्पुनः परम् ॥ २२ ॥**

શબ્દાર્થ:— (**चेतः**) જે ચિત્ત (**मुक्तिमार्गपरं**) મોક્ષમાર્ગમાં તત્પર છે તે (**कर्मशुद्धि-निबन्धनम्**) કર્મમળ હટાવીને આત્મશુદ્ધિનું કારણ છે. (**पुनः**) પરંતુ (**मुक्ति**) મોક્ષની પ્રાપ્તિ (**आसन्नभव्येन**) આસન્નભવ્યને થાય છે અને (**कदाचित् परं न**) બીજાને કદીય (કોઇ વાર) નથી થતી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ— મોક્ષમાર્ગમાં તત્પર હોવા છતાં પણ બધાને મોક્ષની પ્રાપ્તિ નથી થતી, મોક્ષની પ્રાપ્તિ માટે નિકટભવ્યતાની યોગ્યતાનું હોવું સાથે આવશ્યક છે, એ અહીં બતાવ્યું છે. ૨૨

## ભવાભિનંદીઓને મુક્તિ પ્રત્યે વિદ્વેષ.

**कल्मष–क्षयतो मुक्ति र्भोग–सङ्गम (वि) वर्जिनाम् ।**
**भवाभिनन्दिनामस्यां विद्वेषो मुग्धचेतसाम् ॥ २३ ॥**

શબ્દાર્થઃ—( **भोग–सङ्गमविवर्जिना** ) જે ભોગોના સંપર્ક રહિત છે, અથવા ઇન્દ્રિય વિષય ભોગ અને પરિગ્રહથી વિવર્જિત છે–પૂર્ણપણે વિરક્ત છે તે મહાત્માઓને ( **कल्मष क्षयतः मुक्तिः** ) કર્મોના ક્ષયથી મુક્તિ થાય છે. ( **मुग्धचेतसाम्** ) જે મૂઢચિત્ત ( **भवाभिनन्दिनाम्** ) ભવાભિનંદી છે તેમને (**अस्यां**) આ મુક્તિમાં (**विद्वेषः**) વિશેષપણે દ્વેષભાવ રહે છે.

વ્યાખ્યાઃ— પાછલા પદ્યમાં એ બતાવ્યું છે કે મુક્તિ આસન્નભવ્યોને થાય છે–બીજાઓને નહિ, આ પદ્યમાં એક તો તે આસન્નભવ્યોને 'भोगसंगविवर्जित' વિશેષણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યા છે–લખ્યું છે કે જે ભોગો અને પરિગ્રહોથી સર્વથા અથવા પૂર્ણપણે વિરકત છે.–બીજું મુક્તિના હેતુનો નિર્દેશ કર્યો છે અને તે છે કર્મોનો સર્વથા વિનાશ. ત્રીજે એ ઉલ્લેખ કર્યો છે કે જે ભવાભિનંદી મુનિ હોય છે તે વિવેકશૂન્ય મૂઢ–માનસોનો આ મુક્તિમાં અતિદ્વેષભાવ રહે છે–સંસારનું અભિનંદન કરનાર દીર્ઘસંસારી હોવાથી તેમને મુક્તિની વાત ગમતી નથી અને તેથી તેઓ તેનાથી પ્રાયઃ વિમુખ બની રહે છે–તેમનાથી મુક્તિની સાધનાનો કોઇ પણ યોગ્ય પ્રયત્ન બની શકતો નથી; બધો ક્રિયાકાંડ ઉપરનો અને કોરો દેખાવમાત્ર જ રહે છે.

મુક્તિ પ્રત્યે દ્વેષ રાખવાનું કારણ તે દૃષ્ટિવિકાર છે જેને 'મિથ્યાદર્શન' કહે છે અને જેનો આચાર્ય મહોદયે આગલા પદ્યમાંજ 'ભવબીજ' રૂપે ઉલ્લેખ કર્યો છે. ૨૩.

## જેમને મુક્તિ પ્રત્યે વિદ્વેષ નથી તે ધન્ય છે.

**नास्ति येषामयं तत्र भवबीज–वियोगतः ।**
**तेऽपि धन्या महात्मानः कल्याण–फल–भागिनः ॥ २४ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—(**येषां**) જેમને (**भवबीज-वियोगतः**) ભવબીજનો–મિથ્યાદર્શનનો–વિયોગ થઈ જવાથી (**तत्र**) મુક્તિમાં (**अयं नास्ति**) આ દ્વેષભાવ નથી (**ते अपि महात्मानः धन्याः**) તે મહાત્મા પણ ધન્ય છે–પ્રશંસનીય છે–(**कल्याण-फल-भागिनः**) અને કલ્યાણરૂપ ફળના ભાગીદાર છે.

**વ્યાખ્યા:**—અહીં તે મહાત્માઓનો ઉલ્લેખ છે અને તેમને ધન્ય તથા કલ્યાણ ફળના ભાગીદાર બતાવ્યા છે જે મુક્તિ પ્રત્યે દ્વેષભાવ રાખતા નથી અને દ્વેષભાવ ન રાખવાનું કારણ ભવબીજ જે મિથ્યાદર્શન તેનો તેમને વિયોગ બતાવ્યો છે.

નિઃસંદેહ સંસારનું મૂળ કારણ 'મિથ્યાદર્શન' છે, મિથ્યાદર્શનના સંબંધથી જ્ઞાન મિથ્યાજ્ઞાન અને ચારિત્ર મિથ્યાચારિત્ર થાય છે, ત્રણેનો ભવપદ્ધતિ–સંસાર માર્ગ રૂપે ઉલ્લેખ કરવામાં આવે છે, કે જે મોક્ષમાર્ગથી વિપરીત છે.[1] આ દૃષ્ટિ વિકાર જ વસ્તુતત્ત્વને તેના અસલી રૂપમાં દેખવા નથી દેતો, તેથી જે અભિનંદનીય નથી તેનું તો અભિનંદન કરવામાં આવે છે અને જે અભિનંદનીય છે તેના પ્રત્યે દ્વેષ રખાય છે. આ પદ્યમાં જેમને ધન્ય, મહાત્મા અને કલ્યાણ ફળભાગી બતાવ્યા છે તેમાં અવિરત–સમ્યગ્દૃષ્ટિ સુધીનો સમાવેશ છે.

સ્વામી સમંતભદ્રે સમ્યગ્દર્શનવાળા ચાંડાળપુત્રને પણ 'દેવ' કહ્યો છે–આરાધ્ય બતાવ્યો છે. અને શ્રી કુંદકુંદાચાર્યે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટને ભ્રષ્ટ જ કહ્યો છે, તેને નિર્વાણની[2]–મુક્તિની પ્રાપ્તિ થતી નથી.

આ બધા કથનથી એ સ્પષ્ટ ફલિત થાય છે કે મુક્તિદ્વેષી મિથ્યાદૃષ્ટિ ભવાભિનંદી મુનિઓની અપેક્ષાએ દેશવ્રતી શ્રાવક અને અવિરત–સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ પણ ધન્ય છે, પ્રશંસનીય છે તથા કલ્યાણના ભાગી છે. સ્વામી સમંતભદ્રે આવા જ સમ્યગ્દર્શન સંપન્ન સદ્‌ગૃહસ્થોના વિષયમાં લખ્યું છે—

**गृहस्थो मोक्षमार्गस्थो निर्मोहो, नैव मोहवान् ।**
**अनगारो, गृही श्रेयान् निर्मोहो, मोहिनो मुनेः ॥**

'મોહ (મિથ્યાદર્શન[3]) રહિત ગૃહસ્થ મોક્ષમાર્ગી છે. મોહસહિત (મિથ્યાદર્શન યુક્ત) મુનિ મોક્ષમાર્ગી નથી. (અને તેથી) મોહી–મિથ્યાદૃષ્ટિ મુનિ કરતાં નિર્મોહી–સમ્યદૃષ્ટિ ગૃહસ્થ શ્રેષ્ઠ છે.'

---

૧. **सद्दृष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वरा विदुः । यदीय प्रत्यनीकानि भवन्ति भवपद्धतिः ॥** —સમંતભદ્ર

૨. **दंसणभट्टा भट्टादंसणभट्टस्स णत्थि णिव्वाणं ॥ दंसण पाहुड ।**

૩. **मोहो मिथ्यादर्शनमुच्यते ।** —રામસેન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આથી એ સ્પષ્ટ થાય છે કે મુનિમાત્રનો દરજ્જો ગૃહસ્થથી ઊંચો નથી, મુનિઓમાં મોહી અને નિર્મોહી બે પ્રકારના મુનિ હોય છે. મોહી મુનિ કરતાં નિર્મોહી બે પ્રકારના મુનિ હોય છે. મોહી મુનિ કરતાં નિર્મોહી ગૃહસ્થનો દરજ્જો ઊંચો છે-એ તેનાથી શ્રેષ્ઠ છે. આમાં હું એટલું વધારે ઉમેરવા માગું છું કે અવિવેકી મુનિ કરતાં વિવેકી ગૃહસ્થ પણ શ્રેષ્ઠ છે અને તેથી તેનો દરજ્જો અવિવેકી મુનિ કરતાં ઊંચો છે.

જે ભવાભિનંદી મુનિ મુક્તિ પ્રત્યે અંતરંગમાં દ્વેષ રાખે છે તે જૈન મુનિ અથવા શ્રમણ કેવી રીતે હોઈ શકે ? ન હોઈ શકે. જૈન મુનિઓનું તો મુખ્ય લક્ષ્ય જ મુક્તિ પ્રાપ્ત કરવાનું હોય છે. તેજ લક્ષ્ય સહિત જિનમુદ્રા ધારણ કરવી સાર્થક માનવામાં આવી છે.[૪] જો તે લક્ષ્ય ન હોય તો જૈન મુનિપણું પણ નથી; જે મુનિ તે લક્ષ્યથી ભ્રષ્ટ છે તેમને જૈન-મુનિ કહી શકાતા નથી-તેઓ ઢોંગીવેશધારી મુનિ અથવા શ્રમણાભાસ છે.

શ્રી કુંદકુંદાચાર્યે પ્રવચનસારના ત્રીજા ચારિત્ર-અધિકારમાં આવા મુનિઓને 'લૌકિક મુનિ' તથા 'લૌકિકજન' કહ્યા છે. લૌકિક મુનિના લક્ષણવાળી તેમની તે ગાથા આ રીતે છેઃ—

**णिग्गंथो पव्वइदो वट्टदि जदि एहिगेहि कम्मेहिं ।**
**सो लोगिगो त्ति भणिदो संजम–तव–संजुदो चावि ॥ ६९ ॥**

આ ગાથામાં બતાવ્યું છે કે 'જે નિર્ગ્રંથરૂપે દીક્ષિત થયો છે-જેણે નિર્ગ્રંથ દિગંબર જૈન મુનિની દીક્ષા ધારણ કરી છે-તે જો આ લોક-સંબંધી સાંસારિક દુનિયાદારીના કાર્યોમાં પ્રવૃત્ત થાય છે તો તપ-સંયમથી યુકત હોવા છતાં પણ તેને 'લૌકિક' કહેવામાં આવ્યો છે. તે પારમાર્થિક મુનિ ન હોતાં એક પ્રકારનો સાંસારિક દુનિયાદારી જીવ છે. તેના લૌકિક કાર્યોમાં પ્રવર્તનનો આશય મુનિપદને આજીવિકાનું સાધન બનાવવું, ખ્યાતિ-લાભ-પૂજાદિ માટે બધા ક્રિયાકાંડ કરવા, વૈદક, જ્યોતિષ-મંત્ર-તંત્રાદિનો વેપાર કરવો પૈસા એકઠા કરવા, લોકોના ઝઘડા-ટંટામાં ફસાવું, જુથબંધી કરવી, સાંપ્રદાયિકતાને ઉગ્ર બનાવવી, અને બીજા એવા કામ કરવા-જે થઈ શકે, જે સમતામાં બાધક હોય અથવા યોગીજનોને યોગ્ય ન હોય.

એક મહત્ત્વની બીજી વાત આના પહેલાંની ગાથામાં આચાર્ય મહોદયે કહી છે અને તે એ કે 'જેણે આગમ અને તેના દ્વારા પ્રતિપાદિત જીવાદિ પદાર્થોનો નિશ્ચય કરી લીધો છે, કષાયો શાન્ત કર્યા છે અને જે તપશ્ચર્યામાં પણ ખૂબ વધેલા છે, એવા મુનિ પણ જો લૌકિક મુનિઓ તથા લૌકિક જનોનો સંસર્ગ નથી છોડતા તો તે સંયમી મુનિ નથી હોતા

૪. **मुक्तिं यियासता धार्यं जिनलिङ्गं पटीयसा ।** —યોગસાર પ્ર. ૮-૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અથવા નથી રહી શકતા-સંસર્ગના દોષથી, અગ્નિના સંસર્ગથી જળના જેમ અવશ્ય જ વિકારને પ્રાપ્ત થઈ જાય છેઃ—

णिच्छिदसुत्तत्थपदो समिदकसाओ तवोधिगो चावि ।
लोगिगजन-संसग्गं ण चयदि जदि संजदो ण हवदि ॥ ६८ ॥

આથી લૌકિક-મુનિજ નહિ પરંતુ લૌકિક મુનિઓની અથવા લૌકિક જનોની સંગતિ ન છોડનાર પણ જૈનમુનિ હોતા નથી, એટલું વિશેષ સ્પષ્ટ થઈ જાય છે; કારણકે આ બધાની પ્રવૃત્તિ પ્રાયઃ લૌકિક હોય છે, જ્યારે જૈન મુનિઓની પ્રવૃત્તિ લૌકિક ન હોતાં અલૌકિક હોય છે; કે જે શ્રી અમૃતચન્દ્રાચાર્યના નીચેના વાક્યમાં પ્રગટ છેઃ—

अनुसरतां पदमेतत् करम्बिताचार-नित्य-निरभिमुख ।
एकान्त-विरतिरूपा भवति मुनीनामलौकिकी वृत्तिः ॥ १३ ॥

—પુરુષાર્થસિદ્ધ્યુપાય.

આમાં અલૌકિક વૃત્તિનાં બે વિશેષણ આપવામાં આવ્યાં છે-એક તો 'કરમ્બિત' (બનાવટી-દુષિત) આચારથી સદા વિમુખ રહેનારી; બીજું એકાંતપણે (સર્વથા) વિરતિ-રૂપા-કોઈ પણ પર પદાર્થમાં આસક્ત ન રહેનારી. આ અલૌકિક વૃત્તિ જ જૈનમુનિઓનો પ્રાણ અને તેમના મુનિજીવનની શોભા હોય છે. એના વિના બધું જ ફીકું અને નિઃસાર છે.

આ બધા કથનનો સાર એ નીકળ્યો કે નિર્ગ્રંથ રૂપે દીક્ષિત જિનમુદ્રાના ધારક દિગંબર મુનિ બે પ્રકારના છે-એક તે જેઓ નિર્મોહી-સમ્યગ્દષ્ટિ છે, મુમુક્ષુ-મોક્ષના અભિલાષી છે, સાચા મોક્ષમાર્ગી છે, અલૌકિક વૃત્તિના ધારક સંયત છે અને તેથી અસલી જૈન મુનિ છે. બીજા તે, જેઓ મોહના ઉદયવશ દષ્ટિ-વિકારવાળા મિથ્યાદષ્ટિ છે, અંતરંગમાં મુક્તિ-દ્વેષી છે, બહારથી દંભી મોક્ષમાર્ગી છે, લોકારાધન માટે ધર્મક્રિયા કરનાર ભવાભિનંદી છે, સંસાર આવર્તમાં ફરનારા છે, પરિણામે અસંયત છે અને તેથી અસલી જૈન મુનિ ન હોતાં નકલી મુનિ અથવા શ્રમણાભાસ છે. બન્નેની કેટલીક બાહ્ય ક્રિયાઓ તથા વેશ સામાન્ય હોવા છતાં પણ બન્નેને એક કહી શકાતા નથી, બન્નેમાં વાસ્તવમાં જમીન આસમાનનું અંતર છે, એક કુગુરુ સંસાર-ભ્રમણ કરનાર-કરાવનાર છે તો બીજા સુગુરુ સંસાર બંધનથી છૂટનાર-છોડાવનાર છે. તેથી જ આગમમાં એકને વંદનીય અને બીજાને અવંદનીય બતાવ્યા છે. સંસારના મોહી પ્રાણી પોતાની સાંસારિક ઇચ્છાઓની પૂર્તિ માટે ભલે કોઇ પરમાર્થે અવંદનીયના વંદન-વિનયાદિ કરે-કુગુરુને સુગુરુ માની લે-પરંતુ એક શુદ્ધ સમ્યગ્દષ્ટિ એમ નહિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે. ભય, આશા, સ્નેહ અને લોભમાંથી કોઈને પણ વશ થઇને તેને માટે તેવું કરવાનો નિષેધ છે.[1] ૨૪.

## મલિન ચિત્ત જીવ મોક્ષમાર્ગને મલિન કરે છે.

**संज्ञानादिरुपायो यो निवृतेर्वर्णितो जिनैः ।**
**मलिनोकरणे तस्य प्रवर्तन्ते मलीमसाः ॥ २५ ॥**

**શબ્દાર્થ:**—( **जिनैः** ) જિનેન્દ્રદેવોએ ( **निर्वृतेः** ) મોક્ષનો ( **यः उपायः** ) જે ઉપાય ( **संज्ञानादि** ) સમ્યક્ જ્ઞાનાદિ રૂપ ( **वर्णितः** ) વર્ણવ્યો છે ( **तस्य** ) તેને (**मलीमसाः**) મલિન ચિત્ત સાધુ તથા ગૃહસ્થ વિદ્વાન તેને ( **मलीनीकरणे** ) મલિન કરવામાં ( **प्रवर्तन्ते** ) પ્રવૃત્ત થાય છે

**વ્યાખ્યા:**—મોક્ષનો જે માર્ગ સમ્યગ્જ્ઞાનાદિ–શુદ્ધ રત્નત્રયરૂપ જિનેન્દ્રદેવદ્વારા વર્ણવાયો છે તેને મલિન કરવામાં તેજ પ્રવૃત્ત થાય છે જે મલિન હૃદય હોય છે. તેથી જ લોકપંક્તિમાં પ્રવૃત્ત થનાર ભવાભિનંદી મુનિને ‘ મલિન અંતરાત્મા ’ ( ૨૦ ) કહ્યો છે. ૨૫.

## મુક્તિ માર્ગના આરાધન તથા વિરાધનનું ફળ.

**आराधने[1] यथा तस्य फलमुक्तमनुत्तरम् ।**
**मलिनीकरणे तस्य तथानर्थो बहुव्यथः ॥ २६ ॥**

**શબ્દાર્થ:**—( **यथा** ) જેવી રીતે ( **तस्य आराधने** ) સમ્યગ્જ્ઞાનાદિરૂપ મુક્તિમાર્ગની આરાધના–સાધના કરતાં ( **फलमुक्तमनुत्तरम्** ) તેનું ફળ અતિ ઉત્તમ મોક્ષસુખ કહેવામાં આવ્યું છે ( **तथा** ) તેવીજ રીતે ( **तस्य मलिनी करणे**) તે માર્ગને મલિન કરતાં તેનું ફળ ( **अनर्थः बहुव्यथः** ) મોટા અનર્થરૂપ અને દુઃખરૂપ કહેવામાં આવ્યું છે.

**વ્યાખ્યા:**—જે મોક્ષમાર્ગનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેના આરાધનનું ફળ જ્યાં પરમોત્કૃષ્ટ સુખની પ્રાપ્તિરૂપ હોય છે ત્યાં તેના વિરાધન અથવા મલિનીકરણનું ફળ ઘણું દુઃખ તથા અનર્થરૂપે હોય છે, એવું અહીં વિધાન કરવામાં આવ્યું છે. ૨૬

---

૧. **भयाशास्नेहलोभाच्च कुदेवागमलिङ्गिनाम् ।**
**प्रणामं विनयं चैव न कुर्युः शुद्धदृष्टयः ॥** —સ્વામી સમંતભદ્ર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## માર્ગની મલિનતાથી થનાર અનર્થનું સૂચન

**तुङ्गारोहणतः पातो यथा तृप्तिर्विषान्नतः ।**
**यथानर्थोऽवबोधादि–मलिनीकरणे तथा ॥ २७ ॥**

શબ્દાર્થ:—( यथा ) જેવી રીતે ( तुङ्गारोहणतः पातो ) ઊંચી નિસરણી પરથી પડવું તથા ( विषान्नतः तृप्तिः ) વિષમિશ્રિત ભોજનથી તૃપ્તિ થવી ( अनर्थः ) અનર્થકારી છે, ( तथा ) તેવી જ રીતે ( अवबोधादि–मलिनी करणे ) સમ્યગ્જ્ઞાનાદિને મલિન-દૂષિત કરવું અનર્થકારી છે.

વ્યાખ્યા:—મોક્ષમાર્ગને મલિન કરતાં જે અનર્થની વાત પાછલા પદ્યમાં કહેવામાં આવી છે તેનો અહીં બે ઉદાહરણો દ્વારા કાંઇક આભાસ કરાવવામાં આવ્યો છે—એક છે ઊંચી સીડી ઉપરથી પતન, જેટલો કોઈ અધિક ઊંચો ચડીને પડશે એટલો જ તે અધિક દુઃખી થશે. બીજું ઉદાહરણ છે વિષ-મિશ્રિત અન્નના ભોજનથી તૃપ્તિનું–આવા ઝેરી ભોજનથી જેટલી કોઇને અધિક તૃપ્તિ થશે તેટલીજ અધિક તેને વેદના ભોગવવી પડશે. એ જ દુઃખ તથા અનર્થની સ્થિતિ નિર્મળ સમ્યગ્જ્ઞાનાદિને મલિન કરતાં થાય છે. ૨૭.

## હિંસા પાપનો બંધ કોને અને કોને નહિ.

**[१]अयत्नचारिणो हिंसा मृते जीवेऽमृतेऽपि च ।**
**प्रयत्नचारिणो बन्धः समीतस्य वधेऽपि नो ॥ २८ ॥**

શબ્દાર્થ:—( अयत्नचारिणः ) જે યત્નાચાર રહિત ( પ્રમાદી ) છે તેને ( जीवे मृते अमृते अपि च ) જીવ મરે કે ન મરે તો પણ ( हिंसा ) હિંસા થાય છે અને જે ( समीतस्य प्रयत्नचारिणः ) ઇર્યાદિ સમિતિઓ સહિત થઇને યત્નાચારી છે તેને ( वधे अपि नो बंधः ) જીવનો ઘાત થવા છતાં પણ ( હિંસા કર્મનો ) બંધ થતો નથી.

વ્યાખ્યા:—મોક્ષમાર્ગના અંગભૂત સમ્યક્ચારિત્રમાં હિંસાની પૂર્ણપણે નિવૃત્તિરૂપ અહિંસા મહાવ્રતની પ્રધાનતા છે, તે અહિંસા મહાવ્રતની મલિનતાનો વિચાર કરતાં અહીં સિદ્ધાંતરૂપે એક બહુજ મહત્ત્વની સૂચના કરવામાં આવી છે અને તે એ કે હિંસા–અહિં-

---

૧. मरदु न जियदु व जीवो अयदाचारस्स णिच्छिदा हिंसा ।
पयदस्स णत्थि बंधो हिंसा मेत्तेण समिदस्स ॥ ३-१७ ॥—પ્રવચનસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાનો સંબંધ કોઈ જીવના મરવા-ન મરવા (જીવવા) પર આધારિત નથી, કોઈ જીવ ન મરે પરંતુ જે અયત્નાચારી પ્રમાદી છે તેને હિંસાનો દોષ લાગતાં મહાવ્રત મલિન થાય જ છે. અને જે પ્રયત્નપૂર્વક માર્ગ શોધતો થકો સાવધાનીથી ચાલે છે, છતાં પણ તેના શરીરથી કોઇ જીવનો ઘાત થઇ જાય છે તો તે જીવઘાતનો તેને કોઇ દોષ લાગતો નથી અને તેથી તેનું અહિંસા મહાવ્રત મલિન થતું નથી. સારાંશ એ નીકળ્યો કે આપણું અહિંસાવ્રત આપણી પ્રમાદચર્યાથી મલિન થાય છે કોઇ જીવની માત્ર હિંસા થઈ જવાથી નહિ. તેથી સાધુએ પોતાના વ્રતની રક્ષા માટે સદા પ્રમાદના ત્યાગપૂર્વક યત્નાચારથી પ્રવર્તવું જોઇએ. આ વિષયમાં શ્રી અમૃતચંદ્રસૂરિનું નીચેનું હેતુ–પુરસ્સરનું વાક્ય સદા ધ્યાનમાં રાખવા યોગ્ય છેઃ—

युक्ताचरणस्य सतो रागाद्यावेशमन्तरेणापि ।
न हि भवति जातु हिंसा प्राणव्यपरोपणादेव ॥ ४५ ॥
व्युत्थानावस्थायां रागादीनां वशप्रवृत्तायाम् ।
म्रियतां जीवो मा वा धावत्यग्रे ध्रुवं हिंसा ॥ ४६ ॥
यस्मात्सकषायः सन् हन्त्यात्मा प्रथममात्मनात्मानम् ।
पश्चाज्जायेत न वा हिंसा प्राण्यन्तराणां तु ॥ ४७ ॥

—પુરુષાર્થસિદ્ધયુપાય.

આમાં બતાવ્યું છે કે 'જે સાધુ યત્નાચારથી પ્રવર્તે છે તેને રાગાદિના આવેશનો અભાવ હોવાથી કોઇનો પ્રાણવ્યપરોણ થઈ જવા છતાં પણ કદી હિંસા નથી થતી. રાગાદિને વશ થઇને પ્રવૃત્ત થનારી પ્રમાદ અવસ્થામાં તો કોઈ જીવ મરે કે ન મરે હિંસા આગળ આગળ દોડતી ચાલે છે–નિશ્ચતરૂપે હિંસા થાય જ છે. કારણ કે જે જીવ કષાયરૂપ પ્રવૃત્ત થાય છે તે પહેલાં પોતાના દ્વારા પોતાનો જ ઘાત કરે છે પછી બીજા જીવોનો ઘાત થાય કે ન થાય–એ તેમના ભવિષ્ય સાથે સંબંધ રાખે છે. ૨૮.

## પૂર્વકથનનું સ્પષ્ટીકરણ.

[१]पादमुत्क्षिपतः साधोरीर्यासमिति–भागिनः ।
यद्यपि म्रियते सूक्ष्मः शरीरी पाद–योगतः ॥ २९ ॥

१. उच्चालियम्हि पाए इरियासमिदस्स णिग्गमत्थाए ।
आबाधेज्ज कुलिंगं मरिज्जं तं जोगमासेज्ज ॥ १८१ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथापि तस्य तत्रोक्तो[२] बन्धः सूक्ष्मोऽपि नागमे ।**
**प्रमाद–त्यागिनो यद्वन्निर्मूर्च्छस्य परिग्रहः ॥ ३० ॥**

**શબ્દાર્થ:**—(यद्यपि) જો કે (ईर्यासमिति–भागिनः) ઈર્યાસમિતિથી યુક્ત–સારી રીતે જોઈ તપાસીને સાવધાનીથી ચાલતા–(साधोः) યોગીને (पादमुत्क्षिपतः) પગ ઉપાડીને મૂકતી વખતે (કોઈ કોઈ વાર) (सूक्ष्मः) સૂક્ષ્મ (शरीरी) જંતુ (पाद–योगतः) પગનીચે આવીને (म्रियते) મરી જાય છે (तथापि) તો પણ (आगमे) જિનાગમમાં (तस्य प्रमाद–त्यागिनः) તે પ્રમાદ–ત્યાગી યોગીને (तत्र) તે જીવઘાતથી (सूक्ष्मोऽपि बन्धः) સૂક્ષ્મ પણ બંધ હોવાનું (न उक्तः) કહેવામાં આવ્યું નથી. (यद्वत् निर्मूर्च्छस्य परिग्रहः) જેવી રીતે મૂર્ચ્છા–મમતા રહિતને પરિગ્રહ કહેવામાં આવ્યો નથી તેમ.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે તે જ આ બન્ને પદ્યોમાં ઉદાહરણ સાથે સ્પષ્ટ કરીને બતાવવામાં આવેલ છે. એક સાધુ ઈર્યા સમિતિથી ચાર હાથ આગળની ભૂમિ જોતાં–શોધતાં એવી સાવધાની પૂર્વક મંદગતિથી ચાલતા જઈ રહ્યા છે કે કોઈ જીવ ઉપર તેમનો પગ ન પડી જાય, છતાં પણ કોઈ સૂક્ષ્મ જીવ પગ ઉપાડતી વખતે અચાનક આમતેમથી આવીને પગની નીચે આવી જાય અને મરી જાય તો તે જીવના વધનો સૂક્ષ્મ પણ પાપ બંધ જૈનાગમની દૃષ્ટિએ તે પ્રમાદ રહિત સાધુને થતો નથી, જેવી રીતે મૂર્ચ્છા (મમત્વ–પરિણામ) રહિતને પરિગ્રહનો દોષ લાગતો નથી; કારણ કે 'मूर्च्छा परिग्रहः' પરિગ્રહનું લક્ષણ જ મૂર્ચ્છા કહેવામાં આવ્યું છે. અને 'मूर्च्छा तु ममत्व–परिणामः' આ લક્ષણ પ્રમાણે મૂર્ચ્છા મમત્વ–પરિણામનું નામ છે. તેથી જ સમવસરણ જેવી મહાવિભૂતિ હોવા છતાં પણ મમત્વપરિણામના જનક મોહનીય કર્મનો અભાવ થઈ જવાથી તીર્થંકર પરમદેવ પરિગ્રહના દોષથી અલિપ્ત રહે છે. ૨૯–૩૦.

## અંતરંગ પરિગ્રહ ન છોડતાં બાહ્ય પરિગ્રહ છોડનાર પ્રમાદી છે.

**प्रमादी त्यजति ग्रन्थं बाह्यं मुक्त्वापि नान्तरम् ।**
**हित्वापि कञ्चुकं सर्पो गरलं न हि मुञ्चते ॥ ३१ ॥**

**શબ્દાર્થ:**—(प्रमादी) જે પ્રમાદી (मुनि) છે તે (अन्तरं ग्रन्थं न मुक्त्वा अपि) અંતરંગ પરિગ્રહ ન છોડવા છતાં પણ (बाह्यं त्यजति) બાહ્ય પરિગ્રહને છોડે છે. (બરા-

२. ण हि तस्स तण्णिमित्तो बंधो सुहुमो यदेसिदो समये ।
मुच्छा परिग्गहो च्चिय अज्झप्पपमाणदो दिट्ठो ॥ १८२ ॥ —પ્રવચનસાર અ. ૩.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બર છે.) (**सर्पः**) સાપ (**कञ्चुकं हित्वा अपि**) કાંચળીને છોડીને પણ (**गरलं न हि मुञ्चते**) વિષને છોડતો નથી.

**વ્યાખ્યાઃ**—જે રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ અંતરંગ પરિગ્રહોનો ત્યાગ ન કરતાં વસ્ત્રાદિ બાહ્ય પરિગ્રહોનો ત્યાગ કરે છે તે નિર્ગ્રંથ સાધુને અહીં 'પ્રમાદી' કહ્યો છે, તે વિષને ન છોડતાં કાંચળી છોડનાર સર્પ જેવો હોય છે. આવા જ નિર્ગ્રંથ મુનિઓનું લક્ષ્ય કરીને શ્રી મલ્લિસેનાચાર્યે સજ્જનચિત્તવલ્લભમાં લખ્યું છેઃ—

**किं वस्त्र–त्यजनेन भो मुनिरसावेतावता जायते ।**
**क्ष्वेडेन च्युतपन्नगो गतविषः किं जातवान् भूतले ॥**

એમાં બતાવ્યું છે કે હે મુનિ ! વસ્ત્રને છોડવા માત્રથી જ શું કોઇ મુનિ થઇ જાય છે? શું આ પૃથ્વી ઉપર કાંચળી છોડવાથી કોઇ સાપ ઝેરરહિત થયો છે? ૩૧.

## અંતઃશુદ્ધિ વિના બાહ્ય શુદ્ધિ વિશ્વાસપાત્ર નથી.

**अन्तःशुद्धिं विना बाह्या न साश्वासकरी मता ।**
**धवलोऽपि बको बाह्ये हन्ति मीनाननेकशः ॥ ३२ ॥**

**શબ્દાર્થઃ**—(**अन्तः शुद्धिं विना**) અંતરંગની શુદ્ધિ વિના (**बाह्या न साश्वासकरी मता**) બાહ્ય શુદ્ધિ વિશ્વાસને યોગ્ય હોતી નથી. (**बकः**) બંગલો (**बाह्ये धवलः अपि**) બાહ્યમાં ઉજ્જવળ હોવા છતાં પણ (અંતરંગ શુદ્ધિ ના અભાવમાં) (**अनेकशः मीनान् हन्ति**) અનેક માછલીઓ માર્યા કરે છે.

**વ્યાખ્યાઃ**—અંતઃશુદ્ધિ વિના બાહ્યશુદ્ધિ વિશ્વાસનું કારણ થતી નથી, આ વાતને સ્પષ્ટ કરતાં અહીં બગલાનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે જે બાહ્યમાં સ્વચ્છ ધવલ હોવા છતાં પણ અંતરંગમાં મલિનતાને કારણે અનેક માછલીઓ માર્યા કરે છે. તેની આ અંતઃશુદ્ધિ વિનાની કપટવૃત્તિને લીધે જ કોઇ કવિએ કહ્યું છે–

'ઉજ્જવળ વર્ણ અધીન ગતિ એક ચરણ દો ધ્યાન
મૈં જાના કોઇ સાધુ હૈ, નિરી કપટકી ખાન.'

આથી જ જે સાધુઓનું અંતરંગ શુદ્ધ હોતું નથી તેમને 'બગભગત' કહેવામાં આવે છે. તેમનો વિશ્વાસ કરવામાં આવતો નથી, જે ભૂલથી વિશ્વાસ કરી બેસે છે તે ઠગાય છે, હાનિ પામે છે. ૩૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રમાદી તથા નિષ્પ્રમાદી યોગીની સ્થિતિ.

**[1]योगी षट्स्वपि [2]कायेषु सप्रमादः प्रबध्यते ।**
**सरोजमिव तोयेषु निष्प्रमादो न लिप्यते ॥३३॥**

**શબ્દાર્થ:**—( **योगी** ) જે યોગી ( **षट्स्वपि कायेषु** ) ષટ્ કાયના જીવોમાં ( **सप्रमादः** ) પ્રમાદથી પ્રવર્તે છે તે ( **प्रबध्यते** ) કર્મોથી બંધાય છે અને ( **निष्प्रमादः** ) જે પ્રમાદથી પ્રવર્તતો નથી તે ( **तोयेषु** ) જળમાં ( **सरोजमिव** ) કમળની જેમ ( **न लिप्यते** ) લેપાતો નથી.

**વ્યાખ્યા:**—સંસારી જીવ ત્રસ–સ્થાવરના ભેદથી બે પ્રકારના હોવા છતાં પણ કાયની દૃષ્ટિએ છ પ્રકારના છે- પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ તથા વનસ્પતિના શરીરને ધારણ કરનાર–પાંચ પ્રકારના એકેન્દ્રિય સ્થાવર જીવ હોય છે અને બે ઈન્દ્રિયાદિ રૂપ ત્રસ શરીર ધારણ કરનાર ત્રસ જીવ કહેવાય છે. આ છ યે પ્રકારના દેહ–ધારી જીવો પ્રત્યે જે યોગી પ્રમાદથી પ્રવર્તે છે તે હિંસાના દોષનો ભાગીદાર થઈને કર્મબંધન પામે છે અને જેની પ્રવૃત્તિ પ્રમાદરૂપ ન હોતાં યત્નાચાર સહિત હોય છે તે જળમાં કમળની જેમ નિર્લેપ રહે છે–કર્મબંધ પામતો નથી. ૩૩.

## જીવઘાત થતાં બંધ થાય અથવા ન પણ થાય, પરિગ્રહથી તે નિશ્ચતપણે થાય.

**[3]साधुर्यतोऽङ्गिघातेऽपि कर्मभिर्बध्यते न वा ।**
**उपधिभ्यो[4] ध्रुवो बन्ध स्त्याज्यास्तैः सर्वथा ततः ॥३४॥**

**શબ્દાર્થ:**— ( **यतः** ) કારણ કે કાયચેષ્ટા દ્વારા ( **अङ्गिघाते अपि** ) જીવનો ઘાત થવા છતાં પણ ( **साधुः** ) સાધુ ( કોઈવાર તો પ્રમાદ રૂપ અશુદ્ધ ઉપયોગોને કારણે ) ( **कर्मभिः** ) કર્મોથી ( **बध्यते** ) બંધાય છે ( **न वा** ) અથવા કોઈવાર તો ( અપ્રમાદરૂપ શુદ્ધ ઉપયોગને કારણે ) નથી પણ બંધાતો, પરંતુ ( **उपधिभ्यः** ) પરિગ્રહો દ્વારા તો ( **ध्रुवो बन्धः** )

---

१. अयदाचारो समणो छस्सु वि कायेसु वधकरो त्ति मदो।
चरदि जेदं जदि णिच्चं कमलं व जले णिरुवले वो ॥ ३–૧૮ પ્રવચનસાર
२. आ षडपि ।
३. हवदि व ण हवदिबंधो महम्हि जीवेऽध कायचेट्ठमि ।
बंधो धुवमुवधीदो इदि समणा छड्डिया सव्वं ॥ ३–१९ ॥ —પ્રવચનસાર
४. मु उपाधिभ्यो ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચત બંધ થાય છે, ( ततः ) તેથી ( तैः ) સાધુઓ દ્વારા ( सर्वथा त्याज्याः ) પરિગ્રહો સર્વથા ત્યાજ્ય છે.

**વ્યાખ્યા:**—કાયચેષ્ટાથી જીવનો ઘાત થવામાં તો બંધના વિષયમાં અનેકાંત છે, તે કોઈ વાર થાય છે અને કોઈ વાર નથી પણ થતો. અંતરંગમાં જો પ્રમાદરૂપ અશુદ્ધ ઉપયોગનો સદ્ભાવ હોય તો થાય છે અને સદ્ભાવ ન હોય પરંતુ અભાવ હોય તો બંધ નથી થતો, પરંતુ પરિગ્રહના વિષયમાં બંધનો અનેકાન્ત નથી પરંતુ એકાન્ત છે-તે અવશ્ય જ થાય છે. તેથી જ સાચા મુમુક્ષુ સાધુ પરિગ્રહોનો સર્વથા ત્યાગ કરે છે-કોઇમાં પણ પોતાનું મમત્વ રાખતા નથી. ૩૪.

## એકપણ પરિગ્રહ ન ત્યાગવાનું પરિણામ.

**[1]एकत्राप्यपरित्यक्ते चित्तशुद्धिर्न विद्यते ।**
**चित्तशुद्धिं विना साधोः कुतस्यात्कर्म-विच्युतिः ॥ ३५ ॥**

**શબ્દાર્થ:**—( एकत्र अपि अपरित्यक्ते ) એક પણ પરિગ્રહ ન ત્યાગવાથી ( પૂર્ણપણે ) ( चित्तशुद्धिः न विद्यते ) ચિત્તશુદ્ધિ થતી નથી. અને ( चित्तशुद्धिं विना ) ચિત્તશુદ્ધિ વિના ( साधोः ) સાધુને ( कुतस्स्यात् कर्म-विच्युतिः ) કર્મોથી મુક્તિ કેવી ?

**વ્યાખ્યા:**—ભૂમિ, ભવન, ધન-ધાન્યાદિના ભેદથી બાહ્ય પરિગ્રહ દસ પ્રકારનો અને મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્યાદિના ભેદથી અંતરંગ પરિગ્રહ ચૌદ પ્રકારનો કહેવામાં આવ્યો છે. આ ચોવીસ પ્રકારના પરિગ્રહોમાંથી જો એકનો પણ ત્યાગ ન કરવામાં આવે તો ચિત્તશુદ્ધિ પુરી થતી નથી અને જ્યાંસુધી ચિત્તશુદ્ધિ પુરી થતી નથી ત્યાંસુધી કર્મોથી મુક્તિ પણ પૂર્ણપણે થતી નથી. તેથી મુક્તિના ઈચ્છક સાધુએ બધા પરિગ્રહોનો ત્યાગ કરીને પોતાનો ઉપયોગ શુદ્ધ કરવો જોઇએ. તેથી જ શ્રી કુંદકુંદાચાર્યે પરિગ્રહત્યાગને નિરપેક્ષ બતાવ્યો છે. જો તે નિરપેક્ષ ન હોતાં તિલતુષ માત્ર થોડાક પણ પરિગ્રહની અપેક્ષા રાખે છે તો તેનાથી સાધુને શુદ્ધોપયોગ થતો નથી; જેવી રીતે બાહ્યમાં જ્યાંસુધી તુષનો ( ફોતરાનો ) સંબંધ રહે છે ત્યાંસુધી ચોખાના કણમાં જે લાલાશરૂપ મળ છે તે દૂર થતો નથી-જે સાધુને શુદ્ધોપયોગ નથી થતો તેને કર્મોથી મુક્તિ પણ નથી થતી-રાગ-દ્વેષથી પ્રવૃત્તિમાં શુભ અશુભ કર્મ બંધાયા જ કરે છે. ૩૫.

---

१. ण हि णिरवेक्खो चागो ण हवदि भिक्खुस्स आसयविसुद्धा ।
अविसुद्धस्स य चित्ते कहं णु कम्मखओ विहिओ ॥ ३-२० ॥ —પ્રવચનસાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વસ્ત્રના ટૂકડાનો ધારક સાધુ નિરાલંબ-નિરારંભ થઇ શકતો નથી.

[१] "सूत्रोक्त'मिति गृह्णानश्चेलखण्डमिति स्फुटम् ।
निरालम्बो निरारम्भः संयतो जायते कदा ॥ ३६ ॥

**શબ્દાર્થ:**—( **संयतः** ) જે સંયમી-મુનિ ( **सूत्रोक्तमिति** ) 'આગમમાં કહ્યું છે.' એમ કહીને ( **गृह्णानः चेलखंडम् इति स्फुटम्** ) વસ્ત્રખંડને ( લંગોટી વગેરેને ) સ્પષ્ટ પણે ધારણ કરે છે તે ( **निरालम्बो** ) નિરાલંબ અને ( **निरारम्भः** ) નિરારંભ ( **कदा जायते** ) ક્યારે થાય ? કદી પણ થઈ શક્તો નથી.

**વ્યાખ્યા:**—જો સાધુને વસ્ત્રખંડ આદિ રાખવાનું શાસ્ત્ર-સંમત માનવામાં આવે તો તે સાધુ કદી પણ આલંબનરહિત-પરની અપેક્ષા-અધીનતા વર્જિત અને નિરારંભ-સ્વ-પર-ઘાતથી શૂન્ય-નહિ થઈ શકે. સદા પરાધીન તથા હિંસક બની રહેશે અને તેથી સ્વાત્મો-પલબ્ધિરૂપ સિદ્ધિ અને મુક્તિ પ્રાપ્ત નહિ કરી શકે. ૩૬.

## વસ્ત્ર-પાત્ર ગ્રાહી યોગીને પ્રાણઘાત અને ચિત્તવિક્ષેપ અનિવાર્ય છે.

[२]अलाबु-भाजनं वस्त्रं गृह्णतोऽन्यदपि ध्रुवम् ।
प्राणारम्भो यतेश्चेतो व्याक्षेपो वार्यते कथम् ॥ ३७ ॥

**શબ્દાર્થ:**—( **अलाबु-भाजनं** ) તુંબી પાત્ર, ( **वस्त्रं** ) વસ્ત્ર તથા ( **अन्यत अपि ध्रुवम् गृह्णतः** ) અન્ય પણ પરિગ્રહનું નિશ્ચિત રૂપે ગ્રહણ કરનાર ( **यतेः** ) સાધુને ( **प्राणारम्भः** ) પ્રાણવધ અને ( **चेतोव्याक्षेपः** ) અને ચિત્તનો વિક્ષેપ ( **कथं वार्यते** ) કેવી રીતે નિવારી શકાય ?-ન નિવારી શકાય.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં યોજેલ 'ચેલખંડ' પદ જો કે 'વસ્ત્રખંડમાત્ર' નો વાચક છે પરંતુ ઉપલક્ષણથી તેમાં વાસણ વગેરે પણ સામેલ છે, એ જ વાત અહીં 'વસ્ત્ર'

---

१. गेण्हदि व चेलखंडं भायणमत्थित्ति भणिदमिह सुत्ते ।
जदि सो चत्तालंबो हवदि कहं वा अणारंभो ॥ २२ ॥-(क)—પ્રવચનસાર અ. ૩.
२. वत्था खंडं दुद्दिय भायणमण्णं च गेण्हदि णियदं ।
विज्जदि णाणारंभो विक्खेवो तस्स चित्तम्मि ॥ २२ ॥-(ख)—પ્રવચનસાર અ. ૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પદ સાથે ‘ अलाबु-भाजनं ’ અને ‘ अन्यदपि ’ પદો દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ છે, ‘ अन्यत् ’ શબ્દ કામળી તથા કોમળ પથારી આદિનો વાચક-સૂચક છે અને તેથી તેમને પણ ‘ सूत्रोक्त ’ પરિગ્રહની કોટિમાં લેવો જઇએ. આ પર-પદાર્થોના ગ્રહણમાં પ્રવૃત્ત યોગીને પ્રાણઘાત અને ચિત્તના વિક્ષેપનું નિરાકરણ કરી શકાતું નથી, શુદ્ધોપયોગ ન થવાથી તે બન્ને બરાબર થયા જ કરે છે. ‘ अलाबु-भाजन ’ અને પ્રવચનસારનું ‘ द्रग्धिका भाजन ’ બન્ને એક જ અર્થના વાચક છે. ૩૭ .

## વિક્ષેપની અનિવાર્યતા અને સિદ્ધિનો અભાવ.

[1]स्थापनं चालनं रक्षां क्षालनं शोषणं यतेः ।
कुर्वतो वस्त्रपात्रादेर्व्याक्षेपो न निवर्तते ॥ ३८ ॥
[2]आरम्भोऽसंयमो मूर्च्छा कथं तत्र निषिध्यते ।
पर-द्रव्य-रतस्यास्ति स्वात्म-सिद्धिः कुतस्तनी ॥ ३९ ॥

શબ્દાર્થ:—( यतेः ) જે યોગી ( वस्त्रपात्रादेः ) વસ્ત્રપાત્રાદિને ( स्थापनं ) રાખવાં-મૂકવાં, ( चावनं ) ચલાવવાં, ( रक्षां ) રક્ષા કરવી, ( क्षालनं शोषणं ) ધોવાં-સૂકવવાં આદિ ( कुर्वतः ) કરે છે તેને ( व्याक्षेपः न निवर्तते ) ચિત્તનો વિક્ષેપ મટતો નથી. ( तत्र ) તે ( કામ ) કરતાં ( आरम्भः असंयमः ) આરંભ, અસંયમ ( मूर्च्छा ) તથા મમતાનો ( कथं निषिध्यते ) નિષેધ ( અભાવ ) કેવી રીતે બની શકે ? ન બની શકે અને ( पर-द्रव्य-रतस्य ) આ રીતે પરદ્રવ્યમાં આસક્ત સાધુને ( स्वात्म-सिद्धिः कुतस्तनी अस्ति ) સ્વાત્મ સિદ્ધિ કેવી ?-તે થઈ શકતી નથી.

વ્યાખ્યા:—વસ્ત્ર-પાત્રાદિ-પરિગ્રહો રાખીને જે કાર્ય સાધુને કરવાં પડે છે તેમનો સંક્ષેપમાં ઉલ્લેખ કરીને અહીં ચિત્તવિક્ષેપને સ્પષ્ટ કરવામાં આવેલ છે. સાથે જ એ બતાવ્યું છે કે ઉક્ત કાર્યો કરતાં પ્રાણવધનો, અસંયમનો અને મમત્વ-પરિણામનો અભાવ કેવી રીતે બની શકે ? ન બની શકે. અને આ અભાવ નહિ બની શકવાથી પરદ્રવ્યમાં રતિને કારણે સ્વાત્મસિદ્ધિ કેવી રીતે થઇ શકે ? તે કોઈ પ્રકારે પણ ન બની શકે અને

१. गेण्हइ विधुणइ धोवइ सोसेइ जदं तु आदवे खित्ता ।
पत्थं च चेलखंडं विभेदे परदो य पालयदि ॥ ३-२१ ( ग ) ॥ —પ્રવચનસાર.
२. किध तम्हि णत्थि मुच्छा आरंभो वा असंजमो तस्स ।
तध परदव्वम्मि रदो कधमप्पाणं पसाधयदि ॥ ३-२१ ॥ —પ્રવચનસાર.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી સ્વાત્મ-સાધનાનો મૂળ ઉદ્દેશ્ય જ નષ્ટ થઇ જાય છે. તેથી ઉક્ત પરિગ્રહો રાખવા સર્વથા ઉચિત કહી શકાતા નથી. ૩૮-૩૯.

## જેનાં ગ્રહણ-ત્યાગ કરતાં કોઈ દોષ ન લાગે તેમાં પ્રવૃત્તિની વ્યવસ્થા.

[૧]न यत्र विद्यते च्छेदः कुर्वतो ग्रह-मोक्षणे ।
द्रव्यं क्षेत्रं परिज्ञाय साधुस्तत्र प्रवर्तताम् ॥ ४० ॥

**શબ્દાર્થઃ**—( **यत्र ग्रह-मोक्षणे** ) જેમાં બાહ્ય પરિગ્રહનાં ગ્રહણ-ત્યાગ ( **कुर्वतः** ) કરતાં (**च्छेदः न विद्यते**) સાધુને દોષ લાગતો નથી-પ્રાયશ્ચિત્તની આવશ્યકતા હોતી નથી-( **तत्र** ) તેમાં ( **द्रव्यं क्षेत्रं परिज्ञाय** ) દ્રવ્ય-ક્ષેત્ર સારી રીતે જાણીને ( **साधुः** ) સાધુ ( **प्रवर्तताम्** ) પ્રવર્તે.

**વ્યાખ્યાઃ**—અહીં અપવાદ માર્ગની દ્રષ્ટિથી કથન કરવામાં આવ્યું છે. ઉત્સર્ગ માર્ગમાં આત્માના પોતાના શુદ્ધાત્મભાવ સિવાય બીજા પરદ્રવ્ય-પુદ્ગલનો કોઇ ભાવ હોતો નથી તેથી તેમાં બધાં પરિગ્રહોનો પૂર્ણપણે ત્યાગ કહ્યો છે. અપવાદ માર્ગ તેનાથી કાંઇક ભિન્ન છે, તેમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની દ્રષ્ટિ એ અશક્તિને કારણે કેટલાક બાહ્ય પરિગ્રહનું ગ્રહણ કરવામાં આવે છે, તે જ પરિગ્રહ સંબંધમાં અહીં કેટલીક વ્યવસ્થા કરવામાં આવી છે અને તે એ છે કે જે પરિગ્રહના ગ્રહણ-ત્યાગમાં તેના સેવન કરનારને છેદ-દોષ ન લાગે-શુદ્ધોપયોગરૂપ સંયમનો ઘાત ન થાય-તે પરિગ્રહને તે સાધુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જાણીને ગ્રહણ કરી શકે છે. અહીં યોજેલ '**द्रव्यं क्षेत्रं**' પદ ઉપલક્ષણથી કાળ અને ભાવના પણ સૂચક છે, પ્રવચનસારમાં જ્યાં '**कालं**' '**खेत्तं**' પદોનો પ્રયોગ છે ત્યાં આ પદ્યમાં '**द्रव्यं**' '**क्षेत्रं**' પદોનો પ્રયોગ છે કે જે ઉપલક્ષણથી સ્વામી સમંતભદ્રની દ્રષ્ટિ અનુસાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ચારેનો દ્યોતક જણાય છે, એ જ આમાં પ્રવચનસારના કથનથી વિશેષતા પ્રાપ્ત થાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ચારેના પરિજ્ઞાનથી જ વસ્તુનું બરાબર પરિજ્ઞાન થાય છે અને તેથીંજ પોતાની શક્તિ માપીને અપવાદ માર્ગનું ગ્રહણ કરવામાં આવે છે. અહીં તેજ અપવાદ માર્ગ ગ્રાહ્ય છે જેમાં છેદને માટે સ્થાન ન હોય-એવો કોઈ બાહ્ય પરિગ્રહ ગ્રહવામાં ન આવે જે પોતાના શુદ્ધોપયોગરૂપ સંયમનો ઘાતક હોય. ૪૦

---

૧. छेदो जेण ण विज्जदि गहण-विसग्गेसु सेवमाणस्स ।
समणो तेणिह वट्टदु कालं खेत्तं वियाणित्ता ॥ ३-२२ ॥ —પ્રવચનસાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કયા પદાર્થનું ગ્રહણ ન કરવું જોઈએ.

**[1]संयमो हन्यते येन प्रार्थ्यते यदसंयतैः ।**
**येन संपद्यते मूर्च्छा तन्न ग्राह्यं हितोद्यतैः ॥४१॥**

**શબ્દાર્થ**:—( **हितोद्यतैः** ) જે પોતાના હિતની સાધનામાં ઉદ્યમી સાધુ છે તેમના દ્વારા ( **तन्न ग्राह्यं**) તે પદાર્થનું ગ્રહણ ન કરાવું જોઈએ (**येन संयमः हन्यते**) જેથી સંયમની હાનિ થાય, ( **येन मूर्च्छा संपद्यते** ) જેથી મમત્વ પરિણામની ઉત્પત્તિ થાય અથવા ( **यत् असंयतैः प्रार्थ्यते** ) જે અસંયમી દ્વારા ઇચ્છિત હોય-અસંયમી માણસો જેને નિરંતર ચાહે છે.

**વ્યાખ્યા**:—અપવાદમાર્ગમાં જે પરિગ્રહનું ગ્રહણ ન કરવું જોઈએ તેનું અહીં ઘણું કરીને સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે અને તેમાં મુખ્યપણે ત્રણ વાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે-એક તો જેથી સંયમનો ઘાત થતો હોય, બીજું જે અસંયમી મનુષ્યોની પ્રાર્થનાનો વિષય હોય અને ત્રીજું જે મમત્વ-પરિણામનું કારણ હોય, આ ત્રણ દોષોમાંથી કોઇ પણ દોષનું જે કારણ હોય તે પરિગ્રહને અહીં નિષિદ્ધ બતાવ્યો છે. તેથી જે પગ્રરિહ આ દોષોમાંથી કોઇ નું કારણ ન હોય તેને અપ્રતિષિદ્ધ સમજવો જોઇએ. પ્રવચનસારમાં અપ્રતિસિદ્ધરૂપે જ આવા પરિગ્રહનું ઉપધિ-ઉપકારના રૂપે વર્ણન કરીને તેના અન્ય રૂપે ગ્રહણની પ્રેરણા કરી છે, કે જે પાદટિપ્પણીમાં ઉદ્ધૃત તુલનાત્મક ગાથા ૨૩ માં પ્રગટ છે. ૪૧.

## કાયથી પણ નિસ્પૃહ મુમુક્ષુ કાંઈ ગ્રહતા નથી.

**[2]मोक्षाभिलाषिणां येषामस्ति कायेऽपि निस्पृहा ।**
**न वस्त्वकिंचनाः किंचित् ते गृह्णन्ति कदाचन ॥४२॥**

**શબ્દાર્થ**:—( **येषां मोक्षाभिलाषिणां** ) જે મોક્ષાભિલાષીઓને (**काये अपि निस्पृह-अस्ति** ) પોતાના શરીરમાં પણ વિરક્તિ છે (**ते**) તે ( **अकिंचनाः** ) અકિંચન સાધુ ( **कदाचन** ) કદી પણ( **किंचित वस्तु** ) કોઇ વસ્તુ ( **न गृहणन्ति** ) ગ્રહતા નથી.

---

૧. **अप्पडिकुट्ठं उवधिं अपत्थणिज्जं असंजदजणेहिं ।**
**मुच्छादिजणणरहिदं गेण्हदु समणो जदि वि अप्पं ॥ ३-२३ ॥**—પ્રવચનસાર.

૨. **किंचण त्ति तक्कं अपुणब्भवकामिणोऽध देहे वि ।**
**संग त्ति जिणवरिंदा णिप्पडिकम्मत्तमुद्दिट्ठा ॥ ३-२४ ॥** —પ્રવચનસાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:—અહીં તે ઉત્કટ મોક્ષાભિલાષીઓનો ઉલ્લેખ છે જે પ્રાકૃતિક રૂપે ગ્રહાયેલા તે શરીરમાં પણ નિસ્પૃહતાથી વર્તે છે કે જે મુનિપર્યાયનું સહકારી કારણ હોવાથી નિષિદ્ધ નથી. તેઓ તેને પરદ્રવ્ય હોવાથી પરિગ્રહ સમજે છે, અનુગ્રહનો વિષય ન માનતાં ઉપેક્ષ્ય માને છે અને તેથી તેના પ્રતિકારમાં-ઈલાજ-ઉપચારમાં-પ્રવૃત્ત થતા નથી. આવા મહાન ઉત્સર્ગમાર્ગી અકિંચન-નિષ્પરિગ્રહ મુનિ કદી કોઇ વસ્તુ ગ્રહતા નથી. આવા ઉત્સર્ગમાર્ગી મુનિને શરીરથી ભિન્ન અન્ય પરિગ્રહ તો ભલા કેવી રીતે બની શકે? ન બની શકે. શરીર પણ નિર્મમત્વને કારણે પૂર્ણપણે પરિગ્રહભાવને પ્રાપ્ત થતું નથી. ૪૨.

## સ્ત્રીઓનું જિનલિંગ-ગ્રહણ સાપેક્ષ શા માટે?

[१]यत्र लोकद्वयापेक्षा जिनधर्मे न विद्यते ।
तत्र लिङ्गं कथं स्त्रीणां सव्यपेक्षमुदाहृतम् ॥ ४३ ॥

શબ્દાર્થ:—( यत्र ) જે ( जिनधर्मे ) જિનેન્દ્ર-દેશિત ધર્મમાં ( लोकद्वयापेक्षा न विद्यते ) બન્ને લોકની અપેક્ષા હોતી નથી-આ લોક તથા પર પરલોકનું લક્ષ્ય રાખીને ધર્મ કરવામાં આવતો નથી- (तत्र) તેમાં ( स्त्रीणां ) સ્ત્રીઓનાં ( लिङ्गं ) લિંગને ( सव्यपेक्षं कथं उदाहृतम्) અપેક્ષા-સહિત-વસ્ત્ર-પ્રાવરણની અપેક્ષા રાખનાર-કેમ કહ્યું છે?

વ્યાખ્યા:—આ પદ્ય પ્રશ્નાત્મક છે. એમાં લોક-પરલોકની અપેક્ષા ન રાખનાર જિનધર્મમાં સ્ત્રીઓના જિનલિંગ-ગ્રહણને 'સવ્યપેક્ષ કેમ કહેવામાં આવ્યું છે? આ એક પ્રશ્ન ઉપસ્થિત થયો છે, આગળના કેટલાક પદ્યોમાં એનો ઉત્તર આપવામાં આવ્યો છે. ૪૩

## પૂર્વ પ્રશ્નનો ઉત્તર: સ્ત્રી પર્યાયથી મુક્તિ ન થવી આદિ

[२]नामुना जन्मना स्त्रीणां सिद्धिर्निश्चयतो यतः ।
अनुरुपं ततस्तासां लिङ्गं लिङ्गविदो विदुः ॥४४॥

---

१. पेच्छदि ण हि इह लोगं परं च समणिंददोसिदो धम्मो ।
धम्मम्हि तम्हि कम्हा वियप्पियं लिंगमित्थीणं ॥ ३-२५ (क) ॥ —પ્રવચનસાર

२. (णिच्छयदो इत्थीणं सिद्धी णहि तेण जम्मणदिट्ठा ।
तम्हा तप्पडिरूवं वियप्पियं लिंगमित्थीणं ॥ ३-२५ (ख) ॥ —પ્રવચનસાર.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **यतः** ) કારણ કે ( **स्त्रीणां** ) સ્ત્રીઓને ( **अमुना जन्मना** ) પોતાના તે જન્મથી–સ્ત્રી પર્યાયથી ( **सिद्धिः निश्चयतः न** ) સ્વાત્મોપલબ્ધિરૂપ સિદ્ધિની ( મુક્તિની ) પ્રાપ્તિ નિયમથી થતી નથી ( **ततः** ) તેથી ( **लिङ्गविद:** ) લિંગના જાણકારોએ ( **तासां अनुरूपं** ) તેમને અનુરૂપ ( **लिङ्गं विदुः** ) લિંગની દેશના કરી છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં જે પ્રશ્ન કરવામાં આવ્યો છે તેનો ઉત્તર આ પદ્યમાં એ આપવામાં આવ્યો છે કે સ્ત્રીઓને સ્ત્રી પર્યાયથી મુક્તિની પ્રાપ્તિ નિશ્ચિતરૂપે ન થઇ શકવાને કારણે લિંગના વિશેષજ્ઞોએ તેમને માટે અનુકૂળ લિંગની–વસ્ત્રાદિ સહિત વેષની–વ્યવસ્થા કરી છે. ૪૪.

**प्रमाद–मय–मूर्तीनां प्रमादोऽतो यतः सदा ।**
**[१]प्रमदास्तास्ततः प्रोक्ताः प्रमाद–बहुलत्वतः ॥ ४५ ॥**
**विषादः प्रमदो मूर्च्छा जुगुप्सा मत्सरो भयम् ।**
**चित्ते चित्रायते मायां ततस्तासां न निर्वृतिः ॥ ४६ ॥**

**શબ્દાર્થ:**—( **यतः** ) કારણ કે ( **प्रमाद–मय–मूर्तीनां** ) પ્રમાદમયમૂર્તિ–સ્ત્રીઓને ( **सदा प्रमादः** ) સદા પ્રમાદ રહ્યા કરે છે. ( **ततः** ) તેથી ( **प्रमाद–बहुलत्वतः** ) પ્રમાદની બહુલતાને કારણે ( **ताः प्रमदाः प्रोक्ताः** ) તેમને 'પ્રમદા' કહેવામાં આવી છે. અને ( **विषादः** ) વિષાદ, ( **प्रमदः** ) પ્રમદ, ( **मूर्च्छा** ) મમતા, ( **जुगुप्सा** ) ગ્લાનિ, ( **भयम** ) ભય, ( **मत्सरः** ) ઈર્ષ્યા તથા ( **मायां** ) માયા ( **तासां चित्ते** ) તેમના ચિત્તમાં ( **चत्रायते** ) ચિતરેલી રહે છે ( **ततः** ) તેથી ( **नर्वृतिः न** ) તેમની (સ્ત્રી પર્યાયથી) મુક્તિ થતી નથી.

**વ્યાખ્યા:**—અહીં સ્ત્રીઓમાં સ્ત્રી પર્યાયથી મુક્તિની પ્રાપ્તિ કેમ નથી થતી? આ પાછલા પદ્યમાંથી ઉત્પન્ન થનાર પ્રશ્નનું સમાધાન કરવામાં આવ્યું છે અને તેમાં કેટલાક એવા દોષ બતાવવામાં આવ્યા છે જે મુક્તિમાં બાધક થાય છે અને સ્ત્રીઓમાં સ્વભાવથી અથવા પ્રાયઃ બહુલતાથી પ્રાપ્ત થાય છે. તેમાં પ્રમાદને સૌથી પહેલાં લેવામાં આવ્યો છે, જેની બહુલતાને કારણે સ્ત્રીઓને 'પ્રમદા' કહેવામાં આવે છે અને તેમનો અહીં 'પ્રમાદ–મય–મૂર્તિ'ના નામથી પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'પ્રમાદ' શબ્દ માત્ર આળસ

---

१. पयडी पमादमया एदासिं वित्ति भासिया पमदा ।
तम्हा ताओ पमदा पमादबहुले ति णिद्दिट्ठा ॥ ३-२५ ( ग ) ॥
संति धुवं पमदाणं मोह पदोसा भयं दुगुंछा य ।
चित्ते चित्ता माया तम्हा तासिं ण णिव्वाणं ॥ ३-२५ ( घ ) ॥ —પ્રવચનસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તથા અસાવધાનીનો વાચક નથી, પણ તેમાં ક્રોધ, માન, માયા લોભ એ ચાર કષાય, સ્ત્રી, રાજ, ભોજન તથા ચોર એ ચાર પ્રકારની વિકથાઓ, રાગ, નિદ્રા અને પાંચે ઇન્દ્રિયોના પાંચ વિષય એ ૧૫ વાતો સામેલ છે. સામાન્ય રીતે સ્ત્રીઓમાં એમની સ્વાભાવિક પ્રવૃત્તિ અથવા બહુલતા હોય છે. આ પ્રમાદ ઉપરાંત વિષાદ, મમતા, ગ્લાનિ, ઇર્ષ્યા, ભય અને તે માયાચાર દોષને ગણાવેલ છે જે પ્રયત્નપૂર્વક ન હોતાં સ્વાભાવિક હોય છે. આ બધા દોષ મુક્તિની પ્રાપ્તિમાં બાધક છે તેથી સ્ત્રીઓને પોતાની તે પર્યાયથી મુક્તિની પ્રાતિ થતી નથી. ૪૫-૪૬.

[1]न दोषेण विना नार्यो यतः सन्ति कदाचन ।
गात्रं च संवृतं तासां संवृतिर्विहिता ततः ॥ ४७ ॥

શબ્દાર્થ:—(यतः) કારણ કે (नार्यः) સ્ત્રીઓ (પૂર્વોક્ત દોષોમાંથી કોઈ એક) (दोषेण विना) દોષ વિના (कदाचन न सन्ति) કદી પણ હોતી નથી અને (तासां गात्रं संवृत्तं न) તેમના અવયવ સ્પષ્ટ રીતે સંવૃત (ઢંકાયેલા) નથી હોતા, (ततः) તેથી (संवृतिः विहिता) તેમને વસ્ત્રાવરણની વ્યવસ્થા કરવામાં આવી છે.

વ્યાખ્યા:—પાછલા પદ્યોમાં જે દોષોનો ઉલ્લેખ છે તે બધા જો એકત્ર ન પણ હોય તોપણ તેમાંથી કોઇ ને કોઇ એક દોષ સ્ત્રીઓમાં જરૂર હોય છે, એમ અહીં નિયમ કરવામાં આવ્યો છે અને તે એક દોષ પણ શુદ્ધાત્મસ્વભાવથી વિપરીત હોવાને કારણે મુક્તિની પ્રાપ્તિમાં બાધક થાય છે. મુક્તિની પ્રાપ્તિમાં બાધક દોષના કારણે અને સ્ત્રીઓના અવયવ સ્વયં સંવૃત્ત-આચ્છાદિત ન હોવાને કારણે તેને વસ્ત્રાવરણથી આચ્છાદનની વ્યવસ્થા કરવામાં આવી છે. ૪૭

[2]शैथिल्य मार्तवं चेतश्चलनं श्रा(स्र)वणं तथा ।
तासां सूक्ष्म-मनुष्याणामुत्पादोऽपि बहुस्तनौ ॥ ४८ ॥

---

१. ण विणा वट्टदि णारी एक्कं वा तेसु जीवलोयम्हि ।
ण हि संउडं च गत्तं तम्हा तासिं च संबरण ॥ २५ ॥ ३-(ङ) —પ્રવચનસાર.

२. चित्तस्सावो तासिं सित्थिल्लं अत्तवं च पक्खलणं ।
विज्जदि सहसा तासु अ उप्पादो सुहममणुआणं ॥ ३-२५ (च) ॥
लिंगम्हि य इत्थीणं थणंतरे णाहि-कक्ख-देसेसु ।
भणिदो सुहुमुप्पादो तासिं कह संजमो होदि ॥ ३-३५ (छ) ॥ —પ્રવચનસાર.
लिंगम्मि य इत्थीणं थणंतरेण हि कक्ख देसेसु ।
भणिओ सुहमो काओ तासिं कह होइ पव्वज्जा ॥ २४ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कक्षा–श्रोणि–स्तनाद्येषु देह–देशेषु जायते ।
उत्पत्तिः सूक्ष्म–जीवानां यतो, नो संयमस्ततः ॥ ४९ ॥

શબ્દાર્થ:—( यतः ) કારણ કે ( तासां तनौ ) સ્ત્રીઓના શરીરમાં ( शैथिल्यं ) શિથિલતા, ( आर्तवं ) ઋતુકાળ, ( श्रा(स्रा) वणं ) રક્તસ્રાવ, ( चेतश्चलनं ) ચિત્તની ચંચળતા, ( सूक्ष्म–मनुष्याणामुत्पादः अपिबहुः ) લબ્ધિ અપર્યાપ્તક સૂક્ષ્મ મનુષ્યોનો બહુ ઉત્પાદ અને ( कक्षा-श्रोणि-स्तनाद्येषु देह–देशेषु ) કાંખ, યોનિ–સ્તનાદિક શરીરના અંગોમાં सूक्ष्म–जीवानां उत्पत्तिः ) સૂક્ષ્મ જીવોની બહુ ઉત્પત્તિ ( जायते ) થાય છે ( ततः ) તેથી ( संयमः नो ) તેમને ( સકળ ) સંયમ થતો નથી.

વ્યાખ્યા:—અહીં સ્ત્રીઓમાં હોવાવાળા બીજા કેટલાક એવા દોષોનો ઉલ્લેખ કર્યો છે જે પ્રાયઃ શરીર સાથે સંબંધ રાખે છે અને જેમના કારણે સ્ત્રીઓને પૂર્ણપણે સંયમનું પાલન ન થવું તે પણ મુક્તિની પ્રાપ્તિમાં બાધક છે. જ્યારે સ્ત્રીઓને સ્વભાવથીજ કેટલાક શારીરિક અને માનસિક દોષોને કારણે પૂર્ણપણે સંયમ થતો નથી અને તેથી મુક્તિની પ્રાપ્તિ થતી નથી તો પછી તેમના શરીરને બિલકુલ નગ્ન દિગંબર રૂપે રાખવાની આવશ્યકતા નથી અને તેથી વસ્ત્રથી તેમના આચ્છાદનની વ્યવસ્થા કરવામાં આવી છે. ૪૮–૪૯.

शशाङ्कामल–सम्यक्त्वाः समाचार–परायणाः ।
सचेलास्ता[१]: स्थिता लिङ्गे तपस्यन्ति विशुद्धये ॥ ५० ॥

શબ્દાર્થ:—( शशाङ्कामल–सम्यक्त्वाः ) જે સ્ત્રીઓ ચંદ્રમા સમાન નિર્મળ સમ્યક્ત્વથી યુક્ત છે ( समाचार–परायणाः ) અને સમીચીન આચારમાં પ્રવીણ છે ( ताः ) તે ( लिङ्गे सचेलाः ) જિનલિંગમાં વસ્ત્ર સહિત ( स्थितिः ) સ્થિત થઇ ( विशुद्धये तपस्यन्ति ) આત્મવિશુદ્ધિ માટે તપશ્ચરણ કરે છે.

વ્યાખ્યા:—અહીં તે ઊંચા દરજ્જાની સાધ્વીઓ માટે પણ સચેલ ( વસ્ત્ર સહિત ) રહેવાનું વિધાન કર્યું છે જે અતિનિર્મળ સમ્યક્ત્વની ધારક છે અને સમાચારમાં–સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રના અનુષ્ઠાનમાં–સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્ર–તપ અને વીર્ય રૂપ પંચાચારના પાલનમાં–સમતાની સાધનામાં અથવા તે સમાચારની આરાધનામાં, જેનો મૂળાચારમાં

चित्तासो ण तेसिं ढिल्लं भावं तहा सहावेण ।
विज्जादि मासा तेसिं इत्थीसु णऽसंकया झाणं ॥ २३ ॥ —સુત્તપાહુડ.

१. आ सचेलनाः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક અધિકાર ( નં.૪ ) જ જુદો આપવામાં આવ્યો છે, પ્રવીણ છે. આવી સ્ત્રીઓ વસ્ત્ર સહિત રહીને પોતાની આત્મશુદ્ધિ માટે તપશ્ચરણ કરે છે. ૫૦.

## કયો પુરુષ જિનલિંગ ગ્રહણને યોગ્ય છે.

**शान्तस्तपः[१] क्षमोऽकुत्सो वर्णेष्वेकतमस्त्रिषु ।**
**कल्याणाङ्गो नरो योग्यो लिङ्गस्य ग्रहणे मतः ॥ ५१ ॥**

શબ્દાર્થ:—( **शान्तः** ) જે મનુષ્ય શાંત છે, ( **तपः क्षमः** ) તપશ્ચરણમાં સમર્થ છે, ( **अकुत्सः** ) દોષ રહિત છે, ( **वर्णेषु एक तमः त्रिषु** ) ત્રણ વર્ણ બ્રાહ્મણ, ક્ષત્રિય-વૈશ્યમાંથી કોઈ એક વર્ણનો ધારક છે અને ( **कल्याणाङ्गः** ) કલ્યાણરૂપ સુંદર શરીરના અંગોથી યુક્ત છે ( **नरः** ) તે પુરુષ ( **लिङ्गस्य ग्रहणे योग्यः मतः** ) જિનલિંગના ગ્રહણમાં યોગ્ય માનવામાં આવ્યો છે.

વ્યાખ્યા:—જે જિનલિંગનું રૂપ આ અધિકારના આરંભમાં આપવામાં આવ્યું છે તેને ધારણ કરવાને પાત્ર કોણ છે તેની અહીં દેશના કરવામાં આવી છે. તે એક તો સ્વ-ભાવે શાંત હોવો જોઈએ, બીજું તપશ્ચરણ સંબંધી કષ્ટ સહવામાં તેનામાં સામર્થ્ય હોવું જોઈએ,—અતિ બાળ તથા અતિ વૃદ્ધ અવસ્થાવાળો ન હોવો જોઈએ-ત્રીજું તે કુત્સારહિત હોવો જોઈએ-લોકમાં કોઈ દુરાચાર આદિને કારણે બદનામ ન હોવો જોઈએ, ચોથું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય આ ત્રણ વર્ણોમાંથી કોઈ પણ એક વર્ણનો ધારક પુરુષ હોવો જોઈએ-સ્ત્રી નહિ, અને પાંચમું શરીરે નીરોગ હોવો જોઈએ. આ બાબતો જો ન હોય તો જિનદીક્ષાને પાત્ર નથી.

અહીં એક વાત ઉલ્લેખનીય છે અને તે એ કે શ્રી જયસેનાચાર્યે પ્રવચનસારની '**वण्णेसु तीसु एक्को**' આ ગાથાની ટીકામાં "**एवं गुणविशिष्टो पुरुषो जिनदीक्षाग्रहणे योग्यो भवति**" લખીને એમ પણ લખ્યું છે કે "**यथायोग्यं सच्छूद्राद्यपि**" જેનો આશય છે કે યોગ્યતા અનુસાર સત્ શૂદ્ર અને આદિ શબ્દથી મ્લેચ્છ પણ જિનદીક્ષાને પાત્ર થઈ શકે છે. '**यथायोग्यं**' પદમાં તેની દૃષ્ટિ રહેલી છે અને તે એ વાતનું સૂચન કરે છે કે બધા સત્ શૂદ્રાદિ નહિ પણ કેટલાક ખાસ યોગ્યતા પામેલા શૂદ્રાદિ, જેમ કે મ્લેચ્છ ખંડોમાંથી, જ્યાં કોઈ વર્ણવ્યવસ્થા નથી, તથા હિંસામાં રતિ અને માંસભક્ષણમાં પ્રીતિ આદિ દુરાચાર

---

૧. **वण्णेसु तीसु एक्को कल्लाणंगो तवोसहो वयसा ।**
**सुमहो कुंछारहिदो लिंगग्गहणे हवदि जोग्गो ॥ ३-२५ ॥** ( **ज** )—પ્રવચનસાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાલે છે, ચક્રવર્તીની સાથે આવેલા કેટલાક મ્લેચ્છ રાજાદિક, જેમને જિનદીક્ષા ને યોગ્ય બતાવવામાં આવ્યા છે.[૧] ૫૧.

## જિનલિંગ–ગ્રહણમાં બાધક વ્યંગ.

**कुल–जाति–वयो–देह–कृत्य–बुद्धि–क्रुधादयः ।**
**नरस्य कुत्सिता व्यङ्गास्तदन्ये लिङ्गयोग्यता ॥ ५२ ॥**

**શબ્દાર્થ:**—( **कुत्सिता कुल-जाति-वयो-देह-कृत्य-बुद्धि-क्रुधादयः** ) કુકુળ, કુજાતિ, કુવય, કુદેહ, કુકૃત્ય, કુબુદ્ધિ અને કુક્રોધાદિક એ ( **नरस्य व्यङ्गाः** ) મનુષ્યના જિનલિંગ–ગ્રહણમાં વ્યંગ છે, ભંગ છે, અથવા બાધક છે. ( **तदन्ये लिङ्ग योग्यता** ) એનાથી ભિન્ન સુકુળ આદિ લિંગગ્રહણની યોગ્યતા સહિત છે.

**વ્યાખ્યા:**—અહીં જિનલિંગ ગ્રહણનાં અયોગ્યતાના દ્યોતક કારણોને વ્યંગ રૂપે ઉલ્લેખિત કર્યાં છે, જેના માટે પ્રાકૃતમાં ' भंग ' શબ્દનો પ્રયોગ મળે છે. ' **कुत्सिताः** ' વિશેષણ કુળ, જાતિ, વય, દેહ, કૃત્ય, બુદ્ધિ અને ક્રોધાદિ બધાને લાગુ પાડવામાં આવ્યું છે, જે ખોટા, ખરાબ, નિંદનીય તથા અપ્રશસ્ત અર્થનું વાચક છે અને તેથી તેને યોગ્યતા પ્રમાણે બધા ઉપર લગાવવું જોઇએ. જે કુળ, જાતિ આદિ ઉક્ત વિશેષણોને પાત્ર છે તેમનામાં જિનલિંગના ગ્રહણની યોગ્યતા નથી. આનાથી વિપરીત અકુત્સિત વિશેષણને જે પાત્ર છે તે બધામાં જિનલિંગ ગ્રહણની યોગ્યતા સમજવી જોઇએ. તેથી દીક્ષાચાર્યે આ બધી વાતો ધ્યાનમાં રાખીને જે જિન-દીક્ષાને પાત્ર સમજવામાં આવે તેને જ જિનદીક્ષા આપવી જોઇએ-પોતાની કુળવૃદ્ધિ કે મોહ-લોભાદિને વશ થઇને નહિ. ૫૨.

## વ્યંગનું વાસ્તવિક રૂપ.

**[२]येन रत्नत्रयं साधोर्नाश्यते[३] मुक्तिकारणम् ।**
**स व्यङ्गो भण्यते नान्यस्तत्त्वतः सिद्धिसाधने ॥ ५३ ॥**

---

૧. म्लेच्छभूमिजमनुष्याणां सकलसंयमग्रहणं कथं भवतीति नाशङ्कितव्यम् । दिग्विजयकाले चक्रवर्तिना सह आर्यखण्ड मागतानां म्लेच्छराजानां चक्रवर्त्यादिभिः सह जातवैवाहिक सम्बन्धानां संयमप्रतिपत्तेरविरोधात । अथवा तत्कन्यानां चक्रवर्त्यादिपरिणीतानां गर्भेषूत्पन्नस्य मातृपक्षापेक्षया म्लेच्छव्यपदेशभाजः संयमसंभवात् तथा जातीय दीक्षार्हत्त्वे प्रतिषेधाभावात् ॥
—લબ્ધિસાર ટીકા ગાથા ૧૯૩.

૨. जो रयणत्तयणासो सो भंगो जिणवरेहि णिद्दिट्ठो ।
सेसं भंगेण पुणो ण होदि सल्लेहणा अरिहो ॥ ३-२९ ॥ —પ્રવચનસાર.

૩. आ नश्यते, आद्धि नाश्यते ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **येन** ) જેના કારણે ( **तत्त्वतः** ) વાસ્તવમાં ( **साधोः** ) સાધુનો ( **मुक्तिकारणम् रत्नत्रयं** ) મોક્ષમાં કારણભૂત રત્નત્રય ધર્મ ( **नाश्यते** ) નાશ પામે છે ( **स व्यङ्गः भण्यते** ) તે વ્યંગ ( ભંગ ) કહેવાય છે, ( **न अन्यः सिद्धिसाधने** ) અન્ય કોઈ સિદ્ધિના સાધનમાં બાધક નથી.

**વ્યાખ્યા:**—અહીં સારરૂપે અથવા નિશ્ચયનયની દૃષ્ટિએ વ્યંગ ( ભંગ ) નું કથન કરવામાં આવ્યું છે અને તેને જ વાસ્તવમાં વ્યંગ બતાવ્યો છે, જેનાથી સાધુને સિદ્ધિ-મુક્તિના સાધનભૂત રત્નત્રય ( સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ) નો નાશ થતો હોય અથવા બરાબર પાલન ન થતું હોય. બીજો કોઈ વ્યંગ આ વિષયમાં વાસ્તવમાં નથી. સંભવ છે કે આ જ દૃષ્ટિથી શ્રી જયસેનાચાર્યે યથાયોગ્ય સત્ શૂદ્રાદિને પણ જિનદીક્ષાના પાત્ર લખ્યા હોય. ૫૩.

## વ્યાવહારિક વ્યંગ સંલેખના વખતે અવ્યંગ નથી હોતો.

**[१]यो व्यावहारिको व्यङ्गो[२] मतो रत्नत्रय-ग्रहे ।**
**न सोऽपि जायतेऽव्यङ्गः साधुः (धोः) सल्लेखना कृतौ ॥५४॥**

**શબ્દાર્થ:**—( **यः** )જે ( **रत्नत्रय-ग्रहे** ) રત્નત્રય ( જિનલિંગ ) ના ગ્રહણમાં ( **व्यावहारिकः** ) વ્યાવહારિક ( **व्यङ्गः मतः** ) વ્યંગ માનવામાં આવ્યો છે ( **सः** )તે (**सल्लेखना-कृतौ** ) સંલેખનાના સમયે ( **साधोः** ) સાધુને ( **अव्यङ्गः न जायते** ) અવ્યંગ નથી થઈ જતો.

**વ્યાખ્યા:**—અહીં સંલેખનાના અવસરે સાધુ બનનારના વિષયમાં વ્યાવહારિક વ્યંગની વાતને સ્પષ્ટ કરતાં લખ્યું છે કે જે રત્નત્રયરૂપ જિનલિંગના ગ્રહણમાં વ્યાવહારિક વ્યંગ પદ્ય નં. ૫૨ અનુસાર માનવામાં આવેલ છે તે સલ્લેખનાના અવસરે અવ્યંગ બની જતો નથી-વ્યંગ જ રહે છે. અર્થાત્ સંલેખનાંના અવસરે જે સાધુ-મુનિ બનવા ઇચ્છે અને ઉક્ત પ્રકારના વ્યંગોમાંથી કોઈ વ્યંગ સહિત હોય તો તે મુનિદીક્ષાને પ્રાપ્ત થઇ શકતો નથી-તેને દિગંબર મુનિદીક્ષા આપી શકાતી નથી. ૫૪.

**[३]यस्येह[४] लौकिकी नास्ति नापेक्षा पारलौकिकी ।**
**युक्ताहारविहारोऽसौ श्रमणः सममानसः ॥ ५५ ॥**

---

१. सेसं भंगेण पुणो ण होदि सल्लेहणा अरिहो ॥ ३-२५ ॥ —પ્રવચનસાર.
२. व्या विंगाः ।
३. इहलोगणिरावेक्खो अप्पडिबद्धो परम्मि लोयम्हि ।
जुत्ताहारविहारो रहिदकसाओ हवे समणो ॥ ३-२६ ॥ —પ્રવચનસાર.
४. आ व्या यस्येह ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—( **यस्य** ) જેને ( **इह लौकिकी** ) આ લોકની અને ( **पारलौकिकी** ) પર-લોકની ( **अपेक्षा नास्ति** ) અપેક્ષા નથી, ( **युक्ताहारविहारः** ) જે યોગ્ય આહાર-વિહારથી યુક્ત છે, ( **सममानसः** ) અને સમચિત્તનો ધારક છે ( **असौ** ) તે ( **श्रमणः** ) ' શ્રમણ ' છે.

**વ્યાખ્યા**:—જેના ધર્મસાધનમાં આ લોકની તથા પરલોકની અપેક્ષા ( દૃષ્ટિ ) નથી રહેતી-જે બધું જ પોતાનું કર્તવ્ય સમજીને કરે છે; લોકોને દેખાડવા-લોકોના આરાધન, લૌકિક કાર્યસિદ્ધિ અથવા પરલોકમાં સ્વર્ગાદિની પ્રાપ્તિ માટે કાંઈ કરતો નથી-અને પોતાના ચિત્તને સમ-રાગદ્વેષ રહિત-રાખતો થકો યોગ્ય આહાર-વિહાર કર્યા કરે છે તે સાધુને 'શ્રમણ' કહે છે, જેનું મૂળ પ્રાકૃતરૂપ ' **समण** ' છે અને જે પોતાના તે રૂપે ' **सम-मानस** ' નું વાચક છે. સમ-માનસ, સમચિત્ત, સમાશય-જેવા શબ્દ એક જ અર્થના દ્યોતક છે. ' **युक्ताहार-विहार** ' નો આશય અહીં આગમને અનુકૂળ ઉદ્‌ગમ-ઉત્પાદનાદિ દોષરહિત, ભોજન તથા વિહારની પ્રવૃત્તિનો છે, જેનું વિશેષ જ્ઞાન મૂળાચાર, ભગવતી આરાધનાદિ-જેવા ગ્રંથોમાંથી પ્રાપ્ત કરી શકાય છે. ૫૫.

## કયા શ્રમણ અનાહાર કહેવાય છે.

**कषाय–विकथा–निद्रा–प्रेमाक्षार्थ–पराङ्मुखाः ।**
**जीविते मरणे तुल्याः शत्रौ मित्रे सुखेऽसुखे ॥ ५६ ॥**
**[1]आत्मनोऽन्वेषणा येषां भिक्षा येषामणेषणा ।**
**संयता सन्त्यनाहारास्ते सर्वत्र समाशयाः ॥ ५७ ॥**

**શબ્દાર્થ**:—( **कषाय-विकथा-निद्रा-प्रेमाक्षार्थ-पराङ्मुखाः** ) જે કષાય-વિકથા, નિદ્રા, રાગ અને ઇન્દ્રિયવિષયોથી વિમુખ છે, ( **जीविते मरणे शत्रौ मित्रे सुखेऽसुखे तुल्याः** ) જીવન-મરણ, શત્રુ-મિત્ર, અને સુખ-દુઃખમાં સમતા ધારણ કરે છે, ( **येषां आत्मनः अन्वेषणा** ) જેમને આત્માની ખોજ બની રહે છે, ( **येषां भिक्षा अणेषणा** ) ભિક્ષા જેમની એષણા-ઇચ્છા રહિત છે, ( **सर्वत्र समाशयाः** ) અને સર્વત્ર સમચિત્ત રહે છે ( **ते संयताः** ) એવા શ્રમણ-સાધુને ( **अनाहाराः सन्ति** ) ' અનાહાર ' કહેવામાં આવ્યા છે.

**વ્યાખ્યા**:—ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયો, સ્ત્રી, રાજ, ભોજન, ચોર એ ચાર પ્રકારની વિકથાઓ, નિદ્રા, પ્રેમ ( વેદ-રાગ ) અને પાંચ ઇન્દ્રિય વિષય, આ પંદર

---

૧. **जस्स अणेसणमप्पा तं पि तवो तप्पडिछ्च्गा समणा ।**
**अण्णं भिक्खमणेसणमध ते समणा अणाहारा ॥ ३-२७ ॥** —પ્રવચનસાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાદોથી જે મુનિ વિમુખ રહે છે; જીવન-મરણ, શત્રુ-મિત્ર અને સુખ-દુઃખ આવતાં જેમને સમતા ટકી રહે છે-રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી, જે સદા આત્માની ચિંતા-અન્વેષણા-આરાધનામાં લીન રહે છે અને એમ સમજે છે કે આત્મા આહાર રૂપે કદી કોઈ પરમાણુ ગ્રહતો નથી-સ્વભાવે નિરાહાર છે તે જો દેહની સ્થિતિ આદિની દૃષ્ટિએ કોઈવાર આહાર લે પણ છે તોપણ તેમને 'અનાહાર' કહ્યા છે, જેના બે મૂળ કારણો છે-

૧. આત્માને સ્વભાવથી અનાહાર સમજવો,

૨. આહારમાં કોઈ ખાસ ઇચ્છા તથા આસક્તિ રાખ્યા વિના તે લેવો. ૫૬-૫૭.

## કેવળ દેહ સાધુનું સ્વરૂપ.

[1]यः स्वशक्तिमनाच्छाद्य सदा तपसि वर्तते ।
साधुः केवलदेहोऽसौ निष्प्रतीकार-विग्रहः ॥ ५८ ॥

શબ્દાર્થઃ— ( यः ) જે ( निष्प्रतीकार-विग्रहः ) શરીરનો પ્રતિકાર કરતો નથી અને ( स्वशक्तिमनाच्छाद्य ) પોતાની શક્તિ છૂપાવ્યા વિના ( सदा तपसि वर्तते ) સદા તપશ્ચરણમાં પ્રવર્તે છે ( असौ ) તે ( केवलदेहः ) કેવળદેહ-દેહમાત્ર પરિગ્રહનો ધારક-( साधुः ) સાધુ ( શ્રવણ ) છે.

વ્યાખ્યાઃ—જે સાધુ દેહને પણ પરિગ્રહ સમજીને તેમાં મમતા રહિત થઈને પ્રવર્તે છે તે રોગ-ઉપસર્ગાદિ આવતાં શરીરનો કોઈ પ્રતિકાર કરતો નથી અને પોતાની શક્તિ છૂપાવ્યા વિના સદા તપશ્ચર્યામાં લીન રહે છે, તેને 'કેવળ દેહ'—દેહમાત્ર પરિગ્રહનો ધારક-સાધુ કહે છે. ૫૮.

## કેવળ દેહ-સાધુની ભિક્ષા-ચર્યાનું રૂપ.

[2]एका सनोदरा भुक्तिर्मांसमध्वादिवर्जिता ।
यथालब्धेन भैक्षेण नीरसा परवेश्मनि ॥ ५९ ॥

---

૧. केवलदेहो समणो देहे वि ममत्तरहिद परिकम्मो ।
आजुत्तो तं तवसा अणिगूहिय अप्पणो सत्तिं ॥ ३-२८ ॥ —પ્રવચનસાર.

૨. एक्कं खलु तं भत्तं अप्पडिपुण्णोदरं जहालद्धं ।
चरणं भिक्खेण दिवा ण रसावेक्खं ण मधुमंसं ॥ ३-२९ ॥ —પ્રવચનસાર.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—તે કેવળ-દેહ શ્રમણ-સાધુની (**भुक्तिः**) આહાર ચર્યા (**पर वेश्मनि**) બીજાના ઘેર (**यथा लब्धेन भैक्षेण**) યથાલબ્ધ ભિક્ષા દ્વારા, (**एका**) એકવાર, (**सनोदरा**) ઉણોદર રૂપે, (**मांस-मध्वादिवर्जिता**) માંસ, મધુ આદિ સદોષ પદાર્થો રહિત, (**नीरसा**) મધુરાદિ રસોમાંથી કોઈની અપેક્ષા ન રાખનારી અથવા (**प्रायः**) નીરસ હોય છે-રસાસ્વાદવાળી હોતી નથી.

**વ્યાખ્યા:**—અહીં '**मधु**' અને '**वर्जिता**' શબ્દોની વચ્ચે મુકેલ '**आदि**' શબ્દ તે અન્વેષણીય કંદ-મૂળાદિનો વાચક છે જેમનો કાંઈક ઉલ્લેખ અને સૂચન આગળ ૬૩મા પદ્યમાં કરવામાં આવેલ છે. અને ભિક્ષાનું '**यथालब्ध**' વિશેષણ એ વાતનું સૂચક છે કે તે કોઈ પ્રેરણા પ્રાર્થના કે સંકેત વિના પ્રાપ્ત થવી જોઈએ. જો થાળ આદિમાં મૂકેલ કોઈ ભોજન આપવા માટે આંગળીનો ઈશારો પણ કરવામાં આવે તો તે ભોજનનું ગ્રહણ યથાલબ્ધ ભિક્ષાની કોટિમાંથી નીકળી જાય છે. એ જ રીતે જે સાધુ ભોજન આગમ અનુસાર નિર્દોષ હોવા છતાં પણ તે પોતાની પસંદગી અને રુચિ પ્રમાણેનું ન હોવાથી તેને લેતો નથી તે પણ યથાલબ્ધ ભિક્ષાનો ભોજી રહેતો નથી. ૫૯.

## વર્જિત માંસ-દોષ,

**[૧]पक्वेऽपक्वे सदा मांसे पच्यमाने च संभवः ।**
**तज्जातीनां[२] निगोदानां[३] कथ्यते जिनपुङ्गवैः ॥ ६० ॥**
**मांसं पक्वमपक्वं वा स्पृश्यते येन भक्ष्यते ।**
**अनेकाः कोट्यस्तेन हन्यन्ते किल जन्मिनाम्[४] ॥ ६१ ॥**

**શબ્દાર્થ:**—(**पक्वेऽपक्वे मांसे**) માંસ ચાહે કાચું હોય, રાંધેલું હોય કે (**पच्यमाने**) રંધાઈ રહ્યું હોય તેમાં (**जिनपुङ्गवैः**) જિનેન્દ્રોએ (**तज्जातीनां**) તે જાતિના

---

१. पक्केसु अ आमेसु अ विपच्चमाणासु मंसपेसीसु ।
संतत्तियमुववादो तज्जादीणं णिगोदाणं ॥ ३-२९ ॥ (क)
जो पक्क म पक्कं वा पेसीं मंसस्स खादि फासदि वा ।
सो किल णिहणदि पिंडं जीवाणमणेग कोडीणं ॥ ३-२९ ॥ (ख)—પ્રવચનસાર.

२. आ तज्जातानां ।

३. आ व्या निगोतानां ।

४. आ व्या जन्मिनां किल ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( **निगोदानां** ) નિગોદિયા જીવોનો ( **सदा संभवः कथ्यते** ) સદા ( નિરંતર ) ઉત્પાદ કહ્યો છે તેથી ( **येन** ) જેના દ્વારા ( **अपक्वं पक्वं मांसं वा** ) કાચું કે પાકું માંસ ( **स्पृश्यते** ) સ્પર્શવામાં આવે છે, ( **भक्ष्यते** ) ખાવામાં આવે છે (**तेन**) તેના દ્વારા ( **किल** ) નિશ્ચિત-( **अनेकाः कोटयः** ) અનેક કોટિ-કરોડો ( **जन्मिनाम्‌ हन्यन्ते** ) જીવોનો ઘાત થાય છે.

**વ્યાખ્યાઃ**—ભોજનમાં જે માંસના ગ્રહણનો પાછલા પદ્યમાં નિષેધ છે અને જે દ્વિ ઈન્દ્રિયાદિ ત્રસ જીવોના રસ-રક્તાદિ-મિશ્રિત કલેવરોથી ઉત્પન્ન થાય છે; તેમાં શું દોષ છે તે આ બન્ને પદ્યોમાં સ્પષ્ટ કરતાં એમ સૂચિત કરવામાં આવ્યું છે કે જિનેન્દ્ર દેવોના કથન અનુસાર માંસ કોઈ પણ અવસ્થામાં ભલે હોય પણ તેમાં તેની જાતિના નિગોદીયા જીવોનો ( જે એક શ્વાસમાં અઢાર વાર જન્મ-મરણ કર્યા કરે છે ) ઉત્પાદ બરાબર રહ્યા કરે છે અને તેથી જે કોઈ પણ માંસને અડે છે કે ખાય છે તે ઘણા સૂક્ષ્મ જીવોની હત્યાનો ભાગીદાર થાય છે. ૬૦-૬૧.

## મધુ-દોષ તથા અન્ય અનેષણીય પદાર્થ.

**बहुजीव-प्रघातोत्थं बहु-जीवोद्भवास्पदम्‌ ।**
**असंयम-विभीतेन त्रेधा मध्वपि वर्ज्यते ॥ ६२ ॥**
**कन्दो मूलं फलं पत्रं नवनीतमगृध्नुभिः ।**
**अनेषणीयमग्राह्यमन्नमन्यदपि त्रिधा ॥ ६३ ॥**

**શબ્દાર્થઃ**—(**असंयम-विभीतेन**) જે અસંયમથી ભયભીત છે તે સાધુ દ્વારા (**त्रेधा**) મન-વચન-કાયાથી ( **मधु अपि वर्ज्यते** ) તે મધ ત્યાગવામાં આવે છે જે ( **बहुजीव-प्रघातोत्थं** ) અનેક જીવોના ઘાતથી ઉત્પન્ન થયેલ અને ( **बहु-जीवोद्भवास्पदम्‌** ) અનેક જીવોની ઉત્પત્તિનું સ્થાન છે. ( **अगृध्नुभिः** ) જે ભોજનમાં લાલસા રહિત સાધુ છે તેમના દ્વારા તે ( **कन्दः मूलं फलं पत्रं नवनीतं अनेषणीयं** ) કંદ, મૂળ, ફળ, પાંદડા, માખણ જે અનેષણીય ( અભક્ષ્ય ) છે અને ( **अन्यत्‌ अपि** ) બીજા ( ઉદ્‌ગમાદિ દોષોના કારણે )[૫] ( **अग्राह्यम्‌** ) અગ્રાહ્ય અન્ન ( ભોજન ) પણ ( **त्रिधा** ) મન-વચન-કાયાથી અને કૃતકારિત-અનુમોદનાથી ત્યાગવામાં આવે છે.

**વ્યાખ્યાઃ**—અહીં પ્રથમ પદ્યમાં મધના દોષો બતાવ્યા છે અને બીજા પદ્યમાં અન્ય અગ્રાહ્ય પદાર્થોની કેટલીક સૂચના કરવામાં આવી છે. મધને છોડવા યોગ્ય બતાવતાં તેના બે

૫. ઉદ્‌ગમ-ઉત્પાદનાદિ દોષોનું સ્વરૂપ જાણવા માટે મૂળાચાર આદિ ગ્રંથો જોવા જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશેષણોનો ઉલ્લેખ કરવામા આવ્યો છે-એક તો એ કે તે ઘણા જીવોના ઘાતથી ઉત્પન્ન થાય છે, બીજું એ કે તે ઘણા જીવોની ઉત્પત્તિનું સ્થાન છે.-ઘણા જીવ તેમાં ઉત્પન્ન થયા કરે છે. પોતાના આ બન્ને ગુણોને કારણે મધનું સેવન અસંયમ ઉત્પન્ન કરનાર છે અને તેથી જે સાધુ સંયમનો ભંગ થવાનો ભય રાખે છે તે મન-વચન-કાયાથી તથા કૃત-કારિત-અનુમોદનાથી મધનો ત્યાગ કરે છે.

મધ, જેનો ત્યાગ અહીં વિવક્ષિત છે, તે પદાર્થ છે જેને મધમાખીઓ ફૂલોમાંથી લાવીને પોતાના પુડામાં સંચય કરે છે અને જે પછીથી ઘણું કરીને પુડાને તોડી ફોડીને મનુષ્યોને ખાવા માટે રજુ કરવામાં આવે છે અને જેને આ રીતે લાવતાં મધમાખીઓને બહુ બાધા-હાનિ પહોંચે છે, તેમનો તથા તેમના ઈંડા-બચ્ચાના રસાદિક પણ નીચોવાઇને તેમાં સામેલ થઇ જાય છે અને આ રીતે જે એક નિંદ્ય પદાર્થ બની જાય છે. 'ક્ષૌદ્ર' સંજ્ઞા પણ તેને પ્રાયઃ આ પ્રક્રિયાની દૃષ્ટિએ જ મળેલી છે. આ પ્રક્રિયાથી ઉત્પન્ન થયેલ મધ પોતાના પ્રથમ વિશેષણ '**बहुजीवप्रघातोत्थं**' ને સાર્થક કરે છે અને આ રીતે ઉત્પન્ન થયેલ ઘૃણિત મધ સ્વભાવથી જ ઘણા જીવોની ઉત્પત્તિનું સ્થાન હોવાને કારણે તેનામાં બીજું વિશેષણ પણ સહેજે ઘટિત થઈ જાય છે. પરંતુ જે મધ ઉક્ત પ્રક્રિયાથી-મધમાખીઓના મધપૂડાને તોડી-ફોડી-નીચોવીને-ઉત્પન્ન થતું નથી પણ સહજ સ્વભાવે ટપકતું ગ્રહણ કરવામાં આવે છે અથવા અત્યારે મધમાખી પાલનની જે પ્રથા પ્રચલિત થઈ છે તે પ્રમાણે મધમાખીઓ તથા તેના ઇંડા-બચ્ચાને કોઇ કષ્ટ પહોંચાડ્યા વિના તથા તેમના ભોજનની પૂરી વ્યવસ્થા રાખીને જે મધ તેમના પૂડામાંથી યત્નપૂર્વક લેવામાં આવે છે તેને પ્રથમ વિશેષણ લાગુ પડતું નથી; તો બીજું વિશેષણ લાગુ પડે છે કે નહિ તે વિચારણીય છે. આ વિષયની શોધખોળ કરતાં શ્રી અમૃતચંદ્રાચાર્યનીચેનું વચન તેના સમાધાન રૂપે પ્રાપ્ત થાય છે-

**स्वयमेव विगलितं योगृह्णीयाद्वा छलेन मधु-गोलात् ।**
**तत्रापि भवति हिंसा तदाश्रय-प्राणिनां घातात् ॥ ७० ॥**

—પુરુષાર્થસિદ્ધ્યુપાય.

એમાં બતાવ્યું છે કે જે મધ મધપૂડામાંથી સ્વયં ટપકતું હોય અથવા જેને પૂડામાંથી કપટપૂર્વક લેવામાં આવ્યું હોય તેના સેવનથી પણ તદાશ્રિત જીવોનો ઘાત થવાના કારણે હિંસાનો દોષ લાગે છે. તેથી માલૂમ પડે છે કે મધના આશ્રયે સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થયા કરે છે તેથી જ તેને અહીં '**बहुंजीवोद्भवास्पदम्**' વિશેષણ આપવામાં આવ્યું છે. પોતામાં ઘણા જીવોની ઉત્પત્તિવાળું હોવાથી મધ ખાવા યોગ્ય નથી-ખાવાથી તે જીવોની હિંસા થાય છે અને તેથી પ્રથમ વિશેષણના અભાવમાં પણ તેનું ખાવું નિષિદ્ધ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે કંદ-મૂળ આદિનો અહીં નિષેધ કરવામાં આવ્યો છે તેમનું '**अनेषणीय**' વિશેષણ ખાસ પ્રકારે ધ્યાનમાં લેવા યોગ્ય છે; તેનો તથા તેના પ્રતિપક્ષી '**एषणीय**' વિશેષણનો સારો ખુલાસો મૂળાચારની નીચેની બે ગાથાઓ અને તેમની વસુનંદી આચાર્યકૃત ટીકાથી થઇ જાય છે—

**फलकंदमूलबीयं अणग्गिपक्कं तु आमयं किं चि ।**
**णच्चा अणेसणीयं ण वि य पडिच्छंति ते धीरा ॥ ९–५९ ॥**

**ટીકા:—फलानि कन्द-मूलानि बीजानि चाग्नि पक्वानि न भवन्ति यानि अन्यदपि आमकं यत्किंचिदनशनीयं ज्ञात्वा नैव प्रतीच्छन्ति नाभ्युपगच्छते ते धीराः ।**

**जं हवदि अणव्वीयं ण वि णिवट्टियं फासुयकयं चेव ।**
**णाऊ ण एसणीयं तं भिक्खं मुणी पडिच्छंति ॥ ९–६० ॥**

**ટીકા:—यद्भवत्यबीजं निर्बीजं निर्वर्तितं निर्गतमध्यसारं प्रासुककृतं चैव ज्ञात्वाशनीयं तद्भैक्ष्यं मुनयः प्रतीच्छन्तीति ॥**

આ બન્ને ગાથાઓમાંથી પહેલીમાં લખ્યું છે કે ' જે ફળ, કંદ, મૂળ તથા બીજ અગ્નિથી રંધાયાં નથી તથા બીજા પણ જે કોઈ કાચા પદાર્થ છે તે બધાને 'અનશનીય' ( અભક્ષ્ય ) સમજીને ધીર વીર મુનિ ભોજન માટે ગ્રહતા નથી; બીજી ગાથામાં એમ બતાવ્યું છે કે ' જે બીજરહિત છે, જેનો મધ્યસાર ( જળભાગ ) નીકળી ગયો છે અથવા જેને પ્રાસુક કરવામાં આવ્યું છે એવા બધા વનસ્પતિકાય પદાર્થોને અશનીય ( ભક્ષ્ય ) સમજીને મુનિઓ ભિક્ષામાં ગ્રહે છે. '

જો કે અનગ્નિપકવ પણ પ્રાસુક હોય છે, પરંતુ પ્રાસુકની સીમા તેનાથી ઘણી વધારે આગળ છે. તેમાં સૂકવેલા, તપાવેલા, ખટાશ-મીઠું મેળવેલા, અને યંત્રાદિથી છિન્ન-ભિન્ન કરેલા સચિત્ત પદાર્થો પણ સામેલ હોય છે; કે જે નીચે લખેલી શાસ્ત્ર પ્રસિદ્ધ ગાથામાં પ્રગટ છે—

**सुक्कं पक्कं तत्तं अंबिल–लवणेण मिस्सियं दव्वं ।**
**जं जतेण छिण्णं तं सव्वं फासुयं भणियं ॥**

१. यथा शुष्क–पक्व–ध्वस्ताम्ललवणसंमिश्र-दग्धादिद्रव्यं प्रासुकं इति ।
—ગોમટસારની ટીકામાંથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હાથમાંનો કોળિયો બીજાને આપીને ભોજન કરનાર યતિ દોષનો ભાગી છે.

[2]पिण्डः पाणि–गतोऽन्यस्मै दातुं योग्यो न युज्यते ।
दीयते चेन् न भोक्तव्यं भुङ्क्ते चेद् दोषभाग् यति ॥ ६४ ॥

શબ્દાર્થ:—( पाणि-गतः योग्यः पिण्डः ) સાધુના હાથમાં પડેલો યોગ્ય આહાર ( अन्यस्मै दातुं ) બીજાને દેવાને ( न युज्यते ) યોગ્ય નથી હોતો ( અને તેથી આપવામાં આવતો નથી ) ( चेत् दीयते ) જો આપવામાં આવે તો ( यतिः ) સાધુએ પછી ( न भोक्तव्यं ) ભોજન નહિ લેવું જોઈએ, ( चेद् भुङ्क्ते ) જો તે સાધુ અન્ય ભોજન કરે છે તો ( दोषभाग् ) દોષનો ભાગીદાર થા છે.

વ્યાખ્યા:—સાધુના હાથમાં પડેલો આગમથી અવિરૂદ્ધ યોગ્ય આહાર ( ભોજનનો કોળિયો ) કોઈ બીજાને આપવાને યોગ્ય નથી હોતો. જો તે સાધુ પોતાની રુચિ તથા પસંદગીનું ન હોવાને કારણે તે સ્વયં ન ખાતાં કોઇને આપે છે–અથવા કોઈ બીજાને ખાવામાટે ક્યાંક મૂકી દે છે–તો તે સાધુએ પછી બીજું ભોજન ન કરવું જોઇએ, જો તે બીજું ભોજન કરે તો તે દોષનો ભાગીદાર થાય છે–સંભવિત્ રીતે તેને ' यथालब्ध ' શુદ્ધ ભોજન ન લેવા આદિનો તેને દોષ લાગે છે. ૬૪.

## બાળ–વૃદ્ધાદિ યતિઓને ચારિત્રાચરણમાં દિશાબોધ.

[1]बालो वृद्धस्तपोग्लानस्तीव्रव्याधि–निपीडितः ।
तथा चरतु चारित्रं मूलच्छेदो यथास्ति नो ॥ ६५ ॥

શબ્દાર્થ:—( बालः ) જે સાધુ બાળક હોય, ( वृद्धः ) વૃદ્ધ હોય, ( तपः ) મહા-ઉપવાસાદિક અનુષ્ઠાન કરનાર તપસ્વી હોય,[2] ( ग्लानः तीव्रव्याधि–निपीडितः ) રોગાદિથી કૃશશરીરવાળા અથવા કોઈ તીવ્ર વ્યાધિથી પીડિત હોય, તેણે ( तथा चरतु चारित्रं ) ચારિ-

૨. अप्पडिकुट्ठं पिंडं पाणिगयं णेव देयमण्णस्स ।
दत्ता भोत्तुमजोग्गं भुत्तो वा होदि पडिकुट्ठो । ( ३-३०( क ) ॥ —પ્રવચનસાર

૧. बालो वा बुड्ढो वा समभिहदो वा पुणो गिलाणो वा ।
चरियं चरदु सजोग्गं मूलच्छेदो जधा ण हवदि ॥ ३-३० ॥ —પ્રવચનસાર.

૨. महोपवासाद्यनुष्ठायी तपस्वी । ( સર્વાર્થસિ. )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રનું તે પ્રકારે પાલન કરવું જોઇએ ( यथा मूलच्छेदो नो अस्ति ) જેથી મૂળગુણોનો વિચ્છેદ અથવા ચારિત્રનો મૂળમાંથી વિનાશ ન થવા પામે.

**વ્યાખ્યા:**—યુવક, નીરોગ તથા અશ્રાન્ત સાધુની વાત છોડીને જે સાધુ બાળ-વૃદ્ધ-રોગાદિની અવસ્થાઓ સહિત હોય તેમના વિષયમાં અહીં એ નિયમ કરવામાં આવ્યો છે કે તેઓ ચારિત્રના અનુષ્ઠાનમાં તે પ્રકારે પ્રવર્તે જેથી મૂળગુણરૂપ સંયમની વિરાધના ન થવા પામે-તેની રક્ષા કરતાં પોતાની કમજોરીને કારણે તેઓ બીજી જે છૂટછાટ ઇચ્છે તે ખુશીથી પ્રાપ્ત કરી શકે છે. મૂળ ચારિત્રનો જો ભંગ થાય તો તેઓ ફરીથી દીક્ષાને યોગ્ય ઠરશે. ૬૫

## સ્વલ્પ લેપવાળા યતિ ક્યારે થાય છે.

[3]आहारमुपधिं शय्यां देशं कालं बलं श्रमम् ।
वर्तते यदि विज्ञाय ' स्वल्पलेपो ' यतिस्तदा ॥ ६६ ॥

**શબ્દાર્થ:**—( यदि ) જો ( व्यतिः ) સાધુ ( आहारं ) આહાર, ( उपधिं ) પરિગ્રહ ( ઉપકરણ ), ( शय्यां ) શયન, ( देशं ) દેશ, ( कालं ) કાળ, ( बलं ) બળ અને ( श्रमं ) શ્રમને ( विज्ञाय ) સારી રીતે જાણીને ( वर्तते ) પ્રવર્તે છે ( तदा ) તો ( स्वल्पलेपो ) તે અલ્પલેપી થાય છે-થોડો કર્મબંધ કરે છે.

**વ્યાખ્યા:**—અહીં ' ઉપધિ ' શબ્દ બાળ-વૃદ્ધ-શ્રાન્ત-ગ્લાન સંબંધી શરીર માત્ર પરિગ્રહનો વાચક છે,[4] અને ' આહાર ' ભિક્ષામાં સામાન્ય રીતે મળનાર ભોજનને સમજવો જોઇએ. જે બાળ-વૃદ્ધાદિ સાધુ પોતાના આહાર, શરીર, શય્યા-સંસ્તર, દેશ, કાળ, બળ અને શ્રમની સ્થિતિ સારી રીતે જાણીને અનુકૂળ ભદ્ર આચરણ અપનાવે છે તે અલ્પ કર્મબંધનો કર્તા થાય છે. ૬૬.

## તપસ્વીએ કેવી જાતના કામ ન કરવા ?

संयमो हीयते येन येन लोको विराध्यते ।
ज्ञायते येन संक्लेशस्तन्न कृत्यं तपस्विभिः ॥ ६७ ॥

---

૩. आहारे व विहारे देसं कालं समं खमं उवधिं ।
जाणित्ता ते समणो वट्टदि जदि अप्पलेवी सो ॥ ३-३१ ॥ —પ્રવચનસાર.

૪. बाल-वृद्ध-श्रान्त-ग्लान-सम्बन्धिनं शरीरमात्रोपधि परिग्रहमिति : —પ્રવચનસાર ટીકા જયસેનાચાર્યની.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( **येन** ) જેના દ્વારા ( **संयमः हीयते** ) સંયમની હાનિ થાય, ( **येन** ) જેના દ્વારા ( **लोकः विराध्यते** ) લોકને પીડા પહોંચતી હોય, ( **येन** ) તથા જેના દ્વારા ( **संक्लेशः ज्ञायते** ) સંક્લેશ માલૂમ પડે ( **तत्** ) તે કામ ( **तपस्विभिः** ) તપસ્વિઓએ-સાધુઓએ ( **न कृत्यं** ) ન કરવું જોઇએ.

વ્યાખ્યા:—સાધુ તપસ્વીએ કયું કામ ન કરવું જોઇએ તેની અહીં સંક્ષેપમાં સૂચના કરવામાં આવી છે. તે પણ કામ છે-એક તો જેનાથી સંયમને-મૂલ ગુણોના અનુષ્ઠાનને-હાનિ પહોંચે બીજું તે જેનાથી લોકની વિરાધના થાય-લૌકિક જનોને પીડા પહોંચે અને ત્રીજું તે જેનાથી પોતાને સંક્લેશ લાગે-પોતાના પરિણામોમાં સંકિલષ્ટતા આવતી હોય. એવા બધાં કાર્ય પાપબંધનાં કારણ થાય છે. ૬૭.

## આગમની ઉપયોગિતા અને તેમાં સાદર પ્રવૃત્તિની પ્રેરણા.

**[१]एकाग्रमनसः साधोः पदार्थेषु विनिश्चयः ।**
**यस्मादागमतस्तस्मात् तस्मिन्नाद्रियतां तराम् ॥ ६८ ॥**

શબ્દાર્થ:—( **यस्मात्** ) કારણકે ( **एकाग्रमनसः साधोः** ) એકાગ્રચિત્તના ધારક સાધુને ( **आगमतः** ) આગમથી ( **पदार्थेषु विनिश्चयः** ) પદાર્થોમાં નિશ્ચય થાય છે ( **तस्मात्** ) તેથી ( **तस्मिन्** ) આગમમાં ( **आद्रियतां तराम्** ) વિશેષ આદરથી પ્રવૃત્ત થવું જોઇએ.

વ્યાખ્યા:—આત્મા અથવા મુક્તિનું સાધન કરનાર શ્રમણ સાધુનું અહીં 'એકાગ્રમન' વિશેષણ આપ્યું છે, જે ઘણું જ યુક્તિ યુક્ત છે, કેમકે મનની એકાગ્રતા વિના સાધના થતી નથી અને સાધના વિના સાધુતા નામમાત્રની જ રહી જાય છે. મનની એકાગ્રતા પદાર્થોના નિશ્ચય પર આધાર રાખે છે. જે સાધુને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ નો પર-પદાર્થોનો, પર-પદાર્થોના સંયોગ-વિયોગના હેતુઓનો, કર્મપુદ્ગલો તથા તેમની શક્તિનો અને આ વિશ્વના સ્વરૂપનો બરાબર નિશ્ચય ન હોય તેનું ચિત્ત ડામાડોળ રહેવાને કારણે સ્થિરતાને પ્રાપ્તિ થતું નથી. પદાર્થોના નિશ્ચયની પ્રાપ્તિ આગમથી-સર્વજ્ઞદેશિત અથવા સર્વજ્ઞ-દેશના અનુસાર શાસ્ત્રોથી-થાય છે તેથી આગમ-શાસ્ત્રો પ્રત્યે વિશેષ આદરભાવ રાખવાની અહીં સાધુઓને પ્રેરણા કરવામાં આવી છે. ૬૮.

---

૧. **एयग्गगदो समणो एयग्गं णिच्छिदस्स अत्थेसु ।**
**णिच्छित्ती आगमदो आगमचेट्ठा तदो जेट्ठा ॥ ३-३२ ॥** —પ્રવચનસાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परलोकविधौ शास्त्रं प्रमाणं प्रायशः परम् ।
यतोऽत्रासन्नभव्यानामादरः परमस्ततः ॥ ६९ ॥

શબ્દાર્થઃ— ( यतः ) કારણ કે ( परलोकविधौ ) પરલોક સંબંધમાં ( शास्त्रं ) શાસ્ત્ર ( प्रायशः ) ઘણું કરીને ( परम् ) ઉત્કૃષ્ટ ( प्रमाणं ) પ્રમાણ છે, ( ततः ) તેથી ( आसन्न-भव्यानां ) જે નિકટ ભવ્ય છે તેમનો ( अत्र ) શાસ્ત્રમાં ( परमः आदरः ) પરમ આદર હોય છે.

વ્યાખ્યાઃ—અહીં એમ બતાવ્યું છે કે જે નિકટ ભવ્ય સાધુ હોય છે તેમનો આગમમાં પરમ આદર હોય છે અને તેનું કારણ એ છે કે પરલોકના વિષયમાં અથવા અતીન્દ્રિય સૂક્ષ્મ પદાર્થોના સંબંધમાં પ્રાયઃશાસ્ત્ર જ પ્રમાણભૂત છે; કારણ કે તે ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલ અનંત જ્ઞાનાદિ ચતુષ્ટયના ધારક સર્વજ્ઞ દ્વારા કહેવાયેલ હોય છે. આવું સર્વજ્ઞ કથિત પ્રમાણ જ અહીં તથા આગળના પદ્યોમાં વિવક્ષિત છે. ૬૯.

उपदेशं विनाप्यङ्गी पटीयानर्थकामयोः ।
धर्मे तु न विना शास्त्रादिति तत्रादरो हितः ॥ ७० ॥

શબ્દાર્થઃ—( अङ्गी ) આ પ્રાણી ( अर्थकामयोः ) અર્થ અને કામ ( પુરુષાર્થ ) ના સાધનમાં ( उपदेशं विना अपि पटीयान् ) ઉપદેશ વિના પણ નિપુણ હોય છે – સ્વતઃ પ્રવૃત્તિ કરે છે—( धर्मे तु ) પરંતુ ધર્મ ( પુરુષાર્થ ) ના સાધનમાં ( शास्त्रात् विना न ) શાસ્ત્રો વિના—શાસ્ત્રોપદેશના અભાવમાં-પ્રવર્તતો નથી, ( इति तत्र आदरः हितः ) તેથી શાસ્ત્રમાં આદર કરવો હિતકારી છે.

વ્યાખ્યાઃ—અહીં શાસ્ત્રમાં આદર અને તેની આવશ્યકતાની બાબત એમ કહીને વિશેષ પુષ્ટ કરવામાં આવી છે કે સંસારી પ્રાણી અર્થોપાર્જન અને કામસેવન આ બે પુરુષાર્થોમાં તો કોઈના ઉપદેશ વિના સ્વતઃ પ્રવીણ હોય છે તથા પ્રવૃત્તિ કરે છે પરંતુ ધર્માચરણમાં શાસ્ત્ર વિના પ્રવર્તતો નથી તેથી આગમશાસ્ત્રમાં આદર કરવો હિતરૂપ છે. ૭૦.

अर्थकामाविधानेन तदभावः परं नृणाम् ।
धर्माविधानतोऽनर्थस्तदभावश्च जायते ॥ ७१ ॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( अर्थकाम अविधानेन ) અર્થ અને કામના સાધનમાં પ્રવૃત્તિ ન કરવાથી ( तदभावः ) તેમનો અભાવ જ થાય છે. ( परं नृणाम् ) પરંતુ મનુષ્યોને ( धर्म अविधानतः ) ધર્મના સાધનમાં પ્રવૃત્તિ ન કરવાથી ( तदभावः च अनर्थः जायते ) ધર્મનો અભાવ જ નહિ પરંતુ અનર્થ પણ ઉત્પન્ન થાય છે.

વ્યાખ્યા:—પાછલા પદ્યમાં જે ત્રણ પુરુષાર્થોનો ઉલ્લેખ છે તેમાં પ્રવૃત્તિ ન થવાથી જે દોષ આવે છે તેને આ પદ્યમાં બતાવતાં લખ્યું છે કે અર્થ-કામ ( નો પુરુષાર્થ ) ન કરવાથી તો મનુષ્યોને તેમનો અભાવ જ ઘટિત થાય છે, પરંતુ ધર્મનું અનુષ્ઠાન ન કરવાથી ધર્મનો અભાવ જ નહિ પણ બીજા અનર્થ પણ ઘટિત થાય છે જેને પાપાચાર પ્રવૃત્તિ રૂપે સમજવા જોઇએ અને આ રીતે મુનિઓને ધર્મના સાધનભૂત આગમમાં સાદર પ્રવૃત્તિ થવાને માટે પ્રેરિત કર્યા છે. ૭૧.

**तस्माद्धर्मार्थिभिः शश्वच्छास्त्रे यत्नो विधीयते ।**
**मोहान्धकारिते लोके शास्त्रं लोक-प्रकाशकम् ॥ ७२ ॥**

શબ્દાર્થ:—( तस्मात् ) તેથી ( धर्मार्थिभिः ) જે ધર્મના અભિલાષી છે તેમણે ( शश्वत् ) સદા ( शास्त्रे ) શાસ્ત્રમાં-શાસ્ત્રોપદેશની પ્રાપ્તિમાં-( यत्नः ) યત્ન ( विधीयते ) કરવો જોઇએ. ( કેમકે ) ( मोहान्धकारिते लोके ) મોહરૂપી અંધકારથી વ્યાપ્ત લોકમાં ( शास्त्रं ) શાસ્ત્ર ( જ ) ( लोक-प्रकाशकम् ) લોકનું પ્રકાશક છે-લોકને યથાર્થરૂપે દેખાડનાર છે.

વ્યાખ્યા:—ધર્મસાધના માટે આગમ-શાસ્ત્રની ઉક્ત આવશ્યકતા જોતાં ધર્માર્થી સાધુઓનું એ સ્પષ્ટ કર્તવ્ય છે કે તેઓ સદા આગમ-શાસ્ત્રના અધ્યયન, શ્રવણ તથા મનનનો યત્ન કરે. વાસ્તવમાં મોહાંધકારથી વ્યાપ્ત લોકમાં શાસ્ત્ર જ લોકના સ્વરૂપનું સાચું પ્રકાશક છે.

અહીં પાછળ તથા આગળ જે શાસ્ત્ર ( આગમ ) નો ઉલ્લેખ છે તે તે જ છે જેનું સ્વરૂપ સ્વામી સમન્તભદ્રે સમીચીન ધર્મશાસ્ત્ર ( રત્ન કરંડ )ના નીચેના પદ્યમાં આપ્યું છે—

**आप्तोपज्ञमनुलङ्घ्यमदृष्टेष्ट-विरोधकम् ।**
**तत्त्वोपदेशकृत्सार्वं शास्त्रं कापथ-घट्टनम् ॥ ९ ॥**

અર્થાત્—જે આપ્તોપજ્ઞ હોય-આપ્તદ્વારા પ્રથમ જ્ઞાન થઇને ઉપદેશાયું હોય-અનુલંઘ્ય હોય-ઉલ્લંઘનીય અથવા ખંડનીય ન હોતાં ગ્રાહ્ય હોય, દષ્ટ ( પ્રત્યક્ષ ) અને ઇષ્ટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( અનુમાનાદિ વિષયક સ્વસંમત સિદ્ધાંત )નું વિરોધ કરનાર ન હોય-પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી જેમાં કોઈ બાધા ન આવતી હોય અને ન પૂર્વાપરનો કોઈ વિરોધ જેમાં પ્રાપ્ત થતો હોય, તત્ત્વોપદેશનું કર્તા હોય,-વસ્તુના યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદક હોય, બધાને માટે હિતરૂપ હોય અને કુમાર્ગનું નિરાકરણ કરનાર હોય, તેને ' શાસ્ત્ર '-પરમાર્થ આગમ-કહે છે.

એની વિશેષ વ્યાખ્યા માટે સમીચીન ધર્મશાસ્ત્ર પૃષ્ઠ ૪૩-૪૪ જોવા જોઇએ. ૭૨.

**मायामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबन्धनम्[1] ।**
**चक्षुः सर्वगतं शास्त्रं शास्त्रं सर्वार्थसाधकम् ॥ ७३ ॥**

શબ્દાર્થઃ—( **माया आमय** ) માયારૂપ રોગની ( **औषधं** ) દવા ( **शास्त्रं** ) શાસ્ત્ર, ( **पुण्यनिबन्धनम्** ) પુણ્યનું કારણ ( **शास्त्रं** ) શાસ્ત્ર, ( **सर्वगतं चक्षुः** ) સર્વ પદાર્થોને જોનારું નેત્ર ( **शास्त्रं** ) શાસ્ત્ર અને ( **सर्वार्थसाधकम्** ) સર્વ પ્રયોજનોનું સાધક ( **शास्त्रं** ) શાસ્ત્ર છે.

વ્યાખ્યાઃ—અહીં આગમ-શાસ્ત્રના મહિમાનું વર્ણન કરતાં તેને માયાચાર રૂપ રોગનું ઓસડ, સર્વવ્યાપી નેત્ર, પુણ્ય ઉપાર્જનમાં સહાયક અને સર્વ પ્રયોજનોને સિદ્ધ કરનાર સાધક બતાવ્યું છે. ૭૩.

**न भक्तिर्यस्य तत्रास्ति तस्य धर्म–क्रियाखिला ।**
**अन्धलोकक्रियातुल्यो कर्मदोषादसत्फला ॥ ७४ ॥**

શબ્દાર્થઃ—( **यस्य** ) જેની ( **तत्र** ) આગમ-શાસ્ત્રમાં ( **भक्तिः न अस्ति** ) ભક્તિ નથી ( **तस्य** ) તેની ( **धर्मक्रियाखिला** ) બધી ધર્મક્રિયા ( **कर्मदोषात्** ) કર્મદોષ ને કારણે ( **अन्धलोकक्रियातुल्या** ) આંધળા મનુષ્યની ક્રિયા જેવી હોય છે, ( **असत्फला** ) અને તે ક્રિયા દૂષિત હોવાને કારણે સત્ ફળ-ઉત્તમ અથવા યથેષ્ટ ફળ-દેતી નથી.

વ્યાખ્યાઃ—ઉક્ત આગમ-શાસ્ત્ર પ્રત્યે જેને ભક્તિ નથી-આદરભાવ નથી તે સાધુની બધી ક્રિયાને-બધા ધર્માચરણને-અહીં અંધ પુરુષની ક્રિયા સમાન બતાવી છે; કેમ કે તે ક્રિયા વિવેક-વિહીન દૂષિત હોવાને કારણે સત્ ફળ આપતી નથી. ૭૪.

**यथोदकेन वस्त्रस्य मलिनस्य विशोधनम् ।**
**रागादि–दोष–दुष्टस्य शास्त्रेण मनसस्तथा ॥ ७५ ॥**

---

૧. मु द्रव्यनिबंधनं ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( यथा ) જેવી રીતે ( मलिनस्य वस्त्रस्य ) મલિન વસ્ત્રની ( उदकेन विशोधनम् ) જળથી શુદ્ધિ થાય છે ( तथा ) તેવી જ રીતે ( रागादि-दोष-दुष्टस्य ) રાગાદિ દોષોથી દુષિત થયેલ ( मनसः ) મનની શુદ્ધિ ( शास्त्रेण ) શાસ્ત્રથી થાય છે.

વ્યાખ્યા:—અહીં પણ શાસ્ત્રનું મહત્ત્વ એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરતાં લખ્યું છે કે રાગાદિ દોષોથી દુષિત થયેલું સાધુનું મન શાસ્ત્રના અધ્યયનાદિથી એવી રીતે વિશુદ્ધિને પ્રાપ્ત થાય છે જેવી રીતે મળથી મલિન વસ્ત્ર જળથી ધોવાતા શુદ્ધ અને સાફ થાય છે. ૭૫.

**आगमे शाश्वती बुद्धिर्मुक्तिस्त्री–शंफली यतः ।**
**ततः सा यत्नतःकार्या भव्येन भवभीरुणा ॥ ७६ ॥**

શબ્દાર્થ:—( यतः ) કારણ કે ( आगमे ) આગમશાસ્ત્રમાં (शाश्वती बुद्धिः) નિરંતર લાગેલી બુદ્ધિ (मुक्ति स्त्री–शंफली) મુક્તિ સ્ત્રીને પ્રાપ્ત કરવામાં દૂતી સમાન છે–મુક્તિને પ્રાપ્ત કરાવે છે–( ततः ) તેથી ( भवभीरुणा भव्येन ) જે સંસારના દુઃખોથી-ભયભીત ભવ્ય જીવ છે તેણે ( यत्नतः ) યત્નપૂર્વક ( सा ) બુદ્ધિ શાસ્ત્રમાં–શાસ્ત્રના અધ્યયન–શ્રવણ–મનનાદિમાં– ( कार्या ) લગાવવી જોઈએ.

વ્યાખ્યા:—અહીં અલંકારની ભાષામાં આગમમાં નિરંતર લીન રહેનારી સાધુની બુદ્ધિને મુક્તિ સ્ત્રી સાથે મેળાપ કરાવનારી દૂતી સમાન બતાવી છે અને તેથી સંસારથી ભયભીત ભવ્ય સાધુએ સદા યત્નપૂર્વક પોતાની બુદ્ધિ આગમના અધ્યયનાદિમાં પ્રવર્તાવવી જોઇએ—તેથી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થશે. ૭૬

**कान्तारे पतितो दुर्गे गर्ताद्यपरिहारतः ।**
**यथाऽन्धो नाश्नुते[1] मार्गमिष्टस्थान–प्रवेशकम् ॥ ७७ ॥**
**पतितो भव–कान्तारे कुमार्गापरिहारतः ।**
**तथा नाप्नोत्यशास्त्रज्ञो मार्गं मुक्तिप्रवेशकम् ॥ ७८ ॥**

શબ્દાર્થ:—( यथा ) જેમ ( दुर्गे कान्तारे पतितो ) દુર્ગમ વનમાં પડેલો ( अन्धः ) અંધ મનુષ્ય ( गर्तादि अपरिहारतः ) ખાડા વગેરેનો પરિત્યાગ ન કરી શકવાથી ( इष्ट-

१. न लभते ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**स्थान-प्रवेशकम मार्गं** ) ઇષ્ટ-સ્થાનમાં પ્રવેશ કરાવનાર માર્ગ ( **न अश्नुते** ) પ્રાપ્ત કરતો નથી ( **तथा** ) તેમ ( **भव-कान्तारे पतितो** ) સંસાર-વનમાં પડેલો ( **अशास्त्रज्ञः** ) અશાસ્ત્રજ્ઞ જીવ ( **कुमार्गं अपरिहारतः** ) કુમાર્ગનો પરિત્યાગ ન કરી શકવાથી ( **मुक्ति प्रवेशकं-मार्गं** ) મુક્તિમાં પ્રવેશ કરાવનારો માર્ગ ( **न आप्नोति** ) મેળવી શકતો નથી-તે સન્માર્ગમાં લાગતો નથી જેના પર ચાલવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

**વ્યાખ્યા:**—અહીં આગમ-શાસ્ત્રની ઉપયોગિતા, આવશ્યકતા તથા મહિમાનો ઉપસંહાર કરતાં તેને દુર્ગમ વનમાં એકલા પડેલા અંધ પુરુષના ઉદાહરણદ્વારા કાંઇક વધારે સ્પષ્ટ કરીને બતાવવામાં આવેલ છે. દુર્ગમ વનમાં એકલો પડેલ અંધ મનુષ્ય જેમ ચાલતી વખતે ખાડા, ટેકરા, કૂવા-ખાઈ આદિનો ત્યાગ ન કરી શકવાથી તેમાં પડી જાય છે, પડ્યો પડ્યો કષ્ટ ભોગવે છે અને પોતાના ઇષ્ટ સ્થાને પહોંચવામાં સમર્થ નથી થતો, તેવી જ રીતે સંસાર-વનમાં પડેલો શાસ્ત્રજ્ઞાનવિનાનો અંધ સાધુ-ચર્યા કરતી વખતે કુમાર્ગોનો પરિહાર ન કરી શકવાથી કુમાર્ગોમાં ફસાઈને પોતાના ઇષ્ટસ્થાન-મોક્ષને પ્રાપ્ત કરાવનાર સન્માર્ગને પ્રાપ્ત કરવામાં અસમર્થ રહે છે.

આ રીતે ૧૧ પદ્યોમાં સાધુ માટે આગમ-શાસ્ત્રની ભારે ઉપયોગિતા આદિનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે, જેના દ્વારા પ્રાપ્ત જ્ઞાનથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. ૭૭-૭૮.

## સમાન આચરણ હોવા છતાં પણ પરિણામ આદિથી ફળમાં ભેદ.

**यतः समेऽप्यनुष्ठाने फलभेदोऽभिसन्धितः ।**
**स ततः परमस्तत्र ज्ञेयो नीरं कृषाविव ॥ ७९ ॥**
**बहुधा भिद्यते सोऽपि रागद्वेषादिभेदतः ।**
**नानाफलोपभोक्तॄणां नृणां बुद्धयादिभेदतः ॥ ८० ॥**

**શબ્દાર્થ:**—( **यतः** ) કારણ કે ( **समे अपि अनुष्ठाने** ) સમાન અનુષ્ઠાન હોવા છતાં પણ ( **अभिसन्धितः** ) પરિણામથી ( **फलभेदः** ) ફળમાં ભેદ થાય છે ( **ततः** ) તેથી ( **तत्र** ) ફળ પ્રાપ્તિમાં ( **सः परमः** ) પરિણામને ઉત્કૃષ્ટ સ્થાન ( **ज्ञेयः** ) પ્રાપ્ત છે, ( **कृषौ नीरं इव** ) જેમ ખેતીમાં ( ખેડવા-વાવવા આદિ રૂપ સમાન અનુષ્ઠાન હોવા છતાં પણ ) જળને વિશેષ સ્થાન પ્રાપ્ત છે તેમ. યોગ્ય સમયે યથેષ્ટ માત્રામાં જો ખેતીને પાણી આપવામાં આવે છે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે ઉત્તમ થાય છે. અને ( सोऽपि रागद्वेषादिभेदतः ) તે પરિણામ ( અભિપ્રાય ) પણ રાગ-દ્વેષાદિના ભેદથી તથા ( फल उपभोक्तृणां नानानृणां ) ફળનો ઉપભોગ કરનાર વિવિધ મનુષ્યોની ( बुद्धयादि भेदतः ) બુદ્ધિ આદિના ભેદથી ( बहुधा भिद्यते ) બહુધા ભેદરૂપ છે.

**વ્યાખ્યા:**—આ બન્ને પદ્યોમાં ચારિત્રનું અનુષ્ઠાન સમાન હોવા છતાં પણ તેના ફળ ભેદની વાત કહેવામાં આવી છે. ફળ ભેદમાં ભાવની પ્રધાનતા બતાવતાં ખેતીમાં જળના ઉદાહરણ દ્વારા તેને સ્પષ્ટ કરવામાં આવેલ છે, શુભરાગ તથા અશુભરાગ અને દ્વેષ-મોહાદિની તર-તમતાના ભેદથી પણ ફળમાં ભેદ થાય છે. એ સિવાય ફળ ભોગવનારાઓની બુદ્ધિ આદિના ભેદથી પણ ફળમાં ભેદ થાય છે, એ વાત અહીં ખાસપણે સૂચિત કરવામાં આવી છે. ૭૯–૮૦.

## બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહના ભેદથી બધાં કર્મ ભેદરૂપ.

**बुद्धिर्ज्ञानमसंमोहस्त्रिविधः प्रक्रमः[1] स्मृतः ।**
**सर्वकर्माणि भिद्यन्ते तद्भेदाच्च शरीरिणाम् ॥ ८१ ॥**

**શબ્દાર્થ:**—(बुद्धिः ज्ञानम् असंमोहः) બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહ (त्रिविधः प्रक्रमः) એવા ત્રણ પ્રકારના પ્રક્રમ-કાર્યમાં પ્રવર્તનરૂપ ઉદ્યમ-(स्मृतः) છે (तद्भेदात् च) અને તેના ભેદથી ( शरीरिणां ) દેહધારીઓનાં ( सर्व कर्माणि भिद्यन्ते ) સર્વ કાર્યો ભેદથી પ્રાપ્ત થાય છે-કોઈ બુદ્ધિપૂર્વક, કોઈ જ્ઞાનપૂર્વક અને કોઈ અસંમોહરૂપ હોય છે.

**વ્યાખ્યા:**—જે બુદ્ધિ આદિના ભેદથી પાછલા પદ્યમાં ફળભેદની વાત કહેવામાં આવી છે તેને અહીં બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહના ભેદથી ત્રણ પ્રકારના પ્રક્રમ-ઉદ્યમ બતાવ્યા છે-એક બુદ્ધિપૂર્વક, બીજો જ્ઞાનપૂર્વક અને ત્રીજો અસંમોહહેતુક. આ ત્રણેનું સ્પષ્ટીકરણ આગલા કેટલાક પદ્યોમાં કરવામાં આવ્યું છે. અહીં એટલી જ સૂચના કરવામાં આવી છે કે આ ત્રણેના ભેદથી દેહધારીઓનાં બધાં કાર્ય ભેદને પ્રાપ્ત થાય છે. ૮૧.

## બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહનું સ્વરૂપ.

**बुद्धिमक्षाश्रयां तत्र ज्ञानमागमपूर्वकम् ।**
**तदेव सदनुष्ठानमसंमोहं विदो विदुः ॥ ८२ ॥**

---
१. उद्यमः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—( **विदः** ) વિજ્ઞ પુરુષ ( **तत्र** ) તે બુદ્ધિ આદિ ત્રણ ભેદોમાં (**अक्षाश्रयां**) ઇન્દ્રિયાશ્રિત ને ( **बुद्धिं** ) 'બુદ્ધિ' ( **आगमपूर्वकं** ) આગમ પૂર્વકને ( **ज्ञानं** ) 'જ્ઞાન' અને ( **तदेव सदनुष्ठानं** ) આગમપૂર્વક જ્ઞાન જ જ્યારે સત્ય અનુષ્ઠાનને-અભ્રાંતરૂપ સ્થિરતાને-પ્રાપ્ત થાય છે ત્યારે તેને ( **असंमोहं विदुः** ) 'અસંમોહ' કહે છે.

**વ્યાખ્યા**:—આ પદ્યમાં બુદ્ધિને ઇન્દ્રિયાશ્રિત અને જ્ઞાનને આગમાશ્રિત બતાવીને બન્નેનો ભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો છે, નહિતર બુદ્ધિ અને જ્ઞાનમાં સાધારણ રીતે કોઇ તફાવત જણાતો નથી-એકની જગ્યાએ બીજાનો પ્રયોગ મળી આવે છે; જેમ જ્ઞાનને પ્રમાણ કહેવામાં આવે છે તેમ '**प्रमाणं बुद्धिलक्षणम्**' વાક્ય દ્વારા સમંતભદ્ર સ્વામીએ સ્વયંભૂસ્તોત્ર ( ૬૩ ) માં તે જ્ઞાનને જ 'બુદ્ધિ' શબ્દ દ્વારા બતાવેલ છે. સાથે જ જે આગમપૂર્વક જ્ઞાન સત્ અનુષ્ઠાનને પ્રાપ્ત હોય—અભ્રાંતરૂપે સ્થિર હોય—તેને 'અસંમોહ' કહેલ છે. ૮૨.

## બુદ્ધિ આદિ પૂર્વક કાર્યોના ફળભેદની દિશાસૂચના.

**चारित्रदर्शनज्ञानतत्स्वीकारो यथाक्रमम् ।**
**तत्रोदाहरणं ज्ञेयं बुद्धयादीनां प्रसिद्धये ॥ ८३ ॥**

**શબ્દાર્થ**:—( **चारित्रदर्शनज्ञान** ) ચારિત્ર-દર્શન-જ્ઞાનનો જે ( **यथाक्रमम्** ) યથાક્રમ-દર્શન-જ્ઞાન-ચારિત્રના ક્રમથી-( **स्वीकारः** ) સ્વીકાર છે-જે ચારિત્ર દર્શન-જ્ઞાન પૂર્વક છે-( **तत्र** ) તેમાં ( **बुद्धयादीनां** ) બુદ્ધિ આદિની ( **प्रसिद्धये** ) પ્રસિદ્ધિ માટે અહીં ( **उदाहरणं-ज्ञेयं** ) ઉદાહરણરૂપે ભેદ જાણવા જોઇએ.

**વ્યાખ્યા**:—બુદ્ધિ આદિની વિશેષતા બતાવવા માટે અહીં જે ફળભેદના ઉદાહરણની વાત કહેવામાં આવી છે તેને સંક્ષેપમાં આગલા કેટલાક પદ્યોમાં બતાવવામાં આવી છે. ૮૩.

## બુદ્ધિપૂર્વકના બધા કાર્ય સંસારફળ આપે છે.

**बुद्धिपूर्वाणि कर्माणि समस्तानि तनूभृताम्[१] ।**
**संसारफलदायीनि विपाकविरसत्वतः ॥ ८४ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થઃ—( तनूभृताम् ) દેહધારી જીવોને ( बुद्धिपूर्वाणि ) જે બુદ્ધિપૂર્વક ( कर्माणि ) કાર્ય છે ( समस्तानि ) તે બધાં ( संसारफलदायीनि ) સંસારફળ આપનાર છે, કારણ કે તે ( विपाकविरसत्वतः ) વિપાકમાં વિરસ હોય છે.

વ્યાખ્યાઃ—અહીં સંસારી જીવોનાં જેટલાં કોઈ બુદ્ધિપૂર્વકનાં કાર્ય છે તે બધાંને સાંસારિક ફળ અથવા સંસાર-પરિભ્રમણરૂપ ફળના આપનાર કહ્યાં છે અને તેનો હેતુ એ આપ્યો છે કે તે વિપાકકાળમાં વિરસ હોય છે. જે વિપાકકાળમાં રસરહિત અથવા વિકૃત રસવાળાં થઈ જાય છે તે ઇન્દ્રિયાશ્રિત બુદ્ધિપૂર્વક કાર્યોની એવી જ સ્થિતિ છે કે તે સંસા-ફળનેજ આપનાર હોય છે. ૮૪.

## જ્ઞાનપૂર્વકનાં કાર્ય મુક્તિના હેતુ છે.

**तान्येव ज्ञान-पूर्वाणि जायन्ते मुक्तिहेतवे ।**
**अनुबन्धः फलत्वेन श्रुतशक्ति निवेशितः ॥ ८५ ॥**

શબ્દાર્થઃ—( तानिएव ) તે જ કાર્ય ( ज्ञान-पूर्वाणि ) જ્યારે જ્ઞાનપૂર્વક હોય છે ત્યારે તે ( मुक्तिहेतवेजायन्ते ) મુક્તિનો હેતુ થાય છે; કેમ કે ( श्रुतशक्ति-निवेशितःअनु-बन्धः ) શ્રુતશકિત સહિત જે અનુરાગ છે તે ( ક્રમશઃ ) ( फलत्वेन ) મુક્તિફળ સહિત છે.

વ્યાખ્યાઃ—જે કાર્ય ઇન્દ્રિયાશ્રિત બુદ્ધિપૂર્વક કરવામાં આવે છે તે જ કાર્ય જો આગમાશ્રિત જ્ઞાનપૂર્વક કરવામાં આવે તો તે બંધનું ફળ ન આપતાં ક્રમેક્રમે મુક્તિનું ફળ આપે છે. આથી એ સ્પષ્ટ પ્રગટ થાય છે કે ઇન્દ્રિયાશ્રિત બુદ્ધિ અજ્ઞાનરૂપ છે અને આગમાશ્રિત બુદ્ધિ અજ્ઞાનરૂપ છે. તેથીજ અજ્ઞાનીના ભોગોને બંધનું અને જ્ઞાનીના ભોગને નિર્જરાનું કારણ કહેવામાં આવે છે. ૮૫.

## અસંમોહ-પૂર્વકનું કાર્ય નિર્વાણ સુખ આપે છે,

**सन्त्यसंमोहहेतूनि कर्माण्यत्यन्त शुद्धितः ।**
**निर्वाणशर्मदायीनि भवातीताध्वगामिनाम् ॥ ८६ ॥**

૧. मु तनूमतां ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( **असंमोहहेतूनि कार्याणि** ) જે કાર્ય અસંમોહપૂર્વક હોય છે તે ( **भवातीताध्वगामिनाम्** ) ભવાતીત માર્ગપર ચાલનારાઓને ( **अत्यन्तशुद्धितः** ) અત્યંત શુદ્ધિને કારણે ( **निर्वाणशर्मदायीनि सन्ति** ) નિર્વાણ સુખના પ્રદાતા થાય છે.

**વ્યાખ્યા:**—અહીં ત્રીજા અસંમોહ હેતુ કાર્યોના ફળની વાત લેવામાં આવી છે, જેના સ્વામી ભવાતીત માર્ગગામી હોય છે-ભવાભિનંદી નહિ-અને તેમને મુક્તિ-સુખના દાતા કહ્યા છે; કેમ કે તે ચિત્તની અત્યંત શુદ્ધિ સહિત હોય છે. ૮૬.

## ભવાતીત માર્ગગામીઓનું સ્વરૂપ.

**भावेषु कर्मजातेषु मनो येषां निरुद्यमम् ।**
**भव-भोग-विरक्तास्ते भवातीताध्वगामिनः ॥ ८७ ॥**

શબ્દાર્થ:—( **कर्मजातेषु भावेषु** ) કર્મજનિત પદાર્થોનાં ( **येषां मनः** ) જેમનું મન ( **निरुद्यमम्** ) ઉદ્યમ રહિત છે ( **ते** ) તે ( **भव-भोग-विरक्ताः** ) ભવભોગથી વિરક્ત ( યોગી ) ( **भवातीताध्वगामिनः** ) 'ભવાતીતમાર્ગગામી' હોય છે.

**વ્યાખ્યા:**—જે ભવાતીત માર્ગ ગામીઓનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેમનું આ પદ્યમાં સંક્ષિપ્ત રૂપ આપવામાં આવ્યું છે-એ બતાવ્યું છે કે 'જેમનું મન કર્મોદયજનિત પદાર્થોમાં નિરુદ્યમ રહે છે-અનુરક્તિ આદિ રૂપે કોઈ પ્રવૃત્તિ કરતું નથી-અને જે સંસારના ભોગોથી સદા વિરક્ત રહે છે તેમને 'ભવાતીતમાર્ગગામી' કહે છે. આવા મુનિઓની પ્રવૃત્તિ ભવાભિનંદી મુનિઓથી બિલકુલ વિપરીત 'અલૌકિક' હોય છે. ૮૭.

## ભવાતીતમાર્ગગામીઓનો માર્ગ સામાન્યની જેમ એક જ હોય છે.

**एक एव सदा तेषां पन्थाः सम्यक्त्वचारिणाम्[1] ।**
**व्यक्तिनामिव सामान्यं दशाभेदे[2]ऽपि जायते ॥ ८८ ॥**

---

૧. मु सम्यपरायिणां ।
૨. मु दशाभेदो ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **सम्यक्त्वचारिणां** ) જે ભવાતીતમાર્ગગામી સમ્યક્ ચારિત્રી છે ( **तेषां-पन्थाः** ) તેમનો માર્ગ ( **दशा भेदे अपि** ) દશાનો કાંઇક ભેદ હોવા છતાં પણ ( **सदा एक एव** ) સદા એક જ છે, જેમ ( **व्यक्तीनाम् इव** ) વ્યક્તિઓમાં અવસ્થાનો કાંઇક ભેદ હોવા છતાં પણ ( **सामान्यं जायते** ) સમાનતા-દ્યોતક ધર્મ એક જ હોય છે.

**વ્યાખ્યા:**—જે ભવાતીતમાર્ગગામીઓનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેમના વિષયમાં અહીં બે વાત ખાસપણે કહેવામાં આવી છે-એક તો એ કે તે બધા સમ્યક્ ચારિત્રી હોય છે, બીજું એ કે તેમાં પરસ્પર પંથભેદ નથી હોતો-બધાનો પંથ એક જ રહે છે, જેવી રીતે વ્યક્તિઓમાં-વિશેષોમાં-અવસ્થાનો કાંઈક ભેદ હોવા છતાં પણ સામાન્ય સદા એકજ રહે છે. ૮૮.

## શબ્દભેદ હોવા છતાં નિર્વાણતત્ત્વ એક જ છે.

**निर्वाण संज्ञितं तत्त्वं संसारातीतलक्षणम् ।**
**एकमेवावबोद्धव्यं शब्दभेदेऽपि तत्त्वतः ॥ ८९ ॥**

**શબ્દાર્થ:**—( **संसारातीत लक्षणं** ) સંસારાતીત લક્ષણવાળું ( **निर्वाणसंज्ञितं** ) જે નિર્વાણ-સંજ્ઞા પ્રાપ્ત ( મોક્ષ ) ( **तत्त्वं** ) તત્ત્વ છે તેને ( **शब्दभेदे अपि** ) શબ્દ ભેદ હોવા છતાં પણ ( **तत्त्वतः** ) વાસ્તવમાં ( **एकम् एव अवबोद्धव्यं** ) એક જ જાણવું જોઇએ.

**વ્યાખ્યા:**—નિર્વાણ નામનું તત્ત્વ, જેને સાત તત્ત્વોમાં 'મોક્ષ' નામથી ગણાવવામાં આવેલ છે અને જેનું લક્ષણ સંસારપણાનો અભાવ છે-અર્થાત્ જેમાં ભવ-પરિવર્તન નથી, જન્મ-મરણ નથી, શરીર નથી, ઈન્દ્રિયો નથી, ઇન્દ્રિયો દ્વારા વિષયગ્રહણ નથી, રાગ દ્વેષ-મોહ નથી, ક્રોધ-માન-માયાલોભ નથી, હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા નથી, કામસેવા નથી, કોઇ પ્રકારની ઇચ્છા નથી, તૃષ્ણા નથી, અહંકાર-મમકાર નથી, સંયોગ વિયોગ નથી, ઇષ્ટવિયોગ અનિષ્ટયોગ-જન્ય કોઇ કષ્ટ નથી, રોગ નથી, જરા નથી, બાળ-યુવા-વૃદ્ધાવસ્થા નથી, ભૂખ-તરસ નથી, ખાવું-પીવું-સૂવું-જાગવું નથી, ક્યાંય જવા આવવાનું નથી, કોઇની સાથે કાંઇ વાર્તાલાપ નથી, કોઈ ધંધો-વ્યાપાર નથી, કોઇ જાતની સાધના-આરાધના નથી, માટી-ઇંટ-પથ્થર-ચૂના આદિના મકાનોમાં રહેવાનું નથી, સંસારનું કોઇ સુખ-દુઃખ નથી, અનિત્યતા-ક્ષણભંગુર નથી; અને ન કોઇ પ્રકારનું કોઈ વિભાવ પરિણમન છે, તે સ્વ-સ્વભાવ-સ્થિત નિર્વિકાર શુદ્ધ શાશ્વત જ્ઞાનાનંદ સ્વરૂપને 'સંસારાતીત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષણ ' કહે છે. આ લક્ષણથી યુક્ત ' નિર્વાણ ' તત્ત્વ વાસ્તવમાં એક જ છે; મોક્ષ, મુક્તિ, નિર્વૃત્તિ, સિદ્ધિ આદિ શબ્દ ભેદ અથવા સંજ્ઞા ( નામ ) ભેદને કારણે ભેદ હોવા છતાં પણ અર્થનો કોઇ ભેદ નથી-બધા નામ તાત્ત્વિક દૃષ્ટિએ એકજ અર્થના વાચક છે.

અહીં મોક્ષ ( નિર્વાણ ) નું જે લક્ષણ ' સંસારાતીત ' અર્થાત્ ' ભવ-વિપરીત ' આપ્યું છે તે પોતાની ખાસ વિશેષતા રાખે છે અને તેને બધાને સમજાય તેવું બનાવી દે છે. જો કે તે તે લક્ષણથી જે મોક્ષાધિકારના પ્રારંભમાં '**अभावो बन्ध हेतूनां**' ઇત્યાદિ રૂપે આપ્યું છે, પ્રગટરૂપે ભિન્ન જણાય છે પરંતુ વાસ્તવમાં ભિન્ન નથી-તેનો જ ફલિતાર્થ છે. તે દાર્શનિકોની-શાસ્ત્રીઓની સમજમાં આવવા યોગ્ય ઘણું જ ગૂઢગંભીર તથા માપી-તોળીને આપેલું લક્ષણ છે અને આ સર્વસાધારણની સહજ સમજમાં આવવા યોગ્ય ખુલ્લું અને સીધું-સાદું લક્ષણ છે. બંધ અને બંધનું કાર્ય જે સંસાર[૧] તેનાથી મોક્ષ વિપરીત છે.[૨] સંસારનું રૂપ બધાની સામે છે, જેને સંક્ષેપમાં ઉપર બતાવવામાં આવ્યું છે, જ્યારે બંધના હેતુ અને સર્વ કર્મ સામે નથી, તેથી સંસારની બધી પ્રવૃત્તિઓના અભાવરૂપ મોક્ષને સહેલાઇથી સમજી શકાય છે અને તેથી સર્વ સાધારણની સમજ તથા ફલિતાર્થની દૃષ્ટિએ આ લક્ષણ ઘણું જ મહત્વપૂર્ણ છે. ૮૯.

## વિમુક્ત આદિ શબ્દ એક જ અર્થવાળા છે.

**विमुक्तो निर्वृतः सिद्धः परंब्रह्माभवः शिवः ।**
**अन्वर्थः शब्दभेदेऽपि भेदस्तस्य न विद्यते ॥ ९० ॥**

**શબ્દાર્થ:**—( **विमुक्तः** ) વિમુક્ત, ( **निर्वृतः** ) નિર્વૃત, ( **सिद्धः** ) સિદ્ધ, ( **परं-ब्रह्म** ) પરંબ્રહ્મ, ( **अभवः** ) અભવ, તથા ( **शिवः** ) શિવ શબ્દ ( **अन्वर्थः** ) અન્વર્થક છે. ( **शब्दभेदे अपि** ) શબ્દનો ભેદ હોવા છતાં પણ ( **तस्य भेदः न विद्यते** ) એમાં એકના વાચ્યનો બીજાના વાચ્ય સાથે વાસ્તવમાં અર્થભેદ નથી.

**વ્યાખ્યા:**—અહીં નિર્વાણ પામેલ વ્યક્તિઓનાં કેટલાંક નામોનો ઉલ્લેખ કરીને એમ બતાવ્યું છે કે આ બધા નામ અન્વર્થ સંજ્ઞાવાળા છે-નામનો ભેદ હોવા છતાં પણ તેમનામાં કોઈ પણ નામ તે નિર્વાણ તત્ત્વના ઉપભેદ સહિત નથી-બધાનું અભિધેય તે જ એક નિર્વાણ તત્ત્વ છે જેનો પાછલા પદ્યમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિમુક્તિને-વિભાવ-પરિણમનમાં કારણભૂત બંધનોથી વિશેષપણે નિવૃત્તિને-જે પ્રાપ્ત તેને ' વિમુક્ત ' કહે

૧. **बन्धस्य कार्यः संसारः ।** —( રામસેનાચાર્ય )
૨. **मोक्षस्तद्विपरीतात्मा ।** —( સમંતભદ્ર )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, જે સંસારિક બધી પ્રવૃત્તિઓથી છૂટકારો પામી ચુકયા છે તેને 'નિર્વૃત્ત કહે છે, જેણે સિદ્ધિને-દોષો-વિકારો તથા આવરણોના અભાવરૂપ સ્વાત્મોપલબ્ધિને-પ્રાપ્ત કરી લીધી છે તેને 'સિદ્ધ' કહે છે, જે બધા વિભાવોનો અભાવ કરી પોતાના શુદ્ધ ચિદાનંદમય આત્મસ્વરૂપમાં સ્થિત થઈ ગયા છે તેને પરંબ્રહ્મ કહે છે, જે ભવના-સંસારના-સર્વ પ્રપંચોથી રહિત થઈ ગયા છે અથવા સંસારૂપે રહ્યા નથી તેને 'અભવ' કહે છે અને જે શિવને-પરમ સૌખ્યરૂપ નિર્વાણને અથવા પરમ-કલ્યાણને-પ્રાપ્ત થઇ ગયા છે તેને 'શિવ' કહે છે. ઉક્ત નામોના આ અર્થોમાં બધાનું વાચ્ય એકજ પ્રાપ્ત થાય છે અને તેથી એમનામાં વાસ્તવમાં અર્થ-ભેદનું ન હોવું સુઘટિત છે. ૯૦.

## નિર્વાણતત્ત્વ ત્રણ વિશેષણોથી યુકત.

**तल्लक्षणाविसंवादा निराबाधमकल्मषम् ।**
**कार्यकारणतातीतं जन्ममृत्युवियोगत[१]: ॥ ९१ ॥**

શબ્દાર્થ:—( तत् लक्षण अविसंवादा ) તે નિર્વાણતત્ત્વના લક્ષણમાં જે વિસંવાદ-રહિત છે તેઓ તેને ( निराबाधं ) 'નિરાબાધ' –સર્વ પ્રકારની આકુળતા આદિ બાધાઓ રહિત-( अकल्मषम् ) 'અકલ્મષ'-બધા કર્મમળોથી શૂન્ય-અને ( जन्ममृत्युवियोगतः ) જન્મ-મરણનો અભાવ થઇ જવાથી ( कार्यकारणतातीतं ) 'કાર્ય-કારણતાથી વિમુક્ત' કહે છે.

વ્યાખ્યા:—નિર્વાણ તત્ત્વના ઉકત સંસારાતીત લક્ષણમાં જેમને કોઈ વિવાદ નથી તેઓ તે નિર્વાણ તત્ત્વને ત્રણ ખાસ વિશેષણોથી યુકત અનુભવે છે-એક નિરાબાધ, જેમાં કદી કોઈ પ્રકારે કોઈ બાધા આવતી નથી, બીજું અકલ્મષ, જેમાં કદી કોઈ પ્રકારે કર્મમળનો સંબંધ થઇ શકતો નથી, ત્રીજું જન્મ-મરણનો વિયોગ થઇ જવાથી જે સદા કાર્ય-કારણતાથી રહિત રહે છે-ન કદી કોઇનું કાર્ય બને ન કદી કારણ. ૯૧.

## અસંમોહથી જ્ઞાત નિર્વાણ-તત્ત્વમાં કોઈ વિવાદ તથા ભેદ હોતો નથી.

**ज्ञाते निर्वाण-तत्त्वेऽस्मिन्नसंमोहेन तत्त्वतः ।**
**मुमुक्षूणां न तद्युक्तौ विवाद उपपद्यते ॥ ९२ ॥**

---

१. आ जन्ममृत्योर्वियोगतः, व्या जन्ममृत्यादियोगतः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सर्वज्ञेन यतो दृष्टो मार्गो मुक्तिप्रवेशकः ।**
**प्राञ्जलोऽयं ततो भेदः कदाचिन्नात्र विद्यते ॥ ९३ ॥**

**શબ્દાર્થ:**— ( **अस्मिन् निर्वाण–तत्त्वे** ) આ નિર્વાણ–તત્ત્વ ( **तत्त्वतः** ) વાસ્તવમાં ( **असंमोहेन** ) અસંમોહ ( અભ્રાંત ) રૂપે ( **ज्ञाते** ) જણાઈ જતાં ( **मुमुक्षूणां** ) મુમુક્ષુઓને ( **तद्युक्तौ** ) તેની યુકિત–યોજનામાં ( **विवादः** ) વિવાદ ( **न उपपद्यते** ) ઉત્પન્ન થતો નથી. ( **यतः** ) કારણ કે ( **सर्वज्ञेन** ) સર્વજ્ઞદ્વારા ( **दृष्टः** ) દેખવામાં આવેલો ( **मुक्तिप्रवेशकः** ) જે મુકિતમાં પ્રવેશ કરાવનાર ( **मार्गः** ) માર્ગ છે ( **अयं** ) તે ( **प्राञ्जलः** ) પ્રાંજલ છે–સ્પષ્ટ અને નિર્દોષ છે– ( **ततः** ) અને તેથી ( **अत्र** ) તેમાં ( **कदाचित्** ) કદી ( **भेदः न विद्यते** ) કોઈ ભેદ નથી.

**વ્યાખ્યા:**—મોક્ષતત્ત્વને જ્યાંસુધી અસંમોહ ( અભ્રાંત ) રૂપે જાણવામાં આવતું નથી ત્યાંસુધી તેમાં વિવાદ થવો સંભવિત્ છે આગમ–જ્ઞાનપૂર્વક નિશ્ચિત રૂપે જાણી લેવાથી મુમુક્ષુઓને તેમાં પછી કોઇ વિવાદ ઉત્પન્ન થતો નથી. તેઓ દૃઢ શ્રદ્ધા સાથે સમજે છે કે સર્વજ્ઞદેવે મોક્ષપ્રાપ્તિનો જે માર્ગ–ઉપાય બંધના હેતુઓ મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્રનો અભાવ અને મોક્ષહેતુઓ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો સદ્ભાવ બતાવેલ છે તે તદ્દન બરાબર છે. તેમાં કોઇ અંતર પડતું નથી. બંધહેતુઓના અભાવથી નવા કર્મ બંધાતા નથી અને મોક્ષહેતુઓના સદ્ભાવથી જે તપશ્ચર્યા થાય છે તેનાથી સંચિત બધા કર્મોની નિર્જરા થઈને સ્વતઃ મુક્તિની પ્રાપ્તિ થાય છે. અને તેથી તેઓ નિઃશંક થઈને તે માર્ગમાં પ્રવૃત્તિ કરે છે. ૯૨–૯૩.

## નિર્વાણ માર્ગની દેશના વિચિત્ર હોવાનાં કારણ.

**विचित्रादेशनास्तत्र भव्यचित्तानुरोधतः ।**
**कुर्वन्ति सूरयो वैद्या यथाव्याध्यनुरोधतः ॥ ९४ ॥**

**શબ્દાર્થ:**—(**तत्र**) તે મુક્તિમાર્ગ સંબંધમાં ( **सूरयः** ) આચાર્ય મહોદય ( **भव्यचित्तानुरोधतः** ) ભવ્યજનોનાં ચિત્તાનુરોધથી ( **विचित्रा देशनाः** ) જુદા જુદા પ્રકારની દેશનાઓ ( **कुर्वन्ति** ) કરે છે ( **यथा** ) જેમ ( **व्याध्यनुरोधतः** ) વ્યાધીઓના અનુરોધથી ( **वैद्याः** ) વૈદ્ય જુદા જુદા પ્રકારની ચિકિત્સા કરે છે–જે વખતે જે રોગીની જે પ્રકારની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાધિ ( બીમારી ) હોય છે તે વખતે ચતુર વૈદ્ય તે વ્યાધિ તથા રોગીની પ્રકૃતિ આદિને અનુરૂપ યોગ્ય ઔષધની યોજના કરે છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યથી કોઈ એમ ન સમજી લે કે મોક્ષનો માર્ગ બિલકુલ એક જ ઢાંચામાં ઢાળેલો હોય છે, બધાને માટે સમાન રૂપે જ તેની દેશના કરવામાં આવે છે, તેની પ્રક્રિયામાં ક્યાંય કોઈ રંચમાત્ર પણ પરિવર્તન નથી થતું, આ ગેરસમજણ દૂર કરવા માટે જ આ પદ્યની ઉત્પત્તિ થઈ લાગે છે. અહીં સ્પષ્ટ રૂપે મોક્ષમાર્ગની દેશનાનું વિશેષણ '**विचित्रा**' આપવામાં આવ્યું છે જે એ વાતનું સૂચન કરે છે કે બધાને માટે દેશનાનું એક જ રૂપ નથી હોતું, કારણ કે સામાન્ય પણે સંસાર-રોગ એક હોવા છતાં પણ તેની અવસ્થાઓ ભિન્ન ભિન્ન ચિત્તના અનુરોધથી ભિન્ન ભિન્ન હોય છે. એક ચતુર વૈદ્ય એક જ રોગથી વિભિન્ન રોગીઓની ચિકિત્સામાં રોગીની અવસ્થા આદિના અનુરોધથી જેવી રીતે વિભિન્ન ચિકિત્સા કરે છે તેવી જ રીતે સંસાર-રોગના જ્ઞાતા આચાર્ય પણ સંસારી પ્રાણીઓના રોગની વિભિન્ન સ્થિતિ તથા અવસ્થા આદિ અનુસાર તેમને જુદા જુદા પ્રકારની દેશના આપ્યા કરે છે જેમાં રોગ-વિષયક સિદ્ધાંતાદિનો કોઇ વિરોધ ન હોતાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર તેની ચિકિત્સાપ્રક્રિયામાં અંતર રહ્યા કરે છે. તેથી જ અનેક આચાર્યોના કથનોમાં પરસ્પર શાસન-ભેદ પ્રાપ્ત થાય છે, એટલું જ નહિ પરંતુ જૈન તીર્થંકરોના શાસનમાં પણ ભેદ પ્રાપ્ત થાય છે. એ માટે જૈન ગ્રંથ રત્નાકર હીરાબાગ મુંબઇથી પ્રકાશિત 'જૈનાચાર્યોનો શાસનભેદ' નામનું પુસ્તક જોવું જોઇએ, જેમાં પરિશિષ્ટ રૂપે જૈન તીર્થંકરોનો શાસન ભેદ પણ આપવામાં આવ્યા છે. ૯૪.

## ઉક્ત ચારિત્ર વ્યવહારથી મુક્તિનો હેતુ છે, નિશ્ચયથી વિવિક્ત ચેતનાનું ધ્યાન.

कारणं निर्वृतेरेतच्चारित्रं व्यवहारतः ।
विविक्तचेतनध्यानं जायते परमार्थतः ॥ ९५ ॥

**શબ્દાર્થ:**—( **एतत चारित्रं** ) આ ચારિત્ર જે ઉપર વર્ણવ્યું છે ( **व्यवहारतः** ) વ્યવહારથી ( **निर्वृतेः कारण** ) નિર્વાણનું કારણ છે, ( **परमार्थतः** ) નિશ્ચયથી ( **विविक्त-चेतनध्यानं** ) કર્મકલંક વિમુક્ત શુદ્ધ આત્માનું જે ધ્યાન છે તે નિર્વાણનું કારણ ( **जायते** ) થાય છે.

**વ્યાખ્યા:**—અહીં પૂર્વે વર્ણવેલ ચારિત્રના વિષયમાં એ ઘોષણા કરવામાં આવી છે કે તે વ્યવહારનયની દૃષ્ટિએ મોક્ષનો માર્ગ છે—મોક્ષ પ્રાપ્તિમાં સહાયક છે—નિશ્ચયનયની દૃષ્ટિએ વિવિક્ત ચેતનાનું—કર્મકલંકરહિત શુદ્ધાત્માનું ધ્યાન મુક્તિનું કારણ થાય છે. ૯૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વ્યાવહારિક ચારિત્રના ભેદ.

**यो व्यावहारिकः पन्थाः संभेद–द्वय–संगतः**
**अनुकूलो भवेदेको निर्वृतेः संसृतेः परः ॥ ९६ ॥**

**શબ્દાર્થ:**—( **यः** ) જે ( **व्यावहारिकः पन्थाः** ) વ્યાવહારિક ( વ્યવહારનયાશ્રિત ) માર્ગ છે તે ( **संभेद–द्वय–संगतः** ) બે ભેદોવાળો છે, ( **एकः** ) એક ( **निर्वृतेः** ) નિર્વાણને ( **अनुकूलः भवेत्** ) અનુકૂળ છે ( **परः** ) બીજો ( **संसृतेः** ) સંસારને અનુકૂળ છે.

**વ્યાખ્યા:**—અહીં વ્યવહારમાર્ગના બે ભેદ કરવામાં આવ્યા છે-એક તે કે જે મુક્તિને અનુકૂળ છે અને બીજો તે કે જે સંસારને અનુકૂળ હોય છે, પરિણામે તેને મુક્તિ માટે પ્રતિકૂળ સમજવો જોઇએ. જે વ્યવહારમાર્ગ મુક્તિને અનુકૂળ હોય છે તેને જ મોક્ષની પ્રાપ્તિમાં સહાયક સમજવો જોઇએ. ૯૬.

## કયું ચારિત્ર મુક્તિને અનુકૂળ છે અને કયું સંસારને.

**निवृतेरनुकूलोऽध्वा चारित्रं जिन–भाषितम् ।**
**संसृतेरनुकूलोऽध्वा चारित्रं पर–भाषितम् ॥ ९७ ॥**

**શબ્દાર્થ:**—( **निवृतेः** ) નિર્વાણ ( મુક્તિ ) ને ( **अनुकूलः अध्वा** ) અનુકૂળ જે માર્ગ છે ( **जिन–भाषितं चारित्रं** ) તે જિનભાષિત ચારિત્ર છે અને ( **संसृतेः** ) જે સંસારને ( **अनुकूलः अध्वा** ) અનુકૂળ જે માર્ગ છે તે ( **पर–भाषितं चारित्रं** ) પરભાષિત-સર્વજ્ઞ-જિનદેવથી અન્ય વ્યક્તિઓ ( અસર્વજ્ઞો, આપ્તાભાસો ) નું કહેલું-ચારિત્ર છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં વ્યવહાર ચારિત્રના જે બે ભેદ કર્યા છે તેમના સ્વરૂપની કેટલીક સૂચના આ પદ્યમાં કરવામાં આવી છે અને તે એ છે કે જે ચારિત્ર-ધર્મ જિન-ભાષિત છે-ઘાતિકર્મમળના ક્ષયથી ઉત્પન્ન અનંતજ્ઞાનાદિ ચતુષ્ટયના ધારક કેવળિ-જિન-પ્રજ્ઞપ્ત છે-તે મુક્તિને અનુકૂળ છે અને જે પર ભાષિત છે-કેવળજ્ઞાનાદિ રહિત બીજાઓ દ્વારા કહેવામાં આવેલ છે-તે સંસારને અનુકૂળ છે-સંસાર વધારવામાં સહાયક છે. ૯૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## જિનભાષિત ચારિત્ર કેવી રીતે મુક્તિને અનુકૂળ છે?

**चारित्रं चरतः साधोः कषायेन्द्रिय-निर्जयः ।**
**स्वाध्यायोऽतस्ततो ध्यानं ततो निर्वाणसंगमः ॥ ९८ ॥**

**શબ્દાર્થ**:—( જિનભાષિત ) ( **चारित्रं चरतः** ) સમ્યક્ ચારિત્રરૂપ આચરણ કરતાં ( **साधोः** ) સાધુને ( **कषायेन्द्रिय-निर्जयः** ) કષાય તથા ઇન્દ્રિયોનું જીતવું હોય છે, ( **अतः** ) કષાય અને ઇન્દ્રિયોને જીતવાથી ( **स्वाध्यायः** ) સ્વાંધ્યાય-પોતાના આત્માનું અધ્યયન-બને છે (**ततः**) અને સ્વાત્માધ્યયનથી ( **ध्यानं** ) ધ્યાન થાય છે ( **ततः** ) અને ધ્યાનથી ( **निर्वाण-संगमः** ) નિર્વાણનો સંગમ થાય છે-અવિનાશી અને પૂર્ણપણે નિરાકુળ મોક્ષ-સુખની પ્રાપ્તિ થાય છે.

**વ્યાખ્યાઃ**—અહીં જિનભાષિત-ચારિત્રના વિષયમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તે કેવી રીતે મુકિતને અનુકૂળ છે. તે ચારિત્રપર ચાલનાર સાધુને કષાયો તથા ઇન્દ્રિયોપર વિજય પ્રાપ્ત થવાથી સ્વાધ્યાય-પોતાના આત્મસ્વરૂપનું અધ્યયન-બને છે અને આત્મસ્વરૂપના અધ્યયનથી વિવિકત આત્માનું તે ધ્યાન બને જેને પાછળના એક પદ્ય (૯૪) માં નિશ્ચય ચારિત્ર કહેવામાં આવ્યું છે અને તે થવાથી મુકિતનો સંગમ સ્વતઃ થાય છે. આ રીતે જિનભાષિત વ્યવહારચારિત્ર મુક્તિ પ્રાપ્ત કરવામાં સહાયક છે અને તેથી તેને પણ ' મોક્ષ-માર્ગ ' કહેવો સંગત છે. ૯૮.

## ઉકત વ્યવહાર ચારિત્ર વિના નિશ્ચયચારિત્ર થતું નથી.

**इदं चारित्रं विधिना विधीयते**
**ततः शुभध्यान-विरोधि-रोधकम् ।**
**विविक्तमात्मानमनन्तमीशते**
**न साधवो ध्यातुमृतेऽमुना यतः ॥ ९९ ॥**

**શબ્દાર્થ**:—( **ततः** ) તેથી ( **इदं चरित्रं** ) આ ( જિનભાષિત ) ચારિત્ર ( **शुभ-ध्यान-विरोधि-रोधकं** ) કે જે શુભ ધ્યાન ( ધર્મધ્યાન ) ના વિરોધીઓ ( આર્ત-રૌદ્ર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્યાનો ) ને રોકનારૂં છે તે જો (**विधिना विधीयते**) વિધિપૂર્વક કરવામાં આવે તો તેનાથી સાધુઓ ( **विविक्तं आत्मानं अनन्तं ईशते** ) અનંતરૂપ વિવિક્ત-નિર્મળ આત્માને ધ્યાવા માટે સમર્થ થાય છે. ( **अमुना ऋते** ) આ ચારિત્ર વિના ( **साधवः** ) તે સાધુઓ ( **ध्यातुम न** ) શુદ્ધાત્માના ધ્યાનમાં સમર્થ નથી થતા.

**વ્યાખ્યા:**—અહીં જિન-ભાષિત ચારિત્રના અનુષ્ઠાનનું બે પ્રકારે મહત્ત્વ જણાવવામાં આવ્યું છે-એક તો એ કે તે શુભધ્યાનના વિરોધી ધ્યાનોનું નિરોધક છે બીજું તેનાથી શુદ્ધાત્માના ધ્યાનની શક્તિ, પાત્રતા અથવા યોગ્યતા પ્રાપ્ત થાય છે; આ ચારિત્રનું આચરણ કર્યા વિના તે બનતી નથી. તેથી જ વ્યવહાર ચારિત્રને નિશ્ચય ચારિત્રનું સાધન કહેવામાં આવ્યું છે. તેના આચરણ દ્વારા શક્તિ અને પાત્રતા પ્રાપ્ત કર્યા વિના શુદ્ધ આત્માના ધ્યાનરૂપ નિશ્ચય ચારિત્ર થતું નથી. જે લોકો વ્યવહાર ચારિત્રને નિશ્ચય ચારિત્રનું સહાયક ન માનતાં અમસ્તી જ નિરર્થક અભિમાનની બાબત અથવા વ્યર્થ સમજે છે તેમને આ કથનથી સારી એવી શિખામણ લેવી જોઈએ અને પોતાની ભૂલ-ભ્રાંતિને મટાડવી જોઈએ. જો વ્યવહાર ચારિત્ર નિશ્ચય ચારિત્રના સાધનમાં કોઈ પ્રકારે પણ સહાયક થતું ન હોય તો જિનેન્દ્ર ભગવાનને તેનું કથન કરવાની આવશ્યકતા જ શું પડત? અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિથી જ ચારિત્રની તે ભૂમિકા તૈયાર થાય છે. જ્યાં ઉભા રહીને શુદ્ધાત્માનું આરાધન કરી શકાય છે. ૯૯.

## ઉક્ત ચારિત્રના અનુષ્ઠાતા યોગીની સ્થિતિ.

**राग–द्वेष–प्रपञ्च–भ्रम–मद––मदन–क्रोध–लोभ–व्यपेतो**
**यश्चारित्रं पवित्रं चरति चतुरधीर्लोकयात्रानपेक्षः**
**स ध्यात्वात्म–स्वभावं विगलितकलिलं नित्यमध्यात्मगम्यं**
**त्यक्त्वा कर्मारि–चक्रं परम–सुख–मयं सिद्धिसद्म प्रयाति ॥१००॥**

**શબ્દાર્થ:**—( **यः** ) જે ( **चतुरधीः** ) ચતુરબુદ્ધિ યોગી ( **राग–द्वेष** ) રાગ, દ્વેષ, ( **प्रपञ्चभ्रम** ) પ્રપંચ ( છળાદિ ) ભ્રમ, ( **मद–मदन** ) મદ, માન-અહંકાર, મદન ( કામ ) ( **क्रोध–लोभ–व्यपेतः** ) ક્રોધ અને લોભથી રહિત થયો થકો, ( **लोकयात्रा अनपेक्षः** ) લોકયાત્રાની-દુનિયાના વ્યવહારની અપેક્ષા ન રાખતો થકો ( **पवित्रं चारित्रं चरति** ) ( ઉક્ત )



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પવિત્ર ચારિત્રરૂપ પ્રવર્તે છે (सः) તે (ध्यात्मात्म-स्वभावं) આત્મ સ્વભાવનું ધ્યાન કરીને, (अध्यात्मगम्यं) કે જે સ્વભાવ અધ્યાત્મગમ્ય છે, (नित्यं) નિત્ય છે (विगलित-कलिलं) કલંક રહિત છે, (તથા) (कर्मारि-चक्रं) કર્મશત્રુઓના ચક્રને (त्यक्त्वा) ભેદીને (परम-सुख-मयं) પરમ સુખમય (सिद्धिसद्म प्रयाति) સિદ્ધિ-સદન (મુક્તિ મહેલ)ને પ્રાપ્ત થાય છે.

**વ્યાખ્યા:—** આ આઠમાં અધિકારનું ઉપસંહાર-પદ્ય છે. અધિકારમાં વર્ણવેલ પવિત્ર ચારિત્રનું અનુષ્ઠાન કરનાર યોગીના ત્રણ ખાસ વિશેષણ આપવામાં આવ્યાં છે-એક રાગ-દ્વેષ-પ્રપંચ-ભ્રમ-મદ-મદન-ક્રોધ-લોભથી રહિત હોવું, બીજું બુદ્ધિનું ચાતુર્ય હોવું અને ત્રીજું લોકયાત્રાની અપેક્ષા ન રાખવી. આ ગુણોથી યુક્ત થયેલ યોગી જ્યારે આત્મ-સ્વભાવનું ધ્યાન કરે છે, કે જે કર્મકલંક રહિત, શાશ્વત અને આત્મગમ્ય છે, ત્યારે તેની સાથે દર્શન-જ્ઞાનાવરણાદિ કર્મોનો જે સમૂહ છે તે બધો વિચ્છિન્ન અને વિભિન્ન થઈ જાય છે અને તેથી યોગી નિર્બંધ તથા નિર્લેપ સિદ્ધિના તે ચરમધામમાં પહોંચી જાય છે જે પરમ સુખસ્વરૂપ છે અને તેની સ્થિતિ લોકના અગ્રભાગમાં સિદ્ધશિલાથી ઉપર છે.

આ રીતે શ્રી અમિતગતિ-નિઃસંગયોગિરાજ-વિરચિત યોગસાર-પ્રાભૃતમાં ચારિત્રાધિકાર નામનો આઠમો અધિકાર સમાપ્ત થયો. ૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ચૂલિકાધિકાર

## મુકતાત્મા દર્શન–જ્ઞાન–સ્વભાવ સહિત સદા આનંદરૂપ રહે છે.

**दृष्टिज्ञानस्वभावस्तु सदानन्दोऽस्ति निर्वृतः ।**
**न चैतन्य–स्वभावस्य नाशो नाश–प्रसङ्गतः ॥ १ ॥**

**શબ્દાર્થ**:—( **निर्वृतः** ) નિર્વૃતિને–મુક્તિને–સિદ્ધિને–પ્રાપ્ત થયેલ આત્મા ( **दृष्टिज्ञान-स्वभावःतु** ) દર્શન–જ્ઞાન–સ્વભાવ સહિત ( **सदा आनन्दः अस्ति** ) સદા આનંદરૂપ રહે છે. તેને ( **चैतन्य–स्वभावस्य** ) ( દર્શનજ્ઞાન ) ચૈતન્ય સ્વભાવનો ( **नाशः न** ) કદી નાશ થતો નથી ( **नाश–प्रसङ्गतः** ) કારણ કે સ્વભાવનો નાશ માનવાથી આત્માના જ નાશનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

**વ્યાખ્યા**:—પાછલા અધિકારમાં વર્ણવેલ સમ્યક્ ચારિત્રની પૂર્ણતા પામીને જ્યારે આ જીવ નિર્વૃત–મુક્ત થાય છે–તેને કાંઈ કરવાનું બાકી રહેતું નથી–ત્યારે એ પોતાના દર્શન–જ્ઞાન–સ્વભાવ સહિત સદા આનંદરૂપે સ્થિત રહે છે. જો કોઈ વૈશેષિક મતની માન્યતાવાળો એમ કહે કે નિર્વૃત–મુક્ત થતાં બુદ્ધિ આદિ વૈશેષિક ગુણોનો ઉચ્છેદ થઈ જવાથી ચૈતન્ય સ્વભાવનો નાશ થઈ જાય છે તો એમ કહેવું બરાબર નથી; કેમ કે ચૈતન્ય સ્વભાવનો, સ્વભાવ હોવાથી કદી નાશ નથી થતો. જો સ્વભાવનો પણ નાશ માનવામાં આવે તો દ્રવ્યના નાશનો જ પ્રસંગ ઉપસ્થિત થશે–તેનું કોઈ પણ પ્રકારે કયાંય કોઈ અસ્તિત્વ બની શકશે નહિ, એ મોટો દોષ આવશે. પ્રત્યેક વસ્તુ પોત–પોતાના સ્વભાવના કારણે પોત–પોતાનું અલગ અસ્તિત્વ ધરાવે છે. દર્શનજ્ઞાનરૂપ ચૈતન્ય સ્વભાવના કારણે આત્મા પણ પોતાનું અલગ અસ્તિત્વ રાખે છે–તેનો કદી નાશ નથી થતો. ૧.

## મુકતાત્માનું ચૈતન્ય નિરર્થક નથી.

**सर्वथा ज्ञायते तस्य न चैतन्यं निरर्थकम् ।**
**स्वभावत्वेऽस्वभावत्वे विचारानुपपत्तितः ॥ २ ॥**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( **तस्य चैतन्यं** ) મુક્તાત્માનું ચૈતન્ય ( **सर्वथा** ) સર્વથા ( **निरर्थकम् न ज्ञायते** ) નિરર્થક પણ જણાતું નથી; કારણ કે ( **स्वभावत्वे अस्वभावत्वे** ) સ્વભાવ અને અસ્વભાવ સંબંધમાં (નિરર્થકપણાના) ( **विचारनुपपत्तितः** ) વિચારની અનુપપત્તિ છે-ચૈતન્યની નિરર્થકતાનો વિચાર બની શકતો નથી.

વ્યાખ્યા:—મુક્તાત્માના ચૈતન્યને જે સાંખ્યમતાનુયાયી સર્વથા નિરર્થક બતાવે છે-એ કહે છે કે તે ચૈતન્ય જ્ઞેયના જ્ઞાનવિનાનું હોય છે-તેનો નિષેધ કરતાં અહીં બે વિકલ્પ ઉપસ્થિત કરવામાં આવ્યા છે-આત્માનું ચૈતન્ય નિરર્થક સ્વભાવરૂપ છે કે નિરર્થક સ્વભાવ-રૂપ નથી ? આ બન્નેમાંથી કોઇની પણ માન્યતા પર નિરર્થકતાનો વિચાર બની શકતો નથી, એમ સૂચિત કરવામાં આવ્યું છે. આત્માનું ચૈતન્ય નિરર્થક સ્વભાવરૂપ નથી, આ દ્વિતીય વિકલ્પની માન્યતાથી તો ચૈતન્યની સ્વભાવથી સાર્થકતા સ્વત: સિદ્ધ થઇ જાય છે અને તેથી આપત્તિ માટે કોઇ સ્થાન જ નથી રહેતું. બાકી આત્માનું ચૈતન્ય નિરર્થક સ્વભાવરૂપ છે એવો પ્રથમ વિકલ્પ માનતાં આત્માના ચૈતન્યને નિરર્થક બતાવવારૂપ વિચાર કેવી રીતે બંધબેસતો થતો નથી એ આગળના બે પદ્યોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ૨.

## ચૈતન્યને આત્માનો નિરર્થક સ્વભાવ માનતાં દોષાપત્તિ

**निरर्थक-स्वभावत्वे ज्ञानभावानुषङ्गतः ।**
**न ज्ञानं प्रकृतेर्धर्मश्चेतनत्वानुषङ्गतः ॥ ३ ॥**
**प्रकृतेश्चेतनत्वे[1] स्यादात्मत्वं दुर्निवारणम् ।**
**ज्ञानात्मकत्वे[2] चैतन्ये नैरर्थक्यं न युज्यते ॥ ४ ॥**

શબ્દાર્થ:—( **निरर्थक-स्वभावत्वे** ) જો ચૈતન્યને આત્માનો નિરર્થક સ્વભાવ માનવામાં આવે-સાર્થક સ્વભાવ ન માનતાં પ્રકૃતિજનિત વિભાવ સ્વીકારવામાં આવે-તો ( **ज्ञानभावानुषङ्गतः** ) પ્રકૃતિને જ્ઞાનત્વનો પ્રસંગ આવે છે અને ( **न ज्ञानं प्रकृतेः धर्मः** ) જ્ઞાન પ્રકૃતિનો ધર્મ છે નહિ; કેમ કે ( **चेतनत्वानुषङ्गतः** ) જ્ઞાનને પ્રકૃતિનો ધર્મ માનતાં પ્રકૃતિને ચેતનત્વનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. ( **प्रकृतेः चेतनत्वे** ) અને પ્રકૃતિને જો ચેતનપણું માનવામાં આવે તો ( **आत्मत्वं दुर्निवारणं स्यात** ) તેને આત્મત્વ માનવું પણ અવશ્યંભાવી

---

૧. मु प्रकृतेश्चेतनत्वं ।
૨. मु ज्ञानात्मकेन ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થશે. તેથી ( **चैतन्ये** ) ચૈતન્યને ( **ज्ञानात्मकत्वे** ) જ્ઞાનાત્મકપણું હોવાથી ( **नैरर्थक्यं न युज्यते** ) તેને નિરર્થકપણું બનતું નથી.

**વ્યાખ્યાઃ**—પાછલા પદ્યમાં ચૈતન્યને નિરર્થક ન હોવાની જે વાત કહેવામાં આવી છે તેનું જ આ બન્ને પદ્યોમાં નિરર્થક સ્વભાવ નામનો વિકલ્પ લઈને સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. ચૈતન્યને આત્માનો નિરર્થક સ્વભાવ માનવાનો અર્થ એ થાય છે કે ચૈતન્ય આત્માનો સાર્થક ( સ્વકીય ) સ્વભાવ ન હોતાં તેનો વિભાવ પરિણામ છે. કોઈ પણ વિભાવ પરિણામ પરના નિમિત્ત વિના થતો નથી. આત્માના વિભાવ પરિણામનું કારણ પૌદ્ગલિક કર્મ હોય છે, જેને પ્રકૃતિ પણ કહે છે. વિભાવ પરિણામ જો ચૈતન્યરૂપ હોય તો તેને ઉત્પન્ન કરનાર પ્રકૃતિ પણ જ્ઞાનરૂપ ઠરે છે. પરંતુ જ્ઞાન પ્રકૃતિનો ધર્મ નથી. તેને પ્રકૃતિનો ધર્મ માનતાં પ્રકૃતિને ચેતનપણાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, જેને સાંખ્યમતના અનુયાયીઓએ પણ માન્યો નથી. પ્રકૃતિને ચેતનધર્મનો સદ્ભાવ માનવામાં આવે તો તેને આત્મા (પુરુષ) માનવો અનિવાર્ય બની જશે; કારણ કે સાંખ્યોએ પુરુષ આત્માનો ચેતન રૂપે સ્વીકાર કર્યો છે અને પ્રકૃતિનો જડરૂપે. આ માન્યતાથી તેમના મતમાં વિરોધ ઉત્પન્ન થશે. તેથી ચૈતન્યને સ્વભાવથી જ્ઞાનરૂપ હોતાં નિરર્થકપણું કાંઈ જ બનતું નથી. જ્ઞાન આત્માનો સ્વભાવ હોવાથી તેમાં નિરર્થકપણાની સંગતિ બેસતી નથી. આવી સ્થિતિમાં સાંખ્યોની ઉક્ત માન્યતા સદોષ ઠરે છે. ૩-૪.

## સત્‌નો અભાવ ન હોવાથી મુક્તિમાં આત્માનો અભાવ બનતો નથી.

**नाभावो मुक्त्यवस्थायामात्मनो घटते ततः[१] ।**
**विद्यमानस्य भावस्य नाभावो युज्यते यतः[२] ॥ ५ ॥**

**શબ્દાર્થ**:—( **यतः** ) કારણ કે ( **विद्यमास्य भावस्य** ) વિદ્યમાન ભાવનો-સત્‌નો-( કદી ) ( **अभावः न युज्यते** ) અભાવ થતો નથી ( **ततः** ) તેથી ( **मुक्ति अवस्थायां** ) મુક્તિ-અવસ્થામાં ( **आमत्नः अभावः न घटते** ) આત્માનો અભાવ ( પણ ) ઘટતો નથી.

**વ્યાખ્યા**:—જે લોકો બૌદ્ધ માન્યતા અનુસાર મુક્તિ અવસ્થામાં આત્માનો પ્રદીપ-નિર્વાણ (દીવો ઓલવાઇ જાય તેમ) સમાન અભાવ માને છે તેમનું લક્ષ્ય કરીને અહીં કહે-

---

१. आ, व्या घटते यतः ।
२. आ, व्या युज्यते ततः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વામાં આવ્યું છે કે મોક્ષ અવસ્થામાં આત્માનો અભાવ થતો નથી; કારણ કે આત્મા સત્ સ્વરૂપ છે, જે વસ્તુ સત્રૂપ હોય છે તેનો કદી નાશ નથી થતો[1]-ભલે તેની પર્યાયોમાં પરિવર્તન થતું રહે. ૫.

## ચન્દ્રની કાંતિ અને મેઘના ઉદાહરણ-દ્વારા વિષયનું સ્પષ્ટીકરણ.

**यथा चन्द्रे स्थिता कान्तिर्निर्मले निर्मला सदा ।**
**प्रकृतिर्विकृतिस्तस्य मेघादिजनितावृतिः ॥ ६ ॥**
**तथात्मनि स्थिता ज्ञप्तिर्विशदे विशदा सदा ।**
**प्रकृतिर्विकृतिस्तस्य कर्माष्टककृतावृतिः ॥ ७ ॥**
**जीमूतापगमे चन्द्रे यथा स्फुटति चन्द्रिका ।**
**दुरितापगमे शुद्धा तथैव ज्ञप्तिरात्मनि ॥ ८ ॥**

**શબ્દાર્થ:**—(**यथा**) જેવી રીતે (**निर्मले चन्द्रे**) નિર્મળ ચન્દ્રમામાં (**निर्मला कान्तिः**) નિર્મળ પ્રકાશ (**सदा स्थिता**) સદા સ્થિત રહે છે, (**तस्य प्रकृतिः**) તેની પ્રકૃતિ (**विकृतिः**) જે વિકૃતિરૂપ થાય છે અથવા તેના નિર્મળ સ્વભાવમાં જે વિકાર ઉત્પન્ન થાય છે તેનું કારણ (**मेघादिजनितावृतिः**) મેઘાદિ જનિત આવરણ છે, (**तथा**) તેવી જ રીતે (**विशदे आत्मनि**) નિર્મળ આત્મામાં (**विशदा ज्ञप्तिः**) નિર્મળ જ્ઞપ્તિ-જ્ઞાન જ્યોતિ-(**सदा स्थिता**) સદા સ્થિત રહે છે, (**तस्य प्रकृतिः**) તેની પ્રકૃતિ (**विकृतिः**) જે વિકૃતિરૂપ થાય છે અથવા તેના નિર્મળ સ્વભાવમાં વિભાવ પરિણમનરૂપ જે વિકાર ઉત્પન્ન થાય છે તેનું કારણ (**कर्माष्टककृतावृतिः**) આઠ કર્મોનું કરેલું આવરણ છે. (**जीमूतापगमे**) વાદળાં વિખરાઈ જતાં (**यथा**) જેવી રીતે (**चन्द्रे**) ચંદ્રમાં (**चन्द्रिका स्फुटति**) ચાંદની પ્રગટ થાય છે (**तथैव**) તેવી જ રીતે (**दुरितापगमे**) કર્મો દૂર થતાં (**आत्मनि**) આત્મામાં (**शुद्धा ज्ञप्तिः**) શુદ્ધ જ્ઞપ્તિ-જ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે.

**વ્યાખ્યા:**—આ ત્રણે પદ્યોમાં ચંદ્ર અને વાદળાંના ઉદાહરણ દ્વારા એ સ્પષ્ટ કરીને બતાવ્યું છે કે વસ્તુનો જે સ્વભાવ છે તેનો કદી અભાવ થતો નથી-પરના નિમિત્તે ન્યૂનાધિક રૂપે તિરોભાવ અથવા વિભાવ પરિણમન જરૂર થઈ જાય છે, પરનો સંબંધ મટતાં

---

[1] **नैवासतो जन्म सतो न नाशः ।**—સમંતભદ્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ પોતાના અસલી સ્વભાવમાં પ્રગટ થઈ જાય છે. આ વિભાવ પરિણમન જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્યોમાં જ થાય છે, જેમાં વૈભાવિક શક્તિ પ્રાપ્ત થાય છે-અન્ય દ્રવ્યોમાં નહિ. વાદળારૂપે પરિણમેલાં પુદ્ગલ પરમાણુઓ જેમ પોતાના અસલીરૂપે પ્રગટ થવા દેતા નથી તેવીજ રીતે આઠ કર્મરૂપે પરિણમેલા પુદ્ગલ પરમાણુઓ આત્માની શુદ્ધ ચેતનામાં વિકાર ઉત્પન્ન કરે છે-તેને પોતાના અસલી રૂપે પ્રગટ થવાં દેતા નથી. વાદળાં સંપૂર્ણ રીતે વિખરાઇ જતાં નિર્મળ ચાંદનીની જેવી સ્થિતિ થાય છે તેવીજ સ્થિતિ શુદ્ધાત્મજ્યોતિની કર્મોનો પૂર્ણપણે વિલય થતાં થાય છે-અર્થાત્ તે પોતાના શુદ્ધ સ્વરૂપમાં પૂર્ણરૂપે વિકસિત્ થઇ જાય છે. ૬-૭-૮.

## આત્મા ઉપર છવાયેલા કર્મોને યોગી કેવી રીતે ક્ષણમાત્રમાં ઉડાડી મૂકે છે.

धुनाति क्षणतो योगी कर्मावरणमात्मनि ।
मेघस्तोममिवादित्ये पवमानो महाबलः ॥ ९ ॥

**શબ્દાર્થ**:—( **आत्मनि** ) આત્મામાં લાગેલા ( **कर्मावरणम्** ) કર્મોના આવરણને ( **योगी** ) યોગી ( **क्षणतो** ) એક ક્ષણ માત્રમાં ( **धुनाति** ) ઉડાડી મૂકે છે જેમ ( **महाबलः पवमानः** ) તીવ્ર ગતિથી ચાલનાર મહા બળવાન પવન ( **मेघस्तोमम् इव आदित्ये** ) સૂર્ય પર લાગેલા મેઘસમૂહને ક્ષણમાત્રમાં ભગાડી મૂકે છે તેમ.

**વ્યાખ્યા**:—અહીં તે યોગીના યોગમાહાત્મ્યને બતાવવામાં આવ્યું છે જે આત્માની ઉપર ફેલાયેલ કર્મ પટલોને ક્ષણ માત્રમાં ભેદી નાખે છે. તે યોગીની શક્તિ તીવ્ર વેગે ચાલતા તે પ્રચંડ પવન સમાન હોય છે જે સૂર્ય ઉપર છવાયેલ વાદળોને ક્ષણમાત્રમાં છિન્ન-ભિન્ન કરી નાખે છે. ૯.

## યોગીના યોગનું લક્ષણ.

विविक्तात्म–परिज्ञानं योगात्संजायते यतः ।
स योगो योगिभिर्गीतो योगनिर्धूत–पातकैः ॥ १० ॥

**શબ્દાર્થ**:—( **यतः योगात्** ) જે યોગથી-ધ્યાનથી-( **विविक्तात्म परिज्ञानं** ) કર્મ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કલંક વિમુક્ત આત્માનું પરિજ્ઞાન ( **संजायते** ) થાય છે ( **स** ) તેને ( **योगीभिः** ) તે યોગીઓ એ ( **योगः गीतः** ) યોગ કહ્યો છે ( **योगनिर्धूत-पातकैः** ) જે યોગીઓએ યોગ-બળથી પાપનો-ઘાતિ કર્મોનો નાશ કર્યો છે.

**વ્યાખ્યા:**—જે યોગના માહાત્મ્યનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેનું લક્ષણ આ પદ્યમાં આપવામાં આવ્યું છે અને તે એ છે કે જે યોગથી-ધ્યાનબળથી-આત્માને પોતાના સ્વભાવસ્થિત અસલી રૂપમાં જાણી શકાય તેને 'યોગ' કહે છે, કે જે ધ્યાનનો પર્યાય-વાચક છે. યોગનું આ લક્ષણ તે યોગીઓ દ્વારા કહેવામાં આવ્યું છે જેમણે યોગબળથી જ્ઞાનાવરણાદિ ઘાતિ કર્મોનો, કે જે બધા પાપરૂપ છે, પૂર્ણપણે વિનાશ કર્યો છે. આથી એ સ્પષ્ટ જણાય છે કે યોગ શુદ્ધાત્માનો પરિજ્ઞાયક જ નહીં પણ આત્મા ઉપર વ્યાપેલ અને તેના સ્વરૂપનું આચ્છાદન કરનાર કર્મ પટલોનો ઉચ્છેદક પણ છે. ૧૦.

## યોગથી ઉત્પન્ન સુખની વિશિષ્ટતા.

**निरस्त–मन्मथातङ्कं योगजं सुखमुत्तमम् ।**
**शमात्मकं स्थिरं स्वस्थं जन्ममृत्युजरापहम् ॥ ११ ॥**

**શબ્દાર્થ:**—( **योगजं** ) જે યોગથી-ધ્યાન જન્ય-વિવિક્તઆત્મ પરિજ્ઞાનથી-ઉત્પન્ન થયેલું ( **सुखं** ) સુખ છે તે ( **उत्तमं** ) ઉત્તમ સુખ છે; ( કેમ કે ) તે ( **निरस्त–मन्मथ–आतङ्कं** ) કામદેવના આતંકથી-વિષય વાસનાની પીડાથી-રહિત છે, ( **शमात्मकं** ) શાન્તિ સ્વરૂપ છે, નિરાકુળતા મય છે, ( **स्थिरं** ) સ્થિર છે-અવિનાશી છે-( **स्वस्थं** ) સ્વાત્મામાં સ્થિત છે-ક્યાંય બહારથી નથી આવતું, પરાશ્રિત નથી ( **जन्ममृत्युजरापहम्** ) અને જન્મ, જરા તથા મૃત્યુનો વિનાશક છે અથવા તજ્જન્ય દુઃખથી રહિત છે.

**વ્યાખ્યા:**—જે યોગનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તે સ્વાત્માનો પરિજ્ઞાયક અને પાપોનો ઉચ્છેદક હોવાને કારણે જે સુખ આપે છે તેનાં અહીં ઉત્તમ આદિ છ વિશેષણ આપવામાં આવ્યાં છે, જે બધાં તેની નિરાકુળતા, સ્વાધીનતા અને ઉત્કૃષ્ટતાનાં દ્યોતક છે. ૧૧.

## સુખ–દુઃખનું સાંક્ષિપ્ત લક્ષણ

**सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।**
**वदन्तीति समासेन लक्षणं सुख–दुःखयोः ॥ १२ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **परवशं** ) 'જે પરાધીન છે ( **सर्वं दुःखं** ) તે બધું દુઃખ છે અને જે ( **आत्मवशं** ) સ્વાધીન છે તે ( **सर्वं सुखं** ) બધું સુખ છે' ( **इति** ) આ પ્રમાણે ( વિજ્ઞ-પુરુષ) (**समासेन**) સંક્ષેપમાં (**सुख-दुःखयोः**) સુખ-દુઃખનું (**लक्षणं वदन्ति**) લક્ષણ કહે છે.

**વ્યાખ્યા:**—અહીં સંક્ષેપમાં સુખ અને દુઃખ બન્નેના વ્યાપક લક્ષણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનાથી વાસ્તવિક સુખ-દુઃખને સહજમાંજ ઓળખી શકાય છે. જે સુખની પ્રાપ્તિમાં થોડી પણ પરાધીનતા-પરની અપેક્ષા હોય તે વાસ્તવમાં સુખ ન હોતાં દુઃખ જ છે અને જેની પ્રાપ્તિમાં કોઈ પરાધીનતા-પરની અપેક્ષા ન હોય, તે બધુંજ સ્વાધીન હોય તેજ સાચું સુખ છે. તેથી જે ઇન્દ્રિયાશ્રિત ભોગોને સુખદાયક સમજે છે તેઓ અંતે સંતાપજ પામે છે-સાચું તથા વાસ્તવિક સુખ તેમને મળી શકતું નથી. ૧૨.

## ઉક્ત લક્ષણની દૃષ્ટિએ પુણ્યજન્ય ભોગો અને યોગજન્ય જ્ઞાનની સ્થિતિ.

**ततः पुण्यभवा भोगा दुःखं परवशत्वतः ।**
**सुखं योगभवं ज्ञानं स्वरूपं स्ववशत्वतः ॥ १३ ॥**

**શબ્દાર્થ:**—કારણકે જે પરાધીન છે તે બધું દુઃખ છે. ( **ततः** ) તેથી ( **पुण्यभवा-भोगाः** ) જે પુણ્યથી ઉત્પન્ન થયેલા ભોગ છે તે ( **परवशत्वतः** ) પરવશ ( પરાશ્રિત ) હોવાને કારણે દુઃખરૂપ છે. અને ( **योगभवं ज्ञानं** ) યોગથી ઉત્પન્ન થયેલું જે જ્ઞાન-વિવિક્તાત્મ પરિજ્ઞાન-છે તે ( **स्ववशत्वतः** ) સ્વાધીન હોવાને કારણે ( **सुखं स्वरूपं** ) સુખરૂપ પોતાનું સ્વરૂપ છે.

**વ્યાખ્યા:**—સુખ-દુઃખના ઉક્ત લક્ષણોની દૃષ્ટિએ અહીં પુણ્યથી ઉત્પન્ન થનાર ભોગોને પણ દુઃખરૂપ બતાવ્યા છે; કારણ કે તે પુણ્યોદયને આશ્રિત છે-પરાધીન છે-અને સ્વકીય ધ્યાનબળથી ઉત્પન્ન થનાર શુદ્ધાત્મજ્ઞાનને સુખરૂપ બતાવેલ છે; કારણ કે તે સ્વાધીન છે અને પોતાનો સ્વભાવ છે. ૧૩.

## નિર્મળ જ્ઞાન સ્થિર થતાં ધ્યાન થઈ જાય છે.

**ध्यानं विनिर्मलज्ञानं पुंसां संपद्यते स्थिरम् ।**
**[१]हेमक्षीणमलं किं न कल्याणत्वं प्रपद्यते ॥ १४ ॥**

१. मु हेमं ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—( **पुंसां** ) માનવોનું પુરુષોનું-(**विनिर्मल-ज्ञानं**) નિર્મળ જ્ઞાન ( **स्थिरं संपद्यते** ) જ્યારે સ્થિર થાય છે ત્યારે ( **ध्यानं** ) તે 'ધ્યાન' થઈ જાય છે. ( બરાબર છે ) ( **हेमक्षीणमलं** ) કિટ્ટ-કાલિમાદિરૂપ મળ રહિત થયેલું સુવર્ણ ( **किं** ) શું ( **कल्याणत्वं** કલ્યાણપણાને ( **न प्रपद्यते** ) પ્રાપ્ત નથી થતું ?-થાય જ છે, તે શુદ્ધ સુવર્ણને 'કલ્યાણ' નામથી બોલાવાય છે.

**વ્યાખ્યા**:—અહીં યોગનો ધ્યાન શબ્દથી ઉલ્લેખ કરતાં લખ્યું છે કે જ્યારે નિર્મળ-જ્ઞાન સ્થિર થાય છે ત્યારે તે 'ધ્યાન' કહેવાય છે; જેવી રીતે સુવર્ણ જ્યારે મળ રહિત થાય છે ત્યારે 'કલ્યાણ' નામને પ્રાપ્ત થાય છે. નિર્મળ જ્ઞાન પણ ધ્યાનરૂપે સ્થિર થઈને કલ્યાણકારી થાય છે. ૧૪

## ભોગનું રૂપ અને તેને સ્થિર-વાસ્તવિક સમજનારા.

**गन्धर्वनगराकारं विनश्वरमवास्तवम् ।**
**स्थावरं वास्तवं भोगं बुध्यन्ते[१] मुग्धबुद्धयः ॥ १५ ॥**

**શબ્દાર્થ**:—( **मुग्ध बुद्धयः** ) જે મૂઢબુદ્ધિ છે-જેમને વસ્તુ સ્વરૂપનું સાચું પરિજ્ઞાન નથી-તેઓ ( **गन्धर्व नगराकारं** ) ગંધર્વનગરના આકાર સમાન ( **विनश्वरम्** ) વિનાશીક અને ( **अवास्तवम्** ) અવાસ્તવિક ( **भोगं** ) ભોગસમૂહને ( **स्थावरं** ) સ્થિર અને ( **वास्तवं** ) વાસ્તવિક ( **बुध्यन्ते** ) સમજે છે.

**વ્યાખ્યા**:—જે પુણ્યથી ઉત્પન્ન થયેલા ભોગોનો ૧૩ મા પદ્યમાં ઉલ્લેખ છે તે આકાશમાં રંગબેરંગી વાદળાંઓથી સ્વતઃ બનેલ ગાંધર્વનગર સમાન વિનશ્વર અને અવાસ્તવિક તેમને મૂઢબુદ્ધિ સ્થિર અને વાસ્તવિક સમજે છે, એ તેમની મોટી ભૂલ છે. અહીં પ્રત્યક્ષ રોજ જોવામાં આવતાં વાદળોના આકારની ક્ષણભંગુરતા તરફ સંકેત કરીને ભોગોની અસ્થિરતા અને નિઃસારતાને તેની સમકક્ષ દર્શાવવામાં આવ્યા છે અને જેઓ ભ્રમવશ વિષયભોગોને એવા નથી સમજતા તેમને મોહથી દૂષિતમતિ કહ્યા છે. ૧૫.

## આ સંસાર, આત્માનો મહાન રોગ.

**चित्तभ्रमकरस्तीव्ररागद्वेषादिवेदनः ।**
**संसारोऽयं महाव्याधिर्नाना जन्मादि विक्रियः ॥ १६ ॥**

१. मु बुध्यते ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**[1]अनादिरात्मनोऽमुख्यो भूरिकर्मनिदानकः ।**
**यथानुभवसिद्धात्मा सर्वप्राणभृतामयम् ॥ १७ ॥**

**શબ્દાર્થ:**—( **अयं संसारः** ) આ સંસાર ( **चित्तभ्रमकरः** ) જે ચિત્તને ભ્રમ ઉત્પન્ન કરનાર, ( **तीव्र रागद्वेषादि वेदनः** ) તીવ્ર રાગ-દ્વેષાદિની વેદનાવાળો તથા ( **नाना जन्मादि-विक्रियः** ) વિવિધ જન્મ-મરણાદિની વિક્રિયાથી યુક્ત છે ( **आत्मनः महाव्याधिः** ) તે આત્માનો મહાન રોગ છે, ( **अनादिः** ) આત્મા સાથે અનાદિ-સંબંધવાળો છે, ( **अमुख्यः** ) અપ્રધાન છે, ( **भूरिकर्मनिदानकः** ) ઘણા કર્મોથી બંધનો કર્તા છે અને ( **सर्वप्राणभृताम्** ) સર્વ પ્રાણીઓનો ( **यथानुभवसिद्धात्मा** ) આ પ્રમાણે અનુભવ સિદ્ધ ( પર્યાયરૂપ ) આત્મા છે.

**વ્યાખ્યા:**—અહીં સંસારને, જે મુખ્યપણે ભવભ્રમણ રૂપે છે, આત્માનો એક બહુ મોટો રોગ બતાવ્યો છે, જે અનાદિ કાળથી તેની સાથે લાગેલો છે, રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ રૂપ તીવ્ર વેદનાઓ સહિત છે, ચિત્તને ભ્રમરૂપ કરનાર છે જુદા જુદા પ્રકારે જન્મ-મરણાદિ વિક્રિયા-રૂપ સહિત છે અને સર્વ પ્રાણીઓને માટે અતિશય બંધનું કારણ છે. આવું સંસારનું રૂપ બતાવીને અહીં પરિણામે તેનાથી વિરક્તિ અથવા તેમાં આસક્ત ન થવાની પ્રેરણા કરવામાં આવી છે. ૧૬-૧૭.

## સર્વ સંસાર-વિકારોનો અભાવ થતાં મુક્ત જીવની સ્થિતિ.

**सर्वजन्मविकाराणामभावे तस्य तत्त्वतः ।**
**न मुक्तो जायतेऽमुक्तोऽमुख्योऽज्ञानमयस्तथा ॥ १८ ॥**

**શબ્દાર્થ:**—( **तस्य** ) આત્માને ( **तत्त्वतः** ) વાસ્તવમાં ( **सर्व जन्मविकाराणां अभावे** ) સર્વ સંસારવિકારોનો અભાવ થઈ જતાં ( **मुक्तः** ) જે મુક્ત થાય છે તે પછી કદી ( **न जायते अमुक्तः** ) અમુક્ત-સંસારપર્યાયનો ધારક સંસારી-નથી થતો, ( **अमुख्यः** ) ન સાધારણ પ્રાણી થાય છે, અને ( **अज्ञानमयः** ) ન અજ્ઞાનરૂપે પરિણમે છે.

**વ્યાખ્યા:**—જે સંસારી આત્માનો પાછલા બે પદ્યોમાં ઉલ્લેખ છે તેના બધા ભવ-વિકારોનો જ્યારે અભાવ થઈ જાય છે ત્યારે તે મુક્ત થઈ જાય છે, જે મુક્ત થઈ જાય છે

---

१. आ आनादि; आद्वि अनादि ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પછી કદી સંસારી, સાધારણ પ્રાણી તથા અજ્ઞાની નથી હોતો. બીજા શબ્દોમાં એમ કહીએ કે તે ફરીવાર શરીર ધારણ કરી સંસારમાં આવતો નથી. આથી મુક્તાત્માના અવતારવાદનો નિષેધ થાય છે, તેથી જેમના વિષયમાં એમ કહેવામાં આવે છે કે તેમણે અમુક કાર્યસિદ્ધિ માટે અથવા પોતાના ભક્તનું કષ્ટ દૂર કરવા માટે પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યો છે તેમના વિષયમાં એ સમજી લેવું જોઈએ કે તેમણે હજી સુધી મુક્તિ પ્રાપ્ત કરી નથી-મોક્ષ પ્રાપ્ત થયા પછી કારણનો અભાવ થવાથી પુનઃ સંસારમાં અવતરવાનું બનતું નથી. ૧૮.

## ઉદાહરણ દ્વારા પૂર્વ કથનનું સમર્થન.

**यथेहामयमुक्तस्य नामयः स्वस्थता परम् ।**
**तथा पातकमुक्तस्य न भवः स्वस्थता परम् ॥ १९ ॥**

**શબ્દાર્થઃ**—( **यथा** ) જેમ ( **इह** ) આ લોકમાં ( **आमयमुक्तस्य** ) જે રોગથી મુક્ત થઇ ગયો હોય તેને ( **न आमयः** ) રોગ રહેતો નથી, ( **परं स्वस्थता** ) પરમ સ્વસ્થતા થઈ જાય છે ( **तथा** ) તેમ ( **पातक मुक्तस्य** ) જે કર્મોથી મુક્ત થઇ ગયો હોય તેને ( **न भवः** ) ભવ-સંસાર રહેતો નથી, ( **परं स्वस्थता** ) પરમ સ્વસ્થતા થઇ જાય છે.

**વ્યાખ્યાઃ**—અહીં પાછલી વાતને એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરતાં બતાવ્યું છે કે જેવી રીતે રોગથી સર્વથા મુક્ત રોગીને રોગ રહેતો નથી; પરમ નીરોગતાની પ્રાપ્તિ થઈ જાય છે, તેવી જ રીતે જે પાપાદિ કર્મોથી સર્વથા મુક્ત થઇ જાય છે તેને પછી પર-પર્યાય-ગ્રહણરૂપ સંસાર રહેતો નથી, પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મામાંજ સદા સ્થિરતા બની રહે છે. ૧૯.

## કોના ભોગ સંસારનાં કારણ નથી થતાં.

**शुद्धज्ञाने मनो नित्यं कार्येऽन्यत्र विचेष्टिते ।**
**यस्य तस्याग्रहाभावान् न भोगा भवहेतवः ॥ २० ॥**

**શબ્દાર્થઃ**—( **यस्य मनः** ) જેનું મન ( **नित्यं** ) સદા ( **शुद्धज्ञाने** ) શુદ્ધજ્ઞાનમાં રમી રહે છે, ( **अन्यत्रकार्ये विचेष्टिते** ) અન્ય કોઈ કાર્યમાં જેની કોઇ પ્રવૃત્તિ હોતી નથી ( **तस्य भोगाः** ) તેના ભોગ ( **आग्रहाभावात् न भवहेतवः** ) આસક્તિના અભાવમાં સંસારના કારણ થતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યા:—કોના ભોગ કેમ બંધનું કારણ નથી થતા, એ વાત દર્શાવતાં અહીં બતાવવામાં આવ્યું છે કે જે યોગીનું મન સદા આત્માના શુદ્ધજ્ઞાનની આરાધનમાં લીન રહે છે અન્ય કોઈ કામ કરવામાં જેની કોઈ વિશેષ રુચિ હોતી નથી, તેને સામાન્યપણે આહાર-ગ્રહણાદિ રૂપ ભોગ અનાસક્તિને કારણે સંસારના હેતુભૂત બંધનાં કારણ નથી થતા-એનાથી ઉલ્ટું નિર્જરાનાં કારણ થાય છે. ૨૦

## ભોગોને ભોગવવા છતાં પણ કોણ પરમપદ પામે છે.

मायाम्भो मन्यतेऽसत्यं तत्त्वतो यो महामनाः ।
अनुद्विग्नो निराशङ्कस्तन्मध्ये स न च्छति ॥ २१ ॥

मायातोयोपमो भोगा दृश्यन्ते येन वस्तुतः ।
स भुञ्जानोऽपि निःसङ्गः प्रयाति परमं पदम् ॥ २२ ॥

શબ્દાર્થ:—(**यः महामनाः**) જે મહાત્મા (**मायाम्भः**) માયા જળને-મૃગજળને-(**तत्त्वतः**) વાસ્તવમાં (**असत्यं**) અસત્ય (**मन्यते**) સમજે છે (**स**) તે (**अनुद्विग्नः निराशङ्कः**) તેના પ્રત્યે ઉદ્વિગ્ન, આકુળિત તથા શંકિત નથી હોતો અને (**तन्मध्ये न गच्छति**) તેથી તેમાં ફસાતો નથી. (**येन**) જેને (**भोगाः**) ભોગો (**वस्तुतः**) વાસ્તવમાં (**मायातोयोपमा**) માયા જળ સમાન (**दृश्यन्ते**) દેખાય છે (**स**) તે મહાત્મા (**भुञ्जानोऽपि**) તેમને ભોગવતો હોવા છતાં પણ (આસક્તિના અભાવથી) (**निःसङ्गः**) નિઃસંગ છે અને (**परमं पदं प्रयाति**) પરમપદને પામે છે.

વ્યાખ્યા:—શુદ્ધ જ્ઞાન-આચરણમાં લીન જ્ઞાનીને ભોગ બંધના કારણ નથી, આ પાછળની વાતને એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરતાં અહીં બતાવવામાં આવ્યું છે કે જેવી રીતે કોઈ મહાત્મા પુરુષ જે મૃગજળને વાસ્તવમાં મિથ્યા સમજે છે તે કદી તેના વિષયમાં શંકિત તથા તેની પ્રાપ્તિ માટે આકુળ થતો નથી અને તેથી તેમાં પ્રવેશ કરતો નથી. તેવી જ રીતે જે મહાત્મા યોગી ભોગોને વાસ્તવમાં માયા જળ રૂપે દેખે છે તે તેમને ભોગવતો હોવા છતાં પણ નિઃસંગ હોય છે-જળમાં કમળની જેમ અલિપ્ત રહે છે-અને તેથી બંધને પ્રાપ્ત ન થવાથી પરમપદ પામવામાં સમર્થ થાય છે. ૨૧-૨૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ભોગોને તત્ત્વદૃષ્ટિએ જોનારની સ્થિતિ.

**भोगांस्तत्त्वधिया पश्यन् नाभ्येति भवसागरम् ।**
**मायाम्भो जानतासत्यं गम्यते तेन नाध्वना ॥ २३ ॥**

**શબ્દાર્થ**:—( **भोगान्** ) ભોગોને ( **तत्त्वधिया पश्यन्** ) તત્ત્વ-દૃષ્ટિએ દેખતો થકો ( **भवसागरं न अभ्येति** ) ભવસાગરને પ્રાપ્ત થતો નથી. (બરાબર છે) ( **मायाम्भः असत्यं जानता** ) માયાજળને અસત્ય જળરૂપે જાણતો થકો ( **तेन अध्वना** ) તે માર્ગે ( **न गम्यते** ) જતો નથી.

**વ્યાખ્યા**:—જેવી રીતે માયાજળને તેના અસલી સ્વરૂપે જાણનાર અને તેને સત્ય જળ ન સમજનાર તેની પ્રાપ્તિ માટે ત્યાં દોડધામ કરતો નથી, તેવી જ રીતે ભોગોને તાત્ત્વિકદૃષ્ટિએ દેખનાર તેમાં આસકત થતો નથી-દુઃખ ભોગવતો નથી. વિષય-ભોગોને તાત્ત્વિકદૃષ્ટિએ ન દેખવું તે જ તેમાં આસકિતનું કારણ બને છે અને તે આસકિત આસકતને ભવભવમાં રખડાવે છે અને કષ્ટ પહોંચાડે છે. ૨૩.

## ભોગ—માયાથી વિમોહિત જીવની સ્થિતિ.

**स तिष्ठति भयोद्विग्नो यथा तत्रैव शङ्कितः ।**
**तथा निर्वृतिमार्गेऽपि भोगमायाविमोहितः ॥ २४ ॥**

**શબ્દાર્થ**:—( **यथा** ) જેમ ( **तत्रैव शङ्कितः सः** ) માયા જળમાં શંકિત તે પ્રાણી ( **भयोद्विग्नः** ) ભયથી ઉદ્વિગ્ન થયેલો-થઇને ( **तिष्ठति** ) રહે છે ( **तथा** ) તેવી જ રીતે ( **भोगमायाविमोहितः** ) ભોગમાયાથી વિમોહિત થયેલો-ભોગોનું સત્ય સ્વરૂપ ન સમજીને-જીવ ( **निर्वृतिमार्गेऽपि** ) મુકિતમાર્ગમાં શંકિત થઇને પ્રવર્તે છે.

**વ્યાખ્યા**:—જેવી રીતે માયાજળનું સત્ય સ્વરૂપ ન સમજનાર પ્રાણી શંકિતચિત્ત થઇને તેના તરફ, જળના ફેલાવાની આશંકાથી, જવામાં ભયાકુળ થાય છે તેવી જ રીતે જે જીવ ભોગોની માયાથી વિમોહિત થઇ તેમનું સત્ય સ્વરૂપ સમજતો નથી તે નિર્વૃતિના માર્ગમાં-ભોગોથી વિરક્તિના પંથમાં-નિઃશંક પ્રવૃત્તિ નથી કરતો. તેને તે માર્ગ પર ચાલવામાં ભય રહ્યા કરે છે. ૨૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ધર્મથી ઉત્પન્ન ભોગ પણ દુઃખ પરંપરા આપે છે.

**धर्मतोऽपि भवो भोगो दत्ते दुःख–परंपराम् ।**
**चन्दनादपि संपन्नः पावकः प्लोषते न किम् ॥ २५ ॥**

**શબ્દાર્થ:**—( **धर्मतः अपि भवः** ) ધર્મથી પણ ઉત્પન્ન થયેલો ( **भोगः** ) ભોગ ( **दुःख–परंपराम्** ) દુઃખોની પરંપરા ( **दत्ते** ) આપે છે. ( બરાબર છે ) ( **चन्दनादपि** ) ચંદનથી પણ ( **संपन्नः** ) ઉત્પન્ન થયેલ ( **पावकः** ) અગ્નિ ( **किं न प्लोषते** ) શું નથી બાળતી? બાળે જ છે.

**વ્યાખ્યા:**—ધર્મની સાધના કરતાં શુભ પરિણામોને વશે જે પુણ્યોપાર્જન થાય છે તે પુણ્યકર્મના ઉદયથી મળેલ ભોગ પણ દુઃખ–પરંપરાનું કારણ છે, જેવી રીતે અત્યંત શીતળ સ્વભાવી ચંદનથી ઉત્પન્ન થયેલી અગ્નિ પણ બાળવાના કાર્યમાં ચૂકતી નથી. માટે પુંણ્યથી ઉત્પન્ન થયેલા ભોગોને પણ દાહક સ્વભાવવાળા અગ્નિ સમાન દુઃખકર સમજવા જોઇએ. એક કવિએ રાગને આગની ઉપમા આપતાં ઘણી સુંદર રીતે લખ્યું છેઃ—

યહ રાગ આગ દહે નિરંતર, યાતેં સમામૃત પીજિયે;
ચિર ભજે વિષય–કષાય, અબ તો ત્યાગ ઈનકો દીજિયે. ૨૫.

## વિવેકી વિદ્વાનોની દૃષ્ટિમાં લક્ષ્મી અને ભોગ.

**विपत्सखी यथा लक्ष्मीर्नानन्दाय विपश्चिताम् ।**
**न कल्मषसखो भोगस्तथा भवति शर्मणे ॥ २६ ॥**

**શબ્દાર્થ:**—( **यथा** ) જેમ ( **विपत्सखी** ) વિપદા જેની સખી–સહેલી છે તે ( **लक्ष्मीः** ) લક્ષ્મી ( **विपश्चिताम्** ) વિદ્વાનોને ( **आनन्दाय न** ) આનંદદાયક થતી નથી, ( **तथा** ) તેમ ( **कल्मषसखो** ) કલ્મષ–કર્મમળ–જેનો સાથી છે તે ( **भोगः** ) ભોગ વિદ્વાનોને ( **शर्मणे न भवति** ) સુખકારી નથી થતો.

**વ્યાખ્યા:**—જે લક્ષ્મી ( ધન–દોલત ) ના રાગમાં લોકો દિન રાત ફસાઇ રહે છે તેને અહીં વિપદાની સહેલી કહી છે.[1] અનેક પ્રકારની આપત્તિઓ–મુસીબતો તેની સાથે

---

૧. **अर्थस्योपार्जने दुःखमर्जितस्य च रक्षणे ।**
**आये दुःखं व्यये दुःखं धिगर्थं दुःखभाजनम् ॥**—ઈષ્ટોપદેશ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળગેલી રહે છે-અને તેથી જે તત્ત્વના જાણકાર વાસ્તવિક વિદ્વાન છે તેમને તે લક્ષ્મી આનંદની કોઈ વસ્તુ નથી હોતી-લાચારીથી પોતાની અશક્તિ તથા કમજોરીને કારણે અથવા બીજા કોઈ મોટા કષ્ટોથી બચવા માટે તેનું સેવન કરવામાં આવે છે. તેવી જ રીતે (આસક્તિપૂર્વક ભોગ પણ જેનો સાથી કલ્મષ છે-કષાયાદિના બંધરૂપ કર્મમળ છે-તે ઉક્ત વિદ્વાનોને સુખનું કારણ થતું નથી-આસકિતને કારણે મજબુરીથી તત્કાલીન વેદનાની શાન્તિ માટે હોય છે-તેઓ પોતાની તાત્ત્વિક અને અમોહ દૃષ્ટિથી તેને હિતકારી સમજતા નથી. ૨૬.

## ભોગ-સંસારથી સાચો વૈરાગ્ય ક્યારે ઉત્પન્ન થાય છે.

**भोग–संसार–निर्वेदो जायते पारमार्थिकः ।**
**सम्यग्ज्ञान–प्रदीपेन तन्नैगुण्यावलोकने ॥ २७ ॥**

**શબ્દાર્થ:**—(**भोग-संसार-निर्वेदो**) ભોગ અને સંસારથી વૈરાગ્યનું થવું (**पारमार्थिकः जायते**) ત્યારેજ પારમર્થિક બને છે જ્યારે (**सम्यग्ज्ञान-प्रदीपेन**) સમ્યગ્જ્ઞાનરૂપ (**तन्नैगुण्यावलोकते**) તેમનામાં નિર્ગુણતાનું અવલોકન કરવામાં આવે છે.

**વ્યાખ્યા:**—ભોગોથી અને સંસારથી સાચો વૈરાગ્ય ક્યારે થાય છે. એ, બાબતને બતાવતાં અહીં એ સ્પષ્ટ ઘોષણા કરવામાં આવી છે કે જ્યારે સમ્યગ્જ્ઞાનરૂપ દીપકથી ભોગો તથા સંસારની નિર્ગુણતા-નિઃસારતા સ્પષ્ટ દેખાય છે ત્યારે તેમનાથી પારમાર્થિક વૈરાગ્ય ઉત્પન્ન થાય છે-ઉક્ત નિર્ગુણતાના દર્શન વિના સાચો વૈરાગ્ય થતો નથી, બનાવટી અને દેખાવનો વૈરાગ્ય બની રહે છે. તેથી જ કેટલાય જીવો ભાવુકતાદિમાં આવીને બ્રહ્મચારી તો બને છે પરંતુ તેમનાથી બ્રહ્મચર્યનું પૂરી રીતે પાલન થઇ શકતું નથી. જે સ્ત્રીના કામાંગને સ્વામી સમંતભદ્રના શબ્દોમાં મળબીજ, મળયોનિ, ગળત્મળ, પૂતિગંધિ અને બીભત્સ આ પાંચ વિશેષણોથી યુક્ત દેખે છે, અનુભવે છે અને રમવા યોગ્ય નથી સમજતો તે વાસ્તવમાં કામથી-અબ્રહ્મરૂપ મૈથુનથી-ઘૃણા કરીને-વિરક્ત થઇને સાચો બ્રહ્મચારી બને છે.[1] ૨૭.

## નિર્વાણમાં પરમ ભક્તિ અને તેને માટે કર્તવ્ય.

**निर्वाणे परमा भक्तिः पश्यतस्तद्गुणं परम् ।**
**चित्र–दुःखमहाबोजे नष्टे सति विपर्यये ॥ २८ ॥**

---

१. **मलबीजं मलयोनिं गलन्मलं पूतिगन्धि बीभत्सतां**
**पश्यन्नङ्गमनङ्गाद्विरमति यो ब्रह्मचारी सः,** —સમીચીન ધર્મશાસ્ત્ર ૧૪૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ज्ञानवन्तः सदा बाह्यप्रत्याख्यान–विशारदाः ।**
**ततस्तस्य परित्यागं कुर्वते[१] परमार्थतः ॥ २९ ॥**

શબ્દાર્થઃ—( नष्टे सति विपयये चित्रदुःखमहाबीजे ) સમ્યગ્જ્ઞાનના વિપક્ષી તથા વિવિધ દુઃખોના બીજભૂત મિથ્યાજ્ઞાન નષ્ટ થતાં ( **निर्वाणे** ) નિર્વાણમાં, ( **तद्गुणं परं पश्यतः** ) તેના ઉત્કૃષ્ટ ગુણ સમૂહને દેખતાં, ( **परमा भक्तिः** ) પરમ ભક્તિ થાય છે. (**ततः**) તેથી ( **बाह्य प्रत्याख्यान-विशारदाः ज्ञानवन्तः** ) બાહ્ય પદાર્થોના ત્યાગમાં પ્રવીણ જ્ઞાનીઓ છે તેઓ ( **सदा** ) સદા ( **तस्य** ) તે મિથ્યાજ્ઞાનનો ( **परमार्थतः** ) પારમાર્થિક દૃષ્ટિએ (**परित्यागं कुर्वते** ) ત્યાગ કરે છે–કારણ કે તે પણ વાસ્તવમાં આત્માથી ભિન્ન પદાર્થ છે.

વ્યાખ્યાઃ—સંસારના વિપક્ષીભૂત નિર્વાણમાં ઉત્કૃષ્ટ ભક્તિ ત્યારે જ ઉત્પન્ન થાય છે જ્યારે અનેકાનેક દુઃખોનું બીજભૂત મિથ્યાજ્ઞાન નષ્ટ થતાં નિર્વાણના ગુણોનું સમ્યક્ અવલોકન થાય છે. તેથી નિર્વાણના અભિલાષી જ્ઞાનીજનોએ કે જે બાહ્ય પદાર્થોના પરિત્યાગમાં નિપુણ છે, નિશ્ચયપૂર્વક મિથ્યાજ્ઞાનનો ત્યાગ કરવો જોઈએ, કે જે વાસ્તવમાં આત્માથી બાહ્ય પદાર્થ છે–મિથ્યાત્વના સંબંધથી વિભાવરૂપે ઉત્પન્ન થાય છે. ૨૯

## જ્ઞાની પાપોથી કેમ લેપાતા નથી.

**न ज्ञानी लिप्यते पापैर्भानुमानिव तामसैः ।**
**विषयैर्विध्यते ज्ञानी[२] न संनद्धः शरैरिव ॥ ३० ॥**

શબ્દાર્થઃ—( **ज्ञानी** ) જ્ઞાની ( **पापैः** ) પાપોથી ( **न लिप्यते** ) લેપાતો નથી જેમ ( **भानुमान् इव** ) સૂર્ય ( **तामसैः** ) અંધકારથી વ્યાપ્ત થતો નથી. ( **ज्ञानि** ) જ્ઞાની (**विषयैः**) વિષયોથી ( **न विध्यते** ) બંધાતા નથી ( **संनद्धः** ) જેમ કવચ ( બખ્તર ) પહેરેલો યોદ્ધો ( **शरैः इव** ) બાણોથી વિંધાતો નથી.

વ્યાખ્યાઃ—અહીં તે જ્ઞાની, જેણે ભોગ, સંસાર તથા નિર્વાણનું યથાર્થ સ્વરૂપ સારી રીતે સમજી લીધું છે, તેની સ્થિતિનું વર્ણન કરતાં લખ્યું છે કે તે પાપોથી તેવી

---

૧. व्या कुर्वन्ते ।
૨. मु ज्ञाने ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રીતે લેપાતો નથી જેવી રીતે સૂર્ય અંધકારથી ઢંકાતો નથી અને વિષયોથી તેવી રીતે વિંધાતો નથી. જેવી રીતે કવચધારી યોદ્ધા તીરોથી વિંધાતો નથી. ૩૦.

## જ્ઞાનના મહિમાનું કીર્તન.

**अनुष्ठानास्पदं ज्ञानं ज्ञानं मोहतमोऽपहम् ।**
**पुरुषार्थकरं ज्ञानं ज्ञानं निर्वृति–साधनम् ॥ ३१ ॥**

**શબ્દાર્થઃ**—( ज्ञानं ) સમ્યગ્જ્ઞાન ( अनुष्ठानास्पदं ) ક્રિયા કર્મના અનુષ્ઠાનનો આધાર છે, ( ज्ञानं ) જ્ઞાન ( मोहतमोऽपहम् ) મોહાન્ધકારનો નાશ કરનાર છે, ( ज्ञानं ) જ્ઞાન ( पुरुषार्थकरं ) પુરુષના પ્રયોજનને પૂર્ણ કરનાર છે, અને ( ज्ञानं ) જ્ઞાન (निर्वृति–साधनम्) મોક્ષનું સાધન છે.

**વ્યાખ્યાઃ**—જે જ્ઞાનીનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેના જ્ઞાનના મહિમાનું આ પદ્યમાં કાંઈક કીર્તન કરતાં તેને ચાર વિશેષણોવાળું બતાવ્યું છે, જેમાં એક છે. અનુષ્ઠાનોનો આશ્રય–આધાર, બીજું મોહાન્ધકારનો નાશ, ત્રીજું પુરુષના પ્રયોજનનું પૂરક અને ચોથું છે મુક્તિનું સાધન. આ બધાં વિશેષણ પોતાના અર્થની સ્પષ્ટતા સહિત છે. ૩૧.

## કયું તત્ત્વ કોના દ્વારા વાસ્તવમાં ચિંતન યોગ્ય છે.

**विकारा निर्विकारत्वं यत्र गच्छन्ति चिन्तिते ।**
**तत् तत्त्वं तत्वतश्चिन्त्यं चिन्तान्तर–निराशिभिः ॥ ३२ ॥**

**શબ્દાર્થઃ**—( यत्र चिन्तिते ) જેનું ચિંતન કરતાં ( विकाराः ) વિકાર (निर्विकारत्वं गच्छन्ति) નિર્વિકારપણાને પ્રાપ્ત થઈ જાય છે ( तत् तत्त्वं ) તે તત્ત્વ (तत्त्वतः) વાસ્તવમાં તેમના દ્વારા ( चिन्त्यं ) ચિંત્વન યોગ્ય છે ( चिन्तान्तर-निराशिभिः ) જેઓ અન્ય ચિંતાઓનું નિરાકરણ કરવામાં સમર્થ છે–સ્થિર ચિત્ત છે.

**વ્યાખ્યાઃ**—અહીં વાસ્તવમાં તે તત્ત્વને ચિંતન અને ધ્યાન યોગ્ય બતાવ્યું છે જેના ચિંતનથી વિકાર રહેતા નથી–નિર્વિકાર–પણે પરિણમી જાય છે અર્થાત્ રાગ–દ્વેષ–મોહાદિ દોષ મટીને વીતરાગતાની ઉત્પત્તિ થાય છે. આ તત્ત્વચિંતનના અધિકારી તે યોગી છે જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બીજી ચિંતાનું નિરાકરણ કરવામાં સમર્થ હોય છે-જે તત્ત્વનું ચિંતન કરે છે તેમાં પોતાનું મન એટલું એકાગ્ર કરી લે છે કે બીજી કોઈ પણ ચિંતા પાસે આવી શકતી નથી. ૩૨.

## પરમ તત્ત્વ કયું અને તેનાથી ભિન્ન શું ?

**विविक्तमान्तरं ज्योतिर्निराबाधमनामयम् ।**
**यदेतत् तत्परं तत्त्वं तस्यापरमुपद्रवः ॥ ३३ ॥**

**શબ્દાર્થ:**—( यत् एतत् ) આ જે ( विविक्तं ) વિવિક્ત-કર્મકલંક રહિત-( निराबाधं ) નિર્ભય અને ( अनामयं ) નિરામય ( નિર્વિકાર ) ( आन्तरं ज्योतिः ) અંતરંગ ( અધ્યાત્મ ) જ્યોતિ છે ( तत् परं तत्त्वं ) તે પરમ તત્ત્વ છે, ( तस्य अपरं ) તેનાથી ભિન્ન બીજું બધું ( उपद्रवः ) ઉપદ્રવ છે.

**વ્યાખ્યા:**—અહીં જે શુદ્ધ આત્મ જ્યોતિનો ઉલ્લેખ છે તેને જ ચિંતન અને ધ્યાન યોગ્ય પરમ તત્ત્વ કહ્યું છે. બાકી બધાને ઉપદ્રવ ઘોષિત કરેલ છે; કારણ કે અંતિમ લક્ષ્ય અને ધ્યેય આ જ પરમ તત્ત્વને પ્રાપ્ત કરવાનું છે, એની પ્રાપ્તિ માટે બીજા બધાને છોડવા પડશે. તેથી જ બીજા બધાને પારમાર્થિક દૃષ્ટિએ 'ઉપદ્રવ' સંજ્ઞા આપવામાં આવેલી જણાય છે. ૩૩.

## મુમુક્ષુઓએ કોઈ પણ તત્ત્વમાં આગ્રહ ન કરવો.

**न कुत्राप्याग्रहस्तत्त्वे विधातव्यो मुमुक्षुभिः ।**
**निर्वाणं साध्यते यस्मात् समस्ताग्रहवर्जितैः ॥ ३४ ॥**

**શબ્દાર્થ:**—( मुमुक्षुभिः ) જે મોક્ષના અભિલાષી છે તેમણે ( कुत्र अपि तत्त्वे ) ( અન્ય ) કોઈ પણ તત્ત્વમાં ( आग्रहः न विधातव्यः ) આગ્રહ ન કરવો જોઈએ; ( यस्मात ) કારણ કે ( समस्त आग्रह वर्जितैः ) જે સમસ્ત આગ્રહોથી-એકાન્ત અભિનિવેશોથી-વર્જિત છે તેમના દ્વારા ( निर्वाणं साध्यते ) નિર્વાણ સિદ્ધ કરાય છે.

**વ્યાખ્યા:**—અહીં મુમુક્ષુઓને તત્ત્વવિષયમાં ક્યાંય પણ આગ્રહ કરવાનો નિષેધ કર્યો છે; કારણ કે આગ્રહ એકાન્તનો દ્યોતક છે અને વસ્તુ તત્ત્વ અનેકાન્તાત્મક છે. નિર્વા-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ણની પ્રાપ્તિ તેમને જ થાય છે જે સમસ્ત આગ્રહોથી રહિત થઇ જાય છે -લિંગ જાતિ આદિનો પણ કોઇ આગ્રહ રહેતો નથી. લિંગ અને જાતિ આ બન્ને દેહાશ્રિત છે અને દેહજ આત્માનો સંસાર છે. તેથી જે મુક્તિની પ્રાપ્તિ માટે અમુક લિંગ ( વેશ ) તથા અમુક બ્રાહ્મણાદિ જાતિનો આગ્રહ રાખે છે અથવા અમુક જાતિનો અમુક વેશ ધારણ કરીને મોક્ષ પામે છે, એવો જેમને આગમાનુબંધી આગ્રહ છે તેઓ સંસારથી છૂટી શકતા નથી અને આત્માનું પરમપદ પણ પામતા નથી. શ્રી પૂજ્યપાદ આચાર્યના નીચેના વાકયોમાં આ વાત પ્રગટ છેઃ—

लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः ।
न मुच्यन्ते भवात्तस्मात्ते ये लिङ्गकृताग्रहाः ॥ ८७ ॥
जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः ।
न मुच्यन्ते भवात्तस्मात्ते ये जातिकृताग्रहाः ॥ ८८ ॥
जातिलिङ्गविकल्पेन येषां च समयाग्रहः ।
तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः ॥ ८९ ॥—સમાધિતંત્ર. ૩૪.

## આગ્રહવર્જિત તત્ત્વમાં કર્તા-કર્માદિનો વિકલ્પ નથી.

**कर्ताहं निर्वृतिः कृत्यं ज्ञानं हेतुः सुखं फलम् ।**
**नैकोऽपि विद्यते तत्र विकल्पः कल्पनातिगे ॥ ३५ ॥**

**શબ્દાર્થ**:—( अहं कर्ता ) હું કર્તા છું, ( निर्वृतिः कृत्यं ) નિર્વાણ કૃત્ય-કાર્ય છે, ( ज्ञानं हेतुः ) જ્ઞાન હેતુ છે અને ( सुखं फलं ) સુખ તેનું ફળ છે, ( तत्र ) આમાંથી ( एकः अपि ) એક પણ ( विकल्पः ) વિકલ્પ ( कल्पनातिगे ) તે કલ્પનારહિત અને આગ્રહવર્જિત સાધકમાં (न) હોતો નથી.

**વ્યાખ્યા**:—અહીં સમસ્ત આગ્રહ છોડવાની વાતને સ્પષ્ટ કરતાં ત્યાંસુધી લખ્યું છે કે મુક્તિના તે નિર્વિકલ્પ સાધકમાં કર્તા, કાર્ય, કારણ, અને ફળનો પણ કોઈ વિકલ્પ રહેતો નથી. આમાંથી એક પણ વિકલ્પ રહેતાં મુક્તિની સાધના બનતી નથી. મુક્તિની ચરમ સાધનામાં પોતાનું ( વિકલ્પરૂપ ) અસ્તિત્વ પણ ભૂલાવીને તે પરમ તત્ત્વરૂપ અધ્યાત્મ જ્યોતિમાં લીન થઈ જવાનું હોય છે. તેથીજ બાહ્ય અને ભિન્ન અન્ય સર્વને પાછલા એક પદ્યમાં ( ૩૩ ) ' ઉપદ્રવ ' કહ્યા છે. ૩૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્મસ્થિત કર્મવર્ગણાઓ કદી આત્મત્વ પામતી નથી.

**आत्म–व्यवस्थिता यान्ति नात्मत्वं कर्मवर्गणाः ।**
**व्योमरूपत्वमायान्ति व्योमस्थाः किमु पुद्गलाः ॥ ३६ ॥**

**શબ્દાર્થ:**—( **आत्म-व्यवस्थिता:** ) આત્મામાં વ્યવસ્થિત ( **कर्मवर्गणा:** ) કર્મ-વર્ગણાઓ ( કદી ) ( **आत्मत्वं न यान्ति** ) આત્મત્વને પ્રાપ્ત થતી નથી-આત્મા થઇ જતી નથી. ( બરાબર છે ) ( **व्योमस्थाः** ) આકાશમાં સ્થિત ( **पुद्गलाः** ) પુદ્ગલો ( **किमु** ) શું કદી ( **व्योमरूपत्वं आयान्ति** ) આકાશ થઇ જાય છે–નથી થઈ જતા.

**વ્યાખ્યા:**—જે કર્મોનો આત્માથી સંપૂર્ણપણે સંબંધ-વિચ્છેદ થતાં મુક્તિની પ્રાપ્તિ થાય છે તે કર્મ અનેક પ્રકારની વર્ગણાઓ રૂપે આત્મ–વ્યવસ્થિત હોવા છતાં કદી આત્મત્વને પ્રાપ્ત થતાં નથી, એની સૂચના કરતાં આકાશસ્થિત પુદ્ગલોનાં ઉદાહરણ દ્વારા તેને સ્પષ્ટ કરવામાં આવેલ છે. આકાશમાં સ્થિત પુદ્ગલો જેવી રીતે કદી આકાશ રૂપે પરિણમતા નથી તેવી જ રીતે આત્મા સાથે વ્યવસ્થિત થયેલી કર્મવર્ગણાઓ પણ કદી આત્મારૂપે પરિણમતી નથી. ૩૬.

## કર્મજન્ય સ્થાવર વિકાર આત્માના થતા નથી.

**स्थावराः कार्मणाः सन्ति विकारास्तेऽपि नात्मनः ।**
**शश्वच्छुद्धस्वभावस्य[१] सूर्यस्येव घनादिजाः ॥ ३७ ॥**

**શબ્દાર્થ:**—( **कार्मणाः** ) કર્મજન્ય જે ( **स्थावराः विकाराः** ) સ્થાવર વિકાર છે ( **ते अपि** ) તે પણ ( **आत्मनः न** ) આત્માના નથી જેમ ( **घनादिजाः** ) મેઘાદિ જન્ય વિકાર ( **शश्वत** ) સદા ( **शुद्धस्वभावस्य** ) શુદ્ધ સ્વભાવ રૂપ ( **सूर्यस्य इव** ) સૂર્યને નથી.

**વ્યાખ્યા:**—જો કોઇ કહે કે આત્મામાં જે સ્થાવર વિકાર છે-પૃથ્વી-પર્વત-વૃક્ષાદિ સમાન સ્થિર રહેનાર વિકાર છે-તેમને તો આત્માના સ્વતઃ વિકાર સમજવા જોઇએ. તો તેના સમાધાન અર્થે અહીં એમ બતાવવામાં આવ્યું છે કે સ્થાવર વિકાર પણ આત્માના

---

૧. व्या. प्रभावस्य ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી પરંતુ કર્મજનિત છે અને તેમને શુદ્ધ સ્વભાવના ધારક સૂર્યના મેઘાદિજન્ય વિકાર જેવા સમજવા જોઇએ. ૩૭.

## જીવના રાગાદિ પરિણામોની સ્થિતિ.

**रागादयः परोणामाः कल्मषोपाधिसंभवाः ।**
**जोवस्य स्फटीकस्येव पुष्पोपाधिभवा मताः ॥ ३८ ॥**

**શબ્દાર્થ:**—( **जीवस्य** ) જીવના જે ( **रागादयः परीणामाः** ) રાગાદિક પરિણામ હોય છે ( **कल्मषोपाधि संभवाः** ) તે કષાયરૂપ કર્મમળની ઉપાધિથી ઉત્પન્ન થાય છે, જેમ ( **स्फटीकस्य इव** ) સ્ફટિકને ભિન્ન ભિન્ન રંગાદિરૂપ પરિણામ ( **पुष्पोपाधिभवाः मताः** ) પુષ્પોની ઉપાધિથી ઉત્પન્ન થાય છે, તેથી જ સ્ફટિકને ' વિશ્વરૂપ મણિ ' કહેવામાં આવ્યો છે.

**વ્યાખ્યા:**—અહીં રાગાદિ રૂપ બીજા વિકારોને લેવામાં આવ્યા છે અને તેમના વિષયમાં બતાવવામાં આવ્યું છે કે તે પણ જીવના વાસ્તવિક પરિણામ નથી. પણ કષાયરૂપ કલ્મષની ઉપાધિથી ઉત્પન્ન, સ્ફટિકના વાસ્તવિક પરિણામ હોતા નથી. ૩૮.

## જીવના કષાયાદિક પરિણામોની સ્થિતિ.

**परिणामाः कषायाद्या निमित्तीकृत्य चेतनाम् ।**
**मृत्पिण्डेनेव कुम्भाद्यो जन्यन्ते कर्मणाखिलाः ॥ ३९ ॥**

**શબ્દાર્થ:**—જીવના ( **कषायाद्या परिणामाः** ) કષાયાદિક જેટલા પરિણામ છે તે ( **अखिलाः** ) બધા ( **चेतनाम् निमित्तीकृत्य** ) ચેતનાને નિમિત્તભૂત કરીને ( **कर्मणा जन्यन्ते** ) કર્મદ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ ( **मृत्पिण्डेन इव कुम्भाद्याः** ) કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે.

**વ્યાખ્યા:**—અહીં કષાયાદિ પરિણામોની ઉત્પત્તિમાં મૂળ કારણ કર્મને અને નિમિત્ત કારણ જીવની ચેતનાને કહેલ છે, જેમ ઘટાદિની ઉત્પત્તિમાં મૂળ ( ઉપાદાન ) કારણ માટીનો પિંડ અને નિમિત્ત કારણ કુંભાર હોય છે તેમ. ૩૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કષાય પરિણામોનું સ્વરૂપ.

**आत्मनो ये परिणामाः मलतः सन्ति कश्मलाः ।**
**सलिलस्येव कल्लोलास्ते कषाया निवेदिताः ॥ ४० ॥**

**શબ્દાર્થ**:—( **आत्मनः ये परीणामाः** ) આત્માના જે પરિણામ ( **मलतः** ) મળના નિમિત્તે ( **कश्मलाः सन्ति** ) મલિન હોય છે ( **ते** ) તે, ( **सलिलस्य कल्लोलाः इव** ) જળના કલ્લોલોની જેમ, ( **कषायाः निवेदिताः** ) 'કષાય' કહેવામાં આવ્યા છે.

**વ્યાખ્યા**:—જે કષાયોનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેમનું આ પદ્યમાં સ્પષ્ટીકરણ કરતાં બતાવવામાં આવ્યું છે કે આત્માના જે પરિણામ (રાગાદિ) મળના નિમિત્તે મલિન-કષાયલા થાય છે તેમને 'કષાય' કહે છે. તેમની સ્થિતિ જળમાં કલ્લોલો સમાન હોય છે. ૪૦.

## કાલુષ્ય અને કર્મમાંથી એકનો નાશ થતાં બન્નેનો નાશ.

**कालुष्याभावतोऽकर्म कालुष्यं कर्मतः पुनः ।**
**एकनाशे द्वयोर्नाशः स्याद् बीजाङ्कुरयोरिव ॥ ४१ ॥**

**શબ્દાર્થ**:—( **पुनः** ) વળી ( **कर्मतः** ) કર્મથી ( આત્મામાં ) ( **कालुष्यं** ) કલુષતાની ઉત્પત્તિ અને ( **कालुष्य अभावतः** ) કલુષતાના અભાવથી ( **अकर्म** ) કર્મનો અભાવ થાય છે. ( **बीजअङ्कुर-योः इव** ) બીજ અને અંકુરની જેમ ( **एकनाशे** ) એકનો નાશ થતાં ( **द्वयोः नाशः स्याद्** ) બન્નેનો નાશ થાય છે.

**વ્યાખ્યા**:—જે મળનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેને અહીં 'કર્મ' કહ્યું છે, તેનાથી જ કલુષતાની ઉત્પત્તિ થાય છે અને કલુષતાનો અભાવ થતાં કર્મ રહેતું નથી, આથી એ પરિણામ આવ્યું કે કર્મ અને કલુષતા એ બન્નેમાંથી કોઈનો પણ નાશ થતાં બન્નેનો નાશ થઈ જાય છે; જેમ બીજનો નાશ થતાં અંકુરની ઉત્પત્તિ થતી નથી અને અંકુરનો નાશ થઇ જતાં તેનાથી બીજની ઉત્પત્તિ બની શકતી નથી. ૪૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કલુષતાનો અભાવ થતાં પરિણામની સ્થિતિ.

**यदास्ति कलुषा(ल्मषा)भावो जीवस्य परिणामिनः ।**
**परिणामास्तदा शुद्धाः स्वर्णस्येवोत्तरोत्तराः ॥ ४२ ॥**

**શબ્દાર્થ:**—( **यदा** ) જે વખતે ( **परिणामिनः जीवस्य** ) પરિણામી જીવને ( **कलुषा** ( **ल्मषा** ) ( **भावः** ) કલુષતાનો અભાવ થાય છે ( **तदा** ) તે વખતે ( **परिणामाः** ) તેના પરિણામ ( **स्वर्णस्य इव** ) સુવર્ણની જેમ ( **उत्तरोत्तराः शुद्धाः** ) ઉત્તરોત્તર શુદ્ધ થતા જાય છે.

**વ્યાખ્યા:**—અહીં સંસારી જીવને પરિણામી-એક પરિણામથી બીજા પરિણામરૂપ પરિણમન કરનાર-કહ્યો છે. તે જીવને જ્યારે કલુષતાનો અભાવ થઇ જાય છે ત્યારે તેના પરિણામ મળરહિત સુવર્ણ સમાન ઉત્તરોત્તર શુદ્ધતામાં પરિણમ્યા કરે છે. ૪૨,

## કલુષતાનો અભાવ થઇ જતાં જીવની સ્થિતિ.

**कल्मषाभावतो जीवो निर्विकारो विनिश्चलः ।**
**निर्वात-निस्तरङ्गाब्धि-समानत्वं प्रपद्यते ॥ ४३ ॥**

**શબ્દાર્થ:**—( **कल्मषाभावतः जीवः** ) કલ્મષના અભાવથી આ જીવ ( **निर्वात-निस्तरङ्गाब्धि-समानत्वं** ) વાયુ અને તરંગ રહિત સમુદ્ર સમાન ( **निर्विकारः** ) નિર્વિકાર અને ( **विनिश्चलः प्रपद्यते** ) નિશ્ચલ થઈ જાય છે.

**વ્યાખ્યા:**—કષાયાદિ રૂપ કલ્મષ ( કાલુષ્ય ) નો અભાવ થઈ જતાં આ જીવની સ્થિતિ તે સમુદ્ર સમાન નિર્વિકાર અને નિશ્ચલ થઇ જાય છે જેમાં વાયુનો સંચાર નથી અને ન કોઇ કલ્લોલ-તરંગ કે લહેર ઉઠે છે. આત્માની આવી અવસ્થાને જ 'નિર્વિકલ્પદશા' કહે છે, જેમાં ધ્યાન, ધ્યાતા, ધ્યેય આદિનો કોઈ વિકલ્પ રહેતો નથી.[૧] ૪૩.

૧. જહઁ ધ્યાન ધ્યાતા ધ્યેયકો ન વિકલ્પ વચભેદ ન જહાં,
ચિદ્ભાવ કર્મ, ચિદેશ કર્તા, ચેતના કિરિયા તહાં;
તીનોં અભિન્ન અખિન્ન શુધ ઉપયોગકી નિશ્ચલ દશા,
પ્રકટી જહાં દગ-જ્ઞાન-વ્રત યે તીનધા એકૈ લસા. —છ ઢાળા, દૌલતરામ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આત્માના શુદ્ધ સ્વરૂપની કેટલીક સૂચના.

**अक्ष–ज्ञानार्थतो भिन्नं यदन्तरवभासते ।**
**तद्रूपमात्मनो ज्ञातृज्ञातव्यमविपर्ययम् ॥ ४४ ॥**

**શબ્દાર્થ:**—( अक्ष–ज्ञानार्थतो भिन्नं ) ઇન્દ્રિયજ્ઞાનના વિષયથી ભિન્ન ( यत् ) જે ( अन्तरवभासते ) અંતરંગમાં અવભાસિત થાય છે ( तत् ) તે ( ज्ञातृज्ञातव्यम् ) જ્ઞાતાને ગમ્ય ( आत्मनः ) આત્માનું ( अविपर्ययम् रुपम् ) અભ્રાન્ત રૂપ છે.

**વ્યાખ્યા:**—અહીં આત્માના તે શુદ્ધરૂપની, જે કદી વિપરીતતા ને પ્રાપ્ત થતું નથી, કાંઇક સૂચના કરતાં લખ્યું છે કે તે ઇન્દ્રિયજ્ઞાનના વિષયથી ભિન્ન છે–કોઇ પણ ઇન્દ્રિય દ્વારા જણાતો નથી–આત્માના અંતરંગમાં અવભાસમાન છે અને જ્ઞાતા આત્મા દ્વારાજ જણાય છે. તેથી જ સ્વસંવેદ્ય કહેવામાં આવે છે. ૪૪.

## આત્માની પરંજ્યોતિનું સ્વરૂપ.

**यत्रासत्यखिलं ध्वान्तमुद्द्योतः सति चाखिलः ।**
**अस्त्यपि ध्वान्तमुद्द्योतस्तज्जयोतिः[१] परमात्मनः ॥ ४५ ॥**

**શબ્દાર્થ:**—( यत्र असति ) જે વિદ્યમાન ન હોય તો ( अखिलं ध्वान्तम् ) સર્વ અંધકાર છે ( सति च ) અને વિદ્યમાન હોતાં ( अखिलः उद्द्योतः ) સર્વ ઉદ્યોતરૂપ છે ( अपि ध्वान्तम ) અંધકાર પણ ( उद्द्योतः अस्ति ) ઉદ્યોત રૂપ પરિણમે છે ( तत ) તે ( परमात्मनः ज्योतिः ) આત્માની પરમ જ્યોતિ છે.

**વ્યાખ્યા:**—જે અંતર્જ્યોતિ તત્ત્વનો પાછલા એક પદ્ય ( ૩૩ )માં ઉલ્લેખ છે તેના વિષયમાં અહીં લખ્યું છે કે આ આત્માની તે પરમ જ્યોતિ છે જેના અભાવમાં બધું જ અંધકારમય છે અને જેના સદ્ભાવમાં બધું જ ઉદ્યોતરૂપ છે તથા અંધકાર પણ ઉદ્યોતરૂપે પરિણમી જાય છે. આ જ પરં જ્યોતિનો જયઘોષ કરતાં શ્રી અમૃતચંદ્રાચાર્યે લખ્યું છે કે આ પરમ જ્યોતિમાં બધા જ પદાર્થો–જીવાદિ પદાર્થોની આખી સૃષ્ટિ–પોતાની સમસ્ત ત્રિકાળવર્તી સપાટી જેમ પ્રતિબિંબિત થાય છે—

---

૧. व्या तद् द्योतिः ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तज्जयति परं ज्योतिः समं समस्तैरनन्तपर्यायैः ।
दर्पणतल इव सकला प्रतिफलति पदार्थ–मालिका यत्र ॥ १ ॥

—પુરુષાર્થસિદ્ધયુપાય. ૪૫.

## સ્વ સ્વભાવમાં સ્થિત પદાર્થોને કોઈ અન્યથા કરવાને સમર્થ નથી.

सर्वैभावाः स्वभावेन स्वस्वभाव–व्यवस्थिताः ।
न शक्यन्तेऽन्यथाकर्तुं ते परेण कदाचन[1] ॥ ४६ ॥

શબ્દાર્થ:—( **सर्वे भावाः** ) સર્વ દ્રવ્ય ( **स्वभावेन** ) સ્વભાવથી ( **स्व स्वभाव-व्यवस्थिताः** ) પોત–પોતાના સ્વરૂપમાં સ્થિત છે ( **ते** ) તે ( **परेण** ) પર દ્વારા ( **कदाचन** ) કદી ( **अन्यथा कर्तुं न शक्यन्ते** ) અન્યથા રૂપ કરી શકાતા નથી.

વ્યાખ્યા:—અહીં એક બહુ મોટા અટળ સિદ્ધાંતની ઘોષણા કરવામાં આવી છે અને તે એ છે કે ‘ સર્વ દ્રવ્ય સદા સ્વભાવથી–દ્રવ્યદૃષ્ટિથી–પોતપોતાના સ્વરૂપમાં વ્યવસ્થિત રહે છે, તેમને કદી કોઇ બીજું દ્રવ્ય અન્યથા કરવામાં–સ્વભાવથીચ્યુત અથવા પરરૂપ પરિણત કરવામાં–સમર્થ થતું નથી. ૪૬.

## પરદ્રવ્યોના મળવાથી આત્માને અન્યથા કરી શકાતો નથી.

नान्यथा शक्यते कर्तुं मिलद्भिरिव निर्मलः ।
आत्मकाशमिवामूर्तः परद्रव्यैरनश्वरः ॥ ४७ ॥

શબ્દાર્થ:—જેમ ( **आकाशम् इव** ) આકાશ, ( કે જે સ્વભાવે નિર્મળ, અમૂર્ત તથા અનશ્વર છે. ) ( **मिलद्भिः परद्रव्यैः** ) મળનારા પરદ્રવ્યો દ્વારા ( **अन्यथा कर्तुं न शक्यते** ) અન્યથા રૂપ કરી શકાતું નથી તેમ (**निर्मलः अमूर्तः अनश्वरः आत्मा**) નિર્મળ આત્મા, કે જે ( આકાશ સમાન ) અમૂર્તિક અને અવિનશ્વર છે, પરદ્રવ્યોના મેળાપથી અન્યથા–સ્વભાવ-ચ્યુત રૂપ–કરી શકાતો નથી–જડ ( અચેતન ) આદિ પદાર્થોના સંબંધથી જડ આદિ રૂપ પરિણમતો નથી.

---

[1] व्या. कथंचन

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—અહીં પાછલી વાત એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે અને તે ઉદાહરણ છે નિર્મળ અને અમૂર્તિક આકાશનું. આકાશમાં સર્વત્ર પરદ્રવ્ય ભરેલાં છે; બધાનો આકાશ સાથે (એકક્ષેત્રાવગાહ) સંબંધ છે; પરંતુ તે બધા મળીનેય આકાશને તેના સ્વભાવથી ચ્યુત કરવા, તેની નિર્મળતા તથા અમૂર્તિકતા નષ્ટ કરવા, તેને અનશ્વરમાંથી નશ્વર બનાવવા અથવા પોતારૂપ પરિણમાવવામાં કદી સમર્થ થતા નથી. તેવી જ રીતે નિર્મળ અમૂર્તિક આત્મા પણ પરદ્રવ્યોથી ઘેરાયેલો છે, જડ કર્મો સાથે સંબંધ પ્રાપ્ત છે, પરંતુ કોઈ પણ પરદ્રવ્ય અથવા બધાં પરદ્રવ્યો મળીને પણ તેને વાસ્તવમાં પોતાના સ્વભાવથી ચ્યુત કરવા-ચેતનમાંથી અચેતન-જડ, અમૂર્તિકમાંથી મૂર્તિક, નિર્મળમાંથી સમળ, અનશ્વરમાંથી નશ્વર બનાવવામાં કદી સમર્થ થતા નથી. ૪૭.

## ભિન્ન જ્ઞાનોપલબ્ધિથી દેહ અને આત્માનો ભેદ.

**देहात्मनोः सदा भेदो भिन्नज्ञानोपलम्भतः ।**
**इन्द्रियैर्ज्ञायते देहो नूनमात्मा स्वसंविदा ॥ ४८ ॥**

શબ્દાર્થઃ—( भिन्नज्ञानोपलम्भतः ) ભિન્ન ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ ( જ્ઞાત ) હોવાને કારણે ( देहात्मनोः सदा भेदः ) શરીર અને આત્માનો સદા પરસ્પર ભેદ છે. ( देहः ) શરીર ( इन्द्रियैः ज्ञायते ) ઇન્દ્રિયોથી-ઇન્દ્રિય જ્ઞાનથી-જણાય છે ( नूनम् आत्मा स्वसंविदा ) અને આત્મા ખરેખર સ્વસંવેદન જ્ઞાનથી જાણવામાં આવે છે.

વ્યાખ્યાઃ—સંસારી જીવને દેહ સાથે અનાદિ-સંબંધ છે-સ્થૂળ દેહનો સંબંધ કદી છૂટે છે તોપણ સૂક્ષ્મ દેહ જે તૈજસ અને કાર્માણ નામના શરીર છે તેમનો સંબંધ કદી છૂટતો નથી; તેથી જ તેમને ‘अनादिसम्बन्धे च’ આ સૂત્રદ્વારા અનાદિથી સંબંધને પ્રાપ્ત કહ્યા છે. આ અનાદિ-સંબંધના કારણે ઘણું કરીને દેહ અને આત્માને એક સમજવામાં આવે છે. પરંતુ દેહ અને આત્મા કદી એક થતા નથી, સદા ભિન્નરૂપ રહ્યા કરે છે અને એનું કારણ એ છે કે તે ભિન્ન જ્ઞાનોદ્વારા ઉપલબ્ધ થાય છે-જણાય છે. ઇન્દ્રિયજ્ઞાનથી શરીર જાણવામાં આવે છે અને આત્મા વાસ્તવમાં સ્વસંવેદન-જ્ઞાન દ્વારા જ સાક્ષાત્ જાણવામાં આવે છે-ઇન્દ્રિયો તેને જાણવામાં અસમર્થ છે. ૪૮.

## કર્મ જીવના અને જીવ કર્મના ગુણોને ઘાતતો નથી.

**न कर्म हन्ति जीवस्य न जीवः कर्मणो गुणान् ।**
**वध्य-घातक भावोऽस्ति नान्योऽन्यं जीवकर्मणोः ॥ ४९ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( कर्म ) કર્મ ( जीवस्य गुणान ) જીવના ગુણોનો અને ( जीवः ) જીવ ( कर्मणः ) કર્મના ગુણોનો ( न हन्ति ) ઘાત કરતો નથી. ( जीवकर्मणोः ) જીવ અને કર્મ બન્નેનો ( अन्योऽन्यं ) પરસ્પર એક બીજા સાથે ( वध्य-घातकभावः न अस्ति ) વધ્ય-ઘાતકભાવ નથી.

વ્યાખ્યા:—જીવ અને કર્મનો જે પરસ્પર સંબંધ છે તે અંધકાર અને પ્રકાશની જેમ વધ્ય-ઘાતકરૂપે નથી, તેથી જ કર્મ જીવના અને જીવ કર્મના ગુણોનો ઘાત કરતા નથી-એક બીજાના સ્વભાવને નષ્ટ કરવામાં કદી સમર્થ થતા નથી. હા, એકબીજાના વિભાવ-રૂપ પરિણમનમાં નિમિત્ત કારણ જરૂર હોઇ શકે. કારણ કે જીવ અને પુદ્ગલ બન્નેમાં વૈભાવિકી-વિભાવરૂપ પરિણમનની-શક્તિ રહેલી છે. ૪૯.

## જીવ અને કર્મમાં પારસ્પરિક પરિણામનું નિમિત્તપણું ન રહે ત્યારે મોક્ષ

**यदा प्रति परीणामं विद्यते न निमित्तता ।**
**परस्परस्य विश्लेषस्तयोर्मोक्षस्तदा मतः ॥ ५० ॥**

શબ્દાર્થ:—( यदा ) જ્યારે ( तयोः ) જીવ અને કર્મને ( परस्परस्य ) પરસ્પરમાં ( प्रति परीणामं ) પરિણતા પ્રત્યે ( निमित्तता न विद्यते ) નિમિત્તપણાનું અસ્તિત્વ રહેતું નથી, ( तदा ) ત્યારે ( तयोः विश्लेषः ) બન્નેનો જે વિશ્લેષ-સર્વથા જુદાપણું-થાય છે તે ( मोक्षः मतः ) 'મોક્ષ' માનવામાં આવ્યો છે.

વ્યાખ્યા:—જીવ અને પુદ્ગલકર્મનું વિભાવ-પરિણમન એકબીજાના નિમિત્તે થાય છે, જે વખતે આ નિમિત્તપણું રહેતું નથી-મિથ્યાદર્શનાદિ બંધ હેતુઓનો અભાવ થવાથી સદાને માટે સમાપ્ત થઇ જાય છે-તેજ વખતે જીવ અને કર્મોનો વિશ્લેષ-સર્વથા પૃથક્ત્વ -થઇ જાય છે, જેને 'મોક્ષ' ( નિર્વાણ ) કહેવામાં આવ્યો છે અને જે બંધનું વિપરીત રૂપ છે. ૫૦

## યુક્ત ભાવ સાથે આત્માની સ્ફટિક સમ તન્મયતા.

**[1]येन येनैव भावेन युज्यते यन्त्रवाहकः ।**
**तन्मयस्तत्र तत्रापि विश्वरूपो मणिर्यथा ॥ ५२ ॥**

---

૧. जेण सरूविं झाइयइ अप्पा ए हु अणंतु ।
तेण सरूविं परिणवइ जह फलिहउ-मणिमंतु ॥—२-१७३ —પરમાત્મપ્રકાશ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( यन्त्रवाहकः ) આ યંત્રવાહક જીવાત્મા ( येन येन एव भावेन ) જે જે ભાવ સાથે ( युज्यते )જોડાય છે ( तन्मयः तत्र तत्रापि ) તે તે ભાવ સાથે ત્યાં તન્મય થઇ જાય છે, ( यथा ) જેવી રીતે ( विश्वरूपः मणिः ) વિશ્વરૂપધારી સ્ફટિક મણિ.

વ્યાખ્યાઃ—'યંત્રવાહક' શબ્દ દેહધારી જીવાત્માના અર્થમાં યોજાયો છે કે જે દેહનું સંચાલન કરે છે અને જેના ચાલ્યા જવાથી દેહ પોતાનું કામ કરવામાં સમર્થ થતો નથી. કારણ કે દેહ એક યંત્ર સમાન છે. આ જીવની એક ખાસ સંજ્ઞા છે જેની શબ્દ-કોષમાં સામાન્ય રીતે ઉપલબ્ધિ નથી થતી. અને 'વિશ્વરૂપ' સંજ્ઞા અહીં સ્ફટિકમણિને આપવામાં આવી છે, કેમ કે તે વિશ્વના બધા પદાર્થોના રંગરૂપે પરિણમવાની યોગ્યતા રાખે છે. આ સ્ફટિકનાં ઉદાહરણ દ્વારા જીવાત્માની પરપદાર્થ સાથે તન્મયતાની-તદ્રૂપ પરિણમનની-વાત સ્પષ્ટ કરવામાં આવી છે. જેવી રીતે સ્ફટિકમણિ જે જે રંગરૂપની ઉપાધિ સાથે સંબંધ કરે છે તે તે રંગ રૂપની ઉપાધિ સાથે તન્મયતા ( તદ્રૂપતા ) પામે છે, તેવીજ રીતે આત્મજ્ઞાની આત્માને જે ભાવસાથે જે રૂપે ધ્યાવે છે તેની સાથે તે તેજ રૂપે તન્મયતા પામે છે. આથી વિવક્ષિત તન્મયતા સ્પષ્ટ થાય છે, કે જે તાદાત્મ્ય-સંબંધરૂપે નથી. ૫૧.

## આત્માને આત્મભાવના અભ્યાસમાં લગાડવાનું આવશ્યક છે.

[૧]तेनात्मभावनाभ्यासे स नियोज्यो विपश्चिता ।
येनात्ममयतां[२] याति निर्वृत्यापरभावतः ॥ ५२ ॥

શબ્દાર્થ:—( येन ) કારણ કે આત્મા ( अपरभावतः निर्वृत्य ) પરભાવથી નિવૃંત થઇને જ ( आत्ममयतां याति ) આત્મરૂપપણું પામે છે ( तेन ) તેથી ( विपश्चिता ) વિદ્વાને ( स ) આત્માને ( સદા ) ( आत्मभावनाभ्यासे ) આત્મભાવના ના અભ્યાસમાં ( नियोज्यः ) લગાવવો યોગ્ય છે.

---

येन भावेन यद्रूपं ध्यायत्यात्मानमात्मवित् ।
तेन तन्मयतां याति सोपाधिः स्फटिको यथा ॥—१९१. —તત્ત્વાનુશાસન.
येन येन हि भावेन युज्यते यन्त्रवाहकः ।
तेन तन्मयतां याति विश्वरूपो मणिर्यथा ॥ —જ્ઞાનાર્ણવ, યોગશાસ્ત્ર.

१. मु येनात्मभावनाभ्यासे ।

२. मु तेनात्ममयतां ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યાખ્યાઃ**—આત્માના ઉક્ત તન્મયતારૂપ પરિણામ-સ્વભાવની દૃષ્ટિએ અહીં વિદ્વાનનું કર્તવ્ય પરભાવની ભાવના છોડીને પોતાને આત્મભાવનાના અભ્યાસમાં લગાવવાનું બતાવ્યું છે, જેથી આત્મામાં તન્મયતાની ઉપલબ્ધિ-વૃદ્ધિ થઇ શકે. આત્મભાવનાનો અભ્યાસ જેટલો અધિક વધારવામાં આવે, પરભાવોથી એટલો જ છુટકારો થતો જાય. અને પરભાવોમાં જેટલું વધારે મન લગાવવામાં આવે એટલો જ આત્મભાવનાનો અભ્યાસ દૂર થઇને આત્મામાં તન્મયતા પ્રાપ્ત કરવાનું દુર્લભ થઈ જાય. તેથી પરપદાર્થો સાથે સંબંધ ઓછો કરીને આત્મભાવનાનો અભ્યાસ વધારવો તે જ શ્રેયસ્કર (કલ્યાણકારી) છે. ૫૨.

## કર્મમળથી પૂર્ણપણે પૃથક્ થયેલો આત્મા ફરીથી તે મળથી લેપાતો નથી.

**युज्यते रजसा नात्मा भूयोऽपि विरजी कृतः ।**
**पृथक्कृतं कुतः स्वर्णं पुनः किट्टेन[1] युज्यते ॥ ५३ ॥**

**શબ્દાર્થઃ**—(विरजीकृतः आत्मा) જે આત્મા કર્મમળથી (પૂર્ણપણે) પૃથક્ કરવામાં આવ્યો છે તે (भूयः अपि) ફરીથી (रजसा) કર્મમળથી (न युज्यते) લિપ્ત થતો નથી. (બરાબર છે) (किट्टेन पृथक्कृतं स्वर्णं) કિટ્ટકથી જુદું કરાયેલું સોનું (पुनः) ફરીથી (कुतः युज्यते) કયા કારણે કિટ્ટક સાથે જોડાય? હેતુનો અભાવ હોવાથી જોડાતું નથી.

**વ્યાખ્યાઃ**—જે આત્મા આત્મભાવનાના અભ્યાસદ્વારા પરભાવને છોડતો થકો પોતામાં તન્મય (લીન) થાય છે અને એ રીતે કર્મમળથી છૂટે તે ફરી કદી તે કર્મમળ સાથે સંબંધ પામતો નથી, જેવી રીતે કાલિમાથી જુદું થયેલું સોનું ફરી તે કાલિમા સાથે જોડાતું નથી તેમ. ૫૩.

## ઘડાના ઉપાદાન માટીની જેમ કર્મનું ઉપાદાન કલુષતા છે.

**दण्ड-चक्र-कुलालादि-सामग्री सम्भवेऽपि नो ।**
**संपद्यते यथा कुम्भो विनोपादानकारणम् ॥ ५४ ॥**
**मनो-वचो-वपुः कर्म-सामग्री संभवेऽपि नो ।**
**संपद्यते तथा कर्म विनोपादानकारणम् ॥ ५५ ॥**

---
१. मु कीटेन ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कालुष्यं कर्मणो ज्ञेयं सदोपादानकारणम् ।**
**मृद्द्रव्यमिव कुम्भस्य जायमानस्य योगिभिः ॥ ५६ ॥**

શબ્દાર્થ:—( **यथा** ) જેમ ( **दण्ड-चक्र-कुलालादि** ) દંડ; ચક્ર અને કુંભાર વગેરે ( **सामग्री सम्भवे अपि** ) સામગ્રી મોજુદ હોવા છતાં પણ ( **विना उपादानकारणम्** ) ઉપાદાનકારણ વિના ( **कुम्भः न संपद्यते** ) ( માટીના ) ઘડાની ઉત્પત્તિ થતી નથી ( **तथा** ) તેવી જ રીતે ( **मनो-वचो-वपुः कर्म-सामग्री** ) મન-વચન-કાયાની ક્રિયારૂપ સામગ્રી ( **सम्भवे अपि** ) હોવા છતાં પણ ( **विना उपादानकारणम्** ) ઉપાદાનકારણ વિના ( **कर्म न संपद्यते** ) કર્મની ઉત્પત્તિ થતી નથી. ( **कर्मणः** ) કર્મનું ( **उपादानकारणम्** ) ઉપાદાનકરણ ( **कालुष्यं** ) કલુષતા છે, જેમ ( **जायमानस्य कुम्भस्य** ) માટીથી ઉત્પન્ન થનાર ઘડાનું ઉપાદાનકારણ (**मृद्द्रव्यम् इव**) માટી દ્રવ્ય છે, એ (**योगिभिः सदा ज्ञेयं**) યોગીઓએ સદા જાણવું જોઇએ.

વ્યાખ્યા:— માટીના ઘડાની ઉત્પત્તિમાં માટી ઉપાદાન કારણ છે તેના અભાવમાં બીજી બધી સામગ્રી ( દંડ-ચક્ર-કુલાલ આદિ ) નો સદ્ભાવ હોવા છતાં પણ જેમ માટીનો ઘડો બનતો નથી, તેવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મની ઉત્પત્તિનું ઉપાદાનકારણ કષાયભાવ છે, તેના અભાવમાં મન-વચન-કાયની ક્રિયારૂપ બીજી બધી સામગ્રીનો સદ્ભાવ હોવા છતાં પણ આત્માને કર્મબંધની પ્રાપ્તિ થતી નથી, આ વાત સદા ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તેથી જે મુમુક્ષુ યોગી પોતાને કર્મબંધન છોડાવીને મોક્ષની પ્રાપ્તિ કરાવવા ઇચ્છે છે તેમણે સદા કર્મના ઉપાદાનકારણ કષાયભાવને દૂર રાખવાનો પ્રયત્ન કરવો જોઇએ. તેને દૂર કર્યા વિના બીજા બધા ક્રિયાકાંડથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકશે નહિ. બીજી બધી સામગ્રી ત્યારે જ સહાયકરૂપે પોતાનું કામ કરી શકશે જ્યારે કલુષતાનો અભાવ થશે. જો કલુષતા દૂર કરવામાં ન આવે તો સમજવું જોઇએ કે કર્મનો બંધ બરાબર થઇ રહ્યો છે અને એવી સ્થિતિમાં મુક્તિની આશા રાખવી વ્યર્થ છે. ૫૪-૫૫-૫૬.

## કષાયાદિ કરતો જીવ કેવી રીતે કષાયાદિરૂપ ન થાય ?

**यथा कुम्भमयो जातु कुम्भकारो न जायते ।**
**सहकारितया कुम्भं कुर्वाणोऽपि कथंचन ॥ ५७ ॥**
**कषायादिमयो जीवो जायते न कदाचन ।**
**कुर्वाणोऽपि कषायादीन् सहकारितया तथा ॥ ५८ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થઃ**—( **यथा** ) જેવી રીતે ( **सहकारितया कुम्भं कुर्वाणः अपि** ) સહકારિતા સાથે ઘડો કરતો હોવા છતાં પણ ( **कुम्भकारः** ) કુંભાર ( **जातु** ) કદી પણ ( **कुम्भमयः न** ( **जायते** ) ઘડારૂપ થતો નથી, ( **तथा** ) તેવીજ રીતે ( **सहकारितया** ) સહકારિતા સાથે ( **कषायादीन् कुर्वाणः अपि** ) કષાયાદિ કરવા છતાં પણ ( **जीवः** ) આ જીવ ( **कदाचन** ) કદી ( **कषायादिमयः न जायते** ) કષાયાદિરૂપ થતો નથી.

**વ્યાખ્યાઃ**—અહીં જો કોઈ એમ આશંકા કરે કે કષાય આદિ કરતો થકો જીવ તો કષાયાદિમય થઇ જાય છે—કષાય આદિ તેનો સ્વભાવ થઈ જાય છે—તો કષાયોનું છૂટવું કેવી રીતે બની શકે? તો તેના સમાધાનમાં જ આ બન્ને પદ્યોની રચના થઇ હોય એમ જણાય છે. એમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેવી રીતે સહકારી રૂપે ઘડો બનાવતો કુંભાર કોઈ રીતે ઘડારૂપ થઇ જતો નથી તેવી જ રીતે આ જીવ પણ સહકારી રૂપે કષાયો કરવા છતાં કદી પણ કષાયાદિરૂપ થઇ જતો નથી. કષાયાદિ જેટલાં પરિણામ છે તે બધાં જીવની ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મદ્વારા ઉત્પન્ન કરાય છે આ વાત પાછલા ૩૯ મા પદ્યમાં બતાવાઈ ગઈ છે. તેથી કષાયની ઉત્પત્તિમાં જીવ નિમિત્ત કારણ છે–ઉપાદાન કારણ નથી, ઉપાદાન કારણ દ્રવ્યકર્મરૂપ પુદ્ગલ છે અને તેથી કષાયોને 'પૌદ્ગલિક' કહેવામાં આવ્યા છે. કુંભાર જો ઘડાના નિર્માણમાં પોતાનો સહયોગ ન આપે તો ઘડાનું નિર્માણ થતું નથી, માટી તેને સહયોગ માટે પરવશ કરતી નથી. આ રીતે કષાયનો ઉદય આવતાં જો જીવ તેની સાથે સહયોગ ન કરે–રાગ–દ્વેષાદિરૂપ ન પરિણમે–તો નવા કષાયકર્મનો ઉત્પાદ થતો નથી અને કર્મનો ઉદય જીવને કષાયકર્મ કરવા માટે ફરજ પાડતો નથી, તે ( જીવ ) તેને કરવા ન કરવામાં સ્વતંત્ર છે, ત્યારે જ તે કષાયોનાં બંધન દૂર કરવામાં સમર્થ થઇ શકે છે અને તેથી જ તે તે કષાયરૂપ ન પરિણમવાનો ઉપદેશ આપવામાં આવે છે. કષાયોનું જીવની સાથે તાદાત્મ્ય થઇ જતાં તો પછી કદી પણ તેનાથી છુટકારો થઈ શકતો નથી અને ન તો મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે. અને તેથી જીવનો કષાયોની ઉત્પત્તિમાં કુંભારની જેમ સહકારી નિમિત્તરૂપ–જેવો સંબંધ છે, ઉપાદાન કારણરૂપે નથી, એ સારીરીતે સમજી લેવું જોઇએ. ૫૭–૫૮.

## સર્વ કર્મોનો કર્તા થવા છતાં કોણ અકર્તા થાય છે?

**यः कर्म मन्यते कर्माकर्म वाकर्म सर्वथा ।**
**स सर्वकर्मणां कर्ता निराकर्ता च जायते ॥ ५९ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( यः ) જે ( कर्म ) કર્મને ( सर्वथा ) સર્વથા ( कर्म ) કર્મ અને ( अकर्म ) અકર્મને સર્વથા ( अकर्म ) અકર્મ રૂપ ( मन्यते ) માને છે-કર્મને અકર્મ અને અકર્મને કર્મ સમજવાની કદી ભૂલ નથી કરતો-( ते ) તે ( सर्वकर्मणां ) સર્વકર્મોના ( कर्ता ) કર્તા થવા છતાં પણ ( એક દિવસ ) તેમનો ( निराकर्ता च जायते ) નિરાકર્તા-તેમનો ત્યાગ કરનાર-થઈ જાય છે.

વ્યાખ્યા:—જે કર્મ-અકર્મનું બરાબર સ્વરૂપ સમજે છે અને તે સ્વરૂપથી વિપરીત કદી તેમને પોતાની શ્રદ્ધાનો વિષય બનાવતો નથી તે કર્મ કરવા તથા અકર્મ છોડવામાં રાગ-દ્વેષ રૂપે પ્રવર્તતો નથી-સદા તેમાં અનાસક્ત બની રહે છે. અને તેથી સર્વ કર્મોનો કર્તા હોવા છતાં પણ તે એક દિવસ તેમને છોડવાને સમર્થ થાય છે અથવા અનાસક્તિને કારણે કર્મ-બંધને પ્રાપ્ત થતો નથી. ૫૯.

## વિષયમાં રહેવા છતાં પણ કોણ લેપાતો નથી ?

**विषयैर्विषयस्थोऽपि निरासङ्गो न लिप्यते ।**
**कर्दमस्थो विशुद्धात्मा स्फटिकः कर्दमैरिव ॥ ६० ॥**

શબ્દાર્થ:—( निरासङ्गः ) જે નિઃસંગ છે-નિર્મમ અને અનાસક્ત છે-તે ( विषयस्थः अपि ) વિષયોમાં સ્થિત હોવા છતાં પણ ( विषयैः न लिप्यते ) વિષયોથી લેપાતો નથી, જેમ ( कर्दमस्थः ) કીચડમાં પડેલો ( विशुद्धात्मा स्फटिकः ) વિશુદ્ધ સ્ફટિક મણિ ( कर्दमैः इव ) કીચડથી લેપાતો નથી-કીચડને પોતાનું બનાવતો નથી, પોતાના અંતરંગમાં પ્રવેશ કરાવતો નથી.

વ્યાખ્યા:—અહીં કાદવમાં પડેલા નિર્મળ સ્ફટિકના ઉદાહરણ દ્વારા વિષયોમાં સ્થિત અનાસક્ત યોગી વિષયોથી લિપ્ત ન હોવાની વાતને સ્પષ્ટ કરવામાં આવી છે. ૬૦.

## શરીર અને ચેતનનો તાત્ત્વિક ભેદ જાણનારની સ્થિતિ.

**देहचेतनयोर्भेदो दृश्यते येन तत्त्वतः ।**
**न सङ्गो जायते तस्य विषयेषु कदाचन[१] ॥ ६१ ॥**

१. व्या कदाचनः ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **येन** ) જે ( **तत्त्वतः** ) વાસ્તવમાં ( **देहचेतनयोः** ) શરીર અને ચેતન આત્માનો ( **भेदः दृश्यते** ) ભેદ જુએ છે ( **तस्य** ) તેને ( **विषयेषु** ) વિષયોમાં ( **कदाचन** ) કદી ( **सङ्गः न जायते** ) સંગ–સંબંધ અથવા અનુરાગ હોતો નથી.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં જે નિઃસંગ યોગીનો ઉલ્લેખ છે તેના વિષયને અહીં કાંઈક સ્પષ્ટ કરતાં એમ સૂચવ્યું છે કે તે યોગી શરીર અને આત્માનો ભેદ તાત્ત્વિક દૃષ્ટિએ સારી રીતે સમજેલો હોય છે અને તેથી તેની વિષયોમાં કદી આસક્તિરૂપ પ્રવૃત્તિ હોતી નથી–તે તેમનાથી અલિપ્ત રહે છે. જેની પ્રવૃત્તિ ( વિષયોમાં આસક્તિરૂપ ) હોય છે, તો સમજી લેવું જોઈએ કે તેણે શરીર અને ચેતનનો ભેદ દૃષ્ટિગત કર્યો નથી. ૬૧.

## જીવના ત્રિવિધ–ભાવોની સ્થિતિ અને કર્તવ્ય.

**भावः शुभोऽशुभः शुद्धस्त्रेधा जीवस्य जायते ।**
**यतः पुण्यस्य पापस्य निर्वृतेरस्ति[1] कारणम् ॥ ६२ ॥**
**ततः शुभाशुभौ हित्वा शुद्धं भावमधिष्ठितः ।**
**निर्वृतो जायते योगी कर्मागमनिवर्तकः ॥ ६३ ॥**

**શબ્દાર્થ:**—( **जीवस्य भावः** ) જીવનો ભાવ ( **त्रेधा जायते** ) ત્રણ પ્રકારનો હોય છે–( **शुभः अशुभः शुद्धः** ) શુભ, અશુભ અને શુદ્ધ. ( **यतः** ) કારણ કે ( **पुण्यस्य** ) શુભ-ભાવ પુણ્યનો, ( **पापस्य** ) અશુભભાવ પાપનો અને ( **निर्वृतेः अस्ति कारणम्** ) શુદ્ધભાવ નિર્વૃતિ ( મુક્તિ )નો હેતુ છે ( **ततः** ) તેથી ( **कर्मागमनिवर्तकः योगी** ) જે યોગી કર્મોના આસ્રવનો નિરોધ કરનાર છે તે ( **शुभाशुभौ हित्वा** ) શુભ, અશુભ ભાવો છોડીને ( **शुद्धं भावं अधिष्ठितः** ) શુદ્ધભાવમાં સ્થિત થયો થકો ( **निर्वृतः जायते** ) મોક્ષ પ્રાપ્ત કરે છે.

**વ્યાખ્યા:**—અહીં જીવના ભાવોના શુભ, અશુભ અને શુદ્ધ એવા ત્રણ ભેદ કરતાં તેમને ક્રમપૂર્વક પુણ્ય, પાપ અને મુક્તિના હેતુ બતાવ્યા છે. અને સાથે જ એ સૂચિત કર્યું છે કે જે યોગી શુભ-અશુભ ભાવો છોડીને, કે જે કર્માસ્રવના હેતુ છે, શુદ્ધભાવમાં સ્થિત થાય છે તે કર્મોના આસ્રવનો નિવર્તક–નિરોધક થાય છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે. ૬૨–૬૩.

---

૧. मु. निर्वृरैव ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જેણે બધા કલ્મષનો નાશ કર્યો છે તે યોગીનું કર્તવ્ય.

**विनिवृत्या(वर्त्या)र्थतश्चित्तं विधायात्मनि निश्चलम् ।**
**न किंचिच्चिन्तयेद्योगी निरस्ताखिलकल्मषः ॥ ६४ ॥**

**શબ્દાર્થ:**—( **निरस्ताखिल कल्मषः योगी** ) જે યોગીએ સર્વ કલ્મષનો-કષાય-ભાવનો-નાશ કર્યો છે તે ( **चित्तं** ) ચિત્તને ( **विनिवृत्या( वर्त्या )र्थतः** ) બધા પદાર્થોથી હટાવીને અને ( **आत्मनि** ) આત્મામાં ( **निश्चिलम्** ) નિશ્ચલ ( **विधाय** ) કરીને ( **किंचित् न चिन्तयेत्** ) કાંઈ પણ ચિંતન ન કરે-આત્માનું શુદ્ધ સ્વરૂપ જ તેના ધ્યાનમાં સ્થિર રહે.

**વ્યાખ્યા:**—અહીં તે યોગીના કર્તવ્યનો નિર્દેશ છે જેણે ક્રોધાદિ બધા કષાય-ભાવનો નાશ કર્યો છે, તેણે પછી પોતાનું ચિત્ત બાહ્ય પદાર્થોથી હટાવીને તથા આત્માના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર કરીને ચિંતનનું કાંઈ પણ કાર્ય ન કરવું જોઈએ-આત્મામાં કેવળ લીનતા જ ટકાવી રાખવી. ૬૪.

## ઇન્દ્રિય-વિષયોને યાદ કરનારની સ્થિતિ.

**स्वार्थ-व्यावर्तिताक्षोऽपि विषयेषु दृढ-स्मृतिः ।**
**सदास्ति दुःस्थितो दीनो लोक-द्वय-विलोपकः ॥ ६५ ॥**

**શબ્દાર્થ:**—( **विषयेषु दृढ स्मृतिः** ) જે ઇન્દ્રિય-વિષયોમાં દઢ-સ્મૃતિ છે-વિષયોને બરાબર યાદ કર્યા કરે છે-તે ( **स्वार्थ-व्यावर्तिताक्षः अपि** ) ઈન્દ્રિયો ને તેમના વિષયોથી અલગ રાખતો હોવા છતાં પણ ( **सदा** ) સદા ( **दुःस्थितः** ) દુઃખી ( **दीनः** ) દીન અને ( **लोक-द्वय-विलोपकः** ) બન્ને લોકને બગાડનાર થાય છે.

**વ્યાખ્યા:**—અહીં ઈન્દ્રિય-વિષયોના સ્મરણ-દોષને બહુ જ નુકશાનકારક બતાવ્યો છે અને તેની હાજરીમાં ઇન્દ્રિયોને તેમના વિષયથી જુદા રાખવાનું કાંઇ મૂલ્ય રહેતું નથી, એમ સૂચવ્યું છે. ઉક્ત સ્મરણદોષને કારણે ઇન્દ્રિયોનો વિજય બરાબર થતો નથી, તેમાં અતિચારાદિ દોષ લાગ્યા કરે છે અને સંક્લેશ પરિણામોની ઉત્પત્તિ થવાથી યોગી સદા દુઃખી રહે છે, દીન બને છે અને આ રીતે પોતાના બન્ને લોક બગાડે છે. તેથી યોગીએ પોતાના પૂર્વ ભોગોનું સ્મરણ તથા આગામી ભોગો ના નિદાનાદિ રૂપે અનુચિંતન ન કરવું જોઈએ. ૬૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ભોગને ન ભોગવનાર અને ભોગવનાર કોઇ બેની સ્થિતિ.

**भोगं कश्चिदभुञ्जानो भोगार्थं कुरुते क्रियाम् ।**
**भोगमन्यस्तु भुञ्जानो भोगच्छेदाय शुद्धधीः ॥ ६६ ॥**

**શબ્દાર્થ:**—( **कश्चित** ) કોઈ ( **भोगं अभुञ्जानः** ) ભોગ ન ભોગવતો હોવા છતાં પણ ( **भोगार्थं** ) ભોગોને માટે ( **क्रियां कुरुते** ) ક્રિયા કરે છે, ( **अन्यः शुद्धधीः** ) બીજો શુદ્ધ બુદ્ધિ ( **भोगं भुञ्जानः** ) ભોગને ભોગવતો હોવા છતાં પણ ( **भोगच्छेदाय** ) ભોગના છેદનો પ્રયત્ન કરે છે.

**વ્યાખ્યા:**—અહીં ભોગ ભોગવનાર અને ન ભોગવનાર કોઇ બે વ્યક્તિઓનો વિપરીત વિચાર-ભેદ બતાવવામાં આવ્યો છે-એક કોઈ બંધન અથવા લાચારીને કારણે ભોગ નહિ ભોગવતો હોવા છતાં પણ તેના માટે રાગાદિરૂપ મન-વચન-કાયાની ક્રિયા કરે છે અને બીજો ભોગ ભોગવતો હોવા છતાં પણ તેમાં આસક્તિ રાખતો નથી અને તેથી તેના મન-વચન-કાયાનો વ્યાપાર એક દિવસ તેને છોડી દેવા તરફ જ થાય છે. પોતાના આ વિચાર વ્યાપારના કારણે બીજાને ' શુદ્ધ-બુદ્ધિ ' કહ્યો છે અને તેથી પહેલાને, જે બાહ્યમાં ભોગનો ત્યાગ કરે છે તથા અંતરંગમાં તેની લાલસા રાખે છે, તે શુદ્ધ-બુદ્ધિ કહેવાતો નથી, તેને દુર્બુદ્ધિ તથા વિવેકહીન સમજવો જોઈએ. પોતાની આ દુર્બુદ્ધિના કારણે તે ભોગનો ત્યાગી હોવા છતાં પણ પાપનો બંધ કરે છે, જ્યારે બીજો પોતાની શુદ્ધ-બુદ્ધિને કારણે ભોગ ભોગવતો હોવા છતાં પણ પાપફળનો ભાગીદાર થતો નથી. બન્નેની પ્રવૃત્તિમાં તેનાથી ( પ્રવૃત્તિથી ) વિપરીત વિચારને કારણે કેટલું અંતર છે તે અહીં સ્પષ્ટપણે જણાય છે. ૬૬.

## ઇન્દ્રિય-વિષયોનું સ્મરણ રોકનારની સ્થિતિ.

**स्वार्थ-व्यावर्तिताऽक्षोपि निरुद्धविषय-स्मृतिः ।**
**सर्वदा सुस्थितो जीवः परत्रेह च जायते ॥ ६७ ॥**

**શબ્દાર્થ:**—( **स्वार्थ-व्यावर्तिताऽक्षोपि** ) જેણે ઇન્દ્રિયો ને પોતાના વિષયથી જુદા કર્યા છે અને જે ( **निरुद्ध-विषय-स्मृतिः** ) વિષયોની સ્મૃતિ પણ રોકી રાખે છે-પૂર્વે ભોગવેલા ભોગોનું કદી સ્મરણ કરતો નથી અને ન તેમને ફરી ભોગવવાની ઇચ્છાય કરે છે-( **जीवः** ) તે જીવ ( **परत्र इह च** ) આ લોકમાં તથા પરલોકમાં ( **सर्वदा** ) સદા ( **सुस्थितः जायते** ) સુખી થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—અહીં તે જીવને આ લોક તથા પરલોકમાં સદા સુસ્થિત અને સુખી બતાવ્યો છે જે પોતાની ઇન્દ્રિયોને તેમના વિષયથી માત્ર અલગ જ નથી રાખતો પણ પૂર્વે ભોગવેલા તથા આગળ ભોગવવાના વિષયોનું સ્મરણ પણ કરતો નથી. ૬૭.

## ભોગ ભોગવતો થકો કોણ બંધાય છે કોણ નહિ ?

**रागी भोगमभुञ्जानो बध्यते कर्मभिः स्फुटम् ।**
**विरागः कर्मभिर्भोगं भुञ्जानोऽपि न बध्यते ॥ ६८ ॥**

શબ્દાર્થઃ—( **रागी** ) જે રાગી છે તે ( **भोगं अभुञ्जानः** ) ભોગ ન ભોગવતો હોવા છતાં પણ ( **कर्मभिः बध्यते** ) સદા કર્મોથી બંધાય છે અને જે ( **विरागः** ) વીતરાગી છે તે ( **भोगं भुञ्जानः अपि** ) ભોગ ભોગવતો હોવા છતાં પણ ( **कर्मभिः न बध्यते** ) કર્મોથી નથી બંધાતો, ( **स्फुटम्** ) એ સુનિશ્ચિત છે.

વ્યાખ્યાઃ—અહીં પાછલા ૬૬મા પદ્યના વિષયને કાંઈક સ્પષ્ટ કરવામાં આવ્યો છે અને એમ બતાવ્યું છે કે ભોગ ન ભોગવનાર જો ભોગોમાં રાગ રાખે છે તો તે અવશ્ય કર્મબંધ પામે છે અને જે ભોગ ભોગવવા છતાં પણ તેમાં રાગ નથી રાખતો-કોઇ લાચારી, અશક્તિ કે પરવશતાના કારણે તેને ભોગવે છે-તે કર્મબંધથી અલિપ્ત રહે છે. ૬૮.

## વિષયોને જાણતો જ્ઞાની બંધને પ્રાપ્ત થતો નથી.

**विषयं पञ्चधा ज्ञानी बुध्यमानो न बध्यते ।**
**त्रिलोकं केवली किं न जानानो बध्यते अन्यथा ॥ ६९ ॥**

શબ્દાર્થઃ—( **ज्ञानी** ) જે જ્ઞાની છે તે ( **पञ्चधा** ) પાંચ પ્રકારના ( **विषयं बुध्यमान** ) ઇન્દ્રિય-વિષયને જાણતો હોવા છતાં પણ ( **न बध्यते** ) બંધાતો નથી. ( **अन्यथा** ) અન્યથા ( **त्रिलोकं जानानः** ) ત્રણ લોકને જાણનાર ( **केवली किं न बध्यते** ) કેવળજ્ઞાની બંધને કેમ પ્રાપ્ત ન થાય ? જો વિષયોને જાણવાથી બંધ થયા કરે તો કેવળી ભગવાન પણ બંધને પ્રાપ્ત થાય.

વ્યાખ્યાઃ—અહીં આ વાતને એક સુંદર ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ છે કે 'પાંચે ઇન્દ્રિયોના વિષયોને જાણવા માત્રથી કોઈ જ્ઞાની બંધને પ્રાપ્ત થતો નથી.' જો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિષયોને જાણવા માત્રથી પણ બંધની પ્રાપ્તિ થયા કરતી હોય તો ત્રણલોકના જ્ઞાતા કેવળી ભગવાન પણ બંધને પ્રાપ્ત થયા કરત. પરંતુ એમ નથી. તેથી વિષયોને જાણવા માત્રથી બંધની પ્રાપ્તિ થતી નથી, બંધની પ્રાપ્તિમાં કારણ તદ્વિષયક રાગ-દ્વેષાદિ ભાવ છે તે જો ન હોય તો બંધ પણ ન થાય. અને તેથી પાછલા જે પદ્યો ( ૬૫ આદિ ) માં ભોગોની સ્મૃતિનો ઉલ્લેખ છે તે માત્ર જ્ઞાનાત્મક સ્મૃતિ ન હોતાં રાગાત્મક સ્મૃતિ છે, તેથી જ તેને દોષિત ગણેલ છે. ૬૯.

## મહામૂઢ ઇન્દ્રિય-વિષયોનું ગ્રહણ ન કરતો હોવા છતાં પણ બંધનો કર્તા થાય છે.

**विमूढो नूनमक्षार्थमगृह्णानोऽपि बध्यते ।**
**एकाक्षाद्या निबध्यन्ते विषयाग्रहिणो न किम् ॥ ७० ॥**

**શબ્દાર્થ:**—( **विमूढः** ) જે વિમૂઢ છે-વિવેકહીન મહા અજ્ઞાની છે-તે ( **नूनं** ) નિશ્ચયથી ( **अक्षार्थम्** ) ઇન્દ્રિય-વિષયોનું ( **अगृह्णानः अपि** ) ગ્રહણ ન કરવા છતાં પણ ( **बध्यते** ) બંધ પામે છે. ( બરાબર છે ) ( **एकाक्षाद्या** ) એકેન્દ્રિયાદિ જીવ જે ( સ્વ-ભિન્ન ) ( **विषयाग्रहिणः** ) વિષયોને ગ્રહતા નથી તેઓ ( **किम्** ) શું ( **न निबध्यन्ते** ) બંધાતા નથી ?-બંધાય જ છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં વિષાયોને જાણનાર જ્ઞાનીની વાત કહેવામાં આવી છે, અહીં તે મહા અજ્ઞાનીની વાત લીધી છે જે વિષયોને કાંઇ જાણતો તથા સમજતો જ નથી, તો શું તે ઇન્દ્રિય-વિષયોને ગ્રહણ ન કરતો બંધાતો નથી ? ઉત્તરમાં કહેવામાં આવ્યું છે કે તે વિમૂઢ વિષયોનું ગ્રહણ ન કરતો હોવા છતાં પણ બંધાય છે, જેવી રીતે એકેન્દ્રિયાદિ જીવ પોતાના વિષયથી ભિન્ન વિષયનું ગ્રહણ ન કરવા છતાં પણ નિશ્ચિત રૂપે બંધાય છે-તેમના અજ્ઞાનાદિ ભાવ તેમને બંધના પાત્ર બનાવે છે. તેથી જેઓ અજ્ઞાનના કારણે દોષ કરીને પોતાને દોષમુક્ત સમજતા હોય તે ભૂલે છે, અજ્ઞાન કોઇને દોષમુક્ત કરતું નથી-એ બીજી વાત છે કે જ્ઞાતભાવથી કરેલા કર્મની અપેક્ષાએ અજ્ઞાત ભાવે કરેલો કર્મના ફળમાં કાંઈક અંતર જરૂર છે. ૭૦.

## કોના પ્રત્યાખ્યાનાદિ કર્મ વ્યર્થ છે.

**राग-द्वेष-निवृत्तस्य प्रत्याख्यानादिकं वृथा ।**
**राग-द्वेष-प्रवृत्तस्य प्रत्याख्यानादिकं वृथा ॥ ७१ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ:**—( **राग-द्वेष-निवृत्तस्य** )જે રાગ-દ્વેષ રહિત યોગી છે તેના ( **प्रत्याख्यानादिकं वृथा** ) પ્રત્યાખ્યાનાદિ કાર્ય વ્યર્થ છે અને જે ( **राग-द्वेष-प्रवृत्तस्य** ) રાગ-દ્વેષમાં પ્રવૃત્ત છે તેના ( **प्रत्यायाख्नादिकं वृथा** ) પ્રત્યાખ્યાનાદિ કાર્યનો કોઇ અર્થ નથી –તે બધા નિરર્થક છે.

**વ્યાખ્યા:**—જે રાગ-દ્વેષથી નિવૃત્ત થઈ ગયા છે અને જે રાગ-દ્વેષમાં પ્રવૃત્ત છે તે બન્નેની પ્રત્યાખ્યાનાદિ ક્રિયાઓને અહીં વ્યર્થ, અકાર્યકારી અને નિરર્થક બતાવેલ છે. પ્રત્યાખ્યાનાદિ કર્મ છ આવશ્યક કર્મોની અંતર્ગત છે, જેમનું વર્ણન સંવરાધિકારમાં પદ્ય નં ૪૭ થી ૫૩ સુધી આપ્યું છે, તેમાંથી આદિ શબ્દ દ્વારા અહીં બાકીના બધાનું અથવા મુખ્યપણે સામાયિક, પ્રતિક્રમણ અને કાયોત્સર્ગનું ગ્રહણ છે. આ બધાં કર્મ રાગ-દ્વેષની નિવૃત્તિ અને સંવર માટે કરવામાં આવે છે તેથી જે રાગ-દ્વેષથી નિવૃત્ત થઈ ગયા તેને આ કર્મ કરવાની જરૂર રહેતી નથી અને તેથી એમનું કરવું તેમને માટે વ્યર્થ છે. અને જે રાગ-દ્વેષાદિમાં પ્રવૃત્ત છે-ખૂબ રચ્યા પચ્યા છે-રાગ-દ્વેષ જેનાથી છૂટતા નથી તેને માટે પણ આ કર્મ કરવાં વ્યર્થ છે; કેમ કે જો આ કર્મોનું લક્ષ્ય જ તેના ધ્યાનમાં નથી અને પ્રવૃત્તિ ઉલટી ચાલી રહી છે તો આ કર્મો પદ્ધતિથી અથવા યાંત્રિક રીતે કરવાથી શું લાભ ? કાંઈ પણ લાભ ન થવાથી તે વ્યર્થ કરે છે. ૭૧.

## દોષોના પ્રત્યાખ્યાનથી કોણ મુક્ત છે.

**सर्वत्र यः सदोदास्ते न च द्वेष्टि न रज्यते ।**
**प्रत्याख्यानादतिक्रान्तः स दोषाणामशेषतः ॥ ७२ ॥**

**શબ્દાર્થ:**—( **यः** ) જે કોઇ વસ્તુમાં ( **न रज्यते** ) રાગ કરતા નથી, ( **न च द्वेष्टि** ) દ્વેષ કરતા નથી અને ( **सर्वत्र** ) સર્વત્ર ( **सदा उदास्ते** ) ઉદાસીન ભાવે રહે છે ( **स** ) તે ( **दोषाणां** ) દોષોના ( **प्रत्याख्यानात्** ) પ્રત્યાખ્યાન કર્મથી ( **अशेषतः अतिक्रान्तः** ) પૂર્ણપણે વિમુક્ત છે-તેને નિયમથી તે કર્મ કરવાની કોઈ આવશ્યકતા રહેતી નથી.

**વ્યાખ્યા:**—જે યોગી કોઇ પર રાગ કરતો નથી, દ્વેષ પણ કરતો નથી, સદા સર્વત્ર ઉદાસીન ભાવે રહે છે તે દોષોના પ્રત્યાખ્યાનોની સીમાથી પૂર્ણરીતે બહાર હોય છે-તેને પ્રત્યાખ્યાન કરવાનું કોઇ આવશ્યક નથી. આવા યોગી ક્ષીણમોહને પ્રાપ્ત ઘણું કરીને ૧૨મા, ૧૩મા, ૧૪મા ગુણસ્થાનવર્તી હોય છે. પાછલા પદ્યમાં જે રાગ-દ્વેષ-નિવૃત્ત યોગીનો ઉલ્લેખ છે તે પણ પ્રાયઃ ક્ષીણમોહી યોગી સાથે જ સંબંધ રાખે છે. ૭૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## દોષોના વિષયમાં રાગી–વીતરાગીની સ્થિતિ.

**रागिणः सर्वदा दोषाः सन्ति संसारहेतवः ।**
**ज्ञानिनो वीतरागस्य न कदाचन ते पुनः ॥ ७३ ॥**

શબ્દાર્થ:—( **रागिणः** ) રાગી ( અજ્ઞાની ) ને ( **संसारहेतवः** ) સંસારના કારણભૂત ( **सर्वदा** ) સદા ( **दोषाः सन्ति** ) સર્વ દોષો હોય છે; ( **पुनः** ) પરંતુ ( **ज्ञानिनः वीतरागस्य** ) જ્ઞાની વીતરાગીને ( **ते** ) તે દોષો ( **कदाचन** ) કદી પણ નથી હોતા.

વ્યાખ્યા:—અહીં સાર રૂપે એમ બતાવવામાં આવ્યું છે કે જે રાગી–અજ્ઞાની છે તેને સંસારના હેતુભૂત બધા દોષોનો સંભવ છે અને જે જ્ઞાની–વીતરાગી છે તેને સંસારના હેતુભૂત તે દોષો કદી નથી બનતા. ૭૩.

## ઔદયિક અને પારિણામિક ભાવોનું ફળ.

**जीवस्यौदयिकोभावः समस्तो बन्धकारणम् ।**
**विमुक्तिकारणं भावो जायते पारिणामिकः ॥ ७४ ॥**

શબ્દાર્થ:—( **जीवस्य औदयिकः भावः** ) જીવનો જે ઔદયિક ભાવ–કર્મોના ઉદય નિમિત્તે ઉત્પન્ન થનાર પરિણામ–છે તે ( **समस्तः बन्धकारणं** ) તે બધા બંધનું કારણ છે; ( **विमुक्तिकारणं** ) મુક્તિનું કારણ, ( **पारिणामिकः भावः जायते** ) પારિણામિક ભાવ હોય છે.

વ્યાખ્યા:—અહીં પૂર્વબંધ–કથનના ક્રમમાં જીવના બધા ઔદયિક ભાવને–ઔદયિક ભાવોના સમૂહને–બંધનો હેતુ બતાવ્યો છે. આ કથન રાગી જીવ સાથે સંબંધ રાખે છે; કારણ કે જ્ઞાની વીતરાગીને કોઈ કર્મ પાછલા પદ્યાનુસાર બંધનું કારણ થતું નથી. અર્હંતોને કેટલાક કર્મોનો ઉદય રહ્યો હોવાથી જે ઔદયિકભાવ થાય છે તે, પૂર્ણ રીતે વીતરાગી થઈ જવાથી, બંધનું કારણ રહેતો નથી, પારિણામિક ભાવોને અહીં મુક્તિનો હેતુ કહ્યો છે, જેમાં જીવત્વ અને ભવ્યત્વ એ બે ભાવ આવે છે. અભવ્યત્વ તો ભવ્યત્વનો પ્રતિપક્ષી છે તેથી તેનું અહીં ગ્રહણ કરવામાં આવેલું નથી. ૭૪.

## વિષયાનુભવ અને સ્વાત્માનુભવમાં ઉપાદેય કોણ ?

**विषयानुभवं बाह्यं स्वात्मानुभवमान्तरम्[1] ।**
**विज्ञाय प्रथमं हित्वा स्थेयमन्यत्रसर्वतः ॥ ७५ ॥**

---

૧. आ व्या बाह्यमात्मानुभवमांतरं।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દાર્થ:—( विषयानुभवं बाह्यं ) ઇન્દ્રિય વિષયોનો જે અનુભવ છે તે બાહ્ય (સુખ) છે અને ( स्वात्मानुभवं आन्तरम् ) સ્વાત્માનો જે અનુભવ છે તે અંતરંગ ( સુખ ) છે, ( विज्ञाय ) એ વાત જાણીને ( प्रथमं हित्वा ) બાહ્ય વિષય-અનુભવને છોડીને ( अन्यत्र ) સ્વાત્માનુભવરૂપ અંતરંગમાં ( सर्वतः स्थेयम् ) પૂર્ણપણે સ્થિત થવું જોઇએ.

વ્યાખ્યા:—અહીં એ બતાવવામાં આવ્યું છે કે ઇન્દ્રિય વિષયોનો જે અનુભવ છે તે તો બહારની વસ્તુ છે-બાહ્ય સુખ છે જે સ્થિત રહેનાર નથી-અને પોતાના આત્માનો જે અનુભવ છે તે અંતરંગની વસ્તુ છે-સદા સ્થિર રહેનાર આધ્યાત્મિક સુખ છે-તેથી આ તત્ત્વને જાણીને વિષયાનુભવના ત્યાગપૂર્વક સ્વાત્માનુભવમાં પૂર્ણપણે સ્થિર થવું જોઇએ. એ જ પરમ હિતરૂપ છે. ૭૫.

## વૈષયિકજ્ઞાન બધું પૌદ્ગલિક છે.

**ज्ञानं वैषयिकं पुंसः सर्वं पौद्गलिकं मतम् ।**
**विषयेभ्यः परावृत्तमात्मीयमपरं पुनः ॥ ७६ ॥**

શબ્દાર્થ:—( पुंसः )જીવને ( वैषयिकं ज्ञानं ) જેટલું વૈષયિક ( ઇન્દ્રિજન્ય ) જ્ઞાન છે ( सर्वं पोद्गलिकं मतं ) તે બધું પૌદ્ગલિક માનવામાં આવ્યું છે અને ( पुनः अपरं ) બીજું જે જ્ઞાન ( विषयेभ्यः ) વિષયોથી ( परावृत्त ) પરાવૃત છે-ઇન્દ્રિયોની સહાય વિનાનું છે-( आत्मीयं ) તે બધું આત્મીય છે.

વ્યાખ્યા:—અહીં આ જીવના ઇન્દ્રિય-વિષયો સાથે સંબંધ રાખનાર બધા જ્ઞાનને 'પૌદ્ગલિક' બતાવ્યું છે અને જે જ્ઞાન ઇન્દ્રિયવિષયોની સહાય રહિત અતીન્દ્રિય છે તે આત્મીય છે-આત્માનું નિજરૂપ છે. તેથી ઇન્દ્રિયજન્ય પરાધીન જ્ઞાન વાસ્તવમાં પોતાનું નથી અને તેથી તે ત્યાજ્ય છે. ૭૬.

## માનવોમાં બાહ્યભેદના કારણે જ્ઞાનમાં ભેદ નથી થતો.

**गवां यथा विभेदेऽपि क्षीरभेदो न विद्यते ।**
**पुंसां तथा विभेदेऽपि ज्ञानभेदो न विद्यते ॥ ७७ ॥**

શબ્દાર્થ:—( यथा ) જેમ ( गवां ) ગાયોમાં ( કાળી, પીળી, ધોળી આદિનો ) ( विभेदे अपि ) ભેદ હોવા છતાં પણ ( क्षीरभेदः न विद्यते ) દૂધના રંગમાં-કોઇ ભેદ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**નથી હોતો ( तथा )** તેવીજ રીતે ( **पुंसां** ) પુરુષોના-માનવોના ( રંગરૂપાદિ સંબંધી ) ( **विभेदे अपि** ) ભેદ હોવા છતાં પણ ( **ज्ञानभेदः न विद्यते** ) જ્ઞાનનો ભેદ નથી હોતો.

**વ્યાખ્યા:**—ગાયો ધોળી, પીળી, નીલરંગની, કાળી, ગોરી, કાબર ચીત્તરી આદિ અનેક જુદા જુદા રંગ વાળી હોય છે. શિંગડાના ભેદથી પણ તેમનામાં ભેદ હોય છે-કોઇનાં શિંગડાં નાનાં, કોઇનાં મોટાં, કોઈનાં સીધાં, કોઈનાં વાંકાં અને કોઇનાં ગોળ વળાંકવાળાં હોય છે. બીજા પણ શરીરના ભેદ હોય છે, આ ભેદને કારણે તેમના દૂધમાં જેમ ભેદ નથી હોતો-અર્થાત્ ધોળીનું ધોળું, પીળીનું પીળું, નીલીનું નીલું અને કાળીનું કાળું, દૂધ નથી હોતું-બધાનું દૂધ પ્રાયઃ એક જ સફેદ રંગનું હોય છે; તેવી જ રીતે મનુષ્યોમાં પણ પરસ્પર અનેક ભેદ પ્રાપ્ત થાય છે-કોઈ ગોરો છે, કોઇ શ્યામ, કોઈ કાળો છે, કોઇ ભૂખરા રંગનો છે, કોઇનો ચહેરો ગોળ છે, કોઇનો લંબગોળ, કોઈની ગરદન ટૂંકી છે કોઈની લાંબી, કોઈની સીધી છે અને કોઇની વાંકી છે, કોઇ બૂઢા છે, કોઇ લંગડો છે, કોઈ કાણો છે, કોઈ આંધળો છે, કોઈ મૂંગો છે, કોઈ બહેરો છે, કોઇના વાળ કાળા છે, તો કોઇના સફેદ કે ભૂરા ઇત્યાદિ શરીરભેદ સ્પષ્ટ જોવામાં આવે છે, એવી જ રીતે કોઇ બ્રાહ્મણ, કોઈ ક્ષત્રિય, કોઇ વૈશ્ય અને કોઈ શૂદ્રાદિ જાતિ-ભેદ સહિત છે. આ બધા બાહ્ય ભેદને કારણે મનુષ્યોના જ્ઞાનમાં કોઈ ભેદ હોતો નથી-જે જ્ઞાન એક સારા, ગોરા રંગવાળા સુંદર આકારના મનુષ્યને પ્રાપ્ત થાય છે તે કાળા, કુરૂપ તથા વિકલાંગીને પણ પ્રાપ્ત થાય છે તથા થઇ શકે છે. શ્રી-કુંદકુંદાચાર્યદેવની ગરદન વાંકી હતી તેથી જ તેઓ 'વક્રગ્રીવ' કહેવાતા હતા. પરંતુ કેટલા મહાન મતિમાન હતા એ તેમના ગ્રંથોથી જાણી શકાય છે. અષ્ટાવક્ર ઋષિના શરીરમાં આઠ વક્રતા હતી તેઓ પણ ઘણા મોટા જ્ઞાની હોવાનું સંભળાય છે. ભગવાન જિનસેનાચાર્યે પોતાના વિષયમાં સ્વયં લખ્યું છે કે તેઓ જો કે અતિ સુંદર આકૃતિવાળા અને અતિ ચતુર નહોતા, છતાં પણ સરસ્વતી તેમના ઉપર મુગ્ધ હતી અને તેણે અનન્ય શરણ થઇને તેમનો આશ્રય લીધો હતો.

આ બધી વાતોથી સ્પષ્ટ છે કે શરીરાદિનો કોઇ બાહ્ય ભેદ જ્ઞાનમાં ભેદ ઉત્પન્ન કરતો નથી. જ્ઞાન આત્માનો નિજગુણ છે અને તેથી તે બધા સમાન રૂપે વિકસિત આત્માઓમાં સમાન રહે છે. તેના વિકાર તથા ન્યૂનાધિકતાનું કારણ સંસારી જીવોની સાથે લાગેલો કર્મમળ છે. ૭૭.

## કયા જ્ઞાનથી જ્ઞેયને જાણીને તેને ત્યાગવામાં આવે છે.

**[૧]विज्ञाय दीपतो द्योत्यं यथा दीपो व्यपोह्यते ।**
**विज्ञाय ज्ञानतो ज्ञेयं तथा ज्ञानं व्यपोह्यते ॥ ७८ ॥**

૧. दीपहस्ते यथा कश्चित्किंचिदालोक्य तं त्यजेत् ।
ज्ञानेन ज्ञेयमालोक्य पश्चात्तं ज्ञानमुत्सृजेत् ॥ —યશસ્તિલક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**स्वरूपमात्मनः सूक्ष्ममव्यदेश( श्य ) मव्ययम्[१] ।**
**तत्र ज्ञानं परं सर्वं वैकारिकमपोह्यते ॥ ७९ ॥**

**શબ્દાર્થ:**—(**यथा**) જેમ ( **दीपतः** ) દીપકથી ( **द्योत्यं** ) દ્યોત્ય ( પ્રકાશનીય વસ્તુ ) ને ( **विज्ञाय** ) જાણીને ( **दीपः व्यपोह्यते** ) દીપકને દ્યોત્યથી અલગ કરવામાં આવે છે (**तथा**) તેવી રીતે ( **ज्ञानतः** ) જ્ઞાનવડે ( **ज्ञेयं विज्ञाय** ) જ્ઞેયને જાણીને ( **ज्ञानं व्यपोह्यते** ) જ્ઞાનને અલગ કરવામાં આવે છે. ( **आत्मनः स्वरूपं** ) જે જ્ઞાન આત્માનું સ્વરૂપ છે, ( **सूक्ष्मं** ) સૂક્ષ્મ છે. ( **अव्यपदेश ( श्य ) म्** ) વ્યપદેશરહિત અથવા વચન અગોચર છે ( **अव्ययम्** ) જેનો ત્યાગ અથવા પૃથક્કરણ થતું નથી, ( **तत्र परं** ) તેનાથી ભિન્ન જે ( **वैकारिकं** ) વૈકારિક-ઇન્દ્રિયો આદિ દ્વારા વિભાવ પરિણત-( **ज्ञानं सर्वं अपोह्यते** ) જ્ઞાન છે તેને દૂર કરવામાં આવે છે.

**વ્યાખ્યા:**—દીપક જે વસ્તુનું દ્યોતન-પ્રકાશન કરે છે તેને 'દ્યોત્ય' કહે છે. દીપકના પ્રકાશની સહાયથી જ્યારે કોઇ અંધારામા પડેલી વસ્તુને જોઇને જાણી અને પ્રાપ્ત કરી લેવામાં આવે છે પછી દીપકની જેમ જરૂર રહેતી નથી-તેને ઓલવી નખાય છે અથવા દૂર કરી દેવાય છે તેમ જ્ઞાન જે વસ્તુનું જ્ઞાપન-દ્યોતન કરે છે તેને 'જ્ઞેય' કહે છે. જ્ઞાનથી જ્યારે જ્ઞેયને જાણી લેવામાં આવે છે પછી તે જ્ઞાનના વ્યાપારની જરૂર રહેતી નથી અને તેથી તેને જ્ઞેયથી અલગ અથવા વ્યાપાર રહિતરૂપે સ્થિત કરી દેવામાં આવે છે. જે જ્ઞાનને જ્ઞેયથી અલગ અથવા વ્યાપારરહિત રૂપે સ્થિત કરી દેવામાં આવે છે. જે જ્ઞાનને જ્ઞેયથી અલગ અથવા વ્યાપાર રહિત કરવામાં આવે છે તે, તે જ્ઞાન નથી જે આત્માનો સ્વભાવ છે, સૂક્ષ્મ હોવાથી ઇન્દ્રિયોથી અગોચર છે, અવાચ્ય હોવાથી વચન અગોચર છે અને જેનો કદી નાશ થતો નથી પણ તે જ્ઞાન છે જેને 'વૈકારિક' કહે છે અને જે ઇન્દ્રિયાદિ-પરપદાર્થજન્ય વિકાર સહિત હોય છે. આવા જ્ઞાનને પાછલા પદ્યમાં (૭૬) માં 'પૌદ્ગલિક' બતાવ્યા છે, તે જ અપોહન-પૃથક્કરણ યોગ્ય હોય છે. જે જ્ઞાન સ્વાભાવિક છે ( વૈભાવિક નથી ) તેનો આત્માથી કદી ત્યાગ થતો નથી અને થઈ શકતો નથી. ૭૮-૭૯.

### વિકારના હેતુના દેશચ્છેદ અને મૂળચ્છેદનું પરિણામ.

**स्कन्धच्छेदे पल्लवाः सन्ति भूयो मूलच्छेदे शाखिनस्ते तथा नो ।**
**देशच्छेदे सन्तिभूयो विकारा मूलच्छेदे जन्मनस्ते तथा नो ॥८०॥**

---

१. सूक्ष्ममव्यपोदेशमव्ययं ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શબ્દાર્થ**:—જેમ ( **शाखिनः** ) વૃક્ષના ( **स्कंधच्छेदे** ) થડનો છેદ થતાં ( **भूयः** ) ફરીથી ( **पल्लवाः सन्ति** ) પાંદડા ઉગે છે પરંતુ (**मूलच्छेदे ते नो**) મૂળનો છેદ થતાં-મૂળમાંથી વૃક્ષ કાપી નાખવાથી-પાંદડા ફરી ઉગતાં નથી, ( **तथा** ) તેમ ( **जन्मनः** ) સંસારનો ( **देशच्छेदे** ) એક દેશ નાશ કરતાં ( **विकाराः भूयः सन्ति** ) વિકારો ફરી ઉત્પન્ન થઇ જાય છે પરંતુ (**मूलच्छेदे**) મૂળમાંથી વિનાશ કરતાં (**ते नो**) વિકાર ફરી ઉત્પન્ન થતા નથી.

**વ્યાખ્યા**:—વૃક્ષનો એકદેશ-શાખા આદિનો છેદ થતાં જેમ તેમાં નવા પાંદડાં ફરીથી ઉગી જાય છે તેમ નવા પાંદડાંનું ફરીથી ફૂટવું મૂળચ્છેદ થતાં-વૃક્ષ મૂળમાંથી કપાઇ જતાં-બનતું નથી, એ બધાને પ્રત્યક્ષ જોવામાં આવે છે. આ ઉદાહરણ લઇને અહીં સંસારના એકદેશચ્છેદ અને મૂળચ્છેદ ( સર્વદેશચ્છેદ )ના કારણ થનાર વિકારોની સ્થિતિ કાંઇક સ્પષ્ટ કરવામાં આવી છે-સંક્ષેપમાં એટલું જ કહેવામાં આવ્યું છે કે એકદેશચ્છેદ થતાં વિકાર ઉત્પન્ન થાય છે અને મૂળચ્છેદ થતાં ઉત્પન્ન નથી થતા. અહીં સંસારનો અર્થ ભવભ્રમણનો છે જેનો '**जन्मनः**' પદ દ્વારા ઉલ્લેખ કર્યો છે અને તેમાં સંસારના હેતુ પણ સામેલ છે. વિકારોનો અભિપ્રાય રાગ-દ્વેષાદિક, જન્મ-મરણાદિ અથવા નવા નવા શરીર ધારણનો છે. ૮૦.

## દેશચ્છેદ અને મૂળચ્છેદના વિષયનું સ્પષ્ટીકરણ.

**देशच्छेदे चरित्रं भवति भवततेः कुर्वतश्चित्ररूपं**
**मूलच्छेदे विविक्तं वियदिव विमलं ध्यायति स्वस्वरूपम् ।**
**विज्ञायेत्थं विचिन्त्यं सदमितगतिभिस्तत्त्वमन्तःस्थमग्र्यं**
**संप्राप्तासन्नमार्गा न परमिह पदप्राप्तये यान्ति मार्गम् ॥ ८१ ॥**

**શબ્દાર્થ**:—સંસારના ( **देशच्छेदे** ) એકદેશનો-પાપ રૂપનો-નાશ થતાં ( **भवततेः** ) સંસારની પરંપરાનું ( **चित्ररूपं कुर्वतः** ) વિચિત્ર રૂપ કરતું ( **चरित्रं भवति** ) ચારિત્ર થાય છે અને ( **मूलच्छेदे** ) સંસારના મૂળનો-પાપ-પુણ્ય બન્ને કારણોનો-નાશ થતાં આત્મા પોતાના ( **वियत् इव विमलं** ) આકાશ જેવા નિર્મળ ( **विविक्तं** ) વિવિક્ત ( કર્મકલંક રહિત ) ( **स्वस्वरूपं ध्यायति** ) સ્વસ્વરૂપનું ધ્યાન કરે છે. ( **इत्थं विज्ञाय** ) આમ જાણીને ( **सत्-अमितगतिभिः** ) જે ઉત્તમ જ્ઞાનના ધારક મહાત્મા છે તેમના દ્વારા ( **अन्तःस्थं** ) અંતરંગમાં સ્થિત ( **अग्र्यं तत्त्वं** ) પ્રધાન તત્ત્વ જે શુદ્ધ આત્મા છે તે ( **विचिन्त्यं** ) વિશેષરૂપે ચિન્તનીય છે. ( બરાબર છે ) ( **परं पद प्राप्तये संप्राप्त आसन्नमार्गा** ) જેમને અભિષ્ટ સ્થાનની પ્રાપ્તિનો સંનિકટ માર્ગ પ્રાપ્ત થઇ જાય છે તેઓ પછી ફરીથી ( **इह परं मार्गं** ) લોકમાં બીજા માર્ગે ( **न यान्ति** ) જતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાઃ—અહીં સંસારના દેશચ્છેદ અને મૂળચ્છેદના અભિપ્રેત વિષયને સ્પષ્ટ કરતાં બતાવ્યું છે કે સંસારનો દેશચ્છેદ થતાં-સંસારના હેતુભૂત મિથ્યાદર્શનાદિક, રાગ-દ્વેષાદિક અથવા પુણ્ય-પાપાદિનો એકદેશ નાશ થતાં-જે ચારિત્ર થાય છે તે સંસાર સંતતિને ચિત્ર-વિચિત્ર રૂપ આપનાર અથવા તેને વિવિધરૂપે વધારનાર છે. તેનાથી વિપરીત આ સંસારના ઉક્ત હેતુઓનો મૂળચ્છેદ થતાં આ આત્મા પોતાના તે વિવિક્ત-શુદ્ધ સ્વરૂપના ધ્યાનમાં મગ્ન થાય છે જે આકાશ સમાન નિર્મળ અને નિર્લેપ છે. આ રીતે દેશચ્છેદ અને મૂળચ્છેદનું સ્વરૂપ સારી રીતે સમજીને જે ઉત્તમ અમિતજ્ઞાનના ધારક મહાત્મા છે તેમણે પોતાના અંતરંગમાં સ્થિત પ્રધાન તત્ત્વ જે પોતાનો શુદ્ધ આત્મા છે તેનું સવિશેષપણે ચિંતન-ધ્યાન કરવું જોઇએ. આ ધ્યાન મુક્તિસદનની પ્રાપ્તિ માટે આસન્ન માર્ગ છે-સૌથી નજીકનો રસ્તો છે. અને તેથી જેમને સંનિકટ માર્ગ પ્રાપ્ત થાય છે તેઓ પછી બીજા દૂરના અથવા ચક્રાવાવાળા માર્ગે જતા નથી. પદ્યના અંતિમ ચરણમાં કહેવામાં આવેલી આ વાત ઘણી જ મહત્ત્વની છે, અને એ સૂચવે છે કે પોતાના શુદ્ધ આત્માના ધ્યાનથી ભિન્ન બીજા જેટલા કોઇ ધ્યાનના માર્ગ છે તે બધા દૂરના તેમજ પરાવલંબનવાળા છે.

આ પદ્યમાં યોજાયેલ '**सदमित गतिभिः**' પદ પણ પોતાનું ખાસ મહત્ત્વ રાખે છે-તેમાં 'ગતિ' શબ્દ જ્ઞાનનો વાચક હોવાથી તે જ્યાં અપરિમિતજ્ઞાનના ધારક મહાત્માઓના ઉલ્લેખ માટે છે ત્યાં બીજા પ્રકારે (શ્વેત તરીકે) ગ્રંથકાર મહોદયના નામનું પણ સૂચક છે અને સાથો સાથ આ સૂચના માટે પણ જણાય છે કે આચાર્ય અમિતગતિને શુદ્ધ સ્વાત્મધ્યાનનો આ સ્વાધીન માર્ગ જ વિશેષપણે રુચિકર હતો અને તેઓ પ્રાયઃ આના જ અનુસરણ અને દઢીકરણમાં પ્રવૃત્ત રહેતા હતા. કદાચ તેથી જ તેમણે આગલા એક પદ્યમાં (૮૩માં) પોતાને '**निः संगात्मा**' કહ્યા છે કે જે તેમની પરસંગ રહિતતા અને સ્વાવલંબી હોવાનું દ્યોતક છે. આ શુદ્ધ સ્વાત્માના ધ્યાનમાં પાપને પ્રયત્નપૂર્વક ત્યાગવાની પણ જરૂર નથી રહેતી, તે તો બધા જ જ્ઞાન સ્વાત્મલીન થતાં જ સ્વયં ભાગી જાય છે, કે જે ગ્રંથકાર મહોદયે અન્યત્ર પ્રકટ કર્યું છે;[1] પરનો સંબંધ ન હોવાથી શુભ રાગ પણ નથી રહેતો, કે જે પુણ્યબંધનું કારણ છે અને આત્માને સંસારમાં ફસાવી રાખે છે. તેથી જ જ્યાં અર્હત્‌ભક્તિ આદિ રૂપે રાગ રહે છે ત્યાં તે મહાન્ પુણ્યબંધનું કારણ થાય છે, કે જે સંસારના સુખ આપે છે, પરંતુ તેનાથી કર્મોનો ક્ષય થતો નથી.[2]

---

૧. **हिंसत्वं पितथं स्तेयं मैथुन संगसंग्रहः ।**
**आत्मरूपगते ज्ञाने निःशेषं प्रपलायते** ॥ યો. પ્રા. ૩૭ ॥—જીવાધિકાર

૨. **यो विहायात्मनो रूपं सेवते परमेष्ठिनः ।**
**स बध्नाति परं पुण्यं न कर्मक्षयमश्नुते** ॥ યો. પ્રા. ૪૮ ॥—જીવાધિકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસારના હેતુઓનો દેશચ્છેદ થતાં જે ચારિત્રના ઉદ્‌ભવની અહીં વાત કહેવામાં આવી છે તે વ્યવહાર ચારિત્ર છે, કે જે અશુભથી નિવૃત્તિ તથા શુભમાં પ્રવૃત્તિરૂપ હોય છે અને જેને વ્રત, સમિતિ તથા ગુપ્તિ રૂપે ત્રણ અને તેના ઉત્તરભેદો (૫+૫+૩) ની દૃષ્ટિએ તેર પ્રકારનું બતાવ્યું છે.[૧] નિશ્ચયનયની દૃષ્ટિએ જે ચારિત્ર બને છે તે સ્વરૂપાચરણરૂપે હોય છે, તેને જ અહીં સંસાર હેતુઓના મૂળચ્છેદનું પરિણામ બતાવ્યું છે. ૮૧.

## કોના જન્મ અને જીવન સફળ છે?

**दृष्ट्वा बाह्यमनात्मनीनमखिलं मायोपमं नश्वरं**
**ये संसार–महोदधिं बहुविध क्रोधादिनक्रोकुलम् ।**
**तीर्त्वा यान्ति शिवास्पदं शममयं ध्यात्वात्मतत्त्वं स्थिरं**
**तेषां जन्म च जीवितं च सफलं स्वार्थैकनिष्ठात्मनाम् ॥ ८२ ॥**

**શબ્દાર્થ:**—(ये) જે (बाह्यं अखिलं) સમસ્ત બાહ્ય જગતને (अनात्मनीनं) અનાત્મીય, (मायोपमं) માયારૂપ (नश्वरं) તથા નશ્વર (दृष्ट्वा) જોઈને, (स्थिरं आत्मतत्त्वं ध्यात्वा) સ્થિર આત્મતત્ત્વનું ધ્યાન કરીને (बहुविध)અનેક પ્રકારના (क्रोधादिनक्राकुलं) ક્રોધાદિ મગરોથી ભરેલા (संसार–महोदधिं) સંસાર–સમુદ્રને (तीर्त्वा) તરીને (शममयं) સુખમય (शिवास्पदं) શિવ સ્થાનને (यान्ति) પ્રાપ્ત થાય છે (तेषां) તે स्वार्थैक–निष्ठात्मनां) આત્મીય સ્વાર્થની સાધનામાં એકનિષ્ઠા( અદ્વતીય શ્રદ્ધા) રાખનાર (મહાત્માઓ)ના(जन्म च जीवितं च)જન્મ અને જીવન (सफलं) સફળ છે.

**વ્યાખ્યા:**—અહીં જેમના જન્મ અને જીવનને સફળ બતાવ્યા છે તે તે મહાત્મા હોય છે જે આખાય બાહ્ય જગતને અનાત્મીય, મૃગજળ તથા ઇંદ્રજાળ સમાન ભ્રામક અને ક્ષણભંગુર જોઈને–સાક્ષાત્ અનુભવીને–પોતાના શાશ્વત આત્માના સ્વાર્થ–સાધનમાં વિભાવ પરિણમન હટાવીને તેને સ્વાત્મસ્થિત કરવામાં–એકનિષ્ઠાથી તત્પર થઈ, શુદ્ધ આત્મતત્ત્વના ધ્યાન દ્વારા ક્રોધાદિ કષાયરૂપ મગરોથી ભરેલા સંસાર મહાસમુદ્રને તરીને શાંતિમય શિવ-સ્થાન અથવા બ્રહ્મપદને પામે છે. ૮૨.

---

૧. असुहादो विणिवत्ती सुहे पवित्ती य जाण चरित्तं ।
वद–समिदि–गुत्तिरूवं ववहारणया दु जिण भणियं ॥ બૃહદ્દ્રવ્ય સંગ્રહ ૪૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગ્રંથ અને ગ્રંથકારને અભિપ્રેતરૂપ પ્રશસ્તિ.

दृष्ट्वा सर्वं गगननगर–स्वप्न–मायोपमानं
निःसङ्गात्मामितगतिरिदं प्राभृतं योगसारम् ।
ब्रह्मप्राप्त्यै परममकृतं[1] स्वेषु चात्म–प्रतिष्ठं
नित्यानन्दं गलित गलिलं सूक्ष्ममत्यक्ष–लक्ष्यम् ॥ ८३ ॥

શબ્દાર્થ:—( **सर्वं दृष्ट्वा** ) બધા દૃશ્ય જગતને ( **गगननगर–स्वप्न–मायोपमानं** ) આકાશમાં વાદળોથી બનેલા નગર સમાન, સ્વપ્નમાં જોયેલ દૃશ્યો જેવું, તથા ઇન્દ્રજાળમાં પ્રદર્શિત માયામય ચિત્રો જેવું જોઇને, ( **निःसंगात्मा अमितगतिः** )નિઃસંગાત્મા અમિતગતિએ ( **ब्रह्मप्राप्त्यै** ) પરમ બ્રહ્મને પ્રાપ્ત કરવા માટે ( **स्वेषु च आत्म–प्रतिष्ठं** ) કે જે આત્માઓમાં આત્મ-પ્રતિષ્ઠા સહિત છે, ( **गलित–कलिलं** ) કર્મમળ રહિત છે, ( **सूक्ष्मं** ) સૂક્ષ્મ છે, ( **अत्यक्षं** ) અમૂર્તિક છે, ( **अलक्ष्यं** )અતીન્દ્રિય છે અને ( **नित्यानन्दं** ) સદા આનંદરૂપ છે, ( **इदं योगसारं प्राभृतं अकृतं** ) એવું આ યોગસાર પ્રાભૃત રચ્યું છે, કે જે યોગ-વિષયક ગ્રંથોમાં પોતાને પ્રતિષ્ઠિત કરનાર યોગનું પ્રમુખ ગ્રંથ છે, નિર્દોષ છે, **અર્થની** દૃષ્ટિએ સૂક્ષ્મ છે, ગંભીર છે, અનુભવનો વિષય છે અને નિત્ય આનંદરૂપ છે-એ વાંચવા-સાંભળવાથી સદા આનંદ મળે છે.

વ્યાખ્યા:—અહીં ગ્રંથકાર મહોદયે ગ્રંથના કર્તૃત્વાદિની સૂચના કરતાં ગ્રંથનું નામ 'યોગસાર પ્રાભૃત,' પોતાનું નામ 'અમિતગતિ' અને ગ્રંથ રચનાનો ઉદ્દેશ 'બ્રહ્મપ્રાપ્તિ' બતાવેલ છે. બ્રહ્મપ્રાપ્તિનો આશય સ્વાત્મોપલબ્ધિનો છે, જેને 'સિદ્ધિ'[2] તથા મુક્તિ પણ કહે છે. અને જે વાસ્તવમાં બધા વિભાવ-પરિણમનને દૂર કરીને સ્વાત્માને પોતાની સ્વભાવમાં સ્થિત કરવા રૂપે છે-કોઈ પરપદાર્થ કે વ્યક્તિ-વિશેષની પ્રાપ્તિ કે તેમાં લીનતા રૂપે નથી. આ જ ઉદ્દેશ્ય ગ્રંથનાં પ્રારંભિક મંગળ-પદ્યમાં '**स्वस्वभावोपलब्धये**' પદ્ય દ્વારા વ્યક્ત કર્યો છે, તેનું મુખ્ય વિશેષણ પણ '**स्वस्वभावमय**' આપ્યું છે. આથી સ્વભાવની ઉપલબ્ધિ રૂપ સિદ્ધિ જ, જેને પામનાર જ 'સિદ્ધ' કહેવાય છે, અહીં બ્રહ્મપ્રાપ્તિનું એક માત્ર લક્ષ્ય છે, એ અસંદિગ્ધપણે સમજી લેવું જોઇએ.

ગ્રંથકારે પોતાનું વિશેષણ '**निःसंगात्मा**' આપ્યું છે જે ઘણું જ મહત્ત્વનું છે અને એ વાત સૂચવે છે કે ગ્રંથકાર મહોદય કેવળ કથન કરનાર જ નથી પરંતુ ગ્રન્થના

૧. मु. परमकृत ।
૨. सिद्धिः स्वात्मोपलब्धिः । ( પૂજ્યપાદાચાર્ય ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કથન અને લક્ષ્ય સાથે તેમણે પોતાને રંગી લીધાં હતા પરપદાર્થોથી પોતાનું મમત્વ હટાવી લીધું હતું. તેમને પોતાના સંઘનો, ગુરુ-પરંપરાનો તથા શિષ્ય-સમુદાયનો પણ કોઈ મોહ રહ્યો નહોતો, તેથી જ કદાચ તેમણે આ અવસરે તેમનો કોઇ ઉલ્લેખ કર્યો નથી. તેમનો આત્મા નિઃસંગ હતો, પરના સંપર્કથી પોતાને જુદા રાખતા હતા અને તેથી તેમને સાચા અર્થમાં 'યોગિરાજ' સમજવા જોઇએ. જે સત્કાર્યોનો બીજાઓને જે ઉપદેશ આપે છે તેના પર પોતે પણ ચાલે છે તેજ 'સત્પુરુષ' હોય છે. તેમના જ કથનની અસર પણ પડે છે.

આ પદ્યમાં 'પરમબ્રહ્મ'ના જે વિશેષણ આપ્યા છે તે જ બીજા પ્રકારે ગ્રંથને પણ લાગુ પડે છે અને તેથી એવું જણાય છે કે આ ગ્રંથ પોતાના લક્ષ્યને બિલ્કુલ અનુરૂપ થયો છે. દાખલા તરીકે 'નિત્યાનંદ' વિશેષણ લ્યો. આ ગ્રંથ જ્યારે અને જ્યાંથી પણ વાંચીએ છીએ-અનુભવીએ છીએ તે જ વખતે ત્યાંથી નવો રસ અને આનંદ આવે છે. અને તેથી આ ગ્રંથને 'રમણીય' કહેવો બહુ જ યુક્તિ-સંગત છે, રમણીયનું સ્વરૂપ પણ એ જ છે- "**पदे-पदे यन्नवतामुपैति तदेव रुपं रमणीयतायाः**"- પદે પદે જે નવીન લાગે તે જ રમણીયતાનું સ્વરૂપ છે. જ્યારથી આ ગ્રંથ મારા વિશેષ પરિચયમાં આવ્યો છે ત્યારથી-તત્ત્વાનુશાસન (ધ્યાનશાસ્ત્ર)નું ભાષ્ય લખવાના સમયથી-મેં તેને કદાચ સો વાર થી ય અધિક વખત વાંચ્યો છે અને તેની સુંદરતા, સરળતા-ગંભીરતા તથા ઉપયોગિતાએ જ મને એનું ભાષ્ય લખવા તરફ પ્રેરિત કર્યો છે. ૮૩.

**योगसारमिदमेकमानसः प्राभृतं पठति योऽभिमानसः ।**
**स्व-स्वरूपमुपलभ्य सोऽञ्चितं सद्मयाति भव-दोष-वाञ्चितम् ॥८४॥**

**શબ્દાર્થ:**—( **इदं** ) આ ( **योगसारं प्राभृतं** ) યોગસાર પ્રાભૃત ( **यः** ) જે ( **अभि-मानसः** ) એક ચિત્ત થઇને ( **एक मानसः** ) એકાગ્રતાથી ( **पठति** ) વાંચે છે ( **सः** ) તે ( **स्व-स्वरूपं उपलभ्य** ) પોતાના સ્વરૂપને જાણીને તથા સંપ્રાપ્ત કરીને ( **अञ्चितं सद्म** ) તે પૂજિત સદનને-લોકાગ્રના નિવાસરૂપ પૂજ્ય મુક્તિમહેલ ને-( **याति** ) પ્રાપ્ત થાય છે જે ( **भव-दोष-वञ्चितम्** ) સંસારના દોષોથી રહિત છે-સંસારનો કોઈ પણ વિકાર જેની પાસે ફરકતો નથી.

**વ્યાખ્યા:**—આ ગ્રંથનું અંતિમ ઉપસંહાર-પદ્ય છે, જેમાં ગ્રંથના નામનો ઉલ્લેખ કરતાં તેના એકાગ્રચિત્તે પઠનનું-અધ્યયનનું-ફળ દર્શાવ્યું છે અને તે ફળ છે પોતાના આત્મ-સ્વભાવની ઉપલબ્ધિ-જ્ઞપ્તિ ( જાણકારી ) અને સંપ્રાપ્તિ-કે આખા સંસારના દોષોથી-વિકારોથી રહિત છે અને જેને પ્રાપ્ત કરીને આ જીવ એટલો ઊંચો બની જાય છે કે લોકના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અગ્રભાગે જઇને બિરાજમાન થઇ જાય છે; કે જે સંસારના બધા વિકારોથી રહિત-બધી ઝંઝટ અને આકુળતાઓથી મુક્ત-એક પૂજનીય સ્થાન છે.

આત્માના આ પૂર્ણ વિકાસ અને જીવનના ચરમ લક્ષ માટે જ આ ગ્રંથ રચવામાં આવ્યો છે, જેનો ગ્રંથના પ્રથમ મંગળ પદ્યમાં '**स्वस्वभावोपलब्धये**' પદ દ્વારા અને પાછલા ૮૩મા પદ્યમાં '**ब्रह्मप्राप्त्यै**' પદો દ્વારા ઉલ્લેખ કર્યો છે અને તેથી તે જ ઉદ્દિષ્ટ અને લક્ષ્યભૂત ફળ આ ગ્રંથના પૂર્ણપણે એકાગ્રતાપૂર્વકના અધ્યયનનું હોય એ સ્વાભાવિક છે. તેથી પોતાનું હિત ચાહનાર પાઠકોએ આ મંગળમળ પ્રાભૃતનું એકાગ્રચિત્તે અધ્યયન કરી તે ફળ પ્રાપ્ત કરવા અગ્રસર થવું જોઇએ જેનો આ પદ્યમાં ઉલ્લેખ છે. ૮૪

આ રીતે શ્રી અમિતગતિ નિઃસંગ યોગિરાજ-વિરચિત યોગસાર પ્રાભૃતમાં, ચૂલિકાધિકાર નામનો અધિકાર સમાપ્ત થયો. ૯.

## ભાષ્યનું અંત્યમંગળ અને પ્રશસ્તિ.

રાગ-દ્વેષ-કામાદિ જીત જિન, સ્વસ્વભાવકો અપનાયા;
નિરવધિ-સુખ-દગ જ્ઞાનવીર્ય-મય, પરમ નિરંજન-પદ પાયા.
દિવ્યધ્વનિસે તીર્થ પ્રવર્તિત કિયા મોક્ષ-પથ દર્શાયા;
ઉન યોગીશ્વર મહાવીર કા સુર-નર મિલકર યશ ગાયા. ૧.

મહાવીર કે તીર્થ-પ્રણેતા સ્યાદ્વદિનિ-વિદ્યાધિપ સાર;
કવિવર ગમક-વાગ્મિ-વાદીશ્વર ભાવિ તીર્થંકર ગુણ-આધાર.
જિનકી ભક્તિ-પ્રસાદ બના યહ રુચિર-ભાષ્ય જગકા હિતકાર;
ઉન ગુરુ સ્વામિ-સમન્તભદ્રકો નમન કરૂં મૈં વારમ્વાર. ૨.

અલ્પ બુદ્ધિ 'યુગવીર' ન રખતા યોગ-વિષય પર કુછ અધિકાર;
આત્મ-વિકાસ-સાધના કા લખ, યોગ-સિદ્ધિકો મૂલાધાર.
નિઃસંગાત્મ-અમિતગતિ-નિર્મિત, યોગસાર પ્રાભૃત સુખ-દ્વાર;
ઉસસે પ્રભવિત-પ્રેરિત હો યહ, રચા ભાષ્ય આગમ-અનુસાર. ૩.

પઢેં-પઢાવેં સુનેં-સુનાવેં જો ઇસકો આદર કે સાથ;
પ્રમુદિત હોકર ચલેં ઇસી પર, ગાવેં સદા આત્મ-ગુણ-ગાથ.
આત્મ-રમણકર સ્વાત્સ-ગુણોં કો, ઔ' ધ્યાવેં સમ્યક્ સવિચાર;
વે નિજ આત્મ-વિકાસ સિદ્ધ કર, પાવેં સુખ અવિચલ-અવિકાર. ૪.

## ઇતિ યોગસાર પ્રાભૃત સમાપ્ત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ✻ શુદ્ધિપત્ર ✻

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮ | ૧૫ | મળ | મૂળ |
| ૨૩ | ૭ | તેતેજ | તેનેજ |
| ૨૫ | ૧૧ | ખેંછે | ખેંચે |
| ૨૬ | ૨૪ | ज्ञनं | ज्ञानं |
| ૪૮ | ૨૬ | संकिलेसणणा | संकिलेस-ठाणा |
| ૫૦ | ૨૩ | ઔદિય | ઔદયિક |
| ૬૭ | ૩ | एकका | एकैका |
| ૭૧ | ૪ | भवक।नेन | भवकानने |
| ૭૩ | ૨૬ | ओगाठगाठ | आगाठगाढ |
| ૭૩ | ૨૭ | सुहुमेहिं- | सुहुमेहिं बादरेहिं |
| ૭૪ | ૧૭ | मूर्तामूर्तै | मूर्तामूर्तैं |
| ૭૪ | ૨૦ | मूर्ताभूर्तै | मूर्तामूर्तै |
| ૧૦૬ | ૧૧ | કાષય | કષાય |
| ૧૧૦ | ૧૧ | અને | એને |
| ૧૧૨ | ૨૩ | वदपेक्षया | तदपेक्षया |
| ૧૨૫ | ૧૬ | समस्ताम्भ | समस्तारम्भ |
| ૧૩૧ | ૧૨ | ભોજીન | ભોજન |
| ૧૩૩ | ૧૭ | આહાદિ | આહારાદિ |
| ૧૩૩ | ૧૯ | નિદેશ | નિર્દેશ |
| ૧૩૬ | ૧૩ | असश्च | अज्ञश्च |
| ૧૪૩ | ૨૧ | નિન્દિત | નિન્દિત |
| ૧૪૮ | ૧૭ | क्षपत्यसो | क्षपत्यसौ |
| ૧૭૯ | ૨૩ | साध्योः | साधोः |
| ૧૮૧ | ૧૬ | व्यक्तान्तरतर | त्यक्तान्तरेतर |
| ૧૯૦ | ૨૧ | (कर्मरज्रुभिः) | (कर्मरज्जुभिः) |
| ૧૯૦ | ૨૨ | ह्ध्यते | बध्यते |
| ૧૯૪ | ૧૦ | બહિભૂત | બહિર્ભૂત |
| ૧૯૬ | ૧ | અનુચિત | અનુરંજિત |
| ૨૦૩ | ૧૩ | બુદ્ધ | બુદ્ધિ |
| ૨૧૭ | ૧૫ | જર | જરા |
| ૨૧૯ | ૪ | व्यवस्थितः | व्यवस्थितिः |
| ૨૧૯ | ૨૪ | क-र्मबद्धो | कर्म-बद्धो |
| ૨૨૧ | ૨૬ | માનવમાં | માનવામાં |
| ૨૨૨ | ૨ | यतोऽमात्म | यतोऽत्रात्म |
| ૨૨૨ | ૧૬ | स्तमितादधि | स्तिमितोदधि |
| ૨૨૨ | ૧૭ | निष्ठतार्थो | निष्ठितार्थों |
| ૨૪૮ | ૧૪ | ભવાભિનંદીઓ | ભવાભિનંદીઓને |
| ૨૫૮ | ૧૫ | બંગલો | બગલો |
| ૨૬૪ | ૧૩ | પગ્રરિહ | પરિગ્રહ |
| ૨૬૪ | ૨૬ | किंचण | किं किंचण |
| ૨૬૪ | ૨૭ | निप्पाडिकम्भ | निप्पडिकम्म-समुदिट्ठा |
| ૨૮૧ | ૩ | एरलोकविधौ | परलोकविधौ |
| ૨૯૦ | ૨ | માર્ગ્ | માર્ગ |
| ૩૧૨ | ૨૬ | अनङ्गत | अनङ्गात् |
| ૩૧૩ | ૩ | વિપયયે | વિપર્યયે |
| ૩૩૦ | ૧૨ | शुभाशुभै | शुभाशुभौ |
| ૩૩૧ | ૬ | હરાવીને | હટાવીને |
| ૩૩૪ | ૨૧ | કરેલો | કરેલા |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com